તારનું સરનામું:–"હિંદસંઘ" 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

卐

The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ બી. એડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલે દોઢ આનો.

વર્ષ જીનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧૫ મી ડીસેમ્બર ૧૯૩૩. | અંક ૧૫.

વિષય સૂચિ.

૧	બનારસ વિશ્વ વિ. ના વિદ્યાર્થીઓને ...		૫	ધાર્મિક કેળવણીની મહત્તા ...	શ્રી મોહનલાલ ઝવેરી.
૨	સ્કૉલરશિપો—જાહેરાત ...	...કૉન્ફરન્સ.	૬	સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોને નિવેદન	...કૉન્ફરન્સ.
૩	જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ ...	... તંત્રી.	૭	જૈન ગૂર્જર કવિઓ ભા. ૨ સંબંધે અભિપ્રાય	
૩	એજ્યુ. બોર્ડના મંત્રીનું નિવેદન	... બોર્ડ.		... ...	"ગુજરાતી" પત્ર
૪	મહારાષ્ટ્રીય કૉન્ફરન્સના ઠરાવો ...	પ્રાં. પરિષદ.	૮	બોર્ડને નિવેદન	...કૉન્ફરન્સ.

જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

બનારસ હિન્દુ યુનિવર્સીટીમાં જૈન સાહિત્ય, તત્ત્વજ્ઞાન આદિ શિખતા વિદ્યાર્થીઓ માટે સ્કૉલરશિપો.

— નોટીસ. —

બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય (યુનિવર્સીટી) માં અભ્યાસ કરતા જૈન વિદ્યાર્થીઓને આપવા માટે નીચે જણાવેલ છાત્રવૃત્તિઓ (સ્કૉલરશિપો) શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની વર્કિંગ કમીટી તરફથી મંજુર કરવામાં આવી છે. તેની જુદા જુદા અભ્યાસક્રમ માટે નીચે જણાવ્યા મુજબ ગોઠવણ કરવામાં આવી છે. આ છાત્રવૃત્તિઓ મેળવવા જે વિદ્યાર્થીઓ ઈચ્છતા હોય તેમણે પોતાની યોગ્યતાની વિગતો, અભ્યાસ, જ્ઞાતિ, ઉમ્મર, વતન, કયા વર્ષમાં અભ્યાસ કરે છે તે સાથે ન્યાય અને તત્ત્વજ્ઞાન માટેની "જૈન ચેર" ના પ્રોફેસર પંડિત સુખલાલજી મારફતે પોતાની અરજીઓ મોકલી આપવી.

છાત્રવૃત્તિઓની વિગતો.

૧. જૈન સાહિત્ય, તત્ત્વજ્ઞાન વગેરેનો અભ્યાસ કરતા એમ. એ. ના વિદ્યાર્થીઓ માટે બે સ્કૉલરશિપો દરેક માસિક રુ. ૧૫) ની,

૨. જૈન તત્ત્વજ્ઞાન વગેર લઈને એમ. એ. થયા પછી સંશોધન કાર્ય (Research work) માટે એક સ્કૉલરશિપ પ્રથમ વર્ષ માસિક રુ. ૩૦) અને તે વર્ષનું સંશોધન કાર્ય પસંદ થયેથી દ્વિતિય વર્ષે માસિક રુ. ૪૦) આપવામાં આવશે.

૩. યોગ્ય પંડિતને સંશોધન કાર્ય માટે છાત્રવૃત્તિ એક–ત્રણ વર્ષ માટે પ્રથમ વર્ષ માસિક રુ. ૨૦), બીજા અને ત્રીજા વર્ષે માસિક રુ. ૨૫) ની અપાશે. પ્રથમ અને દ્વિતિય વર્ષનું સંશોધન કાર્ય પસંદ થયેથી આગલના વર્ષ માટે આપવામાં આવશે.

૪. શાસ્ત્રોની પરીક્ષા માટે ત્રણ છાત્રવૃત્તિઓ: અભ્યાસક્રમનાં પહેલાં, બીજાં અને ત્રીજા વર્ષ માટે અનુક્રમે રુ. ૫), રુ. ૬), રુ. ૭) ની માસિક સ્કૉલરશિપો આપવામાં આવશે.

૫. આચાર્યની પરીક્ષા માટે ત્રણ છાત્રવૃત્તિઓ: અભ્યાસક્રમનાં પહેલાં, બીજાં અને ત્રીજાં વર્ષ માટે અનુક્રમે રુ. ૮), રુ. ૯), અને રુ. ૧૦) ની માસિક સ્કૉલરશિપો આપવામાં આવશે.

૬. જૈન તત્ત્વજ્ઞાન વગેર શીકતા બી. એ. ના વિદ્યાર્થીઓ માટે માસિક રુ. ૧૦) ની દરેક એવી બે સ્કૉલરશિપો.

છાત્રવૃત્તિઓ જે અરજદારોને આપવામાં આવશે તેમણે અભ્યાસ વિષયક પ્રગતિ અને વર્તન સંબંધે નિયમિત રીતે સર્ટિફિકેટો રજુ કરવા પડશે.

આ છાત્રવૃત્તિઓ (સ્કૉલરશિપો) કૉન્ફરંસની કાર્યવાહી સમિતિ વખતો વખત જે નિયમો અને ધારાધોરણ ઘડશેતેને આધીનછે. અરજીઓ નીચેને સરનામે કરવી અને આ કૉન્ફરન્સે સ્થાપન કરેલ 'જૈન ચેર' ના હાલના પ્રોફેસર પંડિત સુખલાલજી મારફતે મોકલાવવી.

પ્રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ,
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.
૨૦, પાયધુની. મુંબઇ.

રણછોડભાઈ રાયચંદ ઝવેરી,
મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.
પ્રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥

અર્થ:—સાગરમાં જેમ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક પૃથક સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક પૃથક દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧૫-૧૨-૩૩ શુક્રવાર.

જૈન શ્વે૦ એજ્યુકેશન બોર્ડ.

(જૈન શિક્ષણ પ્રસારક મંડળ.)

આ સંસ્થાના મંત્રીનું ગત વર્ષ માટેનું નિવેદન આ અંકમાં પ્રસિધ્ધ થયું છે તેપરથી તેની કાર્ય દિશા વગેરે સમજી શકાશે.

શ્રીમતી કૉન્ફરન્સના પ્રારંભથી તેમના માનાધિકારી મંત્રીઓ મારફત કેળવણી સંબંધી કાર્ય ચાલતું હતું. પછી સં. ૧૯૬૫ માં કેળવણી સમિતિ નીમાઇ, કે જેણે તેના ઉત્સાહી અને વિદ્વાન ગ્રેજ્યુએટ મંત્રી સ્વ. શ્રી ગોવિંદજી મૂળજી મહેપાણી તથા રા. સાકરચંદ માણેકચંદ ઘડીયાળી દ્વારા ઉપયોગી કાર્ય કર્યું હતું. પછી મહાદેવી કૉન્ફરન્સનું અધિવેશન પૂનામાં સં. ૧૯૬૫ માં થયું ત્યારે મજકુર સ્વ. મહેપાણીના સ્તુત્ય પ્રયાસથી કૉન્ફરન્સનો ખાસ હેતુ તે કેળવણી પ્રચાર છે તેને અંગે જે કાંઇ કાર્યો કરવામાં આવે તે સંગીન થાય અને તે પદ્ધતિસર અને શીઘ્રતાથી કરવામાં આવે તે માટે જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડની સ્થાપના કરવામાં આવી. તે વખતે એવી આશા રાખવામાં આવી હતી કે આ બોર્ડની સ્થાપના કલ્પવૃક્ષ જેવી કલ્યાણકારી નિવડશે, એથી આપણી કોમમાં ધાર્મિક વ્યાવહારિક કેળવણીનો બહોળો પ્રસાર થવા માટે સર્વ સાધનોની જોગવાઇ થઈ શકશે, અને કેળવણીનો બહોળો ફેલાવો થયો કે સ્વાભાવિક રીતે તેના પરિણામે કાલક્રમે આપણે આપણામાં પ્રચલિત હાનિકારક રિવાજો તથા પરસ્પરમાં આવતા કલહ-કુસંપને નાબુદ થયેલા જોઇશું અને સમીપમાં આપણો અભ્યુદય નિહાળવા ભાગ્યશાળી થઇશું.

આ થવા માટે બે અંગની ખાસ જરૂર છે:—એક તો ઉક્ત બોર્ડ અંત અને સુવ્યવસ્થાપૂર્વક કાર્ય કરે અને બીજું સુજ્ઞ બંધુઓ ઉદારતાથી તેને જોઇતાં નાણાં પૂરાં પાડે. પહેલું કાર્ય વિદ્વાનોનું છે અને બીજું શ્રીમાનોનું છે.

આ બોર્ડે અત્યારસુધી જે માર્ગદર્શક કાર્ય કર્યું છે તે એ છે કે (૧) ધાર્મિક શિક્ષણક્રમની રૂપ રેખા દોરી છે. અને (૨) જૈન સ્ત્રી પુરૂષ શિક્ષકો તૈયાર કરવાની યોજના મૂકી હતી. આ બંને સંબંધી નિર્ણયાત્મક વ્યવહારૂ કાર્ય હજુ સુધી થઈ શકયું નથી તેમાં ધાર્મિક શિક્ષણ જ્યાં જ્યાં અપાય છે ત્યાં ત્યાંના સંચાલકોની સહાનુભૂતિ અને દીર્ઘદૃષ્ટિની ઉણપ તથા આર્થિક સહાયનો અભાવ એ ખાસ અંતરાયભૂત થયેલ છે. આ ઉપરાંત આ બોર્ડે વ્યવહારૂ કાર્ય કર્યાં છે. જૈન ધાર્મિક લરિફાઇની પરીક્ષા પુરૂષ અને સ્ત્રી વિદ્યાર્થીઓ બંનેને માટે જુદી જુદી કાઢી તે માટે અભ્યાસક્રમ ધોરણવાર નિર્ણીત કરી દર વર્ષે લેવામાં આવે છે; પસાર થતા વિદ્યાર્થીઓને પ્રમાણ-પત્ર અપાય છે અને ઉંચે નંબરે આવનારને રોકડ ઇનામ અપાય છે. લગભગ ૨૪ વર્ષથી આ પરીક્ષા ચાલુ છે ને તેના પરિણામે અનેક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ધાર્મિક પુસ્તકોની પરીક્ષા આપી ધાર્મિક શિક્ષણમાં કુશળતા બતાવી છે. જુદાં જુદાં સ્થળની જૈન પાઠશાળાઓને આર્થિક સહાય આપી છે તેમજ વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ આપી છે. જ્યાં સુધી પોતાની પાસે ફંડ હતું ત્યાંસુધી તેના પ્રમાણમાં આ કામો અખંડ રીતે આ બોર્ડ કરતી આવી છે. વાર્ષિક પરીક્ષા હજુ સુધી અખંડ સતત ચાલુ છે. બીજા અનેક કામો હાથ ધરી શકાય તેવાં છે પણ તેમાં મોટો ભાગ નાણાંના અભાવે હાથ ધરી શકાય તેમ નથી. આ સંબંધી વક્તવ્ય કોઇ બીજી વખતે કરીશું.

નાની નાની કોમોએ પોતાની કોમમાં શિક્ષણના પ્રચાર અર્થે લાખો રૂપીઆ કાઢી આપ્યા છે, જ્યારે આપણી શ્રીમંત, વ્યાપારકુશળ અને બહોળી સંખ્યા ધરાવતી કોમમાંથી બહુ થોડી રકમ એકઠી કરી ખર્ચી શકયા છીએ અને તેથી અવિદ્યાને હઠાવવાનું કામ ડીક ડીક પણ બજાવી શકાયું નથી.

શું આ બોર્ડનું ફંડ આપણા સમાજની કૃપણતાને આભારી છે! હરગીજ નહિ. નવાં બનતાં આપણાં ભવ્ય મંદિરો, આપણાં સામીવચ્છલો—ભોજન જમણો, આપણા ધાર્મિક વરઘોડા એ સર્વનો જેમને અનુભવ છે તે તો કદી નહિ કહી શકે કે આ સમાજ કૃપણ છે. પરંતુ કામ કરવા રીતોમાં ફેરફાર થવો જોઇએ. છૂટક છૂટક ખર્ચાયલી રકમોથી કોઈ સંગીન કામ બનવા ન પામે એ સ્વાભાવિક છે. તો બધી રકમો એકઠી એક વિદ્યાપ્રચારક ખાતામાં આપવા લોકોને સમજાવવામાં આવ્યા હોત તો આજે ઘણા જૈનો કેળવણીમાં આગળ વધી સારી આમદાનીવાળા બની શકયા હોત, ઘણાં બાળકોમાં ધર્મ જાગૃતિ ઉત્પન્ન કરાવી શકાઇ હોત અને ઘણા નિરાશ્રિતોને મદદ આપી શકાઇ હોત. એ ચોક્કસ વાત છે કે ખુદ જૈન ધર્મના પાળનારા મનુષ્યો સારી સ્થિતિમાં હશે, થશે તોજ તેઓ દ્વારા જીર્ણોધ્ધાર, નિરાશ્રિતોને આશ્રય વગેરેજ માત્ર નહિ, પણ તેઓમાંથી દુનિયાની સેવા બજાવનારા પણ અનેક તૈયાર થશે.

અહીં કહેવાની મતલબ એ છે કે સમાજને સૌથી વધારે જરૂરનું દાન કયું છે તે સમજાવવાની જરૂર છે. જૈન શ્રીમંતોએ શિક્ષણ પ્રચારની અનેક યોજનાઓ વિદ્વાનો પાસે તૈયાર કરાવી તે યોજનાનો અમલ કરવાનું કાર્ય તેને જોઇતાં નાણાં આ બોર્ડને સોંપી તે દ્વારા કરાવવું ઘટે છે. કેળવણી ખાતે સારી મોટી રકમો હોય તો તેના વ્યયથી સેંકડો જૈનોને ધાર્મિક તેમજ વ્યાવહારિક વિદ્યાના અભ્યાસની સગવડો પૂરી પાડી શકાય, અને તેથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરી કલ્યાણ માર્ગ સાધી શકાય. નાણાંનો સદુપયોગ આવી બોર્ડ જેવી સંસ્થા દ્વારા વ્યવસ્થિત રીતે થઈ શકે તેમ છે. જૈન શ્રીમંતો! આ લક્ષીકૃત લક્ષમાં લઇ શિક્ષણ પ્રચાર માટે તમારાં સુકૃતથી કમાયેલાં નાણાંનો સદુપયોગ સત્વર અને હૃદયપૂર્વક કરો એજ વિજ્ઞાપન.

—તંત્રી

જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

[વાર્ષિક મેળાવડો તા. ૧૯-૧૧-૩૩ ને દિને શેઠ અમૃતલાલ કાલીદાસના પ્રમુખપણા નીચે થયો હતો તેનો ટુંક વૃત્તાંત ગયા અંકમાં આપવામાં આવ્યો હતો. તે વખતે તેના મંત્રી રા. સોભાગચંદ ઉમેદચંદ દોશીએ જે નિવેદન વાંચ્યું હતું તે અત્રે આપવામાં આવે છે.]

પ્રસ્તાવ—શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ તરફથી લેવાતી ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓના વાર્ષિક મેલાવડા નિમિતે આપ સૌ ભાઇઓને આવકાર આપતાં મ્હને અત્યંત હર્ષ થાય છે.

આપ સૌ ભાઇઓની જાણમાં છે કે જૈન કોમની કેળવણી માટે એક કેન્દ્રસ્થ સંસ્થા તરીકે શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડની સ્થાપના આજથી ૨૬ વર્ષ પહેલાં શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સના પુના ખાતે ભરાયેલ અધિવેશનમાં કરવામાં આવી હતી. તેના ઉદ્દેશો એટલા વિશાળ રાખવામા આવ્યા છે કે જૈન કોમને લગતી કેળવણી વિષયક કોઇ પણ પ્રવૃત્તિ તે હાથ ધરી શકે. પરંતુ સંસ્થાના સ્થાપન થવાથી તે આજ સુધી વીસ વર્ષ દરમ્યાન આપણે બીજી કોમોના મુકાબલે કેળવણીના વિષયમાં કેટલા આગળ વધ્યા, કેળવણી વિષયક કેટલી સંસ્થાઓ સ્થાપન કરી અને પગભર કરી, ધાર્મિક કેળવણીના ઉત્તેજન માટે કેટલા પ્રયાસો સેવ્યા અને કેટલા ગ્રેજુએટો, પંડિતો જૈન સમાજને આપ્યા તે સઘળી બાબતનો કોમનું હિત હઇડે ધરનાર દરેક વ્યકિતને ગંભીરપણે વિચાર કરવાની અગત્ય છે.

શ્રાવક અને જ્ઞાનને સાત ક્ષેત્રમાં બે ક્ષેત્રો માનનારા આપણા જૈન સમાજને જ્ઞાનની મહત્તા કે કિંમત સમજાવવાની જરૂર હોય તો તો કોમનું દુર્ભાગ્યજ ગણાય. કોમની ઉન્નતિમાં કેળવણી એ ઘણો મહત્વનો ભાગ ભજવે છે એ હવે તો સૌ કોઇ કબૂલ કરે છે તેથી આજ કાલ સઘળી નાની કોમોમાં પણ કેળવણી પ્રત્યે બહુ સારો ઉત્સાહ જોવામાં આવે છે પરંતુ આપણી જૈન કોમમાં હજુ સુધી કેળવણીના ઉત્તેજન માટે જોઇએ તેટલા પ્રયાસો થયા નથી એમ કહીએ તો ખોટું નથી. થોડાં છુટા છવાયાં વિદ્યાલયો, ગુરૂકુલો, બાળાશ્રમો, છેલ્લાં ૨૬ વર્ષમાં કોમ તરફથી સ્થાપન થયા છે. છતાં કમભાગ્યે દરેકની નાણાં વિષયક સ્થિતિ સદ્ધર નથી અને હજુ પણ સારામાં સારૂં કાર્ય કરતી કેળવણીની સંસ્થાઓને નાણાં માટે વારંવાર સમાજ પાસે અપીલો કરવી પડે છે તે તરફ સમાજનું ધ્યાન ખેંચાવું જોઇએ. વળી કેળવણી વિષયક સંસ્થાઓનું સંગઠ્ઠન નથી તેમજ એકજ મધ્યસ્થ સંસ્થા દ્વારા તેની દેખરેખ કે ફંડ સંબંધી વ્યવસ્થા થતી નથી—એટલે ઘણી વખત સંસ્થાઓમાં પણ હરીફાઇ જેવું તત્વ જોવામાં આવે છે તે ઇષ્ટ નથી.

જૈન સમાજે છેલ્લાં ૨૫ વર્ષોમાં જે જે સંસ્થાઓ સ્થાપી છે તે કોમની વસ્તીના પ્રમાણમાં ઘણી થોડી ગણાય. પારસી જેવી નાની કોમનો દાખલા આપણને ખાસ કરીને અનુકરણ કરવા જેવો છે. આટલી નાની કોમ હોવા છતાં દરેક દરેક લાઇનની અંદર સારામાં સારા નિષ્ણાતો તેમનામાં ઘણાય માલુમ પડી આવશે. તે કોમના મુકાબલે આપણામાં આટલી સમૃદ્ધિ અને બીજા સાધનો હોવા છતાં આપણામાં હજુ પારસીઓના જેટલા પણ ગ્રેજુએટો, ઉચ્ચ કેળવણી પામેલા માણસો નહિં હોય તેમ માનું છું. આ સ્થિતિપર સમાજની દરેક વ્યક્તિએ પુખ્તપણે વિચાર કરવો ઘટે છે અને કેળવણી ઘપાવવામાં આડે આવતી અડચણો મુખ્યત્વે નાણાં વિષયક તો જરૂર સમાજે દુર કરવી ઘટે છે.

કૉન્ફરન્સ ભરાય છે ત્યારે દર વખતે આપણે કેળવણી વિષયક મોટા મોટા ઠરાવો પાસ કરીએ છીએ અને આ બોર્ડ પાસે આશા રાખીએ છીએ કે તે ઠરાવો અમલમાં મુકવા સઘળા પ્રયાસો કરે. કેવળ ઠરાવો કરવાથી કંઇ કેળવણીની કાર્ય સિદ્ધિ થઇ શકતી નથી પણ તેની પાછળ આ જીવન લેખ લેનાર માણસો અને છુટે હાથે અપાતું દ્રવ્ય બન્ને વસ્તુઓની આવશ્યકતા રહે છે. અત્યારની શિક્ષણ વિષયક સંસ્થાઓ તપાસીશું તો માલુમ પડશે કે આપણી સમાજમાં બંને વસ્તુઓની ખામી જોવામાં આવે છે. આવી સ્થિતિ આપણે કયાં સુધી ચલાવીશું ? આપણા જેવી એક બાહોશ ગણતરીબાજ અને વ્યાપારકુશળ કોમ આ દિશામાં હજુ જોઇએ તેટલા પ્રયાસો કરતી નથી એ એક ખેદ કરવા જેવી બાબત છે. સમાજને ઉચ્ચ કક્ષાપર લાવવા માટે કેળવણી માટે જેટલો બની શકે તેટલો પ્રયાસ કરવો ઘટે છે અને તેમાં આપણે પાછળ રહીશું તો આપણે અન્ય સમાજોની હરોળમાં ઉભા નહીં રહી શકાએ અને કેળવણીથી વંચિત રહીશું એટલે જે સ્થાન આજે આપણું છે તેથી દિન પ્રતિ દિન ચ્યુત થતા જઇશું.

હવે હું શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ અત્યારે શું કરી રહ્યું છે તેનું સંક્ષિપ્તમાં દિગ્દર્શન કરાવવા રજા લઉં છું. સંસ્થાના હાલમાં ત્રણ મુખ્ય કાર્યો છે. ધાર્મિક હારીફાઇની ઇનામી પરીક્ષા (૨) પાઠશાળાઓને મદદ તથા વ્યવહારિક કેળવણીના ઉત્તેજન માટે છાત્રવૃત્તિઓ અને પાઠયપુસ્તકો તૈયાર કરાવવા વિગેરે,

ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓ—બોર્ડના અત્યારના કાર્યોમાં તેનું સ્થાન પ્રથમ છે. ધાર્મિક કેળવણી સમાજના વિકાસમાં કેટલું મહત્વનું સ્થાન ભોગવે છે તે આપ શ્રી મોહનલાલભાઇ ઝવેરીના ભાષણથી સહજે જાણી શકશો. ધાર્મિક શિક્ષણની જરૂરીયાત માટે કંઇ બે મત હોયજ નહિં પરંતુ તે કઇ રીતે શિખવવું જોઇએ તેના સંબંધમાં થોડો ઘણો ઉહાપોહ થયો છે પણ હજુ આપણે એક ચોક્કસ પદ્ધતિ નિર્ણીત કરી શકયા નથી. અત્યારની પાઠશાળાઓની શિક્ષણપદ્ધતિમાં સુધારાને ખૂબ અવકાશ છે. અર્થ સમજ્યા વગર સૂત્રો ગોખી રાખવાથી કંઇ આપણી ધાર્મિક કેળવણીની ઇતિશ્રી થઇ જતી નથી પણ તે સૂત્રો અર્થ સહિત સમજાવવામાં આવે, તેનાંપર મનન કરવામાં આવે અને તે જીવનનાં દરેક પ્રસંગોમાં ઉતારવામાં આવે તેમાં છે. ધાર્મિક શિક્ષણ સંબંધી અત્યાર સુધી જે પ્રયાસો થયા છે તેમાં સ્વ. અમરચંદ તલકચંદ, શ્રી જૈન ગ્રેયરકર મંડળ તથા બાબુ જીવણલાલજી તરફથી તૈયાર થતી વાંચનમાલાની ગણતરી કરી શકાય.

એજ્યુકેશન બોર્ડ તરફથી ધાર્મિક કેળવણીના પ્રચાર માટે શ્રી નવકારથી માંડી દશવૈકાલિક સૂત્ર સુધી સંસ્કૃત પ્રાકૃત ભાષાના જ્ઞાન સહિત એક અભ્યાસક્રમ યોજવામાં

આવેલ છે તેમાં સૂત્ર જ્ઞાન સાથે સૂત્રોનાં અર્થ, ભાવ, રહસ્ય જાણવાની જરૂરીયાત સ્વીકારવામાં આવેલી છે. અભ્યાસક્રમમાં પુરૂષ અને સ્ત્રીવર્ગનાં કુલ ૨૯ ધોરણો રાખવામાં આવ્યાં છે અને તે ધોરણોની ગોઠવણી કોમના ચુનંદા વિદ્વાનોની સલાહ અનુસાર તે વિષયના નિષ્ણાતોએ કરેલી છે. અભ્યાસક્રમ અનુસાર પાઠશાળાઓમાં અભ્યાસ કરાવવામાં આવે છે અને તેની પરીક્ષાઓ માટે હિન્દુસ્તાનના જુદા જુદા ભાગોમાં ૬૦ સેન્ટરો રાખવામાં આવેલાં છે. ધાર્મિક કેળવણીની પરીક્ષાઓ યુનિવર્સીટીના ધોરણપર લેનાર સંસ્થા આપણીજ છે. છેલ્લાં ૧૦/૧૨ વર્ષ પહેલાં તે પરીક્ષાઓમાં માત્ર ૧૦૦ થી ૧૫૦ વિદ્યાર્થીઓ લાભ લેતા હતા તે આજે વધતાં ૧૬૦૦–૧૭૦૦ સુધી જવા પામ્યા છે તે મુખ્યત્વે ઇનામી હરીફાઇને અંગે છે. બોર્ડને સદ્‌ગત શેઠ સારાભાઇ મગનભાઇ મોદી તરફથી પુરૂષ-વર્ગ માટે રૂા. ૨૫૦૦ મળેલા હતા તે રકમ ગઇ પરમ સાલ ખતમ થઇ હતી છતાં શેઠ સારાભાઇ સદ્‌ગત થયા પછી તેમના ધર્મપત્નિ શ્રી ચંપાબ્હેને ગયે વર્ષે રૂા. ૫૦૦ ઇનામો માટે આપ્યા હતાં અને બ્હને જણાવતાં આનંદ થાય છે કે આવતી પરીક્ષાઓના ઇનામો માટે રૂા. ૫૦૦ આપવા ઇચ્છા દર્શાવી છે. તેઓ સદ્‌ગતનું નામ હમેશને માટે તે ધાર્મિક પરીક્ષાઓ સાથે જોડી રાખે તેવી અમો આશા રાખીએ છીએ. સ્ત્રીવર્ગ માટે શ્રીયુત મેઘજીભાઇ સોજપાળ તરફથી પાંચ વર્ષ માટે રૂા. ૨૫૦૦ ની મદદ મળેલી છે તેમાં બે વર્ષ પુરાં થયા અને ત્રણ વર્ષ બાકી છે.

પાઠ્ય પુસ્તકો વા વાંચનમાલા—અભ્યાસક્રમ ગમે તેટલી સરસમાં સરસ રીતે ગોઠવાયેલ હોય પરંતુ તેમાંના પુસ્તકો જ્યાં સુધી અપ્રાપ્ય હોય ત્યાં સુધી એને અમલમાં મૂકવા મુશ્કેલી નડે એ સ્વભાવિક છે. આ માટે બાળ ધોરણ ૧ માં નિર્ણીત થયેલ સૂત્રો આદિ એક પુસ્તકમાં સંગ્રહ કરી છપાવવા શ્રી લીલાવંતી દેવીદાસ તરફથી રૂા. ૨૦૦ ની આર્થિક મદદ મળેલી છે તથા હાલમાંજ કન્યા ધોરણ માટે તે પુસ્તકની ૧૦૦૦ નકલ વધુ કઢાવવા શ્રી મેઘજી સોજપાળે રૂા. ૨૦૦ આપવા ઇચ્છા દર્શાવી છે. આ પુસ્તક પ્રેસમાં છે અને ટુંક સમયમાં બહાર પડશે. અભ્યાસક્રમમાંના ઘણાં પુસ્તકો પ્રકાશિત કરાવી શકાય તેમ છે અને તે માટે જોઇતી સગવડ કરી આપવા આપ સર્વેનું ધ્યાન ખેંચું છું.

પાઠશાળાઓને મદદ તથા છાત્ર વૃત્તિઓ—આપણાં સમાજની વસ્તીનાં પ્રમાણમાં અત્યારે જેટલી પાઠશાળાઓ વિદ્યમાન છે તે ઘણીજ જુજ કહેવાય. આ સ્થિતિ તરફ જ્યારે નજર રાખીએ કીએ ત્યારે બીજી બાજુથી જે પાઠશાળાઓ હાલમાં છે તેમાંથી પણ ઘણી ખરી બંધ પડતી જાય છે તેનું કારણ વિચારતાં જાણ્યા વગર નહીં રહે કે આપણે આરંભમાં જોસમાં અમુક કાર્ય ઉપાડી લઇએ કીએ પરંતુ પાછળથી જ્યારે આર્થિક મુંઝવણ આવે છે ત્યારે નથી ટકતું એ જોસ કે નથી ટકતી એ સંસ્થાઓ. આવી પાઠશાળાઓને ૪૫ રૂપીઆ માસિકની મદદ મળે તો તે ચાલુ રહી શકે. આ સંસ્થા તરફથી તેવી મદદ અત્યાર સુધીમાં અપાતી રહી છે પરંતુ ગત વર્ષમાં ફંડના અભાવે એ જાતની મદદ આપી શકાઇ નહોતી. આ વર્ષે શ્રી ગોડીજી પાર્શ્વનાથજી મહારાજના દેરાસરજીના જ્ઞાન ખાતામાંથી રૂા. ૨૦૦ તથા શ્રી મોહનલાલ હેમચંદ ઝવેરી તરફથી રૂા. ૧૦૧ મળીતાં અરજીઓ મંગાવવામાં આવી હતી. ૩૨ અરજીઓમાંથી ૧૨ પાઠશાળાઓની અરજીઓ મંજુર રાખી તે દરેકને વાર્ષિક રૂા. ૨૪ આપવા ઠરાવ્યું છે. ઘણા થોડા વખત માટે જાહેર ખબર આપવા છતાં જે ૩૨ જેટલી અરજીઓ મલેલી છે તેપરથી માલમ પડશે કે આપણી પાઠશાળાઓ આર્થિક મુંઝવણથી મુક્ત નથી. અને તેથી કરીને આવી વાર્ષિક રૂા. ૨૪ જેટલી મદદ પણ તેમને આશિર્વાદ સમાન થઇ પડે છે. આવતા વર્ષને માટે પાઠશાળાઓને મદદ કરવા માટેની અમારી મુંઝવણ ઉભીજ છે.

છાત્ર વૃત્તિઓ—અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉત્તેજન માટે છાત્રવૃત્તિઓ આપવાનાં સ્થળો પ્રમાણમાં વધ્યાં છે પરંતુ સ્કૉલરશિપની જરૂરીઆતના પ્રમાણમાં તે ઓછાજ ગણાય. આપણી કોમના વિદ્યાર્થી કેવળ પૈસાની મદદના અભાવે કેળવણીથી વંચિત રહે તે કોઇ રીતે ઇષ્ટ નથી. થોડા વર્ષો પહેલાં બોર્ડ સ્કૉલરશિપોમાં વાર્ષિક ૩૦૦૦ રૂપીઆ લગભગ આપતી હતી. અત્યારે સંગીન આર્થિક સ્થિતિના અભાવે છેલ્લા બે વર્ષોથી સ્કૉલરશિપો આપી શકયા નથી. સમાજે આ સ્થિતિ બહુ ગંભીરપણે વિચાર કરવી ઘટે છે. અને આ ખાતું પાછું ચાલુ કરાવવા માટે પૈસાની છુટે હાથે મદદ કરવાની જરૂર છે.

આર્થિક પરિસ્થિતિ.

છેવટે આ સંસ્થાના ભંડોળ તરફ જરા નજર કર્યા વગર ચાલે તેમ નથી. આજીવન સભ્યોના લવાજમનીજ રકમ લગભગ રૂા ૪/૪૫૦૦ આ સંસ્થા પાસે રહ્યા છે, તેનાં વ્યાજની રકમથી ઑફિસ ખર્ચ અને ઇનામી પરીક્ષાઓ સંબંધી વ્યવસ્થાનો ખર્ચ પણ નિકલી શકે તેમ નથી તો કોઇપણ જાતના મોટા કાર્યોની આશા રાખવી વ્યર્થ છે. આવી શોચનીય આર્થિક સ્થિતિ હોવાથી સમાજને તેના તરફ ગંભીરપણે વિચાર કર્યા વગર ચાલે તેમ નથી.

ઉપર જણાવેલા ઉપયોગી કાર્યો ચાલુ રાખવા તથા અન્ય દિશાઓમાં પ્રયત્ન કરવા દ્રવ્યની પ્રથમ જરૂર પડે છે અને તે માટે વ્યવસ્થા કરી આપવી એ સમાજના દરેક ગૃહસ્થની પવિત્ર અને ધાર્મિક ફરજ છે એમ હું માનું છું. આ જવાબદારી તરફ બેદરકારી રાખવી કે પાડવે તેમ નથી. તેથી જેઓ લાઇફ મેમ્બર ન હોય તેઓ રૂા. ૧૦૦ આપી આજીવન સભ્ય થવા કૃપા કરે અથવા ઓછામાં ઓછું બોર્ડના સભાસદની શ્રી વાર્ષિક રૂા. ૫ આવી આ કાર્ય તરફ સહાનુંભતિ દર્શાવે એવી અમારી માંગણી છે.

આપ સૌ ભાઇઓએ અત્રે હાજરી આપી આ સંસ્થાના કાર્ય પ્રત્યે સહાનુંભૂતિ દર્શાવી છે તે માટે ફરીથી આપ સર્વે ભાઇ બ્હેનોનો આભાર માનું છું.

જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષાઓ માટે વિરમગામ, પાલેજ, જુન્નેર અને બગવાડા–એ સ્થલો સેન્ટર તરીકે સ્વીકાર રાખવામાં આવ્યા છે તથા અમદાવાદ સેન્ટરનાં વ્યવસ્થાપક તરીકે શ્રીમૂલચંદ આશારામ ઝવેરી (રૉયલ જવેલરી માર્ટ, રીચી રોડ) ની નિમણુંક કરવામાં આવી છે.

મહારાષ્ટ્રીય જૈન શ્વે૦ કૉન્ફરન્સ

અધિ૦ મુ—અહમદનગર

તેમાં થયેલાં ઠરાવ.

૧ કેળવણી પ્રચાર.

જૈન સમાજની સર્વાંગીણ ઉન્નતિ થવા માટે મુખ્યત્વે કરીને જૈન બાળકો અને બાળાઓને પ્રાથમિક કેળવણી ફરજિઆત આપવા તેમજ ધાર્મિક, ઔદ્યોગિક અને શારીરિક કેળવણી મળી શકે તે માટે.

(૧) દરેક ગામમાં પાઠશાળાઓ અને વ્યાયામ-શાળાઓ ખોલવા,

(૨) લાઇબ્રેરીઓ અને વાંચનાલયો ખોલવા,

(૩) વિદ્યાર્થીઓને સ્કૉલરશીપો, ઇનામો વિગેરે આપવા,

(૪) હાલમાં હસ્તી ધરાવતા ગુરૂકુલો, બાલાલયો, વિદ્યાલયો અને પાઠશાળાઓને મજબુત કરવા,

(૫) મહારાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ઉદ્યોગિક અને હુન્નરની કેળવણીને ઉત્તેજન આપનારી સંસ્થા-ઓ સ્થાપવા,

(૬) જૈન શ્વેતાંબર કોન્ફરન્સના હસ્તક જૈન એજ્યુ-કેશન બોર્ડ તરફથી ધાર્મિક પરિક્ષાની પરીક્ષા લેવામાં આવે છે તેનો પૂરેપૂરો ઉપયોગ કરી લેવા.

આ કોન્ફરન્સ મહારાષ્ટ્રના જૈન બંધુઓને આગ્રહ-પૂર્વક વિનંતી કરે છે.

૨ વિઠ્ઠલભાઇ પટેલ.

અખિલ ભારતવર્ષના સુપુત્ર, કાર્યકુશળ દેશનેતા અને રાજકારણપટુ મુત્સદ્દી શ્રીમાન્ વિઠ્ઠલભાઇ પટેલનું હિંદની કટોકટીની પરિસ્થિતિને વખતે મૃત્યુ થવાથી મહારાષ્ટ્રના જૈનો આ કોન્ફરન્સદ્વારા પોતાની અત્યંત ખેદની લાગણી જાહેર કરે છે. અને સદ્‌ગતના આત્માને શાંતિ મળે એવી પ્રાર્થના કરે છે. અને આ ઠરાવની નકલ તેમના બંધુ તરફ મોકલવી.

૩ મૃત્યુ માટે ખેદ.

પૂનાના એક યુવાન અને ઉત્સાહી ભાઈ કસ્તુરભાઈ વાડીલાલના અકાળ મૃત્યુ માટે આ કોન્ફરન્સ પોતાના અંતઃકરણની ઉંડી લાગણી જાહેર કરે છે. અને સદ્‌ગતના વૃદ્ધ પિતાશ્રી શેઠ વાડીલાલ રાવજીને પોતાનો દિલાસો જાહેર કરે છે.

શ્રીમાન કિસનદાસ જેધરાજ મુથા અને શ્રીમાન જવારમલ રતનચંદ અને શ્રીમાન ચંદનમલ પીતલીયાના અકાળ મૃત્યુ માટે આ કોન્ફરન્સ પોતાનો ખેદ જાહેર કરે છે.

૪ શ્રી કેસરિઆજી તીર્થ.

શ્રી ઉદેપુર રાજ્યમાં આવેલ પ્રાચીન અને અત્યંત પ્રભાવિક શ્રી કેશરીઆજીના જૈન તીર્થ ઉપર ત્યાંના પંડ્યાઓ આક્રમણ કરી તે જૈન તીર્થને જબરીથી વૈષ્ણવતીર્થ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. અને આ તેમના અન્યાયી કાર્યમાં ઉદેપુર દરબારથી પહેલાની પેઠે આ પ્રસંગે પ્રતિ-બંધ થતો જણાતો નથી તેથી આ કોન્ફરન્સને ખેદ થાય છે. અને પહેલાંની પેઠે જૈનોને મદદ આપવા ઉદેપુર દરબારને આ કોન્ફરન્સ વિનંતી કરે છે. આ બાબત શેઠ આણંદજી કલ્યાણજી અને જૈન શ્વેતાંબર કોન્ફરન્સ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓને સામાન્ય જનસમૂહને વિશ્વાસમાં લેવા આગ્રહ પુર્વક વિનંતી કરે છે. તેમજ આ કાર્ય માટે જે જે આજ્ઞાઓ થાય તેમાં સક્રીય ભાગ લેવા આ કોન્ફરન્સ મહારાષ્ટ્રના જૈન સમાજ તરફથી વચન આપે છે. પ્રાથમિક કાર્યક્રમ તરીકે ત્યાં યાત્રા નહીં જવા અને પોતાની લાગણીને વશ થઈ કોઈ ત્યાં જાય તો એક પાઇ પણ ત્યાં નહીં ખર્ચવા મહારાષ્ટ્રના જૈન સમાજને આગ્રહપૂર્વક ભલામણ કરે છે. અને આ ઠરાવની નકલ ઉદેપુર દરબારને મોકલવા આ કોન્ફરન્સના પ્રમુખને સત્તા આપે છે.

૫ સાર્વજનિક ખાતાના હિસાબોની ચોખવટ.

દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય વિગેરે અનેક ખાતાઓના હિસાબો દરેક ગામમાં હોય છે. અને ઘણાએક ગામોમાં તેની ચોખવટ નહીં હોવાથી અનેક મતફેરો અને કલહોનો જન્મ થઈ દોષના ભાગી થવાય છે. અને દરેક સાર્વજનિક કાર્યમાં તે વિઘ્નરૂપ નિવડે છે. માટે દરેક ગામના શ્રી સંઘે પોતાના ગામના હિસાબોની ચોખવટ કરી નાખવા અને તે પ્રગટ કરવા અને બની શકે તો છાપી પ્રગટ કરવા આ કોન્ફરન્સ આગ્રહપુર્વક ભલામણ કરે છે. અને આ કાર્ય યશસ્વી રીતે પાર પડે તે માટે આ કોન્ફરન્સના કાર્યકારી મંડળને આ બાબત હાથ ધરી દરેક ગામની હાલત જાણી લેવા તેમજ જરૂર પડે ત્યાં હિસાબોની ચોખવટ ઉપર મુજબ કરવા માટે મદદ કરવા, એક પ્રશ્નપ્રત્રિકા તૈયાર કરી ચાલુ પત્રવ્યવહાર કરવા આ કોન્ફરન્સ સત્તા આપે છે.

૬ દેશ અને સમાજોદ્ધાર.

ભારત દેશના ઉદ્ધારમાંજ જૈન સમાજનો ઉદ્ધાર ઓત-પ્રોત સમાએલો છે. તેથી ભારતના ઉદ્ધારના કાર્ય માટે જે શુભ પ્રજાકીય ચળવળો અને પ્રવૃતિઓ છે તેમાં સક્રીય ભાગ લેવા જૈનો માટે આવશ્યક છે એમ આ કોન્ફરન્સ માને છે. અને આપણા દેશની ઉન્નતીનો એક મુખ્ય માર્ગ સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ છે તો આપણે ત્યાં તેમજ આપણાં દરેક જાહેર સ્થાનોમાં બને તેટલી સ્વદેશી વસ્તુઓ વાપરવી. તેમાં સ્વદેશી કાપડ અને વિશેષેકરી હાથ સુતરની અને હાથ વણાટની ખાદી વાપરવા આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

૭ જૈન સંસ્કારો.

અન્ય ધર્મીઓના હાથે અને જૈન ધર્મવિરુદ્ધ એવા વિધિવિધાનો આપણામાં ચાલે છે. તે બંધ કરી જૈન લગ્નવિધિ અને બીજા વિધાનો શરૂ કરવા તેમજ દરેક બાલક બાલિકાને જૈનત્વની નિશાની તરીકે શાસ્ત્રોક્ત સંસ્કાર કરવા આ કોન્ફરન્સ ભલામણ કરે છે. અને આ કાર્યને લગતું સાહિત્ય પ્રગટ કરવા કાર્યકારી મંડળને સત્તા આપે છે.

૮ જૈનોની બેકારી.

જૈનોમાંની બેકારી ઓછી કરવા માટે મંદિરોની નોકરીઓ જૈનોનેજ આપવા અને સાધારણ દ્રવ્યમાંથી નોકરીનો પગાર લેવામાં બાધ ન હોય એમ આ કોન્ફરન્સ પોતાનો અભિપ્રાય જણાવે છે.

૯ એકય.

આ કોન્ફરન્સ ઠરાવ કરે છે કે, આ મહારાષ્ટ્રીય જૈન શ્વેતાંબર કોન્ફરન્સમાં શ્વેતાંબર શબ્દમાં મૂર્તિપૂજક સ્થાનકવાસી સામેલ છે. આ બધાઓનું પ્રતિનિધિત્વ લેવામાં આવે અને આ વિસ્તૃત ક્ષેત્રમાં કોન્ફરન્સનું કામ કરવામાં આવે.

અને આ મહારાષ્ટ્રીય શ્વેતાંબર કોન્ફરન્સનું બંધારણ કરવા માટે નીચે નીણાવ્યા મુજબ (૨૧ જણની) કમેટી નીમવામાં આવે. કમેટીનો રિપોર્ટ આજથી ત્રણ મહિનામાં બાહેર પાડવામાં આવશે. અને આ કમિટિના સેક્રેટરી તરીકે શ્રીમોતીલાલ ચુનીલાલ ચાંદવડકરને નેમવામાં આવે છે.

૧૦ જૈનવસ્તી ગણત્રી,

મહારાષ્ટ્રના જૈનોની શૈક્ષણિક, ઉદ્યોગિક અને સામાજિક તેમજ ધાર્મિક માહિતી પૂરેપૂરી મળી શકે તેવા પ્રકારની સંપૂર્ણ વસ્તીગણત્રી કરવાની આ કોન્ફરન્સ આવશ્યકતા સ્વીકારે છે. અને તે માટે કાર્યકારી મંડળને આ કાર્ય સાંગોપાંગ પાર ઉતરે તે માટે દરેક જિલ્લામાં આ કાર્ય કરવા માટે જિલ્લાવાર સેક્રટરીઓ નીમવાની અને દરેક જાતના પગલા લેવાની આ કોન્ફરન્સ સત્તા આપે છે. અને આ કાર્યના ખર્ચ માટે ઘર દીઠ વ્યુજ ફી લેવાની કાર્યવાહકોને સત્તા આપે છે.

૧૧ હાનીકારક રિવાજો.

વૃદ્ધવિવાહ, કન્યાવિક્રય, વરવિક્રય, એક ઉપર બીજી સ્ત્રી પરણવી, મરણ પાછળ જમણવાર, સ્ત્રિઓનો ઘુમટાનો રિવાજ, ઘોળ તડ પેટા નાતો કે તે સંકુચિત લગ્નના મર્યાદિત ક્ષેત્રો વિગેરે અનેક ધર્મવિરૂદ્ધ અને નીતીવિરૂદ્ધ રિવાજો જે આપણામાં ચાલે છે તે રિવાજો બંધ કરી શુદ્ધ અને સમાજને પોષક એવા ઉત્તમ પ્રતિબિંબ રિવાજો ચાલુ કરવા આ કોન્ફરન્સ મહારાષ્ટ્રના જૈન બંધુઓને આગ્રહપુર્વક ભલામણ કરે છે. ૪૫ વર્ષની ઉમરના ગૃહસ્થોને વૃદ્ધ સમજવા આ કોન્ફરન્સ ઠરાવે છે. અને લગ્નાદિ પ્રસંગો ટુંકા સમયમાં કરવા અને ખર્ચમાં કાપ મુકવા આ કોન્ફરન્સ ભલામણ કરે છે.

૧૨ ડેક્કન ઍગ્રીકલ્ચરિસ્ટ રિલીફ એકટ

ખેડુતોના રક્ષણ માટે ઘડાએલો ડેક્કન ઍગ્રીકલ્ચરિસ્ટ રિલીફ એકટ નામનો કાયદો જે હેતુ પાર પાડવા માટે ઘડી કાઢવામાં આવેલ છે તે હેતુઓ પાર પાડવાને બદલે તે ખેડુતો અને વેપારીઓના હિતને નુકશાનકારક નિવડયો છે તેથી આ કોન્ફરન્સ સદરહુ કાયદો રદ કરવા મુંબઇ સરકારને આગ્રહપુર્વક ભલામણ કરે છે.

ધાર્મિક કેળવણીની મહત્તા.

(જૈન એજ્યુકેશન બોર્ડના તા. ૧૯-૧૧-૩૩ રોજે થયેલ ઇનામી મેળાવડાના પ્રસંગે અપાયેલું વ્યાખ્યાન.)

વ્યાખ્યાતા:-**શ્રી મોહનલાલ બી. ઝવેરી** B. A. LL. B. સોલિસીટર.

(ગતાંક પૃષ્ટ ૮૮ થી ચાલુ.)

પ્રો. ધ્રુવ 'આપણો ધર્મ' એ નામના લેખમાં કહે છે કે:-

"ધાર્મિક શિક્ષણના અભાવના લીધે અનેક અનર્થો ઉપજ્યા છે × × × આપણું મનોબળ, આપણો સ્વાર્થત્યાગ, આપણી આશાઓ એ સર્વ શિથિળ અને મન્દ થઇ પડ્યા છે એનું એક મુખ્ય કારણ ધાર્મિક શિક્ષણનો અભાવ એજ છે. જેમ આત્મા એ શરીરથી ભિન્ન છતાં શરીરના અણુઅણુમાં વ્યાપી રહીને ચૈતન્ય અર્પે છે, તેમ ધર્મ એ મનુષ્યની સર્વ ઐહિક પ્રવૃત્તિઓથી વિલક્ષણ હોવાની સાથે સર્વના અન્તરમાં પ્રવેશ કરી એમને ચૈતન્ય અર્પે છે; અર્થાત્, એમનામાં જ્ઞાન, રસ, સ્થૈર્ય, બળ અને ગતિ પૂરે છે."

વળી ધાર્મિક શિક્ષકો પોતે કંઇ અનુભવમાં સતત વૃદ્ધિ કરતા રહે અને જે જે તત્વોનો તેઓ ઉપદેશ કરે છે તે વિચારે એટલુંજ નહિ પણ પચાવે અને પરિણમાવે તોજ તેઓ ધર્મમાર્ગના ખરા લોભીઆ થઇ શકે. એવા

(અનુસંધાન પૃષ્ટ ૯૭)

૧૩ અહમદનગરના જૈન મંદિરો.

અહમદનગરના બે જૈન મંદિરોની જગા રસ્તો સુધારવા માટે લેવાથી મહારાષ્ટ્રના જૈન સમાજની ધર્મ ભાવનાને ધક્કો બેસે છે. માટે અહમદનગરની મ્યુનિસિપાલિટીએ જૈન સમાજની ભાવના તરફ લક્ષ આપી તે યોજના રદ કરવી એવી આ કોન્ફરન્સ વિનંતી કરે છે.

૧૪ જૈનોના ત્રણ ફિરકાઓનું એકય.

શ્વેતાંબર, દિગંબર અને સ્થાનવાસી એવા જૈનોના ત્રણ મુખ્ય ફિરકાઓમાં એકય સ્થાપન થઇ આખા જૈન સમાજની સંઘટના થાય એવી આ કોન્ફરન્સની લાગણી છે. અને તે માટે આપસના ઝગડાઓ લવાદીથી મટી જાય એવી આ કોન્ફરન્સ પોતાની તીવ્ર ઇચ્છા જાહેર કરે છે. અને ત્રણે ફિરકાઓના આગેવાનોને સામુદાયિક હિતના સામાન્ય ઠરાવો પોતપોતાની કોન્ફરન્સોમાં કરવા આગ્રહપૂર્વક ભલામણ કરે છે. તેમજ સ્થાનકવાસી અને મંદિરમાર્ગી એ બંને ફિરકાઓની એકજ કોન્ફરન્સ થાય એવી આ કોન્ફરન્સ ભલામણ કરે છે.

૧૫ દીક્ષા આપવા બાબત.

જુન્નર ખાતે મળેલી જૈન કોન્ફરન્સોએ જે ઠરાવ દીક્ષા સંબંધે પસાર કર્યો છે, તેને માટે જૈનાચાર્યોને આ આ ઠરાવથી વિનંતી કરે છે કે, દીક્ષા બાબતમાં આપ મુનિ સંમેલન કાંઇ પણ નિર્ણય ઉપર જલદી આવો અગર આ કોન્ફરન્સના આવતા અધિવેશન ભરવા પહેલા તેમ નહીં બને તો અમોને દીક્ષા વિષયમાં યોગ્ય પગલાં ભરવા પડશે.

(પૃષ્ઠ ૯૬ થી ચાલુ)

શિક્ષકો જુદા જુદા અધિકારવાલા વિદ્યાર્થીઓને શિખવવા પોતાની શિક્ષણપધ્ધતિમાં યોગ્ય ફેરફાર કે પરિવર્તન પણ કરી શકે. સર્વે વિદ્યાર્થીઓ માટે એકજ પ્રકારની શિક્ષણ-પદ્ધતિ નિરૂપયોગી નિવડે. ધર્મ સર્વ અધિકારીઓ માટે હોય છે તેથી ધર્મનું શિક્ષણ પણ વર્ણવ્યા પ્રમાણેના શિક્ષકોજ યોગ્ય રીતે આપી શકે.

હવે આપણામાં અત્યાર સુધી ધાર્મિક શિક્ષણ આપવા માટે સ્વીકારાયેલો પાઠ્યક્રમ તથા શ્રી એજ્યુકેશન બોર્ડદ્વારા તેમાં થતાં રહેલા આવશ્યક ફેરફારો એ જાણીતા હોઈ તેની વિગતમાં ઉતરવું એ આપનો સમય લેવા જેવું છે. પહેલાં શાસ્ત્રની ભાષાનું જ્ઞાન પ્રાયઃ અપાતું ન હતું અને સૂત્રો મુખપાઠજ કરાવવામાં આવતા. ત્યારબાદ સૂત્રો સાથે અર્થના પણ મુખપાઠ થવા લાગ્યા. ત્યાર પછી હમણાં થોડા વર્ષથી અર્થજ્ઞાન માટે કંઈક મિશ્રપધ્ધતિ સ્વીકારવામાં આવી છે અને સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાનાં જ્ઞાન માટે જુદા વર્ગ રાખવામાં આવ્યા છે. ખરેખરી પદ્ધતિ તો ભાષાજ્ઞાનને મુખ્ય કરવાનીજ છે. પરંતુ ગુજરાતી ભાષા ઉપરાંત પ્રાકૃત અને સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવવાને વિદ્યાર્થીઓ તૈયાર ન થાય અથવા એટલો સમય જીવન-કલહમાંથી ન મેળવી શકાય તો થોડા ઘણાં ફેરફારો સાથે બોર્ડે સ્વીકારેલી અર્થજ્ઞાન માટેની મિશ્ર પધ્ધતિજ ચાલુ રહી શકે.

આગળ કહ્યું તેમ અધિકારી પરત્વે પાઠ્યક્રમ તેમજ પાઠ્ય પધ્ધતિ ભિન્ન ભિન્ન હોવી જોઈએ. શરૂઆતમાં જે સિદ્ધાંતો સર્વ ધર્મના સામાન્ય સિદ્ધાંત તરીકે સ્વીકારાયેલા હોય તેનું જ્ઞાન આપવું જોઈએ. તે સિદ્ધાંતો જૈન ધર્મમાં જણીતા છે અને તે **અહિંસા, સત્ય, અસ્તેય, ત્યાગ** અથવા **પરિગ્રહ પરિમાણ**, અને **બ્રહ્મચર્ય** એ છે. શ્રી હરિભદ્રસૂરિએ **ધર્મવાદાષ્ટક**માં કહ્યું છે કે:—

પંચૈતાનિ પવિત્રાણિ, સર્વેષાં ધર્મ ચારિણામ્ ॥
અહિંસા સત્ય મસ્તેયં, ત્યાગો મૈથુન વર્જનમ ॥

આવા ગંભીર વિષયનું જ્ઞાન બાળ અભ્યાસીને કેવા રૂપમાં આપવું તે ખરેખર માનસશાસ્ત્રના અભ્યાસી માટે બહુ ગંભીર પ્રશ્ન છે. એ પ્રશ્નનો અતિ સરળ ઉકેલ એ છે કે તેવા અભ્યાસીની સ્વાભાવિક જિજ્ઞાસા લક્ષમાં લઈ તેમની અશિક્ષિત બુદ્ધિમાં સરળતાથી ઉતરી શકે એવી રીતે મૌલિકતત્વોનું શિક્ષણ કંઈક રસપ્રદરીતે દાખલા દલીલોથી, કથા વાર્તાઓથી, ચરિત્રોથી તેમજ આધુનિક સાધુપુરૂષોના અનુભવોથી આપવો.

આવી રીતે પ્રાથમિક શિક્ષણ અપાયા પછી જે ભાષામાં આપણા ધર્મ શાસ્ત્રો છે એ ભાષાનું જ્ઞાન આપવું એ જરૂરી બને છે. સાથે સાથે પ્રાર્થમિક આચરણો જેવા કે સામાયિક, પ્રતિક્રમણ આદિ એનું પણ જ્ઞાન આપવું આ બીજી કક્ષા છે. છેવટની કક્ષામાં તત્વજ્ઞાનને મહત્વ આપવાની જરૂર છે અને શિક્ષકો તરીકે અથવા ઉપદેશકો તરીકે સમય સમય પર તેવા પુરૂષોને નિમંત્રવા જોઈએ કે જેઓ First-hand knowledge-તરીકે સ્વાનુભવદ્વારા તે શિક્ષણ આપી શકે અને માત્ર Book knowledge શાસ્ત્રજ્ઞાન તરીકેજ નહિ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

સ્ટેન્ડિંગ કમિટીના સભાસદોને

વિજ્ઞપ્તિ.

સવિનય નિવેદન કે આપ આ કૉન્ફરન્સની ઑલ ઇન્ડીઆ સ્ટેન્ડીંગ કમિટીના સભ્ય છો તે વિના આપને સુવિદિત છે. બંધારણ અનુસાર દરેક સભાસદે ઓછામાં ઓછા રુપીયા પાંચ શ્રી સુકૃત ભંડાર ફંડમાં આપવા આવશ્યક છે. તદનુસાર આપનો ચાલુ એટલે સંવત્ ૧૯૯૦ ની સાલનો ફાળો તુરત મોકલી આપવા વિનંતી છે.

કાર્યવાહી સમિતિના ઠરાવ અનુસાર આ ફાળો વર્ષ શરુ થતાં ચાર માસમાં દરેક સભાસદે ભરી આપવો જોઇએ એ જરુરી છે. આશા છે કે આપનો ફાળો તુરત મોકલી આપવા ગોઠવણ કરશો.

લી. શ્રી સંઘ સેવકો,

૨૦, પાયધુની, મુંબઈ ૩. | રણછોડભાઈ રાયચંદ ઝવેરી. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી. સ્થાનિક મહા મંત્રીઓ.

હાલમાં ઘણે ઠેકાણે ફર્યાદ થાય છે કે ધાર્મિક શિક્ષણમાં વિદ્યાર્થીઓને રૂચિ થતી નથી તેનો એક ઉપાય ધાર્મિક શિક્ષકોને ધાર્મિક શિક્ષણપદ્ધતિનું તલ્લિપ્તાત પુરૂષોદ્વારા જ્ઞાન આપવું એ છે, તથા આધુનિક માનસના અભ્યાસીઓ તેમજ જૈન ધર્મના સારા અભ્યાસીઓદ્વારા નવીન પદ્ધતિથી સરલ ગ્રંથો રચાવવા અને ને તે પ્રાથમિક પાઠ્યક્રમમાં રાખવા એ છે.

મોક્ષને અંતિમ પુરૂષાર્થ તરીકે જે સ્વીકારે છે તેમને માટે તેના સાધનભૂત ધર્મના શિક્ષણની મહત્તા હોય-એ સ્વાભાવિક છે. જેઓનું અંતિમ ધ્યેય મોક્ષ નથી, જેઓ આત્મા જેવી વસ્તુ માનતા નથી, જેઓ પરલોક, પાપ, પુણ્ય, મોક્ષ વગેરે માનતા નથી તેમને માટે કદાચ ધાર્મિકશિક્ષણનું મહત્વ ન હોય. ટૂંકમાં પ્રત્યક્ષ દુનિયાની બહાર જેમની કલ્પના શક્તિ જઈ શકતી નથી તેમને માટે તે કદાચ ઉપયોગી ન ગણાય. પરંતુ તેવાઓ માટે પણ વિજ્ઞાનની દ્રષ્ટિએ એ ઉપયોગી છે કારણ કે તેવાઓ શરીર તથા મન, ઉપરાંત કોઇને કોઇ તત્વનો જરૂર સ્વીકાર કરે છે કે જેનો શરીર મન સાથેનો સંબંધ તથા અરસપરસના અઘાત-પ્રત્યાઘાત સંઘર્ષણ વગેરે શાસ્ત્રીય-જ્ઞાનનો સુંદર અને આકર્ષક વિષય હોઈ શકે. એ રીતે વિચારીએ તો ધર્મશાસ્ત્ર પણ એક Science-વિજ્ઞાન શાસ્ત્ર છે તેમાં Ethics, નીતિશાસ્ત્ર. Pysychology, માનસ-શાસ્ત્ર. Medical Science, આરોગ્ય વિજ્ઞાન. Spiri-tual Science વગેરેનો સમાવેશ થાય છે. તેથીજ ધાર્મિક શિક્ષણની મહત્તા સિદ્ધ થાય છે.

'જૈન ગૂર્જરકવિઓ' ભાગ બીજા સંબંધી.

અભિપ્રાય.

['ગુજરાતી' નામના પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત સાપ્તાહિક પત્રના તા. ૩–૧૨–૩૩ ના અંકમાં 'સ્વીકાર અને સમાલોચના' ના મથાળા તળે સાક્ષરશ્રી **દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી**નો અભિપ્રાય પ્રગટ થયો છે તે અત્રે મૂકેલ છે. શ્રીમતી કૉન્ફરન્સ તરફથી પ્રસિદ્ધ થયેલ આ પુસ્તકની કેટલી કિંમત છે તે આ પરથી સમજી શકાશે. જૈન જનતા તેને ખરીદી ઉત્તેજન આપશે એમ ઇચ્છવા વધુ પડતી નથી.]

જૈન ગૂર્જર કવિઓ–બીજો ભાગ: પ્રયોજક–રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ, બી. એ. એલએલ. બી., પ્રકાશક શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ ઑફીસ મુંબઇ. કિંમત ત્રણ રૂપિયા.

રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇએ જૈન ગુર્જર કવિઓ પહેલો ભાગ વિ. સં. ૧૯૮૨ માં બહાર પાડેલો. એ ભાગ સાથે તેમણે ૩૨૦ પાનાનો 'જૂની ગુજરાતીનો ઇતિહાસ' એ નામનો ઉપયુક્ત નિબંધ પ્રસ્તાવના તરીકે પ્રગટ કર્યો છે. અને મૂળમાં વિક્રમના તેરમાંથી સત્તરમાં સૈકા સુધીના કવિઓનો અને તેમની કૃતિઓની નોંધ લીધી છે. પછી સં. ૧૯૮૭ માં આ બીજો ભાગ બહાર પડયો છે, જેમાં સં. ૧૭૦૧ થી ૧૮૦૦ સુધીના જૈન કવિઓની અને તેઓની કૃતિઓની નોંધ આ ગ્રંથનાં પૃ. ૫૮૯ સુધીમાં આપીછે. મતલબ કે આ બીજો ભાગ વિક્રમના અઢારમા શતકના કવિઓ અને તેઓની કૃતિઓની નોંધ માત્રથી પુરો થતો નથી, જો કે આ નોંધમાં બેય ભાગમાં મળીને કુલ ૪૬૬ કવિઓની ૯૪૩ કૃતિઓની આદિ અંતના ઉતારા સાથે નોંધ કરવામાં આવી છે. તેમાંથી પહેલા ભાગમાં ૨૮૭ કવિઓની ૫૪૧ કૃતિઓની નોંધ છે, અને બાકીની આ બીજા ભાગમાં છે મતલબ કે વિક્રમના અઢારમાં સૈકાના ગ્રંથોની સંખ્યા ઘણી મોટી છે. નજીકના સમયના ગ્રંથો વધારે જળવાઇ રહ્યા હોય અને જૂના કાળના ઘણા નાશ પામ્યા હોય, એ કુદરતી છે.

૯૪૩ જેટલા ગ્રંથોની જુદાં જુદા ભંડારોના ગ્રંથોની પહેલાં થયેલી નોંધો જોઇને તથા જુદા જુદા સ્થળોએ ફરી તે તે સ્થળના ભંડારો તપાસી તેમાંથી નોંધો કરી આવો સંગ્રહ તૈયાર કરવામાં કેટલી મહેનત શ્રી. મો. દ. દેસાઇને પડી હશે. એ તો એવું કામ કરનારજ સમજી શકે.

ગુજરાતી ભાષાના અભ્યાસ માટે ખાસ કરીને પ્રાચીન ગુજરાતીના અભ્યાસ માટે આ બેય ગ્રંથો ઘણા ઉપયોગી છે. પહેલો ભાગ બહાર પડયો ત્યારેજ ગુજરાતના વિદ્વાનોએ એ ગ્રંથની ઉપયોગિતા મુક્ત કંઠે સ્વીકારી છે. એટલે એ વિષે કાંઇ વધુ કહેવાની જરૂર નથી. પણ જેમ પહેલાં ભાગમાં પ્રસ્તાવના રૂપે જૂની ગુજરાતીનો ઇતિહાસ લખ્યો હતો તેમ આ બીજા ભાગમાં પરિશિષ્ટ રૂપે ઘણું સાહિત્ય આપ્યું છે. પૃ. ૫૯૦ થી ૫૯૪ માં ૧૮ મી સદીની ગદ્યકૃતિઓની ટૂંકી નોંધ છે. પછી પૃ. ૬૧૦ સુધીમાં અઢારમી સદીના કવિઓની અકારાદિ અનુક્રમણિકા છે. પૃ. ૬૧૧ થી ૬૩૮ સુધીમાં સંવતક્રમમાં એજ કવિઓની અનુક્રમણિકા છે. પછી પૃ. ૬૩૯ થી ૮૨૨ સુધીમા પાંચ પરિશિષ્ટો છે, જેમાંનું છેલ્લું તો જૈન ગૂર્જર કવિઓ પ્રથમ ભાગ સંબંધી અભિપ્રાયો છે. પણ બાકીનાં ચાર પરિશિષ્ટો ઘણા ઉપયોગી છે.

પહેલા પરિશિષ્ટમાં જૈન કથાનામ કોષ છે. આમાં જૈન કથાનાયકોનાં અકારાદિ અનુક્રમે નામો આપી તેની સામે આત્મપ્રબોધ, ઋષિમંડલવૃત્તિ વગેરે જૈન કથાઓના સંગ્રહગ્રંથોના ઉલ્લેખો આપ્યા છે. આ રીતે વાસ્તવિક જૈન કથા કોષ માટે આ સારી પ્રાથમિક તૈયારી છે.

પરિશિષ્ટ બીજામાં જૈન ગચ્છોની ગુરૂ પટ્ટાવલીઓ આપી છે. જૈન ઇતિહાસના તથા ગુજરાતના સામાન્ય ઇતિહાસના સંશોધન કાર્યમાં આ પટ્ટાવલીઓ બહુ ઉપયોગી છે. કારણ કે એમાં અનુક્રમ સાથે વર્ષો પણ આપ્યાં છે. અને ગુજરાતના સોલંકી કાળ માટે તો ઘણી સંવત વાળી નોંધો મળે છે અને તે મોટે ભાગે વિશ્વાસપાત્ર છે. આ પરિશિષ્ટમાં બૃહત્ ગચ્છ અને તપા ગચ્છની પટ્ટાવલીઓ માટે ડા. કલાટ (Klatt) ઇન્ડીઅન એંકટીકવેરી પુ. ૧૧ પૃ. ૨૪૫ થી ૨૫૬ માં છપાયેલા લેખનો મુખ્યત્વે ઉપયોગ કરવામાં આવ્યો છે પણ તે ઉપરાંત બીજા સાધનોમાંથી ટિપ્પણીઓમાંથી વિગતો ઉતારવામાં આવી છે.

પરિશિષ્ટ ત્રીજામાં વિધિ પક્ષ ગચ્છ અંચલ ગચ્છની પટ્ટાવલી આપી છે. અને ચોથા પરિશિષ્ટમાં રાજાવલી આપેલ છે. તે ગુજરાતના ઇતિહાસનું એક ઉપયોગી સાધન છે.

આ બીજા ભાગ સાથે 'જૈનો અને તેનું સાહિત્ય' એ સંબંધી એક વિસ્તૃત નિબંધ જોડવાનો શ્રી મો. દ. દેસાઇનો વિચાર હતો, પણ લખતાં એ નિબંધ મોટા પુસ્તક જેવડો થઇ ગયો એટલે હવે જુદા પુસ્તકરૂપે છપાય છે. અને આપણે ઇચ્છીશું એ પુસ્તક પણ હવે આપણા હાથમાં જલદી આવે.

દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી.

જૈન યુગના ગ્રાહકોને

આવતો અંક વી. પી.

આ પત્રના ચાલુ ગ્રાહકો તથા અન્ય વાંચકોને આ વર્ષના લવાજમના રૂા. ૧ બે મનીઆર્ડર દ્વારા મોકલી આપવા વિનંતી છે, જેથી તેઓને વી. પી. ખર્ચ (જે ૦–૫–૦ થશે) ભોગવવું ન પડે. મનીઆર્ડરમાં માત્ર ૦–૨–૦ ખર્ચ થશે.

આવતી તા. ૨૧–૧૨–૩૩ પહેલાં આ લવાજમની રકમ નહીં મળશે તો આગામી અંક વી. પી. દ્વારા મોકલાશે તે સ્વીકારી લેવા વિનંતી છે.

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, 14, Pydhoni, Bombay 3, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:–'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

卐

The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ બી. એડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો.

વર્ષ જીનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧ લી જાન્યુઆરી ૧૯૩૪. | અંક ૧૬.

વિષય સૂચિ.

૧ જ્ઞાનનાં બહુમાન કર્યાં છે. શ્રી મોહનલાલ ચોકસી.
૨ સ્ટે. કમિટિના સભ્યોને નિવેદન ...કૉન્ફરન્સ ઑફીસ.
૩ પુનઃ નોબત ગગડે છે ...શ્રી મોહનલાલ ચોકસી.
૪ હિંદના જૈન શ્વે. મૂ. સંઘોને વિનંતિ....શ્રી કસ્તુરભાઇ નગરશેઠ.
૫ ધાર્મિક પરીક્ષાઓના ઉમેદવારો ... જૈન શ્વે. એ. બોર્ડ.
૬ જૈન પંચાંગ કેવીરીતે પ્રસિદ્ધ થાય? શ્રી વિકાશવિજય.
૬ श्री केशरीयाजी तीर्थ और मेवाड राज्य...आत्मानंद जैन सभा पंजाब.
૭ અવલોકન ... ... તંત્રી.
૮ પ્રકીર્ણ ... ...

જૈન યુગ.

તા. ૧–૧–૩૪ સોમવાર.

જ્ઞાનનાં બહુમાન કર્યાં છે?

જૈન સમાજમાં ધાર્મિક પ્રસંગોનો તોટો નથી. વળી ધન ખરચનાર પણ નિકળી પડે છે. છતાં અફસોસ સાથે કહેવું પડે છે કે મોટા ભાગે આજે આડંબર કે જ્ઞાન વિહૂણી ક્રિયાનાંજ દર્શન થાય છે!

વિદ્વાન્ મનાતા ત્યાગી મહાત્માઓ પણ આ ઉપરછલ્લી બાહ્ય કરણી પરથીજ સમાજમાં ધર્મનું સ્થાન કેટલું છે એનુ માપ કાઢે છે. આ જાતની પરિક્ષાથી માત્ર શુષ્ક ક્રિયાનું કલેવર હદ ઓલંગી વધતું ચાલ્યું છે. એ સ્થૂલતામાં સાચું વીર્ય છે કે માત્ર ચરબી છે તે નિરખવાની પણ કોઈને ફુરસદ નથી. કરાતી ક્રિયાનો શો હેતુ છે તે વિચારવા જેટલું ધૈર્ય આચરનારમાં નથી જણાતુ કદાચ કોઈ એ પ્રતિ ધ્યાન ખેંચે તો શાંતિથી સમજવાની બદલે ક્રિયા કે જિજ્ઞાસાને સ્થાને ક્રોધની આગ ભભકી ઉઠે. તરતજ જવાબ મળી જાય કે 'જાતે કરવું નહિં ને કરતાં હોય તેમાં ખોતેરણા કહાડવા' આમ થવામાં કેટલાંક કારણ પણ છે. ઘણાક ને માત્ર વ્યાખ્યાન શ્રવણ કરતાંજ ક્રિયા રુચિ ઉદ્ભવી હોય એટલે આગળ પાછળનો સબંધ ધ્યાનમાં રાખ્યાવગર માત્ર એકજ વાતને પકડીલે. એનું હાર્દ સમજવા સારૂં કર્યાં તો પ્રયાસ કરવાની જિજ્ઞાસા ન હોય અથવા તો એટલો અભ્યાસ પણ ન હોય. વળી ન કરવા કરતાં આવડે તેવી ક્રિયા કરવી એમ શાસ્ત્રમાં કહેલું છે એ વાત આગળ આણી આવડે તેવું હાંકે રાખે. એટલું તો ચોક્કસ છે કે 'ક્રિયા વાંઝણી તો નથી'. સમજીને કરો તો એનું પૂર્ણ ફળ પ્રાપ્ત થાય, નહિં તો ઓછું, પણ કંઈને કંઈ ફળતો મળવાનુંજ. જ્યાં આવી સીધી વાત છે ત્યાં ઘણા ખરા એ હિસાબે કર્યા જતાં હોય એમ પણ માની શકાય પણ તેથી જાણીને સમજીને કરવામાં રહેલો લાભ અને આનંદ અવશ્ય વિચારણીય છે. વસ્તુનું સ્વરૂપ યથાર્થ સમજીને કરણીમાં ઉતારનાર જેટલા કર્મોનું પરિશાટન કરી શકે છે તેટલું માત્ર ક્રિયાશીલ કર્યાંથી કરી શકે; વળી જાણકારનો આનંદ, ગતાનુગતિકતામાં કરનાર કેવી રીતે મેળવી શકવાનો? તેથીતો જ્ઞાનપંચમીના ચૈત્યવંદનમાં ક્રિયાને દેશ આરાધક કહી છે, જ્યારે જ્ઞાનને સર્વ આરાધક બતાવ્યું છે. આપણે પણ કયાં નથી જાણતા કે પ્રભુ શ્રી મહાવીર દેવના ટંકશાળી વચનોમાં જ્ઞાનનું સ્થાન સર્વોપરિ છે. આ રહ્યાં તે વચનોઃ—

જ્ઞાની શ્વાસોશ્વાસમાં કઠીણ કર્મ ક્ષે છેદ;
પૂર્વ કોડી વર્ષોલગે, અજ્ઞાની ક્ષે તેહ.

पढमं नाणम् तओ दया

જ્ઞાનવડુ સંસારમાં, ગુણમાં અધિકારી રે. તો પછી પ્રશ્ન થશે કે શા માટે જ્ઞાન વિહોણી ક્રિયા માટે આજ્ઞા આપવામાં આવી? એનું કારણ છે. હાથ જોડી બેસી રહેનાર કરતાં શ્રધ્ધા રાખી આવડે તેવું કરનાર જરૂર પ્રશંસનીય છે કેમકે જૈન દર્શન 'પુરૂષાર્થ' ને માનનાર છે, **उद्यमेन हि सिध्यन्ति कार्याणि** એ સૂત્રમાં એનો વિશ્વાસ છે. વળી જેઓ અલ્પ બુદ્ધિ હોય કિંવા જેઓની વય જ્ઞાનાર્જનનો સમય વીતાવી ગઇ હોય

તેઓ પણ કરણીના આલંબને જરૂર કંઈને કંઈ ફાયદો તારવે-એ શુભ હેતુ પણ એમ આજ્ઞા આપવામાં સમાએલો છે. તેથી જુવાન વર્ગે અથવા તો જેની શક્તિ જ્ઞાન પ્રાપ્તિમાં પાછી હઠે તેમ નથી એવાઓ માટે કરણીનું સ્વરૂપ સમજ્યા વગર ગમેતેમ હાંકયે રાખવાનું નથીજ. અવશ્ય તેઓએ દરેક ક્રિયા પાછળ શું ભાવ રહ્યો છે એ જાણવાની તકેદારી રાખવી ઘટે છે. ત્યારેજ સાચો આનંદ સમજાશે.

વળી એ સારૂ આજે સાધનોની સાનુકૂળતા થઈ છે. સામાન્ય કક્ષાના અભ્યાસીને પણ સમજતાં મુશ્કેલી ન નડે તેવા પ્રકાશનો થતાં ચાલ્યા છે. ફક્ત એ માટે લાગણી પ્રગટાવવાની અગત્ય છે. એ વાત મન પર લેવાની આવશ્યકતા છે.

આજની વર્તમાન સ્થિતિતો અસહ્ય છે. સમાજના મોટા ભાગમાં જેટલું લક્ષ્ય અલંકાર ને શણગાર રક્ષણમાં અપાય છે તેનો એક આની ભાગપણ જ્ઞાનના સાધનો પુસ્તકો આદિની સાચવણીમાં નથી અપાતો. સાડીપર ડાઘો પડતાં જીવ બળે છે, પણ પંચ પ્રતિક્રમણના પાના ઉડી જતાં જરા ઉંહ સરખું પણ થતું નથી! આ નવાઇ ભર્યું નથી? જ્યાં હજુ જ્ઞાનના મૂલ્ય નથી અંકાયા ત્યાં એના રટણ-કિંમત કે મનનની વાત કયાં કરવી રહી? જ્યાં હજુ શ્રીમદ્ હેમચંદ્ર સૂરિ કે ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના લખાણો વસાવવાની અભિરૂચી નથી જન્મી ત્યાં એવા સંખ્યાબંધ સાહિત્યના સંગ્રહકાર મોહનભાઇના પ્રયાસનું મૂલ્ય કયાંથી અંકાવાનું? ગુર્જર કવિઓ ના ભાગો શું ચીજ છે એનું હજુ જ્યાં ભાન નથી ત્યાં એ વસાવવાનું મન થાય? એ સારૂ તો પ્રથમ જ્ઞાનપિપાસા જાગ્રત કરવી પડશે.

—મોહનલાલ ચોકશી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

સ્ટેન્ડિંગ કમિટીના સભાસદોને

વિજ્ઞપ્તિ.

સવિનય નિવેદન કે આપ આ કૉન્ફરન્સની ઑલ ઇન્ડીઆ સ્ટેન્ડીંગ કમિટીના સભ્ય છો તે બીના આપને સુવિદિત છે. બંધારણ અનુસાર દરેક સભાસદે ઓછામાં ઓછા રુપીયા પાંચ શ્રી સુકૃત ભંડાર ફંડમાં આપવા આવશ્યક છે. તદનુસાર આપનો ચાલુ એટલે સંવત્ ૧૯૯૦ ની સાલનો ફાળો તુરત મોકલી આપવા વિનંતિ છે.

કાર્યવાહી સમિતિના ઠરાવ અનુસાર આ ફાળો વર્ષ શરુ થતાં ચાર માસમાં દરેક સભાસદે ભરી આપવો જોઇએ એ જરુરી છે. આશા છે કે આપનો ફાળો તુરત મોકલી આપવા ગોઠવણ કરશો.

લી. શ્રી સંઘ સેવકો,

૨૦, પાયધુની, મુંબઈ ૩. | રણછોડભાઈ રાયચંદ ઝવેરી. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી. સ્થાનિક મહા મંત્રીઓ.

પુનઃ નોબત ગડગડે છે.

એકવાર ફરીથી મુનિ સંમેલન અમદાવાદના આંગણે મળવાના સૂર સંભળાય છે. છાપામાં આવેલા રીપોર્ટો પરથી સંમેલન સબંધી ઈમારત ચણવી એ કાચા પાત્રમાં પાણી ભરવા સમાન છે. છતાં વર્તમાન કાળની આ ખાસ જરૂરીયાત સબંધના આ સમાચાર સૌ કોઇને આનંદજનક થઈ પડે એ સમજાય તેવું છે. ચિરકાળની ભાવનાને હવે ફળ બેસે તો સારૂં. પરિણામ પ્રતિ રજમાત્ર અંગુલીનિર્દેશ કર્યા વગર હાર્દિક ભાવથી એટલુંજ કહીએ કે એકવાર સાધુ મહારાજો અરસપરસ મળશે ને છુટથી વાર્તાલાપ કરશે તો પણ જૈન સમાજને એ મહાલાભદાયી થઇ પડશે. ફાલ્ગુન માસનું એ સ્વપ્ન સાચું નિવડો એજ શુભેચ્છા.

આ તો સાધુ સંમેલન માટેની વિચાર માળા! પણ શ્રાવકોની પરિષદ કયારે? આપણા મોટેરાઓની અભિલાષા સામાન્યરીતે એવી મનાય છે કે 'ઘણી ખરી મહત્વની બાબતો પણ આમવર્ગની જાણમાં આવે તે પૂર્વે કોઇને કોઈ રીતે તેનો આડો અવળો નીકાલ કરી નાંખવો. એવી વાતો બહુ ચર્ચાય તો એમાં રસકસ બહુ પેદા થાય છે, કટલીકવાર રસાકસીથી વાત ઉહાળાઇ જાય છે ને નુકસાન ખમવા વારો આવે છે. આ મંતવ્ય કેટલે અંશે સાચું છે એ તો અનુભવીઓજ કહી શકે! પણ એટલું તો છાતી ઠોકીને કહી શકાય કે આવી વલણ ધારણ કરવાથી આપણે ઘણું ગુમાવ્યું છે. બીજા સવાલો બાજુપર રાખી માત્ર તીર્થના હકો સંબંધી વિચાર કરીશું તો ચોકખું જણાશે કે આપણને આ રીતે પારાવાર હાનિ પુગી છે. જેવો દેશકાળ વર્તતો હોય તેવા સાધનો સજવા ઘટે પણ સમાજધુરિણોને કાને કેમ અણે આ વસ્તુ પહોંચીજ નથી એવું જણાય છે. દિન ઉગ્યે છાપામાં કાલમો ભરી લખાણ આવતાં છતાં 'ગોળ કુલ્લીમાંજ ભંગાયો જાય છે.' પરિણામે પરંપરાના હકોપર કાયમના માટે પાણી ફરી વળે છે જે પછી લાખોના આંધણ મૂકતાં છતાં સુધરતું નથી. આ યુગ 'પ્રેસ અને પ્લાટફૉર્મસ' નો કહેવાય છે એટલે પોતાના હકો માટે જેઓ દલીલપૂર્વક છાપામાં લખે અને જોર શોર પૂર્વક આમ વર્ગના સંગીન ટેકા સાથે ભાષણો આદિના જાહેર આંદોલનોથી જનતાને જાગ્રત કરે તેઓ જરૂર પોતાનો કેસ મજબુત બનાવે છે એટલું જ નહિં પણ વિજયશ્રી વરવા ભાગ્યશાળી બને છે. અફસોસની વાત એજ છે કે જૈન સમાજના અગ્રગણ્યો આ ચીલે ચાલવા કેમ પાછા કદમ ભરે છે તે સમજાતું નથી.' આ વીસમી સદીમાં પણ ઘણાકને સોળમીના ઉપાયોથી કામ ઉકેલવાના મોહ છે! એ ઉપાયોથી કદાચ સોળમી સદીમાં અવશ્ય લાભ થયો હશે! પણ વીસમીમાં તો જરા પણ શુકરવાર નથી વળ્યો! વધારામાં પૈસાનાં પાણી ને હકનાં લીલામ થયાં છે! હતું તેમાંથી ગુમાવાયું છે! અને એવી વિચિત્ર આંટીઘુંટીયોના વમળમાં ફસાવું પડ્યું છે કે જેમાંથી આજે વર્ષો થયા છુટાતું નથી! શત્રુંજય સંબંધી દાખલોજ આ માટે પુરતો છે. સાડ હજારનો ચાંલ્લો કપાળે ચોંટયા છતાં શિવની દહેરીનો પ્રશ્ન સામે ખડોજ છે; અને બીજાયે સવાલો ઉઠવા પામ્યા છે. કેસરીયાજી માટે

(અનુસંધાન પૃષ્ઠ ૧૦૧)

હિન્દુસ્તાનના જૈન શ્વેતાંબર મૂર્તિ-પૂજક સંઘોને વિનંતિ.

હિન્દુસ્તાનના દરેક ગામના શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને વિનંતિ કરવામાં આવે છે જે અમદાવાદના શ્રી સંઘ તરફથી કેટલાક ગૃહસ્થો સાથે અમોએ શ્રી સિદ્ધક્ષેત્ર (પાલીતાણા) મુકામે પૂજ્ય આચાર્ય શ્રી વિજયનેમિસૂરિશ્વરજીને વિનંતી કરી અને વી. સં. ૨૪૬૦ ના ફાગણ વદ ૩ ને રવિવાર તા. ૪થી માર્ચ ૧૯૩૪ ના રોજથી રાજનગર અમદાવાદમાં શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મુનિ-સંમેલન ભરવાનું નક્કી કર્યું છે, માટે આપના ગામમાં બિરાજતા તેમજ વિહારમાં આવનાર પૂજ્ય મુનિ મહારાજાઓને અમદાવાદ તરફ વિહાર કરવા વિનંતિ કરશોજી.

વંડાવીલા.
અમદાવાદ.
૨૭-૧૨-૩૩.

લિ૦ સેવક,
કસ્તુરભાઇ એમ. નગરશેઠ.

તા. ક. —પૂજ્ય મુનિ મહારાજાઓને વિનતિપત્ર મોકલતાં વિલંબ થાય તેથી આ ખબર જલ્દિથી મળે તેવો અગત્યના લાગવાથી છાપા મારફત આપી છે.

તા. ૨૯-૧૨-૩૩ શુક્રવારના 'મુંબઇ સમાચાર'માં નીચે મુજબ હકીકત પ્રગટ થઇ છે.

આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરિજીએ કેવો ઉત્તર આપ્યો છે ?

'મુંબઇ સમાચાર' ના અધિપતિ જોગઃ—

સાહેબ,

આપના તા. ૨૭-૧૨-૩૩ ના "મુંબઇ સમાચાર" પેપરના પાના ૧૬ ઉપર "જૈન મુનિ સંમેલન" એ મથાળા નીચેના સમાચારોમાં "આચાર્ય શ્રી વલ્લભ-સૂરિજીને આમંત્રણ" એ ફકરામાં જે સમાચાર પ્રગટ થયા છે તેની ખરી હકીકત એવી છે કે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીને આમંત્રણ કર્યાબાદ તેમણે નગર-શેઠને સંઘસત્તા સંબંધનો ખ્યાલ આપ્યો હતો અને જે ગામોમાં સંઘોમાં કલેશ છે તે આવા પ્રસંગે દૂર થાય તેવા પ્રયત્ન કરવા ઇચ્છા દર્શાવી હતી અને શાંતિ થાય તેવા પ્રયત્નો કરવા સુંચવ્યું હતું અને આ સંમેલનમાં પધારવા સંબંધી વિનંતિના જવાબમાં તેમણે હાલ તુરતતો પોતે પાલણપુર તરફ જવા વિહાર કરે છે ત્યારબાદ "જેવી ક્ષેત્ર ફરસના" એવું જણાવ્યું હતું.

ઉપરની હકીકત નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇને વંચાવી તેમની સંમતિ લઇ છપાવવામાં આવી છે.

શકરાભાઇ લલ્લુભાઇ મનોરદાસ,
ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

આ સંસ્થા તરફથી લેવામાં આવતી શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષવર્ગ અને અ. સૌ. હીમઇબાઇ મેઘજી સોજપાળ સ્ત્રીવર્ગ ધાર્મિક હરિફાઇની પરીક્ષાઓમાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

મુંબઈ ૪૮, અમદાવાદ ૨૧૨, ભાવનગર ૭૨, સુરત ૩૭, પાલીતાણા ૮૭, વિજાપુર ૧૧, થરાદ ૫, છોટી સાદડી ૮, બિકાનેર ૪, ગુજરાનવાલાં ૧૦, નિપાણી ૧૪, ઈંદોર ૧૯, ભરૂચ ૧૫, પાલનપુર ૧૭, વરકાણા ૨૫, ગોધાવી ૧૪, કડી ૧૯, વિરમગામ ૧૧, પેથાપુર ૧૨, જુનર ૧૫, જુનાગઢ ૩૬, બગવાડા ૨૩, કરાંચી ૨૩, રતલામ ૩૧, પાલેજ ૬, સમાં ૧૩, મીઆગામ ૨૦, વિજાપુર ૪, પાદરા ૧૩, ઉંઝા ૧૪, સાંગલી ૧૫, બોરસદ ૨૬, પાટણ ૮, માલવાડા ૧૦, બોટાદ ૧૦, આમોદ ૧૦ સિંધડી ૧, બેડા ૧, કુલ ૯૨૬ નવસો છવ્વીસ.

(અનુસંધાન પૃષ્ટ ૧૦૦)

પણ વિચારતાં હૃદય કમકમી ઉઠે છે. લગભગ બધુ ગયા જેવું છતાં કોણ જાણે કેમ જાહેર પોકાર નથી ઉઠાવાતો.

અમુક પ્રયાસો બાદ કરીએ તો જાણીતી ને મોભાદાર આગેવાન સંસ્થાઓએ આ વિષયમાં માત્ર મૌનજ સેવ્યું છે એમ કહી શકાય. આથી કોઇ એમ ન માની લે કે તીર્થ માટે એના કાર્યવાહકોમાં લાગણી નથી ! કિંવા એ મહાનુભાવો સાવ હાથ જોડી બેસી ગયા છે.

તેમના પ્રયાસો અને વિવિધમાર્ગી સેવાઓ પ્રત્યે બહુમાન દર્શાવી. એટલું તો ભાર મૂકી કહી દેવું પડે છે કે 'હવે એ પુરાણા ચીલા મુકી દો'. પરમાત્મા મહાવીર-દેવના સંતાનો તરિકે કંકુકે શરતા દાખવવા સજ્જ થાઓ. પરંપરાના કેટલાય લફડા જ્યાં બોર્ડ બેસા છીએ ત્યાં હવે વધુ શું ગુમાવવાનું છે? શા સારૂ બોટી દાક્ષિણ્યતામાં પડયા રહેવું ? બાનગી વાતો જવા દઈ પહેલી તકે સકળ હિંદનું પ્રતિનિધિત્વ ધરાવતી એક જાહેર પરિષદ ભરવા કમર કસો. યાદ રાખજો કે જેટલા જોરથી આંદોલન કરશો તેટલા જોરથી તેનો પડઘો પડશે. માટે હૃદયની નાદિલત સદંતર બંબેરી નાંખ્યા પછીજ કામ ઉપાડજો.

પરિષદ આપસમાં સમજુતીના માર્ગો અવશ્ય વિચારે. જ્યાં લગી ઉભયને સંતોષ થાય તેવી રીતે તીર્થના પ્રશ્નોનો તોડ આણી શકાતો હોય તો તેમ કરવામાં જરાપણ કચાશ ન રાખે.

પણ એ રીતે નજર થતું હોય તો અસહકાર એ તો આપણા હાથનીજ વસ્તુ છે ને? હવે તો એ માર્ગેજ વિજયસિદ્ધિ વરવાની હોય ! વીરના પુત્રોને એજ છાજે. સાડ હજાર ફગાવી દેવા કરતાં અને કેશરના બાબડા ભરવા કરતાં શા સારૂ એ દ્રવ્યનો સંચય સમાજને સંઘટિત કરવામાં ન કરાય ! ભંડારમાં એવું ભરીએજ શું કરવાકે એ તરફ રાજની કે અધિકારીની આંખ ખેંચાય ! વિમળ-વસ્તુપાળના વારસો બુદ્ધિમાં તો પાછા નજ પડે. મુદ્દો જાણવી જરૂર માર્ગો ફેરવે.

હજુ જગાય તો સારૂં છે. સંજોગો ખડા થયાં છે. છતાં નિદ્રામાં રહીશું તો ભાવિ કારમુ છે.

ચોકસી.

જૈન પંચાંગ કેવી રીતે પ્રસિદ્ધ થાય?

પ્રાચીન કાળથી ન્યાયાદિ અનેક દર્શનો જૈનાચાર્ય પ્રણીત અત્યારે વિદ્યમાન જોઈ શકીએ છીએ. તેમજ પ્રાકૃત ભાષાનું પ્રચુર સાહિત્ય પણ જોવામાં આવે છે, એટલુંજ નહિ પરંતુ કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય વિરચિત પ્રાકૃત વ્યાકરણ તથા પ્રાકૃતોદ્ભવ અપભ્રંશ ભાષાનું વ્યાકરણ પણ જૈનાચાર્યે બનાવી તે તે વખતની દેશભાષાને સુરક્ષિત કરી અને છેવટ ગુજરાતી ભાષાનો પ્રાદુર્ભાવ થયો તેમાં પણ જૈનાચાર્યોએ મુખ્ય ભાગ ભજવેલો છે. એમ તો અર્વાચીન કાલના પ્રખર ભાષા-શાસ્ત્રીઓ પણ કબુલ કરે છે. પરંતુ જ્યોતિષ વિદ્યા જેવી ચમત્કારીક અને વ્યવહારોપયોગી વિદ્યાનું ખેડાણ આપણામાં તેવા રૂપનું થયું હોય તેમ જણાતું નથી. છતાં એક વખત જયપુરની વેધશાળા જોવાને માટે હું ગયો હતો. ત્યારે ત્યાંના જ્યોતિર્વિદાચાર્ય કેદારનાથજીનો પરિચય થતાં તેમણે એવી વાત કરી કે આ યંત્રો પ્રખર જૈન જ્યોતિર્વિદાચાર્ય મહેન્દ્રસૂરિકૃત યંત્રરાજ નામક ગ્રંથ ઉપરથી બનાવેલ છે. અને તે વેધશાળામાં મુખ્ય યંત્રનું નામ પણ યંત્રરાજ એવું રાખવામાં આવેલ છે. અને તે યંત્ર (યંત્રરાજ) કેવી રીતે બનાવવું તેની ઉપપત્તિક સરલ પ્રક્રિયા જયપુર મહારાજા જયસિંહે કરેલી જયસિંહકારિકામાં બહુ વિસ્તારથી આપેલી છે. એવું જયપુરના રાજ જ્યોતિષી પંડિત ગોકુલચંદ ભાવન વિરચિત જ્યોતિષ યંત્રાલય વેધપથ દર્શક નામના ગ્રંથમાં પૃષ્ઠ ૬૪–૬૫ માં જણાવેલ છે. આ વેધશાળા જોયા પછી મારા અંતઃકરણમાં એવો વિચાર ઉત્પન્ન થયો કે આપણા પ્રાચીન આચાર્યોએ જ્યોતિષવિદ્યાનું પણ મંથન કરેલું હોવું જોઇએ.

હમણાં સૂર્ય પ્રજ્ઞપ્તિ અને જ્યોતિષ કરંડક ગ્રંથ વિચારતાં તેમાં રહેલ અદ્ભુત ચમત્કારીક જ્યોતિષ વિદ્યા વિષયક રચના તેમજ નક્ષત્ર ગણના કે જેને શ્રીમાન્ ભાસ્કરાચાર્ય જેવાની કલ્પનાઓ મળતી થાય છે. પરંતુ જૈનાચાર્યના મત પ્રમાણે પાંચ વર્ષનો ૧ એક યુગ અને તેના ૧૮૩૦ દિવસો એટલે કે એક વર્ષના ૩૬૬ દિવસો થાય છે. જ્યારે વર્તમાન પ્રચલિત પંચાંગોમાં ૩૬૫ દિ. ૧૫ ઘ. ૩૧ પળ. ૩૧ વિપળ ૨૪ પ્રતિવિપળ આટલું વર્ષમાન સૂર્યસિદ્ધાંતાનુસાર છે. ગ્રહ લાઘવીય પંચાંગો પ્રમાણેનું વર્ષમાન ૩૬૫ દિ. ૧૫ ઘ. ૩૧ પળ ૩૦ વિપળ છે ત્યારે સિદ્ધાંત શિરોમણિ પ્રમાણે વર્ષમાન ૩૬૫ દિ. ૧૫ ઘ. ૩૦ પળ ૨૨ વિપળ ૩૦ પ્રતિવિપળ છે. આ ત્રણે ગ્રંથોના વર્ષમાનોમાં ભેદ તો છે. પરંતુ તે ભેદ ઘણોજ ઓછો છે.

મહાભારતના કાળમાં જે પંચાંગો ચાલતાં તેનો ઉલ્લેખ વિરાટપર્વ અધ્યાય ૫૨ શ્લોક ૨ જામાં આપેલ છે. તે પ્રમાણે વર્ષમાન બરાબર ૩૬૬ દિવસનું, પાંચ વર્ષનો ૧ એક યુગ અને એક યુગમાં ૨ બે અધિક માસ એમ તો નિર્વિવાદ સિદ્ધ થાય છે. વર્તમાનકાળે જે પંચાંગો બને છે તે પંચાંગોમાં દરેક નક્ષત્રોનો કાળ સરખો માનેલો છે તે વાસ્તવીક નથી. જૈનાચાર્યનું નક્ષત્ર વિષયક જે મન્તવ્ય છે તેની સાથે સંપૂર્ણ મળતાપણું સિદ્ધાંત શિરોમણિ ગ્રંથકર્તા શ્રીમાન્ ભાસ્કરાચાર્યનું થાય છે એટલે કે નક્ષત્રોમાં ચંદ્રની ગતિ જે જૈનાચાર્યોએ માનેલી છે તે ભાસ્કરાચાર્યે સ્પષ્ટ કરેલી છે. વર્તમાન પંચાંગોનો આરંભ કયા કાળથી હોઈ શકે તે કલ્પના કરવી મુશ્કેલ છે. પરંતુ જો સૂર્યપ્રજ્ઞપ્તિ પ્રમાણે નક્ષત્ર ગણના લઈને પંચાંગ કરવામાં આવે તો એકાદ દિવસનો ફેર જરૂર આવે. તેથી જે તિથિએ જે વાર પ્રચલિત પંચાંગોમાં આવતો હોય તે તિથિએ તેજ વાર મળી શકશે નહિ. તો પણ જૈનાચાર્યના મત મુજબ જો પંચાંગ બનાવવામાં આવ્યું હોય તો તે એકજ પંચાંગ પ્રમાણે આખા આર્યાવર્તમાં તિથિનું સ્થૂલમાન અવશ્ય મળતું થાય છે. અર્થાત્ દેશ દેશાંતરના અક્ષાંશ રેખાંશ પ્રમાણે તિથિની ઘટિકાઓમાં ઓછા વત્તાપણું અવશ્ય આવવાનું, તેનું કારણ એ છે કે સૂર્ય પ્રજ્ઞપ્તિ પ્રમાણે મોટામાં મોટો દિવસ ૧૮ મુહૂર્ત્ત એટલે ૩૬ ઘટિકાનો હોઇ શકે છે તે વખત ૧૨ મુહૂર્ત્ત એટલે ૨૪ ઘટિકાની રાત્રિ હોય છે. તેજ પ્રમાણે મોટામાં મોટી રાત્રિ ૩૬ ઘટિકાની આવે છે. આ દિનમાન માત્ર હિંદુસ્તાનની ઉત્તરે થોડા પ્રદેશ સુધી લાગુ પડે છે. પરંતુ ઇંગ્લાંડની વેધશાળાનું મુખ્ય સ્થળ ગ્રીનીચ ૫૧ અક્ષાંશ ઉપર હોવાથી ત્યાં મોટામાં મોટું દિનમાન ૪૦ ઘડીનું અને તે દિવસ રાત્રિમાન ૨૦ ઘડીનું હોય છે. આ પ્રત્યક્ષ પ્રમાણનો વિષય અત્યારે અનુભવાય છે ત્યારે ભરતખંડની બહાર દિનમાન નાનું મોટું કેવી રીતે થાય તે વિષયક ગણિતનો ખુલાસો એટલે કે ૩૬ ઘડીથી મોટું દિનમાન વિગેરે, કેવી રીતે ગણવું તે સુર્યપ્રજ્ઞપ્તિ અને જ્યોતિષ કરંડક ઉપરથી હું સમજી શકયો નથી, તેમાં જો એ વિષય હોય તો કોઈ પણ જ્ઞાતા મુનિરાજ અથવા શ્રાવક હોય તે તે વિષયનો ખુલાસો કરવા કૃપા કરશે તો હું તેમનો આભાર માનીશ.

હાલમાં મહેન્દ્રસુરિકૃત યંત્રરાજ ગ્રંથ મને પ્રાપ્ત થયો છે. તેના ઉપર મલયેન્દુ સુરિકૃત ટીકા કરે છે. તેમજ તેના ઉપર અનારસના જ્યોતિર્વિદ ભાસ્કર સુધાકર દ્વિવેદીકૃત પ્રતિભા-બોધક પણ છે. આ મહેન્દ્રસુરિ શ્રીમદ્ મદનસુરિજીના શિષ્ય હતા. અને આ ગ્રંથ ભરૂચમાં તેમણે રચ્યો છે. તેમાં રચ્યાનો શક ૧૨૯૨ છે. એટલે સંવત ૧૪૨૭ થાય. આ ગ્રંથમાં અનેક જાતના યંત્રો, ગ્રહોના વેધ લેવાની રીતિ તેમજ પંચાંગના અનુકુલ સ્પષ્ટ ગ્રહો અને ભાવો સાધવાની રીત પણ સરલ રીતે આપેલ છે. અને તેની પ્રતિભાબોધકના કર્તા શ્રીમાન્ દ્વિવેદી જેવા મુકત કંઠે પ્રશંસા કરે છે. આ ગ્રંથ પંચાંગને પણ ઉપયોગી થાય તેવો છે. કારણ કે તેમાં આપેલ ગણિત જયપુરની વેધશાળા સાથે અંશે અંશ મળતું થાય છે. તો સૂર્યપ્રજ્ઞપ્તિના ગણિત સાથે સ્પષ્ટ ગ્રહો આ યંત્રરાજ ઉપરથી કરવામાં આવ્યો હોય તો સારામાં સારું વેધ સિદ્ધ ગણિત સાથે જૈન પંચાંગ સંપૂર્ણ મળતું થાય એમ હું માનું છું. વિશેષમાં મને એમ પણ જણાયું છે કે સૂર્યપ્રજ્ઞપ્તિ અને જ્યોતિષ કરંડકમાં સૂર્ય ચંદ્ર સિવાય બીજા ગ્રહોનું સ્પષ્ટીકરણ કેવી રીતે કરવું તે પણ આપેલ નથી. તે પણ કોઇ જ્ઞાતા બતાવવા કૃપા કરશે તો આભારી થઇશ.

આ લખવાનો હેતુ એવો થાય છે કે પ્રથમથીજ ચર્ચા થાય અને આપણા મહાન આચાર્યો, મુનિરાજો તેમજ વિદ્વાન તથા સુજ્ઞ શ્રાવકો પોતપોતાનો અભિપ્રાય દર્શાવે તો મારો તે કાર્યમાં સરલ માર્ગ થાય છે.

આ બાબતમાં જૈન પત્રકારોએ પણ પોતાની નોંધમાં આ વિષયને સ્થાન આપવું, સાથે કોઇ પણ મુનિરાજો તથા સુજ્ઞ શ્રાવકોના આવેલા અભિપ્રાય પ્રસિદ્ધ કરશે તો મારા આરંભેલા કાર્યને ઉત્તેજન મળશે, સુજ્ઞેષુ કિં બહુના.

તા. ૨૭–૧૨–૩૩.
પોશ શુદ ૧૨, ૧૯૯૦.

લિ૰ મુનિ વિકાશવિજય.
કે૰ તપગચ્છ ઉપાશ્રય,
પાલનપુર (ગુજરાત).

श्री केशरीयाजी तीर्थ

और

मेवाड राज्य.

[गतांक १२ पृष्ठ ७१ से चालू]

अब हम उन फैसलों का भी दिग दर्शन करना चाहते हैं जिनका उल्लेख ऊपर कर चुके है सम्पूर्ण फैसलों की नकलें तो स्टेट अपनी कमजोरी छिपाने वास्ते देती हों नहीं तो भी जितना सारांश हम मालूम कर सकें है पाठकों की जान कारी वास्ते मये किंचित घटनाओं के विवेचन करते हैं।

जिस से मेवाडी न्याय का नमूना भी भली प्रकार समझ में आसके कि धर्म रक्षक कहाने वाले राज्य में आज दिन न्याय के नाम पर कितना घोर अन्याय किया जाता है।

यह सभी जानते हैं कि जैन मन्दिरों में पूजन प्रक्षाल की आयका मालिक भंडार होता है. श्री केसरिया जी तीर्थ पर पुजारी पन्डों को सीधा वेतन ना देकर दूसरे तरीकों से लाग बंदी हुई है संवत १९०६ में इस तीर्थ पर जब बोली बोलने का रिवाज जारी हुवा तो बोली बोलने का काम पुजारी पन्डों से ही लिया गया इस महनत के बदले में श्री संघ ने वेतन स्वरूप उस आय में से १ एक रुपया रोज पन्डों को देकर बाकी समस्त आमदनी भंडार जमा करने का निश्चय करके उसी समय पण्डों से भी लिखत लिखा लीना उसी के अनुसार महाराणा स्वरूप सिंह जी ने भी स्वंत १९०६ और स्वंत १९१६ में पट्टे परवाने कर दिये स्वंत १९१७ और १९३४ के बीच में जिन नगर सेठ जी का उक्त तीर्थ पर प्रबन्ध था उनके स्थानकवासी होने के कारण देख भाल ढीली पड़ती गई. पण्डों ने मिल मिला कर खूब लूट मचाई भंडार से बेशुमार धन निकाल लेजाना, ५२०००) रिशवतों में देना भेंट में आये ग्रामों की और मंदिर की आमदनीं खाजाना आदि सब उन्हीं दिनों की घटनाऐं हैं जिसे खुद स्टेट ने स्वंत १९३४ के इशतहार में स्वीकार की है उन दिनों नगर सेठ जी की सत्ता भी बिराजदारी में कुच्छ कम न थी चाहे जिसकी शादी तक स्टेटकी की सहायता से रुकवा सकते थे लोग उन के विरुद्ध बोल कर शत्रुता करना भी नहीं चाहते थे दूसरी तर्फ तीर्थ की आमदानी पंडों द्वारा गबन होना भी नहीं देख सकते थ तब किसी ने खांनगी महाराणा साहिब से व्यवस्था सुधारने की प्रार्थना की।

स्टेट ने स्वंत १९३४ में व्यवस्था बदलते हुवे एक इश्तहार द्वारा पण्डों की करतूतों का वर्णन करते हुवे भंडारी पण्डों को पद भ्रष्ट करके आठ जैन ओसवालों की धुलेव कुमेटी स्थापित की और उसकी सलाह से काम करने का बचन देकर सरकारी प्रबंध जारी किया जिस की पुष्टी स्वंत १९३५ के इश्तहार द्वारा भी कीं गई उस में धुलेव कुमेटी का जैन होना और स्वाधिकार से काम करना दोनों बातें स्वीकार हैं (देखो विज़प्ति नम्बर ४ जिस में सब सरकारी कागजों की नकलें हैं जिनका हवाला ऊपर आया है) इस प्रकार स्वंत १९३४ में नया प्रबंध होने से नया दरोगा भंडार कायम हुवा नई धुलेव कुमेटी जारी हुई भंडारी पण्डों को निकाल देने से जो कागजात उन के पास थे उन्हों ने गुम कर दिये पुरानी जानकारी ही किसी की थी. पुजारी पण्डे ज्यूं ज्यूं खुशामद करके बच गये थे क्योंकि उस गवन से यह कैसे बच सकते थे जहां दोनों का हर दम साथ रहना ही एक की बेखबरी में कोई भी काम होना असंभव है जिस के हाथ जो लगा सो खाया. पुजारी पण्डे बोली की आमदनी खा गये पर बड़े गवन के आगे छोटों पर ध्यान ही नहीं दिया गया।

नतीजा यह हुवा कि नये इन्तजाम में कुछ काल तक तो बोली बोलना बन्द रहा और बाद में वही पुरानी आदत के अनुसार पुजारी पण्डों ने साथ में रहने वालों से मल कर बोली बोल आमदनी गवन करने लगे. किसी उदयपुर वाले या जानकार यात्री को देखते तो बोली ही नहीं बोलते और अजान यात्रीयों से बोली बुलाकर रकम उदयपुर से खाजाते इस का भंडा फोड़ स्वंत १९७६ में हुवा जब एक यात्री ने धुलेव में रुप्या न देकर उदयपुर जाकर दिया उस समय से मुकदमे की शुरूआत हुई।

जैन संघ और सरकारी परवानों के विरुद्ध मंदिर की आमदनी नष्ट होती देख स्टेट में मुखबरी की गई क्योंकि इन्तजाम सरकारी हाथों में था और उस के हुकमों के विरुद्ध कारवाई रोकना उसका फर्ज था.फागन सुदी ५ स्वंत १९७७ को एक दरखास्त मुखबर हीरा लाल वल्द फतेह लाल कौम औदीच ब्राह्मण ने बनाम राजे श्री महकमे खास में इस मजमून की दी कि जल प्रक्षाल दूध प्रक्षाल को केसर चढ़ाने की सेवक औसरा वाला बोली बोल अमदनी लेने लगे हैं जिस से भंडार को नुकसान होता है इत्यादिक जिस पर राजे श्री महकमे खास से हुकम नम्बर ३८३८७ फागन सुदी ७ स्वंत १९७७ यह हुकम हुवा कि देव स्थान में भेज कर

लिखा जावे कि इस बाबत पहिले से क्या कारवाई है लिखो उसपर दरोगा भंडार धुलेव से जबाब तलब हुवा. दरोगा धुलेव भंडार ने नामेदार से रिपोर्ट लेकर मये अपनी राय के जवाब दिया जिस मे श्रावन वदी १ स्वंत १९१७ के पहिले प्रक्षाल की आमद में से १) रोजना ओसरा वाला सवकों को मिलना और बाद में सेवकों का लेना लिखा इस पर दोनों तर्फ से बहुत से सबूत के कागजात संवत् १९०६ और १९१६ के परवाने सं० १९४० की कलम बंदी और धुलेव कुमेटी और हाकिम देव स्थान की राय पेटा होकर अन्त में दोनों दीवानों की राय तलब की जो इस प्रकार है।

राय दोनों दिवान

यह मुसल्लमा अमर है कि सं. १९०६ और सं. १९१६ में जो परवाने जारी किये गये थे उनके वमुजब १) रुप्या रोज सेवकों को मिलने का हुक्म था मगर सेवकों की तर्फ से यह व्यान किया जाता है कि संवत् १९१६ के बाद संवत् १९१७ से वे कुल आमदनी लेते रहे है अगर ऐसा करने के वास्ते यानी कुल आमदनी लेने वास्ते कोई परवाना या नकल हुकम नहीं है अगर मेम्बरान कुमटी या म्होतमिम ऋषव देव जी ने अगर कभी ऐसा रुप्या लेने से नहीं रोका तो उसकी गफलत के सबब से कोई वजह नहीं है कि भंडार का नुकसान किया जावे इन हालात में हम दोनों की राय में तजवीज कुमटी इस तरमीम के साथ दुरुस्त मालुम होती है कि कुल आमदनी बहुजिव परवाने १९०६ वो १९१६ के जमा किया करें और १) रुप्या रोज इस में से सेवकों को दिया जाया करे सेवकान अगर चाहते हों कि अपना हक़ कुल आमदनी लेने का हक़ साबित करें तो उनको मौका मिलना चाहिये कि सीगे दीवानी से अपना हक़ साबित करावें जब तक कि वो डिगरी हासिल ना करें बमुजिव परवानेजात १९०६ वो १९१६ कारखाई होनी चाहिये सं० १९७०. कातक बदी ४

दस्तखत,

दीवान नत्थेमल

प्रभास चन्द्र.

इस के दो दिन बाद ही महाराजकुमार ने जो महाराणा की पावर इस बोर में रखते थे नीचे लिखे सारांश का फैसला दिया।

फैसला संवत् १९७९
नं० १०१६२.

तजवीज कुमेटी इस तरमीम से मंजूर की जावे कि कुल आमदनी बमुजिव परवाने संवत १९०६ और संवत १९१६ जमा की जाया करे इस आमदनी में से १) एक रुप्या रोज सेवकों को दिया जाया करे अगर इस में सेवकों को उजर हो तो उनको लाजिम है कि कुल आमदनी लेने का हक अपना दीवानी दावा में कर साबित करा लेवे. ता तजवीज अदालत मजाज परवाना मजकूर वाला माफिक तामील हो तामील काररवाई हस्ब शरिस्ते अमल में आवे संवत् १९७९ कातक बदी ६

जिस पर पण्डों ने स्वर्गीय महाराणा फतेह सिंह जी के सामने निगरानी की जिस पर कमीशन द्वारा जांच कराई गई. सब मेम्बरान एक बात पर सहमत न हुवे पर कसरत राय पण्डों के कुल आमद दिलाने की नहीं हुई. पश्चात लेट महाराणा साहिब तो स्वर्गवास हो गये और वर्तमान महाराणा गद्दी विराजे. संवत १९८७ में वही मुकदगा मय रिपोर्ट कमीशन आपके सामने पेश हुवा तमाम मामले पर बडी जांच पडताल करके वही सं. १९७०. का फैसला बहाल रखा गया जिस का सारांश इस प्रकार है।

फैसला वर्तमान महाराणा
संवत १९८७

जल दूध प्रक्षाल वगैरह की बोली के जरिये से जो आमदनी होती है वो समस्त ओसरा वाले सेवक साकिन धुलेव लेते हैं इस बोर की मिसल पेश होकर लिखी जावे कि पहले हुकम संवत १९७९ कातिक बदी ६ हुवा उस माफिक तामील करेगा यानी कुल आमदनी बमुजब परवाने संवत १९०६ वो संवत १९१६ जमा किया करेगा और इस आमद में से एक रुप्या १) रोज सेवकों को दिया करेगा अगर इस में सेवकों को उजर हो तो लाजिम है कि कुल आमद लेने का अपना हक दीवानी सीगे में दावा कर साबित करा लेवें ता तजवीज अदालत मजाज परवाने मजकूर वाला माफिक तामिल करा देगा भादो बदी ९ सवत १९८७.

इस हुकम के अनुसार पण्डों ने दीवानी कोर्ट में दावा भी कर दिया. कुछ पेशियां भी पडी फरीकन का पूरा सबूत भी नहीं हुवा. फैसले लिखने की तो नौबत ही कहां रही अकस्मात ही बिला जैनों की मौजूदगी दीवानी दावा पेटी में बन्द हो जाता है। और एक इन्तजामिया आर्डर द्वारा पण्डों को कुल आमद इस मद को दिला दी जाती है जिस के द्वारा पण्डों को बजाय ३६०) वार्षिक के १००००) दस हजार प्रति वर्ष मिलने की आशा हो जाती है इस का सार भी इस प्रकार है।

ईन्तजामिया आर्डर
संवत १९८९

संवत् १९७६ में हीरालाल मुखबिर ने दरखास्त की कि श्री ऋषभदेवजी में जल दूध व केशर प्रक्षाल पूजन का रुपया पुजारी लेते हैं सो इनकी तनखाह बंध जानी चाहिये जिस पर धुलेव कुमेटी से राय तलब की गई तो राय मेम्बरान कमीशन वो उजरांत सेवकान वो बाद मुलाहजे कांगजात मिसल लिखी जावे है कि मायने कांगजात वो मिसल वो उजरात सेवगान वो राय मेम्बरान कमीशन से जाहिर है कि हमेशा से यात्री लोग जल केसर दूध प्रक्षाल वो आखडी का रुपया जो देते हैं वो पुजारी ही लेते आये हैं सिर्फ दो मेम्बरान ने इस सीगे की आमदनी ज्यादह हो जाने के वास्ते बडा हिस्सा खिलाफ अमलदरामद साबका मंदिर के भंडार में जमा होने की दी है मगर साथ ही चंद मेम्बरान की यह राय है कि सेवक इस रकम को बढाने में यात्रियों को तंग न करें और तंग नहीं करने बाबत पहिले संवत् १९०३ में सेवकों ने वायदा कर लिया है लिहाजा हालात पर गौर करने से बनजर इनसाफ मालूम होता है कि आयन्दा के वास्ते नीचे लिखे मुताबिक तरीका रखा जावे।

(१) प्रक्षाल जल दूध केसर वो आखडी की बोली को जिस कदर रकम आवे वो आज तक जैसे सेवक लेते रहे हैं वैसे ही लेते रहें इस में से कोई हिस्सा भंडार जमा न हो.

(२) इस अन्देशे को दूर करने वास्ते कि सेवक इस रकम को बढाने की नीयत से यात्रियों को तंग नहीं छेरं ऐसा तरीका आयन्दा के वास्ते रखा जावे, कि बोली सरकारी आदमी व राजा सेवकान बोला करें ताकि यात्रियों को तंग करने का मौका न मिले संवत १९८९ सावन सुदी १२.

यह है मेवाडी न्याय? जी चाहा जिधर घुमा दिया. कानून है न कायदा दस वर्ष की छान बीन के बाद जो पहिले अंतिम फैसला हो चुका था उस की तामील के दौरान में ही उसके खिलाफ नया इकतरफा हुकम भी आ टपका।

फरीकैन का परिश्रम और रुपया महाराणाओं के फैसले सब धूल में मिला दिये. समझ में नहीं आता कि ऐसा इकतरफा हुकम निकालने की जरूरत ही क्यों पेशआई. फरीकैन को सबूत देने वो फैसला और अपील के हक से क्यों महरूम किया गया. क्या इसी का नाम न्याय है।

जरा हुकम की तहरीर पर भी नजर डालिये कितनी सुन्दर है. करना कुछ चाहते हैं लिखा कुछ जाता है उस में लिखा है। आज तक जैसे सेवक लेते रहे वैसे ही लेते रहें। आज तक तो पिछले संवत १९८७ के फैसले अनुसार १) एक रुपया रोज लेते थे आगे लिखा है। उस में से कोई हिस्सा भंडार जमा ना हो। यानी १) तो उन्हें मिलता ही रहे उस में से कोई हिस्सा भंडार जमा ना हो पर अमलदरामद इसके खिलाफ है. यदि कुल ही आय दिलाना था तो आज तक शब्द लिखने की जरूरत ना थी सं. १९१७ से या १९३४ से सं. १९७६ तक या १९८७ लिखना था इसी से लोग कहते हैं कि ऐसे विशाल राज्य में किसी कानूनी मशीर की जरूरत थी।

इसी हुकम में एक शब्द हमेशा से लेते रहे और आया है पर उसकी आदि तो बताना था. हमेशा से मतलब अनादिका है या मन्दिर बना जब का है या उदयपुर बसा तब का है. आखिर कोई समय तो होना चाहिये यदि संवत १७ से ८७ तक का ह तो वो साफ लिखना था प्रथम तो संवत १९१७ से १९३४ तक यही आमदनी क्या सभी मंदिर की आमदनी पण्डों का गबन कर जाना स्टेट भी स्वीकार करती ह वो सभी आमदनी क्यों नहीं देदी यदि अरसे तक बुरा काम करने से नेक नहीं हो जाता तो यही क्यों हो गया इसे भी तो रोकना था जब संवत १९३४ में इन्तजाम स्टेट के हाथ में देदिया तो बाद की जिम्मेदारी जैन समाज की क्यों कर हो सकती है वो तो स्टेट के भरोसे बेफिकर था स्टेट का फर्ज था कि वह हरेक आमद की रक्षा करता. मान लो पण्डों ने ६०-७० वर्ष भी इसी आमद को खाया हालांकि लगातार बिलानागा बोली का बुलाना किसी तहरीर से साबित नहीं है तो ऐसा करने को यानी इस आमद खाने वास्ते पन्डों के पास जैनियों की या स्टेट की कोई आज्ञा नहीं थी. बिला आज्ञा मालिक का पैसा खा जाना एक प्रकार का गबन है चाहे वो एक दिन करे या बहुत वर्ष तक करे बराबर सजा के पात्र हैं क्या एक कातिल ६०-७० वर्ष बराबर कतल करता रहा हो पकड कर कोर्ट के सामने आवे तो सजा नहीं पावेगा. क्या सरकारी अहलकार और बडे २ हाकिम ६०-७० वर्षों से रिशवत खाते बूढे हो गये हों जब कभी अदालत के सामने आवेंगे बखशे जावेंगे यदि नहीं तो घर में न्याय का यह ढंग और जैन तीर्थ पर यह रंग यह कहां का न्याय इसी वास्ते कहना पडता है जरा मेवाडी राज्य के न्याय का नमूना भी देखलो।

भवदीय,
गोपीचन्द एडवोकेट
प्रधान,
नेमदास बी. ए. मंत्री
श्री आत्मानन्द जैन महा सभा (पंजाब) अम्बाला शहर।

અવલોકન.

શ્રી નવકાર મહામન્ત્ર કલ્પ–સં. શેઠ ચન્દનમલજી નાગોરી, છોટી સાદડી પ્ર. ત્યાંનું શ્રી સદ્‌ગુણ પ્રસારક મીત્રમંડળ મૂ. એક રૂા. આ કલ્પ કોણે રચ્યો, કેટલો પ્રાચીન છે, તેની પ્રત કયાંથી મેળવી, તે પ્રત્ત પ્રમાણેજ આ પુસ્તક છે કે કેમ એ સંબંધી પ્રસ્તાવનામાં કંઇ પણ ખુલાસો કર્યો નથી. તેમાં આવેલા મંત્રોની સંખ્યા સૂચી પ્રમાણે ૭૭ થાય છે; અને તેના વિવેચન સહિત એક નાના કદની ૧૬ પેજી કદની પૃ. ૧૫૧ ની નાની ચોપડી છે. મળ કલ્પના મંત્રો આપ્યા લાગે છે, પણ તે પર જે કંઈ સંસ્કૃત ભાષામાં વિવેચન કે ટીકારૂપે લખાણ મૂળમાં હોય તે આપવું જોઇતું હતું. ભાષાની શુદ્ધિ યથાસ્થિત જળવાવી જોઇતી હતી.

ચિત્રો ૧૪ આપ્યાં છે, કાગળ જાડા વપરાયા છે અને આમાં મુખ્યતઃ મંત્રો આપવામાં આવ્યા છે તેથી મંત્રમાં શ્રદ્ધા રાખનારને માટે આની એક રૂ. રાખેલી કિંમત ભારે નહિ પડે. આ પુસ્તકની ખરી સમાલોચના તો મંત્રશાસ્ત્રીજ કરી શકે. અમે તે શાસ્ત્રમાં ઉંડા ઉતાર્યા નથી તેથી તેની શુદ્ધિ કે તરતમતા સંબંધી કંઇપણ કહેવું અશકય છે. વિવેચનની ભાષા હિંદી છે.

વિજયનું રહસ્ય–લે. શાહ માવજી દામજી પૃ. ૧૬ કિં. બે આના. લક્ષ્મી પ્રાપ્ત કરવી એને 'વિજય' નામ આપેલ છે. સાત ગુણવાળો હોય ત્યાં લક્ષ્મી જાય છે એ બાબતનો શ્લોક છે તે પૈકી દરેક ગુણ લઇ ટુંકું વિવેચન આમાં કરવામાં આવ્યું છે. તે આ પ્રમાણે:–ઉત્સાહસંપન્ન, અદીર્ઘસૂત્ર, ક્રિયા-વિધિજ્ઞ, વ્યસનોમાં અસકત, શૂર, કૃતજ્ઞ અને દ્રઢ સૌહૃદ.

ધાનેરામાં અપૂર્વ ઉત્સવ અને સ્વ. સુરજમલ નિવાપાંજલી. પૃ. ૧૦૦ કિંમત પાંચ આના.

પાલનપુર પાસે આવેલા ધાનેરા નામના ગામમાં શ્રી ધાનેરા સંવાદ વ્યાયામ અને ભાષણ સમિતિ નીમી તેના આશ્રયે ૨૫-૫-૩૩ના રોજ એક ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો; તેમાં સંવાદો, હાસ્યરસના પ્રયોગો અને ભાષણો થયાં હતાં તેનું વર્ણન તે સંબંધીના લેખો સાથે આપવામાં આવ્યું છે. આમાં સ્ત્રીઓએ પણ ઉત્સાહથી ભાગ લીધો હતો. તે વાત ધાણેરા મહાજનને ખુંચવાથી તેના પહેલા દિવસ પછી ઝારશાહી શરત ભર્યો ઠરાવ કર્યો કે 'કોઇ પણ સભા અથવા ભાષણમાં સ્ત્રીઓ જાય નહિ; જાય તો એકવીશ રૂ. દંડ; દંડ ન આપે તો આખું કુટુંબ ન્યાત બહાર? ન્યાતનું બંધારણ ન્યાતના અનેક પ્રશ્નોને ઉકેલવા માટે જે કોર્ટ હતું, તે તેના પટેલીઓ, મુખીઓ, આગેવાનો વંશપરંપરાના ધોરણે રહેવાથી બુદ્ધિ વિહોણા જૂલમ અને ત્રાસવાળા અજ્ઞાનતા અભિમાનથી પ્રેરિત ઠરાવો અને વર્તનો કરવાથી ન્યાતના બંધારણની કોર્ટતા નહિવત્ જેવી થઈ છે એ દેશને માટે દુર્ભાગ્યનો વિષય છે. જો ન્યાતના મુખીઓની મનોદશા ન બદલાય યા તેની બદલીમાં પ્રમાણિક અને શુદ્ધ નિષ્ઠાવાળા મુખીઓ લાવી ન શકાય તો આવી વિષમ સ્થિતિની સામે સામનો–બળવો કરવાનું જ આપણા શિરે રહે છે. તેવો સામનો કરી પોતાના ઇષ્ટ માર્ગમાં ચુસ્ત રહેવા માટે યુવાનોને ધન્યવાદ છે.

આમાં પાલણપુરના સુરજમલ લલ્લુભાઈ ઝવેરી કે જેઓ પંચાવન વર્ષની ઉમરે સં. ૧૯૮૯ માં સ્વર્ગસ્થ થયા તેમને નિવાપાંજલી રૂપે તેમના સંબંધી અનેક સુંદર લેખો આપવામાં આવ્યા છે તે વાંચવા જેવા છે. નવકાર મંત્રપર અચળ અને અવિરત શ્રદ્ધા રાખી પ્રમાણિકતા અને સત્યથી પોતાનું વેપારી જીવન ચલાવી એ ત્રણ લાખની સખાવત કરનાર સ્વ. સુરજમલના આત્માએ અચૂક ઉંચી ગતિ પ્રાપ્ત કરી હશે એમાં શક નથી.

યુવકો સંગઠન કરી પોતપોતાના ગામમાં કે શહેરમાં શું સુંદર કાર્ય કરી શકે તે જાણવા માટે આ ચોપાનીઉં વાંચી મનન કરવાની ભલામણ યુવકોને અમે કરીએ છીએ; અને એક ઉત્તમ વેપારી સત્યનિષ્ઠાથી કેટલું ભવ્ય જીવન ગાળી શકે છે તે સ્વ૦ સુરજમલના જીવન સંબંધી લેખો વાંચવાની વિનંતી દરેક વેપારીને અમે કરીએ છીએ.

તંત્રી.

યોગિરાજ શાંતિવિજયજીની ઘોર પ્રતિજ્ઞા.

અનશન–યોગીરાજ શ્રી શાંતિવિજયજી મહારાજે ફાગણ સુદી ૧૩, સુધીમાં શ્રીકેશરીયાજી પ્રકરણનું સંતોષકારક સમાધાન ન થાય તો અણશણ કરવાની પ્રતિજ્ઞા કરી છે.

પ્રકીર્ણ.

જ્ઞાતિત્રાસ નિવારણ નિબંધ–શ્રીમંત સરકાર મહારાજ સયાજીરાવ ગાયકવાડ વડોદરાએ જ્ઞાતિત્રાસ નિવારણ નિબંધ મંજુર કર્યો છે.

શ્રી જૈન દવાખાનું–(પાયધુની મુંબઇ)માં નવેમ્બર માસમાં કુલ્લે ૧૫૭૪ દરદીઓએ લાભ લીધો હતો. આ માસ દરમ્યાન કુલ્લે ૨૨ ઇન્જેકશન મારવામાં આવ્યા હતા.

શ્રી કેશરીયાજી તીર્થ સુધાર કમીટી–અજમેરમાં શ્રી કેશરીયાજી તીર્થ સુધાર કમીટી (કે૦ લાખન કોટડી) સ્થાપન કરવામાં આવી છે. તે કમીટીએ પંડાઓને એક પણ પાઇ ન આપવા કોઇ પણ પ્રકારની બોલી ન બોલવા માટે પત્રિકાઓદ્વારા જૈન સંઘને વિનંતિ કરી છે.

નીચેના પુસ્તકો વેચાતાં મળશે.

શ્રી ન્યાયાવતાર	... ...	રૂા. ૧—૮—૦
જૈન ડીરેકટરી ભાગ ૧ લો	...	રૂા. ૦—૮—૦
,, ,, ભાગ ૧–૨ જો	...	રૂા. ૧—૦—૦
,, શ્વેતાંબર મંદિરાવળી	...	રૂા. ૦–૧૨—૦
,, ગ્રંથાવળી ...	...	રૂા. ૧—૮—૦
,, ગૂર્જર કવિઓ (પ્ર. ભાગ)	...	રૂા. ૫—૦—૦
,, ,, ,, ભાગ બીજો	...	રૂા. ૩—૦—૦
,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર)	...	રૂા. ૬—૦—૦

લખો:–**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.**
૨૦, પાયધુની, મુંબઇ ૩.

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, 14, Pydhoni, Bombay 3, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

卐

The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ બી. એડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો.

વર્ષ જીનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧૫ મી જાન્યુઆરી ૧૯૩૪. | અંક ૧૭.

વિષય સૂચિ.

૧. શ્રી શાંતિ વિજય મહારાજની પ્રતિજ્ઞા ... તંત્રી.
૨. ઝાલાવાડમાં કેળવણી ફંડની દશા ... તંત્રી.
૩. અવલોકન ... ... તંત્રી.
૪. ઘટતી જતી જૈનોની વસ્તી ...શ્રી નરોત્તમ બી. શાહ.
૫. વિવિધ વિષય (સંગ્રાહક) ... ... તંત્રી.
૬. ગૃહસ્થાશ્રમમાં સ્ત્રીનું મહત્વ ... 'સુદર્શન'.
૭. क्या यात्रा करने न जावें ? ...श्री जवाहरलाल लोढा.

શ્રી શાંતિ વિજય મહારાજની પ્રતિજ્ઞા

શ્રી કેશરીઆજી તીર્થનું સંતોષકારક પરિણામ ફાગણ શુદી ૧૩ સુધીમાં નહિ આવે તો તે મહારાજ અનશન આદરશે એવી તેમની પ્રતિજ્ઞા સર્વત્ર છાપામાં પ્રસિદ્ધ થઇ ચુકી છે. અનશન કરવું એ રમત વાત નથી; દેહત્યાગની ભૂમિકા દેહરામ છૂટે ત્યારેજ પ્રાપ્ત કરી શકાય છે. અને અનશનની પ્રતિજ્ઞા પોતાના તીર્થની રક્ષા અર્થે કરવી એ માટે તે મુનિમહારાજશ્રીને અનેકશઃ ધન્યવાદ છે. શ્રી શત્રુંજય તીર્થના ઉપસ્થિત થયેલ મામલામાં મુનિ કે શ્રાવકે અનશન કર્યું હત તોં તેની અસર જૂદીજ થાત અને જ ચૂકાદો આપણા માથે લદાયો છે તે તે સ્થિતિમાં ન આવત અને સંતોષકારક પરિણામ પ્રાપ્ત થાત; પણ તેમ કરવાની હિંમત કોઈની ચાલી નહિ અને કોઇ સ્થળે એવી વાત સંભળાઇ હતી કે આ પંચમ આરામાં આ વખતે અનશનનો શાસ્ત્રમાં નિષેધ છે !! મહાત્માગાંધીજી એ અનશનની પ્રતિજ્ઞા લઈ બતાવી આપ્યું કે બ્રિટિશ પ્રધાનનો કરેલો કોમી ચુકાદો પણ ફરી શકયો. હવે જોવાનું રહે છે કે શાંતિવિજયજીના અનશનનું શું પરિણામ આવે છે ?

કોઈ કહેશે કે મહારાજે ઉતાવળ કરી છે, ધૃષ્ટતા કરી છે કે વિષમતા કરી છે, ગમે તેમ હો, એટલું તો ખરૂં છે કે પવિત્ર તીર્થ પ્રત્યેની પોતાની પરમ લાગણીનું પ્રદર્શન પરમ પ્રતિજ્ઞાથી તેમણે કર્યું છે. તેમાં બીજા મુનિઓ કે શ્રાવકોએ સહકાર કે સહાનુભૂતિ બતાવવી કે નહિ અને બતાવવી તો કઇ રીતે એની જવાબદારી તેમને શિરે છે. આ તેમની કસોટી પણ છે. એક બાજુ મહારાજશ્રીનું અનશન થાય અને બીજી બાજુ મુનિસંમેલન અમદાવાદમાં ભરાય એવી સ્થિતિ પણ આવવાનો સંભવ ઉભો છે. આ માટે શ્રીયુત ગુલાબચંદજી ઢઢાએ શ્રી આણંદજી કલ્યાણજી પર એક જરૂરી અપીલ રૂપે પત્ર ૨૮-૧૨ નો લખી વિનંતિ કરી છે કે આવી સ્થિતિમાં મુનિસંમેલન બંધ યા મોકુફ રાખવું જોઇએ, અને શ્રી કેશરીઆજી તીર્થ સંબંધી સત્વર પગલાં ભરવાં જોઇએ આનો ઉત્તર તે પેઢીએ શો આપ્યો તેની ખબર નથી પરંતુ કોન્ફરન્સની વર્કીંગ કમિટી તરફથી આ ૫ મી જાન્યુઆરીએ તે પેઢી પર તાર થયો કે 'કૃપા કરી અમને એકદમ તારથી જણાવો કે કેશરીઆજીના સવાલ તથા યોગિરાજ શાંતિવિજયના જાહેર કરેલા અનસન સંબંધી ગુલાબચંદજી ઢઢાના ૨૮-૧૨-૩૩ ના પત્રનો શો જવાબ તમે આપ્યો. આપણી સંયુક્ત મીટીંગની જરૂર છે' તેના જવાબમાં છઠીનો તુરતજ તાર આવ્યો કે 'ઢઢાજીને ૧૫મીથી તે ૨૦ મી તારીખ વચ્ચે અહીં આવવા વિનવેલ છે. પત્ર વાંચ્યો'-તે પત્રમાં ઉક્ત તારની હકીકત જણાવેલ છે, 'સબબ અમારા પ્રેસીડન્ટ શેઠ કસ્તુરભાઇ લાલભાઇ બેંગલોર ગયા છે તે તા. ૧૫ મી લગભગ પાછા આવવાના છે. શેઠ ઢઢાજી આવે તે વખત તમારામાંથી પણ જે ભાઇઓને આવવાની ઇચ્છા હોય તે અતરે આવવાનું રાખશો કે ખુલાસો થાય. શેઠ ગુલાબચંદજી ઢઢા અતરે આવવાની તારીખ નકી થઇ આવેથી તમોને જણાવવામાં આવશે.' આ તાર ને પત્રમાં 'અનશન' સંબંધી કે 'મુનિસંમેલન' સંબંધી કંઈપણ જણાવવામાં આવ્યું નથી.

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૩ ઉપર).

उद्धाविव सर्वसिन्धव; समुदीर्णास्तवि नाथ! दृष्टय:।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧૫-૧-૩૪ સોમવાર.

ઝાલાવાડમાં કેળવણી ફંડની દશા.

વઢવાણવાળા રા. રતિલાલ લક્ષ્મીચંદ આદિની સહીથી બહાર પડેલ નિવેદન પરથી અને અમને ખબર મળ્યા પ્રમાણે ઝાલાવાડ દશા શ્રીમાળી જૈન મૂર્ત્તિ પૂજકોનો ઘોળ સં. ૧૯૬૪ માં બંધાયો અને તે ઘોળ હજુ સુધી વિદ્યમાન છે. ઘોળથી ફાયદા છે તે કરતાં ગેરફાયદા વિશેષ છે છતાંએ ઘોળના ફાયદા પૂરી રીતે પ્રાપ્ત કરવામાં તેના સુકાનીઓ દક્ષ, પ્રમાણિક, સત્યનિષ્ઠ અને ન્યાયી હોવા સાથે કાર્ય-તત્પર હોય તોજ ઘોળ કંઈક સુખ આપનાર છે, નહિ તો ઘોળમાં ત્રાસ, કંટાળો અને જુલમ વધી પડે છે, ઘોળનું બંધારણ પાકું અને મજબૂત હોય ને તે બરાબર ચલાવી શકાય તો તે દ્વારા કેળવણી ફંડ એકઠું કરી ઘોળના વિદ્યાર્થીઓને વિદ્યા પ્રાપ્ત કરવા માટે સ્કોલરશિપ આપી શકાય છે અને તેથી અનેક શુભાશિષ લઈ શકાય છે.

ઉપરના ઝાલાવાડ ઘોળમાં બાર તાલુકાનો સમાવેશ છે:—ધાંગધ્રા, વઢવાણ, લીંબડી, લખતર, સુદામડા, મૂળી, ધોલેરા, ચૂડા, બોટાદ, રાણપુર, સાયલા ને ચોટીલા. આ બારના ઘોળના બંધારણમાં ઘડેલા ધારા પૈકી એ પણ છે કે:—ધારા બાબ ૪ ની પેટા કલમ ૨૭ માં લખેલ છે કે દરેક તાલુકામાં સગપણ કરતી વખતે વરવાળા પાસેથી જ્ઞાતીમાં લેવા ઠરાવે છે તે શીવાય વરવાળા પાસેથી રૂપીઓ એક કેળવણી ફંડમાં લેવો અને તે રૂપીઓ દરેક મુખ્ય તાલુકામાં રાખવો, તથા ધારા બાબ ૫ ની પેટા કલમ ૪૯ માં પણ લખેલ છે કે લગ્ન વખતે રૂપીઓ એક વરવાળા પાસેથી કેળવણી ફંડ માટે નાતે લેવો અને તે રૂપીઓ દરેક મુખ્ય તાલુકામાં મોકલી આપવો. ધારો બરાબર રીતે ચલાવવા માટે કમીટી નીમવાની જરૂર હોવાથી બાર પૈકી દરેક તાલુકાના અમુક અમુક સંખ્યાવાળી કમીટી નીમેલ છે. આ સંખ્યા પ્રમાણે તાલુકાની જ્ઞાતિ તરફથી રીવાજ પ્રમાણે નીમાયેલ આવતા મેમ્બરો કમિટીમાં હાજર થાય ને તેમનાથી કામ લેવાય. આમ કેળવણી ફંડ સંબંધી કામ-કાજની જવાબદારી તે કમિટી ઉપર છે આ રીતે બાંધેલ ધારા પ્રમાણે કેળવણી ફંડ ઉઘરાવવાનું ચાલતું નથી અને તેનો ઉપયોગ થતો નથી, એમ ખબર મળે છે. આ વાત સત્ય હોય તો કેટલું બધું અંધેર અને કેટલી બધી ગેર-વ્યવસ્થા કે અવ્યવસ્થાનું તંત્ર જ્ઞાતિના નાયકોને હાથે ચાલે છે તે સમજી શકાય તેમ છે.

વિશેષમાં એક મહત્વની વાત સાંભળવામાં આવી છે તે એ છે કે સં. ૧૯૮૪ બીજા શ્રા. સુદ ૧૧ (૨૭-૮-૨૮) ના રોજ દુધરેજમાં આ બાર તાલુકાની કમિટી મળી હતી તે વખતે સાયલાના શેઠ કાળા ગલા તરફથી કેળવણી ફંડમાં રૂા. ૫૦૦૭ પાંચ હજાર અપાયા હતા તે સંબંધી તેણે એવો ઠરાવ પસાર કર્યો હતો કે તે રકમના વ્યાજમાં આ જ્ઞાતીના અભ્યાસ કરતા ગરીબ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવાના મેંબરો ઠરાવી તેના નીચે પ્રમાણે ધોરણ મુકરર કરવામાં આવે છે.

અ આ રકમના વ્યાજની વ્યવસ્થા સ્કોલરશિપમાં વાપરવા તથા રકમ તેમના નામ ઉપર રાખવા માટે નીચેના મેંબરો નીમવામાં આવે છે. ૧ શા. ડુંગરશી ત્રીકમ ધ્રાંગધ્રાંવાળા, ૨ કોઠારી કસ્તુરચંદ કશળચંદ વઢવાણવાળા ૩ દુર્લભજી જેચંદ મુળીવાળા, ૪ શા. ભુદરભાઇ પ્રાગજી-ભાઇ સાયલાવાળા.

બ આ કમિટીએ નીચેના ધોરણે કામ કરવું:—આપણી જ્ઞાતીના વિદ્યાર્થીઓ જેઓ સ્કોલરશિપ માટે અરજીઓ કરે-તે અરજીઓ પ્રથમ તે જે તાલુકાનો રહોશ હોય તે તાલુકામાં તેની સ્થિતિ વગેરે હકીકત જાણવા માટે લખી જણાવવી, તે તાલુકા તરફથી એક અઠવાડીઆમાં કાંઇ હકીકત લખાઇ ન આવે તો પછી આ કમિટીએ તે વિષે તપાસ કરી યોગ્ય કરવું. એક માસની મુદતની અંદર અરજીઓ દાખલ કરવા જાહેર પેપરમાં કમિટીએ છપાવી બહાર પાડવું.

આ માટે વ્યવસ્થાપક કમિટી ૧ શા જાદવરાય શિવલાલ વઢવાણ શહેર. ૨ શા હરગોવિંદ હીમચંદ બોટાદ.

આ વાતને પાંચ વર્ષ વીતી ગયાં, છતાં આ પાંચ હજાર રૂ. ના વ્યાજમાંથી એક પાઇ પણ હજુ સુધી ખર્ચાઇ નથી, અરજીઓ મંગાઇ નથી, જાહેર પત્રમાં એક પણ તે સંબંધી નોટીસ પ્રગટ થઇ નથી અને તે રૂપીઆ બેંકમાં ત્રણ નામ પર વ્યાજ પડી રહ્યા છે ને મૂળ પરનું વ્યાજ તા. ૨૫-૬-૩૨ સુધીમાં રૂા. ૨૨૮૫-૪-૦ થઇ ગયું છે ને ત્યારથી બીજું વધ્યું હોય તે જુદું.

ચાર જણાને વાપરવાની ને પોતાના નામ પર મુળ રકમ રાખવાની સત્તા આપેલી છે, તે પૈકી મુળીવાળા દુર્લભજી જેચંદ સ્વર્ગસ્થ થયા છે. અન્ય ત્રણ ગૃહસ્થોને લખવામાં આવે છે ત્યારે રા. ભુધર પ્રાગજી કે જે રૂપીઆ આપનાર કાળા ગલાના પૌત્ર અને પ્રતિનિધિ છે તે તો મુક્તકંઠે જણાવે છે કે ઠરાવ પ્રમાણે તેનું વ્યાજ અવશ્ય કેળવણી લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓને સ્કોલરશિપ માટે વપરાવું જોઇએ, પણ સાથે એમ લખે છે કે તે માટે ઘોળના મેંબરોની મીટીંગ બોલાવવા માટે રેકિવઝીશન મોકલો તો તે વાત સમજાતી નથી. રૂપીઆ આપી તે રૂપીઆ બેંકમાં રાખવા માટે પોતાનું નામ આપી એક કોરે બેસી રહેવું

અને તેની યોગ્ય વ્યવસ્થા થાય તે માટે કંઈ પણ પુરૂષાર્થ કે પ્રયત્ન ન કરવો એ મુનાસીબ નથી. તે પોતે ચાર પૈકી એક હોઇ વાતને બરાબર રસ્તે પાડવા ધારે તો ઘણું કરી શકે તેમછે. પણ પોતે પૂરા વ્યવસાયી એટલે એ જંજાળમાં કોણ પડે એવી મનોધારણાવાળા તે હોય એમ અમને લાગે છે; અને તેમ હોય તો તેનો ઉપરનો જવાબ સમજી શકાય તેવો છે, પણ ધાંગધ્રાના અગ્રણી ગણાતા શેઠ ડુંગરશી ત્રીકમ એવું જણાવે છે કે (૧) આ રકમના વ્યાજની રકમ ખરચવાની અમોને કોઇ પણ જાતની સત્તા નથી. આ સતા શ્રીઝાલાવાડ બાર તાલુકા શ્રી જૈન શ્વે. મૂ. દશા શ્રીમાળી જ્ઞાતિની છે. (૨) તો હેડ ઓફીસ ઉપર અરજી મોકલી પોતાના ખરચે બાર તાલુકાની મીટીંગ બોલાવો, અને તેમાં વ્યાજનો કેવી રીતે ઉપયોગ કરવો તેનો ઠરાવ પસાર કરાવો. ત્રીજાભાઇ શેઠ કસ્તુરચંદ પણ ઉપરનું (૧) માં જણાવ્યું છે તે પ્રમાણે અક્ષરશઃ જવાબ આપે છે. આ વાત અમો સમજી શકતા નથી.

કેળવણી ફંડમાં આવેલી પાંચ હજારની રકમ સંબંધી સં. ૧૯૮૪ માં જે ઠરાવ કરેલ છે તે અમે ઉપર ટાંકયો છે તેમાં તેનું વ્યાજ કેમ વાપરવું તે દીવા જેવું સ્પષ્ટ અને નિઃસંદેહવાળું જણાવ્યું છે. ચારની કમિટી તે રકમના વ્યાજને વાપરવા માટે પણ નીમાયેલી છે અને તેના વિદ્યમાન સભ્યો યા તે પૈકી એક પણ તે વ્યાજ ઠરાવ પ્રમાણે ન વાપરે યા વાપરવાના અખાડા કરે, તો તે ટ્રસ્ટીઓ તરીકે પોતાની ફરજ અદા કરતા નથી અને તેનો અર્થ પ્રાય; ગફલતી પણ થાય એમ અમારૂં નમ્ર માનવું છે.

અમોને એ જાણી આનંદ થાય છે કે કેટલાંક સ્થળે આખાં ફંડોનાં ફંડો હડફાઇ, વેડફાઇ, લુંટાઇ જાય છે તેવું આ ફંડમાં બન્યું નથી. તે ફંડ સહીસલામત છે અને સારા સ્થળે રાખવામાં આવ્યુ છે. પણ સાથે સાથે અમારે કહેવું જોઇએ કે ફંડનો-ફંડના વ્યાજનો બીલકુલ ઉપયોગ જ ન કરવો તે તો અક્ષમ્ય છે. તેનો ઉપયોગ ન થાય તો પછા ફંડ મળ્યું તોય શું ને ન મળ્યું તોયે શું? ફંડવાળા કહેવાવાથી પ્રતિષ્ઠા નથી. પ્રતિષ્ઠા તો ફંડના ટ્રસ્ટી તરીકે તેનો સરસમાં સરસ ઉપયોગ કરી બતાવવામાં છે.

અમે ઇચ્છીશું કે આ ફંડના ટ્રસ્ટીઓ-કમિટીવાળા યોગ્ય ખુલાસો કરશે અને ઉપરની હકીકતમાં કંઇ ભૂલ હોય તો બતાવશે, અને જેમ બને તેમ જલદી તે ફંડ સંબંધીના ઠરાવ પ્રમાણે તેના વ્યાજનો ઉપયોગ ગરીબ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવામાં કરી નાંખશે અને કર્યા પછી દર વર્ષે અખંડપણે તેનું વ્યાજ વાપરતા થઇ જશે. એમાં જ્ઞાતિનું કલ્યાણ છે, એમાં જ્ઞાતિના નાયક બનવાના ગૌરવનું રક્ષણ છે. શાસનદેવ સૌને સન્મતિ બક્ષો એજ હૃદયેચ્છા સહિત વિરમીએ છીએ.

તંત્રી.

અવલોકન.

રાજનગરથી સમેતશિખર યાને સ્પેશીયલમાં આઠ દિવસ-લે. રા. મોહનલાલ દીપચંદ ચોકશી સોળ પેજી કદ પૃ. ૧૨૮ કિં. ચાર આના.) લેખકે પ્રસ્તાવમાં સાચું કહ્યું છે કે જેઓ તીર્થધામ કિંવા કલ્યાણભૂમિમાં શાંતિથી ચાર પાંચ દિવસો વ્યતીત કરવા માંગતા હોય યા એકાગ્ર ધ્યાનમાં ચિંતનમાં કે મનનદ્વારા અધ્યાત્મમાં ઉંડું અવગાહન કરવા ઇચ્છતા હોય અથવા તો એકાંત સાધી આત્મનિરીક્ષણમાં લીન થવા અભિલાષતા હોય, તેઓ માટે આવી સ્પેશ્યલ ટ્રેન બિલકુલ ફાયદાકારક નથી. પણ વૃદ્ધો તેમજ વ્યવસાયી જીવનવાળા, જેમને મર્યાદિત સમયમાં જુદી જુદી કલ્યાણકભૂમિઓ જુહારી લેવાની અભિલાષા હોય છે, છતાં આવા દૂર પ્રદેશમાં ભિન્ન ભિન્ન રેલ્વે લાઇનોમાં મુસાફરી કરવાનો અનુભવ નથી હોતો અને સામાન લઇ જવા આવવા આદિની ખટપટથી કંટાળો આવે તેમ હોય છે તથા કેટલાક એવા પણ નર નારીઓ છે કે જેમને નજીકનું કોઈ સ્નેહી સાથમાં હોતું નથી અને જેઓ ખરચનો મધ્યમ પ્રકારનો બોજો ઉઠાવી શકે તેવા હોય છે; તેમને સારૂ આવી ટ્રેનો આશીર્વાદરૂપ છે.

અમદાવાદથી તીર્થોનાં દર્શન માટે ખાસ નીકળેલી સ્પેશ્યલ ટ્રેનમાં લેખકે પ્રયાસ કરી અંતરીક્ષજી, ભદ્રાવતી, સમેતશિખર પટણા, કાશી; અયોધ્યા; કંપીલા ને કુંભારીયા આદિ તીર્થનાં દર્શન કરતાં જે જાણવા યોગ્ય ને નોંધવા યોગ્ય લાગ્યું તે ટુંકમાં નોંધ્યું છે. આ નોંધપોથી યાત્રાર્થીઓએ ખાસ વાંચી જવા યોગ્ય છે.

જન સમૂહના હિતાર્થે આરોગ્ય પત્રિકા—પ્ર૦ જૈન સૅનિટરી એસોસિયેશન; પારસી ગલી; મીરઝાં સ્ટ્રીટ મુંબઇ.) આ સંસ્થાના મંત્રી રા. નરોતમ બી. શાહ ઉત્સાહી છે અને જનસમૂહમાં આરોગ્ય રાખવા માટે જે જ્ઞાનની જરૂર છે તે જ્ઞાન મેળાવડાદ્વારા, ચિત્રદ્વારા અને પત્રિકા પ્રકાશનદ્વારા આપવા માટેનો પ્રયાસ ઘણા વખતથી કરી રહ્યા છે. આ પત્રિકા ચોથી છે. દરેક ભાઇબહેન આ પત્રિકા વાંચી તેમાંની ગ્રાહ્ય સૂચનાઓનો અમલ કરે એમ ઇચ્છીશું.

શ્રી દેશ વિરતિ (ચારિત્ર) ધર્મ યાનો શ્રાવક કે બારહ વ્રત-સંયોજક-મુનિ સુમિત્રવિજય. નાનું કદ સોળ પેજી પૃ. ૨૮૮ કિં. સદુપયોગ. પ્ર. રોશનલાલ ચતુર, ઉદયપુર-મેવાડ) હિંદી ભાષામાં શ્વેતાંબર જૈન સાહિત્ય બહુ અલ્પાંશે છપાયું છે ને જે છપાતું જાય છે તેમાં અશુદ્ધિ રહે છે, રૂપ રંગનું ઠેકાણું હોતું નથી અને તેથી તેનો લાભ પણ ઓછો લેવાય છે. આ ચોપડીની છપાઈ ઠીક છે પણ અશુધ્ધને શુદ્ધ કરવા માટે પંદર પૃષ્ઠ રોકવામાં આવ્યાં છે. 'પ્રુફ' સુધારવાની કાળજી બહુ રાખવામાં આવે અને તેને પ્રેસ બરાબર અમલમાં મૂકે તે સામાન્યતઃ નથી બનતું તેથી આવી સ્થિતિ થાય છે. આ ચોપડીમાં સમ્યકત્વ તેમજ શ્રાવકનાં બાર વ્રત, ચૌદ નિયમ, ભક્ષ્યાભક્ષ્ય વિચાર, પૌષધવિધિ આદિ અનેક બાબતોનો સંગ્રહ છે. મેવાડ મારવાડનાં શ્રાવક શ્રાવિકાઓ આનો લાભ લેશે એમ ઇચ્છીશું..

નકશા આમદ ખર્ચ શ્રી જૈન શ્વેતાંબર પ્રભુ પૂજક ધર્મશાલા– હાથીપોળ: ઉદયપુર–મેવાડ છે તેમાં સં. ૧૯૬૫ થી ૮૯ સુધીનાં ૨૫ વર્ષનો ૨ મુખ્ય ખાનાંવાળા નકશાથી હિસાબ આપ્યો છે. દેવમંદિર, સાધારણ ધર્મશાળા; જીર્ણોધ્ધાર જીવદયા કન્યા પાઠશાળા દુકાન ભાડું વાસણ ગોદડાં સાધુ સાધ્વી વૈધવરસ બીજી આમદાની કુલ એમ ખાના પાડી આવક ને ખર્ચ એવા બે પેટા ખાના પાડયા છે. નીચે કેટલીક હકીકત મૂકી છે. ૨૫ વર્ષનો હિસાબ આખરે બહાર પાડવા માટે ટ્રસ્ટીઓ રોશનમલ ચતુર; પનાલાલ પૂંજાવત અને કેસરીલાલ બાપણાને સમયધર્મની જરૂર સ્વીકારવા અર્થે ધન્યવાદ. જૈન ધર્મશાળાઓ, મંદિરો, ઉપાશ્રયો, તીર્થો તથા તેને લગતાં ખાતાઓ હિંદમાં અસંખ્ય છે અને તેનો વહીવટ સારો નઠારો થયાં કરે છે. ઘણાં ભાગે હાથમાં તેનું મોંમાં એમ પણ થયેલું લાગે છે. આ માટેના અનેક ઉપાયોમાં એક તો તે દરેકના હિસાબની પ્રમાણિક ઓડીટરોદ્વારા તપાસણી થઇ તેના પ્રમાણિક સર્ટીફીકેટ સહિત તેને જાહેરમાં છપાવી પ્રદર્શિત કરવો એ છે. નાનાં ખાતા હોય ત્યાં તે તે સ્થળે દર વર્ષે બહાર પાડી વહીવટદારની સહીથી ચોપડાય તો વહીવટમાં કુશંકા રહેવાનો ઓછો સંભવ છે.

<u>ગૃહસ્થ જીવન</u>–લે. ભાવજી દામજી શાહ પૃ. ૬ મૂલ્ય ત્રણ આના.) આમાં જે ગૃહસ્થાશ્રમમાં સાનન્દ સદન, સુધી સુતો મધુભાષિણી કાન્તા, સધન સન્મિત્ર, સ્વપત્નિમાં રતિ, આજ્ઞાંકિત સેવક, આતિથ્ય, પ્રભૂપુજન, પ્રતિદિન મિષ્ટાન્નપન, સાધુનો સંગ હોય તો તેને ધન્ય છે એ સંસ્કૃત શ્લોક છે ને તે પર ટુંક વિવેચન છે.

<u>મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજીનું જીવનચરિત્ર.</u>–પ્ર. જૈન ધર્મ પ્રસારક સભા. કિં. જણાવી નથી). સં. ૧૯૪૬ માં વૃદ્ધિચંદ્રજીનો ભાવનગરમાં સ્વર્ગવાસ થયો. પંજાબમાં મૂર્ત્તિપૂજક સાધુઓનો વિહાર પ્રાયઃ મળે નહિ અને સ્થાનકવાસી સાધુઓનો ઉગ્ર અને પ્રખર વિહાર થતોજ ગયો એટલે મૂર્તિપૂજકો મૂળ હતા તે સ્થાનકવાસી બનતા ગયા. બુટેરાયજી તે મૂળ સ્થાનવાસી સાધુ ને તેના શિષ્ય મૂળચંદજીએ સં. ૧૯૦૩ માં મુહપત્તિ મોઢે બાંધવાનું છોડી પ્રતિમામાં પ્રતીતિ દર્શાવી. ૧૯૦૮ માં પંજાબના લાહોરના રામનગરના ઓસવાળ કૃપારામે ૮ વર્ષની વયે બુટેરાયજી પાસે દીક્ષા લીધી વૃદ્ધિચંદ્ર નામ સ્વીકાર્યું. સં. ૧૯૯૧ માં ગુજરાતમાં આવ્યા પછી પંજાબ ગયા નથી. ત્યાર પછીનાં ૩૮ ચાંતુર્માસમાં લગભગ અર્ધો ચાતુર્માસ ભાવનગરમાં ગાળી ભાવનગરની પ્રજાને લાભ આપ્યો છે. તેમનાં શિષ્યો પૈકી હાલ વિજયનેમિસૂરિ અને સન્મિત્ર મુનિશ્રી કપુરવિજય વિદ્યમાન છે. સામાન્યરીતે જીવન ઠીક લખાયું છે. જીવનમાં કોઈ અદ્‌ભુત કે રોમાંચકારી બનાવો નથી. વિક્રમ વિસમી સદીના પૂર્વાર્ધની જૈન સમાજની સ્થિતિ જાણવા માટે આ જીવનચરિત્ર ઉપયોગી છે.

<u>ધાનેરામાં અપૂર્વ ઉત્સવ અને સ્વ. સુરજમલ નિવાપાજલી</u>–કે જેનું અવલોકન ૧૮-૧-૩૩ના અંકમાં લીધું છે તે કિં. પાંચ આના. અને એક આનો ટપાલનો બીડવાથી ધાનેરા સં. વ્યા. અને ભા. સમિતિ દુકાન નં. ૧૫૮ (સી) ન્યુ કોટ રોડ મુંબઇ ૭ ત્યાંથી મળી શકશે.

ઘટતી જતી જૈનોની વસ્તી.

સને ૧૯૩૧ ની સાલના વસ્તીપત્રક ઉપરથી માલુમ પડે છે કે સને ૧૯૨૧ ની સાલમાં જૈનોની વસ્તી ૧૨૪૮૧૮૨ ગણવામાં આવી હતી. અને છેલ્લી વસ્તીની ગણતરી મુજબ જૈનોની વસ્તી ૧૨૫૨૧૦૫ ની ગણવામાં આંવી છે. એટલે ૩૯૨૩ નો જૈન વસ્તીમાં વધારો બતાવવામાં આવે છે, હિંદુસ્તાનની આખી વસ્તીમાં થએલા ત્રણ કરોડ અને આડત્રીસ લાખના વસ્તીના વધારા તરફ સદરહુ વધારો તદન નજીવો છે. છતાં વધારે ખેદકારક તો બીના એ છે કે છેલ્લા દશ વર્ષમાં ૧૧૮૦૦ જૈનો, પોતાનો ધર્મ છોડી બીજા ધર્મમાં ભળી ગયા છે. તે નીચેના આંકડા ઉપરથી માલૂમ પડશે.

બીજા ધર્મમાં ભળી ગયેલા જૈનોની સંખ્યા.

બીહાર અને ઓરીસા	...	...	... ૨૩૬
સેન્ટ્રલ પ્રોવીન્સીસ અને બીરાર	...		...૩૮૦૦
દીલ્હી	...	...	... ૧૪૧
પંજાબ	...	...	...૭૬૨૩
			૧૧૮૦૦

જૈન કોમ પોતાના ધર્મના અનુયાયી વધારવાને જીવ તોડ મહેનત કરે છે. પરંતુ આવી રીતે પોતાનાજ જ્ઞાતી બંધુઓ બીજા ધર્મોમાં ભળી જાય છે, તેનાં કારણો શોધી કાઢવા પ્રયત્નો થવા જોઈએ અને તેના ઉપાયો શોધી કાઢવા જોઈએ. જો આ બાબતમાં ધ્યાન આપવામાં નહિ આવે તો ભવિષ્યમાં જૈનોની સંખ્યામાં ધાર્મિક તેમજ વ્યવહારીક દૃષ્ટિથી વધુ ઘટાડો થવા સંભવ છે.

હાલમાં સાંભળવામાં આવ્યું છે કે ફાગણ વદી ત્રીજના રોજ અમદાવાદ મુકામે સાધુસંમેલન થવાનું છે. અને આ એક ધાર્મિક પ્રશ્ન હોવાથી મુનિમહારાજો જરૂર આ બાબત ચર્ચો અને પોતાના અનુયાયીઓ બીજા ધર્મમાં જતા કેમ અટકે તેવા ઉપાયો હાથ ધરવા કોશેશ કરશે.

નરોતમ બી. શાહ.

નીચેના પુસ્તકો વેચાતાં મળશે.

શ્રી ન્યાયાવતાર	...	...	... રૂા. ૧—૮—૦
જૈન ડીરેક્ટરી ભાગ ૧ લો.	...	...	રૂા. ૦—૮—૦
,, ,, ભાગ ૨–૨ જો		...	રૂા. ૧—૦—૦
,, શ્વેતાંબર મંદિરાવળી	...	...	રૂા. ૦—૧૨—૦
,, ગ્રંથાવળી	...	...	... રૂા. ૧—૦—૦
,, ગૂર્જર કવિઓ (પ્ર૦ ભાગ)		...	રૂા. ૫—૦—૦
,, ,, ,, ભાગ બીજો		...	રૂા. ૩—૦—૦
,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર)		...	રૂા. ૬—૦—૦

લખો:—**શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.**

૨૦, પાયધુની, મુંબઇ ૩.

ઉપવાસ અને દેહદમન.

મહાત્માજીના વિચાર.

તેમના સરનામે આવેલા બધા પત્રો નહિ પણ કેટલાક ખાસ ખાસ પત્રો હજુ પણ મહાત્માજીનાં કાને પહોંચાડવામાં આવે છે. એવા લોકોના જરૂરી પત્ર પણ આવે છે કે જેમાં ગાંધીજીની આધ્યાત્મિક સલાહની જરૂર હોય છે. તેવા પત્રો પણ તેમની પાસે મૂકવામાં આવે છે.

એક મિત્રે ઘણા ઉપવાસ કરી નાંખ્યા, તેને આત્મદર્શનની લગની લાગી હતી અને તે માટે ઘણા પ્રયત્ન કર્યા અને દેહદમન પણ કર્યું. પછી તેનો એક પત્ર આવ્યો તેમાં પોતાની દિનચર્યા જણાવી હતી. વળી લખ્યું હતું કે તેણે બાર વર્ષ સુધી મૌનવ્રત ધારણ કર્યું છે. વારંવાર પંદર પંદર દિવસના ઉપવાસ કર્યા છે અને હવે માત્ર કાચો લોટ અને પાણી પર પોતે રહે છે. મૌન માટે પાતળા તારથી હોઠ સીવી લેવાની પણ વાત તેમાં લખી હતી ! ગાંધીજીએ જે ઉત્તર આપ્યો, તે હીંદીમાં હોઇ તેનું ગુજરાતી કરી સર્વ સાધકોના હિતાર્થે નીચે આપવામાં આવ્યો છે:—

'ઘણા મહિના પછી આપનો પત્ર મળવાથી ખુશી થઇ, તેને વાંચી દુઃખ પણ થયું મારો દૃઢ વિશ્વાસ છે કે આત્મદર્શનનો જે ઉપાય અપે વિચાર્યો છે, તેથી આત્મદર્શન થઇ શકતું નથી હોઠ સીવી મૌન ધારણ કરવું તે કંઈ મૌન નથી. જીભ કાપી નાંખવાથી પણ કોઈ મૌની થઇ શકે છે, પરંતુ તે મૌન નથી. બોલવાની શક્તિ હોવા છતાં પણ જે સહજજ મૌન રાખી શકે છે, તે મૌનધારી છે. આપ જે તપ કરી રહ્યા છો, તેને ગીતામાં તામસી તપસ્યા કહી છે. કાચો લોટ ખાવો વૈદ્યકશાસ્ત્રથી વિરૂદ્ધ છે. ધર્મશાસ્ત્ર પણ એવું કરવાનું કહેતું નથી; જે આપ કાચુંજ ખાવા ઈચ્છતા હો તો ફલ આદિ ખાવાં. દૂધ-દહીં પણ લ્યો તો વળી વિશેષ સારૂં ભોજન થઈ શકે. મને લાગે છે કે આ પ્રપંચથી આપ છુટા થાઓ તો સારૂં. કબીરના નીચે લખેલા ભજનનું મનન કરો. આશ્રમમાં યા જ્યાં ઠીક લાગે ત્યાં શાંતચિત્ત થઈ રહો અને કોઇ સેવા કાર્ય કરો. એમ કરતાં થકાં જે ભાગ્યમાં આવ્યું તો સહજ જ આત્મદર્શન થઇ જશે." આ ભજન આ પ્રમાણે છે:—

સાધો ! સહજ સમાધિ ભલી.
ગુરૂપ્રતાપ જ દિનસેં લાગી દિન દિન અધિક ચલી—
જહં—જહં ડોલું સો પરિક્રમ્મા જે કછુ કરૂં સો સેવા
જબ સોઉં તબ કરૂં દંડવત પૂજું ઔર ન દેવા—
કહું સો નામ સુનું સો સુમિરન ખાઉંપીઉં સો પૂજા
ગેહ ઉજાડ એકસમ લેખું, ભાવ મિટાવું દૂજા—
આંખ ન મૂંદું કાન ન રૂંધૂં તનિક કષ્ટ નહિં ધારૂં
ખુલે નૈન પહિચાનું હંસિહંસિ સુન્દર રૂપ નિહારૂં—
સબદ નિરંતરસે મન લાગા, મલિન વાસના ત્યાગી
ઉઠત બૈઠત કબહૂં નહિં ટૂટે. ઐસી તારી લાગી—
કહ કબીર યહ ઉનમનિ રહની, સો પરગટ કરિ ગાઈ,
દુખસુખસે કોઈ પરે પરમપદ, તેહિ પદ રહા સમાઈ સાધો !

['હરિજન'માંથી]

૨

જૈન સંતોની બલિહારી !

એક નિવૃત્તિપરાયણ શાંતિશોધક આત્મા અનેક સાધુ-ઓનાં દર્શન-સમાગમ કરવા પ્રવાસે નીકળી બને તેટલું ફરી જણાવે છે કે:—

'ઘણે સ્થળે જઈ સંતોનાં દર્શન કર્યા, અનેક ખેંચાણ થયું, દશા-વાણી ને ચેષ્ટા જોયાં-શાંતિ મળી, છતાં પાંચમા આરાનું પરિબળ ઘણાં સ્થળે ઘણી વ્યક્તિ પર વર્તી રહ્યું છે ને વીરવચનની સત્યતા પ્રકાશી રહી છે. જિજ્ઞાસુને આગળ વધવાની ધગશવાળાને તો સર્વત્ર આનંદ ને સુખ જ છે. મને ઘણો આનંદ છે—પૂર્ણ અર્પણતાનું સ્થાન હજી શોધી રહ્યો છું. સૌ સૌ સૌ સૌના અધિકાર પર યોગ્ય છે ને મારે ઘણું લેવાનું હતું તે મળી રહ્યું છે, પણ **જિસ્કે દીઠે ભવ મિટે**, એ તો મિલા નહિ. પરીક્ષામાં કચાશ રાખું તેવો નથી છતાં છદ્મસ્થ તો ખરો-લાભ ઘણો છે.....નાં દર્શન થયાં છે. આનંદ છે, વધશે ને ટકશે.

ફરવાનું આ ભવે આવી રીતનું છેલ્લું છે. પ્રવાસનો આ પત્ર પણ આપને છેલ્લો હોય. નિજ ગુણની શોધ કરનાર વ્યક્તિની ખામી જણાય છે. વ્યવહાર ધર્મે મર્યાદા ઘણી વિસ્તારી છે. નિશ્ચય ધર્મ ઘણોજ ગૌણ થઈ રહ્યો છે વા ઘણી જગ્યાએ છે પણ નહિ. છતાં જૈન સંત તો જૈન સંત જ છે. જૈનેતર કરતાં આ સંત અનેક રીતે વંદનીય છે.' ૭-૧૨-૩૩.

૩

શાંતિનાં સ્થળો.

ઉપરના મહાનુભાવ ૨૪-૧૨-૩૩ ના પત્રથી જણાવે છે કે:—

"જગતમાં અત્યારે તો શાંતિનાં કહેવાતાં સ્થાનો ઘણાં થયાં છે, એટલે જગત પોતે જે શાંતિનું સ્થાન સ્વાભાવિકતાથી થઇ શકે છે છતાં તેમને હચમચાવી ઘણાં રૂપાંતર આપી શાંતિનાં સ્થાનો સ્થપાયાં છે તે વાસ્તવિક રીતે શાંતિનાં સ્થાન થવા સંભવ ઓછો છે. હાલનાં સ્થાનો જોઈને તો મારા જેવાને તો દેહરાગ વધતો હોય એમ જણાય છે. જેને ગુણસ્થાન ક્રમે ચડવું છે તેને ભક્તિને નામે, આવા માર્ગ લેવાય છે તે બહુ લાંબા ગાળાના, ગુંચવણવાળા ને વખતે પાછા હઠાવનારા થઈ જાય છે. ૧૩ મા ગુણસ્થાનકની વાત ઓર છે. તે સ્થાનકે પહોંચવા માટેનાં ત્યાગ-વૈરાગ્ય ઊંડાણવાળાં જ જોઇએ, નહિ તો આશ્રમોને નામે, અસલની ગાંગા-ભગતની જગા જેવું થઇ જાય છે. મને મારો અત્યારના સમયે વ્યક્તિગત અભિપ્રાય આપવા દેશો ને તે પર સમભાવે જોશો.

બાળ જીવોને ચડાવવાને નામે જે આ થઇ રહ્યું છે તે, અને હજારો વર્ષનાં દેરાંમાંએ ફેર છે. દેરામાં (ચૈત્યમાં) થાણાથપ્પી રહેનાર વર્ગ, વૃદ્ધ, સ્થવીર કે રોગી-અશક્ત માટે હતો ત્યારે અહીં સૌ સંસારીઓ, વા સંસાર સાથે ને સાથે રહી શકે તેમ ઇચ્છનાર માટે જ હોય એમ

જણાય છે. હું ધારું છું કે આ મારા વિચારો આવતી કાલે નહિ કરે–અનંત તર્યા છે તેનાં વૃત્તાંતોમાં આવાં આશ્રમો આવતાં હોય એમ મને ભાસ્યું નથીઃ પણ ગુફાઓ, પહાડો, વૃક્ષો, વનો, સ્મશાનો, વગેરે અનુભવવામાં છે. એક તો પંચમકાળ અને તેમાં આવી ઘટના તો. પંચમકાળની વહેલી વહેલી પૂર્ણતા કરે તેવું ભાસે છે. છતાં યુવક વર્ગ આવી સ્થિતિ વધુ ઇચ્છે છે તે પણ હું સમજી શકું છું–મને તો અત્યારે મારી પોતાની શાંતિ, મારા ઘરમાંથીજ વિશેષ મળી શકશે એમ લાગે છે, અને તમને પણ ભલામણ કરું છું–સંપૂર્ણ શાંતિ મેળવવાનાં સ્થાન તો મેં ઉપર કહ્યાં છે, મને શાંતિ શોધતાં આવડતી નથી એમ ગણો તો તેમાં તમે મુખત્યાર છો પણ એટલું યાદ રાખશો કે હું તો શાંતિ લઈને નવા શરીરમાં પ્રવેશીશ."

૪

શિક્ષણ સંબંધી કવિ સમ્રાટ રવીન્દ્રનાથના વિચારો.

જે મહાન સંસારમાં બાળકોએ જન્મ લીધો છે તેના પ્રભાવને ગ્રહણ કરવાની સંજ્ઞા તેમનામાં રહે છે. તેમની ઉપચેતના સચોટ રહેતી અને હમેશાં કાંઈક ને કાંઈક શિક્ષા ગ્રહણ કરતી કરતી તે જ્ઞાનના આનંદનો ઉપભોગ કરે છે. તેના નિષ્ક્રિય માનસની આ સચેતન જ્ઞાનગ્રાહકતા કંઈપણ પરિશ્રમ વગર તેને ભાષાઓ સમજવામાં સહાયક થાય છે. તે જ્ઞાનગ્રાહકતા ભાષાઓ સમજવામાં અને આત્માનું પ્રકટીકરણ કરવામાં સહુથી કઠણ અને વિષમ સાધન છે અને તે અનિર્વચનીય વિચારો તથા ભાવવાચી લક્ષણોથી પરિપૂર્ણ રહે છે. કલ્પનાના સ્વાભાવિક ગુણની તે હેતુરૂપ હોઇ તે શબ્દોના અર્થને જાણી લે છે કે જેને આપણે સમજાવી શકતા નથી. બાલકો માટે જલાનો અર્થ શો છે તે જાણવું સહજ થઇ શકે છે, પરંતુ 'કલ' એ સરલ શબ્દ સાથે કયા વિચારનો સંબંધ છે તે માટે અત્યંત કઠિન થઇ પડે છે. તથાપિ તેમનાં ઉપચેતન માનસની અસાધારણ પ્રજ્ઞાના કારણે તે આવી કઠિનાઇઓ સુગમતાથી દૂર કરે છે. આ માટે તથ્યથી પૂર્ણ આ મહાન સંસારનો પરિચય તેમને સુલભ અને સુખદ થાય છે.

આવા મહત્ત્વપૂર્ણ સમયમાં નિર્જીવ, નીરસ અને વિશ્વની સંગતિથી અલગ એવી શાળાઓ રૂપી કારખાનામાં, મરેલા પુરૂષની આંખોની પુતલિયો સમાન, ધૂરતી પણ શોભાહીન સફેદ દીવાલોની અંદર બાળકનું જીવન લાવવામાં આવે છે. સંસારથી આનંદ લેવામાં ઇશ્વરદત્ત ગુણો સાથે આપણો જન્મ થાય છે; પરંતુ આજકાલની શિક્ષાપ્રણાલી આ આનંદ દેનારી પ્રતિભાનું દમન કરે છે અને નિયમાનુશાસન નામની શક્તિ તેને બગાડે છે. બાળકનું મન સહૈતુક પ્રકૃતિ દેવી સાથે સ્વયં જ્ઞાન મેળવવાને માટે તત્પર, વ્યગ્ર અને ઉત્સુક રહે છે, પરંતુ નિયમાનુશાસન ('ડીસીપ્લીન') આ સ્ફૂર્તિને નિષ્પ્રાણ બનાવી દે છે. સંગ્રહાલયના પ્રદર્શનમાં નિર્જીવ મૂર્તિઓની પેઠે આપણે બેસી રહીએ છીએ અને કૃત્રિમ પર હિમની શિલાઓનો વરસાદ પડે તેવી રીતે આપણા પર પાઠો (લેશન) નો વરસાદ વરસાવવામાં આવે છે.

બચપણમાં આપણે આપણા બધા શરીર અને મનની મદદથી બધી ઇંદ્રિયોની પુરેપુરી સ્ફૂર્તિ અને ઉત્સુકતાની સાથે શિક્ષણ લઇએ છીએ, પરંતુ આજકાલની શાળાઓમાં જતાંજ સહજગ્રાહ્યનાં આ દ્વાર બંધ થઇ જાય છે. આપણી આંખો અક્ષરોને જુએ છે, આપણાં કાન ન સમજી શકાય એવા પાઠોને સાંભળે છે, પરંતુ આપણાં માનસ પ્રકૃતિના હૃદય દેશથી સતત પ્રવાહિત થયેલી વિચારધારાથી સિંચિત થતાં નથી. આનું કારણ એ છે કે આપણા શિક્ષકોની બુદ્ધિ એમ સમજે છે કે આ બધી વાતો વિઘ્નકારી છે, મૂઢતાને ઉપજાવનારી છે તથા તેનાથી કોઇ મહાન ઉદ્દેશ સિદ્ધ થતો નથી.

મનુષ્ય શિક્ષક જીવનની શિક્ષાગાં નહિ, પરંતુ કૃત્રિમ તથા અહીં તહીંના પાઠોમાં વિશ્વાસ રાખે છે તેથી બાળકોની બુદ્ધિનો સમસ્ત વિકાસ કેવળ અટકી જાય છે એટલુંજ નહિ પરંતુ તેને દૂષિત કરી નાંખે છે. પ્રકૃતિ એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આચાર્ય છે, પરન્તુ માનવ શિક્ષક પગલે પગલે તેનો પ્રતિરોધ કરે છે.

મારી ધારણા એવી છે કે વિદ્યાર્થીઓને પ્રાકૃતિક દૃશ્ય આદિથી ઘેરાયેલા સ્થાનોમાં રહેવું જોઇએ. શિક્ષણની દૃષ્ટિએ તેનું વિશેષ મહત્વ છે. તેની બુદ્ધિને અહીં તહીં વિચરવા દેવી જોઇએ કે જેથી આજનાં ઘટનાઓ અને પ્રયોજનો પોતાની મેળે જાણી લે અને તેથી આશ્ચર્યચકિત થઇ જાય બાળકો માટે આ સર્વોત્તમ શિક્ષા પદ્ધતિ છે, પરંતુ આજ કાલની પ્રચલિત શાળાઓમાં શું થાય છે? દરેક દિવસે એજ સમયે તેજ પુસ્તક તેમની સામે રાખી શિખવવામાં આવે છે. તેનું ધ્યાન પ્રકૃતિના આકસ્મિક ચમત્કારોમાં કદિ પડી શકતું નથી. (આજ કારણે પ્રકૃતિનાં દૃશ્યોથી ભરેલા એવા સ્થળમાં પોતનું શાંત નિકેતન–વિશ્વભારતી વિદ્યાલય કાઢેલ છે કે જેમાં જૈન ફિલસુફી આદિ માટે શ્રી જિનવિજયજી એક અધ્યાપક છે.

ગૃહસ્થાશ્રમમાં સ્ત્રીનું મહત્ત્વ.

૧ હે નારી! તું ઘરની માલિક બની જા, અને ત્યાં જેટલા પુરૂષ હોય તેમની સાથે રાણીઓની સમાન વાતચીત કર. **ઋગ્વેદ.**

૨ પિતા, ભાઇ, પતિ અને દીયર જો પોતાનું કલ્યાણ ઇચ્છે તો તેણે એમ કરવું ઘટે કે પોતાની પુત્રી, બહેન, સ્ત્રી અને ભાભીનું કદિ અપમાન ન કરે. જ્યાં સ્ત્રીની પૂજા થાય છે ત્યાં દેવતા વાસ કરે છે, અને જ્યાં તેની પૂજા નથી થતી ત્યાં સર્વ પ્રકારના ઉત્તમ કર્મ પણ નિષ્ફલ થઇ જાય છે. **મનુસ્મૃતિ.**

૩ નારી પુરૂષની અર્ધાંગના છે. તેનો સૌથી મોટો મિત્ર છે. ધર્મ, અર્થ, કામનું મૂળ છે. જે તેનું અપમાન કરે છે તેનો નાશ કાલ કરી નાંખે છે. **મહાભારત.**

૪ નારી વનને રાજમહેલથી પણ વધુ સુંદર બનાવી દે છે. **રામાયણ.**

૫ આખા વિશ્વનું રાજ્ય મળી જાય, પરંતુ સ્ત્રી ન હોય તો પુરૂષ ભિક્ષુકથી પણ બુરો છે. તેનાથી તો જે કંગાળ આખો દિવસ પરિશ્રમ કરે છે અને સાંજે સ્ત્રીનું મુખ જોઇ બધું દુખ ભુલી જાય છે તે લાખગણો પ્રસન્નચિત્ત છે.

કાઉપર.

૬ કેટલાયે કવિઓએ સ્ત્રીને માટે ગમે તે કહી તેને બદનામ કરી છે. તેઓ કહે છે કે સ્ત્રી એક ભારે આફત છે, સ્વયં ખરીદેલો રોગ છે, સર્પ સમાન ઝેરથી ભરેલી છે અને ઘરને દુખમય બનાવનારી કાળી રાત છે, પરંતુ આ મૃત કવિતાનો જૂઠો કટાક્ષ છે, આ અસાર સંસારમાં બીજા બધા પદાર્થ તો પરિશ્રમથી પ્રાપ્ત થઇ જાય છે, પરંતુ સુલક્ષણા સ્ત્રી કેવલ પ્રભુકૃપાથીજ મળી શકે છે, જેને એવી સ્ત્રી હોય તે કદિ દુખને દુખ સમજતો–ગણતો નથી. મને તો એ વિશ્વાસ છે કે જો સંસાર સ્ત્રીઓના કહેવા પર ચલાવાય તો દુનિયા સ્વર્ગપુરી બને. પોપ.

૬ સ્ત્રી પાળેલા કુતરાથી અધિક નિમકહલાલ, મહેલના સ્થંભથી વધુ સુદ્રઢ છે. ભરદરિયે મોતના પંજામાં ફસેલો મનુષ્યને કિનારો જેટલો વ્હાલો હોઇ શકે તેથી અધિક સ્ત્રી વહાલી છે. બુઢા પિતાની આંખોમાં નાનો પુત્ર જેટલો સુંદર દેખાય છે તેથી વિશેષ સુંદર સ્ત્રી છે. કાળી રાત પછી આવતા સુપ્રભાતથી પણ અધિક જ્યોતિર્મયી સ્ત્રી છે. રણમાં તરસથી મુંઝાતા મનુષ્યને માટે પાણી જેટલું મીઠું હોઇ શકે તેથી વધારે મીઠી સ્ત્રી છે. યંગ.

૮ હું નારીનું મહત્ત્વ માનું છું તે એટલા માટે નહિ કે તેને વિધાતાએ સુંદર બનાવી છે, હું તેના પર પ્રેમ એટલા માટે કરતો નથી કે તે પ્રેમ માટે ઉત્પન્ન કરવામાં આવી છે, પરંતુ હું તેને એટલા માટે પુજનીય માનું છું કે મનુષ્યનું મનુષ્યત્વ માત્ર સ્ત્રીથી જીવતું છે. લોવેલ.

૯ સૌંદર્યથી સ્ત્રી અભિમાની થાય છે, ઉત્તમ ગુણોથી તેની પ્રશંસા થાય છે અને લજ્જાવતી થઇને તે દેવા બની જાય છે. શેકસપીઅર.

૧૦ સ્ત્રીનાં નયનોમાં બે દીપક રાખેલા છે કે જેના પ્રકાશમાં સંસારમાં ભટકનારા બોયેલા માર્ગને જોઇ શકે.

વિલિસ.

૧૧ વિશ્વાસ રાખો કે જેવા પ્રેમથી પિતા પોતાની પુત્રીને જુએ છે તેવા પ્રેમથી કોઇ બીજો જોઇ શકતો નથી. સ્ત્રીના પ્રેમમાં કામના છુપાયેલી રહે છે, પુત્રના પ્રેમમાં લોભ છુપાયો છે, પરંતુ જે પ્રેમ આપણે પોતાની પુત્રી સાથે થાય છે તે દુનિયામાં બીજા કોઇ સાથે થઇ શકતો નથી.

એડિસન.

૧૨ પત્નીની સૃષ્ટિમાં દૈવી પ્રકાશ છે, તે એક મધુર નદી છે કે જ્યાં પતિ પોતાની તૃષા નિવારી શકે છે અને પોતાની ચિંતાઓ–દુખથી મુક્ત થઇ શકે છે. પુણ્યાત્મા પત્ની હોવી તે પ્રભુની સર્વ કૃપાઓમાં મોટી કૃપા છે. તે પતિને માટે દેવી છે, સકલ ગુણોની મૂર્ત્તિ છે, હીરા છે, મોતી છે, દોલત છે. તેના સ્વરમાં તેને મધુરતા મળે છે, અને તેના ખુશ ચહેરામાં આનંદ દેખાય છે. જેરોમી ટેલર.

૧૩ તારૂં સ્વર્ગ તારી માના ચરણો નીચે છે.

હુજરત મહમદ.

૧૪ ભારત વર્ષનો ધર્મ તેના પુત્રોએ નહીં પણ પુત્રીઓની કૃપાથી સ્થિર છે, જો ભારત રમણીઓએ પોતાનો ધર્મ છોડયો હોત તો આજ સુધીમાં ભારત નષ્ટ થઈ ગયું હોત.

દયાનંદ.

૧૫ જે પારકી સ્ત્રીને પાપની આંખોથી જુએ છે તે પરમાત્માના ક્રોધને જગાવે છે અને પોતાને માટે નરકનો રસ્તો સાફ કરે છે. રામતીર્થ.

૧૬ કોઇ સ્ત્રીના સ્ત્રીત્વનો ભંગ કરવા કરતાં પહેલાં મરી જવું બહુ ઉત્તમ કામ છે. કોઇ સ્ત્રીને પાપકર્મથી બચાવી લેવી તે મોટામાં મોટું તીર્થ છે. મહાત્મા ગાંધી.

સુદર્શન.

(પૃષ્ઠ ૧ થી ચાલુ.)

કોન્ફરન્સ ઓફિસ તરફથી હદા સાહેબ અહીં આવી અમદાવાદ જાય તો ઠીક થશે એમ તેમને જણાવતાં તેઓએ પત્ર લખ્યો છે કે ૧ લી તારીખે ગોડવાડ પંચોએ મહારાજશ્રીને બામણવાડ મળી અભિનંદન પત્ર અર્પણ કરેલ છે ને એક જનરલ મીટીંગ થઈ તેમાં સાત જણની કમિટી નીમાઇ છે કે જે કોન્ફરન્સ અને આણંદજી કલ્યાણજીને મળે; અને તે પ્રમાણે ૧૪ મી તારીખે અમદાવાદ જવાનું ને ત્યાં કોન્ફરસવાળાને બોલાવવાનું નકી થયું હતું પરંતુ પછી કમિટીના સભ્યો અન્યત્ર રોકાઇ જવાથી કંઈ બન્યું નથી, પણ તે સભ્યોને લઇ હું મુંબઇ કે અમદાવાદ જઉં એ વધારે યોગ્ય થશે.' આમ સતત પ્રયાસ લેવાઈ રહ્યા છે.

એક ભાઈ એમ સુચવે છે કે તીર્થ અંગે મુંબઇમાં મોટી જાહેરસભા બોલાવવી, સર્વ પક્ષી આગેવાન કાર્યકર્તાઓનું એક વગવાળું ડેપ્યુટેશન મહારાણા શ્રી પાસે મોકલવું, અને સાથે સાથે પૂ. યોગીરાજશ્રી સાથે પણ કેવી રીતે કાર્ય લેવું તેની સલાહ લેવાય તો ઘણું સુંદર છે. આ સુચના પણ સારી છે. જે કંઇ કરવું તે કોન્ફરન્સ અને આણંદજી કલ્યાણજી તથા અન્ય રસ લેતા ભાઇઓ સાથે મળીને એક નિર્ણય પર આવી તે પ્રમાણે કરવું એ સૌથી સારી વાત છે. અમે આશા રાખીએ છીએ કે એવા નિર્ણય પર આવી જવાશે.

તંત્રી.

ન....વી....ન.....પ્ર....કા....શ....ન
બહાર પડી ગયેલ છે.
જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ સચિત્ર.
પૃષ્ઠ ૧૨૫૬ 卐 પાકું બાઇંડિંગ 卐 કિં. ૬-૦-૦
લેખકઃ-શ્રીયુત મોહનલાલ દલીચંદ દેસાઇ, બી. એ., એલએલ. બી., એડવોકેટ.
પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાનઃ—
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરંસ,
૨૦. પાયધુની, મુંબઇ નં. ૩.

क्या यात्रा करने न जावें ?

गत पौष कृष्णा १० ता० १५-१२-३३ को वरकाना जी के मेले पर गोडवाड़ प्रान्तीय श्री संघ की कमेटी हुई और उसमें यह निश्चय किया गया है कि "जब तक श्री केशरिया जी तीर्थ का फैसला अपने हक़ में न हो जाय तब तक उस तीर्थ की यात्रार्थ न जांय और उस तीर्थ के भंडार आदि में एक पैसा भी न दें और न भेजें तथा पण्डो को पैसा इनाम देकर सहायता न दें"।

गोडवाड़ी जैन भाइयों के उत्साह की प्रशंसा करते हुए हम उनसे यह निवदन करना चाहता हैं कि इस प्रस्ताव पर पुनः दीर्घ दृष्टि से विचार करें। **तीर्थ की यात्रार्थ न जावें,** यह बात समझ में नहीं आती है। तीर्थाधिराज शत्रुंजय जी और श्री केशरिया जी तीर्थ के झगडे में आकाश पाताल का अन्तर है। उस समय पाळीताना केश में यात्रा बन्द करने से जितना लाभ दिखता था, इस समय श्री केशरिया जी के मामले में यात्रा बन्द करना उतना ही हानिकर है।

संघ विचार करे कि उस समय झगडा था 'यात्री टैक्स' का और अब झगड़ा है 'मन्दिर की मालिकी का'! वह झगडा था 'राज्य से' और यह झगडा है 'पण्डों से' इस इस समय यात्रा बन्द करना अपने पैरों में आप कुल्हाडी मारना है। पण्डे तो कहते ही हैं कि यह तीर्थ वैष्णवों का है, रिषभदेव जी उनके छठें अवतार है. जैनियों का इसमें कोई हक़ नहीं है। अब आप विचार करें कि हमको ऐसे मौके पर तीर्थ को छोड बैठना उचित है या अधिक से अधिक यात्री पहुंच कर सेवा पूजा अपने हाथों से करना और वहां से पण्डों का अस्तित्व मिटाना उचित है? यात्रा करना बन्द न करके यह प्रस्ताव होना चाहिये कि यात्रा करने अवश्य जावें परन्तु वहां एक पैसा न खर्चें। जो सामान चाहिये वह अन्य स्थान से ले जावें 'धुलेवा' ग्राम से भी न लें। भंडार में पैसा न दें। केशरियाजी के नाम पर बोली हुई रकम किसी दूसरे नगर के मन्दिर में जमा करा दें। आपना अधिकार व हक बताने के लिये केशरिया जी तीर्थ पर जाकर धरना देने से तो हमारे हक हमें मिलेंगे। विश्वासघात करने वाले पण्डों का वहां से काला मुंह होगा लेकिन याद रखिगा यात्रा बन्द करने से उलटी हानि होगी। पण्डों का जोर बढ़ेगा। रहा सहा अधिकार जाता रहेगा। हम तो कहेंगे कि यात्रा बन्द रखने का प्रस्ताव पास करके आप लोगों ने भारी भूल की है। सब जगह एक ही हथियार काम नहीं देता। सुई का काम सूआ नहीं कर सकता। आप लोंग दीर्घ दृष्टि से विचार करें और अपन प्रस्ताव में इतना संशोधन कर दें कि 'यात्रा करने जावें'। ऐसा करने से ही काम बनेगा।

अन्य नगरों के भाइयों से भी हम नम्रता पूर्वक निवेदन करते हैं कि वह झगडे के हर एक पहलू पर विचार करें। 'झगडा झूठा, कब्जा सच्चा' वाली कहावत को ध्यान में लें। भेड चाल में आकर तीर्थ की यात्रा हरगिज बन्द न करें।

जवाहरलाल लोढा सम्पादक,
'श्वेतांबर जैन'

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, 14, Pydhoni, Bombay 3, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:–'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

卐

The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ–પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. ઍડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો.

વર્ષ જીનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧ લી ફેબ્રુઆરી ૧૯૩૪. | અંક ૧૮.

વિષય સૂચિ

૧. ભૂકંપથી જૈન તીર્થોને પુગેલું નુકશાન કૉ. ઑ. પૃ. ૧૧૫
૨. બિહાર ધરતીકંપ સંકટ નિવારણ... તંત્રી. „ ૧૧૬
૩. નોંધ:–મારો પ્રવાસ, લાલા કન્નોમલજીનો સ્વર્ગવાસ, દેશી રાજ્યોની રક્ષાનું બિલ, સાંપ્રદાયક ઝનુને વાળેલું સત્યાનાશ અને પતિતોદ્ધારક જૈન ધર્મ ... તંત્રી પૃ. ૧૧૭ થી ૧૨૨
૪. વિવિધ વિષય:–બ્રાહ્મણની વર્ણાશ્રમ રચના, મહાપુરૂષોની નિકટ જતા નહિ (સંગ્રાહક) તંત્રી. પૃ. ૧૨૦
૫. પરિષદ કાર્યવાહી:–શ્રી કેસરીયાજી અંગે ઠરાવ વિગેરે કૉન્ફરંસ ઑફિસ. પૃ. ૧૨૨

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

ભૂકંપથી જૈન તીર્થોને પુગેલું નુકશાન.

બિહાર અને ઓરીસામાં આવેલાં આપણાં પવિત્ર તીર્થોની હાલત જાણવા માટે પુછપરછ કરનારા પત્રો અને તાર કેટલેક સ્થળે કૉન્ફરન્સ તરફથી મોકલવામાં આવ્યા હતાં તેમાંથી પટણાથી શ્રી બુધીસિંહજી તથા કલકતાથી મહારાજ બહાદુરસિંહજી તથા બાબુ રાયકુમારસિંહજી તરફથી જવાબરૂપે જે હકીકતો મલી છે તે જાહેર જાણ માટે સારરૂપે નીચે આપવામાં આવે છે.

પટણા—ધરતીકંપ ગંભીર હતો, નવા મંદિરને ઇજા થઇ નથી. ધર્મશાળાને નુકશાન પહોંચ્યું છે. દાદાવાડીમાં ગુંબજ અને દિવાલોને સખ્ત નુકશાન થયું છે. શેઠ સુદર્શન અને શ્રી સ્થુળભદ્રજીની દેરીઓ બચેલી છે પણ ભૈરોજીનું મંદિર પડી ગયેલ છે જે બાંધતાં રૂા. ૧૫૦૦ નું ખર્ચ થાય એમ છે. કોઇ જનને ઇજા થઇ નથી.

રાજગિર—ઉર્ફે રાજગૃહીમાં ઘણું નુકશાન થયું છે. આગળી ધર્મશાળાનો લગભગ નાશ થયો છે બીજા મજલામાં બધાં રૂમો તેમજ પૂર્વ, પશ્ચિમના પહેલા માળના રૂમોને ઘણું નુકશાન થયું છે. મંદિરમાં ગાદીનો ભાગ નુકશાન પામેલો છે તથા કેટલીક ફાટો પડેલી છે. ડુંગર પરના મંદિરોને નોંધ કરવા જેવું નુકશાન થયેલ નથી. પ્રતિમાઓ સલામત છે.

શ્રી પાવાપુરી—જલમંદિર સલામત છે. બીજા બે મંદિરોમાં ફાટ પડેલી છે. નરોત્તમ ધર્મશાળા તુટી પડી છે. બીજાઓમાં ફાટ પડેલી છે. મૂર્તિઓ અને ચરણ સલામત છે.

ગુણાયાજી—ધર્મશાળાઓમાં ફાટો પડી છે.

ભાગલપુર—મંદિરનો કેટલોક ભાગ પડી ગયો છે. કેટલાકમાં ફાટો પડી છે. ધર્મશાળાને નુકશાન પહોંચેલ છે.

ચંપાપુરી—એક જુના મંદિરનું શિખર નીચે આવી પડયું છે. કેટલીક મૂર્તિઓ ડબ્બર (ડેબરી) નીચે દબાયેલ છે પણ સલામત જણાય છે, મંદિરને ઘણી ફાટો પડેલી છે. ધર્મશાળાના કેટલાક ભાગ પડી ગયા છે. કેટલાકમાં ફાટો પડી છે.

સંમ્મેતશિખરજી—બહુ નુકશાન નથી. મધુવનના એક મંદિરની દિવાલમાં ફાટ પડેલી છે પાર્શ્વનાથજીની ટોંકના સભા મંડપમાં ફાટ પડેલી છે. તુર્ત રીપેરની જરૂર છે.

લછવાડ—મંદિર અને ધર્મશાળાને ઘણું નુકશાન થયેલ છે, ધર્મશાળાનો પેલો મજલો પડી ગયેલ છે. કાકંદી અને ડુંગરના ખબર હજુ મળ્યા નથી.

અજીમગંજના મંદિરોમાં થોડું નુકશાન થયેલું છે. ભાગલપુરના મંદિરની મૂર્તિઓ સલામત જગ્યાએ લઇ જવામાં આવી છે.

શ્રી રાયકુમારસિંહજીના જણાવ્યા પ્રમાણે ઘણે સ્થળે મિલ્કતો અને જનને નુકશાન થયેલું છે. ફંડ શરૂ કરવામાં આવેલ છે અને જૈન શ્વેતાંબર સંઘ તરફથી સ્વયંસેવકો અને ચીજ વસ્તુઓ બીજી સોસાયટીઓની સાથે મોકલવામાં આવે છે. એમ લાગે છે કે આ સમાર કામ પાછળ બેએક લાખ રૂપીઆની જરૂર રહેશે.

લિ. સંઘ સેવકો,

રણછોડભાઇ રાયચંદ ઝવેરી

મોહનલાલ ભગવાનદાસ ઝવેરી

મહામંત્રીઓ.

उदधाविव सर्वसिन्धव; समुदीर्णास्तयि नाथ ! दृष्टय: ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે? પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧-૨-૩૪ ગુરૂવાર.

બિહાર ધરતીકંપ સંકટ નિવારણ.

શ્રી મહાવીર પ્રભુ જે દેશમાં જન્મ લઈ વિચર્યા છે અને તેમણે જ્યાં ઉપદેશ આપી અનેકને તાર્યા છે તે વિહાર દેશમાં કુદરતે હમણાં કોપ કરી ધરતીના કંપથી હજારો ઘરોને તારાજ કર્યાં છે, હજારો નરનારી તથા બાળકોનાં મૃત્યુ નીપજાવ્યાં છે એટલુંજ નહિ પણ ચાલુ કકડતી ઠંડીમાં અસંખ્ય માનવી અને ઢોરને અન્ન વિહોણાં કર્યાં છે. રક્ષણ, સાધન અને વસ્ત્ર વગરનાં મનુષ્યો ઉપર આવી પડેલું સંકટ વિદારવા માટે આખા દેશના અન્ય પ્રાંતોના વાસીઓએ–દરેક પ્રજાજને પોતાથી બને તેટલો ફાળો આપવો જોઈએ. બિહારના મહાન નેતા શ્રી રાજેન્દ્રપ્રસાદ બાબુએ આખા દેશને અપીલ કરી છે કે મદદ કરવામાં વિલંબ કરશો તો પછીની મદદ નકામી છે, એવા અર્થે માણસોની જરૂર કરતાં ધાબળીઓ, લુગડાં તેમજ નાણાંની જરૂર વધારે છે.

જે અનિષ્ટ થયું છે તેનો શોક કરતા રહેવાથી અનિષ્ટની અસર દુર થતી નથી પરંતુ તે અસર નાબુદ કરવા માટે સતત પ્રયાસ કરવાની આવશ્યકતા છે. આવા સંકટ પ્રસંગે દેશનાં માણસોની કસોટી છે. રાજ્યને પણ તેની જબરી ફરજ પ્રાપ્ત થઈ છે તે તેણે બજાવવી જોઈએ, અને તે બજાવશે, પણ તેના પર પૂરો મદાર બાંધીને પ્રજાએ બેસી રહેવાનું નથી. અહિંસા ધર્મના મોટા ઉપાસકનો દાવો કરનાર જૈનો પોતાથી બને તેટલી બધી જાતની મદદ આપવા કટિબધ્ધ થશે, અને જરા પણ વિલંબ કર્યા વગર બાબુ રાજેંદ્રપ્રસાદને તાબડતોબ પૈસા મળે તેવી વ્યવસ્થા કરવા માટે શ્રી સરોજની નાયડુ આદિ નેતાઓની બહાર પડેલી અપીલનો સંતોષકારક જવાબ આપશે.

વાંચકોને યાદ હશેકે થોડાં વર્ષ પહેલાં જાપાનમાં ભયંકર ધરતીકંપ થયો હતો ને કોબી આદિ શહેરોમાં પારાવાર નુકશાન થયું હતું. આ મહાન પ્રજાકીય આફતને પહોંચી વળવા માટે જાપાનની સરકારે અને પ્રજાએ જાપાન દેશથી બહારની કંઈપણ મદદ સ્વીકાર્યા વગર પોતાનાં સાધનોથી નાશ પામેલ મિલ્કતોનો પુનરૂદ્ધાર કરી શહેરોની પુનઃ રચના ઘણી સુંદર અને ઉદાર રીતે કરીને જગતને બતાવી આપ્યું હતું કે દેશભક્તિ કંઈપણ ઢીલ વગર ગમે તેવી મહાન આફતને પહોંચી શકે છે અને જાણે કંઈપણ બન્યું નથી એમ બતાવી આપે છે. જાપાન દેશ પાસેથી આપણા દેશની પ્રજાએ ઘડો લેવો જોઈએ કે આપણે પણ ધારીએ તો મહાભારત સંકટમાંથી મુક્ત થઇ શકીએ.

'આદર્યાં અધુરાં રહે', તેમજ મનુષ્ય તે કોણ માત્ર !- એમ આવી અણધારી ઘટનાથી કુદરત બતાવી આપે છે; છતાં અભિમાની માનવ પોતાની બડાઇ, ડુંપદ, મોહ તજતો નથી, અને વિશેષ ભવપરંપરાનું ભાતું બાંધે છે.

પોતાના કુટુંબ પર આવેલ થોડી આફત માટે મનુષ્યને બહુ લાગી આવે છે, પણ આ દેશજનો પર આવેલ ભયંકર આફત માટે તેને કંઈ ન લાગે તો તે કેટલી નિષ્ઠુરતા ગણાય ?

કુદરતી આફત આવે છે તેમાં પણ કુદરતનો શુભ સંકેત હોય છે. આપણા દેશનાં પાપોની શિક્ષા રૂપે આવી આફતો હોઈ શકે છે. આપણે બધા તે પાપોનું પ્રાયશ્ચિત કરી શુદ્ધિ કરીએ, પતિતનો ઉદ્ધાર કરીએ, માનવને હાથે થતા જુલ્મોનું નિવારણ કરીએ અને સર્વત્ર સામ્યવાદથી સમભાવી વર્ત્તન રાખી શુદ્ધ વ્યવહાર ચલાવીએ તો આપણી પ્રજા પ્રગતિના પંથે પરાધીનતા ટાળી આનંદમાં વિચરશે.

અત્યારે ભૂકંપના આંચકાથી ધરણી ધ્રુજીને જે અસંખ્ય માનવોનાં બલિદાન અપાયાં છે તેમને આપણે સજીવન કરી શકીએ તેમ નથી, પરંતુ તેથી જે અસહાય, દીન, નવસ્ત્રા, અને રોગથી ગ્રસ્ત થયેલા અસંખ્ય મનુષ્યો છે તેને દરેક જાતની સહાય આપી સક્રિય સહાનુભૂતિ દાખવી મનુષ્ય તરીકેની ફરજ આપણે સૌ બજાવીએ એ કર્ત્તવ્ય રહેલું છે.

એક બાજુ અસંખ્ય દેશબંધુઓ આ રીતે પીડાતા હોય ત્યાં બીજી બાજુ આપણે ભોજનની નવકારશીઓ કે અઠાઇ મહોત્સવો કે રથયાત્રાના વરઘોડાઓ કે મોટા જલસાઓ, ગીતગાન, રંગરાગ, વિલાસ અને મોજમજાનાં ઉત્સવો કરીએ તે ન શોભે. તે સૌમાં જે જે ખર્ચો ઇચ્છિતા હોઇએ તે સર્વ અત્યારે આ પીડાતા ભાઈબહેનોને સહાય આપવામાં ખર્ચવું એ ખરો શોભા છે; એમ થાય તો અહિંસા ધર્મનો મર્મ સમજ્યા કહીએ તે તાદૃશ બતાવી શકાય.

તો શ્રી મહાવીર પ્રભુની જન્મભૂમિ અને વિહારભૂમિ વિહાર પ્રાંતમાં ધરતીકંપથી આવી પડેલા સંકટના નિવારણ અર્થે ફંડમાં યથાશક્તિ સર્વે ભાઈ તથા બહેન નાણાં શ્રી રાજેંદ્રપ્રસાદ બાબુ પર મોકલાવી આપશે એવી અમારી આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ છે.

નોંધ.

મારો પ્રવાસ—ગત નાતાલની રજામાં અમદાવાદ જઈ ત્યાંથી વડોદરા ઓરીયેન્ટલ કોન્ફરન્સમાં જવાના ઇરાદાથી તા. ૨૪ મી ડીસેંબરે અમદાવાદ ગયો અને શેઠ વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ પાસેના શેઠ હરિલાલ વાડીલાલના કાપડીઆ નિવાસમાં ઉતર્યો. હરિલાલભાઈ મસ્કતી માર્કેટના ઑન. સેક્રેટરી છે અને ઉદાર વિચારના, અનુભવી અને સાહસિક વેપારી છે. તેમની પાસેથી અમદાવાદના આગેવાનો તથા ત્યાંની જાહેર સંસ્થાઓ વગેરે સંબંધી ઘણી જાણવા યોગ્ય હકીકતો સાંભળી. મારી સાથે પ્રવાસ કરતા તેમના ભત્રીજા અને મારા મિત્ર રા. ચંદુલાલ સકરચંદ શાહ એડવોકેટ તેમને ત્યાં લઈ ગયા ને મને તેમનો પરિચય કરાવ્યો તે માટે તેમનો ઉપકૃત છું. આ નિવાસમાં ઘર દેરાસર છે તેથી હમેશાં જિનપૂજા કરવાનો આનંદ મળતો. ત્યાં એક પીતળની પંચતીર્થી પ્રતિમા છે કે જે અમદાવાદ સ્થપાયું ત્યાર પછી ૬૩ વર્ષ લગભગની પ્રતિષ્ઠિત થયેલી છે એમ તેના પરના નીચેના લેખ પરથી પ્રતીત થાય છે:—

સં. ૧૫૬૧ વર્ષે જ્યે૦ વ૦ ૧૧ સોમે અહમ્મદાવાદ વાસ્તવ્ય શ્રી શ્રીમાલી જ્ઞાતીય સં૦ જર્કતા સુત સં૦ જેસા સુત સં૦ જીવણેન ભા૦ કદક્ર પુત્ર સં૦ દેવા રૂપા પદ્માદિ યુતેન સ્વશ્રેયસે શ્રી ધર્મનાથ બિંબં કા૦ પ્ર૦ તપા ગચ્છેશ શ્રી સોમસુંદર સૂરિ સંતાને શ્રી લક્ષ્મીસાગર સૂરિભિઃ ॥

સામેના બંગલામાં પૂજ્ય શ્રી વિજયનીતિસૂરિ તે વખતે બીરાજતા હતા એટલે આવ્યો તેજ દિને તેમનાં દર્શન કર્યાં અને તેમની પાસેથી મુનિસંમેલન આદિ વિષય પરત્વે કેટલીક હકીકત જાણી. પછી ભારતી નિવાસમાં જઈ શ્રી જિનવિજયને મળ્યો. તેઓ છપાતાં ચાર પાંચ પુસ્તકોનાં પ્રુફોનું સંશોધન કરતા હતા. તે પૈકી એક પુસ્તક કલ્પપ્રદીપ-તીર્થકલ્પ જિનપ્રભસૂરિ રચિત હતું તેની એક હસ્તલિખિત સુંદર પ્રત (બત્રીશ પાનાંની દરેક પત્રમાં એકવીશ પંક્તિવાળી) જે ત્યાં મોજુદ હતી તેના લખાવનારની પ્રશસ્તિ નીચે પ્રમાણેની ઉતારી લીધી

—ઇતિ શ્રી કલ્પપ્રદીપ ગ્રંથ સમાપ્તઃ ॥ છઃ ॥ ॥ ૯૦ ॥ સંવત્ ૧૫૬૯ વર્ષે ચૈત્રાદૌ સંવત્સરે। આષાઢ માસે। શુકલ પ્રતિપદ્ દિને। સોમવાસરે। પુનર્વસુ નક્ષત્રે। વૈરિસિંહપુરે શ્રીમાલ જ્ઞાતીય। બહકટા ગોત્રે। મહં૦ જિણદત્ત પુત્ર પ્રવર પ્રાસાદ પૌષધશાલાદિ પુણ્યકાર્ય કરણ સાવધાન ચિત્ત। સપ્તક્ષેત્ર સફલીકૃત નિજ વિત્ત। ધર્મધુરંધર। મહં૦ ભોજા ભાર્યા વાઈજલદે પુત્ર। એકાંત દેવગુરૂ ભક્ત। શ્રી શાંતિનાથ ચરણ કમલાર્ચનાસક્ત। મહં૦ રાયમલ ભાર્યા સરસતિ પુત્ર ચિરં૦ લષણસી મહણસી દ્વિ૦ ભા૦ કરમાઈ પ્રમુષ પુત્ર પરિવાર સહિતેન મહં૦ રાયમલ શ્રાવકેણ સર્વ તીર્થકલ્પ ગ્રંથો લેષયિત્વા દત્તઃ ॥ શ્રી ખરતર ગચ્છે। પૂજ્ય ભ૦ જિનભદ્રસૂરિ પટ્ટે શ્રી જિનચંદ્ર સૂરિ શિષ્ય શ્રી જિનેશ્વરસૂરિ શિષ્ય વા૦ સાધુકીર્તિ ગણીનાં સમર્પિતશ્ચ ॥ સકલ શ્રી સંઘસ્ય શુભં ભવતુ ॥ કલ્યાણમસ્તુ ॥

આ છપાતાં પુસ્તકો ઉપરાંત શ્રી જિનવિજય પોતે મુંબઇ યુનિવર્સિટીમાં ડા. વસનજી વ્યાખ્યાનમાળામાં ગુજરાતની સંસ્કૃતિ ઉપર આપેલાં વ્યાખ્યાનો કે જે તે યુનિ૦ તરફથી છપાવવાનાં છે તે પ્રેસ માટે તૈયાર કરવામાં રોકાયેલ છે, ત્યાં ભારતી નિવાસમાં રહેતા પ્રસ્થાનના. તંત્રી શ્રી રામનારાયણ પાઠક અને શ્રી રસિકલાલ પરીખ ઉપરાંત વડોદરા એ. કૉ. માં હાજરી આપવા માટે અમદાવાદ ઉતરેલા મહામહોપાધ્યાય રા. બ. ગૌરીશંકર ઓઝાજી, રા. નહાનાલાલ મહેતા આઈ. સી. એસ. નો સમાગમ થયો તે દરેકને મારા લખેલા 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'ની એકેક નકલ સમાલોચનાર્થે આપવામાં આવી. તે જોઈ તે દરેક મહાશયે અતિ આનંદ વ્યક્ત કર્યો; વિશેષમાં શાંતિનિકેતનમાં કાર્ય કરતા શ્રી વિધુશેખર શાસ્ત્રી અને પ્રોફે મણિલાલ પટેલનાં દર્શન પણ ત્યાં જ થયા. ખરેખર શ્રી જિનવિજયજીનો નિવાસ તે વિદ્વાનોનો અડ્ડો હોય નહિ એવું જણાયું. અહીં ખબર મળી કે વડોદરા એ. કો માં પ્રવેશ થવાના પાસ ખપી ગયા છે અને તેથી પાઠકજી તેમજ પરીખજી જતાં અટકી ગયા છે એટલે મેં પણ ત્યાં જવાનું બંધ રાખ્યું.

અમદાવાદમાં ગુર્જર રત્નાકર કાર્યાલયના સંચાલક શ્રી શંભુલાલ જગશી તથા 'જૈન જ્યોતિ' સાપ્તાહિકના તંત્રી અને બાલગ્રંથાવળીના લેખક રા. ધીરજલાલભાઇને પણ મળ્યો. ધીરજલાલભાઈ મુનિશ્રી વિદ્યાવિજય અને હિમાંશુવિજય પાસે ગયા ને ત્યાં મુનિસંમેલન આદિ અનેક વિષય સંબંધી વાર્તાલાપ થયો. આગ્રામાં શ્રી વિજયધર્મસૂરિ પુસ્તક ભંડાર રાખેલ છે તે ઠીક છે, પણ જો તે ગુજરાતમાં અમદાવાદ કે બીજા શહેરમાં અગર મુંબઇમાં રખાયો હોત તો તેનો લાભ અનેક વિદ્વાનો લઈ શકત એ વાત મેં જણાવી તેમાં ઉકત મુનિશ્રીએ સંમતિ દર્શાવી, તે ઉપરાંત તેની હસ્તલેખિત પ્રતોની સુચિ મંગાવી જોવા મોકલવાનું વચન ઉદારતાથી આપ્યું. વળી તેમણે સંગ્રહ કરાવેલ પ્રશસ્તિઓ જોવા મને મુંબઈમાં મી હીરાલાલ કાપડીઆએ પોતાને ત્યાં બોલાવ્યા પછી મહારાજની ના છે એમ કહી જોવા નહિ આપેલ તે બાબતનો સ્ફોટ પણ તેમની પાસે થયો. સુધારા માટેનાં તેમનાં વ્યાખ્યાનોની કદર અમદાવાદ કરતું હતું એથી પોતે તે ચાલુ રાખશે અને મુનિસંમેલનનું કાર્ય પહેલાંસર ચાલે અને વિજયવંતુ નિવડે એ માટે પોતાથી બનતું કરશે એમ પણ તેમણે વ્યકત કર્યું હતું. આ વખતે 'મુજસવેલી ભાસ' કે જેમાં શ્રી યશોવિજય ઉપાધ્યાયજીનું ટુંક ચરિત્ર છે તેની એક પ્રત શાંતિસાગરના ભંડારમાંથી પં. ભગવાનદાસને મળેલી તે ધીરજલાલભાઇએ મેળવી મુનિશ્રી હિમાંશુવિજયને આપેલી અને તેના પરથી ઉપાધ્યાયજીની જીવન રેખા લખવાનું સોંપેલું; તે વાત નિકળતાં તે આખી કૃતિ મને કયારની પ્રાપ્ત થઈ છે

ને તેનો સાર મારા જૈન સાહિત્યના ઇતિહાસમાં પ્રકટ કર્યો છે એ તેની નકલમાંથી બતાવ્યો, એટલે મુનિશ્રીએ તે કાર્ય મને સોંપવું યોગ્ય છે એમ જાહેર કરતાં તે પ્રત મને અપાઇ ને તેનું કાર્ય મને ધીરજલાલભાઇએ સોંપ્યું. [આ કાર્ય–પ્રસ્તાવના, સંશોધનથી પાઠાંતર સહિત મૂળ કૃતિ, તેનો સાર, અને તે પર ટિપ્પણીઓના પચીસ ફુલ્સકેપ પૃષ્ઠમાં તૈયાર કરી મુંબઇથી ધીરજલાલભાઇ પર મોકલી આપ્યું છે કે જે જુદા પુસ્તકરૂપે છપાનાર છે.]

અમદાવાદ આવીને દે. બ. કેશવલાલભાઇ કુવને મળ્યા વગર કેમ ચાલે? એ દિવસ તેમને ત્યાં જ આગમોના છંદો, અપભ્રંશ ભાષા, પ્રેમાનંદનાં નાટકો, વગેરે વિષય પર ઘણું સાંભળ્યું, અને આનંદ લીધો. તારંગા પાસેના તારાદેવીના મંદિરની મરામત થવી જોઇએ એમ તેમણે ભાર દઇ જણાવ્યું. ભાલણની કાદંબરીના પૂર્વાર્ધની બીજી આવૃત્તિ છપાય છે ને ઉત્તરાર્ધનું કાર્ય ચાલે છે, તેમજ અપભ્રંશ પાહાવલીનું કાર્ય શ્રી મધુસૂદન મોદી સંગાથે તૈયાર થાય છે એ જાણ્યું. વિશેષ હવે અવસ્થાને લઇને તેમજ આંખે મોતીઓ છે તેથી બની શકે તેમ નથી એ પણ તેમણે વ્યકત કર્યું.

ચુમ્બક સાત દિવસ અમદાવાદમાં ગાળી મારા મિત્ર રા. રમણિકલાલ સોલીસીટર આદિ સહિત અગાસ રાજ્યચંદ્રાશ્રમ જોવા ગયા. ત્યાં વસતા કારભારી રા. ચુનિલાલ ધરમચંદ, તેના પુત્ર સોભાગ, ડૉ. ભાટે, શ્રી હીરાલાલ ઝવેરી તથા શેઠ જેસંગભાઇ ઉજમશી અને રા. મણિલાલ કલ્યાણજીનો વિશેષ પરિચય થયો. એક અપૂર્વ લાભ એ થયો કે કોલ્હાપુરની રાજારામ કોલેજના જૈન પ્રોફેસર શ્રીયુત એ. એન. ઉપાધ્યે તથા ભાદરણની હાઇસ્કુલના શિક્ષક પ્રાચીન ગુજરાતીના અથંગ અભ્યાસી રા. ચતુરભાઇ પુરુષોત્તમદાસ પટેલનો અચાનક ભેટો થયો. પટેલજી તો તુરત ચાલી નીકળ્યા પરંતુ ઉપાધ્યેજી ત્યાં એક દિવસ રહ્યા, તેથી તેમની સાથે જૈન સાહિત્ય, ઇતિહાસ સંબંધી ઘણી મીઠી અને આલ્હાદજનક ચર્ચા થઇ. પત્રદ્વારા સંબંધ હતો ને પ્રત્યક્ષ પરિચય થયો. તેઓશ્રી દરેક ભાષામાંના જૈન સાહિત્ય સંબંધી નિબંધોનું અંગ્રેજીમાં એક વોલ્યુમ કાઢનાર છે અને તેમાં સંસ્કૃત ભાષા માટે પ્રોફે૦ ચક્રવર્તી, પ્રાકૃત માટે પોતે, તેમજ બીજી ભાષા માટે જુદા જુદા વિદ્વાનો નિબંધ લખનાર છે અને ગુજરાતી ભાષાના જૈન સાહિત્યનું કાર્ય મને આપવા માટે પત્રવ્યવહાર તેમણે કર્યો હતો. શુદ્ધ અંગ્રેજીમાં લખવાનું અને મનોભાવ બરાબર પ્રદર્શિત કરવાનું વિકટ છે તેથી તે જોખમદારી લેવાની આનાકાની મેં જણાવી હતી; પણ ફરી વાતચીત કરીને તે કાર્ય લેવાનું મારી પાસેથી તેમણે અગાસમાં વચન લીધું.

અગાસમાં સં. ૧૯૮૪ માં દેરાસર કરવામાં આવ્યું છે ને પહેલે માળે શ્વેતાંબર પાષાણ પ્રતિમાઓ પાંચ રાખવામાં આવી છે તેમાં મૂળ નાયક તરીકે વચલી પ્રતિમા શ્રી ચંદ્રપ્રભ જિનની છે, કે જે પાલીતાણાની કચ્છી ધર્મશાળામાંથી મેળવી છે, તે પર પ્રતિષ્ઠા લેખ નીચે પ્રમાણે છે:—

॥ સંવત ૧૯૨૧ શા ૧૭૮૬ પ્ર। માઘ માસે શુકલ પક્ષે સપ્તમી ગુરૂવાસરે અચલ ગચ્છે કચ્છ દેશે તેરા નગર વા। ઉશ વં। લઘુશા। વીસરીયા મોહોતા ગોત્રે શા શ્રી ડોસા પત્રામલ ભાર્યા ઉમાબાઇ પુત્ર શ્રી હિરજી પાદલિપ્ત ન। સિદ્ધક્ષેત્રે શ્રી ચંદ્રપ્રભ જિનબિંબ ભરાપિતં। ગચ્છ નાયક ભટાર્ક શ્રી ૭ રત્નસાગરસુરિશ્વરજી પ્રતિષ્ટીત: ।શ્રા

બે બે પ્રતિમા જમણી ડાબી બાજુએ છે તે પણ તેજ સંવતની ને તેજ આચાર્યની પ્રતિષ્ઠિત કરેલી છે.

આ ઉપરાંત એક ધાતુની પંચતીર્થી પ્રતિમા છે તે પર નીચેનો લેખ છે:—

સં. ૧૬૨૮ વર્ષે વૈશાખ શુદિ ૧૧ બુધે શ્રી આશાપલ્લ્યાં શ્રી શ્રીમાલી જ્ઞાતીય ગાં૦ સા રાજ ભાર્યા સરિયાદે સુત સહિસવીર ભાર્યા સરૂપદે શ્રી કુંથનાથ બિંબ કારિતં તપાગચ્છ નાયક શ્રી ૫ હીરવિજયસૂરિ શ્રી વાચ શ્રી ૫ વિજયસેનસૂરિ સહિતેન પ્રતિષ્ટિતં શુભં ભદ(વ)તુ કલ્યાંણરસ્તુ.

આ દેરાસરના ઉપરના માળમાં દિગંબર મૂર્તિઓ રાખેલી છે. આ આશ્રમના નાયક શ્રી લલુજી ઉર્ફે લઘુરાજજી છે અને તે હાલ ઘણા જર્જરિત અને વાયુગ્રસ્ત શરીરના છે છતાં ઉપદેશ બપોર અને રાત્રે આપ્યે જાય છે. તેઓ મૂળ સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા ને ત્યારે શ્રી રાજચંદ્રનો યોગ થતાં તેમના ઉપાસક બન્યા હતા. તેમણે ખંભાત અને અમદાવાદ વચ્ચેના પ્રદેશમાં ખુબ કરી વિહાર કરી અનેક પાટીદાર–પટેલની સાથે ભળી ભજન કીર્તન કરી તેમનાં મન મેળવી પ્રભાવ પાડી વીતરાગ જૈન ધર્મ પ્રત્યે રૂચિવાળા કર્યા કે જેની સંખ્યા ત્રણ હજાર લગભગ થાય છે એ ઉપરાંત ડા. ભાટે, શ્રી હીરાલાલ ઝવેરી વગેરે અનેક જૈનોને પોતાના અનુરાગી બનાવ્યા છે, અનેકને ચોથા વ્રતની બાધા આપી છે; કેટલાકને બ્રહ્મચારી અને બ્રહ્મચારિણી કરીને આશ્રમમાં રાખ્યા છે. 'આણાએ ધમ્મો'–આજ્ઞા એજ ધર્મ એ પરથી ભક્તિનો પ્રભાવ, સત્પુરૂષનો સમાગમ, સત્સંગ, સદ્‌ગુરૂનો પ્રસાદ થાય તોજ સમ્યકત્વની રૂચિ અને શાસ્ત્રના જ્ઞાનની ખરી પ્રાપ્તિ વગેરે શ્રીમદ્‌રાજચંદ્રમાંથી ફલિત થતા સિદ્ધાંતો તેમજ અધ્યાત્મ અને નિશ્ચય નયનો ઉપદેશ ત્યાં સતત વહ્યાં કરે છે. શ્રીમદ રાજચંદ્ર પુસ્તકનું વાંચન, તેમાંનાં પદોનું ભજન કીર્ત્તન, તેમના આત્મસિદ્ધિ શાસ્ત્રનું પારાયણ વગેરે કંઇને કંઇ સદોદિત ત્યાં થયાં કરે છે. આસપાસના અનેક ભવિકજનો ત્યાં આવ્યે જાય છે એટલે ભક્તિના તત્વને ત્યાં પ્રધાન સ્થાન છે; ને સાથે જ્ઞાનગોષ્ઠી પણ થયાં કરે છે.

દેરાસરની નીચેના હોંયરાના ભાગમાં શ્રી રાજચંદ્રની પદ્માસનસ્થ પાષાણ મૂર્તિ રાખેલી છે. તે ઉપરાંત વ્યાખ્યાન હોલમાં પણ દેહપ્રમાણ કાયોત્સર્ગસ્થ છબી છે ને ત્યાં સર્વ ભજન કીર્ત્તન થાય છે; વળી પૂર્ણિમા આદિ દિવસે બારવખત આરતી અને મંગલદીવો ઉતારાય છે. તે વખતે સર્વે ભેગા થયેલા ખમાસમણાં આપે છે. ને જેઓ માત્ર જોવા આવેલ હોય તેઓને પણ તે ક્રિયામાં બધાની સાથે

શરમેભરમે સામેલ થવું પડે છે એ ખુંચે તેમ છે. બ્રહ્મચારિણીઓ પાંચ ત્યાં રહે છે. બ્રહ્મચારિણીને આશ્રમમાં રાખવી એ એક ભારે પડતી વાત છે, પણ હવે તેમાં વધારો કરવાનું મુકી દીધું છે એમ જાણવામાં આવે છે.

જે લોકો તે આશ્રમ જોવા જાય તેમને ઉતરવા રહેવા માટે મકાન, પાગરણ, ખાવાપીવાની સગવડ વગેરે રાખવામાં આવી છે. ત્યાં રહેતા જનોની દિનચર્યા જોતાં ભક્તિમાં, ધર્મગ્રંથ વાંચનમાં અને શ્રીમદ રાજચંદ્રના મોટા પુસ્તકની વિચારણામાં તેમજ વ્રતસેવનમાં જાય છે તેથી કુથલીમાં, ખંડનમંડનમાં, અને અસંયમમાં સમયનો દુરુપયોગ સામાન્ય રીતે ત્યાં થતો નથી એમ દેખાય છે, બાકી ત્યાં અધ્યાત્મ શાંતિ અને સંતાપત્રયનું નિવારણ થાય છે કે નહિ એ તો ત્યાંના બુદ્ધિશાળી નિવાસીઓ કહી શકે. શ્રી રાજચંદ્ર એક કવિ ઉપરાંત અધ્યાત્મી ફિલસુફ હતા એ તો તેમના પત્રો અને કૃતિ કહી આપે છે અને તેમના લખાણનું શ્રીમદ રાજચંદ્ર નામનું પુસ્તક આજકાલના જૈન યુવાનો અને જૈન ધર્મના અભ્યાસીઓને અતિ પ્રિય થઇ પડે તેમ છે. ગચ્છ મત મતાંતરનો ત્યાગ કરી શ્રી મહાવીર પ્રભુ પ્રણીત શુદ્ધ સનાતન વીતરાગ ધર્મનું અવલંબન કરવું ઘટે એ તેમની મુખ્ય વાત હતી. તેવા ગચ્છ કે મત મતાંતર ટાળવા જતાં તેમનાં વચનોનોજ અનુરાગી વર્ગ આવાં આશ્રમોથી એક વિશેષ માર્ગ પ્રવર્ત્તાવે અને પ્રભુની પૂજ્ય સ્થાન લે એ ઘટિત નથી એમ અમને તેમજ ઘણાને લાગે છે.

અમે અગાસ ત્રણ દિવસ ગાળ્યાં પછી અમારો પ્રવાસ પૂરો થયો.

લાલા કન્નોમલજીનો સ્વર્ગવાસ—લાલા કન્નોમલજી એમ. એ. ધોલપુરના સેશન્સ જજ હતા. પોતે બ્રાહ્મણ અને જૈનેતર હોવા છતાં જૈન ધર્મના અત્યંત પ્રેમી હતા. આગ્રાના બાબુ દાલચંદજીના ચિરપરિચિત હોઇ તપાગચ્છના વિજય વલ્લભસૂરિ આદિ અનેક શ્વેતામ્બર સાધુઓના પરિચયમાં આવ્યા હતા. તેમણે શ્રી આત્મારામજી કૃત ચિકાગો પ્રશ્નોત્તરનું અંગ્રેજી ભાષાંતર કર્યું હતું અને સપ્તભંગી આદિ જૈન વિષયો પર અંગ્રેજી લેખો લખી પોતાનું જૈન સિધ્ધાંત અને ઇતિહાસનું ઠીક જ્ઞાન હતું એ બતાવી આપ્યું હતું તેમનું માનવું એ હતું કે જૈન ધર્મનો ઉદયકાલ ઇતિહાસની સીમાની પેલી પાર છે અને જૈન ધર્મનો સ્યાદ્વાદ સિધ્ધાંત અટલ અને સત્યની કસોટી કરનારો છે. જૈન સાધુઓ ઉચ્ચ શ્રેણીના છે અને અન્ય ધર્મોના સાધુઓથી આગળ વધેલા ઊંચે ચઢેલા છે. આવા વિદ્વાન તટસ્થ અને વિશાલહૃદયી સજ્જનનો સ્વર્ગવાસ બે માસ પહેલાં થવાથી જૈન ધર્મનો એક સારો અભ્યાસી સદાને માટે ગયો છે. પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે.

દેશી રાજ્યોની રક્ષાનું બિલ—સરકારને દેશી રાજ્યો ખાડકવાયા થયાં છે અને તેથી તે તેમની રક્ષાને માટે એક નવો કાયદો કરવા ચાહે છે. તે કાયદો એવો છે કે કોઇપણ દેશી રાજ્ય પર કડક ટીકા કરવી તે ગુનહો સમજશે અને સરકાર એવી ટીકા કરનારને જ્યારે ઇચ્છે ત્યારે ગિરફતાર કરી મુકદમો ચલાવશે. અત્યારસુધી દેશી રયાસતોની દુઃખી પ્રજા કદિ કદિ બ્રિટિશ ભારતનાં સમાચારપત્રોમાં પોતાનાં કષ્ટોનાં રૂદન કરી પોતાનું મન શાંત કર્યા કરતી હતી, અને તેથી જનતાને રયાસતોનું રહસ્ય કંઇક જણાતું હતું અને રાજાઓ પણ લોકમતના ભયથી કંઇક સચેત થતા હતા, પરંતુ આ કાનુનથી આવા લેખોનું પ્રકાશિત થવું મુશ્કેલ થઇ જશે અને આપણા રાજા મહારાજાઓ પેટ ભરીને અત્યાચાર કરવો હોય તો કરી શકશે અને તેની સામે કોઇ ચૂં કે ચાં કરી નહીં શકે. કોઇ અખબારે આ પર કંઇ લખ્યું તો તેને મોટે ઘેર પહોંચાડી દેવામાં આવશે.

આ બિલ અભિપ્રાય માટે પ્રાંતીય સરકાર અને હાઇ કોર્ટ જજ સાહેબો પર મોકલવામાં આવ્યું હતું. પ્રાંતીય સરકારે તો જીગરથી તેને યા તેના સિદ્ધાંતને માન આપ્યું કારણકે એમ કરવું તે તેનો ધર્મ હતો, અને હાઇ કોર્ટના જજોમાંથી ઘણાઓએ કંઇપણ અભિપ્રાય આપવાનું ઉચિત ધાર્યું નથી. માત્ર અલ્હાબાદ હાઇકોર્ટના બે જજો નામે મિ. જસ્ટીસ નિયામતુલ્લાહ ચૌધરી અને મિ૦ જસ્ટિસ રક્ષપાલસિંહેજ તેનો વિરોધ કર્યો છે. ચૌધરી સાહેબનું કથન એવું છે કે પીડિતોને પોતાની ફર્યાદો વાઇસરોય સુધી પહોંચાડવાનો અધિકાર અને દેશી રાજ્યોની હાઇકોર્ટ વિરૂધ્ધ પ્રિવિ કૌંસિલમાં અપીલ કરવાની મંજૂરી મળવી જોઇએ. જસ્ટિસ રક્ષપાલસિંહનું વક્તવ્ય એ છે કે છેવટે દેશી રાજ્યની પ્રજાને પોતાનાં કષ્ટના નિવારનું બીજું કયું સાધન છે? આનું નામ નિર્ભય ન્યાયપ્રિયતા!

શ્વેતામ્બરી જૈનોનાં ઘણાંખરાં તીર્થો દેશી રાજ્યોમાં છે અને તીર્થો સંબંધી વારંવાર ઝઘડા ખુદ રાજ્ય તરફથી ઉભા થાય છે તે વખતે તે માટે અખબારોદ્વારા આંદોલન, બ્રિટીશ સરકારને અરજીઓ સિવાય બીજો કોઇપણ માર્ગ નથી. દાખલા તરીકે શ્રી શત્રુંજય તીર્થ સંબંધી ઉભો થયેલો મામલો ત્યાંના રાજ સાથેના ઝઘડાના પરિણામે હતો, હમણાં કેશરીઆજી તીર્થ સંબંધી મામલામાં પણ ત્યાંના ઉદયપુર નરેશ પાસે દાદ ફર્યાદ માગવાનું રહે છે અને જો વ્યાજબી ફર્યાદની વ્યાજબી દાદ બધાં ધોરણસરનાં પગલાં લેવા છતાં ન મળે તો બીજો કયો માર્ગ જૈન પ્રજા માટે છે? સિવાય કે બ્રિટિશ સરકાર પાસે જવાનો અને જાહેરમાં ચળવળ કરવાનો. આવી સ્થિતિમાં દેશી રાજ્યોનું રક્ષણ કરવા અર્થે કરવા ધારેલો કાયદો પસાર થશે તો સંસ્થાનોની પ્રજાના હાથ પગ જકડાઇ જશે, મોં પર ડુચો મારવો પડશે, અને જે કંઇ જુલ્મ આવી પડે તે મુંગે મોઢે સહન કરવું પડશે. આ ઉપરના અલ્હાબાદના જજ સાહેબોએ આપેલ અભિપ્રાય મુજબ કાયદામાં ફેરફાર થવો જોઇએ યા તે રદ કરવો જોઇએ. આપણી ધારાસભાઓ આ પર ધ્યાન આપી તેને ઉડાડી દેવા, તેનો પુરેપુરો વિરોધ કરવા, સમર્થ થાય એ ઇચ્છીશું, તેમ ન બને તો આવશ્યક ફેરફારો દેશી પ્રજાના લાભ પુરતા કરાવવામાં કચાશ નહિ રાખે એમ ઇચ્છીશું.

સાંપ્રદાયિક ઝનુને વાળેલું સત્યાનાશ—મુંબઇ મુસ્લિમ વિદ્યાર્થીમંડળમાં મુંબઇ સરકારના અર્થ-સચિવ સર ગુલામ-હુસેન હિદાય તુલ્લાહે જે ભાષણ આપ્યુ હતું તે વાંચી એવો કયો રાષ્ટ્રપ્રેમી છે કે જેનું દિલ આનંદથી ખીલી નીકળે નહિ. આ સાંપ્રદાયિક ઝનુનના યુગમાં આ ભાષણ વ્યાપક અંધકારમાં એક દીવા સમાન છે. મુસ્લિમ નેતાઓમાં એવા થોડાજ આંગળીએ ગણીએ તેવા છે કે જે દેશના પ્રશ્નોને રાષ્ટ્રની નજરથી જોતા હોય. પોતાની કોમના વિદ્યાર્થીઓને આત્મ નિર્ભરતાનું મહત્વ બતાવતાં બહુ સત્ય કથન તેમણે વ્યકત કર્યું 'વાતવાતમાં આપણા સમુદાયને માટે વિશેષ વિશેષ રક્ષણની બાંગ પુકારવી અપમાનજનક છે. આપણે આપણા પગો પર ઉભા રહેવું જોઇએ. આપણે કેવલ આપણી યોગ્યતાના બળ પર આગળ વધવું જોઈએ, અને એમ કરવાથી આપણે આપણું સામુદાયિક કલંક ધોઇ નાંખી શકશું.'

વિશેષમાં તેમણે એ જણાવ્યું કે 'આપણો ધર્મ આપણને ઐક્યની શિક્ષા આપે છે, તે ઐકય આપણા સંપ્રદાય પુરતુ નહિ પણ બીજાઓની સાથે પણ ઐકય કરવાનું કહે છે. સાચી વાત તો એ છે કે આ સાંપ્રદાયિક ભેદોથી આપણું પતન થયું છે. આપણે બધા તેનાથી થયેલા હાનિ બમીએ છીએ. આપણે પોતાનાજ હિતોનો વિચાર કરીને બીજાઓની સાથે મળી જવું જોઇએ. આ ભેદોનાં કારણ અવિશ્વાસ અને સંદેહ-શંકા છે, આપણે બીજાઓના દૃષ્ટિકોણથી દેખતા નથી.''

પછી તેમણે પોતાના સહધર્મીઓની એ શંકાનું સમાધાન કર્યું કે 'હિન્દુઓ મુસ્લીમ પર અધિકાર જમાવવા ચાહે છે એ શંકા નિઃસાર છે કારણકે સંખ્યાના હાથમાં શક્તિ હોતી નથી, પરંતુ મગજના હાથમાં હોય છે.' આવા સમદર્શી સજ્જનોની સંખ્યા દરેક સંપ્રદાયમાં હોય તો અત્યારની છિન્નભિન્નતા જોવાય છે તે જોવાનો ને તે પર રોવાનો વખત ન આવત. છતાંય આવા સજ્જનોના પુરૂષાર્થથી સર્વ સંપ્રદાયો એક ભારતના સંતાનો છે એ ભાવનાદ્વારા ઐકયની સિદ્ધિ વહેલી મોડી પણ થવાની છે. જોનો પણ સંપ્રદાયોના ઝગડા છોડી પોતાનું સંગઠન અને ઐકય કરી ભારતની ઉન્નતિમાં ફાળો આપ્યા જશે એ આશા અસ્થાને નથી.

(અનુસંધાન પૃષ્ટ ૧૨૧ ઉપર.)

બ્રાહ્મણની વર્ણાશ્રમરચના.

પંડિત! ધન્ય આપકી માયા
નિજ સ્વારથ હિત ઉંચનીચકા વર્ણ-વિધાન બનાયા
આપ બને મહારાજ મજેમેં સિગરા દેશ લડાયા-
લડ-લડાકુન કો 'ક્ષત્રિય' કહિ. રાજભોગ સમઝાયા
દુર્બલ દીન પ્રજા પર ઉનસેં, બહુત અનર્થ કરાયા-
કૃષિ વ્યાપાર સૌંપિ 'બનિયન' કો, અપની ઓર મિલાયા
દાન-બહાને કર નિજ બાંધે, સ્વરગ કે લોભ લુભાયા-
કડી ટહલ-સેવા મિહનત કો, 'શુદ્ર'-કર્મ ઠહરાયા
કરે દાસતા તીન વરણકી, જૂઠા ખાય પરાયા-
ગઢિ શ્લોક શિલ્પ કારન કો, 'સંકર' વરણ બતાયા
સબકે કર્મ ગનાય આપુકો, કર્મ-રહિત કથિ ગાયા-
સ્ત્રી શુદ્ર પશુ સમ રાખે, પઢના નહીં સિખાયા
ઉચ્ચ-ભાવના જગે ન ઉનમેં, કૈસા ફંદ ફસાયા-
પરમારથ-મિષ કર્મકાંડકા, જુઠા જાલ બિછાયા
ગઢિ-ગઢિ કથા દેવ-દેવીકી, સિગરા જગ ભરમાયા-
નિજ પ્રભુતા થાપન હિત પંડિત, જે તુમ્હરે મન આયા
ઝુઠે શાસ્ત્ર પુરાન અનેકન, રચિરચિ જગ હિ સુનાયા
ક્ષત્રિન કે અવતાર બનાયે, અપના પાંવ પૂજાયા
ગોધન-દાન માંગિ છકિછકિ કે, દૂધ દહીં ઘી ખાયા-
રાસ-વિલાસ કૃષ્ણ-રાધા રચિ, નગ્ન શિખ રસ ચુચુવાયા
અનિ લંપટ ગુરૂ વિષય-ભોગમેં, ભારત દેશ ડુબાયા-
ધર્મગુરૂ હૈ વિકટ દંભકા, દોંગ જગતમેં છાયા
ભોગવાસના તનિક ન ત્યાગી, તાકત માલ પરાયા-
દયા સત્ય સમતા માનવતા કા, કર દિયા સફાયા
કહો, સંગઠન હોઇ કહાંસેં, સ્વારથ ચહુંદિશિ છાયા-
ઉગો જ્ઞાનરવિ ભયો 'જાગરણ' પલટી જગકી કાયા
અબ 'પ્રકાશ' છલબલ ચલિ હૈ કમ, ભારત હૈ અકુલાયા-

પંડિત! ધન્ય આપકી માયા.

'જાગરણ' ૨૨-૧-૩૪. પ્રકાશસ્વરૂપ.

મહાપુરૂષોની નિકટ જતા નહિ.

સ્વામી સત્યદેવજી એક ઉંચી શ્રેણીની વ્યક્તિછે. પ્રાયઃ તેઓ સમયાનુકુલ નવયુવકોને ઉપયોગી લેખ સમાચાર પત્રોમાં લખ્યાં કરે છે. એક લેખમાં તેમણે 'પોતાના અનુભવની કંઇક વાતો લખી છે તેમાં એ વાત પર પોતાના વિચારો પ્રકટ કર્યા છે. પહેલી વાત એ છે 'અમારો અનુભવ કહે છે કે મહા પુરૂષોની અતિ નિકટ જવું ઉચિત નથી, નહિ તો મોટી નિરાશા થશે' બીજી વાત એ છે કે 'જો આપનો કોઇ ધનવાન મિત્ર હોય તો તેની પણ અતિ નિકટ ન જવું.'

આમાંની બીજી વાત કેટલાક અંશોમાં સત્ય છે, પરંતુ પહેલી વાત અમારી બુધ્ધિ અનુસાર કંઇક અસંભવ જેવી પ્રતીત થાય છે. સંસારમાં એવી ઘણી થોડી વ્યક્તિ છે કે જેનું બાહ્યજીવન તથા અંતરંગ જીવન-ગૃહજીવન એક સરખું હોય. આવા અનેક મહાપુરૂષ તથા સુધારક કહેવડાવનારી વ્યકિત દરેક સમાજમાં છે, કે જે જનતાની સંમુખ સુંદર ઉપદેશ આપશે. લાંબાં પહોળાં વ્યાખ્યાનો કરશે કે માદક વસ્તુઓનું સેવન ન કરો, વિદેશી વસ્તુઓનો ત્યાગ કરો, પરંતુ તેમનાં ઘેર જઈ જોઇશું તો પોતે તેજ અનેક બુરાઇઓમાં લીન જણાશે. શું આપણે એવી વ્યકિતને મહાપુરૂષ કહી શકીએ? આપણે કોઇનાં સુંદર વ્યાખ્યાનો સાંભળી તેના બાહ્યાચરણને દેખી તેને મહાપુરૂષ માની લઇએ છીએ, તો આપણે આપણને પોતાને છેતરીએ છીએ. તો આપણો ધર્મ તો એ છે કે આપણે કોઇને મહાપુરૂષ માનીએ તે પહેલાં તેને પૂર્ણ રૂપમાં પારખી લેવો જોઇએ. મહાપુરૂષ તો તેનું નામ કે જે જન સમાજની સંમુખ જે વાતો કહે છે, તેનું આચરણ પોતે કરતો હોય અને આવા મહાપુરૂષમાં નિરાશા થવી અસંભવ છે.

'કોઇ મહાપુરૂષદ્વારા લાભ લેવા માગીએ તો તેનો દુરથી અભ્યાસ કરો' એમ કહેવું એ વિચિત્ર છે. મહાપુરૂષોના જીવનની દરેક દિવસની નાની નાની વાતોનું નિરીક્ષણ કરવાથી આપણે આપણને જેટલા સુધારી શકીએ છીએ, જેટલા ઉંચા આવીએ છીએ, જેટલો લાભ લઇ શકીએ છીએ, તેટલા પ્રમાણમાં તેમનાથી દૂર રહેવામાં આપણને લાભ મળતો નથી. મહાપુરૂષોના જીવનમાં તેમના જે કાર્યો પ્રકટરૂપે સંસારની સંમુખ તેઓ કરે છે તે તેમનાં જે કાર્યો ઘરની અંદર પોતાના નિત્ય વ્યવહાર રૂપે કરે છે તેટલા શિક્ષાપ્રદ થતાં નથી. બધા પાસે તો દુષ્ટ પણ ભલો બનવાનો પ્રયત્ન કરે છે, બુરો સારો થવાની ચેષ્ટા કરે છે. સમાજની પાસે કોઇ ચોર પોતાને ચોર કહેતો નથી, તે તો પોતાને સર્વદા સાચો સિદ્ધ કરવાની ચેષ્ટા કરે છે. જો આપણે સાચા ગુણ-ગ્રાહક હોઇએ તો આપણું કર્ત્તવ્ય એ છે કે આપણે કોઇને મહાપુરૂષ માની લઇએ તે પહેલાં તેને પૂર્ણરૂપથી સમજી લેવો. જો કોઇ મહાપુરૂષનો લાભ લેવા માગતો હોય તો તેની સાથે થોડા દિન રહી જોવું, તેના ગૃહજીવનનું નિરીક્ષણ કરવું, આપણે જોવું જોઇએ કે નોકરોની સાથે તેનો કેવો વ્યવહાર છે, તે તેને ગાળ દઇને બોલાવે છે કે પ્રેમથી પુકારે છે. માતા, પિતા, ભાઇ બ્હેન તથા સ્ત્રીની સાથે તેનું કેવું આચરણ છે? તે માતાપિતાની આજ્ઞાનો પાળક છે કે તેમને ઉપેક્ષાની નજરે નિહાળે છે? તે પોતાના પડોશીઓ સાથે કેવો સંબંધ રાખે છે? હિસાબ કિતાબ કેવી જાતના રાખે છે? તેના સુવાના કામ કરવાના વગેરે નિયમો અને સમય કેવી રીતે વ્યવસ્થિત છે? જો આ પરીક્ષામાં પૂર્ણરૂપે સફલ થઇ જાય તો તે મહાપુરૂષ છે અને તેને આપણે કેટલાક અંશે આપણો આદર્શ માની શકીએ છીએ.

અનેક લોકોનો એવો ખ્યાલ છે કે કોઇના 'બાનગી' જીવન સાથે આપણને શી મતલબ? તેનું 'જાહેર' જીવન જોવું જોઇએ. આવો જેનો સિદ્ધાંત છે તે ભૂલ કરે છે. નામધારી સમાજ સુધારકો, પંડ્યા પુરોહિતો તથા ઉપદેશકોના ચક્કમાં પડીને ઘણા લોકોએ ગુમાવ્યું છે. હવે સંભાળવું જોઇએ. આ આદર્શ નવયુવક સમાજને પતન તરફ લઇ જનાર છે.

સંગતનો પ્રભાવ પ્રત્યેક મનુષ્ય પર પડે છે. જો આપણે ભલા મનુષ્યોની સાથે રહીએ તો ભલા બની શકીએ, બુરી વ્યકિતઓ સાથે રહેવાથી તેમના નિંદ્ય આચરણથી આપણું પતન થાય છે, એ નિઃસંદેહ છે. વિચારવાની એ વાત છે કે જેટલો લાભ આપણે મહાપુરૂષોની પાસે રહી મેળવી શકીએ, તેટલો લાભ તેમનાથી દુર રહી કેમ મેળવી શકીએ? મહા પુરૂષોની પાસે રહી તેમના ગુણોને જોઇ તે ગુણો અપનાવવાની ચેષ્ટા કરવી જોઇએ.

સ્વામીજી સત્યદેવે મહાત્મા ગાંધી પાસે રહેનારી એક મહિલાનું વર્ણન પોતાના લેખમાં કર્યું છે. આ લખવાની સામે એક બીજી મહિલાનું સ્મરણ તેને કેમ ન આવ્યું? દેવી મીરાબાઇને કોણ નથી જાણતું? મહાત્મા ગાંધીની એક પ્રિય શિષ્યા તે છે. જો તે મહાત્મા ગાંધીના આટલા નિકટમાં નિકટ સંપર્કમાં ન આવત તો કોણ કહી શકે છે કે તે મિસ સ્લેડમાંથી આજની દેવી મીરાબાઇ બની શકત. મહાત્મા ગાંધીની પાસે રહેવાથી ઘણી વ્યક્તિઓમાં અદ્‌ભુત પરિવર્ત્તન થઇ ગયું છે. અનેક કુટુંબો કે જે સર્વદા વિદેશી વસ્ત્રોનો વ્યવહાર કરતા હતા તે આજે ખાદી તથા સ્વદેશી વસ્ત્રો પહેરતાં જોવામાં આવે છે.

સાચા મહાપુરૂષો તો તે છે કે જેમનું બાહ્ય જીવન તથા ગૃહજીવન એક છે. જેનું ગૃહ જીવન જુદું અને બાહ્યજીવન તેથી જુદું તેને ઢોંગી કહી શકાય. આ પ્રકારના સાચા મહા-પુરૂષોના જીવનથી ભલા નિરાશા કેવી રીતે આવી શકે? તેમની પાસે રહેવાથી આપણે ઉચ્ચ અને ઉન્નત થવાની ચેષ્ટા કરીશું તથા આપણા આદર્શ અને મનોભાવોને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બનાવી અનેક લાભો મેળવીશું.

ગજાનનસિંહ.

(પૃષ્ટ ૧૨૦ ઉપરથી ચાલુ.)

પતિતોદ્ધારક જૈન ધર્મ—જે ધર્મે અન્ય ધર્મમાં થતી યજ્ઞમાં હિંસા, વર્ણાશ્રમના ઉંચનીચ ભેદ અને દેવતાની કૃપા પર રખાતા અવલંબન સામે મહાન ઝુંબેશ ઉપાડી પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ અને વ્યાપક ન્યાય અને સદબુદ્ધિનું વાતાવરણ પ્રતિષ્ઠિત કર્યું છે તે ધર્મમાં અસ્પર્શ્યતા, અછુતતા, જન્મથી નીચતા અધમતા, તિરસ્કાર, અવલેહના વગેરેને સ્થાન હોઇ ન શકે એમ એક સામાન્ય નજરથી અવલોકનારને પણ લાગે તેમ છે; પરંતુ તે વિગતને બરાબર શાસ્ત્રાદિના ધાર્મિક કથાઓનાં પ્રમાણથી પૂરવાર કરવા માટે એક પુસ્તક કોઇ વિદ્વાનને હાથે લખાય એની ખાસ જરૂર છે. આ સંબંધમાં હાલ વિદ્યમાન મુનિ મહારાજાઓ પૈકી જે બહુશ્રુત હોય તે ઘણો પ્રકાશ પાડે એમ અત્યારે 'હરિજન' ના ઉધ્ધારના ચાલતા આંદોલન વખતે આશા રાખી શકાય એ આશા હજુ સુધી પાર પડી નથી છતાં હજુ પણ થોડા વખતમાં તે પાર પડે એમ જૈન જનતા ઇચ્છે છે.

સાક્ષર શ્રી જુગલકિશોર મુખ્તાર, (સરસાવા, જિલ્લા સહરાનપુર) જણાવે છે કે પતિતોના ઉધ્ધાર સંબંધી જૈન ધર્મના શા સિધ્ધાંત છે અને તે ધર્મનો આશ્રય લઇ કેવા પતિતોના ઉદ્ધાર થયા છે એ બધું સ્પષ્ટરૂપે સારા હૃદયસ્પર્શી શબ્દોમાં બતાવવા માટે 'પતિતોદ્ધારક જૈન ધર્મ' એ નામનું એક ઉત્તમ પુસ્તક હિંદીમાં લખાવાની જરૂર છે. તેનું કદ ક્રાઉન્સકેપ ૧૨૫ પૃષ્ઠ અથવા બાર ફ્રામથી ઓછું ન હોવું ઘટે. તેના આરંભમાં બે ફ્રામનો એક નિબંધ આવે કે જેમાં પતિતોના ઉદ્ધાર વિષયે જૈન ધર્મની ઉદારતાને સૈધ્ધાંતિક અને ઐતિહાસિક એમ બંને પ્રકારની નજરથી ખૂબ સ્પષ્ટ-પણે બતાવવામાં આવે: અને સાથે તે મુખ્ય મુખ્ય પ્રમાણોનો સંગ્રહ પણ કરવામાં આવે કે જે દિગંબર અને શ્વેતાંબર બંને સંપ્રદાયોના ગ્રંથોમાં પ્રસ્તુત વિષયના પોષણાર્થે મળી આવે છે. બાકીના ભાગમાં તે ખાસ પતિત મનુષ્યોની સંક્ષિપ્ત કથાઓ મુકવી જોઇએ કે જેનો ઉધ્ધાર જૈન ધર્મથી થયો હોય, અને

જે સંક્ષેપ કે વિસ્તારમાં કોઇપણ જૈન સંપ્રદાયના ગ્રંથમાં મળી આવતો હોય. આ કથાઓ આધુનિક પધ્ધતિનું અનુકરણ કરીને સરલભાષામાં એવી સારી પ્રભાવશાલી શૈલીમાં લખાવી જોઇએ કે જેને વાંચતાંજ પતિતોના ઉધ્ધાર સંબંધે હૃદયને ઉ-તેજના મળે. જે વિદ્વાન મહાશય લોક હિતની દ્રષ્ટિથી આવું પુસ્તક લખવાનો પરિશ્રમ લેશે ને ૩૦ મી સપ્ટેંબર સુધીમાં મોકલશે તેમાંથી જેનું પુસ્તક સર્વોત્તમ ગણાશે તેને સો રૂપિયા રોકડા ઇનામ કે સત્કારના ભેટ રૂપે આપવામાં આવશે આનો નિર્ણય ત્રણ વિદ્વાનોની સમિતિથી થશે.

અમે આવા પુસ્તક લખાવાની ખાસ જરૂર જોઇએ છીએ. અત્યારસુધીમાં 'હરિજન' સંબંધે હિંદુ શાસ્ત્રાદિમાં શું કહેવામાં આવ્યું છે તેની ચર્ચા ઘણી થઇ છે અને તે માટે આખા ભારતના હિંદુ સવર્ણ અવર્ણમાં ભારે ખલભલાટ થયો છે. જૈન ધર્મમાં હરિકેશી (ચાંડાલ) મહામુનિ, હરિબલમાછીની કથાઓ છે, ઉત્તરાધ્યયન સૂત્રમાં હરિકેશી અધ્યયન છે, શ્રેણિક અને ચાંડાલ ગુરૂની પ્રસિદ્ધ વાત છે, અને જુદા જુદા કથા ગ્રંથોમાં શોધ કરતાં ચંડાલ માતંગ, શુદ્ર, આદિ સંબંધે ઘણું મળી આવશે 'મિત્તિ મે સવ્વ ભૂએસુ'–સર્વ ભૂત–પ્રાણિ પ્રત્યે મૈત્રીનો દાવો કરનાર સર્વે જીવો એક સરખા છે અને દરેક જીવના આત્મામાં પરમાત્મા જેટલું એટલે અનંત જ્ઞાનાદિ છે અનંત ચતુષ્ઠયી છે–એવા સિદ્ધાંતોને પોકારી પોકારી કહેનાર જૈન ધર્મ કોઇ મનુષ્યાત્માને અડીને તેના જન્મને કારણે આભડછેટ આવે છે કે કોઇ મનુષ્યાત્મા જન્મથીજ અસ્પર્શ્ય બને છે એવું કહેતો હોય–માનતો હોય કે મનાવતો હોય એ સમજમાં આવે તેમ નથી. છતાં તે વાતનો રફેટ બરાબર ન્યાયબુદ્ધિથી શાસ્ત્રનાં કથનોનો મર્મ સમજી–સમજાવીને થવો ઘટે.

શ્રી કેશરીઆજી અંગે ઠરાવ.

શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક સભા તા. ૨૬-૧-૩૪ શુક્રવારના રોજ રાતના ૮॥ વા. ટા. ૮ વાગે સંસ્થાની ઓફીસમાં શેઠ **ચીનુભાઇ લાલભાઇ સોલિસિટર** ના પ્રમુખપણા હેઠળ મળી હતી, જે સમયે સભ્યોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

સભામાં શિરોહીથી આવેલા શેઠ **ભભૂતમલ ચત્રાજી** અને બાબુ **ખીમચંદજી સિંધી**: એમ.એ; એ હાજરી આપી હતી. શ્રી કેશરીઆનાથજી તીર્થ સંબંધે ઉપસ્થિત થયેલી પરિસ્થિતિ સબંધે લબાણ ચર્ચાના પરિણામે નીચેનો ઠરાવ પાસ કરવામાં આવ્યો હતો :—

"શ્રી કેશરીઆજીના સંબંધમાં જે અનેક પ્રકારની ફર્યાદો ઉભી થઇ છે તે સંબંધમાં શ્વેતાંબર જૈન કોમના હક્ક સંબંધી સંપુર્ણ વિગતોથી ભરપુર એક મેમોરિયલ તૈયાર કરવા અને તે સંબંધમાં યોગ્ય સલાહ લઇ જેમ બને તેમ જરૂરી જગ્યાએ જલ્દી રવાને કરવા અને તે સંબંધમાં ડેપ્યુટેશન મોકલવા વગેરે કાર્ય કરવા, જરૂર લાગે તે સંબંધમાં યોગ્ય કરવા નીચેની એક પેટા કમિટી નીમવામાં આવે છે. સદર સમિતિએ વખતો વખત શ્રી શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સની કાર્યવાહી કમિટીને રિપોર્ટ કરવો.

પેટા કમિટિના સભ્યો—શ્રી મકનજી જે. મહેતા, બાર–એટ–લો: શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, સોલિસીટર; શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, સોલિસિટર; શ્રી હીરાલાલ હાલચંદ દલાલ, બારીસ્ટર; શ્રી ચિનુભાઇ લાલભાઇ શેઠ, સોલિસિટર; શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ, એડવોકેટ; શ્રી રમણિકલાલ કે. ઝવેરી, સોલિસિટર; શ્રી રણછોડભાઇ રાયચંદ ઝવેરી, શ્રી જમનાદાસ અમરચંદ ગાંધી, શ્રી મોહનલાલ હેમચંદ ઝવેરી અને શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલ. ઉપરોક્ત ઠરાવ શેઠ મોતીચંદ ગિ. કાપડીઆએ રજુ કર્યો હતો અને તેને ડૉ. નાનચંદ કે. મોદીના ટેકો મળતાં સર્વાનુમતે પાસ થયો હતો. બાદ પ્રમુખશ્રીનો આભાર માની મોડી રાતે સભા વિસર્જન થઇ હતી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

સ્ટેન્ડિંગ કમિટીના સભાસદોને

વિજ્ઞપ્તિ.

सविनय निवेदन के आप आ कॉन्फरन्सनी ऑल इन्डीआ स्टेन्डींग कमिटीना सभ्य छो ते बीना आपने सुविदित छे. बंधारण अनुसार दरेक सभासदे ओछामां ओछा रुपीया पांच श्री सुकृत भंडार फंडमां आपवा आवश्यक छे. तदनुसार आपनो चालु एटले संवत् १९९० नी सालनो फाळो तुरत मोकली आपवा विनंति छे.

कार्यवाही समितिना ठराव अनुसार आ फाळो वर्ष शरु थतां चार मासमां दरेक सभासदे भरी आपवो जोइए ए जरुरी छे. आशा छे के आपनो फाळो तुरत मोकली आपवा गोठवण करशो.

ली. श्री संघ सेवको,

२०, पायधुनी, मुंबई ३. | रणछोडभाई रायचंद झवेरी. मोहनलाल भगवानदास झवेरी. स्थानिक महा मंत्रीओ.

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, 14, Pydhoni, Bombay 3, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:–'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B–1996.

॥ નમો તિત્થસ્સ ॥

જૈન યુગ.

卐

The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ–પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. ઍડવોકેટ

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ પૈસાનો.

વર્ષ જીનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧૫ મી ફેબ્રુઆરી ૧૯૩૪. | અંક ૩૯.

વિષય સૂચિ.

૧. કુદરતનું તાંડવ નૃત્ય ... ... પૃ. ૧૨૩
૨. પંડિત શ્રી સુખલાલજીનો પત્ર ... ,, ૧૨૪
૩. અવલોકન અગ્નિશિખાનું તંત્રી ... ,, ૧૨૫
૪. વિવિધ વિષય–એક જૈન ભાઇનું અવસાન, ખરો તત્વજ્ઞ કોણ અને ધર્માન્ધ કોણ? જૈન અઢીસો વર્ષ ઉપરનું વણાટ કામ પૃ. ૧૨૭-૮
૫. તંત્રી નોંધ-લગ્નનું વિસ્તૃત ક્ષેત્ર ... ,, ૧૨૯
૬. ખજુરાહોનાં જૈન મંદિર ... ,, ૧૨૯
૭. દલિત કોમોની સેવા, રા. અમૃતલાલ ઠક્કર. ,, ૧૩૦

કુદરતનું તાંડવનૃત્ય.

આપણી માનવતા અને બંધુભાવનાની આ અગ્નિ પરીક્ષા છે. આપણે કલ્યાણ માટે મોટી મોટી તીર્થ-યાત્રાઓ કરીએ છીએ, દાન પુણ્ય કરીએ છીએ, આપણે આપણાં આત્મ–પ્રદર્શનને માટે પૈસાને ઠીંકરાં ગણીએ છીએ, અને ભોગવિલાસ માટે ધનને પાણી પેઠે વાપ-રીએ છીએ. શું આજે જ્યારે આપણા લાખો ભાઇ અકથનીય કષ્ટ ભોગવી રહ્યા છે ત્યારે આપણે આપણી મંગલ કામના માટે તીર્થયાત્રા કરતા રહીશું? જ્યારે આપણા લાખો ભાઇ અન્ન વગરના અને નાગા રહી ત્રાસ પામી રહ્યા છે, ત્યારે શું લગ્ન વિવાહમાં રૂપીઆ લુંટાવવા આ સમયે ઉચિત છે? જ્યારે પ્રકૃતિ પોતાનું તાંડવ નૃત્ય બતાવી રહી છે ત્યારે આપણે હજુ પણ તમાશા જલસા (સીનેમા નાટક આદિ) જોતા રહીશું? પીડિતો માટે ઘણી તત્પરતાથી સહાયતાનું કામ શરૂ થઇ ગયું છે. સરકારી અને બીનસરકારી શક્તિઓ સહયોગથી આ પુણ્ય કાર્યમાં કામ કરી રહી છે. પ્રાયઃ સર્વ પ્રાંતોમાં સહાયક સમિતિઓ પીડિતોને માટે ધન અને વસ્ત્ર એકત્રિત કરી રહી છે. વાઇસરોયે જે ફંડ ખોલ્યું છે તેમાં ચારે બાજુથી રૂપીઆ આવી રહ્યા છે. આપણો પણ ધર્મ છે કે આપણા ભાઇઓને ધનથી, વસ્ત્રથી, અન્નથી મદદ કરીએ. એમ સમજવાનું નથી કે આપણા બે ચાર આના શો મોટો ઉપકાર કરી શકશે? આપણા ચાર આના કોઇ ભાઇને આ સમયે મળી જતાં સંભવ છે કે એક મોટા નિધિનું કામ કરે. આપણે ગરીબ છીએ, સામર્થ્યહીન છીએ; છતાં આ માટે આપણા ઉપર વિશેષ અધિક જવાબદારી છે, કારણકે ગરીબને મદદ ગરીબ નહીં કરે તો કોણ કરશે?

—પ્રેમચંદ.

(બિહાર ભૂકંપ સંકટ નિવારણ ફંડમાં જે કંઇ ફાળો આપીએ તે વિશ્વસનીય યોગ્ય સ્થળે પહોંચે છે એની ખાસ કાળજી રાખવી ઘટે છે. આવાં ફંડોના નામે અનેક ધૂર્ત્ત પોતાના સ્વાર્થને સાધવા ઉઘરાણું કરવા ફરે છે અને ધર્મને નામે અધર્મ કરતા રહે છે તેથી ખાસ ચેતવાનું છે. બાબુ રાજેન્દ્રપ્રસાદ બિહારના એક મહાન સ્વાર્થત્યાગી નેતા છે તેમણે બિહાર સેંટ્રલ રીલીફ કમિટી સ્થાપી છે તેમના પ્રત્યે યા વાઇસરોય ફંડ સરકારી ઉઘડ્યું છે ત્યાં પહોંચે તેમ યા બોંબે ક્રોનિકલ, મુંબઇ સમાચાર અને બોંબે સેંટિનલ એ ત્રણ પત્રો તરફથી ઉઘડેલું ફંડ રાજેંદ્રપ્રસાદને મોકલવામાં આવે છે તેમાં તેમજ મુંબઇના મેયરફંડ કે જેમાં વાઇસરોય ફંડ અને શ્રી રાજેંદ્રપ્રસાદને મોકલવાનું ફંડ એમ બંને પૈકી દિલ ચાહે તેમ કોઇ ફંડમાં આપવા અર્થે ઉઘાડ-વામાં આવેલ છે ત્યાં મોકલવામાં વાંધો નથી. મનુષ્યો અર્થે અન્ન, વસ્ત્ર, ધન તેમજ પ્રાણીઓ અર્થે ચારો, ઘાસ, ધન જે કંઇ બને તે દરેક ભાઇ બહેન આપવાની યથાશક્તિ સહાય કરે એવી અમારી હૃદયપૂર્વક વિનંતિ છે.

તંત્રી.

उदधाविव सर्वसिन्धव; समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે નેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે? પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧૫-૨-૩૪ ગુરૂવાર.

પંડિત શ્રી સુખલાલજીનો પત્ર.

(હિંદીમાં પત્ર છે તેનો ગુજરાતી અનુવાદ).

કાશી હિન્દુ યુનિવર્સિટી. એચ. ક્વાર્ટર, તા ૩૧-૧-૩૪.

શ્રીમાન્ રણછોડભાઇ તથા મોહનલાલભાઇ.

મંત્રી—શ્વેતામ્બર કૉન્ફરંસ—મુંબઇ.

પ્રણામ. ગઇ કાલે ક્વિન્સ કૉલેજમાં જૈન પાઠ્ય ક્રમ નિયત કરવા માટે મીટિંગ થઇ હતી. પ્રિન્સિપાલ **ગોપીનાથ** કવિરાજે પોતાની સહીથી મને બોલાવ્યો હતો. રજીસ્ટ્રાર **મંગલદેવ** શાસ્ત્રીજી ને પહેલાં હું ઘણીવાર મળ્યો હતો. મેં મારી તરફથી એક પાઠ્ય ક્રમ લખીને તેને પહેલાંજ આપી દીધો હતો અને સાથે એક એવો પત્ર મોકલ્યો હતો કે જેમાં સાર્વજનિક સંસ્થાઓમાં ખાસ કરી ક્વિન્સ કૉલેજ જેવી સંસ્થાઓમાં જે સિદ્ધાંતોના આધારે જૈન પાઠ્યક્રમ દાખલ કરવો યોગ્ય છે તે જણાવ્યું હતું. આ મારા બંને પત્ર તેમણે પહેલેથી જોઇ રાખ્યા હતા અને તેમને પસંદ પણ પડયા હતા.

અહીં આ પાઠ્ય ક્રમમાટે ખાસ ચળવળ કરનારા દિગંબર પંડિત હતા. તેમણે પોતાનો પાઠ્યક્રમ જુદો મોકલ્યો હતો. મારા પાઠ્યક્રમમાં શ્વેતામ્બર દિગંબર બંનેને યોગ્ય સાહિત્યનું સમુચિત સ્થાન હતું. તેમના પાઠ્યક્રમમાં માત્ર દિગંબર ગ્રંથ હતા. તેમનો પક્ષ અને એકાંતિક મત એ હતો કે દિગંબર ગ્રંથવાળોજ પાઠ્યક્રમ દાખલ થવો જોઇએ અને જો શ્વેતાંબર ગ્રંથ રાખવો હોય તો બે પરીક્ષાઓ અલગ અલગ થવી જોઇએ, પણ દિગંબરની સાથે શ્વેતાંબર ગ્રંથ બિલકુલ ન જોઇએ. અને એકજ પરીક્ષા ન હોવી જોઇએ, અને જો બંનેનાં ગ્રંથોનો મિશ્રિત ક્રમ થશે અને એકજ પરીક્ષા લેવાશે તો તે લોકો તે પાઠ્યક્રમનો બહિષ્કાર કરવાનો ઇરાદો મનમાં રાખતા હતા.

મારી સાથે તેમના એક પ્રતિનિધિ દિગંબર પંડિત પણ મીટિંગમાં આવ્યા હતા. તેમણે તો યુક્તિપૂર્વક મારી બધી દલીલો તથા પાઠ્યક્રમ પ્રત્યે પસંદગી બતાવી. તેઓ મને ફક્ત એટલુંજ કહેતા હતા કે આપનો પાઠ્યક્રમ તથા તેના સિધ્ધાંત બિલકુલ ઠીક છે પરંતુ દિગંબર સમાજની મનોદશા સંકુચિત હોવાના કારણે તે તેને અપનાવશે નહિ ઇત્યાદિ.

મીટિંગના પ્રારંભમાં પ્રિન્સિપાલે પાઠ્યક્રમના સિધ્ધાંતોની વાત ઉપસ્થિત કરી. રજીસ્ટ્રાર અને બીજા એક બંગાલી પંડિત અને ખુદ પ્રિન્સિપાલ એ ત્રણે મારા સિધ્ધાંત પ્રત્યે એકમત થયા, તેથી મારા મિત્ર દિગંબર પંડિતનો વિરોધ નિષ્ફળ ગયો અને પાઠ્યક્રમ એવો તૈયાર થયો કે જેમાં બંને ફિરકાના યોગ્ય ગ્રંથો આવ્યા; તથા એકજ અખંડ જૈન પરીક્ષા નિયત થઈ ગઈ. આ પરીક્ષા શાસ્ત્રી તથા આચાર્યને માટે રાખવામાં આવી. મધ્યમ પરીક્ષા જૈન દર્શન માટે જાણી જોઇ જુદી રાખી નહીં કારણ કે તેથી ફાયદો કંઇ હતો નહીં.

આ રીતે ક્વિન્સ કૉલેજમાં જૈન દર્શનનો પાઠ્યક્રમ દાખલ કરાવવાનો સવાલ કાલેજ પતી ગયો અને ૧૯૩૫ થી પરીક્ષા લઇ શકાશે. હવે પ્રશ્ન વિદ્યાર્થીઓનો છે.

અહીં દિગંબર વિદ્યાર્થી સંખ્યાબંધ છે. નવા આવે છે અને પરીક્ષા પણ દે છે. સંભવ છે કે દિગંબરભાઇ કેટલક દિવસ સાંપ્રદાયિકતાને કારણે નવીન પાઠ્યક્રમનું પાઠન પોતાની સંસ્થાઓમા કરાવે નહિ અને વિદ્યાર્થીઓને પણ આ પરીક્ષામાં ન મોકલે. અહીં શ્વેતામ્બર વિદ્યાર્થી ઓછા આવે છે. જે મારી પાસે આવશે તે હિન્દુ યુનિવર્સિટીમાં પરીક્ષા આપશે અને હિંદુ યુનિવર્સિટીનો પાઠ્યક્રમ પણ જેવો ક્વિન્સ કૉલેજનો છે તેવોજ છે હવે હિન્દુ યુનિવર્સિટીમાં નવો પાઠ્યક્રમ મંજૂર થનાર છે, તેમાં આગમિક અને તાર્કિક બંને વિભાગ અલગ અલગ રહે છે; જ્યારે ક્વિન્સ કૉલેજમાં એવું નથી. આ દશામાં એવું પણ થઈ શકે છે કે આગમિક પરીક્ષાની તૈયારીવાળા વિદ્યાર્થી હિન્દુ યુનિવર્સિટીમાં પરીક્ષા આપે. ગમે તે થાય પણ નિયત થયેલી કે કરાવેલી એવી પરીક્ષાનો લાભ લેવાને માટે આપણે ખાસ પ્રબંધ તુરત કરવો જોઇએ. આ માટે વિશેષ વિચાર તો હું જ્યારે પ્રત્યક્ષ મળીશ ત્યારે કરીશ યા સમજાવીશ પરંતુ થોડી સૂચનાઓ આપી દઉં છું.

૧ કલકત્તાની પરીક્ષાને માટે આપણા વિદ્યાર્થીઓને તૈયાર ન કરવા, કારણ કે તે વ્યુત્પાદક નથી તેમ પૂર્ણ પણ નથી.

૨ શાસ્ત્રી પૂર્ણ પરીક્ષાને માટે અમુક અને આચાર્યની પૂર્ણ પરીક્ષા માટે અમુક રકમ ઇનામના રૂપમાં રાખવી જોઇએ, જ્યારે કોઇ તે તે પરીક્ષાને પૂર્ણ કરે ત્યારે તે રકમ આપવામાં આવે. બંને પરીક્ષાઓનાં છ વર્ષ છે અંદાજ એક હજાર રૂપીઆ રાખવામાં આવે. અધિક ન બનેતો બે વર્ષ માટે બે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવું. આ રીતે ત્રણ ચાર હજાર રૂપીઆમાં બે આચાર્ય તૈયાર થશે અને સ્કોલરશિપ દેવાની ખટપટ ચાલી જશે.

૩ ફક્ત શ્વેતાંબરનીજ મર્યાદા રાખવી નહિ. પરંતુ જૈન પાઠ્યક્રમ અનુસાર પરીક્ષામાં પાસ થયેલ કોઇપણ વ્યક્તિને તે પારિતોષિકનો અધિકારી ગણવો જોઇએ કારણ કે મુખ્ય ઉદ્દેશ જૈન વ્યાપક વિદ્વાન્ કરવાનો છે અને ગમે ત્યાં શ્વેતાંબરીય ઉચ્ચ સાહિત્યનો પ્રચાર કરવો એ ધ્યેય છે. અલબત શ્વેતાંબરને પહેલી પસંદગી આપી શકાય છે.

૪ શ્વેતાંબરી વિદ્યાર્થીઓ માટે અહીંના માટે સ્કોલરશીપની રકમ કંઇક વધારે કરવામાં આવે કે જેથી દૂરવાળાને પણ અહીં આવવાનું પ્રલોભન રહે.

મેં અગાઉ **યશોવિજયજી**ની અનેકાન્તવ્યવસ્થા મોકલવાનું લખ્યું હતું તો તુરત મોકલશો. જો મારી ઇચ્છા અનુસાર આવશ્યક પ્રબંધ હવે પછી કરી શકયો તો જૈન સાહિત્ય તથા તત્ત્વજ્ઞાનના અલગ અલગ ઇતિહાસ લખવાને વિચારાંકુર સ્ફુટ થયો છે. આ દિશામાં મારૂં મન આજકાલ કામ કરી રહ્યું છે, પરંતુ આ કામ એટલું બધું શ્રમસાધ્ય અને યોગ્ય સાથીઓની અપેક્ષા વાળું છે કે આ વખતે તો તે ખાલી મનોરથ માત્ર છે.

—**સુખલાલ.**

અવલોકન.

અગ્નિશિખા—અનુવાદક હા. શામજી વાઘજી પ્ર૦ કુંવરજી કેશવજી સત્યપ્રકાશ અને સ્વદેશ. ભીમપુરા મુંબઈ, પૃ ૨૫૦ કિં. દોઢ રૂ.

આ પુસ્તકમાં હિંદીમાં પ્રખ્યાત ગલ્પલેખક ડો. ધનીરામની નવલિકાઓ અને અંગરેજી એક વાર્તાનો ગુજરાતી અનુવાદ કરી ૭ નાની વાર્તાઓ મુકવામાં આવી છે ને તે બધી વાંચતાં રસભરી અને આનંદ આપે તેવી છે. પહેલી માતૃમંદિર નામની છે તેમાં એક વિધવાની વાત છે. તે ખરૂં કહે છે કે 'સવારથી માંડીને તે અર્ધી રાત મશીનની માફક કામ કરવું, કેંક લૂખું-સુકું ખાઇને ઉપર ઠંડુ પાણી પી લેવું, અને નિત્ય નિયમ મુજબ સાસુની ગાળો સાંભળી અને માર સહન કરી લેવો, એ મારી દિનચર્યા હતી. x x જેની ઉમર સંસારમાં પ્રવેશ કરવા યોગ્ય છે તેને સંસારથી વિરક્ત કરવા માટે બાધિત કરવું એ ન્યાયસંગત છે કે કેમ, એ પ્રશ્ન હું ધર્મના વ્યવસ્થાપકો પર છોડું છું!' આ વિધવા સાસુ સાથે ગંગાસ્નાન કરવા જતાં એક તરૂણ સંસ્કારી યુવકે કેટલીક મદદ કરી ને તેની સાથે પ્રેમ થતાં યુવકે પરણવાનું વચન આપ્યું. પ્રેમના પરિણામે સગર્ભા થઇ. યુવક ફરી ગયો. સાસુએ હાંકી કાઢી. આખરે એક ઝુંપડીમાં એક મુસ્લિમ સ્ત્રી પાસે જતાં તેણીએ તેને સંધરી. પુત્ર જન્મ્યો, નામ અબ્દુલ રાખ્યું. આખરે પેલા યુવકને ભાગતાં તે ઝુંપડીમાં આવવું પડયું, ઓળખાણ થઇ. પિતા-પુત્ર-માતા મળ્યાં. યુવકનો કાકો બોલ્યો 'આપણે આ ભોળી વિધવાઓ પર કેવળ અત્યાચાર કરીએ છીએ એટલુંજ નહિ, પણ તેમની રક્ષા માટે પણ પાછું કેં વિચારતાં નથી. તેઓ બિચારી ન છુટકે કાં તો વેશ્યા થઈ જાય છે, ને કાં વિધર્મી, અને નહિ તો છેવટે ભ્રૂણ-હત્યાનું પાપ કરે છે. જ્યે આપણે ત્યાં એવી સંસ્થાઓ હોય, જ્યાં આવાં અભાગી બાળકોનું પાલન પોષણ થઇ શકે, તો આપણો સમાજ કેટલો બધો ભલો કહેવાય?' વિધુર યુવકે પ્રાયશ્ચિત્ત રૂપે તેણી સાથે લગ્ન કર્યાં. બંને 'માતૃ મંદિર'ની સંસ્થા ઉભી કરી તેમાં સો બાળકોનું પાલન કરવા લાગ્યાં. આમ એ વાતનો અંત આવે છે.

બીજી વાતનું નામ આઘાત છે. આમાં એક વૃદ્ધ પંડિત પોતાની પત્નીને તેનું મરણ થયું તે પહેલાં વચન આપે છે કે બીજી કોઇ સાથે ફરી લગ્ન નહી કરે, છતાં એક કુમારિકા સાથે લગ્ન કરે છે. પંડિતનો એક શિષ્ય સમવયસ્ક હોઈ તેના પર નવીનો શુદ્ધ કુદરતી પ્રેમ થાય છે તે પંડિતજીને ગમતું નથી. પછી પંડિત સાથે સંવાદ થતાં નવી કહે છે કે:—

'એવી અનેક વાતો છે, જે તમારી સાથે નથી થઇ શકતી. આપ મારા પતિ છો, એ ઠીક છે; પરંતુ આપ હૃદયને નથી સમજી શકતા. આપ વૃદ્ધ છો, હું યુવતી. કયારેક કયારેક જો સમવયસ્ક વ્યક્તિ સાથે વાતો કરી લઉં, તો તેમાં તમારૂં શું બગડે છે?'

'શું બગડે છે? મારૂં નામ, મારી ઈજ્જત, મારી મર્યાદા.'

'તમારૂં નામ, તમારી ઇજ્જત, તમારી મર્યાદા? સંસારમાં તમારા માટે સર્વ કૈં છે, પરંતુ તમે એ સર્વની રક્ષા કરવા માટે અસમર્થ છો. જ્યારે તમે સોળ વર્ષની બાલિકા સાથે લગ્ન કર્યાં, ત્યારે આ સઘળી વાતોનો વિચાર ન કર્યો? તમારા હૃદયમાં એક બાલિકા માટે જરાય દયા ન આવી? એને તો તમે પત્થરની એક મૂર્તિ સમજો છો, અને સ્વયં આ વૃદ્ધાવસ્થામાં ભોગ-વિલાસનો આનંદ લુંટવા ચાહો છો! એક નિરપરાધ બાલિકાને કેવળ તમારા ક્ષણિક સુખ માટે વિવાહની વેદી પર ચઢાવતાં તમને જરાય વિચાર ન થયો? એનું જ નામ છે તમારી ઈજ્જત, તમારી મર્યાદા?'

આટલું બોલી રોઈ પડી. ત્યાર પછી પંડિત પોતાના શિષ્યને બીજે સ્થળે મોકલાવે છે છતાં કોઇ વખત બંને વાતો કરવા મળે છે. એક વખત પંડિતજીએ તાદૃશ તેમને વાતો કરતાં જોયાં; નવીને ખુબ મારી, એટલે સુધી કે માથામાંથી લોહી વહેતું થયું. નવીએ જણાવી દીધું કે:—

'વિદ્રોહની જે ચિનગારી હતી તેને તમે ખુબ પ્રજ્વાલત કરી મુકી છે. હું આ ઘરથી વિદાય લઇ રહી છું. આજની ઘડી સુધી હું પવિત્ર ભાવથી વિવાહ સંબંધને પુરો કરવાની ચેષ્ટા કરી રહી હતી. પરંતુ આજ! આજે હું જઇ રહી છું પાપના પંથ પર; ખુણે ખુણે મારો પરિચય દેતી ફરીશ, જેથી લોકો જાણી શકે કે, આ પાપિણી કોની સ્ત્રી છે. જે નામ પર, જે જુઠી ઇજ્જત અને મર્યાદા પાછળ તમે એટલા બધા ખેંચાયા છો તે બધાય પર આજે હું કલંક-કાલિમા લગાડી દઈશ' આટલું કહીને તે બહાર ચાલી ગઇ: તેનો પત્તો ન મળ્યો. પંડિતજી પસ્તાયા અને પૂર્વની સ્ત્રીને સંભારી તેની છબી હૃદય સાથે લગાવી ન લગાવી ત્યાં તો ઝટ જમીન પર પડી પડ્યા!

ત્રીજી વાતનું નામ સાહસ રાખ્યું છે. રમેશ અને વિમલ એ બે જાની દોસ્તો, એક બ્રાહ્મણ બીજો કાયસ્થ, બંને સુધારક વિચારના. એક વખત સુધારા પર વિચારતાં વિમલે કહ્યું:—

'ઠીક તો બધું'ય છે, પણ એ બધું પહેલાં તો આપણા પોતાના વર્તનમાં ઉતારવું જોઇએ, અને વાસ્તવમાં એમ થશે ત્યારે જ લોકો પર એનો સારો પ્રભાવ પડશે. બાકી મિથ્યા આડંબર અને દંભથી કૈં નહિ વળે'

'દંભ? મિથ્યા આડંબર?'

'હા, હા, આડંબર! આજે દેશમાં એવાં સેંકડો સુધારકો કાટી નિકળ્યાં છે, જે વિધવા વિવાહ માટે જનતાને અપીલ કરી રહ્યાં છે, સામ્યવાદના પ્રશ્નોને ચર્ચી રહ્યાં છે, અને શ્રમજીવીઓ માટે એક કરૂણ હૃદયા-વિષ્કરણ કરી રહ્યાં છે; પણ વાસ્તવિકતાની દુરબીન ચઢાવી જોતાં જણાય છે કે તેમનાંજ ઘરમાં તેમની વિધવા બહેન યા

તેમની કોઇ સંબંધિની સ્ત્રી માનવ-હૃદયની ભયંકર ક્રૂરતા અને નિર્બળતા માટે ડચકે ડચકે રડે છે; તેઓ પોતાના હાથેજ પોતાના ભાઇઓનો ઘોર અપરાધ કરી રહ્યાં છે, અને એક મજુરના-એક શ્રમજીવીના હૃદયને ચૂર્ણ-વિચૂર્ણ કરી નાંખનાર પણ તેઓ પોતેજ છે. રમેશ! સમાજનાં એ સધારકોનું આ તાંડવ નૃત્ય કેટલું ભયાવહ છે? માનવ હૃદયની આ ક્રૂરતા કેટલી અસીમ છે?'

રમેશ આ વિચારોમાં સંમતિ આપે છે; તેને વિમલ પોતાની બેન કિશોરીને ભણાવવાનું સોંપે છે. એ ભણાવવામાં બંને વચ્ચે પ્રેમ જાગે છે. વિમલે એક વખત જોતાં બંનેએ અરસપરસ વિવાહ કરવાનો સંકેત જણાવી દીધો. વિમલે આખરે વિચાર કરી સંમતિ આપી. વિવાહની તૈયારી થઈ, ત્યાં રમેશની ચીઠી આવી કે

'હું ગઇકાલ સુધી સમજી શકતો હતો કે હું સુધારક થઇ શકું છું, પણ આજે મને જણાય છે કે એ કામ મારા જેવી નિર્બળ વ્યક્તિઓનું નથી. હું બ્રાહ્મણનો પુત્ર થઈને એક કાયસ્થ-કન્યા સાથે લગ્ન કરું એ મારા સમાજ માટે અસહ્ય છે. જ્યારથી મારા ઘરનાં માણસોને મારા વિચારો પ્રગટ કર્યા છે ત્યારથી મારે માટે અહીં રહેવું અસહ્ય થઇ પડ્યું છે. હવે મને વિરોધ સિવાય બીજું કૈં પણ નથી જણાતું. આવી દશામાં મને મારા વિચારો પર અટલ રહેવું અત્યંત કઠિન થઈ પડ્યું છે. હવે મને જણાય છે કે આંતર્જાતીય વિવાહ માટે હજી સમય ઉપયુક્ત નથી.'

બંને ભાઈબહેન વાંચી અજાયબ થયા. કિશોરી રોઈ પડી-બોલી 'ભાઈ! હવે હું સર્વસ્વ ખોઈ બેઠી છું. હું પાતકી છું, કુલ કલંકિની છું.' વિમળ ચાલી ગયો. કિશોરીએ પોતાની પિસ્તોલ કાઢી, ને આમતેમ ફરવા લાગી. ત્યાં દરવાજે વિમલ અને રમેશને જોતાં પિસ્તોલ ટેબલ પર મુકી બીજા ખંડમાં ચાલી ગઈ. બંને જણ અંદર આવી બેઠા-રમેશે પોતાના વચન ભંગ માટે જે પ્રાયશ્ચિત્ત કહે તે કરવા જણાવ્યું. વિમલે પિસ્તોલ બતાવી કહ્યું 'તારા માટે આ ભીષણ પ્રાયશ્ચિત્ત છે. શું તારું કામ આથી ઓછું ભીષણ હતું? તેં કેવળ એક નિર્દોષ બાલિકાના સતિત્વનુ જ અપહરણ નથી કર્યું, પણ આગામી નવયુવક સુધારકો માટે એક ખોટી છાપ બેસાડી છે. તારી ભૂલ માટે હું વિશિષ્ટ પ્રકારે દંડવા પણ ઇચ્છું છું!' વિમળે પિસ્તોલ ચલાવી દીધી.

વિમળ સેશન્સ કમિટ થયો. તપાસ ચાલી. તેણે હત્યાનું કારણ જણાવ્યું નહિ. જજ સજા જાહેર કરે એટલી વારમાં કિશોરીએ આવીને વિમળ અપરાધી નથી, મેં રમેશની હત્યા કરી છે એમ જાહેર કર્યું. તેની સાબીતીમાં રમેશનો પત્ર રજુ કરી તે વાંચી પોતાને ક્રોધ આવતાં મારી પિસ્તોલ મેં ચલાવી, અને પિસ્તોલ ઉપર પોતાનું નામ છે તે સ્પષ્ટ છે. હું ચાલી ગઇ. મારા ભાઇ વિમલ આવ્યા, તેણે મને અંદર મોકલી, પોતે પોલીસને સ્વાધીન થયા. આમ પોતાના પર દોષ વહોરી લેવામાં વિમલનો શો આશય હોઇ શકે? એ પ્રશ્નના જવાબમાં કિશોરીએ કહ્યું 'પોતે ફાંસીને લાકડે ચડી જાય અને તેથી સંસાર મારા પાપને જાણી ન શકે અને અમારા કુટુંબનું નામ બદનામ ન થાય.' આટલું કહી ઉઘાડા કેશ કલાપવાળી કિશોરીએ નાની શીશી કાઢી તેમાંથી ઝેર પીને ત્યાં ઢળી પડી. વિમલ પાસે જઈ પૂછ્યું 'બહેન! આ શું કર્યું?' બહેને સ્મિતપૂર્વક કહ્યું 'ભાઈ, મારે જે કરવું જોઈતું હતું તે મેં કર્યું, હવે હું સંતોષથી મરી શકીશ.'

ચોથી વાત 'દેશની વેદી પર'નું મુળ અંગ્રેજી વાર્તા છે. એક અનામી ભિખારણ વિયેનામાં ફરતી હતી. ત્યાં બે લશ્કરી અમલદાર રાતે મળતાં તેની સાથે વાર્તાલાપમાં અસભ્ય ભાષા બંને અમલદારે વાપરી હતી. ભીખારણ ચાલી ગઈ, એક અમલદારને લાગ્યું કે અસભ્યતા માટે પોતે માફી માંગવી જોઇએ એટલે તેણે પાછળ દોડી ભીખારણની પાસે માફી માંગી. આ જોઇને બીજાએ પણ માગી. મિત્રતાનો સંબંધ થયો. તે રાત્રે હોટલમાં ગયા ને બીજે દિવસે એક ઘર ભાડે લઈ ત્રણે મિત્રભાવે સાથે રહેવા લાગ્યા. બે અમલદારમાં એક આસ્ટ્રીઆનો હતો તે વિશેષ સજ્જન અને માયાળુ હતો, તેનું નામ કાર્લ. બીજો રશિયાનો હતો તેનું નામ પિટ્રો. સાથે રહેતાં બંનેની પ્રેમમય લાગણી તે ભીખારણ પ્રત્યે થઈ. બંને તેને ક્રિસ્સી કહી બોલાવતા. પછી મહાયુદ્ધના રણશિંગાં ફુંકાયાં આસ્ટ્રિઆ અને સર્વિયાની વચ્ચે લડાઈ થઇ, તેમાં સર્વિયાને રાશયાએ સાથ આપ્યો હતો. બંને અમલદારને પોત પોતાના દેશના લશ્કરમાં જોડાવાના હુકમ મળ્યા. કાર્લને ક્રિસ્સી વિષે ચિંતા થઈ એટલે તેને પોતાની હૃદયરાણી કરી પોતાના ગામમાં મુકી આવી પછી લશ્કરમાં જોડાઇ જવું એ નિર્ધારમાં તેણીએ સંમતિ આપી. પિટ્રો પછી આવ્યો ને તેણે પણ પોતાનો અવ્યકત પ્રેમ વ્યક્ત કર્યો એટલે તેણીએ જણાવ્યું કે એક સ્ત્રી બે પુરૂષોની સેવિકા થઈ શકે છે, પણ એના પ્રેમ પર કેવળ એકજ વ્યકિતનો અધિકાર હોઈ શકે અને એ અધિકાર હું કાર્લને આપી ચૂકી છું.' પિટ્રોએ જતાં જતાં કહ્યું કે 'હવે તો જ્યારે રશિયાની સેના ઓસ્ટ્રિઆનાં નગરોનો ધ્વંસ કરી રહી હશે, ત્યારેજ તને મળીશ.'

કાર્લ અને ક્રિસ્સીનાં લગ્ન થઇ ગયાં. પોતાને ગામ તેણીને મુકી આવી કાર્લ લશ્કરમાં જોડાયો. યુદ્ધ ચાલ્યું. ક્રિસ્સીને કાર્લનો કાગળ મળ્યો કે તારે ગામ છોડી વિયેના આવવું કારણકે તે પર રશિયાનું લશ્કર આક્રમણ કરે તેમ છે. એટલે આવશ્યક તૈયારી કરી બહાર નીકળી ત્યાં રશિયાના સૈનિકોએ ગામ ઝાંપા પાસે ઘેરી લીધી. તેમણે જણાવ્યું કે ગામ બહાર જવું હોય તેને રશિયન અમલદારની રજા લેવી જોઇએ. તેણી તેની રજા લેવા ગઇ એટલે ભોગજોગે તે પિટ્રો નિકળ્યો. તેણે અગાઉની પ્રેમની માગણી પાછી કરી ત્યારે તેણીએ જવાબ આપ્યો કે હું અહીં પિટ્રોને આધીન નથી પણ એક રશિયાના અમલ-

દારને આધીન છું. યુદ્ધની એક કેદી છું' તેણે કહ્યું 'રશિયાનો અમલદાર સર્વ શક્તિશાળી છે. એનો વિરોધ કરવાની શક્તિ કેવળ સમ્રાટજ ધરાવી શકે છે. પોતે કહે તેમ કરવા તૈયાર હોય તો મુક્તિ છે, નહિ તો મૃત્યુ છે.' આની જરાપણ તમા ફિત્સીએ ન કરી અને જણાવ્યું કે 'હું મૃત્યુથી છુટવા માગતી નથી પણ તમારાથી છુટવા માગું છું' પિટ્રોએ કાર્લની આશા છોડી પોતાની થઇને રહે એમ કીધું કે તેણી તેની સામે ધસી એટલે સૈનિકોએ તેને પકડી પૂરી દીધી. બીજા કેદીઓને પિટ્રોએ જણાવ્યું કે જો તેણી મારી પાસે બે દિવસ રહેવાનું કબુલે તો તેમને બધાને છોડી દેશે અને ગામ બહાર જવાની રજા આપશે.

આ કેદીમાં જે મહન્ત હતા તેણે ફિત્સી પાસે જઇ ખાનગીમાં જણાવ્યું કે પોતે ઓસ્ટ્રીઆનો જાસુસ છે ને આજ રાત સુધીમાં કોઇપણ હિસાબે વિયેના પહોંચી જવું જોઇએ, નહિ તો આખોય દેશ સંકટમાં આવી પડશે, માટે પિટ્રોનું માની જા તો અમો છુટી તેમ કરી શકીએ' તેણીએ કહ્યું:—

'એટલે તમે એમ કહો છો કે તમારા બચાવ ખાતર હું મારા સતિત્વને નષ્ટ કરું?'

'બેટી! મારે માટે નહિ, પણ આપણા દેશ માટે. દેશ પાસે બીજી કોઈ વસ્તુની શી ગણતરી હોઈ શકે? તું ઓસ્ટ્રીઅન છો, તારો દેશ સંકટમાં આવી પડયો છે. તારો દેશ તારી પાસેથી એક બલિદાન માગે છે. આપણી લાખો ઓસ્ટ્રીઆની બહેનોના સતિત્વના રક્ષણ માટે, આપણા હજારો ઓસ્ટ્રીઆના ભાઇઓના પ્રાણ ઉગારવા માટે. આપણા દેશની પ્રતિષ્ઠા માટે અને આપણી માતૃભૂમિના ગૌરવ માટે તું આટલો ભોગ પણ નહિ આપે? જો દેશ વિજયી થશે, તો આબાલવૃદ્ધ પ્રજા તારાં યશોગાન મુક્ત કંઠે ગાશે અને કહેશે કે દેશના રક્ષણ માટે ફિત્સી નામની આદર્શ ઓસ્ટ્રીઅન મહિલાએ બહુમૂલ્ય આહૂતિ આપી હતી. ફિત્સી! જરા વિચાર કરી જો. એક બાજૂ તારૂં સતિત્વ છે, અને બીજી બાજુ તારા દેશનું ભાવી. તને અધિક પ્યારૂં શું લાગે છે?'

ફિત્સી વિચારવા લાગી કે શું તે પિટ્રોની કુત્સિત ઇચ્છા પુરી કરી દે? પછી કાર્લને શું મોઢું બતાવવું? અંતે પોતાના જીવનનો અંત આણવાનો. એનો અર્થ એ કે કાર્લનો સદાને માટે વિયોગ. અરે! હજી તો તેની સાથે બહુજ થોડા દિવસ રહેવા પામી તેની સાથે પ્રેમ કરવામાં આવતું સુખ તો અનુભવ્યું નથી. આંખમાં આંસુ ભરાયાં.

'ફિત્સી! હજી પણ તું માયામોહમાં પડી છે? પણ વિચારી તો જો કે માતૃભૂમિના મોહથી અધિક મોહ બીજો કયો હોઈ શકે? જ્યારે વિદેશીઓ તારા દેશ પર આક્રમણ કરશે અને તારી લાખો બહેનોના સતિત્વનું ખંડન કરશે, ત્યારે તને તારૂં આ સતિત્વ શું કામ લાગશે? ફિત્સી! જો તું થોડીક વીરતા અને બળથી કામ કરી શકે તો, દેશની વેદિ પર તારી આ બહુમૂલ્યવાન આહૂતિ થશે. બોલ શું જવાબ આપે છે?'

'કરીશ' ફિત્સીએ કહ્યું. x x x x

બીજે દિવસે કાર્લના અધ્યક્ષપણા હેઠળ એક સેના વિયેનાથી આવી. દુશ્મનોને મારીને ભગાડી દેવામાં આવ્યા. કાર્લ અપૂર્વ ઉત્સાહથી દેવાલયમાં ફિત્સીને ગોતવા લાગ્યો; પરંતુ ત્યાં તેને કેવળ બે લાશ મળી—એક ફિત્સીની અને બીજી પિટ્રોની!! આમ આ વાત ખલાસ થાય છે. ભિખારણ પણ એક પાતપરાયણ, ખાનદાન, અને સતિ થઈ શકે છે, અને દેશના માટે સતિત્વ પણ જળવી આખરે પોતાના શરીરની આહૂતિ આપી શકે છે એ આ વાતનો સાર છે. બીજી બે વાર્ત્તાનો ટુંક સાર આવતા કોઈ અંકમાં આપી આ ગ્રંથનું અવલોકન કરીશું.

તંત્રી.

વિવિધ વિષય.

એક જૈન ભાઇનું મહાદાન.

તા. ૨૮-૧-૩૪ ના 'હરિજન બંધુ'ના મલબાર પત્રમાં મહાત્મા ગાંધીજીના પ્રવાસનું વર્ણન આપ્યું છે તેમાં જણાવ્યું છે કે:—

'ગુરૂવાયરથી ગાંધીજી કાલીકટ થઇને ઉત્તર મલબારમાં ગયા. ને ત્યાંથી પાછા કાલીકટ આવી એક દિવસ **કલપટા** જઇ આવ્યા. **કલપટા** એ કાલીકટથી ૫૦ માઇલ દુર પશ્ચિમ ઘાટના પહાડો પર વાઇનાડ તાલુકામાં આવેલું રમણીય સ્થળ છે. આ તાલુકામાં પર્વત-પ્રદેશના અસ્પૃશ્યોની સંખ્યા આસરે ૪૨ હજારની છે, જ્યારે સવર્ણો માત્ર ૨૮ હજાર છે. આ ૪૨ હજાર અસ્પૃશ્યોના પણ ૧૩ વિભાગ છે ને તેમાં પણ ઓછી વત્તી અસ્પૃશ્યતાની શ્રેણીઓ છે. અહીની જંગલી અસ્પૃશ્ય જાતોમાંથી પચાસેક માણસો સભામાં આવ્યા હતા. આ લોકો ખેતરોમાં અને ચા કોફીના બગીચામાં મજુરીનું કામ કરે છે, ને રોજની ત્રણ પૈસાની કાંગર કમાય છે. સભામાં એ લોકો બધાની જોડાજોડ બેઠા હતા, પણ મારે કહેવું જોઇએ કે એમની જોડે બેસવું કે એમની નજીક ઉભવું મહા વસમું હતું. એમનાં કપડાંએ મેલથી કાળો રંગ ધારણ કર્યો હતો, ને એમનાં શરીરમાંથી ભયાનક દુર્ગંધ છુટતી હતી કે નાક ફાટી જાય. એમનાં મેલા શરીર, વીખરાયેલા લાંબા વાંકડિયા વાળ, ભયાનક લાગતી આંખો બધુંજ એમની જંગલી દશાનો અને આપણે એમની જે અક્ષમ્ય ઉપેક્ષા કરી છે તેનો પુરાવો આપતું હતું. એ લોકો એકજ કપડાનું ચીંથરૂં થઇ જાય ત્યાંસુધી તે પહેરી રાખે છે. એ કપડું ધુએ તો કયાંથી? એવા ઉષ્ણ પ્રદેશમાં પણ ૧૫ દિવસે સામાન્ય રીતે નહાય છે, અને ૭ દિવસે નહવું એ તો અસાધારણ વૈભવ મનાય છે. હવે કેટલાક જુવાનોએ આ લોકોની હીન દશા સુધારવાને કેડ કસી છે.

એજ ગામમાં શ્રી સુખૈયા ગૌંડન નામના એક જૈન જમીનદાર હતા, તેમણે જીવતાં આસપાસનાં ગરીબોની થાય એટલી સેવા કરેલી, ને મરતી વખતે પોતાની ૧૬૫ એકર જેટલી બધી જમીન–૧૦૦ એકર ખેડાણ જમીન ને ૬૫ એકર બગીચો હરિજન સેવાને અર્થે આપી દીધી. ગાંધીજીએ કહ્યું, 'આ કંઇ જેવું તેવું દાન નથી, આ તો મહાદાન છે.' નહિ તો આવા જંગલી પ્રદેશમાં આ લોકોની ભાળ કોણ કાઢત ?

આ જમીન પર તે દિવસે ગાંધીજીને હાથે આશ્રમ ખુલ્લો મૂકવામાં આવ્યો. ત્યાં આમાંના કેટલાક લોકો આવીને રહેશે. પણ આશ્રમ એકલા હરિજનોનો થવાનો નથી. સવર્ણો અને હરિજનો જોડાજોડ રહેશે. કેટલાક સવર્ણ જુવાનોએ આ લોકો જોડે વસી તેમને સંસ્કારી જીવનના પાઠ આપવાનું સ્વીકાર્યું છે.

ખરો તત્વજ્ઞ કોણ અને ધર્માન્ધ કોણ ?

ખંભાતના હાલના દિવાન દી. બ. નર્મદાશંકર દેવશંકર મહેતા રાજ્યતંત્ર, તત્વજ્ઞાન અને સાહિત્યને જિંદગીભર સાથેજ સેવતા હોઇ સંસ્કૃત વિદ્વત્તાના વિશિષ્ટ ગુર્જર ઉપાસકોમાં વિરલ સ્થાન ભોગવે છે. તેમણે 'હિંદ તત્વજ્ઞાનનો ઇતિહાસ' એ ભાગમાં (પ્ર૦ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ) રચ્યો છે તે ઇતિહાસ તેમની તુલનાત્મક ઐતિહાસિક ને સંશોધક દ્રષ્ટિને સાંકળી નહિ, પણ અનેક નાની મોટી નદીઓના પ્રવાહોથી મિશ્રિત થઇ સમૃદ્ધ બનતા ગંગાપ્રવાહ સરખો ગણાયો છે. તેમની તત્વજ્ઞાન વિષેની રાસક અને સુંદર દ્રષ્ટિનો પરિચય કરાવવામાં તેમનું નીચેનું વાકય બસ થશે:—

"તત્વજ્ઞાનની ભિન્ન પ્રસ્થાન શ્રેણીઓ તે ગંગા, યમુના ને સરસ્વતી વડે ઉત્પન્ન થયેલી ત્રિવેણી જેવી છે. જેવી રીતે સુંદર સ્ત્રીની વેણી વળથી ગુંથાય છે, ત્યારે તેના મસ્તકને શોભા આપે છે, અને છુટાં લટીઆં સૌંદર્યને લજવે છે, તેમ બ્રાહ્મણોના બૌધોના અને જૈનોના વિચારોનો જેઓ સમન્વય કરી જાણતા નથી, તેને મારી અલ્પમતિ તત્વજ્ઞ કહી શકતી નથી, પરંતુ ધર્માંધ કહે છે." **પ્રસ્થાન, માઘ, ૯૦.**

જૈનનું અઢીસો વર્ષ ઉપરનું વણાટ કામ.

મારા મિત્ર રા. મંજુલાલ રણછોડલાલ મજમુદારે ૧૯૯૦ ના ગાળાના 'પ્રસ્થાન'માં તેમના અંગરેજી મહાનિબંધ 'ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસ'માંથી હકીકત લઇ બીજી ભેળવી 'ગુજરાતનું અઢીસો વર્ષ ઉપરનું તરેહવાર વણાટ કામ' એ નામનો લેખ લખી પ્રસિધ્ધ કરાવ્યો છે તેમાં જણાવેલું છે કે:—

'ગુજરાતના જૈન અને જૈનેતર અથવા બ્રાહ્મણ અને બ્રાહ્મણેતર–એવા બે સમુદાય ભેગા રહેવા છતાં જુદા અને કંઇક અંશે એક બીજાથી અસ્પષ્ટ રહ્યા છે. સદ્‌ભાગ્યે મને મળેલા તરેહવાર વણાટ કામના બે નમુના પણ જૈન અને જૈનેતર અથવા બ્રાહ્મણીય સમાજનો પરિચય કરાવે છે. જૈન નમૂનામાં તેના વણાટની ચોક્કસ સંવત, માસ અને તિથિ પણ મોજુદ છે. બ્રાહ્મણીય નમુનામાં વલ્લભાચાર્યના સમય પછીની એટલે સોળમા સૈકા પછીની રચનાનું અનુમાન થઇ શકે છે, કારણકે એમાંજ વલ્લભાચાર્યે રચેલા બોડશ ગ્રંથમાંનો 'ચતુઃશ્લોકી ગ્રંથ' આખો વણાટમાં ઉકેલી શકાય છે. ખાસ કરીને ઉત્તર હિંદુસ્તાનમાં ગુજરાત પ્રાંતમાં પુષ્ટિ સંપ્રદાયનો પ્રચાર વિશેષ થયેલો હોવાથી આ નમૂનાને ગુજરાતી ગણ્યા છે.

સં. ૧૭૩૯ ના વર્ષમાં વણેલી પાટી ૧૧ ફુટ ૬ ઇંચ લાંબી તથા ૭ ઇંચ પહોળી છે. એમાં પીળી ભોંય ઉપર રાતા અક્ષરો તથા આકૃતિઓની રચના પાડેલી છે. પોથી બાંધવા માટેની એ પાટી હશે એમ અનુમાન થાય છે.

અક્ષરોમાં જૈન ધર્મનો પવિત્ર નવકાર (નમસ્કાર) મંત્ર વણેલો છે, **नमो अरिहंताणं। नमो सिद्धाणं। नमो उवज्झायाणं। नमो लोयसव्वसाहुणं। संवत १७३९ वर्षे भाद्रवा वदि ५ दिने। शा० मनोहर पाटीकृता।** (છેલ્લેથી ત્રીજો શબ્દ શા. છે કે જ્ઞા છે તેનો બરોબર બોધ થતો નથી).

અક્ષરોનો મરોડ સુંદર અને સુરેખ છે; પડિમાત્રા (प्रतिमात्राः અક્ષરની ડાબી બાજુએ માત્રાને સ્થાને કાનો મૂકવો; એટલે મથાળે મુકવાને બદલે સામો મૂકવો તે) ની પદ્ધતિ ધ્યાન ખેંચે છે. આ યોજનાથી જેમ લહિયાને સ્થલ ચોકસ કરવાનું અનુકૂળ પડે છે તેમ વણાટમાં પણ ગોઠવણી કરવામાં તે પધ્ધતિ અનુકૂળ આવી જણાય છે. મથાળે માત્રા મુકવાથી ઉપરની વિશેષ જગા રોકાય છે; તેને બદલે બાજુમાં તેનો પ્રતીક ગોઠવવાથી સરલતા લાગે છે. આ વસ્તુ ચિત્રમાં જોવાથી વિશેષ સમજી શકાશે. (આ ચિત્ર આ પ્રસ્થાન'ના અંકના પહેલા પૃષ્ઠ સામે મુકયું છે).

અક્ષરો ઉપરાંત આ પાટીમાં બીજી નાની છતાં રસપ્રદ આકૃતિઓ ઉતારેલી છે. ત્રિશૂલ, ખડ્ગ, ખંજર, પાટી, હોડી, ઝુમર વગેરે આકૃતિઓ ગમે તે ઓળખી શકે તેમ છે. (ટિપ્પણીમાં લેખક જણાવે છે કે:—આ પાટી પાલણપુરના રહીશ ભાઇ **નાથાલાલ છગનલાલ** શાહે મને મેળવી આપી હતી, અને તે ઉપરથીજ ફોટોગ્રેટ ઉપરની નકલ મેં કરાવી લીધી છે. ગુજરાતમાં પુરાતત્વને લગતાં અપ્રાપ્ય સાધનો સિક્કાઓ, મૂર્તિઓ, સોનેરી ચિત્રપટો, સચિત્ર પોથીઓ વગેરેનો એમની પાસે કિંમતી સંગ્રહ છે. એમના સૌજન્યથી મને આ પાટીનો પરિચય કરાવવાની તક મળી છે તે માટે હું તેમનો ઋણી છું.)

(અમારી નોંધ-આ પાટી અમને પણ ઉકત ભાઇ નાથાલાલે મુંબઇમાં બતાવી હતી. તે ભાઇ 'જૈન તીર્થોનો ઇતિહાસ' પંડિત શ્રી લાલચંદભાઇ પાસે લખાવરાવી તેમાં પ્રાચીન મંદિરો વગેરેનાં ચિત્રો આદિ મુકી પ્રકટ કરવા માટેનો પ્રયાસ લઇ રહ્યા છે તે અમારા વાંચકોને વિદિત હશે. તેમણે બતાવેલી પાટીમાં ભાઇશ્રી મજમુદાર **लोअसव्व**...વાંચે છે તે **लोएसव्व**...છે ને પાટી કરનાર મનોહર પહેલાં **शा** છે કે **ज्ञा** છે તેનો બરાબર બોધ થતો નથી એમ તેઓ જણાવે

નોંધ.

લગ્નનું વિસ્તૃત ક્ષેત્ર—એક શહેરનાં બીજા શહેરમાંના કે એક શહેરનાં આસપાસનાં ગામડામાનાં વર કે કન્યા સાથે લગ્ન થતાં નથી એમ બહુ જોવામાં આવે છે. કેટલેક સ્થળે ઘેાળ અને એકડા થયા છે તેથી તેમાં રહેલાંઓ તેમાંજ કોઇ સાથે લગ્ન કરવાની મર્યાદાથી જકડાયેલાં રહે છે. અમુક ભાગ પેાતાની કન્યા બીજે સ્થળે નજ આપે જ્યારે ગમે તે સ્થળેથી કન્યા લઇ આવવા તૈયાર અને ખુશી હેાય છે. એક બાજુ ગુજરાત અને બીજી બાજુ કાઠિયાવાડ એક બીજાથી બેટી વ્યવહારથી અલગજ રહે છે.

આવી મર્યાદા તેાડવાના બહુ જુજ દાખલા બને છે, હમણાં બનેલેા એક દાખલેા નોંધવા જેવેા છે. ગેાંડલ કાઠિયાવાડના રહીશ અંડર ગ્રેજ્યુએટ રા. રસિકલાલ લાલચંદ મહેતા દશાશ્રીમાલી જૈન છે, તેમનાં લગ્ન સુરતમાં શ્રીમાન સ્વ. શેઠ ચુનીલાલ પાર્વતીશંકર મહેતાનાં પુત્રી પ્રભાવતી બહેન સાથે સુરતમાં ૨૫ મી જાન્યુઆરી ૧૯૩૪ ને દિને થયાં છે. શેઠ ચુનિલાલનું નામ પ્રતિષ્ઠિત છે, તેમણે સુરતની સાર્વજનિક કેાલેજ માટે લાખેા રૂપીઆની સખાવત કરી છે. તેઓ દશા શ્રીમાળી વણિક અને વૈષ્ણવ, સ્વર્ગસ્થ થયેલ છે. આવા દાખલા વિશેષ બનતા રહે અને લગ્નનું ક્ષેત્ર એક જ્ઞાતિમાં વિશેષ વિસ્તૃત થાય એ અરસપરસ બનવાના ધેારણે ઇચ્છવા યેાગ્ય છે. એકજ વણિક જ્ઞાતિમાં જુજ દાખલા બને છે તેા એક વણિક જ્ઞાતિના બીજી વણિક જ્ઞાતિ સાથે લગ્ન વ્યવહાર થવાના દાખલા તેનાથી પણ જૂજ છે. શ્રીમાળી ઓસવાળ, પેારવાડ આદિ જ્ઞાતિમાં દશા વીશા એવા બે ભેદ છે અને દશા વીશામાં રેાટી વ્યવહાર છતાં લગ્નવ્યવહાર થતેા નથી એથી લગ્નક્ષેત્ર સંકુચિત રહેલછે અને દેશના સંગઠનમાં વિઘ્નરૂપ પણ થયેલ છે.

હમણાં એક દશા શ્રીમાળીની સાથે વીસા શ્રીમાળીનું લગ્નગ્રંથિથી જોડાવું થયું તે નોંધવા જેવું છે. આપણી કેાન્ફરન્સ ઓફિસના એક જનરલ સેક્રેટરી રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી સેાલિસિટર સુરતના દશા શ્રીમાળી વણિક જૈન છે તેમણે જામનગરના વીસા શ્રીમાળી વણિક જૈન બહેન લાભકુંવર સાથે આ ફેબ્રુઆરી માસની દશમી તારીખે લગ્ન કર્યાં છે.

આવી રીતે એકજ શ્રીમાળીના બે ભેદ દશા અને વીસા શ્રીમાળી જૈનેા વચ્ચે લગ્ન વ્યવહાર બને એ ઇચ્છવા યેાગ્ય છે. ભવિષ્યમાં આવા દાખલાઓ પુષ્કળ પ્રમાણમાં બને અને ભેદો ટળી લગ્નનું ક્ષેત્ર અતિ વિસ્તૃત થાય એ ઇષ્ટ અને આવકારદાયક છે. **તંત્રી.**

(પૃ. ૧૨૮ થી અનુ.)

છે પણ અમને તે બંને અક્ષરેા પૈકી એકકે નથી, પણ ઋ. છે એટલે ઋષિનું ટુંકુ રૂપ–તેનેા પહેલેા અક્ષર ઋ બાંધી લીધેલેા છે એમ લાગે છે. એટલે મનેાહર નામના ઋષિ–સાધુએ તે પાટી બનાવી છે. અહીં સાથે સાથે નાથાલાલને પૂછી લખ્યું કે હવે કયારે તેમનેા જૈન તીર્થોનેા ઇતિહાસ છપાઇ બહાર પડશે? કારણકે તે બાબતની પૂછા ઘણી થાય છે. **તંત્રી.**)

બજુરાહેાનાં જૈન મંદિર.

પ્રાચીન બુંદેલખંડમાં જૈનેાની વસ્તી પુષ્કળ હતી અને તે વખતની બાંધેાજલાલી સુચવતાં અનેક મંદિરેા પૈકી હાલ છ જૈન મંદિર વિદ્યમાન છે તે એટલાં બધાં દર્શનીય, રમ્ય, શિલ્પની હુન્નરી કારીગરીવાળાં અને મેાટા વિશાલ છે કે તે જોઇને આપણે દિંગ થઇ જઇએ

કાલનું બલ મહાન છે. જલને સ્થાને સ્થલ અને વિશાલ રાજપ્રસાદને બેરાન જંગલ તે કરે છે. બજુરાહેાની સ્થિતિ પણ કાલે કુટિલ કરી નાંખી છે, ને તેની સમૃદ્ધિનેા નાશ કર્યો છે. છતાં પણ ભાંગી અવસ્થામાં ત્યાં ત્રીશ મંદિર વિદ્યમાન છે તેમાં છ જૈનેાનાં, એક બૌદ્ધેાનું તથા ત્રેવીશ અજૈનેાનાં છે.

હમીરપુર જીલ્લામાં મહેાબા નામનેા એક તહસીલ છે ને સ્ટેશન પણ છે ને તે ચરખારીથી ૧૦ મૈલ છે. જે રેલ્વે લાઇન માણિકપુરથી ઝાંસી જાય છે તે પર એક સ્ટેશન મહેાબામાં છે બજુરાહેા મહેાબાથી ૩૪ મૈલ, છત્રપુરથી ૨૭ મૈલ અને પન્ના (દેશી રાજ્યનુ) થી ૨૫ મૈલ દુર છે અને બજુરાહેાથી કેન ૮ મૈલ દુર છે. પહેલાં બજુરાહેા એક રાજધાનીનું શહેર હતુ. જજોતી પ્રાંત કે જેનું પૂર્વ નામ બુંદેલ ખંડ છે તેની રાજધાની તેા તે થમ ચૂકી છે, ને તેનેા ઉલ્લેખ ચીની યાત્રી હુએન્સ્થાંગે પેાતાના ગ્રંથમાં કર્યો છે ને જણાવ્યુ છે કે બજુરાહેા રાજધાનીનેા ઘેરાવેા અઢી મૈલ હતેા ને ત્યાં બાર બૌદ્ધ મઠ, છ જૈન મંદિર તથા બાર અજૈન મંદિરેા હતાં.

બજુરાહેાનેા વૈભવ મહમૂદ ગીઝનીની ચઢાઇના સમયથી ક્ષીણ થતેા ગયેા. ઇ. સ. ૧૩૩૫ માં અર્થાત ઇબ્ન બટૂટા નામનેા એક ચીની યાત્રી આવ્યેા તે સમયમાં બજુરાહેામાં પાતળા દુબળા જટાધારી અનેક સાધુ, યેાગી, યતિ વિદ્યમાન હતા, પરંતુ અકબરના સમયમાં તેઓ પણ જણાતા હતા નહી. ઇ. સ. ૧૮૧૮માં ફ્રેંકલિન નામના એક સાહેબને અહીં જંગલ જણાયું હતું. તેણે આ પ્રાંતને ' ઉજાડ કજરેા ' કરીને જણાવ્યેા છે, પરંતુ ફાગણ શુદિ ૧૩ ને દિન અહીં લાખેા આદમી મેળામાં એકઠા થાય છે.

બજુરાહેા હાલ એક નાનું ગામ છે. ત્યાં બસેા ઘર છે. દશહજાર આદમી કે જેમાં અધિકતર બ્રાહ્મણ રહે છે. ત્યાં બજૂર નામનું એક તળાવ છે. તે ગામમાં ચારે બાજુ મંદિરેા છે. જૈન મંદિર દક્ષિણ પૂર્વ સમૂહમાં છે હજુ સુધી ઘણાં બંડેર છે. તેમાં કેટલાંક તેા બે હજાર જેટલાં જૂનાં છે. આટલા બધાં જૂનાં મંદિરેા બજૂરાહેામાં જોઇને આશ્ચર્ય થાય છે એમ જણાય છે કે મુસલમાનેાના આવાગમનથી દૂર હેાવાને કારણે તેમના હથેાડા, ગેાળીએા, પાવડા અહીં સુધી પહેાંચી શકયા નથી. અજૈનેાનાં ૨૩ મંદિર છેાડી જૈન મંદિરેાનું વર્ણન કરીએ તેા તે દક્ષિણ-પૂર્વના સમૂહમાં છ મંદિર જૈનેાના તથા એક મંદિર

બાંધ્યોનું છે. આમાં એક જૈન મંદિર તો અતિશય મોટું છે કે જે 'જિનનાથ' એ નામથી પ્રસિદ્ધ છે. તેના દ્વારની બાજુમાં એક નાનો લેખ છે જેમાં લખ્યું છે કે રાજા ધંગના રાજકાલમાં ભવ્ય પાહિલે ૯૫૪ ઈ. સ. માં આ મંદિર માટે કોઇ બાગ સંકલ્પ કરી આપ્યો હતો. આ લેખમાં આ મંદિરનું નામ જિનનાથનું મંદિર આપ્યું છે, આની લંબાઇ ૬૦ ફુટ અને પહોળાઇ ૩૦ ફીટ છે. કોઇ ધનવાન શેઠે આ મંદિરની મરામત કરી છે તેથી હાલ તે નવા જેવું માલુમ પડે છે. જોવામાં તે મંદિર સુડોલ, સુંદર દર્શનીય છે. તેની બહાર ઘણી જૈન મૂર્તિઓ છે કે જે પણ દર્શનીય છે. જૈન મૂર્તિઓની વચમાં થોડી દેવ દેવીઓની મૂર્તિ પણ છે. યાત્રીઓએ આ મંદિર પર લાંબા લાંબા લેખ ખોદેલા છે કે જે પૈકી બે ચાર રાજપુત્ર પણ હતા.

બીજું મંદિર આદિનાથ સ્વામીનું છે કે જે ઘણું દેખાવડું અને બીજા કરતાં પુરાણું છે. ત્રીજું મંદિર પાર્શ્વનાથ સ્વામીનું છે કે જે આ મંદિરો જેવું શોભાવાળું છે. તે સિવાયનાં ત્રણ મંદિર શ્વેતનાથ પાર્શ્વનાથ અને આદિનાથનાં છે ને ઉંચા ટેકરા પર અજિતનાથ વગેરે છે.

આ પ્રકારે જૈન મંદિરો જૈનોનું પૂર્વ ગૌરવ બતાવે છે કે જેનું દર્શન પ્રત્યેક જૈનીએ કરવું ઘટે. પુરાણા સમયની સ્મૃતિથી વિશેષ ભાવના જાગૃત થાય છે. તે ઉપરાંત સેંકડો મૂર્તિઓ ત્યાં આસપાસ વિખરાયેલી ખંડેરોમાં પડી છે, કોઇ સ્થળે વૃક્ષો નીચે, તળાવની પાળ ઉપર વિરાજે છે, તેમાંથી ૮૬૮ ઇ. સ. જેટલો જુનો લેખ પણ મળે છે; કે જે ચંદ્રવંશીય રાજાઓના સમયનો છે. જૈને.ની ફરજ છે કે આવા સ્થાનને વિસરે નહિ તથા ત્યાંનાં જૈન મંદિરો અને મૂર્ત્તિઓની સન્માનપૂર્વક વ્યવસ્થા કરે. આ વૃત્તાંત જૈન મિત્રમાં બાબુ રામકુમાર જૈન શેઠીએ હિંદીમાં લખેલું તેમાંથી ગુજરાતી કરીને આપેલું છે.

ભણેલા છે, એટલે લગભગ ૫૦ ટકા, સ્ત્રી પુરૂષો ભણેલા છે. એકલા પુરૂષોનું પ્રમાણ લઇએ તો તો સેંકડે ૭૦નું આવે છે, અમદાવાદ અને ખેડા જીલ્લાના ૧૨,૦૦૦ ઉપર ખડાયતા વાણીઆઓ છે તેમાં પણ ભણતરનું આટલું ઉંચું પ્રમાણ આવે છે. લોહાણાની છોટી વસ્તી સિંધમાં છે, તથા ત્યાં તે (તેના આમિલ વિભાગ શિવાય) આગળ પડતી ગણાતી નથી, છતાંપણ તે પ્રાંતમાંના ૪,૨૫૦૦૦ લોહાણાઓમાં ૯૪,૦૦૦ ઉપરાંત, એટલે સેંકડે ૨૨ ટકા ઉપર આવે છે. જ્યાં સમસ્ત દેશની વસ્તી સંખ્યામાં ભણેલાનું પ્રમાણ ૭ ટકાનું જ આવે છે, ત્યાં આવી ઉચ્ચ જ્ઞાતિઓનું ભણતર સંતોષકારક ગણાય.

(અપૂર્ણ).

દલિત કોમોની સેવા.

રા. અમૃતલાલ વિ. ઠક્કર.
પ્રમુખ, ભીલ સેવા મંડળ, દાહોદ.

(ગાંડીવ-દીપોત્સવી અંક).

આપણો દેશ અફાટ છે, વસ્તી સંખ્યા ૩૨ કરોડની છે, એટલે આખી દુનીયાની વસ્તીના પાંચમા ભાગ જેટલી છે, આપણી ભૂમિ એટલી રસાળ છે કે કેટલીક જમીનોમાં તો કેવળ સારા વરસાદના પાણીથીજ બે પાક–ખરીફ અને રબિ થઇ શકે છે. ઇશ્વરની તો આ દેશ પર કૃપા છે, પણ માણસનીજ, આપણી પોતાની કૃપા આપણા દેશ પર નથી. આપણે પોતે જોઇએ તેવા મહેનતુ નથી, પ્રયત્નશીલ નથી, વિશાળ દ્રષ્ટિવાળા નથી આપણે નાના નાના જાતિ રૂપી વાડા બાંધી લીધા છે તેની બહાર જરાએ નજર પહોંચાડી શકતા નથી, નીચે પડેલી અંધકાર અને દરિદ્રતામાં ડુબેલી જાતિઓ તરફ, અસ્પૃશ્ય ગણાતી અને જંગલોમાં વસનારી કોમ તરફ બેદરકાર છીએ એટલુંજ નહિ પણ ક્રૂર અને દયાહીન છીએ, નાની સંખ્યા મોટી સંખ્યાને પગ તળે કચડતી અને ચગદી નાખતી આવી છે. ઇંગ્રેજી રાજ્યકર્તાની નાનકડી સંખ્યાને બ્યુરોક્રસી એવા નામે સંબોધીએ છીએ, પરંતુ તેજ બ્યુરોક્રસીના ગુણો, અને દોષો, આપણે પોતે જે ઉંચી કોમો ગણાઇએ છીએ તેમાં, નીચી ગણાતી કોમો પ્રત્યેના વર્તનમાં કયાં ઓછા છે ?

સંવત ૧૯૨૧ ના મુંબઇ ઇલાકાના વસ્તી પત્રકના બીજા ભાગના પાન ૪૪૪–૪૪૫ માં આપણી હિન્દુ, જૈન, અને અસલ વતની જાતિઓની યાદી આપવામાં આવી છે. આખા મુંબઇ ઇલાકામાં—સિંધ, ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં બધી મળીને ૩૨૬ જાતિઓની યાદ આપવામાં આવી છે. તેના ત્રણ વર્ગ કરેલા છે: (૧) આગળ વધેલી જાતિઓ (૨) મધ્યમ વર્ગની ને (૩) કનિષ્ટ કે દલિત જાતિઓ. કેળવણીમાં એટલે અક્ષરજ્ઞાનમાં દરેક જાતિ કેટલી આગળ વધેલી છે કે પછાત છે, તે ઉપરથી આ ત્રણ વર્ગ કરવામાં આવ્યા છે. આ ત્રણે વર્ગમાંથી મુખ્ય મુખ્ય જાતિઓ, અને ખાસ કરીને ગુજરાતમાં વસનારી છે તેનું આપણે નિરીક્ષણ કરીએ.

આગળ વધેલી તથા ઉચ્ચ જાતિઓ.

—આવી જાતોની સંખ્યા ફકત ૩૪ નીજ છે. ભાટીઆ, બ્રહ્મભટ્ટ, બ્રાહ્મણ, બ્રહ્મક્ષત્રિ, ગુજર, કાયસ્થ, લોહાણા, પંચાળ સોનાર અને વાણીયા એ આમાં મુખ્ય કોમ છે. ભાટીયા, બ્રહ્મભટ્ટ, બ્રહ્મક્ષત્રી, કાયસ્થ અને પંચાળ, એ નાની કોમો છે. એ ઘણી આગળ વધેલી છે, પણ સંખ્યાની દ્રષ્ટિએ કંઇ ગણત્રીમાં નથી. બ્રાહ્મણ, લોહાણા અને વાણીયા એ બહુ મોટી જાતિઓ છે, અને તે ખરેખરી આગળ પડતીજ છે. ગુજરાતના બ્રિટીશ જીલ્લાઓમાં ઔદિચ્ય બ્રાહ્મણની સ્ત્રી પુરૂષોની સંખ્યા ૩૫૦૦૦ ઉપરની છે, પણ ૧૬,૫૦૦ ઉપર

(પેલા કોલમમાં ચાલુ).

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, 14, Pydhoni, Bombay 3, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:–'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

卐

The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ–પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. ઍડવોકેટ.

તા. ૨૫–૨–૧૯૩૪. રવિવાર. **મુનિસંમેલન–ખાસ અંક.** Special Supplement.

વિષય સૂચિ

તંત્રીની નોંધ.	પૃષ્ઠ.		પૃષ્ઠ.
મુનિ સંમેલન	... ૧૩૧	પરિગ્રહવાળાં ઉપકરણોનો ત્યાગ ...	... ૧૪૦અ
નાનાં નાનાં મુનિ સંમેલનો ...	... ૧૩૨	સાહિત્ય આદિનો ઉધ્ધાર ...	... ,,
દેહગામમાં મુનિ મંત્રણા ...	... ૧૩૨	જન સંખ્યાની કમી	... ૧૪૧
મુનિપર્ષદા	... ૧૩૩	ગચ્છ મતાંતરથી હૃદય ભેદનો નાશ ...	... ,,
ગચ્છનાયકતાનો ઇતિહાસ ...	... ,,	રાજનગર સાધુ સંમેલન ...	... ૧૪૨
યશોવિજયજીનું માર્મિક પત્ર ...	... ૧૩૪	જૈનેતર પત્રોનો સાર	... ૧૩૫
પછીની સ્થિતિ	... ,,	મુનિ સંમેલન પરત્વે ... મોહનલાલ ચોકસી	... ૧૩૬
સાધુપદ–દીક્ષા	... ૧૪૦	સાધુ સંમેલન સબંધી ઉપજતા પ્રશ્નો (મળેલું).	... ૧૩૮
સાધુશાળા–ગુરૂકુલવાસ	...૧૪૦અ	મુનિ સંમેલન	... ૧૪૨

તંત્રીની નોંધ.

મુનિ સંમેલન—અમદાવાદના શેઠ કસ્તુરભાઇ મણીભાઇના તરફથી 'મૂર્તિપૂજક જૈન સંઘોને વિનંતિ' એ નામથી બહાર પડેલા જાહેર નિવેદન પરથી જણાય છે કે શ્રી વિજયનેમિ સૂરિજીએ કાઢી આપેલ સારા મુહુર્ત્તવાળી ફાગણ વદી ૩ ની તિથિએ અમદાવાદમાં મુનિસંમેલન ભરાવાનું છે ને તે માટે તે સૂરિને આમંત્રણ પણ તેમણે આપેલું તે તેમણે સ્વીકાર્યું છે. શેઠ કસ્તુરભાઇ યુરોપઆદિ પ્રવાસ કરી આવેલા અત્યંત સુધરેલા જમાનાના અને બાહોશ આગેવાન છે. તેમને સંમેલન કે સભા, કાર્યક્રમ, પ્રસ્તાવ, નિમંત્રણ, આમંત્રણ વગેરેના નિયમોનું અચ્છું જ્ઞાન હોવું જોઇએ. છતાં જે જાહેર નિવેદન પોતાની સહીથી બહાર પાડયું છે તેમાં તે નિયમોનું પાલન થયું હોય એમ દેખાતું નથી તો તે શેઠ તે સંબંધી સર્વ ખુલાસો કરશે એમ ઇચ્છીશું. એટલું અમે પોતે ધારી લઇએ છીએ કે તેમણે અમદાવાદના સંઘની અગાઉથી સંમતિ લઇને તે સંઘવતી આમંત્રણ અને નિમંત્રણ કરેલ હશે; પરંતુ મુનિસંમેલનમાં શું શું કાર્યની મંત્રણા થવાની છે ? અને કયા કયા વિષયો ચર્ચવાના ને તે પર પ્રસ્તાવ કરવાના છે ? તેના પ્રમુખપદે કોણ વિરાજનાર છે ? અથવા તેના પ્રમુખની ચુંટણી સંમેલન ભરાતાં તેજ કરી લેનાર છે ? તેમાં સુજ્ઞ તેમજ આગેવાન શ્રાવકોને બોલાવી તેમની સાથે મંત્રણા કરવાની રહેશે કે શ્રાવકોને કોઇપણ જાતની દરમ્યાનગીરી આપવાની નથી ? શ્રાવક સંઘની સત્તા કે જવાબદારી સ્વીકારાવાની છે કે તેને તદ્દન તિલાંજલી આપવાની છે ? ચોરાશી ગચ્છોના સાધુઓને એટલે તે પૈકી હાલ વિદ્યમાન બધા ગચ્છના સાધુઓને અને હાલ જેમણે સૂરિ પદવી ધારણ કરી તે બધા આચાર્યોને બોલાવવાના છે કે જે કોઇ આવે તેનાથી ચલાવી લેવાનું છે ? જે જે ગચ્છ વિદ્યમાન છે તે પૈકી કોઈ ગચ્છનો એક પણ સાધુ ન આવે યા જે આચાર્ય છે તે પૈકી કોઇ આચાર્ય ન આવે યા તે આચાર્યના પરિવારમાંથી કોઇ સાધુ ન આવે તો તેની હાજરી વગર પણ ચલાવી લેવાનું છે ? વગેરે અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

જેટલા સાધુઓ ભેગા થાય તેટલા ભેગા થવા દ્યો અને પછી સાચવવાનાં થઇ રહેશે એવી ગણત્રી રાખવી એ 'કાથળામાં પાંચશેરી' જેવી વાત છે, લક્ષ્ય વગર તાંકવા જેવી બીના છે. અને એમ થતાં કોઇ નિર્ણય પર નહિ અવાય, અને વીખરાઇ જવા માટે ભેગા થવું યા તો ભેગા થઇ વધુ કલેશમય વાતાવરણ ઉત્પન્ન કરીને વીખરાવું એમ પરિણામ આવે તો તે ભયંકર પરિસ્થિતિ ઉત્પન્ન કરશે. કોઇ વખત એવું પણ થાય કે કોઇને આમંત્રણ આપી બોલાવાય ને પછી તેનું અપમાન કોઇથી થઇ જાય અને નિરંકુશતામાં શુભ મર્યાદાનો—વાણી સંયમનો—સાધુના આચારનો લોપ થાય, આ અનિષ્ટતાનો વિચાર પહેલાં પ્રથમ અમદાવાદના સંઘના આગેવાનોએ કરી લેવો ઘટે છે.

એક ખાસ બીના તરફ ખાસ ધ્યાન જવું જોઇએ તે થયું નથી એમ લાગે છે અને તેથી તેપર અમદાવાદના સંઘનું અને શેઠ કસ્તુરભાઇનું ખાસ લક્ષ ખેંચીએ છીએ કે આબૂવાળા યોગી શ્રી **શાંતિજિયજી** મહારાજે શ્રી કેશરીઆજી તીર્થનું સમાધાન ફાગણ સુદી ૧૩ સુધીમાં સંતોષકારક રીતે નહિ થાય તો અનશન કરવાની પ્રતિજ્ઞા કરી છે. આ સમાધાન તે મિતિસુધીમાં થઇ જાય તો તો ઘણું સારૂં, પણ તેમ ન થતાં

મહારાજશ્રી અનશન આદરે તો તે ચાલું રહેતાં કેટલો વખત જાય એ કહી ન શકાય અને ફાગણ વદ ૩ ને દિને મુનિસંમેલન ભરવાનું શરૂ થાય તે વખતે મુનિઓમાંના એક મુનિનું તીર્થ કાજે અનશન ચાલુ હોય, તે અક્ષમ્ય ગણાય. આ કારણે તે સંમેલન મોકુફ રહેવું ઘટે.

અમદાવાદના સંઘની પ્રતિષ્ઠા હજુ જળવાઈ રહી છે. ગુજરાતનું પાટ નગર તે અમદાવાદ, અને ત્યાં નગર શેઠ શાંતિદાસ અને તેમના વંશજોએ જૈનોની સત્તા, વૈભવ અને જાહોજલાલી બતાવવા ઉપરાંત ત્યાંના સંઘનું ગૌરવ વિશેષપણે જાળવી રાખ્યું છે. અમદાવાદના શેઠીઆઓ પર શ્રી વિજયનેમિસૂરિનો જબરો પ્રભાવ છે અને તેથી તે શહેર તેમની જબરી પ્રભાવભૂમિ છે; એટલે તે સૂરિ ત્યાં ધાર્યું કામ કરી જાય એમ છે તો તે સૂરિને પણ અમારી વિનતિ છે કે મુનિસંમેલન સંબંધી ઉપરની જણાવેલી હકીકત ધ્યાનમાં લઈ કાર્યદક્ષતાથી યોગ્ય અને સંતોષકારક માર્ગ કાઢે, અને અનિર્દિષ્ટ માર્ગે નાવને હંકાર્યા વગર માર્ગ અને ધ્યેયને લક્ષમાં રાખી પછી ગતિમાન કરે તે શ્રેયસ્કર છે.

નાનાં નાનાં મુનિ સંમેલનો—બધા ગચ્છોના મુનિઓને બોલાવી બધાનું સંમેલન કરવું તેના કરતાં પોતપોતાના ગચ્છના મુનિઓનું સંમેલન તે તે ગચ્છના આચાર્યો મળી બોલાવે અને પોતપોતામાં રહેલી અનેક વિષમતાઓ–વંદન વ્યવહાર, સંભોગ (સહ ભોજન) વ્યવહાર, શિથિલાચાર, એકલ વિહાર, સમાચારી, ચાતુર્માસ નિર્ણય, તિથિ નિર્ણય, આજ્ઞાનો ક્રમ, દીક્ષા આપવાના નિયમો, શાસ્ત્રાભ્યાસ અને શાસ્ત્રાભાષાભ્યાસની વ્યવસ્થા, અરસપરસના વૈમનસ્યની પતાવટ વગેરે સંબંધી છે તેનો વિચાર કરી યોગ્ય નિયમો ઘડાય અને તેનું પાલન બરાબર થઈ શકે તે માટે કડક વ્યવસ્થા થાય તો તે તે ગચ્છના મુનિઓનું શ્રેય સાધી શકાય તેમ છે, અત્યારે સામાન્યરીતે શ્વે. મૂ. સંપ્રદાયમાં તપા ખરતર, અંચળ ગચ્છ અનુક્રમે સંખ્યાની દૃષ્ટિએ ઉત્તરોત્તર વિદ્યમાન છે. તે પૈકી તપાગચ્છનું ગુજરાતમાં વિશેષ પ્રાબલ્ય છે. તેમાં અનેક આચાર્યો છે અને પેટા શાખાઓ જેવી કે સાગર, વિમલ, આણંદસૂર, દેવસૂર છે. દરેક આચાર્યનો શિષ્ય પરિવાર છે. એકના શિષ્ય બીજાના શિષ્ય સાથે વંદન, સહભોજન, સહવાસ પ્રાયઃ રાખી, શકતા નથી. તેમજ એકના શિષ્ય પર બીજાનો અંકુશ નથી. આત્મારામજી (શ્રી વિજયાનંદ સૂરિ) ના શિષ્યોમાં આચાર્યો છે ને તેમાં પણ એવી સ્થિતિ કેટલેક અંશે છે. આ સર્વનું નિવારણ તે તે ગચ્છના, કે આત્મારામજી અને તેમના ગુરૂભ્રાતા મૂળચંદજી, વૃદ્ધિચંદજીના શિષ્ય પરિવાર મળીને કરે તે બધા ગચ્છના મુનિઓના સંમેલન કરતાં ઘણુ સહેલાઈથી અને અસરકારક રીતે થઈ શકે તેમ છે. છતાં તે માર્ગ હમણાં કોઇને સુઝ્યો નથી ને લેવાયો નથી. વડોદરામાં શ્રી આત્મારામજીના સંઘાડાના મુનિઓ એકત્રિત થઈ તેના સંમેલને કેટલાક પ્રસ્તાવો તે કાલને યોગ્ય અને માર્ગદર્શક થયા હતા, પણ તે સંઘાડાના મુનિઓમાં વૈમનસ્ય ત્યાગીપદને નહિ છાજતાં એવાં એવાં નજીવા કારણોને લીધે હજી સુધી વિશેષ પ્રમાણમાં વધતું જાય છે એ દુઃષમ કાળની વિષમતા છે, અને તેને લીધે તે પ્રસ્તાવોનો સર્વાંશે અમલ થયો નથી.

પ્રસ્તાવો ગમે તેટલા કરવામાં આવે પણ તે પાછળ તે પળાવવાની તાકાદ અને શ્રાવકોનું પીઠબળ ન હોય તો શ્રમણોનો તે પાછળ શ્રમ વૃથા જવાનો, અને કર્યું કરાવ્યું પાણીમાં જાય.

વળી પ્રસ્તાવો એવા હોવા જોઈએ કે ચતુર્વિધ સંઘને તાત્ત્વિક દૃષ્ટિથી માન્ય હોય જો શ્રાવક સમુદાય તેનાથી ભિન્નતા દાખવે તો તે ઠરાવોનો અમલ થઈ શકે નહિ એટલે તે ઠરાવોની કિંમત જે કાગળ પર લખાય તે કાગળ જેટલી પણ ન રહે.

શ્રાવકોએ પોતાનાં સંમેલનો અનેક કર્યાં, પરિષદો–કોન્ફરન્સો અનેક ભરી, અને તે પણ મુનિઓ પ્રત્યેના પૂજ્યભાવને જાળવીને તથા તેમનો સહકાર મેળવીને ભરેલ છે તેજ રીતે શ્રાવકોના શ્રેયને તેમજ તેમના સહકારને જાળવીને સાધુઓ પોતાનું સંમેલન એક વખત નહિ પણ વર્ષો વર્ષ યા ત્રણ ત્રણ વર્ષે ભર્યા કરે તો સમાજ ઉંચો આવશે.

દેહગામમાં મુનિમંત્રણા—અમદાવાદમાં મળનારા મુનિસંમેલન માટે અનેક સ્થળેથી ઉદ્ઘોષણા થઈ કે તેનો સ્વાદ વધારે નહિ પણ એક ચટકારૂપે પણ અગાઉથી જનતાને થવો જોઈએ; છતાં સંમેલનના મુખ્ય સૂત્રધારો નગરશેઠ અને શ્રી વિજયનેમિસૂરિ તે સંબંધી મૌનજ સેવે છે એ નિરખીને ઘણા મુનિઓને વસવસો રહ્યા છે અને શ્રાવકોનો મોટો ભાગ તો તદ્દન ઉદાસીન અને ઉપેક્ષાવાન–બેદરકાર હોય નહિ તેમ લાગે છે. પરંતુ નિરાશામાં છૂપાયેલી કંઈ આશા દૃષ્ટિગોચર થાય છે કે કેટલાક સમજુ સાધુઓ આ સંમેલનને બને ત્યાં સુધી સફલ બનાવવાના ઉદ્દેશથી તેની પ્રાથમિક ભૂમિકા નક્કી કરવા માટે દેહગામ કે જે મુનિ વિદ્યાવિજયની જન્મભૂમિ છે અને જે અમદાવાદ પહોંચતા પહેલાં આવતું સગવડવાળું સુંદર ગામ છે તે સ્થાને ભેગા થઈ મંત્રણા–ઊહાપોહ કરનાર છે. સાધુઓ પૈકી મુનિ પુણ્યવિજય, વિદ્યાવિજય, ન્યાયવિજય તેમજ બીજાઓ વર્ત્તમાનપત્રોમાં ઘણો ઠીક ઊહાપોહ કર્યો છે અને તે બધા લખાણો પરથી કોઇપણ સાધુસમુદાય સંમેલન માટેનો સુરેખ અને સ્પષ્ટ કાર્યક્રમ સર્વાનુમતિથી યા બહુમતિથી ઘડી શકે તેમ છે.

આ જમાનામાં અનેક પ્રશ્નો અને સંજોગો શ્રમણ સંપ્રદાયમાં નવીન ઘડા થયા છે કે તે દરેકનું નિરાકરણ પહેલ પ્રથમ શ્રમણોએજ જિનાજ્ઞા, વીતરાગ ધર્મ અને અનેકાંતવાદના લક્ષપૂર્વક કરવું ઘટે છે. તેમ ન બને તો સુકાની વગરના નાવની ભરદરિયે જે સ્થિતિ થાય તે સ્થિતિ શ્રમણ સંઘની–ને તેને પરિણામે શ્રાવક સંઘની થશે.

દેહગામમાં એકજ ઉપાશ્રયમાં સર્વે સાધુઓ ઉતરે, સહવાસ કરે, સહભોજન લે, અને મીઠાશથી અરસપરસના બંધુ ભાવે પોતાના સંઘની વિષમતાઓ વિચારી યોગ્ય માર્ગ કાઢે, બંધારણની પાકી રૂપરેખા ઘડે, સળગતા પ્રશ્નોના સમાધાન વિચારે અને તે સર્વ મુખ્ય સંમેલન પાસે એકનિષ્ઠાથી એકત્ર અવાજથી

ચર્ચા માટે-રજુ કરી સર્વના મત લઇ પરિણામે પ્રસ્તાવ રૂપે પાસ કરાવે તો ચિરકાલ સુધી સ્મરણમાં રહે એવું કામ આવતા જમાનાને ઘડા રૂપે મૂકી તેના અનેક ધન્યવાદ મેળવે એ નિઃસંદેહ છે. શાસન દેવ! સૌમાં જાગ્રત ચેતન, સ્થિરબુદ્ધિ, કાર્ય અને ધગશ, અને શાસનરાગ જગાવે એ હૃદયપૂર્વક ઇચ્છીશું.

શ્રી કેશરીઆનાથજીના પ્રશ્ન અંગે

ઉદેપુરના ના. મહારાણાને મોકલાયેલ મેમોરિયલ.

શ્રી કેશરીઆનાથજીના અંગે જે પરિસ્થિતિ ઉભી થયેલી છે તે સબંધે કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની તા. ૨૬-૧-૩૪ ના રોજ મળેલી બેહક વેળાએ એક પેટા સમિતિ નિમવામાં આવી હતી જેણે વખતો વખત મીટીંગો મેળવી આ પ્રશ્ન પરત્વે સંપૂર્ણ વિચાર ચલાવ્યો હતો અને કેશરીઆજીને લગતાં ખતપત્રો વગેરે તપાસ્યાં હતા. જાદ ઉભી થયેલ ફર્યાદો સંબંધે ઉદેપુરના ના. મહારાણા સાહેબ હજુર એક મેમોરિયલ મોકલી આપવા ઠરાવવામાં આવતાં તે કાર્ય કમિટીના સભ્ય શ્રી મકનજી જે. મ્હેતા બાર-એટ-લૉ ને સુપ્રત કરવામાં આવતાં તેમણે હકીકતોથી ભરપૂર અને મુખ્ય ફર્યાદો રજુ કરી સાથે તેની ઘટતી દાદ માંગનાર એક મેમોરિયલ તૈયાર કર્યું છે જે ગત તા. ૧૯-૨-૩૪ ના રોજ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી ઉદેપુર ઘટતે સ્થળે રવાના કરવામાં આવેલ છે. આ મેમોરિયલ જૈન બંધુઓની જાણ માટે હવે પછી તુરતમાંજ પ્રકટ થશે.

શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સ ૨૦, પાયધુની, મુંબઇ ૩.

લી. સંઘ સેવકો,
રણછોડભાઇ રાયચંદ ઝવેરી
મોહનલાલ બી. ઝવેરી
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

મુનિપર્ષદા મુનિસંમેલન—જેમ શ્રાવકો પોતાની કૉન્ફરન્સ-પરિષદ મેળવે છે તમ સાધુઓ મેળવે તેમાં અમો સંપૂર્ણ સહમત છીએ. ભેગા મળવાથી, એક બીજાના પરિચયમાં આવવાથી, અરસપરસના વાર્તાલાપ અને વિચારવિનિમયથી જે લાભ સાંપડે છે તે બધા લાભ સંમેલનદ્વારા મળી શકે છે અને તેમાં સહકાર, સહાનુભૂતિ, સમગ્ર સંઘના ઉત્કર્ષની સામુદાયિક વૃત્તિ ભળે તો પૂછવુંજ શું? વર્તમાન અને ભવિષ્યની પ્રજાને મહાન ઉપકારક થઇ પડે અને તેથી સ્વ અને પરને લાભદાયક થઇ પડે એવું જામોકામી કાર્ય થાય કે જેનાં સ્તુતિગાનો ગમે તેટલાં ગાઇએ તો પણ તે ઓછાંજ નીવડે.

મુખ્ય વાત એકતાની છે. તે કરવા માટે એક બીજાની સામાચારી પ્રત્યે સહિષ્ણુતા રાખી આસન્ન ઉપકારી એવા શાસનનાયક શ્રી મહાવીર ભગવાનનાં ફરમાનો પ્રત્યે અખંડ એક દૃષ્ટિ રહેવી જોઇએ. સમગ્ર સાધુ સંઘનું બંધારણ બંધાવું જોઇએ. તેને અંગે ઉપસ્થિત થતા અને થનારા પ્રશ્નોનો તોડ લાવવા માટે કાયમી સમિતિઓ નીમાવી જોઇએ. તેવી ફેસલા સમિતિના ચુકાદાઓને માન આપવા માટે-પાળવા માટે વ્યવસ્થા એવી કરવી જોઇએ કે તેનું પાલન ન કરનારને રીતસરની શિક્ષા મળે. એકતા વગર બંધારણ નથી, બંધારણ વગર એકતા નથી.

એકતા અને બંધારણ વગર છિન્નભિન્નતા અને શીર્ણવિશીર્ણતા છે. કોઇ નાયક નથી એટલે સાંઠોસાંઠો થઇ અમુક નાનાં નાનાં ટોળામાં આખો શ્રમણસંઘ વહેંચાઇ-વિખરાઇ ગયો છે, તેથી સામુદાયિક શક્તિ હણાઇ ગઇ છે સૌ સૌને ફાવે તેમ વર્તે છે, કોઇ કોઇને કડી શકતું કે અટકાવી શકતું નથી. સ્વચ્છંદ, શિથિલાચાર, એકલવિહાર અયોગ્યમુંડન, દીક્ષાત્યાગ, શિષ્યનું અપહરણ, ગાલીપ્રદાન, નિંદા-ધમકી-શરાપોનો વરસાદ, કજીઆ, કલેશ; તોફાન, સંઘમાં તડ-પક્ષ, વગેરે અસ્વચ્છ વાતાવરણ જામ્યે ગયું છે અને જામતું જાય છે અમુક પ્રિય ક્ષેત્રોજ હૃદયમાં વસી ગયાં હોય છે તેથી તે છોડાતાં નથી, જ્યાં સાધુના ધર્મોપદેશની જરૂર છે ત્યાં કોઇ સાધુનો સંચાર થતો નથી. ચાતુર્માસ પર અંકુશ કોઇનો વર્તતો નથી અને તેથી જૈન ધર્મનો પ્રચાર કે સાધુતાનું પ્રદર્શન બરાબર ન થતાં શાસનને અવહેલના પ્રાપ્ત થાય છે.

ગચ્છનાયકતાનો ઇતિહાસ—તપાગચ્છમાં હીરવિજયસૂરિ સત્તરમી સદીમાં અકબર બાદશાહના પ્રતીબોધક એક મહાન આચાર્ય થયા તેમણે પોતાના શિષ્ય સમુદાય ઉપર પૂરું નાયકપણું મેળવ્યું અને જાળવ્યું. તેમના પટ્ટધર વિજયદેવસૂરિના વખતમાં ધર્મસાગર આદિના બખેડાએ ભારે તીવ્ર સ્વરૂપ લીધું અને તે સમયમાં બીજા આચાર્ય વિજયાણંદ સૂરિને બનાવી અમુક સાધુઓએ જુદી પાટ સ્થાપી. એકનો દેવસૂર અને બીજાનો આણંદસૂર એમ બે પક્ષ પડ્યા. આમ છતાંયે આચાર્યની પ્રતિષ્ઠા ઝળહળી હતી તો પણ વિજયદેવસૂરિનો મોભો જળવાઈ રહ્યો તેનું કારણ એ હતું કે મૂળ બાંધેલું બંધારણ બહુ પાકકું હતું એટલે તે શિથિલ થયું છતાં ટકી રહ્યું વિજયદેવસૂરિએ બહુ પ્રાજ્ઞ નહિ એવા વિજયપ્રભસૂરિને આચાર્યપદ આપી પોતાની પાટે નીમ્યા તેથી વધારે શિથિલતા આવી. વિજયપ્રભસૂરિના સમયમાં મહાન તાર્કિક, સર્વ દર્શનના જ્ઞાતા 'ન્યાયવિશારદ' પદને કાશીની પરિષદ્માં પ્રાપ્ત કરનારા સમર્થ વિદ્વાન્ યશોવિજયજી થયા કે જેમણે ન્યાય, અધ્યાત્મ આદિ અનેક કૂટ વિષયપર બહુમૂલ્ય ગ્રંથો રચી હરિભદ્રસૂરિ અને હેમચંદ્રાચાર્યની કોટિની વિદ્વત્તા પ્રાપ્ત કરી હતી. તે યશોવિજયજી વિજયપ્રભસૂરિની

ગમે તેવી આજ્ઞા સ્વીકારે તેમ ન હતા. તેમણે પોતાના ગુરૂતત્વવિનિશ્ચયમાં સ્પષ્ટજણાવ્યું કે જનાજ્ઞા તે ગુરૂની આજ્ઞા કરતાં પણ બળવત્તર છે. જિનેશ્વરોના વિનય વગરનો ગુરૂનો વિનય જૈન શાસનમાં મહત્ત્વનો ગણાતો નથી. તે તો સાધારણ લૌકિક વિનય ગણાય છે, તેથી તે મહત્ત્વનો ન હોવાથી નકામા જેવો જ છે. ગુરૂઆજ્ઞા બળવાન છે, એમ માનીને જે જિનેશ્વરોની આશાતના કરે છે તે ઘણું મોટું પ્રાયશ્ચિત્ત પામે છે, કેમ કે તેના મનમાં તીર્થંકરો તરફ ભક્તિ ન હોય, તોજ ગુરૂની આજ્ઞા વિશેષ માન્ય કરે. વળી તેમણે કુગુરૂપર અનેક ચાબખા માર્યા અને સ્વાધીન શાસ્ત્રાજ્ઞા અને વીતરાગ પ્રવચનરાગ પર મુસ્તાક રહી કાર્ય કર્યું, અને આચાર્યના પ્રત્યે ઉપેક્ષા કરી. બીજી બાજુ વિજયદેવસૂરિએ અને તેના પછી વિજયપ્રભસૂરિએ કાશીથી 'ન્યાયવિશારદ' પદ લઈ આવેલા તેમને જાણ્યા પછી ઉપાધ્યાય પદ જેવું પદ યશોવિજયને સં. ૧૭૧૮ સુધી આપ્યું નહિ.

<u>યશોવિજયજીનું માફીપત્ર</u>—વિજયપ્રભસૂરિ પોતેપ્રાજ્ઞ નહોતા છતાં તેમને સૂરિપદ આપવામાં આવ્યું હતું અને તેઓ પછી વિજયદેવસૂરિનો સ્વર્ગવાસ થતાં તેના પટ્ટધર બની ગચ્છના નાયક બન્યા હતા. તે પદવીનું જોર ધારણની રૂએ એટલું બધું હતું કે તેથી યશોવિજય જેવાએ પણ નમવું પડયું–એ તેમના માફી પત્રનું એક હસ્તલિખિત ૪-૫ ઇંચ લાંબું પહોળું ૧૩ પંકિતનું પાનું જૂની શોધ ખોળ કરવાના રાગી પ્રવર્તક શ્રીમાન કાંતિવિજયજીને મળી આવ્યું હતું તે પરથી જણાય છે. આની નકલ ઘણાં વર્ષોથી શ્રી જિનવિજય પાસેથી મને પ્રાપ્ત થઇ હતી પણ તે પ્રસિદ્ધ કરવું તેમને અને મને અત્યાર સુધી યોગ્ય નહોતું લાગ્યું તે આજે હું નિર્નાયકતાના ગેરલાભ વર્ણવતી વખતે પ્રકટ કરૂં છું.

॥ ૐ નત્વા સં. ૧૭૧૭ વર્ષે ભ૦ (ભટ્ટારક) શ્રી વિજયપ્રભ સૂરીશ્વર ચરણાન્ શિશુલેશઃ પં૦ નયવિજયગણિ શિષ્ય જસવિજયો વિજ્ઞપયતિ અપરં આજ પહિલાં જે મઈ અવજ્ઞા કીધી તે માપ (માફ); હુવિ આજ પછી શ્રી પૂજ્યજી થકી જે વિપરીત હોઇ તે સાર્થિ મિલું તો તથા મણિચંદ્રાદિકનિં તથા તેહોના કહિણથી જે શ્રાવકનિં શ્રી પૂજ્યજી ઉપરિં ગચ્છવાસી યતિ ઉપરિં અનાસ્થા આવી છઇ તે અનાસ્થા ટાલવાનો અને તેહોનિં શ્રીપૂજ્યજી ઉપરિં રાગ વૃદ્ધિવંતો થાઇ તેમ ઉપાય યથાશક્તિ ન કરૂં તો, શ્રીપૂજ્યજીની આજ્ઞા રૂચિ માંહિ ન પ્રવ-તું તો, માહરિ માથઇ શ્રી શત્રુંજય તીર્થ લોપ્યાનું શ્રી જિનશાસન ઉત્થાપ્યાનું ચૌદ રાજલોકનઇ વિષઇ વર્તઇ તે પાપ.

આ માફીપત્ર યશોવિજયજીએ આપ્યાની વાત સાચી હોય તો પછી વિજયપ્રભસૂરિ ગચ્છનાયક હોવાને લીધે કેટલી બધી સત્તા વાપરીને યશોવિજયજી જેવા સમર્થ વિદ્વાન અને ક્રિયાપાત્ર મુનિવર્યની પાસે માફી પત્ર મેળવી શકે છે તેનું આ દ્રષ્ટાંત છે. પોતાની સ-તાનો આમાં દુરૂપયોગ થયો છે એ એક વાત જૂદી છે, પણ સત્તાની રૂએ કેટલીક વખત મહાન તેજોમયને પણ નિસ્તેજ કરી શકાય છે એ આ પરથી જાણાય છે, મોટી સ-તાનો દુરૂપયોગ થતાં પરિણામે પ્રત્યાઘાતી શિથિલતા જન્મે છે અને જન્મીપણ ખરી અને તેથી મોટી સ-તા રાખનારાએ તેનો દુરૂપયોગ ન થાય એની ખાસ કાળજી રાખવી જોઇએ અને વિશેષમાં પ્રાજ્ઞ, દીર્ઘદૃષ્ટિ તથા ઉદારચિત્ત જે હોય નહિ તેવાના હાથમાં મોટી સ-તા આવે છે ત્યારે તેનો દુરૂપયોગ પણ થઈ જવાનો પણ સંભવ છે અને તેમ થતાં પરિણામ પણ ભયંકર આવે છે, એ પણ સાથે સાથે આમાંથી શીખવાનું છે, (લાલન શિવજીને સંઘ બહાર કર્યાનું પરિણામ શું આવ્યું તે પણ વ-ર્તમાન પ્રજ્ઞની જાણમાં છે. યશોવિજય સંબંધી આ ઘટના બન્યા પછી બીજા વર્ષમાં એટલે સં. ૧૭૧૮ માં તેમને ઉપાધ્યાયની પદવી વિજયપ્રભસૂરિએ આપી.

<u>પછીની સ્થિતિ-નિર્નાયકતા</u>—હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ અને વિજયદેવસૂરિએ પોતાના ગચ્છને માટે અમુક રીતે ચાલવું તે બાબતના મર્યાદા પટ્ટકો કાઢયા હતા. તેવા મર્યાદાપટ્ટક કાઢવામાં વિજયપ્રભસૂરિ અને ત્યારપછી થયેલા પટ્ટધરોએ જ્ઞાનસામર્થ્ય બતાવ્યું નથી, પરંતુ પોતાના ગચ્છના દરેક સાધુએ કયાં ચોમાસું કરવું એ બાબતનાં ક્ષેત્રપટ્ટકો તો વિજયદેવેન્દ્રસૂરિ સુધીના આચાર્યોની 'સહી' વાળાં નીકળેલાં મેં જોયાં છે. પછી બંધ પડયાં. બાદશાહ, રાજામહારાજાઓએ આપેલ પાલખી છત્ર ચામર આદિનો ઉપયોગ થવા લાગ્યો, શ્રીપૂજ્યજી ભટ્ટારકોની મોટા ઠાઠ માઠથી અનેક માણસોના પરિવાર સહિત એકથી બીજે ગામ સવારી નીકળવા લાગી, અને શ્રમણ-પંથનો પાદવિહાર તેમજ તેમના બીજા આચાર વિહારનો લોપ થયો—શિથિલાચાર વધ્યો અને તેની પાટ નામશેષવાળી હાલ ચાલુ છે પણ સમગ્ર સંઘમાં રહેલી પ્રતિષ્ઠા લુપ્ત થઇ. સંવેગી સાધુઓ પુનઃ થયા અને તેનો વંશવેલો વધ્યો. તેમાંથી પહેલાં પ્રથમ એકલા આત્મારામજી આચાર્ય થયા. તેમણે પોતાના ગુરૂભાઇને ભેટતાં સ્પષ્ટ જણાવેલું હતું કે હું તો શ્રાવકોનો આચાર્ય થયો છું, તમારો નહિ. આવું પણ માનસ પછીનામાં ન રહ્યું. એકે કાશીમાં જઇ 'જૈન શાસ્ત્ર વિશારદ' પદ લીધું ને સૂરિપદ ગ્રહણ કર્યું, બીજાએ અમુક અમુક ગામના સંઘ પાસેથી આચાર્ય પદ લીધાં ને એક આચાર્યે પોતાના શિષ્યો પણ આચાર્ય છે એવી પ્રતિષ્ઠા લેવા તેમને પણ તે પદ આપ્યું. એ રીતે આચાર્યોની સંખ્યા વધી ગઇ. એક ગચ્છમાં જોઇએ તે કરતાં વધુ આચાર્યો થવાથી તેમજ તે આચાર્યો વચ્ચે એખલાસ, સંપ અને એકનિષ્ઠા રહ્યાં નહિ, નિરંકુશતા થઇ, અને એક બીજાને વંદન કરવાનો, સહવાસ ને સહભોજન કરવાનો વ્યવહાર પણ વિચ્છિન્ન થયો. આવી સ્થિતિ

(પૃષ્ટ ૧૪૦ વધુ માટે જુઓ.)

જૈનેતર પત્રોનો સાર.

જૈન મુનિ સંમેલન—મળે તે અગાઉ તેની આસપાસ ઉભા થયેલા શંકાના વાતાવરણે એ યશસ્વી નિવડવા સામે ભય ઉત્પન્ન કર્યો છે. આમંત્રણ પત્રિકામાં જણાવેલ ઉદ્દેશને અનુસરીને કામ લેવાય તો પરિણામ સારૂંજ આવશે, નહિતો ભળતી રીતે કામ થશે તો જૈન સમાજમાં અત્યારે જે કુસંપ, કંકાશ અને ફાટફુટ છે તે ઘટવાને બદલે વધવાની ભીતિ રહે છે. 'અનિચ્છનીય વાતાવરણ' ના માટે મુનિઓ ઓછા જવાબદાર નથી અને તેઓ ધારે તો તે સુધારી શકે છે. પણ સૌથી પહેલાં આવશ્યકતા બંધારણની-ધારાધોરણની છે.

જૈન સમાજમાં જે જાગૃતિ આવી છે અને જૈન યુવકોએ અત્યાર અગાઉ જે ચેતન પ્રગટાવ્યું છે તે જોતાં મુનિઓ વખતસર સમજી જશે નહિં તો સમાજમાં તેમની બાકી રહેતી થોડી ઘણી પ્રતિષ્ઠા અને ભારેખમજ ભયમાં આવી પડશે.

આ સંમેલનમાં અમુકને ઇરાદા પૂર્વક બહાર રાખવાની કંઇ મંત્રણા થઇ હોય અને તેનો ઇજારો કોઇ અમુકજ પક્ષ, વિચાર અને સંઘાડાના અને વળી તેપણ અમુકજ સાધુ મહારાજોને આપવા ધાર્યો હોય તો એ પાછળ શક્તિ અને સાધનોનો ખોટો વ્યય થશે.

કાર્યક્રમ, કે કયા વિષયોની ચર્ચા થશે તે બહાર પડયું નથી. શ્રાવકોમાં તેથી વસવસો થયો છે, છતાં તે બાબત સાધુઓ પર છોડવી ઠીક છે. છતાં શ્રાવકો તે માટે સૂચવે તો સાધુઓને ખોવાનું પણ કંઇ નથી.

અમુકજ પક્ષનું બનાવી તેમાં તે પક્ષતાને બીચોબીચ ભરવામાં આવે તો તેથી લઘુમતિવાળાઓએ ન ગભરાતાં ત્યાં હાજર રહી પોતાનો અવાજ રજુ કરી કંઇ આપખુદી વર્તે તો તે ખુલ્લી પાડવી ઘટે છે.

યોગ્ય વાતાવરણ-જોઇતી ભૂમિકા તૈયાર થયેલ ન લાગતી હોય તો સંમેલન નિષ્ફલ નિવડવાનો અપયશ વહોરવાને બદલે વધુ સાધુઓનો સહકાર શોધી શુદ્ધ વાતાવરણ ઉભું કરી શકતું હોય તો સંમેલન આગળ ઠેલવામાં કે મુલતવી રાખવામાં શરમાવાની જરૂર નથી. સંમેલન કુસંપ જગાડી વધુ ફાટફુટ ન પાડે તે તો ખાસ વિચારવાનું છે.

સંમેલન બંધારણ રચીને શ્રાવકોના કલ્યાણના પ્રશ્નો ચર્ચે. તેના ઠરાવો યોગ્ય અને વ્યવહારૂ હોય તો તેનો અમલ શ્રાવકો કરે.

સ્થાનકવાસી નેતાઓના પ્રતિનિધિ મંડળે ભારે અગવડ વચ્ચે પ્રવાસ કર્યો હતો અને આચાર તેમજ ધર્મથી વિમુખ બનેલા સાધુઓ અને સાધ્વીઓની શુધ્ધ બુધ્ધ ઠેકાણે આણી હતી. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં આવી શક્તિ, સાધન, જાહેર હિંમત, ખંત અને ઉત્સાહ હોય તોજ મુનિ-સંમેલન ભરવાનું સાર્થક છે.

—**મુંબઇ સમાચાર** ૧૬-૨-૩૪ નો અગ્ર લેખ.

૨

સાધુતાની પેઢીનું સરવૈયું—આ બહુમતવાદના યુગમાં એક જૈનાચાર્ય અને એક જૈન નગરશેઠ મળીને એક મોટી સભા મેળવવાનો નિશ્ચય કરે અને તેમ કર્યા પૂર્વે બીજાઓની સાથે વિચાર-વિનિમય કરવાની આવશ્યકતા ન જુએ એ વિચિત્ર તો છેજ, વળી કેટલાક ભાગ લેનાર નથી, કાર્યક્રમ બહાર પડયો નથી તેથી ખેડાણની ક્રિયા પૂર્વે થવી જોઇતી હતી તે થઇ નથી. ઘણા સાધુ તેમજ શ્રાવકોને વિશ્વાસમાં લેવામાં નથી આવ્યા તેથી તે ઉદાસીન બન્યા છે. કાર્યક્રમ વગર શંકાશીલતા પણ છે. એ આદિ કારણથી ઐક્ય સાધનાનો સિધ્ધાંતજ અમને ભૂલભરેલો લાગે છે. મુનિઓમાં સહભોજનના, સહનિવાસના, વંદનના ઇત્યાદિ જે ઔપચારિક ઝગડાઓ છે, તે સ્મશાન વૈરાગ્યને ન્યાયે આ ટાંકણે દબાઇ જવા પામે, પરન્તુ તેથી આંતરિક ઝગડાઓનો વિનાશ થઇ શકેજ નહિ.

અજમેરનું સ્થાન મુનિ સંમેલન બોધદાયક થવું જોઇએ. ત્યાં કાર્યક્ષેત્ર ખુલ્લું મૂકાયું હતું ઘણા મુનિઓએ ભાગ લીધો હતો પરંતુ આંતરિક ઐક્ય ભાવના વિનાના સાધુઓ હોવાથી ઐક્યના ઠરાવ થયા છતાં તેનું પાલન થયું નથી અને આજે કહેવાય છે કે તે પાછળ શક્તિ, સમય અને દ્રવ્યનો નિરર્થક વ્યય કરવામાં આવ્યો છે.

ધર્મપ્રચારની અને સાધુતાની પેઢી ખોલી બેઠેલાઓએ તેની ખોટ કે નફાનું, સાધુતાની વખારમાં ભરેલો માલ કેવો ને કેટલો છે તેનું સરવૈયું કાઢયું છે? તેમ થતાં જણાશે કે પેઢી વર્ષોથી ખોટમાં કામ કરી રહી છે અને એમ થતાં એક વખત દીવાળું કાઢવું પડશે. ગચ્છાદિની બહુલતાથી નાનાં ટોળાં વહેંચાઇ જતાં કેન્દ્રીભૂત સત્તાને અભાવે વ્યવસ્થિત કામ થતું નથી.

ટોળાંઓની કેન્દ્રીભૂતતા માટે તે તેના આચાર્યોને જે ઉદાર મનઃસ્થિતિ જોઇએ, તે કેટલામાં છે, સમગ્ર દૃષ્ટિએ જૈન શાસનના પ્રચાર અને પ્રભાવ માટે જે વ્યાપક તથા વિશાળ

નીચેના પુસ્તકો વેચાતાં મળશે.

શ્રી ન્યાયાવતાર	... ...	રૂા. ૬—૮—૦
જૈન ડીરેકટરી ભાગ ૧ લો	... ...	રૂા. ૦—૮—૦
,, ,, ભાગ ૨-૨ જો	...	રૂા. ૬—૦—૦
,, શ્વેતાંબર મંદિરાવળી	... ...	રૂા. ૦—૧૨—૦
,, ગ્રંથાવળી	... ...	રૂા. ૬—૦—૦
,, ગૂર્જર કવિઓ (પ્ર૦ ભાગ)	...	રૂા. ૫—૦—૦
,, ,, ,, ભાગ બીજો	...	રૂા. ૩—૦—૦
,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર)	...	રૂા. ૬—૦—૦

લખો:—**શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.**

૨૦, પાયધુની, મુંબઇ ૩.

દૃષ્ટિ જોઇએ, જે ઉદાર માનસ જોઇએ, એ સત્તા ચલાવવાને જે સાર્વત્રિક સેવાવૃત્તિ જોઇએ તે ભાગ્યેજ કોઇમાં હશે. આજે મોટા તે મનાય છે કે જેના પક્ષમાં ધનવાનની સંખ્યા વધુ હોય યા શિષ્ય-શિષ્યાઓની સંખ્યા વધુ હોય!

મોટી સંખ્યા ગૂજરાત-કાઠિઆવાડનાં શહેરોમાં ફર્યા કરે છે, નવીન ક્ષેત્રો પર દ્રષ્ટિ કરતી નથી, માન-સંમાન પ્રાપ્તિમાં તો હરિફાઇ કરે છે, સ્વગતાગ્રહનોજ નહિ પણ દુરાગ્રહનો ત્યાગ સમગ્ર જૈનના હિતાર્થે કરવાની ના પાડે છે, એવી સ્થિતિમાં માનસિક ઐકય અને કેન્દ્રીભૂત વ્યવસ્થાનો પ્રચાર કયાંથી થાય?

બહુકાળથી એકધારી સત્તા ભોગવી, મનસ્વીપણાને માટે જનતામાંથી પોષણ મેળવી અને સાંકડા પરિધની બહાર દ્રષ્ટિ પણ નહિ કરવાની સંકુચિત વૃતિ કેળવીને જૈન સાધુઓ આજે પોતાની સાધુતાની વખારને કોહવડાવી રહ્યા છે.

જૈન સાધુ સૃષ્ટિમાં જ્યારે જ્યારે કર્તવ્યનું ભાન ભુલાયું છે, ત્યારે ત્યારે તેમાં સુધારકો જાગ્યા છે એમ ઇતિહાસ કહે છે, અને એ સુધારકોનેય સ્થિતિચુસ્તો તરફથી ઘણું વેઠવું પડયું છે પરન્તુ તેઓના કાર્યની અસર ભુંસાઇ નથી. આજે ફરીથી એવો સમય આવ્યો છે કે સાધુતાની વખારમાં પેઠેલા કોહવાટને અટકાવવા હિંમતવાન સુધારકોની જરૂર છે અને તેમનું સ્થાન સાધુઓ પોતે નહિ લે તો શ્રાવકોને લેવાની જરૂર પડશે. એ વર્ગ ઉપસ્થિત થઇ ચુકયો છે; તેણે પરિવર્તન કરવા માંડયું છે-ઉકત વખારને આંચ લાગવા માંડી છે.

અમને લાગે છે કે આ સંમેલનનું પ્રથમ અને એકજ કાર્ય કેવળ જુદાજ પ્રકારનું ઐકય સાધવાનું છે. સંપ્રદાયો ભેગા ન થાય તો ચિંતા નહિ, પરંતુ વર્તમાન યુગમાં કરવા યોગ્ય નવીન દિશાના કાર્ય પરત્વે ઐકય સાધવાનું છે; અને સ્થિતિચુસ્ત કાર્યવાહી તજી નવા વિચાર બળને તે ઓળખશે તો સાધુતાની પેઢીને ભવિષ્યના દેવાળામાંથી બચાવી લઇ શકશે.

અમે જાણીએ છીએ કે ન્હાનમ-મોટપ વચ્ચેની મારામારી ચાલે છે, ધર્મોપચારમાં હાડોહાડ વૈરવૃતિ પ્રસરેલી છે, હરીફને ગાળો દેવામાં ભાષાજ્ઞાનનો ઉપયોગ કરનારાઓ પણ ઘણા છે, કીર્ત્તિ અને પ્રતિષ્ઠાના ભૂતનો વળગાડ કેટલાંકને વળગેલો છે. છતાં ભાવિ કાર્યદિશાની આંકણી કરવામાં એક ભાગ સંમત થઉ શકે તેમ છે અને તે ભાગનું સંગ્રહન કરવામાં આવશે તો ઉકત વખારમાંના માલનું સાચું સરવૈયું કાઢી ભવિષ્યના વ્યાપારની દિશા યોગ્ય રીતે નકકી થશે. નહિ તો જુનો કોહવાટ ચાલુ રહેવાનો, જનતામાં અસંતોષ તથા ઉપદ્રવ વધવાનો, સાધુઓનો પ્રભાવ ઘટવાનો, અને જૈનત્વના પ્રચારને હાનિ થવાની.

કોહવા માંડેલા માલની વખારને માત્ર વાળવા ઝુડવાથી સુધારી નહિ શકાય અને ભવ્યતાનાં બાહ્ય દર્શનોથી જનતાને આંજવા જેવાં કાર્યોદ્વારા સડાને ઢાંકી નહિ શકાય-તેવી સમજ જ્યાં સુધી જૈન સાધુઓમાં આવશે નહિ ત્યાં સુધી તેઓ આ સંમેલનને સફળ બનાવી શકશે નહિ એમ અમે માનીએ છીએ.

—**પ્રજાબંધુ**નો ૧૮-૨-૩૪ નો અગ્રલેખ.

મુનિ સંમેલન પરત્વે—

જૈન સમાજની ચિરકાળ સેવિત આશાલતા પર પુષ્પો વિકસ્વર થવા માંડયાં છે અને ટુંક સમયમાં ફળો એ પર બેસશે એવી વકી રખાય છે. એ આશાલતા એજ મુનિ સંમેલન. થોડા દિનમાં તે રાજનગરના આંગણે અવશ્ય મળવાનું. કોના પ્રમુખપણે એ ભરાશે કિંવા એમાં શું શું બાબતો ચર્ચાશે એ વાતથી સારોયે સમાજ, અરે એ માટે આમંત્રણ કરનાર ખુદ નગરશેઠ અને એમાં ભાગ લેનાર મુનિ મહારાજને પણ સાવ અજ્ઞાત છે; છતાં લાંબાકાળની એ વાંછા હોવાથી આજે તો એ તરફ ઘણા બરા સાધુ મહારાજોનાં કદમ થઈ રહ્યાં છે. કેટલાક વિચારક મહાત્માઓ આ સંમેલન ફતેહમંદ કેમ નિવડે એ ખાતર દહંગ્તામ મુકામે પ્રાથમિક વિચારણા ચલાવવાના છે એવા સમાચાર પણ બહાર આવ્યા છે. આમ એક રીતે કહીયે તો આખી જૈન આલમ મુનિ સંમેલન પ્રત્યે કોઈ અનેરી ઉત્સુકતાથી મીટ માંડી રહી છે.

વાત પણ સાચીજ છે. જ્યાં દિન ઉગ્યે એક યા બીજે પ્રકારે કલહના તણખા ઉડતા હોય અને પક્ષાપક્ષીમાં સમાજનુ નૂર હણાતુ હોય, વળી એમાં પવિત્ર એવું સાધુત્વ નિમિત્તભૂત બનતું હોય, ત્યાં શાન્તિ અને એકતાની ભૂખ જન્મે એ સહજ વસ્તુ છે. એ સારૂ સંમેલન તરફ દ્રષ્ટિ ફેંકાય તો તેમાં આશ્ચર્ય જેવું કંઈજ નથી.

આમ છતાં સંમેલનની સફળતા પર ઘેરાં વાદળાં છવાયાં છે એ કઈ પગે તૂટી પડી સંમેલનના અસ્તિત્વને જોખમમાં મુકશે એ કળવું અતિ મુસ્કેલ છે. શ્રાવક સંઘની સંમેલન માટેની ભૂખ જ જેટલી તીવ્ર જણાય છે એટલી સાધુગણની નથી દેખાતી, જેથી આકાશ નિર્મળ થવાને બદલે ઘેરાતું જાય છે. કોઈ કોઇ તરફથી સ્વમંતવ્યો આગળ આણી એ પરજ ચુંથણાં કરવાના આગ્રહ મંડાશે એવા પડઘા સંભળાય છે. કેટલાક તો આ સંમેલનની તુલના પૂર્વ કાળે મળેલા, પાટલીપુત્ર ને વલ્લભીપુર કે મથુરાના સંમેલન સાથે કરવા લાગ્યા છે. પણ અત્યારથી એવો મત ઉચ્ચારવો એ જોખમ ભર્યું જ ગણાય.

મળતાપણા કરતાં જુદાપણા તરફ દ્રષ્ટિ ફેંકાય તો ઘડીભર મન વિચાર-વમળમાં ગોથા ખાય છે. એ પૂર્વ સમયની ભવભીરૂતા ને હૃદય નિર્મળતા આજે કેટલા પ્રમાણમાં દ્રષ્ટિગોચર થાય છે? તે કાળની સમર્થ વ્યકિત પોતાની નજીવી ભૂલને સંઘ સમક્ષ પડાઇ જેવી સ્વીકૃત કરવામાં ગૌરવ સમજે છે એટલુંજ નહિં પણ એ માટે જાતે પ્રાયશ્ચિત્ત લેવાની તત્પરતા દાખવે છે; તે બદલે આજે શું સ્થિતિ છે! એ કાળે સમર્થ અને વિદ્વાન મહાત્માઓને સરળતાથી કહેતાં સાંભળીએ છીએ કે— 'મારી સમજ શકિત આ પ્રમાણે છે કિંવા મારી સ્મૃતિ આમ છે છતાં તત્વ તો કેવળી જાણે.'

જ્યારે આજે તો ચેલેન્જે, વાદવિવાદ અને એ પાછળ મર્યાદા કુદાવી જાય તેવી અર્થશૂન્ય ને દોષજન્ય આવૃત્તિઓ બહાર પડે છે. વિચાર કરતાં શું એમ નથી લાગતું કે આ ત્યાગીઓને જટલી પોતાનાં મંતવ્યોની પડી છે તેટલી ભવભ્રમણની કે પ્રભુશ્રી મહાવીર દેવના શાસનની નથી પડી. શા સારૂ સ્યાદ્વાદનો પૂજારી ઢાલની એક બાજુ જોવામાં આનંદ માને ? શા સારૂ આર્હત શાસનનો ઉપાસક પોતાની સમજ કે પોતે પ્રાપ્ત કરેલા જ્ઞાનપર મદભર રહી, સહામી વ્યક્તિમાં પણ તેવી શક્તિ રહેલી છે, અથવા તેની વાતપણ વિચારણીય છે એમ માની તેની સાથે શાન્તિપૂર્વક સરલતાથી ચર્ચા કરવા તૈયાર ન થાય ? પ્રભુશ્રીના પછી લગભગ હજાર વર્ષે પુસ્તકારૂઢ થનાર આગમો શું વાદવિવાદ માટે છે ?

આજની પરિસ્થિતિ દુઃખજનક નથી લાગતી ! એક પચાસ દિવસને વળગે છે તો બીજો સીતેર સાથે ગાંઠ બાંધે છે ! કોઈ પ્રવચનસારોદ્ધાર પર મુસ્તાક રહે છે તો બીજો વળી ધર્મબિન્દુ આગળ ધરે છે ! 'અપેક્ષા' થી જોવાય તો આખીએ વસ્તુ એના સાચા રૂપમાં જણાય તેમ છે. પણ અજાયબ જેવું તો એ છે કે અનેકાંતના પ્રચારક ને પૂજકને ત્યાંજ આજે એનાં (અનેકાંત દ્રષ્ટિનાં) બહુમાન નથી !

પણ 'લાખો નિરાશામાં અમર આશા છુપાઇ' છે એ વાકયમાં વિશ્વાસ રાખી સંખ્યાબંધ મતફેરો ને મતભેદોના વમળમાં ચકરાવો ખાતાં શ્રમણસંઘ પ્રત્યે નમ્ર ભાવે બે શબ્દો કહેવાની ધૃષ્ટતા કરીએ—

સંમેલનમાં પધારતા પૂજ્ય સાધુ મહારાજાઓ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે જ્ઞાનસારમાં કહ્યું છે તેમ 'અહં' અને 'મમ' કે જે જગતને અંધ કરનાર યુગલ છે તેનો હૃદયમાંથી સર્વથા બહિષ્કાર કરીનેજ ત્યાં આપ પ્રવેશ કરજો. પરમાત્મા શ્રી મહાવીર દેવના શાસનની કીર્તિ જગત ભરમાં ગવાય એ માટે હૃદયની વિશાળતા અને મતની ઉદારતા દાખવજો. દ્રવ્ય-ક્ષેત્ર-કાળને ભાવ તરફ પ્રતિક્ષણ લક્ષ રાખવાનું એ મહાપ્રભુનું જે વચન છે એ રજ માત્ર ન વિસરતા-ચાહેતો ગોળ બેસવાનું હોય કે ચાહેતો લાંબા વર્તુળમાં વિરાજવાનું હોય પણ એકજ વાત અંતરમાં આલેખજો કે અત્રે એકત્ર થનાર પ્રત્યેક વ્યક્તિ એ સમગ્ર દેહની ભિન્ન ભિન્ન નાડીરૂપજ છે'—એકજ પિતાના સંતાન રૂપ છે. પ્રત્યેકનું મિશન-માર્ગો ભિન્ન છતાં એકજ પ્રકારનું છે. શકય હોય તેટલા પ્રમાણમાં ભિન્ન માર્ગોના સમન્વય કરવાની ના નથી પણ એમ કરતાં મનોભેદની વૃદ્ધિ લગાર પણ ન થવી ઘટે. આપ પૂજ્ય ગણના નિર્ણય પર જૈન ધર્મનું ભાવિ અવલંબે છે એ રખે ચુકતા.

ઉપલી ભાવનાથી જેમનાં અંતરો આકંઠ ભરેલાં છે તેમના વડે ભરાયેલું સંમેલન નિષ્ફળતાનો સુર કલાડે એ શું શકય છે ખરૂં ? ગમે તેવાં કાળાં વાદળાંને પણ વિખેરી નાંખવાનું એમાં પરિબળ સમાયેલું છે. જ્યાં ભૂમિકા શુદ્ધ છે ત્યાં પછી ભવ્ય પ્રાસાદના ચણતરને કંઇએ વિલંબ નથી; તો પછી સંઘસત્તા કે દીક્ષાનો, ગોચરી કે વંદનાનો, પ્રમુખ કે પટ્ટધરનો, અગર એવો કયો પ્રશ્ન મુંઝવનારો ઉપસ્થિત થવાનો ? જ્યાં એકજ મનોરથ છે કે મન શુદ્ધ કરી શાસનસેવા કરવી અથવા તો 'જૈનં જયતિ શાસનમ્' ધ્વનિ કલાડવો ત્યાં પછી અન્ય નજીવી વાતોનું સ્થાનજ કેવું ?

સંઘ સત્તાનો પ્રશ્ન એતો પરસ્પરના પ્રેમની વસ્તુ છે. રાજા એ પ્રજાનો ઉપરી છતાં, પ્રજામત પ્રમાણે વર્તવાને બંધાયેલો તો ખરોજને ? એવીજ રીતે સાધુ મહારાજ શ્રાવક સંઘને પૂજ્ય છતાં તેની વાત સ્વીકૃત કરવાને બંધાયેલા તો ખરાજ ને ? દેશ સ્થિતિનું જે જ્ઞાન સ્થાયી સંઘને હોય તે ભિન્ન ભિન્ન પ્રદેશોમાં અટન કરનાર સાધુ મહારાજમાં કયાંથી સંભવી શકે ? તેટલા પુરતી સંઘ સત્તા સ્વીકાર્યે નજ ચાલે. પવિત્ર આગમ સૂત્ર બોલે છે કે શ્રાવક સંઘ એતો સાધુના માતાપિતા તુલ્ય-કદાચ જિન આજ્ઞાનો પ્રશ્ન આગળ ધરાય તો ? એનો જવાબ સહેલો છે. જ્યાં લગી અંતર જોવાની શક્તિ નથી ત્યાંલગી બાહ્ય ક્રિયા પર આધાર રાખવોજ પડવાનો; તેથીજ જ્ઞાની વિના અમુકને સંઘ અને અમુકને હાડકાનો માળખો કહેવાનો કોઈને પણ હક નજ હોય.

દીક્ષાનો પ્રશ્ન પણ આવીજ રીતે ઉકલી શકે શાસ્ત્ર આજ્ઞા આઠ વર્ષની છે એ સામે કોઈને પણ વાંધો નજ હોય છતાં એટલું પણ સ્પષ્ટ છે કે ચોથા આરા જેવા સુવર્ણ યુગમાં એ વયમાં લાભ લેનારાની સંખ્યા વધુ નથી જડતી તો પંચમા આરા જેવા વિષમ કાળમાં તો એથી પણ અલ્પ હોય માટેજ પરીક્ષા અનિવાર્ય છે. વળી દેશકાળ જોતાં માતાપિતાની સંમતિ ઉપરાંત સંઘની અને જરૂર પડયે રાજયની પણ સંમતિ આવશ્યક છે. સાચી વસ્તુને કશાનો ભય નથી, છતાં એ સત્ય જનતા પિછાની શકે એ ખાતર ધીરજ ધરવાની જરૂર તો છેજ. જૈન ધર્મ પર અભાવ જન્મે એવું વાતાવરણ તો ઉભુંજ ન કરવું જોઈએ આવીજ રીતે જો બીજા પ્રશ્નો છણાય તો સંમેલનથી સમાજમાં કોઈ નવુંજ ચેતન પ્રગટશે. એ ચેતના યુવાનોમાં કોઇ અજબ પ્રેરણા રેલાવશે. યુવકો નાસ્તિક છે-અધર્મી છે એમ કહી એમને તિરસ્કારવા કરતાં એમનાં ગળે ધર્મ તત્વનાં ઉમદા રહસ્ય ઉતારવામાં પૂરા સામર્થ્યની જરૂર છે. એમાંજ પ્રભાવકતાનો પાયો છે. 'કમળ' જેવા નાસ્તિક શ્રેષ્ઠિપુત્રને સમજાવી ધર્મ માર્ગે વાળનાર આચાર્યના નામથી કયો જૈન અજાણ છે ?

જ્યાં શાસનના સ્થંભો એકત્ર થાય છે ત્યાં વધુ વિનંતિનો શો અર્થ ? 'शुभे यथाशक्ति यतनीयं' એ ન્યાયે જામનગરનું સાધુ સંમેલન સફળતાને વરે એજ શુભ ઇચ્છા !

તા. ક —સાધુ સંમેલનની સફળતા પછીજ શ્રાવક સંમેલનની વિચારણા થઇ શકે. એ વેળા સકળ સંઘોનું પ્રતિનિધિત્વ હોય તોજ કરાવેલા કાર્યને ફળ બેસી શકે. માટે એ વિષય અત્યારે અપ્રસ્તુત છે.

—મોહનલાલ ચોકસી.

સાધુ સંમેલન સંબંધી ઉપજતા પ્રશ્નો

(મળેલું)

શું અમદાવાદના નગર શેઠ તે સકલ હિંદના શેઠ?

અમારે જણાવવું જોઇએ કે અમદાવાદના નગરશેઠ અખિલ હિંદના શ્વેતાંબર જૈન સંઘના મુખત્યાર તરીકે સ્વીકૃત થએલા અગ્રણી હોઇ શકે નહિં. શહેનશાહ જેમ બાદશાહ કરતાં વડો છે, અને જેમ સૂરિ કરતાં સુરિસમ્રાટ વડા છે તેમ અમદાવાદના માત્ર નગરશેઠ કરતાં મુર્શિદાબાદવાળા જગતશેઠ વધારે મોભો ધરાવે છે. જગતશેઠની બાબતમાં પણ જ્યાં સુધી આખા સંઘની સર્વાનુમતિ વાળી સંમતિથી તે માન અને દરજ્જે અપાયલો ન હોય ત્યાં સુધી તે પણ તેવા મુખત્યાર તરીકે સ્વીકૃત થયેલા અગ્રણી ગણાય નહિં. અમદાવાદના નગરશેઠને સમસ્ત હિંદના જૈનોના સંઘપતિ તરીકે સંબોધવા એ ભ્રમમૂલક છે. દલીલ ખાતર કહીએ કે તેવું માન તેમને તેમના અનુયાયીઓ તરફથી અર્પણ કરવામાં આવે તો પણ અખિલહિંદના દિગંબર જૈનો તેને તે રીતે સ્વીકારે નહિં. આ સંજોગો વિચારતાં જે પત્રે આવી જાહેરાત કરી છે તેણે વધુ કાળજી રાખવી જોઇતી હતી.

શું એંશીટકા સાધુનું પ્રતિનિધિ તત્વ છે?

ગુજરાત અને કાઠીયાવાડમાંજ ૮૦ એંશી ટકા જેટલા સાધુઓએ ચાતુર્માસ કર્યા બદલની તેજ પત્રની જાહેરાત જોતાં આવા ભ્રમમૂલક સુચનથી અજાયબી થાય છે કેમકે સ્વીકાર થયેલા બાવીસ સંપ્રદાયો સ્થાનકવાસી સાધુઓના છે તેમ સંવેગી સાધુઓના ચોરાશી ગચ્છો હતા જેમાંથી હજુ કેટલાક છે અને તેમાં તપગચ્છ અને ખરતરગચ્છ એ સૌથી વધારે મહત્વના ગણાય છે. જાણવું છે ત્યાં સુધી ખરતરગચ્છવાળા આચાર્યશ્રી કૃપાચંદ્રજી વૃદ્ધાવસ્થા અને બિમારાવસ્થાથી અશક્ત થયેલા, છેલ્લાં થોડાં વર્ષોથી પાલીતાણામાં બિરાજે છે તેને માટે પાલીતાણા છોડી અમદાવાદ આવવું અશકય છે. બીજા ખરતરગચ્છી આચાર્યો અમદાવાદથી ઘણે દુર હોઇ એટલા ટુંકા સમયમાં અમદાવાદમાં મળનાર સાધુસંમેલનમાં સામેલ થઈ શકે નહિં. તીનથુઈવાળા ઓના આચાર્ય શ્રી ભૂપેંદ્રસુરિ ભીનમાલમાં છે. તે અને તેના અનુયાયી સાધુઓ કે જે રાજપુતાના અગર માલવામાં વિચરે છે તે પણ અમદાવાદ જઇ શકે નહિં. આ ઉપરાંત પંજાબ, મદ્રાસ, યુકતપ્રાંતો અને બીજા પ્રદેશોમાં પણ વિચરતા સાધુઓની ગણતરી કરવામાં આવી નથી, વળી કેટલાક આચાર્યોને અવમાનિત પણ કરવામાં આવ્યા છે કેમકે આચાર્ય શ્રી નેમવિજયસૂરિને આમંત્રણ આપવા આમદાવાદના નગરશેઠ ત્રીશકરતાં વધુ અનુયાયીઓની સાથે ગયા હતા ત્યારે આચાર્ય શ્રી વલ્લભવિજયસૂરિ પાસે માત્ર બે માણસો સાથે લઇનેજ ગયા હતા. તપગચ્છના આચાર્યોનું પણ સંપૂર્ણ પ્રતિનિધિત્વ નહિં રહે કેમકે આચાર્ય શ્રી ઇંદ્રવિજયજીસૂરિએ આમંત્રણનો અસ્વીકાર કર્યાનું જણાયું છે.

ખરતરગચ્છના સાધુઓનું પ્રતિનિધિત્વ સંપૂર્ણતયા યા લગભગ નહિં હોય, એટલે સંવેગી સાધુઓના હસ્તી ધરાવતા બધા ગચ્છોનું પ્રતિનિધિત્વ ધરાવતું આ સાધુ સંમેલન કહી શકાય નહિં.

શ્રી કેશરીઆ તીર્થ-શાંતિસૂરિની પ્રતિજ્ઞા સાથે કંઇ લાગતું વળગતું નથી?

આ કટોકટીની ક્ષણે સળગતો પ્રશ્ન શ્રી કેશરીઆનાથજી સબંધે છે; આ સાધુઓએ એવી હિંમત બતાવવી જોઇતી હતી કે શ્રાવકોને કાં તો આ કર્યમાં અમલી પ્રેરણા કરે અને શ્રાવકો ન સંભળે તો શાસ્ત્રાજ્ઞાનુસાર પોતે આ પ્રશ્ન હાથ ધરવો જોઇતો હતો અને તીર્થ રક્ષા માટે જૂથમાં પોતે આગળ વધવું જોઇતું હતું. પણ એમ જણાય છે કે તેઓ પોતાની નિર્માણ થયેલી ફરજ બજાવવામાં અફસોસ ભરી રીતે નિષ્ફળ નિવડયા છે.

પોતાના સાધુભ્રાતાઓની આ દિલગીરી ભરેલી દશા જોઇને, 'હીઝ હોલીનેસ' આચાર્ય શ્રી શાંતિવિજયજી કે જેઓની કીર્તિ દુનીઆ ભરમાં પ્રસરેલી છે તેમણે તા. ૨૭ મી ફેબ્રુઆરી ૧૯૩૪ સુધીમાં શ્રી કેશરીઆનાથજીના પ્રશ્ન અંગે આપણા લાભમાં નિર્ણય ન આવે તો અણસણ આદરવાનો ઘોર નિર્ધાર કર્યો છે. જણાયા પ્રમાણે આ પગલાં પરત્વે કોઈ સાધુએ તરફેણ કે વિરૂદ્ધમાં વિચાર પ્રદર્શિત કર્યા નથી. પણ જે પોતાના કાનને અપ્રિય એવી સામાન્ય ઘટના પણ બની હોય તો તેઓ તરફથી પેપરોનાં કોલમો ભરી કાઢવામાં આવ્યાં હોત. એ હવે ખુલ્લી પડેલી ખાનગીવાત જણાય છે કે આચાર્ય શ્રી નેમવિજયજીની પ્રેરણાથી શેઠ માણેકલાલ ઉર્ફે મોકુભાઇએ રાજનગરના શેઠે આપણા રાજા ઉપર દબાણ કર્યું કે ચોકસ વર્ગના સાધુઓની એક 'મીટીંગ' બોલાવવી આચાર્યશ્રી શાંતિવિજયજીના અણશણની શરૂઆત પછી ૩/૪ દિવસોમાંજ આ સંમેલન ભરવાનું પગલું લાચારપદ છે. શ્રી કેશરીઆનાથજીના પ્રશ્નનું નિરાકરણ વધારે લંબાય તો તે દરમ્યાન આચાર્યશ્રી અણસણ ચાલુ રહે અને તે દરમ્યાન આપણા સંઘની ફરજ છે કે તે સમય શાંતિમાં ગાળવો અને સત્યયુક્ત લડતમાં જીત મેળવવા ગુરૂદેવની પ્રાર્થના કરવી.

જ્યારે પોતાનાજ વર્ગનો એક ઉદાત્ત વીરબંધુ પવિત્ર હેતુ માટે જીવન સમર્પણ કરે ત્યારે સાધુઓનો ચોકસ વર્ગ પોતાના ભવિષ્યના આચાર વગેરે બાબતોની ચોજના પર ચર્ચા કરતો બેસે એ જોઈ દુનીયા હસશે નહિં? સંમેલનમાં બિરાજતા સાધુઓએ આ યુગના એક મહાન યોગીની જીંદગી કોડી સરખીયે કીંમતી હોવાની કાળજી કરી નહિં એમ જોવાનાં તેઓના અંતઃકરણ શું પાષાણ સદૃશ કઠિન હશે? એમ લોકો નહિં કહે?

શાંતિવિજય કેવા સંત પુરૂષ છે તે જાણ્યું છે ?

આ મહાન્ યોગિરાજ વિષે લીંબડીના ના. મહારાજા ઇંદોરના સરદાર કિર્ખે, મિસ શાર્પ, સ્વામી રામતીર્થ અને બીજા કેટલાકોએ તેમના ગુણોની ઘણી પ્રશંસા કરી છે. અમેરિકાનાં પ્રખ્યાત લેખિકા માઇકલ પીમે પોતાના 'ધી પાવર ઓફ ઇન્ડિયા' નામનાં પુસ્તકમાં પૃ. ૮૬-૮૭ ઉપર નીચે મુજબ લખ્યું છે.—'આ પવિત્ર પુરૂષ પાસે ઉચ્ચ દરજ્જાના સત્તાધીશ રાજાઓ અને રાજકુંવરીઓ આવે છે તે જોતાં બેસી રહું એમ મને થાય છે. હજારો માઇલ દૂર વસતા કલકતા અને મુંબઈના શ્રીમંત વ્યાપારીઓ ત્યાં હતા. માઇલોના માઇલો દૂર, જેનાં નામ પણ મેં કદી સાંભળ્યાં નહોતાં તે જગાઓના રાજપુત સરદારો ત્યાં હતા. જ્યાં કોઈ યુરોપવાસી કદી જોવામાં ન આવ્યો હોય તેવાં દૂર આવેલાં નાનાં ઝુપડામાં વસનારા ભોળા ખેડુતો અને કોઈવાર ગામડાંની સ્ત્રીઓનાં ટોળાં આવતાં. પોતાને 'એક ગરીબ ગાંડા સાધુ' તરીકે ઓળખાવનારા એક માણસનાં દર્શન માટે આ સર્વે આવતાં અને જતાં, તે એકજ માણસ કે જે કોઇ વખત ખડકની ગુફામાં તો કોઈ વખત મંદિરના ગુપ્ત ભાગમાં, તો કોઇ વખત ટેકરીની બાજુના જંગલમાં હોય. મેં તેને વધારે સારી રીતે પિછાણ્યા પછી ઘણે વખતે મને માલુમ પડયું કે અફવાડીયાંઓમુંથી તે તદન અદશ્ય થતા. કોઈ પણ ચોકસ પણે એમ જાણી શકાયું નથી કે તે હવે પછી કયાં હશે. માત્ર એટલુંજ કે તેઓ ચાલી જાય અને તેય પહોંચી શકાય નહિ ત્યાં. તેની હાજરી હોય ત્યાં અસાધારણ પવિત્રતા અને શાંતિનો અનુભવ થતો. માઇકલ પીમે એટલે સુધી કહ્યું છે કે 'ગુરૂરાજ એ ઈશ્વર છે' આવો પવિત્ર આત્મા આત્મસમર્પણ કરે ત્યારે સાધુઓએ સંમેલનમાં મળવું અને ઓછી મહત્વની બાબતની ચર્ચામાં રોકાવું એ હાસ્યજનક નથી ?

શાંતિસૂરિ-તેમની સાથેની વાતચીત શો પ્રકાશ ફેંકે છે?

શ્રી કેશરીઆનાથજીના પ્રશ્ન અંગે ઉકેલ આણવા માટે આણંદજી કલ્યાણજીની પેઢી અને શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની કમીટીઓની સંયુક્ત બેઠક મેળવવા અને શ્વેતાંબર કોમના અગ્રણીઓને સાથે નિમંત્રવા માટે તેમને અરજ કરવામાં આવી હતી પણ આપણે વ્યાપારીઓ એટલે આ બની શકયું નહિં. પાછળથી જણાયું છે કે અમદાવાદના નગરશેઠ એકજ વ્યક્તિ છે કે જે કહેવાતા સાધુસંમેલનમાં રસ લ્યે છે. આગળ ઉપરની કોઇપણ તારીખ સુધી આ સંમેલન મુલતવી રાખવા નગરશેઠને પણ અરજ કરવામાં આવી હતી, પણ તે રીતે પણ ન બન્યું. યોગિરાજને ઉદેપુર તરફના પ્રયાણ કરતાં અટકવા અને સાધુસંમેલનમાં શામેલ થવા માટે સમજાવવા બામણવાડમાં અમદાવાદના નગરશેઠ તેમને મળ્યાનું કહેવાય છે. નગરશેઠને યોગિરાજે અન્યોક્તિપૂર્વક એમ કહ્યું જણાય છે કે 'અમુક ગામમાં બે સાધુ એક સાથે ગયા. એક ગામને એક છેડે અને બીજાએ બીજે છેડે વાસ કર્યો. ભોળા હૃદયના ગામડીઆઓ પહેલાં એક સાધુપાસે તેના આશિર્વાદ લેવા માટે ગયા થોડી વાતચીત પછી ગામડીયાઓએ બીજા સાધુનું નામ ઉચ્ચાર્યું ત્યારે પહેલા સાધુએ ફરમાવ્યું કે તે 'ગધેડો' છે તેથી તેની પાસે ન જવું. તોપણ ગામડીયાઓ પછી બીજા સાધુ પાસે ગયા. ત્યાં પણ થોડી વાતચીત પછી તેઓએ પહેલા સાધુનું નામ ઉચ્ચાર્યું ત્યારે બીજાએ કહ્યું કે તે 'ગધેડો' છે તેથી તેની પાસે ન જવું. આ તહોમતોથી મુંઝાઇ ગયેલા ગામડીયાઓએ ખોરાક અને પાણી બન્નેની આપવાને બદલે તેમની પાસે ઘાસ લઇને નાંખ્યું. આનું કારણ સાધુ-ઓએ પૂછતાં ગામડીયાઓએ જવાબ આપ્યો કે ગધેડાઓનો ખોરાક ઘાસજ હોય.'

પછી યોગિરાજે નગરશેઠને ચોકખું એમ કહેવું જણાય છે કે હું મ્હારા વિચારમાં મકમ છું અને તેથી તમારી વિનતિ સ્વીકારી શકું નહિં. આમ નિષ્ફળ જવાથી શેઠ ભભુતમલ વગેરે કે જે ત્યાં હાજર હતા તેમની આ ગુંચ-વણમાંથી રસ્તો કાઢવા સલાહ માંગી ત્યારે તેમણે વધારે મજકમાં નગરશેઠને કહ્યું કે એક મ્હોટા વાડામાં બધા સાધુ-ઓને ભેગા કરો અને સેંકડો બંધ ટોપી, શર્ટ બાફીટ, ધોતીયાં વગેરે રાખો અને ચોકસ સિદ્ધાંતો સાધુ સ્વીકારે નહિં તો તેનો સાધુ તરીકેનો વેશ ઉતારી લઈ શ્રાવકનો પોષાક પહેરાવી દેવો કે જેથી શાંતિ ભરેલી સાંસારિક જીંદગી તો ગાળે. જો તમે (નગરશેઠ) આમ કરી શકો તો સમેલન માટે યોગિરાજને સમજાવી અમદાવાદ લાવું.

નગરશેઠે આ બાબત જુદો અભિપ્રાય બાંધ્યો હોય એમ તેના તરફથી લખાયલી એક બબરથી જણાય છે.

'બામણવાડમાં તમને મળવા મેં આશા રાખી હતી કે જ્યાં હું તમને સમજાવી શકત કે સાધુસંમેલન કેશરીઆજીના પ્રશ્ન માટે પણ હિતકર નિવડશે. આચાર્ય શ્રી શાંતિસૂરિશ્વરજી પણ એજ અભિપ્રાય ધરાવે છે અને દરેક દ્રષ્ટિએ સંમેલનની અગત્યને તેમણે સંપૂર્ણ ટેકો આપ્યો છે.

બીજા ગ્રહસ્થ કે જે તે વખતે હાજર હતા તે કહે છે કે હું અને ભભુતમલજી સ્ટેશને દશ માણસથી તે મંડળીને લેવા ગયા. એક દિવસ તેની સાથે રહ્યા અને તે દરમ્યાન સાધુ સંમેલન મુલતવી રાખવા તેને તીખા અને નમ્ર ઉપા-યો એ સમજાવ્યા પણ તેની અસર તેના પર થઇ નહિં. જાણીએ છીએ ત્યાં સુધી આ સાધુ સંમેલન પાંસદી પહેલાંજ મેળવ-વાની જરૂરીઆત કેટલાક વિચારવંત સાધુઓને જણાઇ હતી. પણ તે અત્યારસુધી મોકુફજ રાખવામાં આવ્યું, યોગીરાજનું અણસણ શરૂ થતાંજ આ સંમેલન મેળવવાની તારીખો નક્કી થાય છે તે જોતાં વિસ્મય થાય છે. સ્થાનકવાસી સાધુઓનુ સંમેલન અજમેરમાં મેળવતાં પહેલાં શ્રી દુર્લભજી ત્રિભોવન ઝવેરીને બે કે તે કરતાં વધારે વર્ષનો સતત પ્રયાસ અને શ્રમ સેવી બધા સાધુઓને વિનતિ કરવી પડી હતી. પોતાના ધંધામાંથી નિવૃત્ત થવું પડયું હતું અને ઉનાળો, શિયાળો કે વર્ષાદની પરવા કર્યા વગર કપડા વિગેરે સહીને પણ રાત્રિ દિવસ આખા હિંદુસ્થાનમાં હજારો માઇલની મુસાફરી કરીને એક બીજાથી તદન વિરૂધ્ધ વિચાર ધરાવતા સાધુઓને મળી સંમેલનમાં જોડાવવા સુધારા કરવા માટે સમજાવટ કરવી પડી

હતી. આ હિસાબે નગરશેઠે શું કર્યું છે? આ હકીકત જાણીતી છે, એટલે વિશેષ લંબાણ કરવું ઠીક નથી. આવું ઉતાવળીયું પગલું કેમ ફ-તેહમંદ નીવડે? સાધુ સંમેલન પ્રતિનિધિત્વવાળું થઇ નહિં શકે અને તેથી તેના નિર્ણયો બંધનકર્તા રહે નહિં એટલે ઐકયની ખાતર નગરશેઠ આવતા ચાતુર્માસ પછીના સમય સુધી સંમેલન મુલતવી રાખે એટલો સમય હજુ પણ છે અને તે વખત દરમ્યાન તેમણે બધી સાંસારિક પ્રવૃત્તિઓ છોડી દઇ અને સાધુ સમુદાયમાંથી નિકળતા કર્કશ અવાજને દુર કરી એક કરવા તનતોડ પ્રયાસ કરવો જોઇએ

સંમેલનનો કાર્યક્રમ અપ્રકટ રાખવામાં પણ એવો હેતુ હોવાનું કહેવાય છે કે પવિત્ર અંતઃકરણના બિન લડવૈયા સાધુઓને ફસાવી લેવાય. સ્વમાન ધરાવનાર કોઇ પણ સાધુ નુકશાન પુગવાની બીકથી આવા અજાણ્યા અગ્નિમાં કુદી ન પડે.

હવે તમારા પ્રશ્નોના જવાબ.

૧ સંમેલન મળવાનું જાહેર થાય એટલે યુવકો અને આ પ્રશ્નમાં રસ લેતા બીજાઓનું એક સંમેલન બોલાવવું જોઇએ. સંમેલન વીત્યા પછી યુવકોની મીટીંગ બોલાવવાથી કાંઇ કાર્ય સરે નહિં. આ મીટીંગના સ્થળ સબંધે નકી કરી લેવું.

૨ હાલ આ વિભાગમાં કોઈ સાધુ નથી.

૩ રાજપુતાના અને બીજી જગાના સાધુઓનો મ્હોટો ભાગ આવાં ઉતાવળીયાં સાધુ સંમેલનથી વિરૂદ્ધ છે.

૪ આ પ્રશ્ન પર ચર્ચા અને નિર્ણય મીટીંગમાં થઈ શકે.

૫ વીરશાસનમાં જણાવાયેલ નગરશેઠનાં સ્થાન સબંધે (આ પત્રમાં, ઉપર ચર્ચા કરવામાં આવી છે.

(મળેલું).

(પૃષ્ઠ ૧૩૪ ના પાનાથી ચાલુ).

છતાં પણ હજુ કેટલાકને આચાર્યપદવી પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા હોય એમ ભણકારા સંભળાય છે. ગમે તેને, ગમે તેટલાને યા બધાઓને આચાર્યપદ અપાય તો તેમાં આચાર્યપદની પ્રતિષ્ઠા ઘટેજ અને પછી સામાન્ય સાધુપદ અને આચાર્યપદમાં કંઇ તફાવત રહેજ નહિ. આથી નાયકપદ સાથે પદવી પ્રદાનની યોગ્યતાના ધોરણે અંકુશસહિત વ્યવસ્થા થવી આવશ્યક છે.

<u>સાધુપદ-દીક્ષા</u>—આ માટે આખા સમાજમાં બહુ હોહા થઇ ગઇ છે, બાલદીક્ષા, પાત્રાપાત્ર જોયા વગરની દીક્ષા, ગમે તે સંજોગમાં પ્રલોભન લાલચ આપી પરાણે લેવાતી દેવાતી દીક્ષા, સંખ્યામાં વધારો ગમે તે રીતે કરવો એ ઉદ્દેશથી અપાતી દીક્ષા શાસનનું હીતું કરે તેમ નથી. સાધુપદ એ કંઇ જેવું તેવું પદ નથી. સર્વ લોકમાં જ્યાં જ્યાં શુદ્ધ સાધુછે ત્યાં ત્યાં તેને નમસ્કાર છે. શ્રીમન્ મહાવીર પ્રભુના શાસ્ત્રમાં સાધુના જે ગુણો જણાવ્યા છે તે બધા ગુણો વાળા સાધુની ઉપલબ્ધિ થવી દૂર રહી, પરંતુ સામાન્ય પણે મૂળ ગુણો ધરાવતા ત્યાગ અને વૈરાગ્ય ધરાવતા ચારિત્ર પાત્ર અને શાસ્ત્ર સિદ્ધાંતપણે આચાર વર્તનમાં ચાલતા સાધુઓ મળે તો પરમ સદ્ભાગ્ય છે. આવા સાધુઓ એક સંસારી મુનિવેશ ધારણ કરી લે તેથી પ્રાપ્ત થઇ શકતા નથી. તેવા સાધુ થવાને પણ જેને પ્રાથમિક ભૂમિકા ત્યાગ વૈરાગ્ય સમેત શાસ્ત્ર જ્ઞાનની પહેલાં પ્રથમ હોય તે ઉમેદવાર થઇ શકે છે.

'જિનોક્ત માર્ગનો એવો એકાંત સિદ્ધાંત નથી કે ગમે તે વયમાં ગમે તેવા. માણસે ત્યાગ કરવો, તથારૂપ સત્સંગ, સદ્‌ગુરૂના યોગ થયે, તે આશ્રયે કોઇ પૂર્વના સંસ્કારવાળો એટલે વિશેષ વૈરાગ્યવાન પુરૂષ ગૃહસ્થાશ્રમ પામ્યા પહેલાં ત્યાંગ કરે તો તેણે યોગ્ય કર્યું છે, એમ જિન સિદ્ધાંત પ્રાયે કહે છે. કેમકે અપૂર્વ એવાં સાધનો પ્રાપ્ત થયે ભોગાદિ ભોગવવાના વિચારમાં પડવું, અને તેની પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરી પોતાનું પ્રાપ્ત આત્મસાધન ગુમાવવા જેવું કરવું અને પોતાથી સંતતિ થશે તે મનુષ્યદેહ પામશે તે મોક્ષ સાધનરૂપ થશે, એવી મનોર્થમાત્ર કલ્પનામાં પડવું તે મનુષ્યપણાનું ઉત્તમપણું ટાળીને પશુવત કરવા જેવું થાય.

વળી 'ઇંદ્રિયાદિ શાંત થયાં નથી, જ્ઞાનીપુરૂષની દૃષ્ટિમાં હજુ જે ત્યાગ કરવાને યોગ્ય નથી એવા કોઇ મંદ કે મોહવૈરાગ્યવાન જીવને ત્યાગ લેવો પ્રશસ્તજ છે, એમ કંઇ જિન સિદ્ધાંત એકાંતે નથી. પ્રથમથીજ જેને ઉત્તમ સંસ્કારવાળો વૈરાગ્ય ન હોય તે પુરૂષ કદાપિ ત્યાગનો પરિણામે લક્ષ રાખી આશ્રમપૂર્વક પ્રવર્તતો તેણે એકાંતે ભૂલજ કરી છે, અને ત્યાગજ કર્યો હોત તો ઉત્તમ હતું, એમ પણ જિન સિદ્ધાંત નથી. માત્ર મોક્ષ સાધનનો પ્રસંગ પ્રાપ્ત થયે તે પ્રસંગ જતો કરવો ન જોઇએ, એમ જિનનો ઉપદેશ છે.

માટે સાધુપદનો ઉમેદવાર કોણ હોઇ શકે, તેનામાં કેટલી યોગ્યતા-જ્ઞાન અને ક્રિયાની તેમજ વય આદિની હોવી જોઇએ, તેણે પોતાના પર ઉપજીવિઓને માટે યથાસ્થિત પ્રબંધ કર્યો હોવો જોઇએ, પોતાના પિતામાતાની યા વાલી વડિલની સંમતિ લેવી જોઇએ, અને પોતાના ગામ તેમજ દીક્ષાસ્થળના સંઘની અનુમતિ હોવી જોઇએ, તે બાબતની રીતસરની જાહેરાત અગાઉથી અપાવી જોઇએ, એટલું ઓછામાં ઓછું સંમેલને નક્કો કરી ઉઠવું જોઇએ. દીક્ષા આપવા લેવાના વ્યવહાર નિયમો થતાં તે સંબંધી પડેલા ઝઘડાઓ નિર્મૂળ થશે અને વર્તમાન કાયદા, લોકમત અને સમાજશાંતિને અનુરૂપ થઇ સાધુસમુદાય વધારી શકાશે અને શાસન પ્રભાવ પણ થઇ શકશે. આજ પ્રમાણે પંન્યાસ, ઉપાધ્યાય અને આચાર્યમાં જે ગુણો હોવા જોઇએ તેનો પણ નિર્ણય કરી લેવાની જરૂર છે.

સાધુશાળા-ગુરૂકુલવાસ—ઉમેદવાર સાધુને ખરા ક્રિયા-પાત્ર અને વિદ્વાન સાધુઓ બનાવવા માટે ગુરૂકુલવાસ કે સાધુશાળાની અતિ જરૂર છે. એક સામાન્ય સાધુની દિનચર્યામાં અખંડ અભ્યાસ, કે સ્વાધ્યાય, તેમજ પિંડનિર્યુક્તિ આદિ આગમો પ્રમાણે વર્તમાન યોગાનુસાર ગોચરી કે ક્રિયા જણાતી ન હોય તો તેનું કારણ આચાર્યની કે ગુરૂની દેખરેખની ખામી છે, અને સતત અધ્યયનનો અભાવ છે. જે સાધુઓને શાસ્ત્રોની વાચના આપી ભણાવી શકે તેજ ઉપાધ્યાયની પદવીને લાયક હોઈ શકે. તેવા ઉપાધ્યાયો ઘણા જુજ હશે; તો તેવા ઉત્પન્ન કરવા માટેનો પ્રબંધ કરી તેવા દ્વારા યા પંડિતો-અધ્યાપકો રાખી તે દ્વારા યા આચાર્યે ખુદ શિક્ષક બની ભણાવીને યાતો જુદી સાધુશાળા રાખીને ખરા જૈન સાધુઓ ઉત્પન્ન કરવાની વ્યવસ્થા કરવી ઘટે. તેમાં જૈન દર્શન મુખ્યપણે રાખી પછી અન્ય દર્શનોનો અભ્યાસ પણ જરૂર હોવો જોઈએ. અહીં ઉમરેવું યોગ્ય છે કે સંસારીઓની શાળા ખોલી તેના અધ્યક્ષપણે રહી તેના કરતાકારવતા બની તેમાંથી લાગ આવ્યે કોઈને દીક્ષા આપી દેવી એ આવકારદાયક નથી. તેવી શાળા ઉત્પન્ન કરવામાં તેવો ઉદ્દેશ રખાયો ન હોય છતાં કાકતાલીય ન્યાયે યા અકસ્માત્ દીક્ષા દેવાનો પ્રસંગ આવે છે તો તેવી શાળાને સાધુ બનાવવાનું કારખાનું એ અભિધાન લોકો આપે છે. ચૈત્યવાસ જેવો શાલાવાસ વર્જ્ય છે, પરિગ્રહનો-મમતાનો હેતુ છે અને પરિણામે દુઃખકર છે.

પરિગ્રહ વાળાં ઉપકરણોનો ત્યાગ— જૈન ત્યાગીને મૂર્ચ્છા કે પરિગ્રહ હોય નહિ, હોય તો અતિ અલ્પ હોય. સ્થા૦ સંપ્રદાયમાં પુસ્તકોના પટારા કે પેટીઓ અમુક અમુક સાધુઓ ઉપાશ્રયમાં રખાવતા રહ્યા છે, તે પુસ્તકો પ્રત્યેની વાસના એ પરિગ્રહ છે અને તે એટલે સુધી રહે છે કે એકનું પુસ્તક બીજાને બંધ આવતું નથી: તે પટારા પેટીની ચાવીઓ અમુક ખાસ અંગત શ્રાવક પાસે રહે છે અને સંઘની સત્તા તેપર લેશ પણ હોતી નથી. સંઘનો ઉપાશ્રય ભલે હોય પણ તેમાં રહેતાં અમુક સાધુનાં તાળાથી વાસેલ કબાટો, આળીઆઓ, પેટારા, પેટીઓ પર સંઘનું કંઈપણ ચાલે નહિ. આ સ્થિતિ અનિચ્છનીય અને પરિગ્રહને પોષનારી છે તેથી દરેક સાધુનો પુસ્તકસંગ્રહ ગમે તે ગામના સંઘને સોંપી દેવો એવો ઠરાવ થતાં મુનિ નાનચંદજીએ પોતાનો પુસ્તકસંગ્રહ મોરબી સંઘને સોંપી દીધો. આ રીતે શ્વે૦ મૂ૦ સંઘમાં પણ જુદા જુદા ગામમાં અનેક સાધુઓના નામના અને તેમના અંકુશ નીચેના પુસ્તક ભંડારો છે તેમજ ઉપાશ્રયમાં સાધુઓનાં નામવાળા તાળાંથી વાસેલા કબાટો પેટીપટારા છે તેની સોંપણી તે તે ગામના સંઘને થઈ જાય તો ઘણી મમતા ને ખટપટ દૂર થાય. આવો પ્રસ્તાવ આ સંમેલને ખાસ કરવા યોગ્ય છે. વળી સાથે એ પણ વ્યવસ્થા કરવી કરાવવી યોગ્ય છે કે તે પુસ્તક ભંડાર સર્વ મુનિગણ તેમજ વિદ્વાન શ્રાવક ગણ ને જનેતર વિદ્વાનને પણ સુલભ અને ઉપયોગી થાય. અમુક અમુક સાધુઓની ટપાલ એટલી બધી વધી પડી છે કે તેમાંથી થોડા દિવસની ટપાલ વાંચવા મળેતો તેમનું માનસ વગેરેસમજી શકાય તેમ છે. અને તેમાંથી અણછાજતી હકીકત મળે તેમ છે. આ ટપાલનો પરિગ્રહ રોગ અટકવો જોઈએ. વિશેષમાં કોઈપણ સાધુએ શ્રાવકોની લગ્નાદિ જ્ઞાતિની બાબતોમાં સીધી કે આડકતરી રીતે દરમ્યાનગીરી કરવી જોઈએ નહીં.

સાહિત્ય આદિનો ઉદ્ધાર—અનેક સ્થળોએ પ્રસિદ્ધ અપ્રસિદ્ધ પુષ્કળ મંદિરો છે, કેટલાંક મંદિરોમાં ભોંયરાંઓ પણ છે અને તે બધેય સ્થળે થઈને પ્રતિષ્ઠા-લેખવાળી અસંખ્ય પ્રતિમાઓ છે. તે બધીના લેખોનો સંગ્રહ મુનિઓપાસે કરાવી કાલક્રમે ગોઠવી સંમેલન દ્વારા પ્રસિદ્ધ કરવા જોઈએ. તેથી અનેક લુપ્ત ગચ્છો, ગચ્છાચાર્યો, વગેરે સંબંધી ઐતિહાસિક સામગ્રી મળી આવશે. મથુરા અને ખારવેલના લેખો સિવાયમાં સંવત એક હજાર પૂર્વના લેખો મળી શકતા નથી. સંપ્રતિ મહારાજે ભરાવેલી અસંખ્ય પ્રતિમાઓ કહેવાય છે છતાં તેમના નામના લેખવાળી એક પણ પ્રતિમા જોઈ કે સાંભળી નથી. સમયસુંદર ધંધાણી નામના ગામમાં સંપ્રતિની પ્રતિમાઓ નીકળી હતી એમ જણાવેછે, કર્મચંદ્ર મંત્રી શિરોહીથી સેંકડો પ્રતિમા બિકાનેર લઈ આવેલ તે ત્યાંના ચિંતામણી પાર્શ્વનાથના મંદિરના ભોંયરામાં રાખેલ છે. આ સર્વેની તપસીલ તથા તે પરના લેખોનો આબાદ ઉતારા વાળો સંગ્રહ પ્રકટ થાય તો જૈન પ્રભાવ તેદ્વારા પણ અન્ય જાતિમાં બતાવી શકાય તેમ છે.

તીર્થોનો ઈતિહાસ પણ જોઇએ તેવો સાંપડતો નથી. તીર્થકલ્પ જેવો મહાન ગ્રંથ હજુ કોઈ મુનિ તરફથી પ્રસિદ્ધ થયો નથી, કે જે આખો પ્રકટ કરાવવાનું બીડું શ્રી જિનવિજયે ઝડપ્યું છે. આબુ પર ગુજરાતી અને હિંદી પ્રથમ ભાગ મુનિ જયંતવિજયે પ્રકટ કરાવવા માટે તેમને ધન્યવાદ. તીર્થના હક સંબંધી ઝઘડા ઉત્પન્ન થાય છે ત્યારે મુનિઓ તરફથી તે સંબંધી સર્વ પ્રાચીન ઐતિહાસિક સામગ્રી મળવી જોઇએ, પણ અફસોસ કે મળતી નથી. તો દરેક તીર્થનો ઈતિહાસ પ્રાચીન ગ્રંથોમાંથી તારવી એકઠો કરી બહાર પાડવા સંમેલને કમર કસવી જોઇએ.

બધા સાધુઓની પાસેના હસ્તલિખિત પુસ્તકો ના સંગ્રહો મોટા શહેરમાં ખાસ અગ્નિથી આંચ ન લાગે તેવા મકાનમાં જૈન પુસ્તકાલય કાઢી તેની સાથે લાયબ્રેરિયન વગેરેની ગોઠવણ કરી રખાવા જોઇએ.

જુદા જુદા સાધુઓ તરફથી જુદી જુદી પ્રકાશિની સંસ્થાઓ નીકળી પ્રકાશનો માટે શ્રાવકો પાસેથી આર્થિક સહાય લેવામાં આવે છે અને તેને નામે નાણાં ભેગાં કરવાની અનેક તરકીબો કામે લગાડાય છે. આવી સંસ્થાઓને બદલે એકજ બૃહત પ્રકાશિની સંસ્થા થવી જોઇએ અને તે દ્વારા પ્રકાશિત કરવા યોગ્ય પુસ્તકોની ચુંટણી થઈ તેનું પ્રકાશન થાય તો હાલ જે નકામાં અલ્પમૂલ્ય અને આત્મસ્તુતિ-અતિશયોક્તિ વાળાં પુસ્તકો નીકળે છે તે અટકી જાય.

નવાં મૌલિક પુસ્તકો રચાતાં નથી. જૈન દર્શનનાં સિદ્ધાંતો અને જૈન દર્શનનો ઈતિહાસ, જૈન વાંચન માળા, જૈન કથાઓ પરથી ચંદ્રકાંત જેવું પુસ્તક વગેરે અનેક મૌલિક ગ્રંથોની જરૂર હજુ ઉભી છે તે માટે સંમેલને ખાસ સમિતિ નીમી તે દ્વારા તેવા ગ્રંથો લખાવા ઘટે છે.

જન સંખ્યાની કમી—સમગ્ર ગચ્છ કે શ્રમણ સંઘની પ્રતિષ્ઠા જાળવી રાખવી હોય તો તેમાં પેસીગયલા શિથિલાચારને તિલાંજલી દેવી ઘટે છે ને તે માટે કડક નિયમો કરી તેનું પાલન બરાબર થાય તેવી વ્યવસ્થા કરવાની જબરી આવશ્યકતા છે. સ્થાનકવાસી સંપ્રદાયના સ્થાપક સોળમી સદીમાં થયા તે સંપ્રદાયે આવશ્યક મૂર્તિપૂજનો ધીમે ધીમે આત્યંતિક નિષેધ કરવા છતાં તેના અનુયાયીઓની સંખ્યા વધી ગઈ અને મૂર્તિપૂજકો જેટલી થઇ ગઈ તેનાં કારણોમાં ઉતરીશું તો જણાશે કે તેના સાધુઓના કડક આચાર, ઉગ્ર તપ અને ક્રિયાના પાલનેજ મુખ્યપણે તે સ્થિતિ ઉત્પન્ન કરી છે. આ કડક આચારજ મૂર્તિપૂજકોની રહી સહી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

સને ૧૯૩૧ ના વસ્તીપત્રક પરથી જણાય છે કે તે પહેલાંના દશવર્ષમાં ૧૬૮૦૦ ની સંખ્યા ઓછી થઈ છે અને વર્ષોવર્ષ અગાઉ જોઇશું તો સંખ્યા ઓછી થતી આવી છે. આના પ્રત્યે આપણી બેદરકારી, આપણા ધર્મોપદેશકોનું દુર્લક્ષ કાયમ રહ્યું તો ભવિષ્યમાં શી સ્થિતિ આવશે તે વિચારવાની જરૂર છે. આનાં ત્રણ કારણ હોઇ શકે:- (૧) અત્યાચારીઓ દ્વારા જૈનોપર અત્યાચાર થતાં જૈન ધર્મ છોડવાની તેમને પડેલી ફરજ. (૨) જન્મસંખ્યા ઓછી અને મૃત્યુસંખ્યા વિશેષ (૩) જૈન ધર્મ અને સમાજથી અસંતુષ્ટ બની બીજા ધર્મનો સ્વીકાર. આમાંનું હવે પહેલું કારણ નથી. પણ બીજું અને ત્રીજું બંને કારણ મોજૂદ છે. બીજું દૂર કરવાના ઉપાય બાલલગ્ન વૃદ્ધલગ્ન, કજોડા આદિને બંધ કરી પુખ્ત વયે યોગ્ય દંપતિનાં લગ્ન આદિ છે. ત્રીજું આપણી મૂર્ખતા અને ક્રૂરતા સુચવે છે. જૈન ધર્મ એક વૈજ્ઞાનિક ધર્મ છે, છતાં તેમાં અનેક વિકૃતિઓ પેસી ગઇ છે. દાંભિક આચરણ, યુક્તિવાદપર ઉપેક્ષા, અંધશ્રદ્ધાનું જોર ફેલાયેલ છે તેથી અસંતોષ રહે છે. વળી સમાજની મૂઢતા અને મદોન્મત્તતા ઘણી છે આપસમાં કદાગ્રહથી નામમાત્ર અપરાધથી પોતાના ઉન્માદથી આપણે આપણા ભાઇબહેનોને છોડી થઇએ છીએ. આપણું નિર્દય અને ક્રૂર હૃદય આને ધર્મ રક્ષા કહે છે પણ ખરી રીતે તે ધર્મનાશ છે.

ગચ્છ મતાંતરથી હૃદયભેદનો નાશ—થવાની જરૂર છે. શ્રી મહાવીર પ્રભુના વીતરાગ શુદ્ધ સનાતન ધર્મમાં એકજ ગચ્છ કે પક્ષ હોય, છતાં નજીવા આચાર વિધિના સમજ ફેરના કારણે પડેલા ગચ્છને પોત પોતાની સામાચારી પાળવાની છુટ સાથે તેમના પ્રત્યે પ્રેમ એખલાસ બતાવવા જોઇએ અને તેના પ્રત્યે હૃદયવિરોધ ન રહેવો જોઇએ. સંવત્સરીની ચોથ કે પાંચમના ભેદે ઇર્ષ્યા કે ખેદ ઉત્પન્ન ન કરવાં ઘટે. બને ત્યાં સુધી ચોથ અને પાંચમ એક દિને આવે અને એકજ દિને બધા સાંવત્સરિક પ્રતિક્રમણ કરે એ ઇચ્છા સફલ થવાનું લક્ષ રાખી તે બાબતનો નિર્ણય થવો જોઇએ અને તે છતાં તેવો નિર્ણય ન થઈ શકે તો ચોથવાળા ચોથ પર ને પાંચમવાળા પાંચમ પર કરે, તેમાં કોઇને મનદુઃખ થવું ન ઘટે. વ્યાખ્યાન અપતી વખતે મુહપત્તી બાંધવી જોઇએ-કાનમાં ખોસવી કે પરોવવી જોઈએ, અને અમુક વખતે નાસાગ્ર મોંદું અને કાન સુધી મુહપત્તી લઈ પાછળ ગાંઠમાં ગાંઠ બાંધી લેવી જોઇએ એવા પાઠ રજુ કરી એક પુસ્તક હમણાં બહાર પડેલ છે તે વિચારવા યોગ્ય છે છતાં તે માટેનો દુરાગ્રહ કે દુરાગ્રહ ન રહેતાં જે કરે તેને કરવામાં હરકત નથી અને જે તેમ ન કરે તે સાધુના લિંગ તરીકે મુહપત્તી ધારીને-રાખીને વ્યાખ્યાન આપે તો પણ તે પ્રત્યે રોષ હલવવો ન જોઇએ. હમણાં પંચાંગી પ્રત્યેની સંપૂર્ણ શ્રદ્ધા રાખવાની જાહેરાત કરાવવા નો પ્રશ્ન ઉભો કરવામાં આવ્યો છે તર્ક અને ન્યાયને સંગત જે કંઈ પંચાંગીમાં કે બીજાં શાસ્ત્રોમાં કથેલ હોય તે પ્રત્યે દરેક સમજુ પોતાની સંમતિ આપે, અને કોઇને ગળે વાત બેસતી ન હોય ને અમુક વાત ગળે બેસતી નથી એમ જણાવે, તો તેમાં આગ્રહ જેવું શું હોય? જૈન શાસનભેદના ઇતિહાસમાં અનેક તુકકાઓ-બુદ્રાઓ—વિકલ્પો—સામાચારીભેદો-ક્રિયાભેદો ઉભા થયા છે અને તેપર આખા સમુદાયના ભાગલાઓ-પક્ષો-વાડા સંવાડા પડી ગયા છે અને કલેશની મહેલાતો ખડી થઇ છે એ વિચારતાં હૃદયને કંપ થાય તેમ છે. આ ગચ્છભેદો સૌએ એકત્ર થઇ મીટાવવા જોઇએ અને છતાં પણ જો તે દૂર ન થાય એટલે કે બધા ગચ્છોની એકતા સામાચારી-ક્રિયામાં ન થાય તો કંઈ નહિ, પણ તેથી વીરશાસન એક અને અવિભાજિત છે—વીતરાગનો કહેવો શાંતરસમય ધર્મ પૂર્ણ સત્ય છે એવો નિશ્ચય રાખીને કલેશરૂપ સંસાર થકી વિરામ પામી વિચારપ્રમાદ છોડી જાગ્રત થઇ રત્નચિંતામણિ જેવો આ મનુષ્ય દેહ સફળ કરી જવો એજ દરેક શ્રમણમુનિ-સાધુનું સતત દૃષ્ટિવાળું ધ્યેય હોવું જોઇએ.

રાજનગર સાધુ સંમેલન—આજ કાલ વર્ત્તમાન દૃષ્ટિએ જે જે સંમેલન-કોંગ્રેસ, કૉન્ફરન્સ, પરિષદ્, આદિ થાય છે તેમાં પ્રથમથી સર્વના વિશ્વાસને યોગ્ય તટસ્થ એવા એક પ્રમુખની વરણી થાય છે. તે ભરાવાના સ્થલે સ્વાગત સમિતિ નીમાય છે ને તેના પ્રમુખ પરિષદ્ ભરાવાના પ્રારંભમાં ભાષણ કરે છે પછી પ્રમુખની ચુંટણી થઇ તે વ્યાખ્યાન આપે છે ને પછી વિષય વિચારિણી સમિતિ નીમાઇ ચર્ચવાના વિષયો પર ઉહાપોહ કરી પ્રસ્તાવો ઘડે છે ને તે જાહેર બેઠકમાં પાસ થવા મુકાય છે. આવું આ સંમેલનનું ધોરણ રખાયું જોઇએ. આમાં અનેક પાસેથી ચર્ચવા માટે આવતા સવાલોનો ગંભીરતાથી વિચાર કરી તેને સ્વીકારવા, તેમાં ફેરફાર કરવા, યા તેને રદ કરવાના નિર્ણય વિષય વિચારણી સમિતિએ આપવા જોઇશે. દરેક ઉપસ્થિત થતી નિયમની બાબતો ઉપર ચુકાદા આપનાર પ્રમુખમાં ઉદાર માનસ, પ્રજ્ઞાબળ, તટસ્થતા અને શાંતિ હોવાં જોઇએ. હાજર રહેલા સાધુઓમાં જે જે સંઘાડા વાર–ગચ્છવાર હાજરી હોય તે સંબંધી વિચાર કરી પ્રતિનિધિ–તત્ત્વનો–મત આપવાનો નિર્ણય કરી લેવો જોઇએ. સામુદાયિક વિચારશીલ મુનિગણના અભિપ્રાયોપર પ્રશ્નો–પ્રસ્તાવો પર ઉપેક્ષા કરવી ન જોઇએ. એકંદરે શાંતિથી સર્વ વિવાદગ્રસ્ત પ્રશ્નોનો નિવેડો, બંધારણ, એકતા, અને શાસનની ઉન્નતિના માર્ગો લેવાય એ ઇષ્ટ છે–આવકાર દાયક છે.

જૈનેતર અને જૈન જગત્ આ મુનિ સંમેલન પ્રત્યે મીટ માંડી રહ્યું છે અને તે શું ભવ્ય અને ઉપકારજનક મહત્ત્વનું કાર્ય કરશે તેની વાટ જોઇ બેસી રહ્યું છે, આશા ઘણી બંધાઇ છે, રાગદ્વેષનો ક્ષય યા ઉપશમ આ વીતરાગપ્રભુના મોટા સંતાનોમાં જોવામાં આવે અને સર્વ સંગપરિત્યાગવાળા શ્રમણો પાસેથી અદ્ભુત ત્યાગ–વૈરાગ્ય, જ્ઞાન વૈભવ, પરમ શાંતિ, શુદ્ધ વીતરાગ ભાવની અમૃત કણિકા પ્રાપ્ત થાઓ એજ અમારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના. લખવાનું–કહેવાનું હજુ ઘણું છે પણ છેલ્લે સરવાળે પરમાર્થ નય–નિશ્ચય નયની આધ્યાત્મિક શાંતિ અને આત્મસ્વરૂપ પ્રાપ્તિ સૌનું મુખ્ય લક્ષ્ય–ધ્યેય છે એ વાત લેશપણ ભૂલાય નહિ એમ જ્ઞાનીઓના કહેવાનો સાર છે તે પૂજ્ય મુનિમહારાજાઓ! જગત્ને આપના દૃષ્ટાંતથી આ સંમેલનમાં બતાવી આપજો એજ આપ સૌને વિનંતિ ને વિજ્ઞપ્તિ.

મુનિ સંમેલન.

અમદાવાદમાં ફાગણ વદ ૩ નો દિવસે શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુઓનું સંમેલન મળવાનું છે. આ પહેલાં એક સંમેલન વડોદરામાં મળ્યું હતું તેમાં દીક્ષા સંબંધી અમુક ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. પરંતુ અફસોસની વાત છે કે તે પૂજ્ય મુનિવરોના શિષ્યો તે ઠરાવોનું પાલન કરતા નથી, અને નિશ્ચય માર્ગે ગમે તેવી દીક્ષાનું સમર્થન કરે છે. દીક્ષા એ ઉત્તમ વસ્તુ કહી શકાય, પરંતુ હાલમાં જે પ્રકારની દીક્ષાઓ અપાય છે તે ઇચ્છવાયોગ્ય નથી એમ જૈનોનો સુશિક્ષિત વર્ગ માને છે. વડોદરામાં દીક્ષાનિયમનનો કાયદો પસાર થયો છે. રૂઢિ-ચુસ્તોના પ્રયત્નો સફળ થયા નથી, એટલે હવે દીક્ષાનિયમન વિરૂધ્ધ એક મોટું એમણે ઝુંબેસ ઉપાડ્યું છે. આ ઝુંબેસનો એક છેલ્લો મોટો પ્રયત્ન તે આ મુનિ સંમેલન છે એમ કેટલાકને પુરી શંકા છે.

જો આ શંકા સાચી હોય તો વધારે દિલ-ગીરીની વાત તો એ છે કે આવા પ્રયત્નોમાં અમદાવાદના નગરશેઠ જેવા સુશિક્ષિત સજ્જન એક પ્રધાન કાર્યકર્ત્તા થયા છે. અમને વધારે આશ્ચર્ય તો એ લાગે છે કે પશ્ચિમના વાતાવરણથી અનુભવી મહાશય છૂપાં પ્રયત્નો અને છૂપાં યત્નો કર્યા જાય છે. મુનિસંમેલન શા માટે ભરવામાં આવ્યું છે, તેમજ ત્યાં કયા ઠરાવો પસાર કરવામાં આવશે તેની જનતાને કશીએ ખબર નથી, છતાં પણ શ્રધ્ધાળુ લોકો આવાં કાર્યોમાં હજારો રૂપિઆ ખરચે છે. અમદાવાદમાં આ પ્રસંગે નોકારશી વગેરે જમણો થવાનાં છે, અને હજારો રૂપીઆનું પાણી થવાનું છે. જે સમયે મુનિસંમેલન મળવાનું છે તે સમયે શ્રીમાન્ શાંતિવિજય મહારાજશ્રીએ દેહાંત અપવાસ કરવાનો નિર્ધાર કર્યો છે એ પણ એક વિલક્ષણ ઘટના છે. કદાચ રૂઢિચુસ્તોનું એમ માનવું હોય કે આ પંચમ કાળમાં અનશન શાસ્ત્રાજ્ઞાથી વિરૂધ્ધ છે, એટલે તે વાતની એમને પરવા ન હોય. પરંતુ એક બાજુએ એક સાધુ પવિત્ર તીર્થના રક્ષણ અર્થે પ્રાણ અર્પણ કરવા તૈયાર થાય, ત્યારે અને તેજ સમયે અન્ય સ્થળે નોકારસીનાં જમણો ઉડે એ વસ્તુ એક સાધારણ મનુષ્યને જરૂર કંપાવે છે. પરંતુ જૈન સમાજની વિચિત્રતામાં આ એક વિચિત્રતા છતાં પણ તે અમદાવાદના નગર શેઠ જેવા સુશિક્ષિત પુરૂષ આમાં અંગભૂત થાય એ મુદ્દલ ઇચ્છવાયોગ્ય નથી પાટણ અને જનમગરના કુસંપો હજુ મટયા નથી, તે શમાવવા કશો ગંભીર યત્ન કર્યો છે તેવો કયાંએ ઉલ્લેખ નથી છતાં માત્ર કેટલાક સાધુ-ઓ અને શ્રાવકો પોતાની ઇચ્છા પુરી પાડવા આવાં સંમેલનો ભરે અને ઘેલાં લોકોને તેમાં રમાડે એ વસ્તુ અત્યંત શોચનીય છે.

તમારે સંમેલનો ભરવા હોય તો ભરો તેમાં કોઇની ના નથી, પરંતુ તે ભરવાનો શુદ્ધ હેતુ હોવો જોઇએ. અને દરેક કાર્ય જૈનપ્રજા આગળ મુકવું જોઇએ એટલે પ્રજા ખરી વસ્તુસ્થિતિ સમજી શકે. બીજી સમાજો ઘણી આગળ વધી ગઇ, પણ આપણી સમાજના અગ્રે-સરો હજુ છુપાં છુપાં કામો કરવા પ્રેરાય એ ઇચ્છવા યોગ્ય નથી. અમે જાણીએ છીએ કે આ બધું વનરૂદન જેવું છે, કારણ કે સંમેલન ભરવાની દરેક તૈયારી થઇ ગઇ છે, છતાં અમારો વિરોધ જાહેર કર્યા સિવાય છુટકો ન હોવાથી એ શબ્દો શુભ ભાવે લખ્યા છે.

લી૦
એક જૈન ગ્રેજ્યુએટ.

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, 14, Pydhoni, Bombay 3, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:—'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ નમો તિત્થસ્સ ॥

જૈન યુગ.

卐

The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. ઍડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો

વર્ષ જીનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧૫ મી માર્ચ ૧૯૩૪. | અંક ૨૦.

વિષય સૂચિ.

કૉન્ફરન્સનું આગામી અધિવેશન ... ... પૃ. ૧૪૩
કૉ. ના પ્રતિનિધિઓની ઉદેપુરની મુલાકાત ... ,, ,,
શ્રાવક સંમેલન ... ચોકસી ,, ૧૪૪
ઉદેપુરના ના. મહારાણાને મોકલાયેલ મેમોરિયલ ,, ૧૪૫
ધુલેવ-ઋષભદેવજીનો છંદ સંગ્રાહક તંત્રી. ,, ૧૪૯
જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ મળેલા અભિપ્રાયો પૃ. ૧૫૦
દલિત કોમોની સેવા ... શ્રી ઠક્કર. ,, ૧૫૧
બિહારનાં.....જૈન તીર્થો. ... ... ,, ૧૫૧
શ્રી કેશરીઆજી સબંધી ખતપત્રો.... ... ,, ૧૫૨

કૉન્ફરન્સનું આગામી અધિવેશન મુંબઇમાં.

કાર્યવાહી સમિતિની મળેલી સભાઓ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક બેઠક ગઇ તા. ૬ ઠી માર્ચના દિને રાતના સંસ્થાની ઑફીસમાં મલી હતી જે વખતે સભાનું પ્રમુખસ્થાન શ્રી મોતીચંદ ગિ. કાપડીઆ સોલીસિટરે લીધું હતું. શરૂઆતમાં શ્રી કેશરીઆનાથજીના પ્રશ્ન અંગે નિમાયેલ સબ-કમિટીએ કરેલ કામકાજની વિગતો રજુ થયા પછી શેઠ આણંદજી કલ્યાણજી સાથે તેમજ સંસ્થા તરફથી ઉદેપુર મોકલવામાં આવેલ મી. માણેકલાલ મોટીના આવેલ પત્રો વગેરેની હકીકતો રજુ કરવામાં આવી હતી

ત્યાર પછી કૉન્ફરન્સનાં બંધારણ અનુસાર ઑલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમિટી અને અધિવેશન મેળવવા માટે કેટલીક વિચારણા અને ચર્ચા પછી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે કૉન્ફરન્સનું આવતું સામાન્ય અધિવેશન મુંબઇમાં એપ્રિલની અધવચમાં મેળવવું અને તે અંગે પ્રાથમિક કાર્ય કરવા માટે એક પેટા કમિટી નિમવામાં આવી હતી. <u>તા. ૧-૩-૩૪</u> ના રોજ એક મીટીંગ મલી હતી અને શ્રીકેશરીઆનાથજી સબંધે તેમજ આવતાં અધિવેશન અંગે જરૂરી ચર્ચાઓ થયા પછી બીજી મીટીંગ તુરતમાંજ સગવડે બોલાવવાનું ઠરાવવામાં આવ્યું હતું.

કૉન્ફરન્સના પ્રતિનિધિઓની ઉદેપુરની મુલાકત

યોગિરાજ આચાર્ય શ્રી શાંતિવિજયજીના બામનવાડાથી ઉદેપુર તરફ વિહાર કરતી વખતે શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા તરફથી એક પત્ર મળતાં તેમાં જણાવવામાં આવ્યા મુજબ મુંબઇ તેમજ બહારગામના કૉન્ફરન્સના કેટલાક આગેવાનોને લંબાણ પત્રો લખી ખબર આપવામાં આવી હતી કે જરૂર પડે આ કૉન્ફરન્સ તરફથી તાર દ્વારા ખબર આપવામાં આવેથી ઉદેપુર જવા તૈયાર રહેવું. આ પત્રોના સંબ્યાબંધ જવાબો મલતાં મોટે ભાગે શામેલ થવા સંમતિ દર્શાવી હતી. તા. ૮ અને ૯ ના દિવસોએ અમોને તાર મારફતે ખબર આપવામાં આવતાં મુંબઇના કેટલાક આગેવાનોએ ઉદેપુર જવા તૈયાર થવાનો નિર્ણય થતાં બહાર ગામ કેટલાક સભ્યોને ખબર આપવામાં આવી હતી. તે નિર્ણયાનુસાર અત્રેથી શ્રી. મકનજી જે. મહેતા, બાર-એટ-લૉ, શ્રી હીરાલાલ લાલચંદ દલાલ, બાર-એટ-લૉ, શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરી સોલિસિટર, તથા શેઠ કરમસી પાચારીઆ તા. ૯ મી એ રાતના ફ્રન્ટીયર મેલ મારફતે ઉદેપુર જવા ઉપડી ગયા હતા અને શ્રી. દલીચંદ વીરચંદ સુરત, ડૉકટર બાલાભાઇ મગનલાલ નાણાવટી, વડોદરા, શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા, એમ. એ, શ્રી ખેમચંદજી સિંધી સમરથમલજી સિંધી, સિરોહી, શ્રી અચલમલજી મોદી ઇંદોર, શ્રી બહાદૂરસિંહજી સિંધી કલકત્તા, શ્રી તાજબહાદૂરસિંહ (બાલુચારવાળા) વગેરે પણ ઉદેપુર ગયા છે. જ્યાં યોગિરાજ શ્રી શાંતિવિજયજીને મલી આપણા કેસને લગતી હકીકતો સમજાવી હતી અને યોગ્ય વિચારણા કરી હતી.

उदधाविव सर्वसिन्धव; समुदीर्णास्तयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥

જૈન યુગ.

તા. ૧૫-૨-૩૪ ગુરૂવાર.

શ્રાવક સંમેલન.

રાજનગરના આંગણે સાધુ સંમેલન મળ્યું છે અને શ્રાવક સંમેલન મળવાનું હતું પણ ગમે તે કારણથી હાલતો એ મુલ્તવી રહ્યું છે. એ જે રીતે મેળવવાની વાત બહાર આવી હતી તે રીતે જો એ સંમેલન મળ્યું હત તો એ શ્રાવક સંમેલન યથાર્થ રીતે મળ્યું એમ નજ કહી શકાત. અમદાવાદના નગરશેઠ આમંત્રણ કરે અને જુદા જુદા શહેરના સંઘોમાંથી એ આમંત્રણને માન આપી કોઇપણ જાતના ધોરણ વિના અચોકસ્સ સંખ્યામાં જૈનો અમદાવાદની ભાગોળે ઉતરી પડે, નિયત કરેલા દિવસે મંડપમા ઉભરાય અને ત્યાં જે કંઇ વાંચી સંભળાવવામાં આવે તે મુંગામુંગા શ્રવણ કરી જેવા આવ્યા તેવા સિધાવી જાય, વળી છાપાઓમાં સમાચાર પ્રગટ થાય કે હિંદના સકળ જૈન સંઘનું સંમેલન મળી ગયું અને એમાં અમુક અમુક ઠરાવ પસાર થયા એ સ્થિતિ ઉપસ્થિત થાત.

વીસમી સદીમાં આવી રીતે સંમેલન મળે એ અચ્છેરૂજ ગણાય. અમદાવાદની આસપાસનાં ગામોમાંથી હજારો જૈનો આવી ચઢે, ત્યારે બંગાલ પંજાબ કે મદ્રાસ તરફથી ભાગ્યેજ કોઇ હોય! ત્યાં પ્રતિનિધિત્વ જેવી વસ્તુજ ન હોય અને રજુ કરાતા ઠરાવો પર રીતસર ચર્ચા કે યોગ્ય વિચારણાને સ્થાન ન હોય ત્યાં પછી શ્રાવક સમુદાયને શ્રાવકનાં 'સંમેલન' શબ્દનું સંબોધન માત્ર એકત્ર થવાના રૂપમાંજ કહી શકાય એને સકળ હિંદના સંઘોનું મોટું નામ આપવું કે એના કાર્યને સકળ હિંદના સંઘના ઠરાવો તરિકે ઓળખાવવા એ અનુચિત ગણાય એટલુંજ નહિ પણ જનતાને ઉંધે રસ્તે દોરવનારૂં મનાય. એમ કરવાથી એકાદ નવા કલહનું સ્થાન મળે.

પણ પ્રભુ કૃપાથી આ વિષમ સ્થિતિ ઉપસ્થિત થતાં હાલ તો અટકી પડી છે. સાધુ સંમેલનમાં જે રીતથી અત્યારે કાર્ય ચાલી રહ્યું છે અને એ સબંધી જે રીપોર્ટો બહાર આવી રહ્યા છે એ જોતાં એનું કાર્ય કેટલું લંબાશે તે કલ્પી શકાય તેવું નથી. વળી અમદાવાદની હવા પણ બગડેલી છે. આવા સંજોગોમાં શ્રાવક સંમેલન–પછી તે સત્યરૂપે કે નામરૂપે મળવાનું અચોકસ્સજ ગણાય. આમ છતાં શ્રાવક સંમેલનની અગત્ય તો ઉભીજ છે. એવા કેટલાય પ્રશ્નો સમાજના કલેવરને કોરી રહ્યા છે કે હવે એ પ્રત્યે બેદરકારી દર્શાવવી એ સ્વહસ્તે પોતીકી ઘોર ખોદવા જેવું છે. મુનિ સંમેલન સફળતાથી પાર ઉતરે કિંવા અધવચ્ચ ઝોલાખાતું રહે, તોપણ શ્રાવક સંઘોએ અવશ્ય એકત્ર મળી એ બધા સવાલોની વિચારણા કરી એ સબંધમાં યોગ્ય નિર્ધાર કરવાનો છે.

આવી પરિસ્થિતિમાં કોન્ફરન્સ તરફથી મુંબાઇના આંગણે વૈશાખ માસમાં અધિવેશન ભરવાનો ઠરાવ વાસ્તવિક થયો છે એટલુંજ નહિપણ દેશ–કાળને અનુરૂપ છે એમ કહી શકાય. સાચું સંમેલન હિંદભરના સંઘોનું જો કોઇપણ સંસ્થા મેળવતી હોય તો તે આ કોન્ફરન્સજ છે. આજે ભલે એ સામે કમળાના દર્દી માફક એકાદ પક્ષ પીળી આંખ કરતો હોય છતાં એનું બંધારણ કોઇને પણ પુરવાર કરી આપી શકે તેમ છે કે એમાં સકળ હિંદના પ્રતિનિધિત્વને યથાર્થ સ્થાન છે. એની પધ્ધતિ વીસમી સદીમાં જે રીતે પ્રશ્નો છણાય છે અને બહુમતિના ધોરણે જે રીતે નિર્ણય કરવામાં આવે છે તે રૂપની છે. આવી પધ્ધતિ સામે ભાગ્યેજ કોઇ બુધ્ધિમાન અસંતોષ દર્શાવી શકે. અલબત કોઇવાર આ બહુમતિ જૂદાજ ચીલે સમાજને ઘસડી જાય પણ તેથી સમાજે જાગ્રત રહેવાની દરકાર રાખવી ઘટે છે. અમુક પક્ષ એને પોતાના ચાન્દ્રિત્રમાં ફેરવી નાંખે તેવી સ્થિતિ ઉત્પન્ન શું કરવા થવા દેવી જોઇએ! આ સારૂ રિતસર પ્રતિનિધિ મોકલી એમાં પ્રત્યેક સંઘ પોતાની યથાર્થ માન્યતા રજૂ ન કરે? એની સામે વાતવાતમાં કે વારે કવારે રૂસણાં લેવા કરતાં અધિવેશનમાં હાજર થઇ, સ્વમાન્યતા, યુક્તિ પુરઃસ્સર દર્શાવી જનતાને પોતાના વિચાર પ્રતિ સહાનુભૂતિ આપનારી બનાવવી એ દરેક સંઘ કે એના તરફથી ચુંટાઈ આવેલા પ્રતિનિધિઓના હાથની વસ્તુ હોવાથી એ માર્ગ ગ્રહણ કરવા બાજબી છે. જુન્નર અધિવેશન વેળાની રીત બાજુએ મૂકી ભિન્ન વિચાર ધરાવનારી વ્યક્તિઓને અત્યારના વિકટ પ્રસંગે એકત્રસ્વર કહાડવા અર્થે એકજ પ્લાટફોર્મ પર ભેગા થવાની સપ્રેમ પ્રાર્થના છે. જ્યારે લાંબા સમયના વિરોધોને વિસારી મુનિ મહારાજાઓ સાથે મળી ચર્ચા ચલાવે છે ત્યારે એમનાજ નિમિત્તે અલગ છાવણીમાં વહેંચાયેલા ગૃહસ્થો–શ્રાવકો શા સારૂ હજુ પણ અલગપણાને સંધરી રાખે! દુન્યવી વહેવારોમાં આવું અલગપણું દ્રષ્ટિગોચર જવલ્લેજ થાય છે તો પછી સમાજ કે ધર્મના કાર્યમાં એને આગળ આણનાર વિચારક વર્ગમાં પોતા માટે કેવી છાપ પાડશે એ પણ વિચારવા જેવું છે.

આ અધિવેશનમાં એવા સવાલો પર ખાસ લક્ષ્ય અપાય કે જેનાથી સમાજથી અત્યારની નિર્નાયક દશા દૂર થાય. પડેલા ભાગલા સંધાય અને ધીમે પગલે છતાં મક્કમ હૃદયે સમાજ પ્રગતિની કૂચમાં આગળ કદમ ભરે.

સવાલો હજાર જનતા ઉપસ્થિત થાય પણ વર્તમાન કાળની જરૂરીયાત ને સમાજની ચાલુ પરિસ્થતિ તરફ પૂર્ણ ધ્યાન દઇનેજ એમાંથી કયા સવાલો અત્યારે હાથ ધરવા જેવા છે એનો નિર્ણય કરવામાં આવે એ ઇષ્ટ છે.

દિન પ્રતિદિન તીર્થ સંરક્ષણનો પ્રશ્ન જટિલ બનતો જાય છે એ માટે એકાદ કાયમી સંમિતિની જરૂર છે. એવીજ રીતે આ યુગમાં જૈનેતરોના આક્ષેપોમાંથી ઉગરવા સારૂ અને જૈન ધર્મ સબંધે યથાર્થ સ્વરૂપ રજુ કરવા સારૂ પણ એકાદ્રા મંડની અગત્ય ગણાય. વિશેષમાં ભારત વર્ષની પરિસ્થિતિ તરફ નજર કરતાં અને પ્રતિદિન રાષ્ટ્રિય ભાવનાનો જે વેગ વધી રહ્યો છે એ તરફ ધ્યાન આપતાં બંધારણમાં ઘટતા સુધારા કરી પ્રતિ વર્ષે અમુક નક્કી કરેલા માસમાં અધિવેશન ભરાયજ એ નિર્ધાર કરવાનો છે. આ વેળા મુંબાઇના આંગણે અધિવેશન મેળવીને અને એવી ચાવી આપવાની છે કે જેથી તે જરાપણ સ્ખલના પામ્યા વગર જૂદા જૂદા પ્રાંતમાં નિયમિત ગતિ કર્યા કરે. જ્યાં જ્યાં એનાં પગલાં પડે ત્યાં ત્યાં જાગૃતિનાં મોજા અવશ્ય ફરી વળવાનાં અને જે સંસ્થાનાં જુદાં જુદા અંગો જડતા ખંખેરી નવું જીવન પ્રાપ્ત કરવાનાં, તે સંસ્થાને નાણાં સબંધી કે નિભાવને લગતો પ્રશ્ન ભાગ્યેજ મુંઝવવાનો. આ **શ્રાવક–સંમેલન** સૌ કોઇ માટે વિચારણાના વિષય બને એજ ઇચ્છા. **—ચોકસી.**

નેક નામદાર મહારાજાધિરાજ મહારાણા સર ભૂપાલસિંહજી

બહાદુર, જી. સી. એસ. આઇ; કે. સી. આઇ. ઇ. ઉદેપુર.

એમને જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી મોકલાયેલું

મેમોરિયલ.

બાબત—શ્રી ઋષભદેવજી અથવા તો બીજી રીતે જાણીતા ઉદેપુર રાજ્યનાં ધુલેવ ગામમાં આવેલાં શ્રી કેશરીઆનાથજી તીર્થ સબંધે શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું નમ્ર નિવેદન (મેમોરિયલ).

અમે, અખિલ હિંદમાં વસતા સર્વ શ્વેતામ્બર મૂર્તિ-પૂજક જૈનોની પ્રતિનિધિ સંસ્થા—શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના સ્થાનિક મહામંત્રીઓ હિંદના શ્વેતામ્બર જૈનોની ફર્યાદોની સંભાળપૂર્વક અને માયાળુ વિચારણા અર્થે આપ નામદારનાં ધ્યાન પર નીચેની હકીકત મૂકીએ છીએ:—

(૧) જૈનોનાં યાત્રાંના સૌથી પવિત્ર સ્થાનો માંહેનું એક આપ નામદારના રાજ્યમાં ઉદેપુરથી ૪૦) માઇલ દુર આવેલ ધુલેવ ગામમાં શ્રી રીષભદેવજી બીજી રીતે જાણીતું શ્રી કેસરીઆનાથજીનું મંદિર છે. એ મંદિર શ્વેતામ્બર જૈનોએ આશરે ૮૦૦ વર્ષ પૂર્વે બાંધેલું છે. દરેક વર્ષે સંખ્યાબંધ જૈન યાત્રાળુઓ ત્યાં જાય છે અને ચોવીસ તિર્થંકરોમાં પ્રથમ તીર્થંકર શ્રી રીષભદેવજીની મુખ્ય પ્રતિમાનું પુજન કરે છે. યાત્રાળુઓ રોકડ રકમ અને ઘરેણાં પણ ધરાવે છે.

(૨) ઉપરોક્ત મંદિરમાંની મુખ્ય મૂર્તિની પૂજામાં દરરોજ જથ્થાબંધ કેસરનો ઉપયોગ થતો હોવાથી તે મંદિરને ઘણા સમયથી શ્રી કેસરીઆનાથજીનું મંદિર કહેવામાં આવે છે,

(૩) ઉક્ત મંદિરની વ્યવસ્થા હવે પછી વર્ણવવામાં આવેલી કમિટી ચલાવે છે:—

(૪) ઉક્ત કમિટીની દેખરેખ નીચે ઉપરોક્ત મંદિરમાંની મૂર્તિઓને જે ધરવામાં આવે છે તે જુદા ભંડારમાં રાખવામાં આવે છે અને તે મંદિરની આવક જાવકના સંબંધમાં જુદા હિસાબના ચોપડાઓ રાખવામાં આવે છે.

(૫) ઉપરોક્ત જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ અને હિંદના જુદા જુદા ભાગોમાં વસતા શ્વેતામ્બર મૂર્તિપૂજકજૈનો તરફથી અમે તે મંદિરના સંબંધમાં નિમ્ન નિવેદિત ૩ મુખ્ય ફર્યાદો આપ નામદારના હજુરમાં સંભાળપૂર્વક વિચારણાર્થે રજુ કરીએ છીએ:—

(૧) શ્રી કેસરીઆનાથજીની પ્રક્ષાલ તથા પૂજા સંબંધી બોલીની આવક પુજારીઓને વાપરી ખાવા માટેની મંજુરી આપનારો શ્રાવણ વદ ૧૨) સંવત ૧૯૮૯ (જુલાઇ ૧૯૩૨) નો અગર તો તે અરસાનો ઉદેપુર રાજ્યનો હુકમ.

(૨) વૈશાખ શુદ ૬) સંવત ૧૯૮૯ (મે ૧૯૩૩) અગર તે અરસાનું મંદિર ઉપરનો ધ્વજ દંડ બદલી જૈન રૂઢી વિરૂદ્ધ બીજી કામ ચલાઉ ધ્વજા ચડાવવાનું રાજ્યનું કાર્ય

(૩) શ્વેતાંબર જૈનોની બનેલી જૂની મેનેજીંગ કમિટીને રદ કરી નવી મેનેજીંગ કમીટી કે જેમાં જૈનેતરોની સંખ્યા વધારે પ્રમાણમાં છે તેને વ્યવસ્થા સોંપવાનું ઉદેપુર રાજ્યનું કાર્ય.

(૬) પહેલા અસંતોષના કારણ સંબંધમાં નિમ્ન નિવેદિત હકીકતો ધ્યાનમાં લેવી ખાસ જરૂરી છે.

જૈનોનાં બધાં યાત્રાના સ્થાનોમાં મુખ્ય મૂર્તિની પહેલી પ્રક્ષાલ અને પહેલી પૂજા જે યાત્રાળુ એ ક્રિયા કરવા માટેની બોલીમાં વધારેમાં વધારે રકમ બોલે તે કરે છે. તે મુજબ પુજારીઓ મંદિરમાં હાજર રહેલા યાત્રાળુઓને દરરોજ ધાર્મીક ક્રીયાઓ માટે ઘીની યા પૈસાની બોલી બોલવા કહે છે અને જે યાત્રાળુ વધારેમાં વધારે બોલી બોલે છે તે ઉક્ત ક્રીયાઓ કરવા માટે હકદાર થાય છે. શ્રી કેસરીઆનાથજીના મંદિરમાં રોકડ રકમની બોલી બોલવાની પ્રથા છે. આવી બોલીઓની આવક હંમેશ જૈન ધર્મના સિદ્ધાંતાનુસાર મંદિરના ભંડારની માલીકીની ગણાય છે.

(૭) મંદિરમાં પ્રક્ષાલ, અત્તર પુજા, કેસર પુજા, આર્તિ વગેરે જુદી જુદી પુજાઓ પર ધ્યાન રાખવાની ફરજો શ્વેતામ્બર જૈનોએ 'રાવળ' નામથી ઓળખાતા પુજારી વર્ગને અસલથી સોંપી હતી. ૧૫૦ કે ૨૦૦ વર્ષ પૂર્વે ઉકત ફરજો શ્વેતામ્બર જૈનોએ પંડ્યા અગર સેવક નામથી ઓળખાતા બ્રાહ્મણ વર્ગને સોંપી હતી ઉકત પુજારીઓને આમાં હવે પછી 'સેવકો' તરીકે સંબોધવામાં આવ્યા છે.

(૮) ઉકત સેવકોને તે મંદિરને લગતી ધાર્મિક ક્રિયાઓ પર ધ્યાન રાખવા માટે રોકવામાં આવેલા હતા

અને તેના બદલામાં તેઓને યાત્રાળુઓ પોતાની સ્વતંત્ર મરજીથી જે ભેટ આપે તે લેવાતી હતી. પણ સમય વ્યતીત થયો તેમ તેઓએ યાત્રાળુઓને આવી ભેટ માટે ત્રાસ આપવો શરૂ કર્યો. પરિણામે કાર્તક વદ ૯ સંવત ૧૯૦૩ (તા. ૧૩ મી અકટોબર ૧૮૪૬) ની તિથીવાળું ઉદેપુરના જૈન સંઘને એક કરારનામું કરી આપ્યું અને તેમાં તેઓએ યાત્રાળુઓને ત્રાસ નહિં આપવાનું અને તેઓ સ્વેચ્છાથી જે ભેટ આપે તેજ સ્વીકારવાની કબુલાત આપી. આના સાથે જોડેલ નિશાની "A" વાળું લખાણ તે તે કરારનામાનાં ભાષાંતરની નકલ છે.

(૯) તે લખાણની તારીખ પછીથી પ્રક્ષાલ અને પૂજાની બોલી બોલવાની પ્રથા શરૂ થઇ અને તેમાંથી ઉપજતી આવક ધાર્મીક માન્યતાઓને અનુસરીને ભંડારમાં જતી. છતાં પણ તે આવક ભંડારના હિસાબમાં જમા કરવાને બદલે સેવકોએ તેનો ગેરઉપયોગ કર્યો તેથી ઉદેપુરના જૈન સંઘે અધિક વૈશાખ શુદ ૫) સંવત્ ૧૯૦૬ (૧૭ મી એપ્રીલ ૧૮૫૦)ના રોજ કે તેટલામાં જુદિ જુદિ શરતોવાળું લખાણ સેવકો પાસે કરાવ્યું જેમાં મુદ્દાની સરત એવી હતી કે તેઓએ પ્રક્ષાલ અને પૂજાની દરરોજની બોલીની આવકમાંથી દરરોજ રૂ. ૬) સ્વીકારવો અને બાકીનું ભંડારમાં જમા કરાવવું આના સાથે આંક "B" છે તે ઉક્ત લખાણના મુદ્દાના ભાગનું ભાષાંતર છે.

(૧૦) ત્યારબાદ સેવકો અને જૈન સંઘ તે સમયના ઉદેપુરના નેકનામદાર મહારાણા સાહેબ પાસે ગયા અને નામદાર મહારાણા સાહેબે આધક વૈશાખ શુદ ૯) સંવત ૧૯૦૬ (૨૦ મી એપ્રીલ ૧૮૫૦) ના રોજ આંક "B" વાળાં ૧૯૦૬ નાં લખાણની શરતોને બહાલી આપનારૂં ફરમાન બહાર પાડ્યું. આ સાથે લગાડેલ આંક "C" તે ફરમાનના મુદ્દાના ભાગનું ભાષાંતર છે.

(૧૧) ત્યારબાદ આશરે ચાર કે પાંચ વર્ષ પર્યંત બધું સરલતાથી ચાલ્યું. સંવત ૧૯૧૧ (૧૮૫૫) માં સેવકોએ રાજ્યને અરજ કરી કે પ્રક્ષાલ અને પુજાની બોલીની બધી આવક તેઓને મળવી જોઇએ. ઉકત અર્જી બાબત રાજ્યે લાંબી અને સંભાળપુર્વક તપાસ કરી, કાર્તક વદ ૧૦) સંવત ૧૯૧૨ (૨૧ મી અકટોબર ૧૮૫૯) ના રોજ કે તેટલામાં આંક "C" વાળાં ૧૯૦૬ નાં ફરમાનની શરતોને બહાલી આપનારૂં ફરમાન પ્રગટ કર્યું આની સાથે જોડવામાં આવેલ આંક "D" ઉકત ફરમાનનાં મુદ્દાના ભાગનું ભાષાંતર છે.

(૧૨) ઉપર કહેલ ફરમાન પ્રગટ થયા બાદ તુરતજ સેવકો પુનઃ પ્રક્ષાલ તથા પુજાની બોલીની સર્વ આવકનો ગેર ઉપયોગ કરવા લાગ્યા. આ બધાંથી બહારના યાત્રાળુઓ અજાત હતા. સેવકોએ સદરહુ રકમોનો ગેરઉપયોગ યોગ્ય દેખરેખની ખામીને લીધે લાંબો વખત ચાલુ રાખ્યો.

(૧૩) સંવત ૧૯૭૬ (૧૯૧૯-૨૦) માં બોલીના પૈસા મંદિરના ભંડારમાં જશે તેવી માન્યતાથી એક મારવાડી યાત્રાળુ વધારેમાં વધારે રૂ. ૬,૧૦૦ ની બોલી પહેલી પૂજા કરવા માટે બોલ્યો. બીજે જ દિવસે જ્યારે સેવકોએ યાત્રાળુ પાસેથી રૂા. ૬,૧૦૦) ની માંગણી કરી ત્યારે તેણે પૈસા આપવા ના કહી અને કહ્યું કે બોલીની રકમ ભંડારમાં જશે, એવી ખ્યાલી સમજ હતી અને તેથીજ હું બોલ્યો હતો પરિણામે તે યાત્રાળુએ ઉદેપુરમાં મંદિર કમીટીને પૈસા આપતાં પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો કે પોતે ઉપરોકત માન્યતાથી બોલી બોલ્યો હતો. આ બનાવથી અખિલ હિંદમાં વસતા જૈનોમાં ગુસ્સાની લાગણી ઉદભવ પામી અને હિંદના બુણે બુણામાં વસતા જૈનો તરફથી વિરોધ દર્શાવવામાં આવ્યો હતો.

(૧૪) સેવકોનાં ઉપરોકત ઘણાંજ ખોટાં અને ગેરકાયદેસર કૃત્યમાટે રાજ્યને અરજી કરવામાં આવી હતી. તે અરજી આપ નામદાર પાસે મહારાજ કુમાર તરીકે ફડચા માટે આવેલી હતી. આપ નામદારે, મહારાજ કુમાર તરીકે જરૂરી તપાસો કરી ને કાર્તક વદ ૬) સંવત ૧૯૭૯ (૧૦મી નવેમ્બર ૧૯૨૨) ના રોજ કે તેટલામાં, પ્રક્ષાલ અને પૂજાની બોલીની આવકમાંથી સેવકોને રોજનો રૂા. ૬) લેવાનો હુકમ બહાર પાડ્યો. આની સાથે લગાડેલ એકઝીબીટ "E" સદરહુ હુકમનું ભાષાંતર છે.

(૧૫) ઉપરોકત હુકમ ઉપર સેવકોએ આપ નામદારના પરમ પૂજ્ય અને માનનીય પિતાશ્રી મહારાણા ફતેહસિંહજીને અપીલ કરી ત્યારે તે નામદારશ્રીએ તે બાબતમાં બનતી બધી તપાસ કરવા અને તેમને રીપોર્ટ કરવા પાંચ મેમ્બરોની એક કમિટી નીમી. ઉપરોક્ત કમીટી તેના રિપોર્ટમાં એકમત હતી નહિં. બે સભ્યોનો મત એવો હતો હતો કે બોલીની બધી આવક લેવાને સેવકો હકકદાર હતા, એક સભ્યનો અભિપ્રાય એવો હતો કે તેઓને રોજના રૂા. ૨) મળવા જોઇએ, એક સભ્યનો મત એવો હતો કે રાજ્યના સંવત ૧૯૦૬ અને ૧૯૧૬ ના ફરમાનો મુજબ તેઓને દરરોજનો રૂ. ૧) મળવો જોઇએ; અને ત્રીજા મેમ્બરનો મત એવો હતો કે તેઓને આ બોલીની આવકમાંથી કંઇપણ આપવું જોઇએ નહિં. પરતુ આપ નામદારના પિતાશ્રી મહારાણા સાહેબ આ રીપોર્ટની બાબતમાં કંઇ પણ છેલ્લો હુકમ બહાર પાડે તે પહેલાં સ્વર્ગસ્થ થયા અને આપ નામદાર ગાદીનશીન થયા.

(૧૬) આપ નામદારે સંવત ૧૯૭૯ ના અગઉના હુકમને બહાલ કરનારો છેવટનો હુકમ ભાદરવા વદ ૯) સંવત ૧૯૮૭ (૧૮ મી ઑગસ્ટ ૧૯૩૦) ના રોજ કે તેટલા અરસામાં બહાર પાડ્યો. બોલીની આવકમાંથી દરરોજનો માત્ર રૂા. ૬) લેવા સેવકો હકકદાર છે એવો નિર્ણય આપ્યો. આ સાથે એકઝીબીટ "F" એ હુકમના ભાષાંતરની નકલ છે.

(૧૭) ઉપરોક્ત હુકમ છતાં, સેવકોએ છુપી રીતે અને ઉદેપુર જૈન સંઘના આગેવાનોની જાણ બહાર સંવત ૧૯૮૭ નો છેલ્લો હુકમ યત્ન કરી ફેરવાવ્યો અને તેના પરિણામે શ્રવણ શુદ ૧૨) સંવત ૧૯૮૯ (૧૩ મી ઑગષ્ટ ૧૯૩૨) ના રોજ કે તેટલા અરસામાં સેવકોને બોલીની બધી આવકનો હક્ક આપનારો હુકમ આપ નામદારની સહિ સાથે બહાર પડ્યો હતો.

ઉક્ત હુકમમાં એમ જણાવવામાં આવેલું છે કે યાત્રાળુ એાને કોઇએ ત્રાસ આપવો નહિં અને બોલી પહેલાં ખુલ્લે ખુલ્લું જાહેર કરી દેવું કે તેમાંથી મળેલા પૈસા સેવકોને મળશે અને ભંડારના હિસાબમાં જશે નહિં. આ સાથે Ex"ब" લગાડેલ આંક "G" ઉક્ત હુકમનાં ભાષાંતરની નકલ છે.

(૧૮) ઉપરોક્ત છેલ્લા હુકમથી સેવકોના છુપા પ્રયત્નોથી અજ્ઞાત રહેલ સકલ જૈન કોમને અચંબો થયો અને એ હુકમથી અખિલ હિંદના જૈનોમાં વિરોધ ઉદ્ભવ્યો છે, અને અસંખ્ય વિરોધદર્શક પત્રો હિંદના ખુણે ખુણા માંથી આપ નામદારને તથા ઉદેપુર રાજ્યના અમલદારોને મોકલવામાં આવેલા છે.

(૧૯) સંવત ૧૯૭૬ માં સેવકોને બોલીની આવકનો ગેરઉપયોગ કરતા રોકવાની હીલચાલ થયા છતાં પણ અત્રે જણાવાયેલ સંવત ૧૯૮૭ ના હુકમની તારીખ સુધી એ લોકોએ ગેરઉપયોગ ચાલુ રાખ્યો. આવી આવકની કુલ્લે રકમ ભાદરવા સંવત ૧૯૮૭ થી છેલ્લા હુકમની તારીખ શ્રાવણ સંવત ૧૯૮૯ સુધી રૂ. ૨૨૦૦૦) થઇ હતી. રાજ્યના અમલદારોએ તાજેતરમાં ઉપરોકત રૂ. ૨૨,૦૦૦) ની રકમ સેવકોને આપવા ફરમાવી બળતામાં ઘી હોમ્યું છે. એ હુકમ અગાઉ આંક "F" માં વર્ણવેલ હુકમ કે જેમાં સ્પષ્ટ અને ચોકખા શબ્દોમાં જણાવવામાં આવ્યું હતું કે બોલીની રકમ ભંડારના હિસાબમાં જશે–તેના આશયથી તદ્દન વિરૂદ્ધ અને ઉલટો છે.

(૨૦) છેલ્લા હુકમની તારીખથી એક માણસ પ્રક્ષાલ અને પુજાના સમયે મંદિરમાં હાજર રહેતો અને યાત્રાળુ-ઓને જાહેર કરતો કે બોલીના બધી રકમ સેવકોને મળશે. આ માણસને પણ તાજેતરમાં રાજ્યના અમલદારોએ ખસેડયો છે અને પરિણામે જે યાત્રાળુઓ છેલ્લા હુકમથી અજ્ઞાત હોય તેઓ સેવકના લાભાર્થે વધારે બોલી બોલવા કદાચ લલચાય.

(૨૧) ઉપરોકત પરિસ્થિતિ હોવાથી અમે નીચે જણા-વેલ દાદ મેળવવા અર્જ કરીએ છીએ:—

(અ) શ્રાવણ વદ ૧૨) સંવત ૧૯૮૯ (૩૦ મી જુલાઇ ૧૯૩૨) એકિઝબીટ "G" માં વર્ણવેલ છેલ્લો હુકમ રદ કરવો અને તેને બદલે ભાદરવા વદ ૯) સંવત ૧૯૮૭ (૮ મી ઑગસ્ટ ૧૯૩૦) ના રોજનો કે તે અરસાનો પહેલો હુકમ ફરી અમલમાં મુકવો અને

(બ) સેવકોને રૂ. ૨૨,૦૦૦) ની રકમ જે ગેરવાજબી રીતે ભંડારમાંથી આગળ જણાવ્યા પ્રમાણે આપ-વામાં આવી છે તે રકમ ત્વરાએ પાછી આપવા સેવકોને હુકમ કરવો.

૨. ધ્વજા દંડ બાબત.

(૨૨) આગળ વર્ણવ્યા પ્રમાણે શ્રી કેસરીઆનાથજીનું મંદિર શ્વેતામ્બર જૈનોએ બંધાવ્યું હતું, તે તેઓનું છે અને તે મંદિરમાં પૂજન શ્વેતામ્બર જૈન વિધિ અનુસાર થાય છે.

(૨૩) પ્રત્યેક જૈન મંદિરનાં શિખર ઉપર ધ્વજાદંડ રાખવામાં આવે છે, ધ્વજા રાતાં અને સફેદ કપડાંની બનેલી હોય છે. જ્યારે તે કપડું ફાટી જાય અગર દંડને કંઇ નુક-સાન થાય ત્યારે તેને બદલે નવી ધ્વજા અગર નવીન દંડ રોપવામાં આવે છે. પહેલીજ વાર ધ્વજ દંડનું આરોપણ થાય ત્યારે અગર જૂનાને બદલે નવો ચડાવવામાં આવે ત્યારે અમુક ધાર્મિક વિધિ થાય છે.

(૨૪) ઉપરોકત મંદિરમાં જળવી રાખેલ લેખ પરથી એમ સાબીત થાય છે કે સુલતાનમહમ્મદ બાદશા નામના એક શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈને તે મંદિર પર ધ્વજારોપણ માગ-શર શુદ ૧૦) સંવત ૧૮૮૯ (૨૨ મી ડિસેમ્બર ૧૮૩૩) ના રોજ કે તેટલા અરસામાં કરેલું. જુના કાળથી ધ્વજદંડ સબંધી અને બીજી બધી વિધિ જૈન ધર્માનુસાર થાય છે અને ઉપરોકત ધ્વજાદંડ શ્વેતામ્બર જૈનો ચડાવે છે.

(૨૫) તાજેતરમાંજ સંવત ૧૯૮૪ (૧૯૨૮) માં તે મંદિર પર નવો ધ્વજાદંડ રોપવાની જરૂરીઆત જણાઇ. શ્વેતામ્બર જૈન અને દિગંબર જૈન વચ્ચે બન્નેમાંથી કોને ધ્વજ દંડ ચડાવવાનો અધિકાર હતો તે બાબતમાં ઘણોજ મતભેદ થયો અને નેકનામદાર મરહુમ મહારાણાશ્રીએ શ્વેતામ્બર જૈનોની તરફેણમાં ફેંસલો આપ્યો. તદનુસાર શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળા પાટણના અગ્રગણ્ય શ્વેતા-મ્બર જૈનને હાથે નવો ધ્વજાદંડ વૈશાખ શુદ ૫) સંવત્ ૧૯૮૪ (૨૪ મી એપ્રીલ ૧૯૨૮) ના રોજ કે તેટલા અર-સામાં રોપવામાં આવ્યો હતો. શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોના મહા વિદ્વાન સાધુ આચાર્ય શ્રી સાગરાનંદ સુરીએ નિયમા-નુસાર જરૂરી ધાર્મિક વિધિ કરી હતી.

(૨૬) તાજેતરમાંજ વાવાઝોડાનેલીધે ઉપરોકત ધ્વજાદંડને સાધારણ નુકશાન પહોંચ્યું હોવાથી તેને ઉતારી તેને બદલે નવો ધ્વજદંડ ચડાવવાની જરૂરીઆત જણાઇ હતી, તેથી મંદિર કમી-ટીએસલાહ આપી કે નજીકમાં જૈન મુનિ ન હોવાથી જૈન જતિ અનુપચંદજી પાસે જરૂરી ધાર્મિક વિધિ કરાવીને તે જુનો ધ્વજદંડ ઉતારી લેવો. તે સલાહ છતાં રાજ્યના અમલદારોએ ધર્મસભા નામની રાજ્ય સ્થાપિત જૈનેતર સંસ્થા મારફત તે ધ્વજદંડ ઉતારવાનું નક્કી કર્યું. તદનુસાર ધર્મસભાએ બ્રાહ્મણોને હાથે જૈનોએ ન સ્વીકારેલી વૈદિક વિધિસર તે ધ્વજાદંડ ઉતરાવ્યો. કામચલાઉ રાતા રંગની ધ્વજા વાંસના દંડને લગાવીને મંદિર પર ચડાવવામાં આવી છે. ઉપરોકત કામચલાઉ ધ્વજા જૈન ધર્મના રિવાજ મુજબની પણ નથી.

(૨૭) રાજ્યના અમલદારોનાં ઉપરોકત કૃત્યથી અખિલ હિંદના જૈનોની ધાર્મિક લાગણી દુભાણી છે અને તેઓના હકકોને બાજુ પર મુકી દેવામાં આવ્યા છે. જોકે નવો ધ્વજાદંડ હજુ સુધી રાખવામાં આવ્યો નથી તોપણ જૈનોને એવી ભીતી રહે છે કે રાજ્યના અમલદારો જૈનેતર ધર્મ વિધિથી નવો ધ્વજ દંડ ચડાવે.

(૨૮) ઉપરોકત પરિસ્થિતિને લીધે અમે નીચે મુજબ દાદ મેળવવા માટે અરજ કરીએ છીએ:—

કે મંદિર ઉપરનો કામચલાઉ ધ્વજદંડ ઉતારી લેવો અને આગળના બે વખતના ધ્વજારોપણના સમયે સંવત ૧૮૮૯ અને ૧૯૮૪ માં થયેલી જરૂરી ધાર્મિક વિધિ કરીને નવો ધ્વજદંડ ચડાવવા શ્વેતાંબર જૈનોને પરવાનગી આપવી.

૩. મંદિરની વ્યવસ્થા બાબતમાં.

(૨૯) ઘણા જુના કાળથી શ્રી કેશરીઆનાથજીનાં મંદિરની વ્યવસ્થા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોને હસ્તક હતી. ભૂતકાળમાં જ્યારે સેવકો યાત્રાળુઓને ત્રાસ આપતા હતા ત્યારે તે વિષેની ફરીયાદ ઉદેપુરના જૈન સંઘના અગ્રેસરોને કરવામાં આવતી હતી. સેવકોએ ઉદેપુરના જૈન સંઘને કરી આપેલ ઉપરોકત લખાણો પરથી પણ સ્પષ્ટ જણાય છે કે મંદિરની વ્યવસ્થા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોના હાથમાં હતી. સંવત ૧૯૦૮ (૧૮૫૧-૫૨ ઇ. સ.) સુધી મંદિરના ભંડારની ચાવી ઉદેપુરના નગરશેઠના હાથમાં રહેતી હતી જે તે સમય સુધી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન કોમના હતા. સંવત ૧૯૦૮ પછીથી ઉદેપુરના નગરશેઠના સ્થાને સ્થાનકવાસી જૈન જ્ઞાતિના માણસો નિમાય છે.

(૩૦) શ્વેતામ્બર મૂર્તિપૂજક કોમના નગરશેઠ અગત્યની બાબતોમાં પોતાની કોમના બીજા અગ્રેસરોની સલાહ લેતા અને તે પ્રમાણે વર્તતા. પણ સ્થાનકવાસી નગરશેઠ તેમ કરવામાં નિષ્ફળ નિવડ્યા એટલે બીજાઓની સલાહ લીધા વગર પોતાની અંગત વલણો પ્રમાણે મંદિરની વ્યવસ્થા કરવી શરૂ કરી, પરિણામે મંદિરની વ્યવસ્થા શિથિલ બની અને મંદિરના સેવકોએ આગલ જણાવ્યા પ્રમાણે મંદિરના ભંડોળની મોટી રકમોનો ગેર ઉપયોગ કરવો શરૂ કર્યો. જાહેર જનતાને મંદિરની વ્યવસ્થામાં અવિશ્વાસ ઉત્પન્ન થયો; ગેરવ્યવસ્થા તથા મંદિરના પૈસાના ગેર ઉપયોગની ફરીયાદ વારંવાર રાજ્યને કરવામાં આવતી પણ તે પર કંઇ ધ્યાન અપાયું ન હતું. અને રાજ્યે સંવત્ ૧૯૩૪ (૧૮૭૮) માં રાજ્યની દેખરેખ નીચે શ્વેતામ્બર જૈન જ્ઞાતિની એક કમિટી નીમી અને મહાવદ ૬ સંવત ૧૯૩૪ (૨૭ મી જાન્યુઆરી ૧૮૭૮) તથા માગસર વદ ૬૩) સંવત ૧૯૩૫ (૨૨ મી નવેમ્બર ૧૮૭૮) નાં બે ફરમાનોથી જાહેર કર્યું હતું કે વ્યવસ્થા રાજ્યની દેખરેખ નીચે કમિટીને હસ્તગત કરવામાં આવી હતી. ઉકત ફરમાનોમાં નિર્દિષ્ટ હતું કે અગાઉ વ્યવસ્થા શ્વેતામ્બર જૈનોને હસ્તક હતી. આ સાથે લગાડેલ આંક H", અને "I" અનુક્રમે તે ફરમાનોના તરજુમાની નકલો છે.

(૩૧) રાજ્યની નિમેલી કમીટીએ વ્યવસ્થા કરવી હજુ સુધી ચાલુ રાખી હતી અને જ્યારે તેમાં સભાસદની જગા ખાલી પડતી ત્યારે તે જગા શ્વેતામ્બર જૈનથી પૂરવામાં આવતી હતી. ઉકત કમિટીનું કામ માત્ર સલાહ આપવાનું હતું અને પ્રત્યેક જરૂરી બાબતોની વ્યવસ્થા રાજ્યના હુકમથી દેવસ્થાનહાકિમ મારફતે થતી હતી. છતાં પણ બધી ધાર્મિક વિધિઓ તથા પૂજા શ્વેતામ્બર જૈન શાસ્ત્રાનુસાર થતી હતી અને કંઇ શંકા થતી તો શ્વેતામ્બર મુનિઓ તથા યતિઓની સલાહ લેવામાં આવતી હતી.

(૩૨) તાજેતરમાં આ બાબતો ઘણી ગંભીર વલણ લેતી જણાય છે. સેવકોની તરફેણમાં એકઝીબીટ "G" વાળો ૧૯૩૨ જુલાઇ હુકમ થયો અને ઉપર વર્ણવ્યા પ્રમાણે ધ્વજા દંડ બદલી લેવાની કૃત્ય થયા ઉપરાંત શ્વેતામ્બર જૈનોની કમીટી બરખાસ્ત કરી અને જૈનેતરોની વધારે સંખ્યાવાલી નવી કમીટી તે મંદિરની વ્યવસ્થા માટે નીમવામાં આવી છે. ઉપરોકત ફરમાન સ્પષ્ટ બતાવી આપે છે કે આગળના ઘણાં વર્ષો થયાં મંદિરની વ્યવસ્થા શ્વેતામ્બર જૈનોના હસ્તક હતી. રાજ્યની નીમેલી કમીટી પણ શ્વેતામ્બર જૈનોની બનેલી હતી. મંદિરમાં જુદી જુદી રીતની પૂજા અને ધાર્મિક ક્રિયાઓ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિધિ પ્રમાણે થાય છે. ટુંકમાં દરેક બાબત સચ્ચોટ પુરવાર કરી આપે છે કે તે મંદિર શ્વેતામ્બર જૈનોનું છે. અને તેથી મંદિરની વ્યવસ્થાનું કાર્ય પૂર્વે જેમ હતું તેમ શ્વેતામ્બર જૈનોની કમીટીને સોંપી દેવું જોઇએ.

(૩૩) અમે આપ નામદારનાં ધ્યાન પર મૂકીએ છીએ કે આપશ્રીનાં રાજ્યમાં નાથદ્વારામાં આવેલું શ્રીનાથજીનાં મંદિર તરીકે ઓળખાતું હિંદુઓનું પવિત્ર યાત્રાનું ધામ છે. શ્રીનાથજીનું ઉકત તીર્થ હિંદના વૈષ્ણવો માટે સૌથી પવિત્ર અને મુખ્ય તીર્થસ્થળ છે અને જેમ શ્રી કેશરીઆનાથજીનું મંદિર શ્વેતાંબર જૈનોનું છે અને તેઓ એકલાજ તેની મિલકતોમાં હિત ધરાવે છે તેમ હિંદનો વૈષ્ણવસમાજ શ્રી કૃષ્ણ ભંડારને અર્પણ થયેલ તથા તેના કબજાની દરેક મિલકતમાં હિતસબંધ ધરાવે છે. સદ્ગત તિલકાયત શ્રી ગોવર્ધનલાલજીના એકના એક પુત્ર શ્રી દામોદરલાલજીનાં કટલાંક કૃત્યોને લીધે સમસ્ત વૈષ્ણવ સમાજે તેમના પરત્વે જબરી હીલચાલ કરી કે તેમને નાથદ્વારની ગાદી પર તિલકાયત તરીકે સ્થાપવા નહિં. તે સમાજે ઉદેપુર રાજ્યને અરજ કરી કે શ્રીનાથજીનાં મંદિરની વ્યવસ્થા અને તેનાં માલ મિલ્કત હિંદના વૈષ્ણવોનું પ્રતિનીધિત્વ ધરાવતી કમિટીને સોંપવાં. તાજેતરમાંજ હિંદના વૈષ્ણવોના પ્રતિનીધિ તરિકે એક ડેપ્યુટેશન વૈષ્ણવ સમાજનાં શ્રીનાથજીનાં મંદિર પ્રત્યેનાં અસંતોષનાં કારણો દર્શાવવા આપ નામદારની હજુરમાં આવેલું અને તે ડેપ્યુટેશનના મેમ્બરોને સાંભળીને આપ નામદારે પંદર અગ્રગણ્ય વૈષ્ણવો—જેમાં તેર મુંબઇ, અમદાવાદ, મદ્રાસ અને ઉદેપુર રાજ્ય બહારના—ની કમિટી શ્રી નાથજીનાં મંદિરની વ્યવસ્થા પર નીમી છે. તેથી શ્રી કેશરીઆનાથજીનાં મંદિરની વ્યવસ્થા માટે એજ સિદ્ધાંતોસર હિંદના શ્વેતાંબર જૈનોની કમિટી નિમવા સવિનય નિવેદન કરીએ છીએ. શ્રી કેશરીઆનાથજીના મંદિરની બાબતમાં જુદો સિધ્ધાંત અખ્તયાર કરવાનું કાંઇપણ શકય કારણ સંભવી શકે નહિં.

ઉપરોકત કૃત્યથી દુઃખ થતાં અમો નીચે જણાવેલ દાદ મેળવવા અરજ કરીએ છીએ. "જે નવી કમિટીને મંદિરની વ્યવસ્થાનું કાર્ય સોંપવામાં આવ્યું છે તેમાં જૈને-

ધુલેવ–ઋષભદેવજીનો છંદ.

[ખરતર ગચ્છના વિજયહર્ષ શિષ્ય ધર્મસિંહ નામે કવિ થઇ ગયા કે જેના સંબંધે જુઓ જૈન ગુર્જર કવિઓ ભાગ બીજો પૃ. ૩૩૯ થી ૩૪૬ તેમણે ખરતર ગચ્છના સાતમા જિનચંદ્રસૂરિના સમયમાં સં. ૧૭૬૦ વૈશાખ શુદિ ૮ ને દિને મોટા સાથ સાથે કેશરીઆજી ધુલેવ ઋષભદેવજીની જાત્રા કીધી તે વખતમાં જે છંદ રાજસ્થાની ભાષામાં બનાવ્યો તે મુનિ મહારાજશ્રી સંપતવિજયજીએ મારા પર અનુગ્રહ કરી મોકલેલ નાની પ્રતોમાંની એક પ્રત સ્તવનોની છે તેમાંથી ઉતારી અત્રે મૂકેલો છે. કેશરીઆજી તીર્થની જાત્રા શ્વેતાંબર મુનિઓ તથા શ્રાવકો ઘણાં સૈકાથી કરતા આવ્યા છે તેના એક દ્રષ્ટાંત તરીકે આ સં. ૧૭૬૦ નો છંદ છે. તંત્રી.

સત્ય ગુરૂ કહેં સગુરૂરા, પ્રણમો મન સુધ થાય;
હુંતા મૂઢ તે પણિ હુયા, પંડિત જસ પસાય. ૧
સેવા લહિજેં સુગુરૂરી, પુણ્ય ઉદેં પરતિકખ;
જ્યોતિ અધિક દીધી જિણેં, ચાવી તીજ ચકખ. ૨
જિંકા ન પૂરેં જાંણુતો, છકો મીડો કોઇ,
વાંચિ અવિરલ વાંણિસ્યું, પુસ્તક ભરીયા પોઇ. ૩
દીપક જિણ હાથે દીયો, ગુરેં બતાયો જ્યાંન:
ધરમ કરમ માંહિ ધુરેં. ધરિજેં તિણરો ધ્યાંન. ૪

પ્રથમ નમી ગુરૂજણ પ્રથમ, ગાવૂં તસુ ગુંણગ્રામ;
કવિજન કંઠ સિગારકું, દીયેં મોતિયદામ. ૫

છંદ મોતિદામ.

દીયેં ગુણનિમ્મલ મોત્તિયદામ, સેવો મન શુધ્ધિ તિકોહિજ સામિ,
સુરાસુર સર્વ કરેં જસુ સેવ, દીઇ સુખ વંછિત રિષભદેવ. ૬
કેઇ જગિ દેવલ દેવાં કોડિ, હુવેં નહી કોઇ ધ્યાંરી હોડિ,
નમેં નરનારિ સકો નિતમેવ, દીઇ૦ ૭
પૂરેં પ્રભુ આસ સદા પરતકખ, વદાં સુર કુંભિક નામુંર વૃક્ષ
બહું જિણ દાંન દીપાયા બેવ, દીઇ૦ ૮
છતી છતિ દેખ પવન્ન છત્તીસ, જપેં સહુ થાવેં જેમ જતીસ,
ભજે ધક ચિત્ત લહ્યો જિણ ભેવ, દીઇ૦ ૯
અલકકાં માલિમ દેશ અડગ્ગ, ઉપેં એ તીરથ તેથિ અડગ્ગ,
ધુંનો ધન ધાન્ન હિં ગંમ ધુલેવ, દીઇ૦ ૧૦
ઉદેંપુર હુંતી કોસ અઢાર, એ કુવાટ વિષમ અપાર;
સલકકેં જત્રી ગાસ સજેવ, દીઇ૦ ૧૧
ખુલેં પગવટ ઉજ્જડ પહાડ, દહું દિશિ કોઇ કરાડ દરાડ;
ઝરાડ ઝુંગીસ ઝાડ ઝૂકેવ, દીઇ૦ ૧૨
પુરાણા ખાલા નાલાં ખાડ, ચિહું દિશિ તાકેં ચોર ચરાડ,
નિકેવલ જત્યાં નાંમ ન લેવ, દીઇ૦ ૧૩
કિતા સહિ મારગમાંહિ કલેસ, આવે કોઇ યાત્રા લોક અસેસ
સરેં છેં કાંમ તિયાં સતમેવ, દીઇ૦ ૧૪
દૂરાંહું દેવલ સોભા દેખ, વંદે વાહ વાહ પ્રકાસ વિશેષ;
રહ્યો રવિ ભુમિ વિમાંન રચેવિ દીઇ૦ ૧૫
તિલકકા તોરણ ધોરણ તંત, ભલિ ચિત ચોરણ કોરણ ભંત;
બહુ હું વખાંણુ કિતાક અવેવ, દીઇ૦ ૧૬
જિણેસર બિંબ ઝિગામગિ જ્યોતિ, અહો રતિ આઠે જંમ ઉદ્યોત;
બિજેડી દેહરી બાવન બેવ, દીઇ૦ ૧૭
ઘસી લે કેસર ચદન ઘોલ, રચીજેં પૂજ સદા રંગરોલ;
અવલ્લ ફૂલેં ધૂપ ઉખેવ, દીઇ૦ ૧૮
જણો તિણિ વેલા જેવો જય, ભલે કોઇ જત્રી આય ભરાય
લગ્નરે ચાંને લાભે હેવ, દીઇ૦ ૧૯
રહેં નહી નામેં કોઇ રાગ, વલે સહુ જાઇ સોગ વિયોગ,
સદા હુવેં ભોગ સંયોગ સદેવ, દીઇ૦ ૨૦
સહી સહુ તીરથમાં શિરદાર, ધણું ઈહસ્ત પરત્ત ઉધાર;
ટલી અંતરાય ફલી સહુ ટેવ, દીઇ૦ ૨૧

કલસ.

અલગ ટલ્યા અંતરાય, પ્રગટ સફલી પૂણ્યાઇ,
ગણધર ગુરૂ ગચ્છરાજ સૂરિ જિણચંદ સવાઇ;
ગચ્છ ખરતર ગહગાટ સંવત સતરે સઇ સડિમેં
વસંત રિત વૈશાખ અવલ ઉજવાલી અડમેં
જતરા કીધ સખરી જુગતિ વડા સાથ સાથેં વડિમ
સુખ વિજયહરષ જિણ સાંનિધેં આખેં ક્રમસીલ ઇમ. ૨૨

—ઇતિ શ્રી ઋષભદેવજીરો છંદ:—

તરોની સંખ્યા વધારે પ્રમાણમાં હોવાથી તેને દૂર કરવી અને રાજ્યમાં વસતા તથા હિંદના અન્ય વિભાગોમાં વસતા જૈન અગ્રેસરોની બનેલી કમિટીને તેની વ્યવસ્થાનું કાર્ય સોંપવું".

(૩૫) અમો નિવેદન કરીએ છીએ કે આ પ્રશ્નને લગતાં બધાં ખતપત્રો અને તેને લગતી સઘળી હકીકતો અમારી પાસે નથી, અમો વધારે હકીકતો મેળવીએ છીએ અને જો સલાહ મળશે તો, બીજું મેમોરિયલ પેશ કરવા ઇચ્છીએ છીએ તે માટે પરવાનગી મળવા પ્રાર્થીએ છીએ.

(૩૬) અમારી જૈનકોમના અગ્રેસરોનાં એક ડેપ્યુટેશનને આપ નામદારને અનુકૂળ હોય તે દિવસે મળવા આપવાની પરવાનગી આપો એમ ઇચ્છીએ છીએ, અને તે વખતે અમારું ડેપ્યુટેશન આપ નામદારને શ્વેતાંબર જૈનોની વસ્તુસ્થીતિ અને તેનાં દુ:ખો તેમજ તે નિવારવાના ઇચ્છિત ઉપાયો સૂચવી ઇલ્કામાં સમજાવશે.

અને માયાભાવી આ કૃત્ય માટે આપ નામદારના અરજદારો હમેશાં પ્રાર્થશે.

મુંબઇ, તારીખ આજ ૧૯ મી ફેબ્રુઆરી ૧૯૩૪.

એમ. જે. મહેતા-બાર-એટ-લૉ. અમો છીએ, આપ
એમણે ઘડ્યું. નામદારના આજ્ઞાંકિત સેવકો,

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, ૨૦, પાયધુની, મુંબઇ, ૩.

રણછોડભાઇ રાયચંદ જવેરી
મોહનલાલ બી. ઝવેરી
સ્થાનિક મહામંત્રીઓ.
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ.

આ પુસ્તક કે જેને છપાવતાં ત્રણ ઉપરાંત વર્ષો થયાં અને જેની કાગને ડોળે રાહ જોવાતી હતી તે બહાર પડી ગયું છે. તેના સંબંધે જે ઉડતી નજરે અભિપ્રાયો આવેલા પ્રાપ્ત થયા છે તે નીચે આપીએ છીએ તે પરથી પણ તેનું મૂલ્ય સમજાશે અને વાંચકો તુરત તેને મંગાવી લેશે.

સાંજ વર્ત્તમાન—

જૈન સાહીત્યનો સક્ષિપ્ત ઇતિહાસ.

લેખકઃ-શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ. એલ. બી. એડવોકેટ હાઇકોર્ટ, મુંબઇ. પ્રકાશક-શ્રી. જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઓફીસ તરફથી શ્રી૦ રણછોડલાલ રાયચંદ ઝવેરી અને શ્રી૦ મોહનલાલ ભગવાનદાસ ઝવેરી (સોલીસીટર સ્થાનીક જનરલ સેક્રેટરીઓ. ૨૦ પાયધુની, મુંબઇ, નં. ૩. કીંમત ૭ રૂપીઆ.

આ દળદાર ઇતિહાસીક ગ્રંથમાં શ્રી મહાવીર સ્વામીના સમયથી સં. ૧૬૬૦ સુધીના શ્વેતાંબર જૈનોના સાહિત્યનું કાલક્રમપૂર્વક દિગ્દર્શન કરાવ્યું છે. આ ગ્રંથના પહેલા વીભાગમાં જૈન ધર્મનો ઉદય અને તેનું સ્થાન, આગમકાલ, શ્રુત સાહિત્ય, ઉપલબ્ધ શ્રુતસાહિત્ય વગેરે શ્રી મહાવીર અને આગમ સાહીત્યને લગતી હકીકતો રજુ કરવામાં આવી છે. બીજા વિભાગમાં પ્રાકૃત સાહિત્યનો મધ્યકાલ અને સંસ્કૃત સાહિત્યના ઉદય કાલમાં શરૂઆતના ઇતિહાસીક બનાવો, ઉમાસ્વાતીવાચક, પાદલીપ્તસુરી, સિદ્ધસેન યુગ, વીક્રમ સં. ૧ થી ૩૦૦ વીમલસુરી, મથુરાસ્તુપો, મથુરાસંઘ, દીગંબર શ્વેતાંબર ભેદ, જૈન ન્યાયશાસ્ત્રનો પ્રથમ યુગ, ગુપ્ત અને વલ્લભી સમય, હરીભદ્ર યુગ તથા ચાવડાના સમયની ઇતિહાસીક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્રીજા વીભાગમાં સોલંકી વંશના મુલરાજથી કરણ અને સીદ્ધરાજ જયસીંહ, કુમારપાલ, હેમયુગ અને ચોથા વિભાગમાં ભાષા સાહીત્યના ઉદયની જૈન ઇતિહાસ સાથે સબંધ ધરાવતી હકીકતો રજુ કરવામાં આવી છે. પાંચમો વિભાગ ભાષા સાહિત્યના મધ્ય કાલ સબંધી છે તેમાં સોમસુંદર યુગમાં સાહિત્યની હીલચાલ ખરતર ગચ્છીયની ખાસ સેવા અને ગુજરાતી સાહિત્ય, વીક્રમની સોળમી સદીની ઇતિહાસીક ઘટનાઓ, સંપ્રદાયની છિન્નભિન્નતા, તથા સોળમી સદીના ગુજરાતી સાહિત્ય સબંધી જાણવાજોગ અહેવાલો આપવામાં આવ્યા છે. લેંકા યુગથી શરૂ થતા છઠ્ઠા વિભાગમાં હિરવિજયસુરીનું વૃતાંત, શહેનશાહ અકબરના દરબારમાં હિરવિજયસૂરિ અને બીજા કેટલાક ઇતિહાસીક વ્યક્તિઓ અને બનાવો, સતરમી સદીની સાહિત્યની હિલચાલ તથા સંસ્કૃત પ્રાકૃત સાહિત્ય વિષેના ઇતિહાસીક વર્ણનો રજુ કરવામાં આવ્યાં છે. છેલ્લા બે વિભાગો વર્તમાન ગુજરાતી સાહિત્યના અભ્યાસકોને ઉપયોગી થઇ પડે તેવા છે. લેખકે આ ગ્રંથને અનુપમ બનાવવામાં સારી મહેનત કરી છે. તેમણે આ ગ્રંથ પ્રસિદ્ધ કરવાથી જૈન સાહિત્યની, સેવા કરવા સાથે ગુજરાતી સાહિત્યની પણ સારી સેવા કરી છે. મધ્યકાલીન હિંદના સાહિત્યના પરિચય માટે પણ આ ગ્રંથની મદદ ઉપયોગી થઇ પડે એમ છે. પુસ્તકમાં આપેલાં ચિત્રો પણ ધ્યાન ખેંચે છે. આમાંના ઘણાખરા ચિત્રો અસાધારણ છે, લેખકે પુસ્તકની શરૂઆતમાં આ ગ્રંથમાંના ચિત્રોનો પરિચય કરાવ્યો છે, જેથી વાંચનારને તેની ખુબીઓ અને મહત્વતા સમજી શકાય. જૈન ભાઇઓ માટે આ પુસ્તક વસાવવા લાયક છે.

—સાંજ વર્ત્તમાન ૨૨-૩-૩૪.

(ઉડતી નજર કરનાર O. K)

પંડિત શ્રી લાલચંદ ભગવાનદાસ ગાંધી—(જૈન પંડિત પ્રાચ્યવિદ્યા મંદિર, ઘીકાંટા, વડોદરા) 'આવો અત્યુપયોગી મહાન ગ્રંથ પ્રકાશિત કરી જૈન શ્વે. કો. સંસ્થાએ પોતાની કીર્તિને અધિક ઉજ્જવલ અને ચિરસ્થાયી વ્યાપક બનાવી છે, એમ નિઃસંકોચ કહી શકાય. તથા આવા દળદાર મહાભારત ગ્રંથને પણ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' લેખાવનાર લેખકના આ સાહસિક પરિશ્રમ માટે સહસ્ત્રશઃ ધન્યવાદ આપ્યા સિવાય કેમ ચાલે? અનેક પ્રસિદ્ધ વિદ્વાન લેખકોની કૃતિયોમાંથી વિવેકપૂર્વક સાર તારવી વિશિષ્ટ શૈલીથી યોજાયેલી આ કૃતિ અનેક પ્રકારે ઉપયોગી અને વિદ્વાનોમાં આદરપાત્ર થશે એમ મારૂં ધારવું છે. લાલ એજ તા. ૧૭-૩-૩૪.

પ્રો૦ મંજુલાલ રણછોડલાલ મજમુદાર—M.A. LL.B. ઘાંટીયાળ વડોદરા) 'વિ૦ આપની સંસ્થાએ 'જૈન સાહિત્ય' પ્રત્યે અભ્યાસીઓનું ધ્યાન ખેંચાય તેવા પ્રકારનાં અનેક ઉપયોગી પ્રકાશનો કર્યાં છે તે બદલ એક અભ્યાસી તરીકે આપની સંસ્થાને અભિનંદન આપું છું, અને આવાં અપ્રાપ્ય અથવા દુષ્પ્રાપ્ય સાધનોને એક સ્થળે ભેગાં કરી આપીને સંયોજકે અમારી ઉપર ઉપકાર કર્યો છે. એક રીતે આવા આકર ગ્રંથો અથવા વિમર્શ (Reference) ગ્રંથો કોઇપણ જ્ઞાનગી વ્યક્તિ ભાગ્યે છપાવવાનું માથે લઇ શકે છે. શ્રીમતી કૉન્ફરન્સે તે દિશામાં પ્રવૃત્તિ કરીને, સાંપ્રદાયિક ઉપરાંત શુદ્ધ સાહિત્યની સેવા સાધી છે એમ કહું તો વધારે પડતું નથી. વીગતવાર અવલોકન, અવકાશે પુસ્તક જોઇને લખી શકીશ તે વિદિત થાય. શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ જેવા વ્યવસાયી સાહિત્યસેવકે આવાં કાર્ય માટે સમય કાઢયો છે તે બદલ તેમને પણ અભિનંદન ઘટે છે. તા. ૧૯-૨-૩૪.

પ્રો૦ બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર—(રાવપુરા, વડોદરા) 'તમારી પ્રવૃત્તિઓનું નવું દળદાર ફળ આજે મળતાં ઘણો આનંદ થાય છે. શ્રી પૂર્ણચંદ્ર નહારના સંગ્રહમાંની કેટલીક છબીઓ પ્રતિકૃતિઓ આદિ જોતાં હું એઓશ્રીને ઇ. સ. ૧૯૧૮ માં કલકત્તે મળેલો એમના આતિથ્ય સૌજન્યાદિથી પરિચિત થયેલો અને એમના અમૂલા જૈનમૂત સંગ્રહના દર્શનથી પછી આખી રાત વિચારમાં પડી ગયેલો એ સર્વ યાદ આવે છે. × × ×

ગ્રન્થમાં તમે જે વિષય અતિ ભાવ અને ઉદ્યોગે સંગ્રહ્યો છે તેમાંના ૯૦-૯૫ ટકા વિષે હું એટલો તો અજાણ છું કે તે વિષે અભિપ્રાય આપીજ શકું નહીં.

ગ્રન્થાન્તે કક્કાવારી સૂચિઓ વિસ્તૃત આપવા તસ્દી લઇ વાંચનારને ખૂબ સુગમતા કરી આપી છે તે માટે તમને ધન્યવાદ. પ્રકાશક "કૉન્ફરન્સ" મંત્રીઓને પણ મારા ધન્યવાદ પહોંચાડશો. તા. ૧૬-૨-૩૪.

[જેમ જેમ બીજા અભિપ્રાય મળતા જશે તેમ તેમ સગવડે પ્રગટ કરવામાં આવશે.]

દલિત કોમોની સેવા.

રા. અમૃતલાલ વિ. ઠક્કર.

(તા૦ ૧૫-૨-૩૪ ના અંકથી પૂર્ણ.)

મધ્યમ વર્ગની જ્ઞાતિઓ—આવી જ્ઞાતિઓની સંખ્યા કોડી બે કોડી નથી પણ ૧૫૭ ની છે, અને તેમાંથી કેટલીકની સંખ્યા હજારો નહિ પણ લાખોની છે. ગુજરાતમાં વસતી તે પૈકીની મુખ્ય જ્ઞાતિઓ નીચે પ્રમાણે છે. અગરી, આહીર, ભાડભુંજા, ભાવસાર, ભોઇ, ડબગર, દરજી, ધોબી, ગવળી, ઘાંચી, ગોલા, હજામ, કાછીયા, કલાલ, કંસારા, કસાઇ, કાડી, ખારવા, ખત્રી, કુંભાર, કણબી, લુહાર, માળી, મરાઠા, નદ્દાવી, પટેલીયા, પીંજારા, રબારી, રજપુત, સથવારા, સુતાર, તેલી, તબોલી, વાંઝા અને વાઘેર આ આપણને ગુજરાત કાઠિયાવાડમાં પરિચિત કોમો છે. આમાં કણબી મરાઠાની કોમ ઘણી મોટી છે. કુણબી તથા મરાઠાની કોમની વસ્તી તો ૬૦ લાખની, એટલે આખા ઇલાકાની વસ્તીના ચોથા ભાગથી થોડીજ ઓછી છે. હવે સતારા અને રત્નાગિરી એ બે જીલ્લામાં તેમની વસ્તી ૭,૩૬,૦૦૦ જેટલી મોટી છે, પણ તેમાં ભણેલાની સંખ્યા ૨૧,૪૦૦ નીજ છે, એટલે સેંકડે **૩ ટકાથી પણ ઓછું** પ્રમાણ આવે છે. ક્યાં બ્રાહ્મણ વાણીયાના ૫૦ ટકા, અને મરાઠાના ૩ ટકા ? તેજ બે જીલ્લામાં–એટલે સતારા રત્નાગિરીમાં કુણબીઓની વસ્તી ૪,૨૯૦૦૦ ની છે, પણ તેમાં ભણેલા ફક્ત ૨૪૬૦ ની છે, એટલે સેંકડે એક ટકાથી પણ ઓછી. અરધા ટકાથી સ્હેજ વધારે આવે છે. ક્યાં ૫૦ ટકા અને ક્યાં અરધો ટકો ? ગુજરાતના લેઉવા અને કડવા કણબીની સ્થિતિ આ કરતાં ઘણી સારી છે એ કહેવું જોઇએ, છતાં તે ઉચ્ચ ગણાતી કોમોની બરાબર તો નજ ઉભા રહી શકે.

કનિષ્ટ અથવા દલિત જ્ઞાતિઓ:–આવી જ્ઞાતિઓને માટે અંગ્રેજીમાં Depressed અથવા Suppressed એ સંજ્ઞા વપરાય છે. તથા ગુજરાતીમાં હવે **દલિત** શબ્દ પ્રચારમાં આવતો જાય છે તે આવકારદાયક છે. આવી જ્ઞાતિઓની સંખ્યા પણ થોડી ઘણી નથી. તે પણ ૬૪૫ ની એટલે આગળ વધેલી કોમોના કરતાં છ ગણી સંખ્યા છે. આમાંથી મુખ્ય અને આપણને પરિચિત કોમોનાં નામ આ પ્રમાણે છે:—

બહુરૂપી, બજાણીયા, બાવા, બાવચા, ભંગી, બારોટ, ભીલ, ભિસ્તી, ચમાર, ચારણ, ચોબદાર, દેવાળા, ઢેડ, ઢોડીયા, દુબળા, ગામીત, જોગી, ખાલપા, ખવાસ, કોકણા, મલ્હાર, માંગ, મિયાણા, મોચી, નાયકડા, નટ, ઓડ, રામોશી, રાવલીયા, સલાટ, સરાણિયા, શીંદવા, તુરી, વાદી, વાઘરી, વણજારા, વારલી—આ જ્ઞાતોના અજ્ઞાનનું તો પૂછવુંજ શું ? તેમ તેમનો કાફલો પણ મોટો રહ્યો. એકલા ભીલોની સંખ્યા લગભગ સાઠ લાખની છે, ખાનદેશના અઢી લાખ (૨,૫૦,૦૦૦) ભીલો પૈકી ફક્ત ૫૦૦ જ ભણેલા છે, એટલે કે હજારે બે માણસ, સેંકડે ૧/૫ ટકા ભણેલા છે. ગુજરાતનાં ઢેડનું પ્રમાણ કાંઈક સારૂં આવે છે. ગુજરાતના પાંચ બ્રિટીશ જીલ્લામાં ૧,૧૩,૦૦૦ ઢેડ પૈકી ફક્ત ૪,૦૦૦ ભણેલા છે, એટલે સેંકડે સાડાત્રણ ટકાથી સ્હેજ વધારે આવે છે. છતાં ક્યાં બ્રાહ્મણ વાણીયાના ૫૦ ટકા અને ભીલનો ૧/૫ ટકો, અથવા ગુજરાતી ઢેડના ૩॥ ટકા ? થાણા જીલ્લાના ૧,૦૮,૦૦૦ વારલી પૈકી ફક્ત ૧૪૪ ભણેલા છે, એટલે કે હજારે ૧:૧/૩ ભણેલા છે. કેટલું ગાઢ અજ્ઞાન, કેટલું ભયં-કર અંધારૂં !

પણ આનો ઉપાય શો ?—ઉચ્ચ કોમના સ્વાર્થી લોકો દલીલ કરે છે કે તમે આ બધાને ભણાવશો તો ખેતી કોણ કરશે, મજુરી કોણ કરશે, અમારૂં ઘરકામ કોણ કરશે, પાયખાનાં કોણ સાફ કરશે ? જાણે કે ખેતીને ને ભણતરને આડવેર હોય, મળમૂત્ર સાફ કરવાના કામમાં ભણતરથી બાધ આવી જતો હોય ? અલબત્ત ભણવાથી, અક્ષર જ્ઞાનથી, માણસનું–ગમે તેવી ગુલામી દશામાં ટેવાઇ ગયેલા માણસનું–ત્રીજું લોચન ઉઘડે છે, દુનીયામાં પોતાનું સ્થાન ક્યાં છે, પોતે પ્રયત્ન કરવાથી કેટલે ઉંચે ચઢી શકે છે તેનું તેને ભાન આવે છે, અને તેથી પ્રજાની ઉન્નતિમાં પણ તે પોતાનો ફાળો આપવા સમર્થ થાય છે આ "બધું પોતાના સ્વાર્થ પરજ દ્રષ્ટિ રાખનાર ટુંક નજરના માણસ સહન ન કરી શકે, પણ તેથી દેશની કે દુનીયાની પ્રગતિ થતી અટકાવવી ? થોડા હજાર મનુષ્યોના લોભ કે માની લીધેલા ખોટા હકોને લીધે લાખો અને કરોડો માણસોને જ્ઞાનથી દૂર રાખવા, અંધારામાં સબડવા દેવા ? હમેશને માટે પગ નીચે છુંદેલા રાખવા ? **નહિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે** એ ગીતા વાકય એકલા બ્રાહ્મણ વાણીયા માટે સત્ય અને કુંભાર કણબી કે ભીલ અને ભંગીને માટે અસત્ય નથી. જ્યાંસુધી ઉંચ કહેવાતી જ્ઞાતિઓ નીચે પડેલી કોમોને માટે પોતાની જ્ઞાતિ જેટલી ખાસ મહેનત કરશે નહિ, તેમને માટે જ્યાંસુધી પોતાના શરીર ઘસાવી નહિ નાંખે, પોતાની દોલત તેમને માટે નહિ વાપરી નાંખે, ત્યાંસુધી જેમ આપણે તેમને દાબેલા રાખશું તેમ દુનીયાની સત્ય પ્રજા આપણને દાબ્યા કરશે. આપણે જો ઢેડ ભંગીને હડધૂત કરીશું તો આફ્રિકાના ગોરાઓ આપણી તરફ તેથી સારી રીતે વર્તશે નહિ. આફ્રિકાના ગોરા મેમાનોને મીજબાનીઓથી, કે સારાં સારાં ભાષણોથી ગમે તેટલા રીઝવીશું, તો પણ તેથી તેઓ પ્રસન્ન નહિ થાય, પણ આપણા સદ્‌ગુણ અને પરોપકાર વૃત્તિથીજ થશે. આપણે આપણા ભાઇઓને હેરાન કરીને સુખી નહિ થઇ શકીએ.

"પેલાં દિવ્ય લોચનિયાંરે, પ્રભુ કયારે ઉઘડશે ?
આવાં ઘોર અંધારાં રે, પ્રભુ કયારે ઉતરશે ?"

બિહારના સંકટગ્રસ્ત વિસ્તારમાં સપડાયલાં જૈન તીર્થો.

ભયંકર ભૂકંપના પરિણામે બિહારમાં આવેલાં આપણાં પુનીત અને મહાન તીર્થસ્થાનોને જે નુકશાન અત્યાર અગાઉ પહોંચ્યું છે તેને પહોંચી વળવાનો એક વિકટ પ્રશ્ન સમાજ સમક્ષ ખડો થયો છે. નુકશાનીના વિભાગ અને તે સબંધી ટુંક હકીકત અત્યાર અગાઉ સર્વત્ર પ્રકટ થઇ ચુકી છે. આ કાર્ય કલકત્તા નિવાસી શ્રીમાન અગ્રગણ્યો અને આપણા જમીનદારોએ ઉપાડી લીધું છે. અને કલકત્તાના શ્રી સંઘે એક વગવાળી કમિટી નીમી છે જેના મંત્રી તરીકે કૉન્ફરન્સનાં ખાસ અધિવેશનના પ્રમુખ મહાશય શ્રી બહાદુરસિંહજી સિંધી નિમુક્ત થયા છે, તેમણે આ કાર્યમાં મદદ કરવા એક અપીલ જૈન સમાજને ચરણે મુકી છે. સમાજ તેનો યોગ્ય સહાનુભૂતિથી પૂર્ણ જવાબ વાળશે એમ ઇચ્છવામાં આવ્યું છે.

ઉદ્દપુરના ના. મહારાણાને મોકલાયેલ મેમોરિયલ સાથેનાં—

ખતપત્રો.

આંક "A"

(ધુલેવના સેવગોનુ ઇકરાર નામું.)

(સંવત્ ૧૯૦૩ કાર્તક વદ ૯).

(૧૩મી અક્ટોબર ૧૮૪૬ ઇ. સ.).

લીખતંગ સેવગ અરદવી ચંદરેસર, સેવગ લાલજી, સેવગ પ્રનમચંદ તારાચંદ તથા ધુલેવના સમસ્ત સેવગો.

તમો પંચોએ અમોને ઉદેપુર બોલાવ્યા અને એટલી બાબતોનો બંદોબસ્ત કરી દીધો, અમે તે પ્રમાણે ચાલશું અને જો તેમાં કસુર કરીએ તો શ્રીજીના ગુન્હેગાર થઇએ.

૧ સુરજ ઉગતાં સવારે ૧ ઘડી દિવસ ચડતાં પહેલાં પરમેશ્વરની પખાલ (પ્રક્ષાલ) કરશું. કોઇને માટે ખોટી કરશું નહિં. જેને (હાજરી આપવા) ઇચ્છા હશે તે વેહલા મુઈ વહેલા આવશે. પોતાની મરજીથી કોઈ જે આપશે તે લેશું અને ઝગડો કરશું નહિં.

૧ કેસર ચડાવતાં કોઇને ખોટી કરશું નહિં, દેશે તે લેશું કોઇનો હાથ પકડશું નહિં.

૧ પખાલ (પ્રક્ષાલ) થયા પછી તુરત કેસર ચડાવી દેશું. આરતીમાં જે દેશે તે લેશું જોર (તકરાર) કરશું નહિં.

૧ બળાળુ કેસંધ (નો કોઈ માણસ) જે આપશેતે લેશું, જોર (તકરાર) કરશું નહિં.

૧ શ્રી 'પરમેશ્વરજી' નાં માંહેલા મંદિરમાં વારાવાળા સેવગોના 'નામા' ૨ (આદમી) અને ભંડારના આદમી 'નામા' ૨ રહેશે. બાકી બાહેરજ રહેશે, માંહે રહેશે નહિં.

૧ 'નૈવદ્ય' ચડે તે વારાવાળો સેવગ લેશે જો કોઇને નવી આંગી ચડાવવી હશે તો સેવગ લાવી આપશે અને ભંડારમાં રા. પા સવા પાંચ જમા કરાવશે, આ ઉપરાંત જો (બીજા) બે અથવા ચાર વારાળુઓ પાસેથી (તે રકમ) લેશે તો ગુન્હેગાર ગણાશે પણ જો પરચુટણ (નાની રકમો) લેશે તો તેનો દાવો (વાંધો) નહિં.

૧ મોટી આંગી ધરાવનાર ધણી પાસે આરતી કરાવી દેશું.

૧ આખડી છોડતી વખતે કોઇને ખોટી કરશું નહિં, દેશે તે લેશું. ઉદેપુરમાં શાહજી (નગરશેઠ) ના ઘરે લખ્યું. દસખત શાહ ભગવાનદાસ બાબેલ. પંચના સેવગોના કહેવાથી લખ્યું. સંવત્ ૧૯૦૩ કાતીવદ ૮ (૧૩ મી અક્ટોબર ઇ. સ. ૧૮૪૬).

મતું-(સહી) **અરદવી ચંદરેસર** ઉપર લખ્યું તે સહી.
દઃ પોતાના.

મ-તો-(સહી) **સેવગ પ્રનમચંદ** ઉપર લખ્યું તે સહી.
દઃ પોતાના.

મતું-(સહી) **અરદવી તારાચંદ** ઉપર લખ્યું તે સહી
દઃ પોતાના.

આંક "B"

ધુલેવના સેવગોનું ઇકરારનામું.

(સં. ૧૯૦૬ પ્રથમ વૈશાખ શુદ ૫; ૧૭ મી એપ્રીલ ૧૮૫૦)

શ્રી એકલિંગજી, શ્રી રામજી, શ્રી રિખબદેવજી. લિખતંગ ભંડારી જવાન, આદમ અને સમસ્ત ભંડારી અને પુજારાઓ જત ભંડારી દલીચંદ ગુજરી જતાં મહારાણા સાહેબે બન્ને પક્ષોને સાંભળી ઉદેપુરમાં નિર્ણય આપ્યો (નીચે મુજબ).

ભંડારી જવાનને બોળે (દલીચંદને) બેસાડ્યો અને ત્યાં કામકાજમાં ગેરવ્યવસ્થા હતી એટલે અમારી સર્વેની સંમતિથી નીચે મુજબ નિયમ બાંધી દીધાં. તેથી અમે તે પ્રમાણે ચાલશું.

૧ ઘડતર અને જડતરના દાગીના, હાથી ઘોડા અને બળદ જે શ્રી પરમેશ્વરને (ભેટ) આવે તે બધા ભંડારમાં જમા કરાવવા (તેના પર) અમારો દાવો નહિં, કપડા પણ.....

૨ અને જો કોઈ હવે પછી ગામ, જમીન અને ઘરો ચડાવે (ભેટ આપે) તો તે ભંડારમાં જમા થાશે. જો કોઇના (વ્યક્તિ) નામથી (ભેટ) આપશે તો તે ધણી પોતે ભોગવશે.

૩ જે જમીન ધુલેવમાં છે તેનો (ઉત્પન્નનો) ચોથો ભાગ ભંડારમાં જમા કરાવશું જમીનની 'ચકબંદી' કરાવશું અને બધું નામું ભંડારમાં (ભંડારના ચોપડામાં) લખાવશું. અને જે ગામ, જમીન, અથવા ઘર સબંધી સનદો અમારા કબજામાં હોય તે ભંડારમાં મુપ્રત કરશું. અમારા ઘરમાં રાખશું નહિં.

૪ બાલસા દુકાન અને ઘરોની આવક અને ભાડું ભંડારમાં જમા કરાવશું જે સનદો અમારા કબજામાં હશે તે ભંડારમાં સોંપશું. અમારા ઘરમાં રાખશું નહિ. અમારી અંગત સનદો અમારા કબજામાં રહેશે.

૫ વલી શ્રી પરમેશ્વરનાં ઘરેણાં, રોકડ અને ચીજવસ્તુ આગળથીજ ભંડારી પુજારા અથવા બીજા પાસે હશે તે ભંડારમાં જમા કરાવી દેશું.

૬ હવે પછી ભંડારનું નામું હમેશાં પંચ અને નગર શેઠના માણસ (પ્રતિનિધિ) ની સાથે રહી ભંડારો જમાખર્ચ કરાવશે. પંચ અને શેહજીના માણસો (પ્રતિનિધિઓ) વિના પરબારા અમે કાંઈ કરશું નહિં.

૭ 'માપા' (કસ્ટમ્સ ટેકસ) અને 'ઘર ઝુંપી' (વસવાટની જમીનનું ભાડું) પહેલેથીજ શ્રી પરમેશ્વરનુંજ છે અને તેથી ભંડારમાં જમા કરાવશું તેમાં અમો વાંધો નહિં લઇએ.

૮ અમે ઘોડા, ઘોડી મલી ૧૦ પાયગામાં (સ્ટેબલ) રાખશું, જેમાંથી બે ઘોડા ભંડારી જવાન પાસે અને એક ઘોડો આદમ પાસે 'વલાણા' તરીકે (ભંડારને ખર્ચે) તેને ઘેર રાખશે. જેની 'નુંદ' ભંડારમાંથી મલશે, અને દશથી ઉપર (વધારે) આવે તે વેંચી નાંખી તેની આવક આવે તે ભંડારમાં જમા કરાવશું તે સિવાય રાખવાં નહિં.

૯ શ્રી પરમેશ્વરનાં મંદિરમાં 'પાલેાની' પાસે ચડાવા આવે તે પંચનેા અને અમારેા ભરૂંસાપાત્ર માણુસ સાથે મલીને ભંડારમાં જમા કરાવી દેશે. બે માણુસેા સિવાય મંદિરમાં બીજું કેાઇ રહેશે નહિં,

૧૦ રેાકડ ભેટ આવે તેના નીચે જણાવ્યા પ્રમાણે ૩૫ ટકા અમે લઇશું.

૨૦ ટકા ભંડારી જવાન.
૧૦ ટકા ભંડારી આદમ.
૫ ટકા હાજર હેાય તેઓને મલે.

એટલું અમે લેશું, શિવાય આવશે તે ભંડારમાં જમા થશે.

૧૧ ચેાપગાં (જનાવરેા) જે ભેટ આવે તેની વ્યવસ્થા નીચે મુજબ.

ઉંટ આવે તે અમે રાખીએ.
ગાય ભેંસ આવે તે પુજારા રાખે.
ત્યાં કેાઇ (જનાવરેા) વેંચી શકશે નહિં. તેનું દુધ જે થાય તે હમેશાં પરમેશ્વરના પ્રક્ષાલમાં વપરાશે. જનાવરેાની સંભાળ રાખશું. અને જો કેાઇને વેંચવા હશે તેા ઉદેપુર જઇ વેંચશે પરગણામાં (મગરા) નહિં (વેંચે).

૧૨ પખાલ, આંગી અને મેાટી આરતીના શિરસ્તેા નીચે પ્રમાણે.

૧ જો જડાઉ આંગી શ્રાવક કરાવે તેા રૂા. ૫ા ભંડારમાં જમા કરાવવા અને મેાટી આરતી અને આંગી માટે સેવકેાને રૂા. ૨) આપવા, શ્રાવકની સાથે હઠ કરવી નહિં. (વધારે માટે દબાણ કરવું નહિં.

૧ સાદી આંગીના રૂા. ૧) થી ૫) સુધી મરજીમાં આવે તે શ્રાવક મેલે. સિવાય સેવક હઠ કરે નહિં.

૧ પખાલ કરાવે કેશર ચડાવે અને આખડી (બાધા-વ્રત) છેડે તેનેા રૂ. ૧) સેવકેા લેશે. તેના કરતાં વધારે આવે તે ભંડારમાં જમા કરાવશું.

૧ બીજી 'આરતી' ના રૂા. ૦ા થી રૂા. ૧) સુધી (અમે) લઇશું વધારે લેવા માટે ઝીકર કરશું નહિં. નાળીયેર રિવાજ મુજબ લેશું.

૧ સેવકેા જમતે નાહ્યા પછી અને શુદ્ધ થયા પછી પૂજા કરશે, પક્ષાલ માટેનાં પાણીનેા ઘડેા અમે જમતે લાવશું. ગુમાસ્તાને સેવા કરવા દઇશું નહિં. કેાઇ ખાસ કારણ હેાય તેાજ સેવક પેાતાના નજીકના સગા પાસે પૂજા કરાવે. સુર્ય ઉગતાં પહેલાં પખાલ કરશું. શ્રાવકેાની રાહ જોઇ અટકશું નહિં, (અમે) હુકકેા તમાકુ પીશું નહિં.

૧ અને શ્રાવકની મરજી હેાય તે મેલે હાથ પકડવેા નહિં. જમતી વખતે આંગી અને આરતી સબંધે ઉપર જણાવ્યા ઉપરાંત ભંડારી કે સેવકેાને શ્રાવક પેાતાની મરજીથી કાંઇ આપે તે લેવા અમને છૂટ છે. તેમાં ભંડાર વાંધેા લેશે નહિં. અંદરના મંદીરમાં જેનેા વારેા હશે તે એક સેવક અને પંચનેા એક માણુસ રહેશે.

૧૩ આડા (હલકી કેામ) લેાકેા તરફથી ચડાવેા આવે તેમાંથી ઉપર જણાવેલ વિગત પ્રમાણે રૂા. ૩૫) ટકાના હિસાબે અમે લઇશું અને જો વધારે રકમ મળે તેા અમે ભંડારમાં જમા કરાવશું અને તે 'સદાવ્રત' માં વાપરશું.

૧૪ 'જ્યેાત' (દીવા) માટે ઘી આવે તે દીવામાં વાપરશું. અમે તે ઘેર લઇ જઇશું નહિં.

૧૫ રેાજંદારી નેાકરેા કામ કરશે તેા તેને પગાર મળે. નેાકરી કર્યા વગર તેને (પગાર) આપશું નહિં.

૧૬ ઇમારતેાને લગતું કામકાજ કાંઇ હશે તેા ધ્યાનપૂર્વક કરાવશું અને જરૂર ન હેાય ત્યાં સુધી જમા હેાય તે કરતાં વધુ ખર્ચ કરવું નહિં.

૧૭ 'પુરી' (શહેર) ડુંગરાળ પ્રદેશમાં હેાવાથી તેના બંદેાબસ્ત માટે એક જમાદાર અને માણુસેા રહેશે.

૧૮ વળી પુરીમાં (ધુલેવ) જો કેાઇ સરદાર, કામેડી (રાજ્યનેા અમલદાર) સાહેબ (યુરેાપીઅનેા) અથવા ખેરવાડાના કામેડી (અમલદાર) આવે તેા શ્રીજી (મહારાણા સાહેબ) નેા મનાઇ હુકમ હેાવાથી શાક વેંચનારા કે કુંભાર પાસેથી વેઠ લઇશું નહિં. તેના વિરૂદ્ધ ન વર્તવા સબંધે પરવાના (લાઇસન્સ) કાઢવામાં આવેલ છે. જો તેઓને કેાઇ ચીજ વસ્તુ, મજુર અગર ભેામીઓ કે ઘાસ, બલતણ પણ જોઇએ તેા પૈસા આપેથી તેમને મલે. સંવત ૧૯૦૬ ના પ્રથમ વૈશાક શુદ ૫ (૧૭ મી એપ્રીલ ૧૮૫૦). **ભંડારી આદમ ખેમરાજનું મતું**. ઉપર લખ્યું સહી **ખેમરાજની** સહી દા. પેાતે.

આંક "C"

પરવાના ઉદયપુર સ્ટેટ (મેવાડ).

સંવત ૧૯૦૬ પ્રથમ વૈસાક શુદ ૯ શનિવાર
(૨૦ મી એપ્રીલ ૧૮૫૦).

શ્રી એકલિંગજી, શ્રી રામજી. શ્રી નાથજી.
રાજ્યની મેાહર. રાણા સ્વરૂપસિંહની મેાહર.

સિદ્ધશ્રી ઋષભદેવજીના પુજારા, બધા ભંડારીઓ આદમ અને ભંડારી જવાનને દિવાન મેહતા શેરસિંહજી મારફતે હુકમ: જત ભંડારી દલીચંદ ગુજરી જતાં શ્રી હજુરેનું(મહારાણા સાહેબ) બન્ને પક્ષેાને સાંભળી (નીચે પ્રમાણે) ઠરાવ આપ્યેા અને ભંડારી જવાનને દલીચંદને બેાળે લેવા ફરમાવ્યું અને ત્યાં વ્યવસ્થા બરાબર ન હેાવાથી તમારી બધાની સંમતિથી નીચે મુજબ નિયમેા બાંધી આપ્યા જે પ્રમાણે તમારે ચાલવુ તે સબંધે તમારા પાસેથી લખત કરાવી લીધું છે, જો તમેા કસુર કરશેા તેા સજા થશે.

વિગત.

શ્રી ઋષભદેવજીને (ભેટ તરીકે) ઘડતર અને જડતરના દાગીના, હાથી ઘેાડા અને બલદ મળે તે બધા ભંડારમાં જમા કરાવવા તેના પર તમારેા હક નહિં. કપડાં પણ ભંડારમાં જમા કરાવવાં તે પર તમારેા હક નહિં.

વળી હવે પછી કેાઇ જમીન, ગામ કે ઘરેાની ભેટ ધરાવે તેા તે ભંડારમાં જમા કરાવવાં. જો (તે) કેાઈ માણસને આપવામાં આવે તેા તેના ભેાગવટેા કરવા તેને છૂટ રહેશે.

અને ધુલેવમાં જે જમીન છે તેનો (પાકનો) ૧/૪ ભાગ ભંડારમાં તમારે જમા કરાવવો. જમીનની 'ચકબંદી' તમારે કરાવી લેવી અને ભંડારમાં બધો હિસાબ મંડાવવો. અને જે જમીન ગામ કે ઘરોની 'સનંદો' (તમારી) પાસે હોય તો તે તમારે ભંડારમાં સોંપી દેવી. તમારી પાસે રાખવી નહિં.

ખાલસા ઘરો અને દુકાનો વગેરેનું ભાડું અને આવક ભંડારમાં જમા કરાવવાં તમારા પોતાનાં ઘરોની સનંદો જે તમારા પાસે છે તે તમારી રહેશે.

વળી જૂના શ્રી ઋષભદેવજીનાં ઘરેણાં, રોકડ, ચીજો અને વસ્તુઓ ભંડારી, પુજારા કે કોઈ બીજા પાસે આ અગાઉ હોય તો તે તેણે ભંડારમાં જમા કરાવવાં.

હવે પછી ભંડારની જમા અને ઉધારની બાબતો શેઠ લક્ષ્મીચંદજી તથા પંચોના અને ભંડારીના એક ગૃહસ્થની સાથે રહી હીસાબમાં લખાવવી. તેઓ દરેકના માણસ સિવાય તમો તમારી મરજીથી કાંઈ કરી શકો નહિં. અને શેઠ જોરાવરમલજી.....(ભાગ રહી ગયો છે.)

'માપો' (કસ્ટમ ટેકસ) અને 'ઘરઝુંપી' (રહેવાની જમીનનું ભાડું) શરૂઆતથી શ્રી ઋષભદેવજીનાંજ છે તેથી ભંડારમાં જમા કરાવવાં તેમાં તમારે વાંધો લેવાય નહિં.

વરી, ઘોડા ઘોડી મલી નંગ ૧૦ દશ તબેલામાં રહેશે તેમાંથી ભંડારી જવાન પાસે બે અને આદમ પાસે એક રહેશે આ 'વલાણુ' (એટલે ઘોડો કે જેનું ખોરાક ખર્ચ ભેટ આપનાર આપે તે) તરીકે તેને ઘરે રહેશે અને તેનો 'નોંધ' ભંડારમાંથી મલશે જે સંખ્યા દશથી વધે તો તે વેંચી નાંખવામાં આવશે અને તેની વેંચાણની ઉત્પન્ન ભંડારમાં જમા કરાવવી. વધારે રાખવા નહી.

શ્રી ઋષભદેવજીનાં મંદિમાં 'પોટી' પાસે જે 'ચડાવો' આવે તે પંચનો એક માણસ અને તમારો એક માણસ મલી 'પોટી' પાસેથી લાવે અને ભંડારમાં જમા કરાવે. આ બે 'નામા' (માણસો) શિવાય બીજો કોઇ મંદિરમાં રહે નહિં.

રોકડ ભેટ આવે તેમાંથી ૩૫ ટકાના હિસાબે નીચે મુજબ તમારે લેવી.

રૂા. ૨૦) ભંડારી જવાન હ્યે
રૂા. ૧૦) ભંડારી આદમ
રૂા. ૫) બીજા હાજર હોય તેને.

ચોપગાં (જનાવર) ભેટ તરીકે મળે તે સબંધે નીચે મુજબ કરવું.

બલદ સિવાય ઉંટ જે ભેટ આવે તે ભંડારીઓને મલે. ગાય ભેંસ આવે તે પુજારીઓને મલે. તેનું દૂધ હમેશાં શ્રી પરમેશ્વરની 'પ્રક્ષાલ' માં વાપરવું તમારે જનાવરોની બરાબર સંભાળ રાખવી અને જો કાંઈ ને જનાવર વેંચવાં હોય તો તે ઉદેપુરમાં વેંચી શકાશે. 'મગરા' માં નહિં.

પ્રક્ષાલ આંગી અને આરતીના નિયમો નીચે મુજબ. જે કોઇ શ્રાવક 'જડાવ' આંગી (ભગવાનને) ધરાવે તો ભંડારમાં રૂા. ૫૦ સવા પાંચ જમા કરાવે અને આંગીના અને મોટી આરતીના રૂા. ૨) બે સેવકોને આપે. વધારે માટે શ્રાવકોપર દબાણ કરવું નહિં.

પ્રક્ષાલ કરાવવી કેશર ચડાવવું તથા બાધા (આખડી) છોડાવવાં માટે સેવકોને રૂા. ૧) એક આપવો અને મળેલ રકમ રૂા. ૬) કરતાં વધારે હોય તો તે ભંડારમાં જમા કરાવવી. બીજી આરતીના રૂા. ૩ પા થી ૬) સુધી સેવકો લેશે. વધારે માટે હઠ કરવી નહિં. નાલીયેર શિરસ્તા મુજબ લેવાં.

પરમેશ્વરની પૂજા નાહીને જતે શુદ્ધ થયા પછી તમારે કરવી. 'પખાલ' માટે પાણીનો ઘડો સેવક જતે જઇ લાવે. ગુમાસ્તો પૂજા કરશે નહિં. કોઇપણ કારણસર (સેવક પૂજા કરી શકે નહિં.) તો પોતાના સગા પાસે તે પૂજા કરાવશે. સૂર્ય ઉગતાંજ 'પખાલ' કરતી શ્રાવક માટે રાહ જોવી નહિં. તમારાથાંથી કોઇએ હુકકા તમાકુ પીવી નહિં.

યાત્રાળુ ભેટ તરીકે પોતાની મરજી પડે તે આપે વધારે માટે તમારે દબાણ કરવું નહિં. આરતી આંગી બદલ ભેટ તરીકે ઉપર લખ્યા કરતાં વધારે જો શ્રાવક પોતાની મરજીથી ભંડારી કે પૂજારીને જતી વખતે આપે તો તે લેવા તેને હક છે ભંડાર તેમાં વાંધો નહિં લે.

માંહેના મંદિરમાં વારા પ્રમાણે ૧ સેવક અને પંચનો ૧ એક માણસ રહે તે સિવાય બીજો કોઇ રહે નહિં.

આડા (હલકા) લોકની પાસેથી જે ચડાવો આવે તેમાંથી ૩૫ ટકાના હિસાબે ઉપર લખ્યા પ્રમાણે તમે લેશો તે કરતાં વધારે આવે તે ભંડારમાં આપવા અને 'સદાવ્રત' ખાતામાં ઉપયોગ કરવો.

'જ્યોત' (દીવા) માટે ઘી આવે તે દીવામાં બાળવું કોઈ તે ઘરે લઇ જાય નહિં.

રોજંદારી નોકર હોય તે નોકરી કરે તો રોજ મળે નોકરી કર્યા વગર રોજ તેને મળે નહિ.

બાંધકામનું કામકાજ હોય તો સંભાળપૂર્વક ધ્યાન આપવું અને જરૂર સિવાય જમા કરતાં વધારે ખર્ચ કરવું નહિ.

'પુરી' ડુંગરાળ પ્રદેશમાં હોવાથી બંદોબસ્ત માટે જમાદાર અને 'નામાં' ત્યાં રહેશે.

સાદી આંગી બદલ તમને રૂા. ૬) થી રૂા. ૫ સુધી શ્રાવકની મરજી પ્રમાણે આપે તે લેશો. વધારે માટે સેવકે દબાણ કરવું નહિં.

વળી કોઇ સરદાર, સાહેબ કે કામેટી (કલાકે) અથવા બેરવારાના કામેટીઓ પુરીમાં આવે તો તે શાક વેંચનારા અને કુંભાર પાસેથી વેઠ બેગાર લેશે નહિં. આના વિરૂધ્ધ વર્તવું નહિ એવો 'પરવાનો' તેમને આપવામાં આવ્યો છે. જો તેઓને કોઇ ચીજ વસ્તુ, મજુર કે ભોમીઓ, ઘાસ કે બલતણ જોઇએ તે પૈસા આપીને લે. પૈસા આપ્યા વગર લેવું નહિં. આમાં ઉપર જણાવેલ શરતો પ્રમાણે તમારે વર્તવું. જો કોઇ આનો ભંગ કરશે તો તેને સજા થશે. સં. ૧૯૦૬ (મારૂ)ના પ્રથમ વૈશાક શુદ ૯ (૨૦ મી એપ્રીલ ૧૯૫૦).

—મેહતા શેરસિંહ દીવાનની મહોર.

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, 14, Pydhoni, Bombay 3, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

卐

The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. ઍડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો

વર્ષ જીનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧ લી એપ્રિલ ૧૯૩૪. | અંક ૨૭.

વિષય સૂચિ.

ડ્રાફ્ટ રેઝોલ્યુશન કમિટી.	...	... પૃ.	૧૫૫	સંસ્થાઓને સૂચના... ...	... પૃ. ૧૫૯
કૉ. નું ચોદમું અધિવેશન	... તંત્રી	... ,,	૧૫૬	શ્રી કેશરિયાજી સંબંધી ખતપત્રો	... ,, ૧૬૦
આમંત્રણ પત્રિકા ...	...	... ,,	૧૫૭	અવલોકન	... ,, ૧૬૨
ખાસ સુચનાઓ ...	...	... ,,	૧૫૮	ચૌદમું અધિવેશન	... ,, ૧૬૩
પ્રતિનિધિ પત્ર ...	...	... ,,	૧૫૯	સ્વાગત સમિતિની સભાઓ. ...	... ૧૬૫-૧૬૬

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

ડ્રાફ્ટ રેઝોલ્યુશન કમિટી.

અખિલ હિંદ જૈન શ્વેતાંબર મહાસભા (પરિષદ) ના આગામી ચૌદમા અધિવેશન માટે નિમાયેલી ડ્રાફ્ટ રેઝોલ્યુશન કમિટીની એક સભા તા. ૨૯ માર્ચ ૧૯૩૪ ના રોજ રાતના સ્ટાં. ટા. ૮-૦ વાગે કૉન્ફરન્સ ઓફિસમાં શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલિસિટરના પ્રમુખપણા હેઠળ મલી હતી જે સમયે નીચે જણાવેલા ઠરાવોના મુદ્દાઓ નક્કી કરવામાં આવ્યા હતા:—

(૧) શ્રી કેશરીઆજી તીર્થ સંબંધે પ્રસ્તાવ (૨) જૈન બેંક સંબંધી યોજના વિચારણા (૩) હુન્નર ઉદ્યોગનાં શિક્ષણ પર વિચારણા (૪) વેપાર ધંધાની કેળવણી (૫) તીર્થોના ઝઘડાઓની સમાધાની તથા તીર્થોનું સંરક્ષણ (૬) કેળવણી સંસ્થાઓનું સંગઠન અને પરસ્પર સહકાર (૭) બેકારીના ઉપાયો શોધવા (૮) શુદ્ધિ અને સંગઠન (૯) ગચ્છો તથા સંપ્રદાયોમાં ઐકયની જરૂર (૧૦) સાર્વજનિક ધર્માદા ખાતાઓ માટે કાયદાની આવશ્યકતા (૧૧) દીક્ષા લેનાર માટે યોગ્ય નિયમન (૧૨) સંઘની ખરી વ્યાખ્યા તથા તેનું સ્થાન (STATUS) (૧૩) સામાજિક દ્રવ્યથી થયેલ ખાનગી થઇ પડતા પુસ્તક ભંડાર સંબંધી નિયમન (૧૪) દ્રવ્ય વ્યયના પ્રકારો દા. ત. સાધારણ દ્રવ્યની પુષ્ટિ, સસ્તા ભાડાની ચાલીઓ, હૉસ્પિટલ, આરોગ્ય ગૃહ વગેરેમાં વ્યય. (૧૫) સાધુ સાધ્વીની ઉન્નતિમાં શ્રાવકો કેટલો અને કેવો ફાળો આપી શકે? (૧૬) અગાઉની કૉન્ફરન્સની બેઠકમાં થયેલ અગત્યના ઠરાવોનું ખાસ સમર્થન.

આ પ્રમાણે મુદ્દાઓની યાદી સાર્વજનિક અભિપ્રાય તથા સૂચનાઓ મેળવવા માટે પ્રકટ કરવામાં આવે છે તા તે પર યોગ્ય સૂચનાઓ તેમજ અન્ય ચર્ચવા યોગ્ય મુદ્દાઓ સંબંધી સૂચના તા. ૧૦ મી એપ્રિલ ૧૯૩૪ સુધીમાં શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, ૨૦, પાયધુની મુંબઇ ૩ ના ઠેકાણે લખી મોકલવા વિનંતિ છે. ત્યારબાદ વિષય વિચારણી સમિતિ પાસે રજુ કરવાના પ્રસ્તાવોનો ખરડો તૈયાર કરવામાં આવશે.

લિ૦ સંઘ સેવકો,

મોહનલાલ દલીચંદ દેશાઇ,
ચીનુભાઇ લાલભાઇ શેઠ,
ઠરાવો ઘડવા નિમાયેલ સમિતિના
માનદ્ મંત્રીઓ.

જૈન શ્વે. કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઇ.
તા. ૩૦ માર્ચ ૧૯૩૪.

उद्धाविव सर्वसिन्धव; समुदीर्णास्तयि नाथ! दृष्टय: ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે? પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧-૪-૩૪ રવિવાર.

કૉન્ફરન્સનું ચૌદમું અધિવેશન

મુંબઇમાં પ્રથમ વૈશાખ માસમાં ૫ મી થી ૭ મી મેના દિવસોમાં આપણી જ્હાલી અને સમાજની કેંદ્રભૂમિ એવી કૉન્ફરન્સની ચૌદમી બેઠક ભરવાનું નક્કી થયું છે તે માટે સ્વાગત સમિતિ નીમાઈ ગઈ છે. તેનાં જૂદાં જૂદાં કામકાજ માટેની પેટા સમિતિઓની નિમણૂક થઇ કાર્યનું શુભ મંગલાચરણ થઇ ચૂક્યું છે. તેના પ્રમુખ તરીકે યુવક ઉત્સાહથી ભરેલા દેશ અને સમાજના ભક્ત શ્રી અને સરસ્વતિથી વિભૂષિત અજમગંજના એક અમીર શ્રીમાન્ નિર્મલ કુમાર નવલખાની તથા સ્વાગત સમિતિના અધ્યક્ષ તરીકે અમદાવાદની શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના એક સભ્ય ઉદાર અને ઉદાત્ત વિચારવાળા, ઉંડી ધગશવાળા અને જમાનાના વેગને પરખનારા સત્યભાષી શેઠ અમૃતલાલ કાળીદાસની યોગ્ય વરણી થઇ ચૂકી છે ને કૉન્ફરન્સના મુખ્ય મંત્રીઓ તરીકે ચાલુ મંત્રીઓ એટલે હાલ દામને હાલ એ ત્રણેથી સંપન્ન કાર્યદક્ષ અને ઉત્સાહી શેઠ રણછોડભાઇ રાયચંદ, વિદ્વાન અને નીતિજ્ઞ સોલિસિટર રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી ઉપરાંત સમાજ સેવામાં ચિરકાલ નિરત ગણીતા સોલિસિટર મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ અને મુંબઇ મ્યુનિસિપાલિટીની સેવાથી પ્રસિધ્ધ ડૉકટર પુનશી હીરજી મૈશરીને એમ ચારને ચુંટવામાં આવ્યા છે એટલે કૉન્ફરન્સનું કાર્ય નિપુણ સુકાનીઓના હાથમાં મૂકાયું છે.)
સ્વતઃ સિધ્ધ છે.

જગત્ વધતું જાય છે તેમાં જૈન જગત્ પાછળ રહેવું ન જોઇએ. ધાર્મિક સમાજ તરીકે જૈન સંઘમાં અનેક વિકૃતિઓ પેસી ગઇ છે, હાનિકારક પ્રથાઓ ઘુસી ગઈ છે, વિરોધ નાની નાની ક્ષુલ્લક વાતોમાં વધી પડ્યા છે અને તે બધાને અણછાજતું મહત્ત્વ અપાય તો તે સંઘ છિન્નભિન્ન થતો થતો દાણાદાણ થઈ જવાની સ્થિતિ પર આવે. આવી સ્થિતિ ન આવે તે માટે આપણે લેગા મળી તેના ઉપાયો શોધી તેને કામે લગાડવા જોઇએ.

જુન્નેર મુકામે તેરમું અધિવેશન ૧૯૩૦ ના ફેબ્રુઆરીમાં ભરાયું તેને ચાર વર્ષ વીતી ગયાં છે. ત્યાં કરેલ બંધારણમાં એવી ખાસ કલમ મૂકેલી હતી કે સાધારણ રીતે દરવર્ષે એક વખત તેની બેઠક ભરવી જોઇએ. તે બાબતના સ્થળની જાહેરાત અગાઉની બેઠકમાં ન થઇ હોય તો અનુકૂળ તીર્થસ્થળમાં ભરવી ને તેમ ન બને તો મુંબઇમાં ભરવી અને તેમ પણ સંયોગવશાત્ બની નહી શકે તો મહામંત્રીઓ અને કાર્યવાહી સમિતિ સ્થાયી સમિતિની તથા સમાજના અન્ય સંભાવિત પ્રાંતિક આગેવાનોની સભા અનુકુળ સ્થળે કામના અગત્યના પ્રશ્નોની વિચારણા માટે દરવર્ષે બોલાવશે. આવી એક સભા બોલાવ્યે લગભગ બેવર્ષ થઇ ગયાં છતાં મુખ્ય બેઠક બોલાવવાના સંયોગો આપણને પ્રાપ્ત ન થયા. મુંબઈ સિવાય કોઈપણ સ્થળનું આમંત્રણ પૂરી જવાબદારીનું અને ગૌરવને અનુકુળ નહિ આવ્યું, કેટલાક પ્રયત્નો થયા, સુરત જીલ્લામાં ને ત્યાર પછી માલણપુર મળવામાં એક મહાતક ઉભી થઇ હતી, પણ તે હાલ મોકુફ રહી.

કામના અગત્યના પ્રશ્નો નિરાકરણ માગે છે; તે પ્રશ્નોની વિચારણા અને મીમાંસા કર્યા વગર છૂટકો નથી. અત્યારસુધી શાંતિ વિનય અને સંયમપૂર્વક કાર્ય લેવા સાથે આંખમીંચામણાં, ભય અને સુષુપ્તિ બહુ સેવ્યાં છે અને તેમાં એવા ગણતરી રાખી હતી, કે કાલના બળે વિવાદગ્રસ્ત પ્રશ્નોનો નિકાલ થઇ જશે. કાળને પોતાનું બળ છે નહિ. આત્માના પુરૂષાર્થથી ઉત્પન્ન થતા બળને તથા વિધ વિધ સંયોગો કુદરત ઉત્પન્ન કરતી જાય છે તેના આધારે કાળનું બળ ઔપચારિક રીતે કહેવાય છે. દિક્ષાના પ્રશ્ને ઘેર ઘેર વિરોધ અને કલહ ઉત્પન્ન કરેલ, સાધુ સાધુમાં સંઘાડા સંઘાડામાં વિક્ષેપ જગાવેલ અને કોર્ટ દરબારમાં તેના મામલા પહોંચેલ, વડોદરા સરકારે તો તેના નિયમનનો કાયદો પણ કરી દીધો. આવા કુદરતી સંયોગો ઉત્પન્ન થયા પછી ઘણા કાળે મુનિશ્રીઓની નજર ખુલી કે આ બધું શું થઇ રહ્યું છે? અનિચ્છનીય વાતાવરણ થયું છે. હવે જો બેગા મળી ભવિષ્યના કાર્યક્રમની રૂપરેખા નિર્દિષ્ટ નહિ થાય તો મામલો ભયંકર છે, એટલે અમદાવાદમાં મુનિસંમેલન બોલાયું થયું છે અને તેમાં વિચારણીય થોડા પ્રશ્નો માંડમાંડ નક્કી કરી તે પર ચર્ચામાં દિવસોના દિવસો ચાલ્યા ગયા છે. છત્રીસ દિવસો થઇ ગયા છતાં તે ચર્ચાનો અંત આવ્યો નથી. ભલે હજુ પણ વધુ દિવસો વીતે પણ તેનું સમાધાનકારક પરિણામ આવે, લીધેલા પ્રશ્નોનું એવી રીતે નિરાકરણ થાય કે જેથી સમાજમાં પથરાયેલી અશાંતિ અને કલેશવૃત્તિ વિરામ પામે એ સૌ કોઇ ઇચ્છી રહ્યું છે. મુનિમહારાજાઓ! આપના પર આખી સમાજ મીટ માંડી ચાતકની પેઠે રાહ જોઇ રહી છે કે કયારે શાંતિની વર્ષા આવે. આશા છે કે આપના નિર્ણયો શાંતિપ્રદ અને સમયધર્મને સાનુકૂળ થશે અને તેમ હોય તો તેને વધાવી લેવા અને તેને પૂરો ટેકો આપવા કૉન્ફરન્સની મહા સભા કે જે અખિલ ભારતના આલમનું બંધારણપૂર્વક રચાયેલું સંમેલન છે તે તૈયાર રહેશે, અને તેમ કરવામાં નિર્ભીકતા રાખીને શાંતિ, વિનય અને સંયમ કદિ નહી છોડે;

(અનુસંધાન પૃષ્ટ ૧૬૨ પર)

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

卐 श्री जैन श्वेतांबर कॉन्फरन्स. 卐

१४ मुं अधिवेशन, मुंबई. संवत १९९० ना प्रथम वैशाख वदि ७-८-९, शनि, रवि, अने सोमवार.

ता. ५-६-७ मे १९३४.

आमंत्रण पत्रिका.

प्रमुख—श्रीमान् बाबु साहेब निर्मलकुमारसिंह नवलखा. (अजीमगंज)

यो वन्दितः सर्वजिनै सुभक्त्या, योऽभ्यर्चितः साधुजनैः समस्तैः।
योऽभूत्खनि स्तीर्थपते र्जनानां, संघः स भूत्यै भवतु प्रभाते ॥१॥

श्राद्धगुणरत्नसमुच्चय अनेक गुणोपेत श्री आर्हतधर्माराधक शासनप्रदीपक शेठजीसाहेब

शेठ ——— तथा श्री ——— शहेरना

सकळ जैन संघ समस्त योग्य.
सभा, मंडळ, संस्था.

मुंबई बंदरथी लि० श्री जैन श्वेतांबर कॉन्फरन्सना बहुमानपूर्वक जयजिनेंद्र वांचशो.

वि. विज्ञप्ति के आपणी श्रीमती कॉन्फरन्स—परिषद् महादेवीए अत्यार अगाउ समाज धर्म तथा व्यवहारमां अनेक प्रकारे जागृतिनां पूर आणी कोमनी अनेक विध बहुमूल्य सेवा बजावी छे, ए विना सुप्रसिद्ध छे. ए समूहबळस्वरूपिणी महासंस्था शुभाशयगर्भित भविष्यनी अनेरी आशाओ प्रेरित उन्नतिनां उत्कृष्ट ध्येयने लक्षमां राखी समाज हितनां अनेक कार्यो कर्या छे, एवी आपणी महासभाने विशेष सुदृढ करवा, विशिष्टतया नवपल्लवित करवा, श्री केशरीयाजी आदि तीर्थना, समाज तथा केळवणीना अगत्यना आधुनिक प्रश्नो पर खास लक्ष खेंचवा अने घटता ठरावो करी तेनो अमल करवा माटे, जुन्नर मुकामे मळेलां छेल्लां अधिवेशनमां सुधारवामां आवेल बंधारण अन्वये आ महासंस्थानुं "चौदमुं अधिवेशन" मेळववा कॉन्फरन्सनी कार्यवाही कमिटिए ता. ६ मार्च १९३४ ने दिने मळेली सभामां निर्णय कर्यो छे; तदनुसार आ अधिवेशन मुंबइ मुकामे संवत् १९९० ना प्रथम वैशाख वद ७, ८, ९, ता. ५-६-७ मे १९३४ शनी, रवि तथा सोमवारना दिवसोए मळशे. ए प्रसंगे प्रमुख तरीके अजीमगंज निवासी सुप्रसिद्ध श्रीमान् बाबूसाहेब श्री निर्मलकुमारसिंह नवलखाने चुंटवामां आव्या छे, अने ए पद विभूषित करवा माटे ए प्रगतिप्रिय धर्मानुरागी अने उत्साही बन्धुए अत्यंत खुशी साथे स्वीकार्युं छे.

आवा महत्त्वपूर्ण प्रसंगे हाजरी आपवा आपने आमंत्रण आपतां अमने हर्ष थाय छे. आमंत्रण पत्रिका प्राप्त थयेथी आपनी स्थानिक संघ अथवा सभा, मंडळ के संस्थानी सभा बोलावी आपनी तरफना प्रतिनिधिओ तुरतज चुंटी मोकलवा कृपा करशो. वखत घणो थोडो छे, छतां समाजना अगत्यना प्रश्नोना उकेलनी जरुरीआत ध्यानमां राखी प्रतिनिधिओनी पसंदगी करी तेओनां नामो आ साथेनां फॉर्ममां भरी मोकलवा प्रबंध करशो. आपना तरफना प्रतिनिधिओनुं योग्य आदर-आतिथ्य करवा अत्रेनी स्वागत समिति बहु उत्साह धरावे छे. आपना पधारवाथी अत्रे घणो आनंद थशे अने समाज हितनां कार्योमां घणो लाभ तथा प्रगति थशे.

नोट:—प्रतिनिधिओनी चुंटणी अंगेनी सूचनाओ अने नियमोनी नकल आ साथे मोकलीए छीए ते लक्षमां राखवा बिज्ञप्ति छे. प्रत्युत्तर तुरत पाठवशोजी.

ली० श्री संघ सेवको,

रणछोडभाइ रायचंद झवेरी.
मोहनलाल भगवानदास झवेरी (सोलिसिटर.)
मोतीचंद गिरधरलाल कापडीआ (सोलिसिटर.)
डॉ. पुनशी हीरजी मैशेरी जे. पी.
मुख्य मंत्रीओ:-
स्वागत समिति जैन श्वे. कान्फरन्स १४ मुं अधिवेशन.

अमृतलाल कालीदास.
अध्यक्ष, स्वागत समिति.
श्री जैन श्वेतांबर कॉन्फरन्स १४ मुं अधिवेशन.
२०, पायधुनी, मुंबई नं. ३.
तारका पत्ता:-'HINDSANGHA.'

श्री जैन श्वेतांबर कॉन्फरन्स. **चौदमुं अधिवेशन.**

खास सूचना.

श्री श्वेतांबर जैन सकल संघना अग्रगण्य सद्गृहस्थो सभा या मंडळ या संस्थाना सेक्रेटरीओ (मंत्रीओ) तेमज सुप्रसिद्ध महाशयो अने बंधुओने विनंति करवामां आवे छे के आपना तरफथी योग्य प्रतिनिधि (डेलीगेट) नियत करी तेओनां मुबारक नाम ठेकाणां सहित (पूरां ठेकाणां तथा नाम आपवां) ता० २७ मी एप्रिल १९३४ संवत १९९० ना मिति प्रथम वैशाख शुदि १३ शुक्रवार सुधीमां नीचे जणाववामां आवेल ठेकाणे मोकला आपशोजी.

१ प्रतिनिधि (डेलीगेट) चुंटती वखते कॉन्फरन्सनां बंधारणना नियमो पैकी चोथा–पांचमा–छट्ठा नियम तरफ आपे जरुर लक्ष्य आपवुं घटे छे:—

नियम चोथो:—प्रतिनिधि--आ कॉन्फरन्स प्रतिनिधिओथी बनशे. जेओ श्वेतांबर मूर्तिपूजक जैनो हशे अने जेओए सुकृत भंडार फंडमां पोतानो फाळो दर वर्षे आप्यो हशे तेओज नीचेना नियमोने अनुसरी प्रतिनिधि थई शकशे.

(१) कोई पण शहेर के गामनो संघ या सभा के मंडळ या संस्था जे योग्य गृहस्थने के सत्तारीमे प्रतिनिधि तरीके नीमी मोकले ते,

(२) ग्रेज्युएटो जेनी अंदर कोईपण युनिवर्सिटी तेमज विद्यापीठना ग्रेज्युएटो तेमज बेरीस्टर हाईकोर्टप्लीडर, एन्जीनीयर अने सब-एसीस्टन्ट सर्जननो समावेश थाय छे, जेमनो नोंध (रजीस्टर) कॉन्फरन्स कार्यालयमां (ऑफीस) राखवामां आवशे तेमां जे नामो नोंधाव्यां (रजीस्टर कराव्यां) हशे तेओ,

(३) जैन वर्तमानपत्रो अने मासिकोना अधिपतिओ.

(४) स्वागत समितिना (रीसेप्शन कमिटी) सभ्यो (मेम्बरो).

नोंध–(नोट):–प्रतिनिधिनी उम्मर १८ वर्षथी ओछी होवी न जोईए तथा सभा मंडळ के संस्था ओछामां ओछुं एक वर्ष जुनुं होवुं जोईए अने ते स्थायी समितिए (स्टेन्डींग कमीटी) स्वीकारेलुं होवुं जोईए, तेमज तेवां सभा मंडळ या संस्थाओए पोतानां नाम कॉन्फरन्स कार्यालयमां (ऑफीसमां) रुपीओ एक वार्षिक लवाजम आपी नोंध (रजीस्टर) करावेल होवो जोईए.

५. प्रतिनिधि प्रमाण:–दरेक शहेर के गामना संघे या सभा के मंडळे प्रतिनिधिओनी नीमणुक करती वखते नीचेनुं प्रमाण ध्यानमां राखवुं.

(१) जे शहेर के गामनी अंदर जैन घरनी संख्या **सो**थी वधारे न होय त्यांना संघे पांच प्रतिनिधिथी वधारे न चुंटवा.

(२) जे शहेर के गामनी अंदर जैनोनां **सो**थी वधारे घर होय त्यांनो संघ दर **सो** घर दीठ पांचना प्रमाणमां प्रतिनिधि चुंटी शकशे.

(३) दरेक स्थळनी सभा के मंडळ वधारेमां वधारे पांच प्रतिनिधिओ चुंटी शकशे.

६. प्रतिनिधि लवाजम (फी):–प्रतिनिधिनी लवाजम (फी) रु. ३) बंधारण अनुसार राखवामां आवी छे.

(१) डेलीगेट (प्रतिनिधि) जे ट्रेनमां रवाना थाय तेनी खबर तार द्वारा (तारनुं सरनामुं "HINDSANGHA"-Bombay) या पत्र द्वारा कॉन्फरन्स ऑफीस २० पायधुनी मुंबईना ठेकाणे आगळथी आपवी.

(२) डेलीगेट–प्रतिनिधिए पोतानो बीस्तर (बेडींग) साथे लाववा महेरबानी करवी.

(३) टीकीटो विगेरे अत्रे आवेथी मळी शकशे.

ता. ३०–३–३४

श्री गोडीजीनी चाली,

२० पायधुनी, मुंबई नं. ३.

तारनुं शिरनामुं:

'HINDSANGHA.'

लि० सेवको,

रणछोडभाई रायचंद झवेरी.
मोहनलाल भगवानदास झवेरी.
मोतीचंद गिरधरलाल कापडीआ.
पूनशी हीरजी मेशेरी.

चीफ सेक्रेटरीओ,
स्वागत समिति.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स १४ मुं अधिवेशन.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स.

१४ मुं अधिवेशन, मुंबई.

जैन संस्था, सभा, या मंडळ विगेरेना मानद मंत्री योग्य,

मुज्ञ बंधु,

विज्ञप्ति के आपणी **कॉन्फरन्सनुं आवतुं चौदमुं अधिवेशन** मुंबइ मुकामे ता. ५–६–७ मे १९३४ शनि, रवि, सोमवारना दिवसोए **श्रीमान् बाबू साहेब निर्मलकुमारसिंह नवलखा** अजोमगंजवाळाना प्रमुखपदे मळनार छे; मजकुर अधिवेशनमां प्रतिनिधिओ मोकलवा संबंधे जुनर अधिवेशनमां सुधारी मंजुर करवामां आवेल बंधारणनी नीचेनी कलम पर आपनुं ध्यान खेंचीए छीए.

बंधारण कलम ४ नी नोंध: **' सभा मंडळ के संस्था ओछामां ओछुं एक वर्ष जुनुं होवुं जोइए, अने ते स्थायी समितिए (स्टेन्डींग कमिटि) स्वीकारेलुं होवुं जोइए, तेमज तेवां सभा, मंडळ या संस्थाओए पोतानां नाम कॉन्फरन्स कार्यालयमां (ऑफिसमां) रुपीयो एक वार्षिक लवाजम आपी नोंध (रजीस्टर) करावेल होवो जोइए. '**

आ नोंध पर आपनुं ध्यान खेंचतां विज्ञप्ति के आपना प्रतिनिधिओनां नाम आपना तरफथी मोकली आपवामां आवे ते पहेलां उपरनी नोंधनो अमल थवो जरुरी छे, एटले के आपनुं मंडळ, संस्था या सभा जरुरी लवाजम मोकली रजीस्टर थवा माटे अने कॉन्फरन्सनी समितिनी स्वीकृति माटे पोतानो छेल्लो रिपोर्ट मोकले अने एक वर्ष जूनुं होवानी खात्री संबंधे अमने विना विलंबे लखी जणावे, ए जरुरनुं मानीए छीए एटले आ बाबतमां तुरत घटतुं करवा चुकशो नहि.

लि० श्रीसंघसेवको,

रणछोडभाई रायचंद जवेरी,
मोहनलाल बी. झवेरी.
रसीडेन्ट जनरल सेक्रेटरीओ.

जिल्लो तारीख

गाम

श्रीयुत रणछोडभाइ रायचंद झवेरी,
मोहनलाल भगवानदास झवेरी, सोलिसिटर.
मोतीचंद गिरधरलाल कापडीआ, सोलिसिटर.
डॉ. पूनशी हीरजी मैशेरी, जे. पी.
चीफ सेक्रेटरीओ, स्वागत समिति–१४ मुं अधिवेशन
जैन श्वेतांबर कॉन्फरन्स–मुंबइ.

जयजिनेंद्र साथ जणाववानुं के आपनी तारीखनी **आमंत्रण पत्रिका** मुंबईमां ता० ५–६–७ मे सने १९३४ प्रथम वैशाख वदि ७–८–९ शनि, रवि, सोमवारे श्री जैन श्वेतांबर कॉन्फरन्स–महासभानां चौदमां अधिवेशन संबंधी मळी, वांची आनंद थयो. उक्त आमंत्रण पत्रिका अत्रेना **सकळ जैन संघमां / अमारी संस्था सभा, मंडळमां** आजे वंचाववामां आवी अने **संघ / संस्था सभा, मंडळ** तरफथी नीचे मुजब डेलिगेटो–प्रतिनिधिओ मोकलवानो ठराव सर्वानुमते कर्यो छे, तेनी नोंध लेशोजी. सदरहु डेलिगेटो अत्रेथी रवाना थशे एटले आपने तारथी खबर आपवामां आवशे ते जाणशोजी.

नंबर.	डेलीगेटो–प्रतिनिधिओनां नामो.	खासगी उतारे के कॉन्फरन्से गोठवेल उतारे.

ઉદેપુરના ના. મહારાણાને મોકલાયેલ મેમોરિયલ સાથેનાં—

ખતપત્રો.

આંક "D"

ઉદેપુર (મેવાડ) રાજ્યનો પરવાનો

સં. ૧૯૧૬ ના કારતક વદ ૧૦ રવિવાર

(૨૧ મી ઑકટોબર ૧૮૫૯)

શ્રી ગણેશ. શ્રી રામ. એકલિંગજી.

રાજ્યની મહોર.

સ્વસ્તિશ્રી ઉદયપુર શુભસ્થાને મહારાજાધિરાજ મહારાણાજી શ્રી સરૂપસિંહજી તરફથી શ્રી ઋષભદેવજીના ભંડારી જવાન આદમ તથા સમસ્ત ભંડારીને આપવામાં આવેલો હુકમ.

ભંડારી દલીચંદ ગુજરી ગયો અને જવાનને તેને બોળે લેવામાં આવ્યો પણ તે સગીર હોવાથી યોગ્ય વ્યવસ્થા નહોતી. તેથી તમારી સર્વની અરજપરથી અગાઉના રિવાજ ધ્યાનમાં લીધા પછી અને ધારાધોરણ બાંધ્યા પછી સં. ૧૯૦૬ ના વૈશાક શુદ ૯ શનિવારને રોજ ક્રમ મુજબ એક પરવાનો કાઢવામાં આવ્યો ત્યારપછી લોભને લઈને ભંડારી આદમે સવાઈસિંહ મેહતાને રૂા. ૫ આપીને સં, ૧૯૧૧ ના ફાગણ વદ ૧૧ ની મિતિનો એક પરવાનો મેળવ્યો પણ તે વખતે અહિંથી કોઇ હુકમ કાઢવામાં આવ્યો નહોતો. જો તેણે માગણી કરી હોત તો તેને ઠીક લાગે તેવી શરતોવાળો પરવાનો ન આપતાં હુકમ કાઢયો હોત. ઉપર જણાવ્યા મુજબનો પરવાનો જે તેણે મેળવ્યા હતો તેમાં ભંડારીઓને ફાયદાકારક શરતો મેળવી છે જ્યારે પુજારીઓએ મને અરજ કરી કે ભંડારી આદમે સવાઈસિંહ મારફતે મને અરજ કરીને પોતાને ફાયદાકારક શરતો કરાવી છે અને તેઓને માટે કાંઈ કરવામાં આવ્યું નથી, ત્યારે મેં ન્યાય આપ્યો. ભંડારીઓને લગતી શરતો પુજારીઓના કહેવા પ્રમાણે છે અને પુજારીઓ માટે કાંઇ કરવામાં આવ્યું નથી તેથી હું તમારી (પુજારીઓની) માગણીથી હું નિર્ણય કરું છું અને (નીચે પ્રમાણે) પરવાનો અને હુકમ બહાર પાડુ છું અને તમારે તે પરવાના પ્રમાણે વર્તવું. જો તેનો ભંગ થશે તો ગુન્હેગાર થશો.

૧ જડાઉ અને બીજાં ઘરેણાં, હાથી અને ઘોડા તથા કપડાં જે ભેટ તરીકે આવે તે ભંડારમાં જમા કરાવવાં. ઘરેણાંને બદલે જે રોકડ આવતી તેમાં ભંડારીઓને ભાગ મળતો નહોતો તેથી સં. ૧૯૧૧ ના ફાગણ વદ ૧૧ ના પરવાનામાં તેઓએ તે દાખલ કરાવ્યું કે ઘરેણાં ભંડારમાંથી

અથવા ધુલેવપુરીમાંથી રોકડે ખરીદવા અને ભગવાનને ચડાવવાં. આમાંથી તમારા ભાગ પ્રમાણમાં તમને ભાગ મળશે. કોઇ યાત્રાળુ બહારથી ઘરેણાં લાવે અને ભેટ તરીકે આપે તેમાં તમારો હક નથી.

૨ જો કોઇ જમીન, ગામ કે ઘર ભેટ આપે તો તે ભંડારમાં જમે કરાવવાં. કોઇ માણસને આપે તો તે ભોગવે તેની છુટ છે.

૩ ધુલેવમાં જે જમીનો છે તેની (આવકમાંથી) ચોથો ભાગ ભંડારમાં જમે કરાવવો બધી જમીનની 'ચકબંદી' કરાવવી અને બધો હિસાબ ભંડારમાં લખાવવો.

૪ 'બાલસા' ઘર અને દુકાનો વગેરેની આવક ભાડું ભંડારમાં જમે કરાવવું તમારા પોતાનાં (ઘર) હોય અને જેની સનદો તમારો પાસે હોય તે તમારાં રહેશે.

૫ શ્રી ઋષભદેવજીનાં ઘરેણાં, રોકડ ચીજ વસ્તુ વગેરે જે ભંડારી, પુજારી કે આના અગાઉ બીજા પાસે હોય તે ભડારમાં જમે કરાવવા.

૬ હવે પછી ભંડારનું નામું જમા ખર્ચ નાંખતી વખતે નગર શેઠ પ્રેમચંદજી અને શેઠ ચનનમલનો માણસ અને પંચો અને ભંડારીનો માણસ હાજર રાખી માંડવું અને તેના દરેકના માણસ વિના તમારી મરજીથી કાંઈ કરવું નહિં.

૭ 'માપા' (કસ્ટમ ટેકસ) અને 'ઘર જુંપી' (રહેવાની જમીનનું ભાડું) પહેલેથીજ શ્રી ઋષભદેવજીની માલેકીનાં છે અને તેથી ભડારમાં જમે કરાવવા. સંવત ૧૯૧૧ ના ફાગણ વદ ૧૧ નો પરવાનો તમે ચાલુ કરાવ્યો છે તે પ્રમાણે તમને મળશે પણ 'નઝરાણા' તરીકે દર વર્ષે રૂા. ૬૫ તમારે આપવા તમે ભંડારીઓએ તે સંબંધે અરજ કરી કે નવો કર તમોને મળે છે તેથી તમારી અરજ પ્રમાણે તે તમને મળશે.

૮ ઘોડા, ઘોડી દશ તબેલામાં રહેશે તેમાંથી ઘોડા ૨ અને ૧ ભંડારી જવાન અને આદમ પાસે અનુક્રમે રહેશે અને તેને ઘેર 'વલાણા' તરીકે રહેશે અને તેનો 'નોંધ' (ખોરાકી વગેરે) ભંડારમાંથી મળશે. જો સંખ્યા (ઘોડાની) દશથી વધારે થાય તો તે વેચવા અને આવક ભંડારમાં જમા કરાવવી. વધારે રાખવા નહિં.

૯ શ્રી ઋષભદેવજીનાં મંદિમાં 'પાલોટી' પાસેથી જે 'ચડાવા' મળે તે પંચનો એક માણસ અને તમારામાંથી એક ભરોંસાપાત્ર માણસે મલીને ભંડારમાં જમા કરાવવા. આ ૨ 'નામા' (માણસો) અને પુજારી સિવાય બીજા કોઇએ (મંદીરમાં) રહેવું નહિ.

૧૦ રોકડ મળે તેમાંથી નીચે પ્રમાણે ૩૫ ટકા પ્રમાણે તમારે લેવું.
રૂા. ૨૦] ભંડારી જવાન લેશે
રૂા. ૧૦] ભંડારી આદમ લેશે
રૂા. ૫] બીજા હાજર હોય તેને આપવા.

૧૧ ભેટ તરીકે ચોપગાં જનાવરો મળે તે માટે નીચે પ્રમાણે નિયમ રહેશે. ઉંટ 'ભેટ' આવે તે ભંડારીને મલે અને તેણે તે વેંચવા નહિં, ગાય બળદ અને ભેંસ પુજારીઓને મળશે, ગાય ભેંસનું દુધ હમેશાં શ્રી પરમેશ્વરની પ્રક્ષાલ માટે વાપરવું.

તમારે જનાવરોની સંભાળ બરાબર રાખવી અને કોઇને વેંચવું. હોય તો તે ઉદેપુરમાં વેંચે પણ 'મગરા' માં નહિં.

૧૨ પ્રક્ષાલ, આંગી અને આરતીના નીયમો નીચે પ્રમાણે.

૧ પાછળથી તૈયાર કરવામાં આવેલી જડાઉ આંગી શ્રાવક ધરાવે તો રૂા. ૫ા ભંડારમાં અને રૂા. ૨૫ સેવકોને મલી રૂા. ૭૫ આપવા તેમાંથી હવે. રૂા. ૩૫ ત્રણ રૂપીઆ દશ આના ભંડારમાં જમા કરાવવા અને બાકીના રૂા. ૩૫ ત્રણ દશ આના ધરેણાંની આંગીની રીતે પુજારી લેશે.

૨ પહેલાં પ્રતિમાજીને સાદી ધરેણાંની આંગી ચડાવવામાં આવતી. તેના માટે રૂા. ૧૫ ભંડારમાં અપાતા અને બાકીનું પુજારીને મળતું. હવે પહેલાંનો રિવાજ સુધારવામાં આવ્યો છે અને તેથી રૂા. ૧૫ સવા ભંડારમાં જમા કરાવવો અને બાકીનું તમારે લેવું.

૩ 'પ્રક્ષાલ' કરાવે કેસર ચડાવે અને આખડી છોડાવે તે બદલે પુજારીઓને પહેલાં મળતું તેમ તમારે લેવું અને (વધારે માટે) દબાણ કરવું નહિં.

૪ બીજી 'આરતી' સબંધે પુજારીઓ રૂા. ૧૫ થી ૧૫ સુધી લે અને વધારે માટે ઝીકર કરવી નહિ. નાલીયેર રિવાજ મુજબ લેવાં.

૫ શ્રી ઋષભદેવજીની પૂજા તમારે નાહી શુદ્ધ થઇને કરવી. 'પ્રક્ષાલ' નાં પાણીનો ઘડો તમારે જાતે લાવવો. ગુમાસ્તા પાસે પુજા કરાવવી નહિં 'સુતક' હોય ત્યારે મંદિરમાં તમારે જવું નહિં. (ત્યારે) ગુમાસ્તા પાસે પુજા કરાવવી

૬ યાત્રાલુ મરજી પ્રમાણે ભેટ ચડાવે, તમારે વધારે માટે તેને દબાણ કરવું નહિં આરતી અને આંગીની ભેટનો શિરસ્તો ઉપર જણાવવામાં આવ્યો છે તે કરતાં શ્રાવક વિદાય થતી વખત સેવકો કે ભંડારીને પોતાની મરજીથી વધારે આપે તો તે લેવું. તેમાં ભંડારનો વાંધો નહિં. મંદિરના અંદરના ભાગમાં વારા પ્રમાણે ૧ સેવક અને પંચનો ૧ માણસ રહેશે. આ ઉપરાંત બીજો કોઇ મંદિના અંદરના ભાગમાં રહે નહિં,

૧૩ જે ચડાવો નીચલી વર્ણના માણસો પાસેથી મળે તેમાંથી ઉપર જણાવ્યા મુજબ, ૩૫ ટકા પ્રમાણે તમો લઇ શકશો. તેના કરતાં જેટલી રકમ વધારે મળેલ હશે તે બધી ભંડારમાં જમા કરાવવામાં આવશે અને તેનો સદાવ્રત ખાતામાં ઉપયોગ કરવામાં આવશે.

૧૪ જ્યોત (દીવા) ને માટે જે 'ઘી' મળે તે સર્વ તેજ ઉપયોગ અર્થે (જ્યોત અર્થે) વાપરવામાં આવશે. કોઇ તે ઘેર લઇ નહિ જઇ શકશે.

૧૫ રોજંદારીના નોકરીઆતો જે કામ કરશે તો તેમનો પગાર તેમને મળશે. કામ કર્યા વગર તેઓને પગાર મળશે નહિ.

૧૬ મકાનને લગતું જો કંઇ કામ હોય તો તમારે તેની ઉપર ધ્યાન આપવું છે અને જરૂરીઆત સિવાય શિલક કરતાં વધારે ખર્ચી શકશો નહિ.

૧૭ શહેર કુંગરાળ પ્રદેશમાં આવેલું હોઇને એક જમાદાર અને નામા (માણસો) ત્યાં આગળ બંદોબસ્તને માટે રહેશે. તેમની નીમણુક અને બરતરફી અત્રેથી કરવામાં આવશે. તમો તમારી ઇચ્છા મુજબ કાંઇ કરી શકશો નહિ.

૧૮ વંચારામાં, જો ત્યાં શહેરમાં કોઇ સરદાર અથવા સાહેબ અથવા શિરસ્તેદાર આવે અથવા તો બેરવાડામાંથી કોઇ કારકુનો આવે તો તેઓ શાક પાન વેચનારા તથા કુંભાર લોકો પાસે વેઠ કરાવી શકશે નહિ. તેને માટે એક પરવાનો કાઢવામાં આવેલ છે કે જેથી તેઓ તેની વિરૂદ્ધ કાંઇ કરે નહિ. જો તેઓને કોઇ વસ્તુ, મજુર અથવા બળીયો, ઘાસ અથવા લાકડાં કાંઇ પણ જોઇએ તો તેઓ પૈસા આપી લઇ શકશે. તેઓ પૈસા આપ્યા સિવાય કાંઇ પણ લઇ શકશે નહિ. તમારે તે જગ્યાના મોહતમીમ (મેનેજર) કે જે બેરવાડાના હાકેમ છે, તેની જરૂરીયાતો ઉપર ધ્યાન આપવા ચૂકવું નહિ.

આંક "E"

(સંવત ૧૯૭૬ ના કારતક વદ ૬ ના મહારાજ કુમારના હુકમની નકલ.)

કમિટીનો ચુકાદો એટલા સુધારા સાથે મંજૂર કરવામાં આવે છે કે સંવત ૧૯૦૬ અને ૧૯૧૬ ના પરવાના મુજબ બધી આવક જમા કરાવવી જોઇએ અને સેવકોને રોજનો એક રૂપિયો આપવો અને જો તેઓને આમાં કાંઈ વાંધો હોય અને તેઓ પોતાને બધી આવક મેળવવા હકદાર છે તેમ માનતા હોય તો તેઓએ કાયદાની કોર્ટમાં દીવાની દાવો લાવીને તેમનો હક પુરવાર કરવો જોઇએ; અને આવા હકનો કોર્ટ જ્યાં સુધી ચુકાદો ન આપે ત્યાં સુધી આ હુકમનો અમલ કરવો. આ હુકમનો અમલ હમેશનાં ધોરણ મુજબ કરવો. સં. ૧૯૭૯ ના કારતક વદ ૬.

આંક "F"

(સંવત ૧૯૮૭ ના ભાદ્રપદ વદ ૯ ના ના. મહારાણાના હુકમની નકલ)

(૧૮ મી ઓગસ્ટ સને ૧૯૩૦)

ધુલેવમાં રહેતા અને ઓસરા જાતના સેવકો દુધ અને પાણીની પખાલની ઓલીની બધી આવક લે છે તે બાબતના કાગળો રજુ થતાં હુકમ કરવામાં આવે છે કે સંવત ૧૯૭૯ ના કારતક વદ ૬ ના હુકમનો અમલ કરવો. બધી આવક સંવત ૧૯૦૬ ના અને ૧૯૧૬ ના પરવાના મુજબ જમા કરાવવી સેવકોને દરરોજનો એક રૂપીયો આપવો અને તેઓને (સેવકોને) આ બાબતમાં કાંઇ હરકત હોય અથવા તેઓને બધી આવક મળવી જોઇએ તેમ માનતા હોય તો તેઓએ કાયદાની કોર્ટમાં દીવાની દાવો લાવીને તેમનો હક પુરવાર કરી આપવો, અને કોર્ટનો ચુકાદો ન આવે ત્યાં સુધી આ હુકમનો અમલ કરવો.

અવલોકન.

જૈન જ્યોતિ—આ પત્ર મૂળ માસિક તરીકે રા. ધીરજલાલ ટોકરશી શાહે સચિત્ર કાઢયા પછી લગભગ બે વર્ષને આંતરે તેમણે સાપ્તાહિક તરીકે આમદાવાદમાં શરૂ કર્યું છે. શ્વેતામ્બર મૂ. જૈન સમાજમાં 'જૈન' નામનું ૩૨ વર્ષથી સાપ્તાહિક પત્ર જૂનામાં જૂનું વિદ્યમાન છે. 'જૈન એડવોકેટ' નામનું સાપ્તાહિક થોડા વર્ષ નીકળી આથમી ગયું. પછી 'વીરશાસન' નામનું સાપ્તાહિક છેલ્લાં ૧૨ વર્ષથી ચાલુ છે. ત્યારે ત્રીજુ આ પત્ર સાપ્તાહિક તરીકે શરૂ થાય છે. સમાજમાં આમ ત્રણ સાપ્તાહિકની જરૂર છે કે નહિ તે એક સવાલ છે. અને તેથી રા. ધીરજલાલભાઈનું આ સાહસ છે એમ કોઈ કહેશે. તે સાહસ હોય તો પણ સારી દિશામાં છે અને તેમાં વિજય મળો એમ ઇચ્છીએ છીએ.

(અનુસંધાન પૃષ્ટ ૧૫૬)

શ્રી કેશરીયાજી તીર્થનો પ્રશ્ન શ્રી શાંતિવિજય મહારાજના ઉપવાસનું તત્ત્વ તેમાં મળવાથી આખી સમાજને ગંભીર વિષય થયો છે. તેનું સમાધાન ન થાય તો તે મુનિશ્રીનું અનશન તેમની ખોટમાં પરિણમે એ અસહ્ય છે. આ તીર્થના માટે એક નિવેદન (મેમોરિયલ) ઉદયપુરના મહારાણાશ્રીને સવિનય કરવામાં આવ્યું છે, અને કૉન્ફરન્સ ઑફિસ તરફથી તેના એક મંત્રી રા. મોહનલાલ, ઉપપ્રમુખ શ્રી ગફનજી મહેતા, સભ્ય શ્રી દલાલ અને શેઠ પચારીઆ ઉદયપુર જઈ આવ્યા અને મુનિશ્રીને તથા બીજાને મળી ઊહાપોહ કરી આવ્યા; શ્રી આણંદજી કલ્યાણજી તરફથી રેપ્યુટેશન મહારાણાશ્રીને મળી આવ્યું—પરિણામ હજુ શૂન્યવત્ છે, 'હોતા હે, ચલતા હૈ' એમ નવાબી કારભાર વર્તે તો વિલંબ ઘણો થાય એ દેખીતું છે. દિગંબર ભાઇઓના પ્રયાસો અવિરત ચાલુ છે અને હેડ સુધી પહોંચી જનારા છે એટલે અજૈન પંડાઓનો સવાલ એક બાજુ રહ્યો અને આતો માંહોમાંહીના મતભેદનો લાભ લેવાય છે. આ મતભેદ શાંતિ અને સમાધાનીથી વિના વિલંબે દૂર કર્યા વગર છૂટકો નથી. આપણું ઘર વ્યવસ્થિત કરવામાં આવશે ત્યારે શાંતિના શ્વાસ છૂટશે અને પ્રાણપ્રદ રીતે લઈ શકાશે. (આટલું યંત્રમા ચડી ગયા પછી ખબર મળે છે કે મહારાણાએ સમાધાનનું વચન આપી સ્વહસ્તે મુનિશ્રીને પારણું કરાવી અપવાસ બંધ કરાવ્યા છે. જોઇએ છીએ કે હવે શું થાય છે.)

શ્રાવક સંઘના પ્રશ્નો ઘણા છે તે સંઘનો દરજ્જો અને મોભો શો છે, મુનિ અને શ્રાવક એ બે વચ્ચેનો ચતુર્વિધ સંઘમાં અન્યોન્યાશ્રયી સંબંધ કેટલો અને કેવો છે, દિક્ષા લેનાર શ્રાવકમાં શી યોગ્યતા જોઇએ ? તેનામાં અયોગ્યતા હોય તો સંઘ તેને અટકાવી શકે કે નહિ ? ભયંકર બેકારી, મોટું મરણ પ્રમાણ વેપારમાં મંદી, આરોગ્યની શિથિલતા, અજ્ઞાનતાં જાળાં, તીર્થોના ઝઘડા. ફિરકાઓમાં કુસંપ, મુખીઓની આપખુદી, દેવદ્રવ્ય અને સાર્વજનિક ખાતામાં પડેલા દ્રવ્યનો દુરૂપયોગ વગેરે અણછાજતી ઘાતક અને અનિચ્છનીય સ્થિતિને અટકાવવા માટે મહાન્ આંદોલન કરવાની જરૂર છે.

આ સર્વને ધ્યાનમાં લઇ કાર્યવાહી સમિતિએ મુંબઇમાં અધિવેશન ભરવાનો નિર્ણય કરી તે માટે સ્વાગત સમિતિ નીમી તે દ્વારા અનેક પેટા સમિતિઓ નીમી તેનું કાર્ય ચાલુ કરાવી આપ્યું છે તે દીર્ઘદૃષ્ટિવાળું અને સમયોચિત કાર્ય થયું છે એમાં શક નથી.

આ અધિવેશનમાં ચર્ચવા યોગ્ય વિષયોની કામ ચલાઉ યાદી તે માટેની સમિતિએ તૈયાર કરી છે તે આ અંકમાં તેમજ

સમાજના બળતા પ્રશ્નો, માત્ર સમાજહિત દૃષ્ટિ રાખી તંત્રીશ્રી ચર્ચવા માગે છે અને દરેક પક્ષના મંતવ્યને સ્થાન આપવા ઉપરાંત પોતાનું નિર્ભીક ન્યાયદૃષ્ટિએ વિચારેલું મંતવ્ય કોઈની રખાવટ રાખ્યા વગર પ્રકટ કરવાની ભાવના રાખે છે એ જાણી અમને આનંદ થાય છે. તે દૃષ્ટિ અને ભાવના રાખી તંત્રીશ્રી આ સાપ્તાહિકને દીર્ઘાયુષી, વિજયવંતુ અને સમાજને પ્રગતિકારક બનાવે એમ હૃદયપૂર્વક ઇચ્છીએ છીએ. કોઈપણ વાડા સંઘાડા ગચ્છ સંપ્રદાયના મોહમાં રહ્યા વગર, પોતાની પોલિસી નિર્દિષ્ટ કરી સ્વતંત્ર વિચારો સૌમ્યભાષામાં આ પત્ર આપ્યાં કરે અને તેથી સમાજ અને ધર્મમાં રહેલા સડાઓને દૂર કરાવી તેનું એકત્રિત સંગઠન કરે એ અમે ઇચ્છીશું.

નવીન ચિકિત્સા-વિજ્ઞાન—લેખક લુઈ કૂને અનુ. સ્વ. સાહુ રામકુમારજી રઈસ પ્ર. હિન્દી ગ્રંથ રત્નાકર કાર્યાલય, હિરાબાગ કાંદાવાડી મુંબઈ પૃ. ૪૭૬ કિં. ૩ ત્રણ. આ ગ્રંથમાં ઓસડ કે ઓપરેશન વગર માત્ર પ્રક્રિયાથી રોગ દૂર કરવાની વિદ્યા છે. તેના પ્રવર્ત્તક લુઈ કૂનેએ જર્મનમાં સન ૧૮૮૩ માં પોતાનું પુસ્તક પ્રકટ કર્યું ને સોળ વર્ષમાં તેની પચાસ આવૃત્તિ થઈ ગઈ. અંગ્રેજી ભાષાંતર ૧૯૦૪ માં છપાયું ને તેપરથી આ હિંદીમાં અનુવાદ છે. તેનો સિદ્ધાંત રોગોમાં રહેલી એકતા છે. પાચન શક્તિના બગાડથી—મંદાગ્નિને લીધે શરીરમાં મળ એટલે વિજાતીય દ્રવ્યનો સંઘરો થાય છે અને તે મળથી બધા રોગો પેદા થાય છે. આયુર્વેદના આચાર્યો વાગ્ભટ અને સુશ્રુત પણ મલસંચયથી—કોપત મલથી અજીર્ણ થતાં સર્વ રોગો ઉત્પન્ન થાય છે એવું સ્પષ્ટ જણાવે છે એટલે કે લુઈ કૂને સાહેબનું કથન કંઈ આપણને નવું નથી, પણ તે સિદ્ધાંતપર રચેલી ઈમારત અને સ્પષ્ટતાથી બુદ્ધિપૂર્વક જ્વર, અજીર્ણના રોગો, વાયુ રોગો, સ્નાયુ અને મનના રોગો, ફેફસાં-જનનેંદ્રિય, મૂત્રાશય અને ગુદા હૃદય, પીઠ, આંખ, કાન આદિ શરીરના દરેક અવયવના તથા બીજા રોગો કેમ થાય છે તે ઉક્ત સિદ્ધાંતથી સિધ્ધ કરેલા છે ને તેની ચિકિત્સા કરી સાદા કુદરતી ઉપાયો બતાવેલા છે. તે ઉપરાંત શું ખાવું, શું પીવું, વગેરે ચર્ચાને ગુણદોષ જણાવ્યા છે.

આજકાલ વિલાયતી દવાની બાટલીઓ એટલી બધી વધી પડી છે કે માણસો તેનાથી કંટાળી ગયેલ છે, છતાં બીજા જ્ઞાનના અભાવે તેમાંજ રચ્યા પચ્યા રહે છે. આયુર્વેદ કે યુનાની દવાનું કોઇ ભાવ પૂછતું નથી. તળ હિંદના વૈદ્યો અને હકીમો માટે કોઇ કૉલેજ કે વિદ્યાલય રાખવામાં આવેલ નથી, અને તેમના ગ્રંથોનું યથાસ્થિત જ્ઞાન થતું નથી, તેમજ તેમાં પ્રગતિ થતી નથી. એ દુઃખનો વિષય છે.

પ્રસ્તાવનામાં શ્રીયુત હેમચંદે જે વક્તવ્ય કરેલ તે મનનીય છે. આ પુસ્તક કુદરતી પ્રયોગ સમજવા માટે ઘણું ઉપયોગી છે અને દરેક શાણી વ્યકિત તેને વાંચી કૃતિમાં મૂકશે

જાહેર અખબારોમાં પ્રકટ કરવામાં આવી છે. તે પર સૂચનાઓ, સુધારા વધારા, માગવામાં આવ્યા છે તો તે સંબંધી સમાજના હિતને લક્ષમાં રાખી પોતાના વિચારો સુજ્ઞ ભાઇ બહેનો જણાવશે. કૉન્ફરન્સના બંધારણમાં જે કંઇ સુધારા વધારા સૂચવવા હોય તે પણ તેઓ વિચારપૂર્વક બતાવશે. દરેક સુજ્ઞભાઇ બહેન આ અધિવેશનમાં સક્રિય ભાગ લેવા અને તેને સફળ અને ઉપયોગી બનાવવા પોતાથી બનતો બધો ફાળો આપે એ અમારી ભાવના શાસનદેવ પાર પાડો. **તંત્રી.**

ચોદમું અધિવેશન.

મોહમયીના મોહક આંગણે કૉન્ફરન્સ મૈયાનાં પગલાં થવાની નોબત વાગી રહી છે. એ મૈયાના સુકાની તરિકે બંગાલના એક ઉત્સાહી બાબુસાહેબ છે. જ્યારે સ્વાગત કરનારમાં અગ્રણી તરીકે સેવાની ધગશ ધરાવનાર શામદાવાદી શેઠ અમૃતલાલ છે. એ જોતાં આ પ્રસંગની જમાવટ કોઇ ઓર રંગ પુરશે એમ જણાય છે. એ વેળા આપણો ફાળોશું હોઇ શકે એજ પ્રસ્તુત લેખનો વિષય છે. એતો સમજાય તેવી વાત છે કે સારામાં સારા સુકાનીઓ લાધ્યા છતાં સમાજનું પીઠબળ નબળું હોય તો ધાર્યો વિજય પ્રાપ્ત નથી થઇ શકતો. માટેજ નક્કર પાયે પીઠબળ તૈયાર કરવાની આવશ્યકતા છે.

કાંઠે ઉભા રહી માત્ર જોયાં કરવું અગર તો સારાં કાર્યો પ્રત્યે આંખમીચામણાં કરી સ્ખલનાને શોધી કહાડી, એ પર સ્વછંદે લેખિની ચલાવવી એ સહેલું છે; પણ યાદ રાખવું કે એમાં કોઇ જાતની બહાદુરી નથી સમાયેલી. એક રીતે કહીએ તો એમ કરવું એ વ્યકિત તરિકેની ફરજ અદા કરવા પ્રત્યે દુર્લક્ષ સેવવા બરાબર છે. જેના હૃદયમાં સમાજની આ અદ્વિતીય ને પ્રતિષ્ઠિત સંસ્થા માટે માન છે તે દરેક નાની કે મોટી, સાધારણ કે શ્રીમંત, વૃદ્ધ કે યુવાન વ્યકિત એ કોઇને કોઈ રીતે પોતાનાથી શકય હોય તેવા પ્રકારની સેવા બજાવવા આગળ આવવું જોઇએ. 'ઝાઝા હાથ રળિયામણા' એ કહેવતનો સાક્ષાત્કાર આવા આવસરેજ થવો જોઇએ.

આપણી તીર્થ સંબંધી લડત મજબૂત બનાવવી હોય તો, વા આપણામાં પથરાઇ રહેલ કલહભર્યુંવાતાવરણ નષ્ટ કરવું હોય તો, અથવા તો એક કોમ તરિકેના આપણા હકકોનુ રક્ષણ કરવું હોય તો, અગર તો અન્ય કોમોની માફક આપણે પણ પ્રગતિના માર્ગે કૂચ કરવી હોય તો એક વાવટા હેઠળ, અને એકજ માચડા પર એકત્ર થવું જોઇએજ. માત્ર એકઠા થઇ પરસ્પરનાં મુખદર્શન કરવાનાં નથી કિંવા આમ તેમ વાતો કરી વિદાય થવાનું પણ નથી એકત્ર મળીને પૂરેપૂરી વણિક કળા દર્શાવવાની છે. 'આપ-લે'ના સિદ્ધાંતમાં એટલેકે 'બાંધ છોડ કરી તોડ આણવામાં' જેટલા વાણીઆ વખણાયલ છે તેટલા બીજા નથી વખણાતા એ જો સારૂં હોય તો અત્યારના પ્રતિકૂળ વાતાવરણમાં પણ એવી રીતે કામ કરવાનું છે કે; જેથી અવાજમાં એક સૂરજ નિકળે. કોઇ આથી એમ ન માને કે વ્યકિત સ્વાતંત્ર્યને તાળાં દેવાઈ જશે! ભિન્ન ભિન્ન વિચારણાની અંતે પણ જે કાર્ય સમષ્ટિના નામે કરવું છે એમાં અવશ્યમેવ એકજ નાદ હોવો ઘટે. તોજ એની ધારી અસર થાય. અને આવા એક નાદ પાછળ જે વૃત્તિ દાખવવાની છે એ વણિક વૃત્તિ નહિંજ! એક નાદ પાછળ તો ક્ષાત્રવૃતિનાં તેજ ખપે. જે કરાવ એકમતે પસાર થયો એ હૃદયમાં શિલાલેખ માફક કોતરાવો જોઇએ. એ પાછળ ક્ષત્રિયોચિત અડગતાજ હોય, પથરના લેખ ભૂસાયા સાંભળ્યો છે ખરા? અને આત્માની અમરતામાં રંચમાત્ર અશ્રદ્ધા ન દાખવનાર સમાજ શું કરેલા ઠરાવોનું પાલન દૃઢતાથી ન કરી શકે? આપણો ગતકાળનો ઇતિહાસ ઉકેલતાં આ પ્રશ્ન સંભવી શકતો નથી. આજે આપણે પૂર્વજોના ગૌરવને વિસરી જઇ, ઘરની ખૂટમાં ઉંદર ઉતરી ગયા છીએ તેથીજ આપણા પોતાનામાં-બળમાં અને બુદ્ધિમાં-આપણને ડગલેને પગલે શંકાનાં વમળો ઉદ્ભવે છે તેથીજ આપણે તો 'વાણીયા ભાઇ' એવો ભાવ જન્મે છે. વાણીઆ એટલે શું આત્માજ નહિં? અથવા તો શું એનામાં તેજસ્વિતા-કાર્યદક્ષતા કે આત્મસમર્પણનો સાવ અભાવ!

આ તો આપણી વિચાર-શ્રમણાજ છે! શિયાળોના ટોળામાં અજ્ઞાનતાથી આવી પડેલ એકાદ સિંહ શિશુ જેમ સ્વજાતને શિયાલ ગણેતેના જેવુંજ છે! એ ભુલવું જોઇતું નથી કે જ્યાં લગી ઘરકરી બેઠેલાં આવી નમાલી માન્યતાને ખંખેરી નાખી, એનો જડમૂળથી નાશ નહિં કરી નાંખીએ ત્યાંલગી આપણા હકકોની કબુલાત તો આઘીજ જવાની વળી આપણી માલિકી સબંધી પણ વાંધા ઉઠવાના! એકાંતમાં બેઘડી બેસી વિચારાયતો અત્યાર સુધીમાં આપણને 'તીર્થોને લગતી બાબતોમાં અને સાહિત્યને લગતા પ્રસંગોમાં' ઉપર વર્ણવ્યો તેવોજ અનુભવ થયો છે કે બીજો કંઇ એનો તરત કયાસ નિકળશે.

આપણે ભૂતકાળ પર આંસુ સારવા નથી માંગતા પણ જાગ્યા ત્યાંથી સવાર ગણી, આપણું પોતાનું સંભાવી લેવા પ્રયત્નશીલ થવું છે. એ સારૂ આંતરનો કલેશ ટાળી ભૂમિકા શુદ્ધ કરવાની જરૂર છે. 'ઘરમૂટે ઘરજાય એ વૃધ્ધોકિત પ્રતિલક્ષ દઇ, એમાંથી હાથ ખંખેરી નાંખી કોઇ નવા રાહ લેવા ઉદ્યુકત થવાનું છે.

એ સારૂજ આ અધિવેશન રૂપી હસ્તિને આંગણે નોતરવો પડયો છે. એના ત્રણ દિવસમાં કેવલ શબ્દોની ફેંકા ફેંકી નથી કરવાની પણ ઉચિત વાણીમાં આપણું-એટલે સમાજનું સારૂ યે હૃદય ઠાલોવવાનું છે અને એ ઉપરાંત ભવિષ્ય માટેનો આપણો નિર્ધાર જણાવવાનો છે. સાથે સાથે એ પણ નક્કી કરવાનું છે કે હવે કુંભકર્ણ કરતાં પણ આઠગણી નિદ્રા આપણને પોષાય તેમ નથી. તેમજ ઘાણીના બળદ માફક એકજ સ્થાનને પ્રદક્ષિણા દેતી ખુદ્દડી ફરવામાં આપણને રસ નથી એ પણ સ્પષ્ટ દર્શાવવાનું છે. આપણે નિયત સમયે, પ્રતિવર્ષે એક વારતો જરૂર મળી શકીએ અને તે પણ જુદા જુદા પ્રાંતના આંગણે એવો નિશ્ચય કરવાનો છે. એમાં જે જે મુશ્કેલીઓ નડતી હોય અથવા તો અંધારણની જે જે કલમો આડો હાથ ધરતી હોય, તે પરત્વે સંભાળ ભરી રીતે વિચારણા કરી, એમાં ઘટતા ફેરફારો કરી, ઉપરોકત ભાવનાને અનુરૂપ માર્ગ શોધવાનો છે.

આમ ચોદમું અધિવેશન-દેખાવમાં શ્વેત હસ્તિસમુ છતાં બ્રહ્મદેશવાસીઓ જેમ ધોલાહાથીને પવિત્ર ગણે છે તેમ પવિત્રને આવશ્યક કાર્ય છે. એની પાછળ વૃધ્ધો તેમજ યુવાનોને કંઇ કંઈ આશાઓ છે. એ વેળા જો મૂળને વળગી ડાળા-પાંખડાની માથાકુટમાં નહિં પડીએ તો અવશ્ય આપણે કોન્ફરન્સના ઇતિહાસમાં નવુ પાનું ઉઘાડવા ભાગ્યશાળી થઇશું એ નવું પાનું હિંદ-ભરના જૈન સમાજમાં નવ ચેતનાના પુર રેલાવશે એ પુર ચોતરફ ફરીવળતાં સમાજમાં કેવું નવજીવન આપશે એ તો કોઇ વિશિષ્ટ જ્ઞાનીજ કહી શકે, છતાં એટલું તો અનુમાની શકાય કે વર્તમાન દશાનુ અપ્રિય ચિત્ર તો અવશ્ય ભુસાઇ જશે વીસમી સદીનો જૈન સમાજ સોળમી સદીનું જીવન જીવતો હતો કે સાવ પ્રમાદ નિદ્રામાં ઘોરતો હતો તેમ તો આપણા માટે નહિંજ કહેવાય!

ભાવિ પ્રજા આગળ ઉજ્વળ મુખે ઉભવા સારૂં વધુ નહિં તો આટલું પ્રમાણપત્ર તો અવશ્ય સર કરવા જેવું છે.

ચોકસી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

ચૌદમું અધિવેશન

સ્વાગત સમિતિની સભામાં થયેલું કામકાજ

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની ચૌદમાં અધિવેશન માટે નિમાયેલ સ્વાગત સમિતિની એક સભા તા. ૨-૪-૩૪ ને સોમવારના રોજ બપોરના સ્ટાં. ટા. ૩-૦ ત્રણ વાગે કૉન્ફરન્સ ઑફીસમાં મલી હતી સભાનું પ્રમુખસ્થાન શેઠ ચુનીલાલ વીરચંદે લીધું હતું. સભાનો હૉલ સભાસદોની હાજરીથી ચીકાર ભરાઇ ગયેા હતેા. શરૂઆતમાં ગઈ બેઠકની મિનિટસ વંચાયા પછી મંડપ-ટીકીટ કમિટીએ કરેલ કામકાજની હકીકત સંસ્થાના મદદનિશમંત્રી મી. માંકડે જણાવ્યા પછી શ્રી મેાહનલાલ દ. દેશાઇ એ ડ્રાફ્ટ રેઝોલ્યુશન કમિટીએ તૈયાર કરેલ ઠરાવેાના મુદ્દા અને તે અંગે જાહેર પત્રેામાં પ્રકટ થયેલ યાદી બાબે જરૂરી હકીકતેા રજુ કરી હતી. ત્યારબાદ ઉતારા ભેાજન કમિટીની બેઠકના મંત્રી શ્રી વીરચંદભાઈએ જરૂરી હકીકતેા રજુ કર્યા પછી શ્રી મેાહનલાલ ભગવાનદાસ ઝવેરીએ

ઉપપ્રમુખેા તથા અન્ય નિમણુંકેા

સબંધેની આવશ્યકતા હેાવાથી તેવાં નામેાની યાદી કમિટી સમક્ષ રજુ કરતાં ઉપ-પ્રમુખેા તરિકે, શેઠ ચુનીલાલ વીરચંદ, શેઠ ભવાનજી અરજણ ખીમજી, બાબુસાહેબ ભગવાનલાલ પન્નાલાલ, શેઠ ઘેલાભાઈ પૂનશી, શેઠ નેમચંદ અભેચંદની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવી હતી. ડ્રાફ્ટ રેઝોલ્યુશન કમિટીમાં શ્રી મણીલાલ મેાહનલાલ પાદરાકર તથા મંડપ ટીકીટ કમિટીમાં શેઠ ઘેલાભાઇ પૂનશીનાં નામેા સૂચવાતાં ઉમેરવામાં આવ્યાં. પ્રચાર અને પ્રકાશન સમિતિના મંત્રી શ્રી સાકરચંદ માણેકચંદ ઘડીયાલીએ પેાતાની સમિતિને સુપ્રત થયેલ કાર્યની હકીકત રજુ કરી હતી.

ખર્ચ માટે ફંડની શરૂઆત.

શ્રી મેાતીચંદ ગિ. કાપડીઆએ ત્યાર પછી ખર્ચને લગતી વ્યવસ્થા કરવાની જરૂર સમજાવી ફંડની શરૂઆત કરવા સૂચના કરતાં તેજ વખતે ફંડ શરૂ થતાં રકમેા ભરાઈ હતી તે નીચે મુજબ. શેઠ અમૃતલાલ કાલીદાસ રૂા. ૨૫૧) શેઠ કરમસી પાચારીઆ રૂા. ૨૦૧) શેઠ મેાહનલાલ હેમચંદ ૨૦૧) શેઠ મેાતીલાલ મૂળજી રૂા. ૨૦૧) શેઠ ચુનીલાલ વીરચંદ ૧૫૧) શ્રી મેાતીચંદ ગિ. કાપડીઆ ૧૫૧) શેઠ હીરાચંદ વસનજી ૧૫૧) ડૉ. ટી. એા. શાહ રૂા. ૧૦૧) શેઠ એાતમચંદ હીરજી રૂા. ૧૫૧) શેઠ ઘેલાભાઈ પૂનશી રૂા. ૧૦૧) શેઠ કકલભાઇ બી. વકીલ રૂા. ૧૦૧) શેઠ ગલાલચંદ શિવજી રૂા. ૧૦૧) ડા. પૂનશી હીરજી મૈશેરી રૂા. ૧૦૧) શેઠ રણછેાભાઈ રાયચંદ ઝવેરી રૂા. ૨૦૧) એ રીતે રકમેા ભરાઈ અને બીજાઓને ભરવા માટે વિનતિ કરવામાં આવી. ત્યાર પછી સ્વાગત સમિતિના સભ્યેા વધારવાની ચીફ સેક્રેટરીઓને સત્તા આપવામાં આવી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.
૨૦, પાયધુની
મુંબઇ. ૩
તા. ૩-૪-૩૪

લી૦ શ્રી સંઘ સેવકેા,
રણછેાડભાઇ રાયચંદ ઝવેરી
મેાહનલાલ બી. ઝવેરી
મેાતીચંદ ગિ. કાપડીઆ
ડૉ. પૂનશી હીરજી મૈશેરી
ચીફ્ સેક્રેટરીઓ સ્વાગત સમિતિ

યોગિરાજ આચાર્ય શ્રી શાંતિવિજયજી મહારાજનાં અનશન અને તેમની પ્રવૃત્તિઓ સંબંધે કૉન્ફરન્સની તા. ૧૮-૩-૩૪ રવિવારના રોજ મળેલા બેઠક વેળાએ સાથેનો ઠરાવ પસાર કર્યો હતો કે–"શ્રીજૈન શ્વેતાંબર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિના આજની સભા યોગિરાજ આચાર્ય શ્રી શાંતિવિજયજી મહારાજની શ્રી કેશરિયાજી તીર્થ સંબંધી ઉપસ્થિત થયેલ પ્રશ્નોનું સમાધાની તથા શાંતિથી નિરાકરણ લાવવા માટેની પ્રવૃત્તિઓ પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ જાહેર કરે છે અને સફળતા ઇચ્છે છે."

કાર્યવાહી સમિતિની સભા તા. ૧૮-૩-૩૪ ના રોજ મળી હતી જે વખતે સભાનું પ્રમુખ સ્થાન શ્રી મોતીચંદ ગિ. કાપડીઆએ લીધું હતું. કૉન્ફરન્સનું આવતું ચૌદમું અધિવેશન મેળવવા માટે કાર્યવાહી સમિતિને સ્વાગત સમિતિમાં ફેરવી નાંખવા તથા તેની બહેલા મીટીંગ રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓએ બોલાવવા અને તેમાં અધિકારીઓની નિયુક્તિ કરવા ઠરાવ્યું. યોગિરાજ શ્રી શાંતિવિજયજી મહારાજ સંબંધે જરૂરી ઠરાવ પસાર કરવામાં આવ્યો જે ઉપર અપાયો છે. તે ઉપરાંત જૈન કોઑપરેટીવ બેંકની જે યોજના તૈયાર થયેલી છે તે છપાવી સભ્યોને મોકલ્યા પછી આજ મીટીંગમાં રજુ કરવા ઠરાવ્યું.

ઉદેપુર મોકલાયેલા અગત્યના તાર.

The following telegrams have been addressed by the General Secretaries, All-India Jain Swetamber Conference.

(1)

To, His Highness Maharana Saheb Bahadur, UDAIPUR (Mewar) "In view of the vow of His Holiness Acharya Shri Shantivijaysuriji to fast unto death, we most respectfully pray Your Highness for immediate redress of grievances set out in our Memorial dated 19th February"

(2)

To, Yogiraj Shantivijaysuriji. UDAIPUR (Mewar) "Jain Swetamber Conference Working Committee meeting 18th instant resolved fully sympathise with and wish success to the peaceful and conciliatory activities of Yogiraj Acharya Shantivijaysuriji Maharaj for settlement of the questions arisen concerning Shri Keshriyaji Tirtha"

પૂના કેન્ટોન્મેંટના સત્તાવાળાઓ એ ખડકીમાં મરકી પ્લેગનો ઉપદ્રવ રોકવા સંબંધે કેટલાંક એવા પગલાં લેવાં શરૂ કર્યાં છે કે જેથી જૈનધર્મીઓની લાગણી દુખાય એ સ્વાભાવિક છે. ત્યાંના સત્તાધીશો ઉંદરોને લલચાવવાના ઝેરી પ્રયોગો લોક લાગણીની વિરૂદ્ધ અને કોર્ટમાં પગલાં લેવાની ધમકી આપી ને કરે છે એ ખરેખર શોચનીય ગણાય. આ સંબંધે ખડકીના જૈન પંચ વતી શ્રી. મણીલાલ કરમચંદે મીલીટરી સત્તાવાળાઓ સાથે થયેલ પત્રવ્યવહાર કૉન્ફરન્સને મોકલી આપેલ છે. જે સંબંધે પૂના ખડકીના સત્તાધીશો, મુંબઇના ના. ગવર્નરને અને કમાન્ડર-ઇન-ચીફ, ન્યુ દીલ્હીને લંબાણ નિવેદનો મોકલવામાં આવ્યા છે.

સ્વયંસેવકો અંગે વ્યવસ્થા—અધિવેશન સંબંધી વ્યવસ્થા ભળવવા માટેનું કાર્ય શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળને સોંપવામાં આવ્યું અને તે સંબંધી સર્વ સૂચનાઓ લેવા આપવા માટે ઠરાવવામાં આવ્યું શ્રી હીરાભાઈ રામચંદ મલબારી અને શ્રી મણીલાલ જેમલભાઇએ સ્વાગત સમિતિના ચીફ સેક્રેટરીઓ પાસેથી તેવી સૂચનાઓ વખતો વખત મેળવવી.

શ્રી કેશરિયાજી સંબંધે સમાધાનીની આશા

યોગિરાજ શ્રી શાંતિવિજયજી મહારાજને મહારાણા સાહેબે કરાવેલું પારણું.

ઉદેપૂરથી શ્રી રાયકુમારસીંહજી તથા બહાદુરસિંહજી સિંઘી તથા શેઠ નરોતમભાઈ જેઠાભાઇ તારથી જણાવે છે. કે. ખબર આપતા આનંદ થાય છે કે મહારાણા સાહેબે પોતાના સ્વહસ્તે ગુરૂદેવને ગઇ કાલે સંતોષ કારક સમાધાન કરવાનું વચન આપી પારણું કરાવ્યું છે.

અમને આશા છે. કે હવે મહારાણા સાહેબ સત્વર જૈન સમાજને યોગ્ય ન્યાય આપી સંતોષ આપશે.

શ્રી જૈન યુવક પરિષદ્

અમને જણાવવામાં આવે છે કે તા. ૨૫-૩-૩૪ ના રોજ દિવસના ત્રણ વાગે ભાઇ ઉમેદચંદ દોલતચંદ ઝરેડીયાના પ્રમુખપણા નીચે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની ઓફીસમાં એક મીટીંગ મળેલી અને સર્વાનુમતે ઠરાવ થયો કે:—

શ્રી જૈન યુવક મહા મંડળ અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સહકારથી અખિલ ભારત જૈન શ્વે. મૂ પૂ. યુવક પરિષદ્ ભરવી અને સ્વાગત સમિતિ ઉભી કરવા તેમજ પ્રાથમિક કામકાજ કરવા કામ ચલાઉ મંત્રીઓ તરીકે ભાઇ મણીલાલ એમ. શાહ અને અમીચંદ ખેમચંદ શાહની નીમણુંક કરવામાં આવી.

ફંડ કમિટી—સભા તા. ૨૬-૩-૩૪ ના રોજ શ્રી અમૃતલાલ કાલાદાસના પ્રમુખપણાં હેઠળ મળી હતી. સ્વાગત સમિતીના સભ્યોમાં ફંડની શરૂઆત કરવા ઠરાવ્યું અને તે માટેની શરૂઆત સભામાં થતાં રૂા. ૯૦૫૧ તેજ સમયે ભરાયા હતા. ફંડ ચાલુ છે.

લગ્ન પ્રસંગે અનુકરણીય દાન—મંચર (પૂના) ના સુપ્રસિધ્ધ જૈન શ્રી આનંદરામ રાજમલ માનમલ તે ત્યાં શ્રી જતનકુંવરના વિવાહ પ્રસંગે સાર્વજનિક જૈન સંસ્થાઓને તથા પત્રોને લગભગ ચાર હજાર રૂપીઆનું દાન આપવામાં આવ્યું હતું. આ પત્રને રૂા. ૫૧ આપવામાં આવેલા તે સાભાર સ્વીકારવામાં આવે છે.

કૉન્ફરન્સનું ચૌદમું અધિવેશન.

સ્વાગત સમિતિએ મુંબઇમાં કૉન્ફરન્સનું ચૌદમું અધિવેશન તા. ૫-૬-૭ મે ૧૯૩૪ પ્રથમ વૈશાખ વદ ૭-૮-૯ શનિ, રવિ અને સોમવારના દિવસોએ ભરવા નક્કી કર્યું છે.

કૉન્ફરન્સનું આગામી અધિવેશન

સ્વાગત સમિતિની અગત્યની સભા

અધિવેશન અને સ્વાગત સમિતિના

પ્રમુખોની થયેલી ચુંટણી.

સ્વાગત સમિતિની પ્રથમ સભા ગઇ તા. ૨૨-૩-૩૪ ના દિને શ્રી મોતીચંદ ગિ. કાપડીઆના પ્રમુખસ્થાને કૉન્ફરન્સ ઑફીસમાં મળી હતી. જે વખતે સભાસદોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સ્વાગત સમિતિના પ્રમુખની ચુંટણીનું કાર્ય પ્રથમ હાથ ધરતાં **શેઠ અમૃતલાલ કાલીદાસને** સર્વાનુમતે **સ્વાગતાધ્યક્ષ** તરીકે હર્ષનાદ વચ્ચે ચુંટી કાઢવામાં આવ્યાં હતા. બાદ તેમણે સભાનું પ્રમુખસ્થાન લીધા પછી કૉન્ફરન્સની ઉત્પત્તિ, બેઠકોનું મહત્વ અને તેની અગત્ય તથા ધર્મ, તીર્થ અને સમાજની બજાવેલી સેવાઓનો ખ્યાલ આપી આ યુગમાં કૉન્ફરન્સની સેવાની ખાસ જરૂર હોવા બાબત એક પ્રેરક વ્યાખ્યાન આપતાં સ્વાગતાધ્યક્ષ તરિકે ચુંટી કાઢવા માટે સભાનો આભાર માન્યો હતો. બાદ બીજાં કામો હાથ ધરતાં અધિવેશનને સફળ બનાવવા માટે જૂદી જૂદી કમિટીઓની નિમણુંક કરવામાં આવી હતી. આ કમિટીઓ તથા તેના ઓધ્ધેદારો વગેરેનાં નામ સાથે આ નીચે આપવામાં આવ્યાં છે.

ચીફ સેક્રેટરીઓ:—અધિવેશન અંગે નિમાયેલ સ્વાગત સમિતિના ચીફ સેક્રેટરીઓ તરિકે શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી, શ્રી મોહનલાલ બી. ઝવેરી, શ્રી મોતીચંદ ગિ. કાપડીઆ, ડૉ. પૂનશી હીરજી મૈશેરીની નિમણુંક થઈ હતી.

અધિવેશનના પ્રમુખની ચુંટણીનું કાર્ય હાથ ધરતાં અજમગંજનિવાસી **શ્રીમાન્ બાબુસાહેબ નિર્ભલ કુમારસિંહ નવલખાનું** નામ રજુ થતાં તાલીઓના ગગડાટ વચ્ચે તેમની સર્વાનુમતે ચુંટણી કરવામાં આવી હતી.

ઉપપ્રમુખો:—રાવસાહેબ. શેઠ રવજી સોજપાળ, જે. પી. શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી, શેઠ મકનજી. જે. મહેતા બાર-એટ-લૉ, શેઠ મણીલાલ મોતીલાલ મુળજી, શેઠ હેમચંદ મોહનલાલ ઝવેરી, શેઠ લલ્લુભાઈ દીપચંદ ઝવેરી, શેઠ મેઘજી સોજપાળ, શેઠ કુંવરજી આણંદજી, શેઠ નાનજી લખાભાઇ, ડૉ. ત્રીભોવન એ. શાહ, શેઠ ભભૂતમલ ચત્રાજી, શેઠ ગુલાબચંદ નગીનચંદ કપુરચંદ, શેઠ શાંતિદાસ આશકરણ જે. પી., શેઠ રતનચંદ ખીમચંદ મોતીશા., શેઠ હીરાચંદ વસનજી, શેઠ કરમશી પાચારીયા, શેઠ પરશોતમ સૂરચંદ, શેઠ મૂલચંદ સજમલજી, શેઠ અચલદાસ ચમનાજી, **ડ્રાફ્ટ રેઝોલ્યુશન કમિટી. સેક્રેટરીઓ** શેઠ મોહનલાલ દલીચંદ દેશાઇ, એડવોકેટ, શેઠ ચીનુભાઈ લાલભાઈ સોલિસિટર. **સભ્યો** શેઠ મકનજી જે. મહેતા, બાર-એટ-લૉ, શેઠ વીરચંદ મેલાપચંદ શાહ. બાર-એટ-લૉ. શેઠ હીરાલાલ હાલચંદ. દલાલ, બાર-એટ-લૉ, શેઠ રમણિકલાલ કેશવલાલ ઝવેરી સોલિસિટર, શેઠ માણેકલાલ ગુલાબચંદ દમણીયા સોલિસિટર, શેઠ સોભાગચંદ ઉમેદચંદ દોશી સોલિસિટર, શેઠ હીરજી શીવજી શાહ, બી. એ., શેઠ ઉમેદચંદ ડી. બરોડીઆ બી. એ., શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી. શેઠ મોહનલાલ દીપચંદ ચોકસી, શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલ, શેઠ પરમાણુંદ કુંવરજી કાપડીઆ બી. એ. એલએલ. બી.

મંડપ-ટિકિટ કમિટી. સેક્રેટરીઓ:—શેઠ ડાહ્યાચંદ સુરજમલ ઝવેરી. શેઠ નરોત્તમદાસ બી. શાહ, **સભ્યો** શેઠ મોહનલાલ દલીચંદ દેશાઇ, શેઠ સકરચંદ મોતીલાલ મુળજી, શેઠ નથુભાઇ નરસી દંડ, શેઠ કાનજી રવજી, શેઠ કાલીદાસ સાકલચંદ દોશી, શેઠ મણિલાલ મોકમચંદ શાહ, શેઠ મેઘજી સોજપાળ, શેઠ વીરચંદ પાનાચંદ શાહ, શેઠ પ્રેમચંદ શામજી કારડીઆ. જમનાદાસ અ. ગાંધી.

ઉતારા-ભોજન કમિટી. સેક્રેટરીઓ શેઠ ગુલાબચંદ વનાજી, શેઠ વીરચંદ કેવળભાઇ. **સભ્યો.** શેઠ ફકીરચંદ કેશરીચંદ શરાફ. શેઠ મનસુખલાલ હીરાલાલ લાલન., શેઠ નાનચંદ શામજી., શેઠ કાળીદાસ સાંકલચંદ દોશી, શેઠ અચલદાસ ચમનાજી, શેઠ હીરાચંદ વસનજી, શેઠ વાડીલાલ સાકરચંદ વોરા, શેઠ સકરચંદ મોતીલાલ મુળજી, શેઠ નાગરદાસ લકમચંદ. શેઠ ગલાલચંદ શિવજી.

પ્રચાર અને પ્રકાશન સમિતિ. સેક્રેટરીઓ શેઠ ઓધવજી ધનજી શાહ. સોલિસિટર, શેઠ સાકરચંદ માણેકચંદ ઘડીયાલી. **સભ્યો** શેઠ મોહનલાલ દલીચંદ દેશાઇ, શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી, શેઠ પરમાણુંદ કુંવરજી કાપડીઆ, શેઠ વલ્લભદાસ પ્રેમચંદ મહેતા, શેઠ અમીચંદ પ્રેમચંદ શાહ.

મેડીકલ-કમિટી. સેક્રેટરી:—ડૉ ચિમનલાલ નેમચંદ શ્રૉફ **સભ્યો** ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી, ડૉ. મોહનલાલ એચ-શાહ, ડૉ કેશવલાલ એમ-શાહ, ડૉ. પુનમચંદ એમ-મહેતા, ડૉ ઉમેદચંદ વી. દોશી.

(અનુસંધાન પૃષ્ઠ પાછળનાં પાનાપર જુઓ.)

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, 14, Pydhoni, Bombay 3, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:–'હિંદસંઘ' 'HINDSANGHA' જૈન યુગ આસ વધારે Regd. No B 1996.

॥ નમો તિત્થસ્સ ॥

જૈન યુગ.

卐

The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ–પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. ઍડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો.

વર્ષ જીનું ૮ મું. નવું ૩ જું.	તારીખ ૨૧ મી એપ્રિલ ૧૯૩૪.	અંક ૨૩.

વિષય સૂચિ

૧	પુસ્તક ભંડાર સબંધી નિયમન... તંત્રી	પૃ.	૧૭૪
૨	જૈન કોમમાં એકતાની હાકલ	,,	૧૭૫
૩	કોન્ફરન્સે કરેલાં રચનાત્મક કાર્યો. સા. મા. ઘડીયાલી.		
૪	માધવબાગ ખાતે મળનાર મેળક ...	પૃ.	૧૭૬
૫	જૈન યુવક પરિષદ	,,	૧૭૭
૬	જૈન વિદ્યાર્થીને વિજ્ઞપ્તિ		

પુસ્તક ભંડાર સંબંધી નિયમન.

સામાજીક દ્રવ્યથી થયેલ ખાનગી થઈ પડતા પુસ્તક ભંડાર સંબંધી નિયમન એ નામનો વિષય દરાવો ઘડવા નિમાયેલ સમિતિએ ૨૯-૩-૩૪ ના રોજ નક્કી કરેલા વિષયો પૈકી એક છે અને તે સંબંધી રા. ડાહ્યાભાઇ મોતીચંદ સોનાચાંદીવાલા બી. એ એલ એલ. બી વકીલ ઓરપાડ પોતાનો જે અભિપ્રાય લખી જણાવે છે તે ખાસ વિચારણીય હોવાથી નીચે આપીએ છીએ:—

"આ બાબતમાં અત્યાર અગાઉ થઇ ગયેલ કોન્ફરન્સમાં એક નિબંધ વાંચવાનો તથા મોકલી આપવાનો મારો વિચાર થયેલો તે નિબંધ તે વખતે મોકલી શકાયો નહિ તેમજ તે અત્યારે મારી પાસે નથી, પરંતુ તેનો સાર એ છે કે આપણા મોટા મોટા શહેરોમાં અને ગામોમાં સાર્વજનિક ધોરણ અને નિયમો ઉપર આપણા ઉપાશ્રય વગેરેમાં જ્ઞાન ભંડારો કાઢવા અને તે જૈન તેમજ બીજા લોકોના ઉપયોગને માટે ખુલ્લા રાખવા અને તેમને પણ પુસ્તકો આપવા તથા તે બાબતના નિયમો ઘડવા તથા સાહિત્યની દૃષ્ટિએ અભ્યાસ કરનારા જૈન તેમજ અજૈન સાક્ષરો વગેરેને તે પુસ્તકો આપવા તથા તે જ્ઞાન ભંડારો સાર્વજનિક માલેકીના ગણાવા તથા તેને અંગે એક વ્યવસ્થાપક કમિટી નીમવી જોઇએ. અને તેવા જ્ઞાનભંડારો જુદે જુદે ઠેકાણે કાઢવા અને તેની એક પ્રકારની એસોસિયેશન સ્થાપવી જેથી તેમાંના વધારાનાં પુસ્તકો એક બીજા ભંડારોમાં આપવાં અપાવવાં તથા તેવા જ્ઞાનભંડારો દ્વારા અને મારફતે તે તે જીલ્લાના જુદા જુદા શહેરો અને ગામોમાં નાના પાયા ઉપર લાયબ્રેરીઓ જ્ઞાનભંડારો સ્થાપવા. એવા જ્ઞાનભંડારો અને નાની લાયબ્રેરીઓ મારા હસ્તક સુરત જીલ્લામાં કેટલેક ઠેકાણે સ્થાપવામાં આવેલ છે અને નાના નાના જ્ઞાનભંડારો એકત્ર કરી એક મોટો જ્ઞાનભંડાર બનાવવામાં આવ્યો છે. એવા મોટા તથા નાના જ્ઞાનભંડાર અને લાયબ્રેરીઓ સ્થાપવાની ખાસ આવશ્યકતા છે અને જે જ્ઞાનભંડારો માલેકીના તથા અમુક સાધુઓના છે તેને પણ દરેકને માટે ખુલ્લા મુકવાને ખાસ જરૂર છે કે જેથી વિના ખર્ચે યા ઓછા ખર્ચે એવા જ્ઞાનભંડારો હાલની પરિસ્થિતિ પ્રમાણે ઉપયોગમાં લઇ શકાય".

પાટણના વીશેક ભંડારો છે કે જે સર્વેને એકત્રિત કરી 'ફાયરપ્રુફ' મકાનમાં સાર્વજનિક ઉપયોગ માટે જાહેર મૂકવા માટે પૂ. પ્રવર્તક શ્રીમાન્ કાન્તિવિજયજી, સાક્ષર મુનિશ્રી પુણ્ય વિજયજી, પૂ. શ્રી વિજયવલ્લભ સૂરિ આદિના પ્રયાસ ઘણાં વર્ષોથી ચાલુ છે. શ્રાવક સંઘે તે સર્વે ભંડારને સંભાળી રાખ્યા અને તેની ટીપો તથા વિશેષ સાચવણી માટે અથાગ મહેનત પૂ પ્ર. કાન્તિવિજયાદિએ લીધેલી છે. હવે સમય આવી લાગ્યો છે કે તે સર્વે સંઘના ભંડારો સુંદર ભવ્ય મકાનમાં એકત્રિત થઇ આખા ભારતની કીર્તિમાં ઉજ્વળતા અર્પે.

વળી એક બંધુના એવા વિચાર છે કે ખાનગી ભંડાર થતા અટકે તો ઘણું દ્રવ્ય ખર્ચાતું બચી જાય છે. જે કોઇ પુસ્તક સાધુ સાધ્વીશ્રીને જરૂરી જણાય તે શ્રીસંઘે ખરીદવું અને તેને તેનો ઉપયોગ ત્યાં તેમને કરવા દેવો પછી તે ગામને છોડી બીજે વિહાર કરે ત્યારે તે પુસ્તક શ્રી સંઘને સોંપી દેવું કે જે બીજા સાધુ સાધ્વીશ્રી ત્યાં પધારે ત્યારે તેને ઉપયોગી હોય તો તેઓ તેનો લાભ લઇ શકે. આ રીતે બનતાં પુસ્તકનો પરિગ્રહ જશે પુસ્તકાદિને એક ગામથી બીજે ગામ લઇ જવાની મહેનત અને રેલ્વે આદિનાખર્ચ બચશે–દરેક ગામે શ્રી સંઘના સાર્વજનિક ભંડાર થતાં ત્યાં ચાતુર્માસ કરતા સાધુ સાધ્વીને બીજે સ્થળેથી પુસ્તકો મંગાવવા નહિ પડે ને તે ભંડાર કામે આવશે

આમ અનેક સૂચનાઓ છે તે ધ્યાનમાં રાખી આવતું અધિવેશન યોગ્ય ઠરાવ ઘડી પાસ કરશે

તંત્રી.

જૈન કોમમાં એકતાની હાકલ.

કૉન્ફરન્સની સભામાં શ્રી અમૃતલાલ શેઠની અપીલ.

તેઓએ સમજાવેલું નગ્ન સત્ય.

જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના આગામી ચૌદમા અધિવેશન અંગે જૈનોની એક જાહેર સભા તા. ૧૫-૪-૩૪ ના રોજ રાતના ૨૫. ટા. ૮ વાગે મુંબઇના કોટમાં આવેલા શ્રી શાંતિનાથજી દેરાસરમાં જીવદયા મંડળીના પ્રમુખ શ્રી શેઠ **લલ્લુભાઇ દીપચંદ ઝવેરી**ના પ્રમુખપણાં હેઠળ મળી હતી જે સમયે જૈન આગેવાન ગૃહસ્થોએ ઘણી સારી સંખ્યામાં હાજરી આપી હતી.

પ્રારંભમાં પ્રચાર અને પ્રકાશન સમિતિના મંત્રી શ્રી **સાકરચંદ માણેકચંદ ઘડીયાલીએ** સભા બોલાવનાર પત્રિકા વાંચી સંભળાવી હતી. તત્પશ્ચાત શ્રી પ્રેમજી નાગરદાસે પ્રમુખ માટે શેઠ લલ્લુભાઇ દીપચંદ ઝવેરીની દરખાસ્ત રજુ કરતાં તેનો શ્રી ઝવેરચંદ પરમાણંદનો ટેકો મળતાં પ્રમુખ શ્રી લલ્લુભાઇ એ પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું.

શ્રી મોહનલાલ દેશાઇ.

શ્રી મોહનલાલ દેશાઇ એડવોકેટે ભાષણ કરતાં જણાવ્યું હતું કે આપણે આ અધિવેશનદ્વારા હિન્દુસ્તાનનાં જૈન સમાજને દોરવણી આપવાની છે. દરેક વ્યક્તિ સુધારણા જરૂર ઇચ્છે છે. વ્યક્તિઓ એકત્ર થઇ સમૂહબળથી કાર્ય કરે ત્યારે તેનો અસર સમાજપર ઘણીજ સારી થાય છે. દરેક વ્યક્તિની ફરજ છે કે આ મહાદેવી જેણે અત્યાર અગાઉ સમાજ ઉત્કર્ષનાં અનેક કાર્યો કર્યા છે તેનાં અધિવેશનને સંપૂર્ણ રીતે સફળ અને યશસ્વી બનાવવા દરેક જાતના ભોગ આપે. વક્તાએ કૉન્ફરંસે કેળવણી વિષયક તથા હાનિકારક રૂઢીઓ નાબૂદ કરવા, હિસાબ તપાસવા તથા સાહિત્ય પ્રકાશન અંગે કરેલા કાર્યોની હકીકતો રજુ કરી કૉન્ફરંસને કાંગ્રેસની જેમ મહાત્મા ગાંધીજી જેવા આત્મભોગ સમર્પણ કરનારા નેતાઓ-મળે એમ ઇચ્છયું હતું. મુનિસંમેલને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ભાવ વિચારી જે ઠરાવો કર્યા છે તે સમાજ માટે આનંદનો વિષય છે. બાદ **શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલે** જણાવ્યું કે કોઇ પણ વ્યક્તિ ગમે તેટલી સુંદર હોય પણ જ્યાં સુધી એ સમષ્ટિ તરીકે એકત્રિત ન થાય ત્યાં સુધી તે સુંદર કાર્ય બજાવી શકતી નથી. આ માટે કૉન્ફરંસ એજ સ્થળ સ્વીકારી શકાય. છેલ્લા ૧૦ વર્ષની સમાજની સ્થિતિ-પ્રગતિ વિચારવા યોગ્ય છે. મતભેદો માટે તોડ કાઢી શકાય મકાન બાંધતાં ઘણી મહેનત પડે છે-તોડવામાં નથી પડતી એ ધ્યાનમાં રાખવું. સહનશક્તિ રાખી કામ કરવાની જરૂર છે. આપણી સામે મુનિસંમેલનનો દાખલો પ્રત્યક્ષ છે. આપણે પ્રેમ અને શાંતિથી કાર્ય કરીશું તો પ્રગતિ કરી શકીશું તે માટે સંપ વૃદ્ધિ કરવા અસરકારક અપીલ કરી હતી.

શ્રી અમૃતલાલ કાલીદાસ.

આગામી અધિવેશનનાં સ્વાગતાધ્યક્ષ શ્રી અમૃતલાલ કાલીદાસે ભાષણ કરતાં જણાવ્યું કે કૉન્ફરંસ એટલે હિન્દુસ્તાનના સકળ જૈન શ્વે. મૂ. જૈનોની પ્રતિનિધિત્વ ધરાવનારી સંસ્થા. તેમાં દરેકે સહકાર (કોઆપરેશન) થી કામ કરવાની જરૂર છે. સહકારની ભાવના જેટલી વધુ તેટલુંજ સારું-સુંદર સમાજ ઉત્કર્ષ માટેનું કામ થઇ શકે. કૉન્ફરંસમાં દરેક વ્યક્તિની ઉન્નતિ સમાયેલી છે તે માટે દરેક જૈને આ સંસ્થાને અપનાવવી જોઇએ. છેલ્લા દસ વર્ષમાં સમાજ બહુજ ભયંકર પરિસ્થિતિમાંથી પસાર થયેલ છે. નગ્ન સત્ય જણાવું તો કલેશના વાતાવરણે છિન્ન ભિન્ન સ્થિતિકરી નાંખી છે અને તેથી સમાજ ઉત્કર્ષનાં કાર્યો સરળતાથી થઇ શકયાં નથી. તે સુધારવા અત્યારે પરિપકવ સમય જણાય છે. તેથી અત્યારે સર્વે બંધુઓએ એકત્ર થઇ આ મહાસંસ્થાને વેગ આપવાની જરૂર છે. ફસંપ ટાળવા માટેનો પાયો અમદાવાદ મુનિસંમેલને રોપેલ છે. એનાં પછીનું કર્તવ્ય આપણું છે. આ મુનિસંમેલને જે સંપ-ઐકયતાનાં બીજ રોપ્યાં છે તેને જલ સિંચન કરવાના કાર્યમાં પ્રત્યેક જૈને મદદ કરવી જોઇએ. અત્યારે સૌએ સંપની વૃદ્ધિ કેમ થાય એજ સતત્ વિચાર કરવાની જરૂર છે. પાનસરમાં આપણાં બે મહાન્ આચાર્યો-શ્રી વિજયવલ્લભસુરિ અને શ્રી વિજયનેમીસુરી સ્નેહથી સાથે વિરાજે એ તથા શ્રી કેસવલાલભાઇએ તેઓ શ્રીને પાનસર પધારવા જે વિનંતિ કરી (જુઓ 'જૈન' તા. ૬૫-૪-૩૪) તે સમાજ માટે આનંદદાયક પ્રસંગ ગણાય હૃદયપલટાની સાથે છાપાઓમાં આક્ષેપયુકત લખવા-પ્રકટ કરવાનું બંધ થાય તો સંપ વૃદ્ધિમાં ઘણીજ સારી મદદ મળી શકે. મુનિરાજોની સ્થિતિ-મિલન વિગેરે અંગેની કોઇથી અજાણી નથી. છતાં તેઓએ શાંતિથી મુનિસંમેલનનું કાર્ય પૂર્ણ કરેલ છે એ પરથી આપણે બોધપાઠ લઇ શકીએ. આજે સંઘ, સમાજ અને ધર્મની સ્થિતિ સુધારવા સૌએ મદદ કરવી જોઇએ. અને બતાવી આપવું જોઇએ કે મહાવીરના પુત્રોમાં ધર્મ ભાવના ઘટી નથી. ઘટવાની નથી અને ઘટશે પણ નહિં. આવા પ્રસંગે સમાજોન્નતિમાં જે આડખીલારૂપ થશે તેને કાલી દીલ્લી ચોંટશે. બંધુભાવે સાથે રહી, કદાગ્રહી ન બની આપણે અધિવેશનના કાર્યને સફળ બનાવો. આપણી કોમને બીજી કોમો સાથે સરખાવો-વિચારો-શું સ્થીતિ, આપણે કયાં છીએ! જૈન

(અનુસંધાન પૃષ્ટ ૧૭૭ પર)

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

ચૌદમું અધિવેશનઃ સ્થળઃ માંડવબાગ, મુંબઇ., તા. ૫-૬-૭ મે ૧૯૩૪.

પ્રમુખઃ અજીમગંજ નિવાસી શ્રીમાન્ બાબુસાહેબ

નિર્મલ કુમારસિંહ નવલખા.

જૈન સંઘો, સંસ્થાઓ-મંડળો-સભાઓને વિજ્ઞપ્તિ.

સુજ્ઞ શ્રી,

નિવેદન કે કૉન્ફરન્સનાં આવતાં અધિવેશન માટે આમંત્રણપત્રિકા, પ્રતિનિધિઓનાં નામો ભરી મોકલવાનાં ફૉર્મ, તે સબંધી સૂચનાપત્ર વગેરે આપને તથા અન્યત્ર અમારાં લિસ્ટ મુજબ મોકલાઈ ચુકયાં છે જે આપને મળ્યાં હશે. કદાચ આમંત્રણ આદિ ન પણ મલ્યાં હોય તો આ પત્રને આમંત્રણ સમજી આપના સંઘ, સભા-મંડળ-યા સંસ્થાના પ્રતિનિધિઓનાં નામો કૉન્ફરન્સનાં બંધારણ અનુસાર ચુંટી સત્વરે મોકલી આપવા પ્રબંધ કરશો. સમય હવે ટુંકો છે એટલે આ પત્રથી આપને સત્વરે ચુંટણી કરી નામો મોકલી આપવા યાદી આપવા રુબરુ લઇએ છીએ.

પ્રતિનિધિ ફી બંધારણ અનુસાર રૂા. ૩) ત્રણ રાખવામાં આવી છે તદુપરાંત જૂન્નર મુકામે નિર્ણિત થયેલાં બંધારણ અનુસાર દરેક પ્રતિનિધિએ રૂા. ૩) ઉપરાંત ઓછામાં ઓછા ૦-૪-૦ સુ. ભં. ફંડમાં આપવા જોઇશે તે ટિકીટો આપતી વખતે લઇ શકાશે.

આશા છે કે આપ પ્રતિનિધિની ચુંટણીનું કાર્ય સત્વરે કરી અધિવેશનના દિવસો પહેલાં બનતી ત્વરાએ મોકલી આપવા ગોઠવણ કરશો. એજ.

લી૦ શ્રી સંઘ સેવકો;
રણછોડભાઇ રાયચંદ જવેરી
મોહનલાલ બી. ઝવેરી
મોતીચંદ ગિ. કાપડીઆ.
ડૉ. પૂનશી હીરજી મૈશેરી
ચીફ સેક્રેટરીઓ.

પત્ર વ્યવહારનું ઠેકાણું:-
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ
૨૦, પાયધુની, મુંબઇ, ૩.
તારનું શિરનામું: **HINDSANGHA.**

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, Bhuleshwar 28, 1st Bhoiwada, Bombay 2, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

॥ ૐ ॥

ચૌદમી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

કૉન્ફરન્સે કરેલાં રચનાત્મક કાર્યો.

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સે અત્યાર સુધીમાં જૈનગ્રંથોને અભ્યાસ માટે મોટું સ્થાન અપાવ્યું છે. અને આખી જૈન કોમના સહકારથી ઘણા રચનાત્મક કાર્યો તેની લાયબ્રેરીઓમાં જૈન સાહિત્યના પુસ્તકોને જગ્યા કર્યાં છે અને તે જગજાહેર છે. એમ છતાં કેટલાક તરફથી એવી વાતો કરવામાં આવે છે કે અત્યારસુધી જૈન કોમે કૉન્ફરન્સો ભરી મોટો ખર્ચ કર્યો તે છતાં તેનું પરિણામ કાંઇ આવ્યું નથી. આવું કહેનારાઓ પોતાની અજ્ઞાનતાજ જાહેર કરે છે. કેમકે તેઓ કૉન્ફરન્સમાં ભાગલીધા વગર અને કૉન્ફરન્સે કરેલા કાર્યોની બારીક તપાસ કર્યા વગર ઉપલક નજરે જોઇને ખોટી વાતોજ કરે છે.

ખરીવાત એ છે કે કૉન્ફરન્સની સંસ્થા કાંઈ એક બે માણસોની કે એક બે હજાર માણસોની નથી. પણ એ સંસ્થા આખી જૈન કોમની છે. અને તેમાં જેઓ ભાગ લ્યે છે તેઓ કોમ માનની વગર સ્વાર્થે સેવા બજાવે છે. કૉન્ફરન્સ ઓફીસના આગેવાનો કાંઈનો પગાર લેતા નથી પણ મરજીઆત કોમની સેવામાં પોતાના વખતનો એક સારો જેવો ભોગ આપે છે અને દેશની, રાજ્યની, કોમની અને તીર્થોની સેવામાં પોતાનો બની શકતો મોટો ફાળો આપે છે.

જૈન સાહિત્ય અને પુસ્તકોદ્ધાર.

જૈન સાહિત્યના ઉદ્ધાર માટે જૈન કૉન્ફરન્સે કેટલો સારો ફાળો આપ્યો છે તેનો ખ્યાલ બહુ થોડાને છે. કૉન્ફરન્સ ઓફીસે અત્યારસુધીમાં સંખ્યા બંધ પુસ્તકો પ્રગટ કરીને જૈન સાહિત્યનો બનતો ઉધ્ધાર કર્યો છે. તેણે પ્રગટ કરેલ જૈન ગ્રંથાવલી ગ્રંથ અતિ મહેનત પછી તૈયાર થયો હતો. અને હાલમાં પણ તે અપ્રાપ્ય છે. એ પુસ્તકમાં જુદા જુદા જૈનભંડારોમાંના સંખ્યાબંધ પુસ્તકોની વિગતો એવી સારી રીતે આપવામાં આવી છે કે જે વિદ્વાનોને માર્ગદર્શક થઈ પડે! જૈન ડીરેકટરીના એ ભાગ જૈનોની વસ્તી ઉપર સારૂં અજવાળું પાડે છે. જૈન શ્વેતામ્બર મંદિરાવલી આખા હિંદના જૈન મંદિરોવિષે સારી માહિતી આપે છે. શ્રી સિદ્ધસેન દિવાકરકૃત ન્યાયાવતાર ગ્રંથ ન્યાયશાસ્ત્રનો અપુર્વ ગ્રંથ છે "જૈન ગુર્જર કવીઓ"ના બે ભાગ જૈનોના ગુજરાતી કવિઓની કૃતિઓને સારી રીતે જાળવી રાખનાર ગ્રંથો છે. "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" નામનો લગભગ બારસો પાનાનો ગ્રન્થ છે અને તે જૈનસાહિત્યના ભંડારરૂપ છે. જૈન કૉન્ફરન્સે જૈન સાહિત્યને આ રીતે અતિ ઉજ્જવલ બનાવ્યું છે. પણ એટલુંજ પુરતું નથી-તેણે દેશની યુનિવર્સીટીઓમાં અપાવી છે. એ ઉપરાંત દેશના તેમજ પરદેશના વિદ્વાનોને જૈનધર્મની અને જૈનસાહિત્યની માહિતી પુસ્તકો તેમજ પત્રો મારફતે આપીને જૈનધર્મવિષે જે ઘણીક ખોટી માન્યતાઓ હતી તે કૉન્ફરન્સે દૂર કરાવી છે. એ કહેવાની પણ જરૂર છે.

જૈન કૉન્ફરન્સે બજાવેલી ઉપલી સેવા ઘણી ટુંકમાં રજુ કરી છે. પણ જો તે વિષે વધુ માહિતી મેળવવી હોય તો જૈન કૉન્ફરન્સ ઓફિસને લખવાથી ઘણાકોને ઘણી નવી બાબતો જાણવાની મળશે.

સ્વદેશ સેવા

જૈન કૉન્ફરન્સ ઓફીસે જે વખતે દેશના દરેક ભાગમાં સ્વદેશી હીલચાલ ચાલી હતી. તે વખતે સ્વદેશી માલને ઉત્તેજન મળે તે માટે મોટાં રચનાત્મક કાર્યો હાથ ધર્યાં હતાં. તેણે સ્વદેશીના પ્રચાર માટે સંખ્યાબંધ સભાઓ ભરી ભાષણો કરીને અને કરાવી તે જનસમુહમાં જાગૃતિ આણી હતી અને ઘણાકોને સ્વદેશી માલ વાપરવાની પ્રતિજ્ઞા લેવાડી હતી. તેણે કેટલાક સ્વદેશી વસ્તુઓના પ્રદર્શનો ભર્યાં હતાં અને સ્વદેશી માલ તરફ લોકપ્રીતિ વધારવાના પ્રયાસ કર્યાં હતાં. આ બધાં કામો માટે આગેવાનોએ અનેક ઠેકાણે ભાષણો કર્યાં હતાં. અને એ રીતે જનસમુહને જાગ્રત કરીને દેશસેવા બજાવી હતી.

વિવિધ સેવાઓ.

જૈન કૉન્ફરન્સે જુદા જુદા ક્ષેત્રોમાં કેવી સેવાઓ બજાવી છે તેની ખરી માહિતી તો તેના સંખ્યાબંધ હેવાલો વાંચવાથીજ માલુમ પડે એમ છે. જીવદયાના પ્રચાર માટે, ધાર્મિક જૈન ખાતાઓના હિસાબ ચોકખા રહે તે માટે, સરકારમાં અને દેશના જુદા જુદા ખાતાંઓમાં જૈન તહેવારો સ્વીકારવામાં આવે તે માટે, કોમમાં પ્રચલિત હાનિકારક રિવાજો દૂર કરાવવા માટે, પાંજરાપોળોનાં સુધારવા માટે પ્રાણીઓની રક્ષામાટે, જૈન ભંડારો રક્ષિત રહે તે માટે અને બીજી અનેક દિશામાં જૈન કૉન્ફરન્સે બનતી સેવા બજાવી છેજ.

આ બધા તરફ જેઓ દુર્લક્ષ કરીને "જૈન કૉન્ફરન્સે કંઇ કર્યું નથી" એવું જેઓ કહે છે તેઓ એ સંસ્થાને મોટો ગેરઇન્સાફ કરે છે.

અત્યાર સુધીમાં જૈન કૉન્ફરન્સ મારફતે જુદા જુદા ઉપયોગી કામોમાં ત્રણ લાખથી વધુ રકમનો ખર્ચ થયો છે જેની ટુંક વિગત નીચે મુજબ છે.

			લગભગ.
શિક્ષણ પ્રચારમાં	...	...	રૂા. ૬૬૩૦૦)
પુસ્તકોધ્ધારમાં	...	...	રૂા. ૨૧૦૦૦)
મંદિરોધ્ધાર અને તીર્થોધ્ધારમાં	...		રૂા. ૩૫૦૦૦)
જીવદયામાં	...	...	રૂા ૨૧૦૦)
નિરાશ્રિતો માટે	...	...	રૂા. ૩૧૦૦૦)
યુનિવર્સીટી જૈન ચેર માટે	...		રૂા. ૫૧૦૦૦)
કૉન્ફરન્સના નિભાવ માટે	...		રૂા. ૮૫૦૦૦)

અમે જૈન કોમના એકત્ર બળથી થયેલી ઉપરની સેવાઓ તરફ જૈન કોમનું ધ્યાન ખેંચીએ છીએ અને આગામી ચૌદમી કૉન્ફરન્સમાં ભાગ લઇ કોમની સેવામાં પોતાનો ફાળો આપવા દરેકને આગ્રહ કરીએ છીએ.

લી૦ સેવક

સાકરચંદ માણેકચંદ ઘડીયાળી

ઓનરરી સેક્રેટરી–પ્રચાર અને પ્રકાશન

કમિટિ. ૧૪ મી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

(અનુસંધાન પૃષ્ટ ૧૭૭ પર)

કોમની આજની સ્થીતિ દિલ કંપાવનારી છે. વક્તાઓએ ઘણીજ અસરકારક ભાષામાં સમાજના દરેક બંધુને સંપની વૃદ્ધિમાં સહકાર કરી-અરસપરસ વાટાઘાટ કરી જોડાવવા આગ્રહભરી અપીલ કરી હતી. હાજર રહેલાઓએ સંપવૃદ્ધિ માટે વક્તાના વિચારો ખૂબ વખાણ્યા હતા. બાદ શ્રી **મણીલાલ મોહનલાલ પાદરાકરે** કૉન્ફરંસની ઉપયે.ગિતા અનેક દાખલા દલીલોથી સમજાવી હતી. બાદ શ્રી સાકરચંદ ઘડીયાલી એ કૉન્ફરંસની સ્થાપના આદિની હકીકતો રજુ કરી દરેકને અધિવેશનનાં કાર્યમાં એક હાથે કામ કરવા જણાવ્યું હતું. બાદ જૈન જ્યોતિના તંત્રી ધીરજલાલ ટોકરશી શાહે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે કૉન્ફરંસ અત્યારે તરૂણ અવસ્થામાં છે. તેનાં અંગોમાં અજબ ચૈતન્ય, તન્મનાટ જોઇએ. તેની જવાબદારી મુંબઇ પૂરતીજ નથી પણ ૫–પા લાખ જૈનોને જવાબદાર આ સંસ્થા છે. અત્યારે બાપદાદાઓના કાર્યોપર કોઇએ ન રાચતા આપણે કામ કરી બતાવવું જોઇએ. સંપ માટે કાર્ય કરવાની જરૂર છે પણ તે અંગે જે પગલા ભરાય તે ઘણીજ કુનેહબાજીથી ભરાવવાની જરૂર જણાય છે. કારણ તે માટે હૃદયપલટો થયો છે એ ખાત્રી હોવી જોઇએ. બાદ પ્રમુખ શેઠ **લલ્લુભાઇ દીપચંદ ઝવેરી** એ જૈન જેવી વ્યાપારી કોમને શિક્ષણના અભાવે કેટલું સહન કરવું પડે છે, પરિષદ એજ તે માટે ઉપાય છે: સંઘ રત્નની ખાણ છે આદિ બાબતોપર વિચારો દર્શાવ્યા બાદ આગામી અધિવેશનને યશસ્વી બનાવવા દરેક જૈન એકત્ર થઇ કાર્ય કરે એવી ભલામણ કરી હતી. બાદ મોડી રાત્રે પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

માધવબાગ ખાતે મળનાર બેઠક.

શ્રી જૈન કૉન્ફરન્સનું આવતું અધિવેશન મુંબઇ ખાતે તા. ૫–૬–૭ મે પ્રથમ વૈશાખ વદિ ૭–૮–૯, શની, રવી, સોમવારના દિવસોમાં મળવાના બબર સેંકડો ગામોમાં કૉન્ફરન્સ તરફથી મોકલાયેલ આમંત્રણ દ્વારા પહોંચી જતાં બંધારણ અનુસાર પ્રતિનિધીઓની ચુંટણી કેકકેકાણે થતી હોવાના સમાચારો મળે છે. અને પ્રતિનીધી પત્રકો ભરાઇને પરિષદ કાર્યાલયમાં આવવા લાગ્યાં છે ત્યાં જે સંસ્થાઓ રજીસ્ટર થયેલ નથી તેઓએ પોતાના વાર્ષિક ફાળા તરીકે રૂા. ૧૫ એક રૂપીઓ મોકલી આપી રજીસ્ટર કરાવવાનું શરૂ કર્યું છે. ઘણી સંસ્થાઓએ પોતાનો નોંધ પરિષદ કાર્યાલયમાં કરાવ્યો છે. તેમજ જૈન ગ્રેજ્યુએટો એ પણ પોતાના નામો નોંધાવ્યા ન હોય તેમણે નોંધાવવા માટે પોતાના નામો તુરત મોકલી આપવા ધ્યાનમા લેવું

જે સંસ્થાઓ, મંડળો સભા કે જૈન સંઘોએ હજુ સુધી પોતાના પ્રતિનીધીઓ માટેની ચુંટણી કરી મોકલી ન હોય તેમણે હવે તુરત તેવી ચુંટણી કરી કૉન્ફરન્સ ઓફીસપર મોકલી આપવી. કૉન્ફરન્સની બેઠકો મુંબઇ ખાતે જાણીતા શ્રી માધવબાગમાં મળશે અને તે સબંધી ઘટતી ગોઠવણો થઇ ચુકી છે.

સમય હવે થોડો હોવાથી જૈન સંઘો અને સંસ્થાઓએ પોતાના પ્રતિનીધીઓનાં નામો તુરત મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

બંધારણ અનુસાર પ્રતિનીધી ફી રૂા. ૩૫ રાખવામાં આવી છે. સુકૃત ભંડાર ફંડમાં જે પ્રતિનીધીએ પ્રથમથી પોતાનો ફાળો આપેલ ન હશે તેણે ઓછામાં ઓછા ચાર આના સુકૃત ભંડાર ફંડમાં આપવા જોઇશે પ્રેક્ષકો પુરૂષ અને સ્ત્રીઓ માટે ખાસ ગોઠવણો રાખવામાં આવશે.

સાકરચંદ માણેકચંદ ઘડીયાળી.

ઓ. સેક્રેટરી, પ્રચાર અને પ્રકાશન કમીટી,

૧૪ મી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

જૈન યુવક પરિષદ જૈન યુવકોની પરિષદ મુંબઇમાં તા. ૨–૩–૪ મે ના દિવસોએ મળનાર છે. તેની સ્વાગત સમિતિના પ્રમુખ તરીકે શ્રી કકલભાઇ બી. વકીલની વરણી થઇ છે અને આ અધિવેશન ફતેહમંદ બનાવવા જૈન યુવકો તૈયારી કરી રહ્યા છે.

ડાફટ રેઝોલ્યુશન કમિટી તરફથી નિમાયેલ સદરહુ સમિતિના મંત્રી શ્રી પરમાનંદ કુવરજી કાપડીઆ એ ઠરાવોને લગતા મૂદ્દાઓ અભિપ્રાયાર્થે પ્રકટ કર્યા છે. અને અન્ય કમિટીઓ પણ પોતાનું કાર્ય કરી રહી છે.

આ પરિષદનું પ્રમુખસ્થાન લેવામાટે સુરતના ઉત્સાહી આગેવાન ડૉ. અમીચંદ છગનલાલ શાહને વિજ્ઞપ્તિ કરવા કેટલાક ગૃહસ્થો ગયા હતા અને તેમની વિજ્ઞપ્તિને માન આપી એઓશ્રીએ પરિષદનું પ્રમુખસ્થાન લેવા સ્વીકાર્યું છે.

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, Bhuleshwar 28, 1st Bhoiwada Bombay 2, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:—'હિંદસંઘ' 'HINDSANGHA'

Regd. No: B 1996.

॥ નમો તિત્થસ્સ ॥

જૈન યુગ.

卐

The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. બૅરીસ્ટર-ઍટ-લૉ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છૂટક-નકલ બે ઢોઢ આનો.

વર્ષ જીનું ૮ મું. નવું ૩ જું. | તારીખ ૧૫ મી જુન ૧૯૩૪. | અંક ૧૪.

વિષય સૂચિ

૧	જયવંતી કૉન્ફરન્સ ...	તંત્રી	પૃષ્ઠ	૧૯૦	૭	પ્રમુખ શ્રીનું ભાષણ	પૃષ્ઠ	
૨	શ્રી જૈન શ્વે. પરિષદનું ચૌદમું અધિવેશન ...			૧૯૧	૮	સ્વાગતાધ્યક્ષનું વકતવ્ય	...	
૩	અવલોકન	તંત્રી	...	૧૯૨	૯	પસાર થયેલા ઠરાવો	...	
૪	કૉ. નું બંધારણ ...	...	...	૧૯૩	૧૦	ખંભાતના જૈનોની સભા ...	...	૨૪૦
૫	સ્ટે. કમિટીના સભ્યો ...	...	...	૧૯૭	૧૧	જૈન શુભેચ્છક મંડળ—સાણંદ ...	...	૨૪૧
૬	જૈન યુવક પરિષદ ...	...	...	૨૦૪	૧૨	સાણંદના જૈનોની સભા ...	...	૨૪૨
					૧૩	જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ ...		૨૪૩

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

મુંબઈ ખાતે મળેલાં ચૌદમાં અધિવેશનના નાયકો.

શ્રી નિર્મલકુમારસિંહ નવલખા—પ્રમુખ

શ્રી અમૃતલાલ કાલિદાસ શેઠ—સ્વાગતાધ્યક્ષ.

उदधाविव सर्वसिन्धव; समुदीर्णास्तयि नाथ! दृष्टय: ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधि: ॥

અર્થ:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે? પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

–શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧૫-૬-૩૪ શુક્રવાર.

જયવંતી કૉન્ફરન્સ !

કૉન્ફરન્સ જયવંતી, સદા હો કૉન્ફરન્સ જયવંતી
જગજીવનમાં પ્રગતિ કરતી સંસ્થા ને વ્યકિત
જન્મથકી બળવતી થઈને દાખવે નિજશક્તિ
પ્રેમમય અજબ સંઘભકિત—

જોસ જમાવે સમાજહિતમાં ભલે વિરોધ છાંટા
પ્રતાપથી ઉડાડી નાંખે અંધેાના પાટા
ચેતનાપૂર બહુ વહંતી—

મુંબઈ નગરીમાં ગત પ્રથમ વૈશાખ માસની સપ્તમીના મંગલ દિને પ્રારંભી ત્રણ દિવસમાં સંઘહિતનાં ૩૧ પ્રસ્તાવો પસાર કરી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનું અધિવેશન નિર્વિઘ્ને સમાપ્ત થયું એ સમાજના ઇતિહાસમાં ચિરસ્મરણીય મહત્ત્વનો પ્રસંગ જળવાઈ રહેશે. એ દૃશ્ય જેમણે નથી જોયું તેઓ એક મહાતક ભૂલ્યા છે એમ કહી શકાશે. સંઘના માનવોની સારી મેદિની ઉત્સાહના રંગથી રંગાયલી એકઠી થઇ હતી. મંડપ ભવ્ય અને વિશાળ હતો. સમાજહિતની જેને ધગશ હતી એવા અનેક આગેવાનોએ હાજરી આપી પ્રસ્તાવોને ટેકો આપી ભાષણોથી અને વિચારોથી સમાજના પ્રશ્નોના ઉકેલમાં સક્રિય ભાગ આપ્યો હતો.

પ્રથમ દિવસે સ્વાગત સમિતિના અધ્યક્ષ શેઠ અમૃતલાલ કાલીદાસે પોતાનું જે ભાષણ આપ્યું હતું તેમાં પેાતાની કારકીર્દિ, સેવાભાવ, વિરોધ અને હૃદયભેદ પ્રત્યે અણગમો, થોડાં ચાબખારૂપ વચનો, ઐકય પ્રત્યે ભાવનાવાહી અપીલ જોવામાં આવે છે. તેમાં જણાવેલ છે કે:-

'જેણે જેણે સમાજના વિદ્રોહને અને જવાળાઓને સતેજ રાખવાના પ્રયત્નો કર્યા હશે અને (જે જે) હજુ ભવિષ્યમાં કરશે (મારા સુદ્ધાં), તેને તેને કદાચ આ જન્મમાં તો નહિ પણ પરલોકમાં તો પેાતાનાં કૃત્યોનો જવાબ જરૂર આપવોજ પડશે'

અમે કહીએ છીએ કે 'કદાચ આ જન્મમાં' એને બદલે આ જન્મમાં તેમજ પરજન્મમાં તેને જવાબ આપવો પડશે-એ કર્મનો અવિચલ સિદ્ધાંત છે. 'સમાજમાં વિદ્રાહ જગાડવો, અશાંતિ ફેલાવવી, કુંસપનાં બીજ રોપવાં એ મહા ભયંકર પાપ છે' એ વાત સાવ સાચી છે છતાં એ પાપ કરનારા પોતાની પર એ વાતને આવવા ન દેતાં સામાપર તે વાત નાખી દઇ 'સેતાન ધર્મશાસ્ત્રનું શરણું પોતાના અપકૃત્યના સમર્થનમાં લે' એવું કરે છે તે પણ આ કલિયુગની-પંચમ આરાની ખુબી છે.

શેઠ અમૃતલાલભાઈએ ટુંકમાં બધાને માટે બરાબર જણાવી દીધું છે કે 'આપણાથી શાંતિ નહિ ફેલાવી શકાતી હોય તે માટે આપણે ખરા અંતઃકરણ પૂર્વક દિલગીર થઈએ, પણ આપણાથી અશાંતિ તો નજ ફેલાવી શકાય.'

સમજુ વર્ગ સમાજમાં વસે છે; હવે બધાની આંખે પાટા બંધાવવાના દિવસો વહી ગયા છે, લોકો વિચારતા થઇ ગયા છે અને હિતાહિતનો, સત્યાસત્યનો કે સારા નઠારાનો ખ્યાલ કરતા બન્યા છે એટલે કુસંપરૂપી જવાળામાં ઘી કે પેટ્રોલ છાંટતાં પણ તે જવાળા ઉગ્ર સ્વરૂપ પકડવાની નથી.

વિરોધી દૃષ્ટિવાળાઓને પણ કૉન્ફરન્સનાં કામકાજમાં ભાગ લેવાનો અધિકાર છે એ વાતની કોઇની ના નથી. તેઓને પોતાને ત્યાં નોતરી અરસપરસના વિચારોની આપલે કરવાને અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરવામાં અમુભાઇ શેઠે કંઇ કમીના કે મણા રાખી નહિ. પણ વિરોધી તે વિરોધીજ નિવડયા અને લીધેલી મહેનત ધારી તેટલી ફળી નહિ. છતાં તે મહેનત લેવા માટે અમુભાઇ શેઠને ધન્યવાદ ઘટે છે એ દીવા જેવી વાત તે વિરોધી પક્ષે પણ સ્વીકારી લેવી જોઇએ. આ મહેનત ફળી હોત તો અમુભાઇ શેઠનું ભાષણ કંઇ જુદું સ્વરૂપ લેત પણ કાળનો પરિપાક થયો નથી એટલે જે થયું તે સારાને માટે હશે એમ ધારી પ્રાપ્ત સ્થિતિથી સંતોષ માનવો ઘટે છે

પ્રમુખ બાબુસાહેબ નવલખાજીનું ભાષણ વીરોચિત હતું. શ્રીમન્ મહાવીર પ્રભુ આપણા છેલ્લા અને આસન્ન ઉપકારી તીર્થંકર; તેમને વંદન કરી તેમના ચારિત્રમાંથી નીકળતો પ્રધાન સૂર પકડી તે પ્રભુ 'સુધારક શિરોમણી' હતા એ સુંદર રીતે પુરવાર કરી તેમનું ઉદાહરણ લઈ ધર્મ અને સમાજમાં દાખલ થયેલ

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૨ પર)

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ–પરિષદનું ચૌદમું અધિવેશન.

પ્રમુખશ્રીનું ભવ્ય સ્વાગત અને કાર્યવાહીની ટુંક નોંધ.

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સનું આ અધિવેશન જૂન્નર અધિવેશન બાદ સારા જેવો સમય વ્યતીત થતાં મેળવવાનો નિર્ણય, અને તૈયારીઓ, કાર્યવાહી સમિતિ તથા સ્વાગત સમિતિ તરફથી થયાં એને માટે સમાજ તૈયારજ હતો એટલું જ નહિં પણ તેવું અધિવેશન મેળવી કૉન્ફરન્સનું સ્થાન અદ્વિતીય છે એમ જોવાને પણ જૈન સમાજની ઉત્સુકતા જોઇ અનુભવાઇ હતી અને સમાજની આ મહેચ્છા અધિવેશનની સાદ્યન્ત સફળતાએ પૂરી પાડી છે એ નિર્વિવાદ છે.

અધિવેશન મુંબઇમાં મેળવવાના નિર્ણય પછી માત્ર થોડાજ સમયમાં તારિખો નક્કી કરી પરિષદ્ મળનાર હતી એટલે સ્વાગત સમિતિની નિમણુંક થયા પછી જૂદાં જૂદાં કાર્યો માટે નિમાયેલ પેટા સમિતિઓએ પોતાનું કાર્ય પૂરા જોશથી સત્વરે ઉપાડી લઈ આ મહાન્ પ્રસંગને પહોંચી વળવા બધી તૈયારીઓ કરવા માંડી અને પોતાને સુપ્રત થયેલાં કાર્યોની ગોઠવણો કરી હતી. કરાવો ઘડનારી સમિતિનું કાર્ય સ્વાભાવિક રીતેજ કપરું હોય છે અને અને તે અનુભવની વાત છે. છતાં આ સમિતિએ સમાજની નાડી પરીક્ષા ખાતર અને જૂદાં જૂદા માનસ ધરાવનારાઓના વિચારો જાણવા અને તદનુસાર પોતાનો ખરડો તૈયાર કરવા માટે એક યોજના દિશાસૂચન રૂપે જાહેરમાં મૂકી અને તે પર જે અભિપ્રાયો આવ્યા તેના પર વિચાર કરીને પોતાનો ખરડો તૈયાર કર્યો હતો. આ સમિતિના મંત્રીઓ શ્રી મોહનલાલ દેસાઈ તથા શ્રી ચિનુભાઈ શેઠ લગભગ હમેશાં રાતના કૉન્ફરન્સ ઓફિસમાં પોતાની સમિતિની બેઠકો મેળવી અને સુપ્રત થયેલું કાર્ય વિષય વિચારિણી સમિતિ સમક્ષ રજુ કર્યું હતું આ કાર્યમાં તે સમિતિના સભ્યો અને ખાસ કરી સ્ત્રી સભ્યોએ પણ પૂરો સહકાર આપી અને ખૂબ શ્રમ વેઠ્યો હતો.

મંડપ-ઉતારા ભોજન, કમિટીઓએ પણ પોતાની બેઠકો મેળવી જરૂરી નિર્ણયો અને તૈયારીઓ ઘણાજ અલ્પસમયમા અને ઘણા ઓછે ખર્ચે કરી હતી.

પ્રચાર અને પ્રકાશન સમિતિએ પણ જૂદી જૂદી પત્રિકાઓ, લેખો અને સભાઓ મેળવી જરૂરી પ્રચાર કાર્ય કર્યું હતું જે અત્યાર અગાઉ વર્તમાન પત્રોદ્વારા પ્રસિદ્ધિ પામ્યું છે.

સ્વયંસેવકો સંબંધી સર્વવ્યવસ્થા શ્રી હીરાભાઇ રામચંદ મલબારી તથા શ્રી મણીલાલ જેમલ શેઠ દ્વારા મુંબઇ જૈન સ્વયંસેવક મંડળે ઉપાડી લીધી હતી અને તેઓએ પણ ખડે પગે આ મોકટ પ્રસંગને પાર પાડવા ઘણીજ મહેનત લીધી હતી.

પ્રમુખશ્રીની પધરામણી.

પરિષદ્ મહાદેવીના વરાયલા પ્રમુખ શ્રીમાન્ બાબુસાહેબ **નિર્મલકુમારસિંહ નવલખા** (અજીમગંજ) બોરીબંદર સ્ટેશને તા. ૪ થી મે ની સવારે પોતાના પગલાં માંડનાર છે એવી ખબર વર્તમાનપત્રો અને હેન્ડબીલોદ્વારા પ્રકાશિત થતાં સ્થાનિક જૈન બંધુઓ અને બહેનો તથા બહારગામથી આ અગાઉ આવી પહોંચેલાઓના ઉત્સાહના પૂર વધવા માંડ્યા. અને તેઓશ્રીને સ્ટેશને સત્કારવાની ભવ્ય યોજનાએ પ્રસંગનાં ગાંભીર્યમાં ઓર ઉમેરો કર્યો હતો. પાયધુનીપર આવેલાં શ્રી ગોડીજી મહારાજનાં દેરાસર અને શ્રી પરિષદ કાર્યાલયથી માંડી મુંબાદેવી, ઝવેરી બજાર, મૂળજી જેઠા માર્કેટ, પ્રિન્સેસ સ્ટીટ, કેશવબાગ લગભગ કાલબાદેવીના ટ્રામની લાઇન પર્યંત આખો રસ્તો વાવટા ધ્વજ–પતાકાથી શણગારાયેલો હતો અને ઠેર ઠેર પ્રેરક બોધવાકયો અને પ્રમુખ સાહેબના સત્કારાર્થ જૂદી જૂદી જાતનાં કપડાના 'બોર્ડો' થોડે થોડે અંતરે ગોઠવાયેલા હતાં. કલકતા (બીબીઓકી થઇ) મેલ મારફતે સવારના નવ વાગતે પ્રમુખશ્રી પધારે તે અગાઉ સ્ટેશન સંખ્યાબંધ મોટરો, અને મનુષ્ય મેદનીથી ચિકાર થઈ ગયું હતું. જૈન સ્વયંસેવક મંડળના સભ્યો તથા સ્ત્રી સ્વયંસેવીકાઓ પોતાના 'યુનિફોર્મ' માં પોતાના બેંડ સાથે સલામી આપવા અને વ્યવસ્થા માટે હાજર થયા હતા. જૂદી જૂદી કોમોના જૈન આગેવાનો અને અન્ય બંધુઓ અને બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી અને ટ્રેન આવી પહોંચતાંજ શ્રી 'જૈન શાસનની જય' 'કૉન્ફરન્સ દેવીની જય' ના હર્ષનાદો ગાજી ઉઠ્યા. પ્રમુખ સાહેબ ઉતરતાંજ તેમનાપર ફુલ હારનો તો વર્ષાદ જ થઈ રહ્યો હોય એમ ઘડીભર ભાન થઇ આવે એવું સ્ટેશન ઉપર ભવ્ય સ્વાગત થયા પછી પ્રમુખશ્રીને સરઘસના રૂપે બેંડ સાથે નિશ્ચિત થયેલા માર્ગોએ થઈ પાયધુનીપર લાવવામાં આવ્યા હતા. આખે રસ્તે માનવ મેદની ઘણી હતી અને ખાસ કરી પ્રિન્સેસસ્ટ્રીટ અને ઝવેરીબજારના માર્ગોમાં તો લોકોની સંખ્યાની અટકળ કરવી પણ મુશ્કેલ થઈ પડે એવી હાજરી અને ઉત્સાહ જણાઇ આવતાં હતાં. રસ્તે અનેક સ્થળે પ્રમુખશ્રીને હારતોરા અર્પણ થયા, બાળાઓએ વધાવ્યા વગેરે દૃશ્યો અવર્ણનીય હતાં. (અનુસંધાન પૃષ્ઠ ૨૦૬)

અવલોકન

શ્રી બાળ મંદિર—બગસરા.–વાર્ષિક અહેવાલ સન ૧૯૩૩–એથી છ વર્ષસુધીનાં બાળકોને એકઠાં કરી તેમની સ્વચ્છતા અને આરોગ્યતા પર પૂરૂં ધ્યાન આપી બાળયોગ્ય શિક્ષણ આપનારી આ સંસ્થાનો અહેવાલ વાંચી આનંદ થાય છે. તેમાં પોતાનો પ્રાણ રેડી બગસરાના જૈન બંધુ રા. લાલચંદ જયચંદ વોરા જે જહેમત ભર્યું કાર્ય કરી રહ્યા છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. 'સ્વચ્છ સરળ, સુંદર, સુખરૂપ–નમું નમું એ બાળ સ્વરૂપ'–એ ભાવવાહી પરમસત્યને અવગાહી યોજેલી સંસ્થાનો અમે વિજય ઇચ્છીએ છીએ.

માંગરોળ મિત્ર—પાક્ષિક પત્ર તંત્રી એસ. એમ. કાપડીઆ નં. ૩૫ મિંટ રોડ મુંબઇ–આ પત્ર માંગરોળના મુસલમાન દરબાર–બાબી નવાબે ગોવધની છુટ આપવાના કરેલા હુકમ પછી છણુછણી રહેલી હિંદુ પ્રજાના પોકાર પ્રગટ કરવા અર્થે જન્મ પામ્યું છે અને તેમાં વિધવિધ ઉપયોગી લેખ અને સમાચારની વાનગીઓ પણ પીરસાય છે. જે ધ્યેયથી તે જન્મ પામ્યું છે તે ધ્યેય સફલ થાય અને આ પત્રને માંગરોળની જનતા ખાસ અપનાવે એમ ઇચ્છીશું. તંત્રી એક જૈન બંધુ છે અને તેમના સાહસને વિજય પ્રાપ્ત થાઓ!

ધાનેરા પ્રચાર સમિતિની પત્રિકાઓ. ચાર મણી તે પાલણપુર પાસેના ધાનેરા ગામની ઉન્નતિ અર્થે યોજવામાં આવી છે. સંપાદક રા. વી. એન. શાહ છે. યુવાન જોસ દરેક ત્રાસદાયક અન્યાયી ઘટના સામે ઠલવાય અને તે દૂર થાય નહિ ત્યાં સુધી જંપે નહિ, એજ ખરી રીતે આવશ્યક છે.

તંત્રી.

(અનુસંધાન પૃષ્ટ ૧૯૦ પરથી)

હાનિકારક અને હાલના સમયને તદ્દન પ્રતિકૂલ પ્રથાઓ–રૂઢીઓ છોડી દઇ સમાજોન્નતિની પ્રત્યેક બાબત નિઃસંકોચપણે સ્વીકારવી જોઇએ એ વાત ભાર દઇને સમજાવી હતી. કૉન્ફરન્સના કાર્યસમારંભના મંગલાચરણમાં 'સુધારક શિરોમણી શિરવંદન મહાવીર' એથી શરૂ થતું ગીત બરાબર પ્રમુખ સાહેબના વક્તવ્યનો પડઘો પાડતું હતું. 'શ્રી મહાવીર સ્વામીના જીવનમાંથી ધર્મ, સમાજ અને રાષ્ટ્રના અનેક પ્રકારના સુધારા મળી આવે છે. આપણે દરેક જૈન છીએ, વીર ભગવાનનાં સંતાન અને અનુયાયીઓ છીએ અને તેમના જીવનમાંથી કંઇક શિક્ષા ગ્રહણ કરવા ઇચ્છીએ છીએ એટલે ધર્મના નામથી પોષાતા પાખંડોને છિન્નભિન્ન કરો, સામાજિક કુરીતિઓનો વિનાશ કરી સમાજ રક્ષામાં તત્પર બનો, સ્ત્રી શિક્ષાનો પ્રચાર કરી પોતાના એક અંગને સુદૃઢ બનાવો અને રાષ્ટ્ર અને ધર્મપ્રચારના કાર્યમાં યથાશક્તિ ફાળો આપો એમ આપને માર્રૂ સવિનય નિવેદન છે. સુધારક શિરોમણી શ્રી મહાવીર પ્રભુના જીવનમાંથી અમને એવી સદ્‌બુદ્ધિ અને સાહસ પ્રાપ્ત થાઓ!'

આવી વિનીત અપીલ ગમે તેવા વિરોધીના પાક હૃદયને હલમલાવી મૂકે તેમ છે. ત્યારપછી વીરપ્રભુની સંઘવ્યવસ્થાની ભવ્યતા અને બલવત્તરતા સમજાવી સાધુ અને શ્રાવકના અરસપરસના એખલાસ ભર્યા વ્યવહારથી સંઘની પ્રગતિ સાધી શકાય છે એમ પૂરવાર કરી રાજનગરના સાધુસંમેલનના દીક્ષાના પ્રસ્તાવ પર વિવેચન કર્યું હતું. તે પ્રસ્તાવ જુન્નેર અધિવેશનના દીક્ષા ઠરાવથી ઘણે અંશે આગળ વધી જાય છે એ સ્પષ્ટ વાત છે. અલબત શ્રાવક સંઘની સંમતિની વાત સાધુસંમેલને ઉડાવી છે યા ગર્ભિત રાખી છે તેથી શ્રાવક સંઘનું સ્થાન નિર્મૂલ થઇ શકતું નથી. (અને એ વાત કૉન્ફરન્સે બરાબર સ્પષ્ટ કરી છે તે અમે હવે પછી જણાવીશું.)

આ પછી સમાજની મુખ્ય સમશ્યાઓ એક એક લઇ તે પર ટુંક વક્તવ્ય એક સુધારક વિચારના પ્રમુખ તરીકે કર્યું હતું. જન સંખ્યા ઓછી થતી જાય છે, શિક્ષણ માટે ઘણી સંસ્થાઓ કાઢવાની જરૂર છે, વિધવાઓનાં દુઃખ પથ્થર જેવા હૃદયવાળાને પણ પીગળાવે તેવાં છે, આંતરજાતીય વિવાહની અગત્ય, પ્રચાર કાર્ય શુદ્ધિ સંગઠન, બેકારી, ધર્માદા ખાતા, જૈન બેંક, વ્યક્તિગત ખાનગી પુસ્તકભંડારો વગેરે સંબંધી ઉપયોગી વિચારો પ્રમુખસાહેબે આપ્યા હતા અને છેવટે અત્યારના શ્રી કેસરીઆજી તીર્થ સંબંધી શ્રી વિજયશાંતિ સૂરિના પ્રયત્નોને અભિનંદન આપી પોતાનું ભાષણ ખતમ કર્યું હતું. આ ભાષણ દ્રવ્યક્ષેત્ર કાળભાવની દુહાઇ દેતા સ્યાદ્‌વાદના પર અવલંબી ચાલનારા જૈન ધર્મની એક સુધારક ધર્મ તરીકેની ખૂબી બતાવનારૂં અને અનેક કાર્યદિશા સમજાવનારૂં હતું. અને તેથી કૉન્ફરન્સમાં થયેલા ઠરાવોને સમર્થક અને પ્રેરક નિવડયું છે એ નિઃસંશય છે. તે ઠરાવો હવે પછી ચર્ચીશું.

તંત્રી.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स.

२०, पायधुनी, मुंबई नं. ३.

चौदमां अधिवेशनमां पसार थयेलुं बंधारण.

१. **उद्देशः**—आ कॉन्फरन्स के जेनुं नाम **श्री जैन श्वेतांबर कॉन्फरन्स** राखवामां आव्युं छे तेनो उद्देश जैनने लगता कळवणीना प्रश्नो संबधमां तेमज धार्मिक, सामाजिक, आर्थिक, राजकीय अने बीजा जैन कोम अन धर्म संबंधी सवालो उपर विचार चलावी योग्य ठरावो करवानो अने ते ठरावोने अमलमां मुकवा माटे उपायो योजवानो छे.

२. **कार्य विस्तारः**—समस्त जैन कोमने (संघ) लागु पडता सवालोज कॉन्फरन्स हाथ धरशे. न्यातना, स्थानिक संघना, महाजनना अने पंचना तकरारी विवादग्रस्त विषयो सीधी के आडतरी रीते कॉन्फरन्स हाथ धरी शकशे नहि.

३. **अधिवेशनः**—कॉन्फरन्सनी आगली बेठक वेळाए ठरावामां आवेल वखते अने स्थळे आ कॉन्फरन्स साधारण रीते दर वर्षे एक वखत भेगी मळशे.

(अ) जो एवो कोई पण ठगव आगली बेठक वेळाए करवामां आवेलो नहि हशे तो कार्यवाही समितिए कोन्फरन्सनी बेठक मुंबईमां अगर बीजे स्थळे भरवा गोठवण करवी.

(ब) कॉन्फरन्सनी बेठक अनुकुळ तीर्थ स्थळोमां अगर तो मुंबईमां भरवानुं संयोगवशात् बनी नहीं शके तो महामंत्रीओ (जनरल सेक्रेटरीओ) अने कार्यवाही समिति स्थायी (स्टेन्डींग कमीटी) नी तथा समाजना अन्य संभावित प्रांतिक आगेवानोनी सभा अनुकुळ स्थळे कोमना अगत्यना प्रश्नोनी विचारणा माटे साधारण रीते दर वर्षे बोलावशे.

४. **प्रतिनीधीः**—आ कॉन्फरन्स प्रतिनिधिओथी बनशे. जेओ श्वेतांबर मूर्तिपूजक जैनो हशे अने जेओ सुकृत भंडार फंडमां पोतानो फाळो जे वर्षमां अधिवेशन भराय ते वर्ष माटे आपे तेओज नीचेना नियमोने अनुसरी प्रतिनिधि थई शकशे.

(१) कोई पण शहेर के गामनो संघ या सभा के मंडळ या संस्था जे योग्य गृहस्थने के सन्नारीने प्रतिनिधि तरीके नीमी मोकले ते, तथा जे स्थळे सघ प्रतिनिधिनी चुंटणी माटे न मळ्यो होय त्या धोरणसर बोलावेली जाहेर सभा जेने प्रतिनिधि तरीके निमी मोकले ते.

(२) ग्रेज्युएटो जेनी अंदर कोईपण युनिवर्सिटी तेमज विद्यापीठना ग्रेज्युएटो तेमज बेरीस्टर, हाईकोर्ट प्लीडर, एन्जीनीयर अने सब-एसीस्टन्ट सर्जननो समावेश थाय छे जेमनो नोंध (रजीस्टर) कॉन्फरन्स कार्यालयमां (आफीस) राखवामां आवशे तेमां जे नामो नोंधाव्या (रजीस्टर कराव्या) हशे तेओ,

(३) जैन वर्तमानपत्रो अने मासिकोना अधिपतिओ.

(४) स्वागत समितिना (रीसेप्शन कमिटि) सभ्यो (मेम्बरो).

नोध—(नोट):—प्रतिनिधिनी उम्मर १८ वर्षथी ओछी होवी न जोईए तथा सभा मंडळ के संस्था ओछामां ओछुं एक वर्ष जुनुं होवुं जोईए अने ते स्थायी समितिए (स्टेन्डींग कमीटी) स्वीकारेलुं होवुं जोईए, तेमज तेवां सभा मंडळ या संस्थाओए पोतानां नाम कॉन्फरन्स कार्यालयमां (ओफीसमां) रुपीओ एक वार्षिक लवाजम जे वर्षमां अधिवेशन भराय ते वर्ष माटे आपी नोंध (रजीष्ट) करावेल होवो जोईए.

५. **प्रतिनिधि प्रमाणः**—दरेक शहेर के गामना संघे या सभा, संस्था के मंडळे प्रतिनिधिओनी नीमणुं करती वखते नीचेनुं प्रमाण ध्यानमां राखवु.

(१) जे शहेर के गामनी अंदर जैन घरनी संख्या सोथी वधारे न होय त्यांना संघे पांच प्रतिनिधिथी वधारे न चुंटवा.

(२) जे शहेर के गामनी अंदर जैनोना सोथी वधारे घर होय त्याना संघे दर सो घर दीठ पांचना प्रमाणमां प्रतिनिधि चुंटी शकशे.

(३) दरेक स्थळनी सभा, संस्था के मंडळ वधारेमां वधारे पांच प्रतिनिधिओ पोताना सभ्योमांथीज चुंटी शकशे.

६. **प्रतिनिधि लवाजम (फी)**:—प्रतिनिधिनी लवाजम (फी) रु. ३) अने भोजन सहित रु. ५) राखवुं. स्वागत समिति (रीसेप्शन कमीटी) ना सभ्य (मेम्बर) नुं लवाजम ओछामां ओछुं रु. १०) राखवुं. जे स्थळे कोन्फरन्सनुं अधिवेशन भराय तेमां जे प्रतिनिधिओनी फी आवे तेमांथी दर प्रतिनिधिए एक रुपीयो कोन्फरन्सनी हेड ओफिसने तेना सुकृत भंडार फंडमां आपवो.

७. विषय विचारिणी समिती (सबजेक्टस कमिटी):—कॉन्फरन्सना अधिवेशनमां रजु करवाना ठरावो घडी काढवा, वक्ताओनी चुंटणी करवा अने स्थायी समितिना (स्टेन्डींग कमीटी) ना सभ्यो (मेम्बरो) ना नामो नक्की करवा माटे कॉन्फरन्सनी बेठकना पहेला दिवसे विषय विचारिणी समिती (सबजेक्टस कमिटी) नीमवामां आवशे.

विषय विचारिणी समिती (सबजेक्टस कमिटीनी) चुंटणीमां दरेक प्रान्तनुं प्रतिनिधित्व आवी शके ते माटे नीचेना नियमो ध्यानमां राखवा. स्वागत समिती (रीसेप्शन कमिटी) मांथी २५ मेम्बरो, जे प्रान्तमां कॉन्फरन्स भराय ते प्रांतमांथी २० वधारे मेम्बरो, प्रेज्युएटोमांथी १५, अधिपतिओमांथी ४, कॉन्फरन्सना अगाउना प्रमुखो अने चालु महा मंत्रीओ (जनरल सेक्रेटरीओ) प्रतिनिधिओमांथी विभागवार नीचे प्रमाणे प्रतिनिधिओ (मेम्बरो) लेवा. (१) बंगाळा ५, (२) बिहार ओरासा २, (३) संयुक्त प्रांतो ५, (४) पंजाब उत्तर पश्चिम सरहदना प्रांतो साथे १५, (५) सिंध २, (६) कच्छ २०, (७) पूर्व काठीयावाड १५, (८) पश्चिम काठीयावाड १५, (९) उत्तर गुजरात २५, (१०) दक्षिण गुजरात २०, (११) मुंबई ४५, (१२) महाराष्ट्र १३, (१३) दक्षिण महाराष्ट्र १२, (१४) मद्रास इलाको (महीसुर साथे) ३. (१५) निझाम राज्य २, (१६) मध्य प्रांत (बीरार साथे) ७. (१७) मध्य हिंद-पूर्व विभाग ३. (१८) मध्य हिंद-माळवा ७, (१९) मारवाड १२, (२०) मेवाड ७, (२१) पूर्व राजपुताना राज्यो ५, (२२) अजमेर-मेरवाडा ५, (२३) बरमा ५, (२४) एडन १, (२५) आफ्रिका २, अने (२६) दिल्ही ५. विषय विचारिणी समिती (सबजेक्टस कमिटी) मां प्रमुख तरीके कॉन्फरन्सना प्रमुख कार्य करशे अने तेनी गेरहाजरीमां स्वागत समिती (रीसेप्शन कमिटी) ना प्रमुख कार्य करशे.

स्वागत समिती (रीसेप्शन कमिटी) ए. ग्रेज्युएटो अने अधिपतिओए अने उपला दरेक विभागना प्रतिनिधिओए कॉन्फरन्सना पहेला दिवसे विषय विचारिणी समिती (सबजेक्टस कमिटी) मां पोता तरफथी जे सभासद नीमवा मागता होय तेना नामो स्वागत समिती (रीसेप्शन कमिटी) ना सेक्रेटरीने लखी मोकलवां.

विषय विचारिणी समिती (सबजेक्टस कमिटी) माटे जो तेवां नामो नीमाईने लिखितवार न आवे तो हाजर रहेला प्रतिनिधिओमांथी महा मंत्रीओ (जनरल सेक्रेटरीओ) तेवी चुंटणी करशे.

जरूर पडतां प्रमुख साहेब पोता तरफथी ५ सुधी सभासद विषय विचारिणी समिती (सबजेक्टस कमिटी) मां नीमी शकशे.

८. कया ठरावो कॉन्फरन्समां रजु थई शके:—उपर जणावेली रीते बनेली विषय विचारिणी समिती (सबजेक्टस कमिटी) मां हाजर थयेल सभ्यो (मेम्बरो) नो बहुमति भाग जेनी तरफेणमां होय तेज ठरावो कॉन्फरन्समां रजु थशे.

९ स्थायी समिती (स्टेन्डींग कमिटी) नुं कार्य:—नीचे जणावेला कार्यो माटे कॉन्फरन्सनी बेठक वेळाए एक स्थायी समिती (स्टेन्डींग कमिटी) नीमवामां आवशे, जे साधारण रीते दरक कार्यो कार्यवाही समिती द्वारा करशे.

(१) कॉन्फरन्से पोतानी बेठक वेळाए जे ठरावो पसार कर्या होय ते अमलमां मुकवा.
(२) कॉन्फरन्सनी आवती बेठक भरवा माटे गोठवण करवा.
(३) कॉन्फरन्समां जोईतां नाणां भेगा करवा तथा खर्च करवा.
(४) कॉन्फरन्सने सोंपेला नाणां तथा सखावतोनो वहीवट करवा.

१० स्थायी समिती (स्टेन्डींग कमीटी) नी नीमणुंक:—दर कॉन्फरन्सनी बेठक वखते विषय विचारिणी (सबजेक्टस कमिटी) लगभग २५० अढीसोनी संख्यानी एक अखील हिंदनी स्थायी समिती (ऑल इन्डिया स्टेन्डींग कमिटी) नी चुटणी करी ते नामो कॉन्फरन्सनी बहाली माटे रजु करशे. स्थायी समिती (स्टेन्डींग कमिटी) मां नीचे प्रमाणे प्रांतो अने शहरोमांथी चुंटणी करवामां आवशे.

वंगाळा	७	वडोदरा, खंभात, खेडा तथा आसपासनो विभाग	७	द. महाराष्ट्र	९
बिहार ओरीसा	१	राधनपुर एजन्सी	५	मद्रास-मैसूर साथे	२
संयुक्त प्रांतो	६	पालनपुर एजन्सी	५	निजाम राज्य	२
पंजाब	१०	कडी प्रान्त	७	मध्य प्रान्त	५
सिंध	२	महिकांठा विभाग	७	मध्य हिंद पूर्व	५
कच्छ	१२	द. गुजरात १८		मालवा	५
काठीयावाड ३६.		सुरत जील्लो	८	मारवाड	१०
झालावाड विभाग	८	भरुच जील्लो	३	मेवाड	५
गोहिलवाड ,,	१०	वलसाड, नवसारी, बीलीमोरा अने आसपासना विभाग	७	पूर्व राजपुताना	३
सोरठ ,,	१..	मुंबई ४५.		अजमेर मेरवाडा	२
हालार	८	उ माहाराष्ट्र	१६	बरमा	२
उ. गुजरात ५४.				दील्ही प्रान्त	३
अमदावाद शहेर अने जील्लो	१६				
पाटण शहेर अने तालुको	७				

कॉन्फरन्सना अधिवेशनोना प्रमुखो पोताना होद्दानी रुइए स्थायी समिति (स्टेन्डींग कमिटी) ना सभ्यो गणाशे.

अखिल हिंद स्थायी समिति (ओल इन्डींया स्टेन्डींग कमिटी) नी बेठक आमंत्रण करीने कोइपण एकस्थळे बोलाववा कार्यवाहक समिति गोठवण करशे तथा आ समिति (कमिटी) नुं काम सरळताथी थाय ते माटे पेटा नियमो करवा ते समिति (कमिटी) ने सत्ता रहशे.

स्थायी समिति (स्टेन्डींग कमिटी) नी बेठक (मीटींग) वर्षमां ओछामां ओछी एकवार अनुकुळ स्थळे बोलाववी. कोईपण अगत्यना प्रश्नो संबंधे वीचार करवा ओछामां ओछा आ समिति (कमिटी) ना पांत्रीस मेम्बरोनी सहीवाळुं मागणी पत्र (रेक्विझिशन) आवे तो स्थानिक महामंत्रीओ (रेसीडन्ट जनरल सेक्रेटरीओ) बनती त्वराए स्थायी समिती (स्टेन्डींग कमिटी) नी बेठक (मीटींग) बोलावशे.

नोंध नोट:—जेओ स्थायी समिति (स्टेन्डींग कमिटी) ना सभासदो तरीके चुंटाशे तेओए सुकृत भंडार फंडमां ओछामां ओछा वार्षिक रु, ५) पांच पोताना फाळा तरीके आपवा पडशे. समिती (कमिटी) ना कोईपण सभासद उपर प्रमाणे पोतानो फाळो आपवामां निष्फळ जशे तो ते स्थायी समिती (स्टेन्डींग कमिटी) ना सभासद तरीके बंध पडेल गणाशे अने तेवा सभासदने बदले बीजा सभासदना नीमणुंक करवामां आवशे.

स्थायी समिती (स्टेन्डींग कमिटी) ना कोईपण सभासदनी जग्या गमे ते कारणसर खाली पडशे तो तेनी जग्याए जे प्रांतना सभासदनी जग्या खाली पडी होय ते प्रांतना चालु सभासदो एक मासनी अंदर नवा सभासदनी नीमणुंक करी महामत्री (रेसीडेन्ट जनरल सेक्रेटरी) ने खबर आपशे; जो ते प्रमाणे खबर आपवामां नहिं आवे तो कार्यवाहक समिती (कमिटी) ते प्रांतमांथी लायक गृहस्थनी नीमणुंक करी खाली पडेली जग्या पुरशे

११. **कार्यवाही समिति**:—अखिल हिन्द स्थायी समिति (ओल इन्डीया स्टेन्डींग कमिटी) मां मुंबईमांथी चुंटायेला सभ्यो तथा सदरहु कमिटीना बीजा विभागोमांथी चुंटायेला सभ्यो जे मुंबईमां रहेता हशे अथवा हाजर हशे तेओनी एक कार्यवाही समिति बनशे अने ते कार्यवाही समिति कॉन्फरन्सनुं तेमज स्थायी समिति (स्टेन्डींग कमिटी) ने सोपायल दरेक कार्य करशे अने स्थायी समिति (स्टेन्डींग कमिटा) ना ठरावोनो अमल करशे. सदरहु कार्यवाही समिति पोताना प्रमुख (चेरमेन) अने उप-प्रमुख (वाइस चेरमेन) नी नीमणुंक करशे अने स्थानीक महामंत्रीओ [रेसीडेन्ट जनरल सेक्रेटरीओ] सदरहु समितिना मंत्रीओ (सेक्रेटरीओ) गणाशे. आ कार्यवाहक समिति पोंताना कामकाज करवाना पेटा कानुनो घडी काढशे.

१२. **महामंत्रीओ (जनरल सेक्रेटरीओ)**:—नीमायेल स्थायी समिति (स्टेन्डींग कमिटी) मांथी कॉन्फरन्सनी बेठक वखते पांच महामंत्रीओ (जनरल सेक्रेटरी) नी निमणुंक करवामां आवशे जेमांथी बे मुंबईना रहेवाशी जोईए. मुंबईमां रहेता महामंत्रीओ (जनरल सेक्रेटरीओ) स्थानिक महामंत्रीओ (रेसीडेन्ट जनरल सेक्रेटरीओ) ना नामथी ओळखाशे. पांच महामंत्रीओ (जनरल सेक्रेटरीओ) मांथी कोइनुं पण राजीनामुं आवशे तो मुंबईनी कार्यवाहक समिति कामचलाउ निमणुंक करशे.

१३. **प्रांतिक तथा स्थानिक समितिओ**:—१ कॉन्फरन्सना अधिवेशन वखते दरेक प्रांतना स्थायी समिति (स्टेन्डींग कमिटी) ना सभ्यो (मेम्बरो) चुंटाय तेमांथी ते ते प्रांतना प्रांतिक सेक्रेटरीओनी कॉन्फरन्से निमणुंक करवी. आवा प्रांतिक सेक्रेटरीए ते ते प्रांतनी समिति ते ते प्रांतमांथी स्थायी समिति (स्टेन्डींग कमिटी) ना जे मेम्बरो चुंटाया होय ते उपरांत योग्य लागे तो बीजा उमेरीने प्रांतिक समिति रचवी अने ते समिति द्वारा कॉन्फरन्सने लगतां कार्यो करवां तथा ठराव अमलमां मुकवां प्रयत्नो करवा. आवी प्रांतिक समितिओ बीजी स्थानिक समितिओ तथा तेना मंत्रीओ नीमशे. आवी स्थानिक समितिओना सभ्यो जो ते स्थानमां रहेता होय तो तेओ तेना सभ्य गणाशे. [२] आवी रीते प्रांतिक समितिओ या स्थानिक समितिओ कोई पण कारणे न रची शकाय तो जनरल सेक्रेटरीओ तेवी बंने प्रकारनी समितिओ तथा तेना मंत्रीओनी रचना तथा निमणुंक करशे. [३] आ प्रांतिक अने स्थानिक समितिओ रजीस्टर थया विना दर सो सभ्योए पांच प्रतिनिधिओ मोकली शकशे अने ते माटे तेने सभा के मंडळ तरीके गणवामां आवशे [४] जे स्थाने प्रतिनिधिनी चुंटणी माटे संघ कोईपण कारणे न मळ्यो होय या न मळे तेम

होय त्यां आ समिति जाहेर सभा बोलावी प्रतिनिधि नीमी मोकली शकशे. [५] आवी प्रांतिक तथा स्थानिक समितिओ पोताना प्रांत या शेहर या गांममांथी सुकृत भंडार फंड उघरावशे तथा तेमांथी उघरावबानुं खर्च बाद जतां बाकीनी रकममांथी अर्धो हिस्सो पोताना प्रांत के स्थानिक समितिना खर्च, प्रचारकार्य वगेरे माटे राखी बाकीनी अर्धी रकम हेड ओफिसमां मोकलशे.

१४. **कॉन्फरन्सना प्रमुखनी नीमणुंकः**–ज्यां कॉन्फरन्सनुं अधिवेशन थवानुं होय त्यांनी स्वागत समिति [रीसेप्शन कमिटी] स्थानिक महामंत्रीओ [रेसीडेन्ट जनरल सेक्रेटरीओ] नी सलाह लई ते अधिवेशनना प्रमुख नीमी शकशे.

१५. **कॉन्फरन्स मुख्य कार्यालय [हेड ओफीस]:**–कॉन्फरन्सनुं मुख्य कार्यालय [हेड ओफिस] मुंबईमां कार्यवाही समितिनी देखरेख नीचे रहेशे अने कार्यवाही समितिनी मीटींगमां बहारगामना स्थायी समिति (**स्टेन्डींग कमिटी**) ना सभ्यो [मेम्बर] मुंबईमां होय त्यारे भाग लई शकशे.

१६. **अहेवाल [रीपोर्ट] तथा हिसाबः**–स्थानिक महामंत्रीओ [रेसीडन्ट जनरल सेक्रेटरीओ] कॉन्फरन्सने लगता दरेक काम-काजनो अहवाल [रीपोर्ट] दरेक महामंत्री [जनरल सेक्रेटरी] तथा प्रांतिक समितिओ [कमिटीओ] ना मंत्रीओ [सेक्रेटरीओ] पासेथी विगतो मंगावी तैयार करशे अने तेनो हिसाब तपासावशे [ऑडीट करावशे] अने ते अहेवाल [रीपोर्ट] तथा हिसाब छपावी बहार पाडी कॉन्फरन्सना अधिवेशन वखते रजु करशे.

कॉन्फरन्सनी बेठक वेळाए कामकाज चलाववाना कानुनो.

१ कॉन्फरन्सनी दरेक बेठक स्वागत कमिटीए जाहेर करेला वखते अने जग्याए मळशे.

२ कॉन्फरन्सना पहेला दिवसनुं कामकाज बनतां सुधी नीचे मुजब रहेशे.

(क) स्वागत कमिटीना प्रमुख तरीकेनुं प्रतिनिधिओने आवकार आपनारुं भाषण.

(ख) कॉन्फरन्सना नीमायेल प्रमुखनो यथाविधि स्वीकार अने तेमनुं भाषण.

(ग) कॉन्फरन्सना कामकाजनो रिपोर्ट.

(घ) विषय विचारिणी समिति (सबजेक्ट कमिटी) नी चुंटणी.

३ कॉन्फरन्सनी दरेक बेठक शरु थाय ते आगमज बनी शके त्यां सुधी ते दिवसना कामकाजना कार्यक्रमनी छापेली नकल सेक्रेटरीओ वहेंचशे.

४ कॉन्फरन्स सन्मुख जे भाषणो थाय ते उपर अथवा तेमां दर्शावेला विचारो उपर कोईपण जातनो वादविवाद चलाववा देवामां आवशे नहीं.

५ कानुनने लगता अने कामकाज चलाववानी रुढीगे लगता सघळा सवालोनो प्रमुख पोते वगर ढीले निर्णय करशे, अने तेमनो निर्णय सघळा दाखलाओमां छेवटनो अने बंधनकर्ता गणाशे.

६ कोई गंभीर गडबडनें लीधे अथवा बीजा कोई चोकस कारणसर चोक्कस वखत सुधी अथवा कोईपण दिवस नक्की कर्या विना कोन्फरन्स मुल्तवी राखवानी सत्ता प्रमुखने रहेशे.

७ कार्यक्रममां जे अनुक्रम राख्यो होय ते अनुक्रममां फेरफार करवानी प्रमुखने सत्ता छे.

८ कोईपण ठराव रजु करवा माटे तेनी दरखास्त मुकनार, तेने टेको आपनार अने तेना वधु समर्थन माटे अनुमोदन आपनार सबजेक्ट कमिटीए चुंटी काढेला प्रतिनिधिओ होवा जोईए ते सिवाय कोई बीजाने बोलवा देवानी रजा आपवी के न आपवी ते प्रमुखनी मुनसफी उपर छे.

९ सजजेक्टस कमिटीए दरखास्त अने टेको आपनारानां नाम साथे मुकरर करेला ठराव पण प्रमुखने योग्य जणाय तो ते पोता तरफथी रजु करी शकशे. अने तेमां कोईपण वांधो लई शकशे नहिं.

१० सघळा बोलनाराओने अमुक वखत सुधोज बोलवा देवानी, तेमज वळी कोईपण बोलनारने कानुनसर वर्तवा कहेवानी तथा कोई बोलनार प्रमुखनी तरफनी चेतवणी छतां चर्चाना नियमोनुं चालु उल्लंघन कर तो तेने ठरावेला वखतनी हद पुरी थाय ते अगाऊ पण वधु बोलता अटकाववानी कॉन्फरन्सना प्रमुखने सत्ता रहेशे.

११ कॉन्फरन्सना कार्यमां विघ्न करनार या कानुननो भंग करनार कोईपण प्रतिनिधि के प्रेक्षकने कारण जणाव्या के फी पाछी आप्या वगर मंडप छोडी जवानुं प्रमुखने फरमान करवानी सत्ता छे.

१२ स्वागत कमिटी तरफथी नक्की करवामां आवे ते करारो अने शरतो मुजब प्रेक्षकोने कॉन्फरन्सनी बेठको वेळाए तेओ माटे राखवामां आवेला एलायदा भागमां हाजर रहेवा देवामां आवशे. तेओनी फी आप्या सिवाय सभा छोडी जवाने कॉन्फरन्सना प्रमुख कोईपण वखते फरमावी शकशे.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનાં ચૌદમાં અધિવેશનમાં નીચે મુજબ ઓદ્ધેદારો અને સ્થાયી સમિતિ (ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટી)ની ચુંટણી કરવામાં આવી છેઃ—

જનરલ સેક્રેટરીઓઃ-(૧) બાબુ બહાદુરસિંહજી સિંધી, કલકત્તા, (બેંગાલ). (૨) શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢા, જયપુર, (મેવાડ, મારવાડ, માળવા.) (૩) શેઠ મકનજી જે. મહેતા, બાર-એટ-લૉ, (ગુજરાત,-કાઠીયાવાડ.) રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓઃ-શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી, અને શેઠ અમૃતલાલ કાલીદાસ, મુંબઇ.

મુંબઇ.

૧ શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી
૨ ,, મકનજી જે. મહેતા
૩ ડૉ. પુનશી હીરજી મૈશેરી
૪ શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
૫ ,, મોહનલાલ ભગવાનદાસ ઝવેરી
૬ ,, મોહનલાલ દલીચંદ દેશાઈ
૭ ,, સકરચંદ મોતીલાલ મૂલજી
૮ ડૉ. નાનચંદ કે. મોદી
૯ શેઠ લાલજી ભારમલ
૧૦ ,, અમૃતલાલ કાલીદાસ
૧૧ ,, મોહનલાલ હેમચંદ ઝવેરી
૧૨ ,, મગનલાલ મૂલચંદ શાહ
૧૩ ,, દેવજી ટોકરશી મૂલજી
૧૪ ,, ઘેલાભાઈ પુનશી
૧૫ ,, ગલાલચંદ શીવજી
૧૬ ,, ભવાનજી અરજણ ખીમજી
૧૭ ,, મૂલચંદ સજમલજી
૧૮ ,, કકલભાઈ બી. વકીલ
૧૯ ,, નરોતમદાસ ભગવાનદાસ
૨૦ ,, હીરાભાઈ રામચંદ મલબારી
૨૧ ,, ચિનુભાઇ લાલભાઈ શેઠ
૨૨ ,, ચુનીલાલ વીરચંદ
૨૩ ,, પરમાણંદ કુવરજી કાપડીઆ
૨૪ ,, વાડીલાલ સાંકલચંદ વોરા
૨૫ ,, સાકરચંદ મા. ઘડીયાલી
૨૬ ,, નાનજી લધાભાઈ
૨૭ ,, મણીલાલ મોકમચંદ
૨૮ ,, વીરચંદ મેલાપચંદ શાહ
૨૯ ,, ડાહ્યાભાઇ સુરજમલ ઝવેરી
૩૦ ,, રતિલાલ ચી. કોઠારી
૩૧ ,, ઉમેદચંદ ડી. બરોડીઆ
૩૨ ,, મોહનલાલ ડી. ચોકસી
૩૩ ,, જીવણલાલ નાનજી ગાંધી
૩૪ ,, નાગજી ગણપત
૩૫ ,, કરમશી પાચારીઆ
૩૬ ,, ગિરધરલાલ બાપૂલાલ કાપડીઆ
૩૭ શ્રી રતીલાલ સારાભાઈ
૩૮ ,, વાડીલાલ જીવરાજ
૩૯ બ્હેન મંગલાબ્હેન મોતીલાલ
૪૦ ,, તારાબ્હેન સૌ. દેસાઇ
૪૧ શ્રી. નેણશી ભોજરાજ
૪૨ ,, લલ્લુભાઇ કરમચંદ દલાલ
૪૩ ,, કકીરચંદ કેશરીચંદ શરાફ
૪૪ ,, હીરાલાલ હાલચંદ દલાલ
૪૫ ,, ડૉ. ટી. ઓ. શાહ

સુરત.

૧ શ્રી દલીચંદ વીરચંદ સુરત
૨ ,, ડૉ અમીચંદ છગનલાલ સુરત
૩ ,, જીવણલાલ કપૂરાજી વાંઝ
૪ ,, રતનચંદ રાયચંદ સુરત
૫ ,, હીરાચંદ ઝવેરચંદ ,,
૬ ,, સુરચંદ પી. બદામી ,,
૭ ,, ઠાકોરદાસ નગીનદાસ ,,
૮ , ખેમચંદ ઝવેરચંદ શાહ ,,

વલસાડ—નવસારી વિગેરે.

૧ શ્રી છગનલાલ રાયચંદ પરીઆ
૨ ,, વીરચંદ ગોવનજી
૩ ,, નગીનદાસ વીરચંદ
૪ ,, પ્રેમચંદ નાનચંદ
૫ ,, દેવચંદ મોતીચંદ
૬ ,, છગનલાલ લલુભાઇ
૭ ડૉ. ચીમનલાલ નેમચંદ શ્રોફ

વડોદરા—ખેડા—ખંભાત.

૧ શ્રી મણીલાલ બાલાભાઇ નાણાવટી
૨ ,, નાગકુમાર નાથાભાઇ મકાતી (મંત્રી)
૩ ,, વાડીલાલ મગનલાલ વૈદ્ય
૪ ,, મણીલાલ મોહનલાલ પાદરાકર
૫ ,, રતીલાલ બેચરદાસ(ખંભાત)
૬ ,, બાલાભાઇ ભાઇલાલ (ખેડા)
૭ ડૉ. વાડીલાલ પ્રેમચંદ જૈન ,,

પાટણ અને પાટણ તાલુકો.

૧ નગરશેઠ કેશવલાલ અમરચંદ (સેક્રેટરી)
૨ શ્રી. ભોગીલાલ લહેરચંદ
૩ ,, હેમચંદ મોહનલાલ
૪ ,, જેસંગલાલ પુનમચંદ
૫ ,, કેશવલાલ મંગલચંદ
૬ ,, મફતલાલ જીવાચંદ
૭ ,, જીવાચંદ છગનલાલ

કડી પ્રાંત.

૧ શ્રી. મહાસુખભાઇ ચુનીલાલ (મંત્રી.)
૨ ,, અમથાલાલ નગીનદાસ ભાખરીઆ (મહેસાણા)
૩ ,, રાયચંદ લલુચંદ મેંકર (ગુંજવાળ)
૪ ,, રમણલાલ મંગળચંદ
૫ ,, અમીચંદ ખેમચંદ
૬ ,, માણેકલાલ સરૂપચંદ
૭ ,, કતેચંદ લલુચંદ

સોરઠ.

૧ શ્રી. મણીલાલ જેમલ શેઠ (નિંગાળા)
૨ ,, છોટાલાલ પ્રેમજી માંગરોળ
૩ ,, પ્રેમજી નાગરદાસ ,,
૪ ,, દ્વારકાદાસ ભગવાનદાસ માંગરોળ
૫ ,, ચંદ્રકાન્ત વી. સુતરીઆ (મંત્રી) જુનાગઢ
૬ ,, કેશરીચંદ જેસંગલાલ બગસરા
૭ ,, લાલચંદ જેચંદ ,,
૮ ,, ઝવેરચંદ પરમાણંદ પોરબંદર
૯ બ્હેન લીલાવંતી દેવીદાસ માંગરોળ
૧૦ ,, ગુલાબબ્હેન મકનજી મહેતા

ગોહેલવાડ.

૧ શ્રી. કુંવરજી આણંદજી ભાવનગર
૨ ,, જીવરાજ ઓધવજી દોશી (મંત્રી) ,,
૩ ,, દેવચંદ દામજી શેઠ ,,
૪ ,, વલભદાસ ત્રિ. ગાંધી ,,

૫ શ્રી. નાનાલાલ હરીચંદ શાહ
૬ ,, જમનાદાસ અમરચંદ ગાંધી
૭ ,, નાનચંદ શામજી (કુંડલા)
૮ ,, વલભદાસ પ્રે. મહેતા મહુવા
૯ ,, સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી મહુવા
૧૦ ,, મોહનલાલ પાનાચંદ, શિહોર

અમદાવાદ અને જીલ્લો.

૧ શ્રી વિમલભાઈ મયાભાઇ
૨ ,, કસ્તુરભાઇ લાલભાઈ
૩ ,, સારાભાઇ ડાહ્યાભાઈ
૪ ,, પુંજભાઇ દીપચંદ
૫ ,, સકરાભાઇ લલુભાઈ
૬ ,, મણીલાલ મોહનલાલ હેમચંદ
૭ ,, મુલચંદ આશારામ ઝવેરી
૮ ,, પોપટલાલ શામલદાસ
૯ ,, સારાભાઈ મોહનલાલ દલાલ
૧૦ ,, ધીરજલાલ ટોકરશી શાહ
૧૧ ,, મંગળદાસ નથુભાઈ ખરીદીયા
૧૨ ,, કાંતિલાલ મગનલાલ ભાવનગરી
૧૩ ,, છોટાલાલ ત્રિકમલાલ વિરમગામ
૧૪ ,, કેશવલાલ નાગજી (સાણંદ)
૧૫ ,, ચંદુલાલ સારાભાઇ મોદી
૧૬ ,, રમણિકલાલ કેશવલાલ ઝવેરી

પાલણપુર એજન્સી.

૧ શ્રી. નાનાલાલ ચંદુલાલ કોઠારી
૨ ,, કાલીદાસ સાકળચંદ દોશી
૩ ,, મણીલાલ ખુશાલચંદ પારી મંત્રી
૪ ,, લિંમતલાલ ડાહ્યાભાઈ કોઠારી
૫ ,, નાગરદાસ લકમચંદ શાહ

હાલાર કાઠીયાવાડ.

૧ શ્રી. ચુનીલાલ ચત્રભુજ લાલપર (મંત્રી)
૨ ,, ત્રિભોવનદાસ મલુકચંદ મોરબી
૩ ,, ચુનીલાલ રતનશી મુંબઈ
૪ ,, પ્રભુદાસ નેણશી જામનગર
૫ ,, ધરમશી જેઠાભાઇ
૬ ,, ભગવાનજી હેમચંદ મુંબઇ
૭ ,, મનસુખલાલ હીરાલાલ ,,
૮ ,, ડૉ. કેશવલાલ એમ. શાહ

ઝાલાવાડ પ્રાંત.

૧ શ્રી. પુરશોતમ સુરચંદ ધ્રાંગધ્રા
૨ ,, રાયચંદ અમુલખ વઢવાણ
૩ ,, લાડકચંદ પાનાચંદ બોટાદ
૪ ,, ભગવાનદાસ હરખચંદ લીંબડી
૫ ,, ભુધર પરસોતમ કોઠારી મૂળી
૬ ,, જીવરાજ જગજીવન રાણપુર
૭ ,, રતિલાલ વર્ધમાન વઢવાણ કેંપ
૮ ,, દીપચંદ કેવળ, ચોટીલા

બેંગાલ.

૧ શ્રી. ગણેશમલ નાહેટા
૨ ,, પુર્ણચંદ્ર નહાર
૩ ,, તાજબહાદુરસિંહજી
૪ ,, રાયકુમાર સિંહજી
૫ ,, અમૃતલાલ નથુચંદ
૬ ,, દયાલચંદ પારેખ
૭ ,, નરોત્તમ જેઠાભાઈ (મંત્રી)

શ્રી મહીકાંઠા વિભાગ.

૧ શ્રી. ન્યાલચંદ લ સોની, સાદરા (મંત્રી)
૨ ,, જમનાદાસ ચતુરદાસ
૩ ,, નગીનદાસ સાકલચંદ વકીલ
૪ ,, કેશવલાલ નગીનદાસ
૫ ,, જેઠાલાલ મોતીલાલ
૬ ,, પુનમચંદ ગુલાબચંદ ઝવેરી
૭ ,, ફતેચંદ મો. વખારીઆ

રાધનપુર એજન્સી.

૧ શ્રી મણીલાલ મોતીલાલ મૂલજી
૨ ,, જીવણલાલ કેશરીચંદ
૩ ,, ચીમનલાલ શીરચંદ
૪ ,, લખમીચંદ પ્રેમચંદ મંત્રી
૫ ,, જીવતલાલ ચંદ્રભાણ કોઠારી

પંજાબ.

૧ લાલા સંતરામ જૈન અંબાલા
૨ શ્રી. નેમદાસ જૈન ,,
૩ ,, માણેકચંદ જૈન ,,
૪ ,, બાબૂરામ જૈન ઝીરા (મંત્રી)
૫ ,, ચુનીલાલ જૈન અમૃતસર
૬ ,, માણેકચંદ જૈન લાહોર
૭ ,, દોલતરામ વકીલ હોશીયારપુર
૮ ,, જસવંતરાય જૈની દિલ્હી
૯ ,, મંગતરામ અંબાલા
૧૦ ,, જ્યાનચંદ ગુજરાંવાલા

યુ. પી.

૧ બાબૂ કીર્તિપ્રસાદ જૈન, બીનૌલી (જી. મીરટ) મંત્રી
૨ ,, કનૈયાલાલ જૈન કસ્થલા
૩ ,, લાલચંદ સંતોકચંદ કાનપૂર
૪ ,, ખેમચંદ જોહરી લખનૌ
૫ રાજા સત્યાનંદ પ્રસાદ બનારસ
૬ શ્રી. વિશાલ સિંહ મિરત
૭ ,, ખૂશાલચંદ વકીલ બનારસ

નિઝામ રાજ્ય.

૧ શ્રી. ચુનીલાલ રાયચંદ કોટેચા નાંદુર
૨ ,, ગણેશમલ રૂગનાથમલ બેંકર્સ હૈદ્રાબાદ (મંત્રી)

ભરૂચ જીલ્લો.

૧ શ્રી. જગમોહનદાસ મંગલદાસ જંબુસર, મંત્રી

મારવાડ.

૧ શ્રી. કેશરીચંદ જ. લલવાણી (મંત્રી)
૨ ,, વસ્તીમલ ગુલાબચંદ, પાલી
૩ ,, હીરાચંદ પરમાર, સાદડી
૪ ,, ખેમચંદ સીંધી, શિરોહી
૫ ,, ભભૂતમલ ચત્રાજી, દેળદર
૬ ,, ચંદનમલ ગોડીદાસ, આહોર
૭ ,, સરદારમલ બાબાગામ
૮ ,, મયાચંદ સંતોકચંદ, સાદડી
૯ ,, ચુનીલાલ દેવરાજ, મંડવારીઆ
૧૦ ,, જસરાજ અનોપચંદ, ઘાણેરાવ

કચ્છ.

૧ શ્રી. મેઘજી સોજપાળ
૨ ,, પ્રેમચંદ સાકરચંદ સંઘવી
૩ ,, લખમીચંદ વીરજી લાપસીઆ
૪ ,, લીલાધર દામજી શાહ
૫ ,, ચનાભાઇ ખેતશી
૬ ,, માણેકજી વેલજી ખોના
૭ ,, કલ્યાણજી ધનજી
૮ ,, પદમશી દામજી
૯ ,, ક્ષમાનંદજી મહારાજ (મંત્રી)
૧૦ ,, ખેતશી શીવજી ખોના
૧૧ ,, શામજી ભવાનજી પટેલ
૧૨ ,, સાકરચંદ પાનાચંદ

બરમા.

૧ શ્રી. પ્રેમજી લધાભાઇ
૨ ,, જેસંગલાલ મનસુખભાઇ (મંત્રી)

પૂર્વ રાજપુતાના.

૧ શ્રી. સોહનગઢ ગોલેચ્છા (મંત્રી) જયપુર
૨ ,, માનમલ મુકીમ જેપુર
૩ ,, પુનમચંદ ટોર ,,

અજમેર મેરવાડા.

૧ શ્રી. હરીશ્ચંદ્ર ધારીવાલ (મંત્રી) અજમેર
૨ ,, હમીરમલ લુણીઆ ,,

મેવાડ.

૧ શ્રી. રોશનલાલ ચતુર (મંત્રી)
૨ ,, ગવાહરલાલ જૈન, નીમચ
૩ ,, ચંદનમલ નાગોરી
૪ ,, મદનસિંહજી કોઠારી ઉદેપુર
૫ ,, પનાલાલ દલાલ ,,

માળવા.

૧ શ્રી. અચલમલ મોદી (મંત્રી) ઇંદોર
૨ ,, પ્રતાપસિંહ નવલખા સીતામઉ
૩ શ્રી. મોહનસિંહ મહેતા સીતામહુ
૪ ,, લખમીચંદ ઘીઆ પ્રતાપગઢ
૫ ,, હરિસિંહ કોઠારી સૈલાના

ઉત્તર મહારાષ્ટ્ર.

૧ શ્રી. બાલચંદ હીરાચંદ (મંત્રી)
૨ ,, મોતીલાલ વીરચંદ સોલાપુર
૩ ,, મોતીલાલ ચુનીલાલ માલેગાંવ
૪ ,, કિશનદાસ ભુકનદાસ ,,
૫ ,, પોપટલાલ રામચંદ પૂના
૬ ,, માણેકલાલ અ. ભટેવરા નાશિક
૭ ,, રાજમલ માનમલ મંચર
૮ ,, હસ્તીમલ હજારીચંદ, અહમદનગર
૯ ,, બાબૂલાલ મગનલાલ, પૂના
૧૦ ,, કેશવલાલ રાયચંદ, કોતુલ
૧૧ ,, ચંદુલાલ દલસુખરામ, પૂના
૧૨ ,, ધનરાજ કિશનદાસ, અહમદનગર
૧૩ ,, કેશવલાલ બાલારામ ઉર્લી
૧૪ ,, છગનલાલ દામોદર, નાશિક
૧૫ ,, ચુનીલાલ સરૂપચંદ રાજુરી
૧૬ ,, મૂલજી નરશી, બારશી

દક્ષિણ મહારાષ્ટ્ર.

૧ શ્રી. ચતુરભાઇ પીતાંબર (મંત્રી) સાંગલી
૨ ,, રેવચંદ તુલજારામ નિપાણી
૩ ,, ગણપત પદમચંદ વિજાપુર
૪ ,, ડોંગરચંદ અંબારામ એકસંબા
૫ ,, મંગલભાઇ લલુભાઇ કહાડ
૬ ,, ગોવિંદ રામચંદ તાસગામ
૭ ,, દલીચંદ રતનચંદ ખાતગામ
૮ ,, તારાચંદ હીરાચંદ બેલગામ
૯ ,, હિંદુમલ જીતરાજ કોલ્હાપુર

બિહાર ઓરીસા.

૧ બાબુ સુખરાજરાય નાથનગર

મદ્રાસ મૈસુર.

૧ શ્રી. ગુમાનમલ રાઈગજી આદોની
૨ ,, નવલમલ ઠાકરશી ,,

મધ્યપ્રાંત.

૧ શ્રી. હરખચંદ હવસીલાલ (મંત્રી) બાલાપુર
૨ ,, પાનમલ ચોરડીઆ નાગપુર
૩ ,, કિશનદાસ ભાઉશા ,,
૪ ,, પ્રેમચંદ ચોરડીઆ ,,

અખિલ હિંદ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના અધિવેશન પ્રસંગે દેશ દેશાંતરોથી આવેલા પરિષદને સફળતા ઇચ્છનારા સંદેશાઓ.

જૈનાચાર્ય શ્રીમદ વિજયવલ્લભ સૂરીશ્વરજી ...	વડોદરા	શ્રી. ઝવેરચંદ પ્રાગજી ...	... ,,
શ્રી. કુંવરજી આણંદજી ...	... ભાવનગર	,, જૈન સંઘ ...	... ,,
રાવસાહેબ રવજી સોજપાલ જે. પી.	... કચ્છ માંડવી	,, ચંદુલાલ કાલીદાસ ...	... ધીનોજ
શ્રી વિમળાબાઇ મયાભાઇ નગરશેઠ	... અમદાવાદ	,, રીધરાજ ધારીવાલ ...	... ગવાલીયર
,, સારાભાઇ ડાહ્યાભાઇ ...	... અમદાવાદ	,, દયાલચંદ જોહરી ...	... આગ્રા
,, લલ્લુભાઇ મનોરદાસ ...	... ,,	શ્રી સંઘ ...	... મુલતાન પંજાબ
,, જીવણલાલ પનાલાલ જે. પી.	... મુંબઇ	જી. રૂગનાથમલજી ...	... હૈદરાબાદ
,, કેશવલાલ અમરચંદ નગરશેઠ	... પાટણ	શ્રી. અચલદાસજી ...	... રૂપરૂપગંજ
,, ભગવાનલાલ પનાલાલ જે. પી.	... મુંબઇ	,, ધનરાજ પરમાર ...	... સુરત
,, મગનલાલ મુળચંદ શાહ	... લંડન	,, પ્યારેલાલ દલેલસીંગ જોહરી	... દીલ્હી
,, ચીનુભાઇ અને કલ્યાણભાઇ લાલભાઇ	... અમદાવાદ	,, બાલાભાઇ અમૃતલાલ	... અહમદાવાદ
,, જીવરાજ ઓધવજી ...	... ભાવનગર	,, ભોગીલાલ રતનચંદ કર્ણી	... ,,
,, હેમચંદભાઇ રામજીભાઇ મહેતા (પ્રેસીડન્ટ શ્રી સ્થાનકવાસી જૈન શ્વે. કોન્ફરન્સ) ...	,,	,, સોભાગમલ ગોલેચ્છા ...	... ફલોધી
		,, જગમોહનદાસ મંગળદાસ ડોકટર	... જંબુસર
,, શાન્તીદાસ આસકરણ જે. પી.	... કચ્છ માંડવી	,, લક્ષ્મીચંદ ઘીયા ...	... પરતાપગઢ
,, વલ્લભદાસ ત્રીભોવનદા ગાંધી	... ભાવનગર	,, જૈન ધર્મ પ્રસારક સભા	... ભાવનગર
,, સાકરચંદ નારણજી શાહ	... જામનગર	,, જૈન શુભેચ્છક મંડળ	... સાણંદ
,, કોઠારી હરીસીંહ ...	... સૈલાના	,, વિનયવીજયજી ...	... અમલનેર
,, મોહનલાલ હેમચંદ વકીલ	... પાદરા	,, નગરશેઠ ...	... રાધનપુર
,, શાન્તી પ્રચારક મંડળ	... જામનગર	,, ગીરધર આણંદજી કાપડીઆ	... ભાવનગર

શ્રી જૈન શિક્ષણ સંસ્થા સંગઠ્ઠન સમેલન.

સંગઠ્ઠન સમિતિની નિમણુક અને તેની કાર્ય દિશા.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડના આશ્રયતળે કૉન્ફરંસનાં ચૌદમાં અધિવેશનના દિવસોમાં (તા. ૫ મે ૧૯૩૪) જૈન શિક્ષણ સંસ્થાઓનાં સંગઠ્ઠન માટેની વિચારણા કરવા અગાઉથી જાહેરાત આમંત્રણ પત્રિકાઓ મોકલાયા મુજબ પ્રાથમિક સભા શ્રીયુત પંડિત સુખલાલજીના પ્રમુખપણાં હેઠળ મળી હતી જે સમયની કાર્યવાહીની સંક્ષિપ્ત નોંધ નીચે મુજબ છે.

જૈન શિક્ષણ સંસ્થાઓમાં અરસપરસ સહકાર સાધવા અને શિક્ષણ સંસ્થાઓને યોગ્ય માર્ગદર્શન કરાવવા શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ, મુંબઈ હસ્તક નીચેના સભ્યોની જૈન શિક્ષણ સંસ્થા સંગઠ્ઠન સમિતિ પોતાની સંખ્યામાં વધારો કરવાની સત્તા સાથે નીમવામાં આવે છે.

૧ પંડિત સુખલાલજી–અમદાવાદ
૨ શ્રી ધીરજલાલ ટોકરશી શાહ–અમદાવાદ
૩ શ્રી ફુલચંદ હરિચંદ દોશી–પાટણ
૪ શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલ–મુંબઇ
૫ શ્રી ઇન્દુમતી ચિમનલાલ શેઠ–અમદાવાદ
૬ શ્રી હીરાભાઈ રાયચંદ–બગવાડા
૭ શ્રી ભગવાનદાસ મીઠાભાઇ શાહ–જુનર
૮ શ્રી લીલાવંતી બ્હેન દેવીદાસ–મુંબઇ
૯ શ્રી મેના બ્હેન નરોત્તમદાસ–મુંબઈ
૧૦ શ્રી સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી–મુંબઇ
૧૧ શ્રી બબલચંદ કેશવલાલ મોદી–મુંબઇ
૧૨ શ્રી વીરચંદ મેલાપચંદ શાહ–મુંબઇ

(૨) આ સમિતિ હાલ તુરત નીચેનાં ત્રણ કાર્યો કરશે.

(૧) નીચે મુજબ પ્રાંતોના ગ્રુપ બનાવી દરેક ગ્રુપના એકેક અનુભવી મહાશય દ્વારા એ પ્રાંતોમાં ચાલતી શિક્ષણ સંસ્થાની માહિતી એકઠી કરવી.

(૨) શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનાં મુખપત્ર તરીકે ચાલતા 'જૈન યુગ' નામના પાક્ષિ-પત્ર સાથે દરઅંકમાં ઓછામાં ઓછી એક ફર્માની શિક્ષણ પત્રિકા પ્રસિદ્ધ કરવી, જેનું સંપાદન જૈન જ્યોતિના તંત્રી શ્રી ધીરજલાલ ટોકરશી શાહ કરશે.

(૩) શિક્ષણ સંસ્થાઓને મુંઝવતા પ્રશ્નો જે આ સમિતિ ઉપર મોકલવામાં આવ્યાં હશે તેનો શકયતા મુજબ યોગ્ય ઉકેલ બતાવ-વામાં આવશે અને તે કામ પંડિત શ્રી સુખલાલજી કરશે.

(૩) આ સમિતિ સાથે સંબંધ બાંધવા માટે લવાજમનું ધોરણ નીચે મુજબ રહેશે.

અ. પાઠશાળા તથા તેજ ઢબે ચાલતી ફક્ત ધાર્મિક શિક્ષણ આપનારી સંસ્થાનું લવાજમ વાર્ષિક લવાજમ રૂા. એક.

બ. છાત્રાલય, ગુરૂકુલો, શાળાઓ, ઉદ્યોગ મંદિરો, કે વાણિજ્ય વિદ્યામંદિરો વગેરે વ્યવહાર પ્રધાન કેળવણી આપનાર શિક્ષણ સંસ્થાઓ માટે રૂા. ત્રણ.

ક. લવાજમનું વર્ષ ૧ જુન થી ગણવામાં આવશે.

ડ. સભાસદ થનાર સંસ્થાને શિક્ષણ પત્રિકા વિનામૂલ્યે મળશે તથા વખતો વખત ઉપયોગી પ્રશ્નોમાં સલાહ મળશે.

(૪) શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં ચાલતી તમામ પ્રકારની શિક્ષણ સંસ્થાઓએ આ સમિતિ સાથે લવાજમ ભરી સંબંધ બાંધવો એ પોતાનાં લાભનું છે એમ આ સભાનો દૃઢ અભિપ્રાય છે.

[ઉપરોકત યોજના એજ્યુકેશન બોર્ડની વ્યવસ્થાપક સમિતિ સમક્ષ રજુ કરવામાં આવનાર છે.]

(અનુસંધાન પૃષ્ટ ૧૯૯ પરથી)

શ્રી.	જૈન સમાજ ...	...	મેસાણા
,,	પ્રતાપસિંહ મોહોબ્બતલાલભાઇ	...	અમદાવાદ
,,	જૈન યુવક મંડળ ...	...	મહુવા
,,	સુમીત્રસીંહ લોઢા આદિ જૈન મીશન સોસાયટી, પાંચ ...	...	એરણપુરા
,,	ગણેશલાલ ગુલાબચંદ	...	અકોલા
શેઠ	હીરાચંદ સુચંતી ...	...	અજમેર
શ્રી.	બાબુરામ જૈન ...	...	ઝીરા
,,	કુવરજી આણંદજી કાપડીઆ	...	ભાવનગર
,,	ગોપીચંદ ધારીવાલ ...	...	અજમેર
,,	આત્માનંદ જૈન સભા–પંજાબ	...	અંબાલા
શ્રી	જૈન પારસવીર મંડળ ...	...	ધમતરી C. P.
શ્રી.	મણીલાલ વી કોઠારી	...	જોરાવરનગર
શ્રી.	કસ્તુરભાઇ લાલભાઇ	...	અમદાવાદ
,,	એસ. એમ. બાફણા (પ્રાઇમ મિનિસ્ટર)		ઇન્દોર
,,	એમ. એમ. શાહ ..	...	નડીઆદ
,,	પુરણચંદ્રજી ...	...	કલકત્તા
,,	ક્ષમાનંદજી ...	...	ભુજપુર
,,	કીરતીપ્રસાદ જૈન ...	...	બીનાઉત્રા
,,	નારણદાસ જૈન, જૈન શ્વેતાંબર સભા...		મુલતાન
,,	ફકીરચંદ ...	...	ઝાંશી Jhansi.
,,	માનકચંદ જૈની ...	...	ગુજરાનવાલા
,,	રતનચંદ ગોલેછા ...	...	જબલપુર
,,	ચંદુલાલ મયાચંદ ...	...	ધોલકા
,,	પોપટલાલ ત્રીભોવનદાસ કરાંચીવાલા	...	ભુજનગર
,,	હરજીવનદાસ દીપચંદ વકીલ	...	રાધનપુર

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૧ નું)

શ્રી ગોડીજી મહારાજનાં દેરાસરજીમાં દર્શન કરી મુંબઇ માંગરોળ જૈન સભાના હૉલમાં કૉન્ફરન્સ તરફથી સત્કારાર્થ મેળાવડો થયો હતો. ફુલ હાર અર્પણ થયાં અને પ્રાસંગિક વિવેચનો બાદ પ્રમુખશ્રી સ્વાગતાધ્યક્ષ શ્રી. અમૃતલાલ કાલિદાસ શેઠને બંગલે વાલકેશ્વર હંકારી ગયા હતા.

બેઠકોના દિવસોનો અહેવાલ.

તા. ૫-૫-૩૪.

મુંબઇને આંગણે તા. ૫, ૬, ૭, મે શનિ-રવિ-સોમવારના દિવસોમાં આ પરિષદ મળનાર હોવાથી અને તેની યોગ્ય જાહેરાત પ્રચાર આદિના પરિણામે જે જાગૃતિ અને ઉત્સાહ જૈન સમાજમાં દૃષ્ટિગોચર થતાં હતાં તેનો સંપૂર્ણ અનુભવ પ્રથમ દિવસે અધિવેશન મંડળ માધવબાગના ખુલ્લા ભાગ અને ટીકીટઓફિસ ટીકીટો ખરીદવા માટેનો જન સમૂહ સ્ત્રી અને પુરૂષોનો એક સરખો પ્રવાહદ્વારા યથાસ્વરૂપ મલી શકતો હતો. નિયત સમય પહેલાં તો મંડપ ચિકાર થઇ ગયો હતો અને મંડપ ઉપરાંત માધવબાગની ગેલેરીઓમાં સ્ત્રી-પુરૂષોની હાજરી આકર્ષક હતી. અનેકવિધ પાઘડીઓ જૂદા જૂદા હિંદના વિભાગોનું સૂચક કરતી હતી. પ્લેટફોર્મ પણ વિશાળ હોવા છતાં આગેવાનોથી ભરાઇ ગયું હતું.

પ્રમુખશ્રી બરાબર નિયત થયેલે સમયે આવી પહોંચતાં સ્વયંસેવક મંડળના બેંડે સલામી આપ્યા બાદ મંડપના પ્રવેશદ્વાર આગળજ વર્તમાનપત્રો વાળાઓ તેમનો 'ફોટો' લીધો હતો. ત્યાર બાદ પ્રમુખશ્રીએ વ્યાસપીઠપર બીરાજી લીધી હતી.

તે વખતે આખો મંડપ પ્રતિનિધિઓ પ્રેક્ષકો અને સત્કાર સમિતિના સભ્યોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. આ બેઠકમાં સ્ત્રીઓની હાજરી પણ મોટી સંખ્યામાં હતી અને બિહાર, યુ. પી મારવાડ, બેંગાલ, રજપુતાના, માલવા, મેવાડ, સી પી સી. આઈ. કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત, મહારાષ્ટ્ર, વરાડ, બર્મા આદિના સંખ્યાબંધ ડેલીગેટો ઉપસ્થિત થયા હતા.

વ્યવસ્થા જાળવવા માટે જૈન સ્વયંસેવક મંડળની ટુકડીઓ સ્થળે સ્થળે ગોઠવાયેલી હતી, બહોળી મેદનીને અવાજ પહોંચે તે માટે લાઉડ-સ્પીકરોની ગોઠવણ રાખવામાં આવી હતી તેમજ ધ્વજ પતાકા, આરકા વગેરેથી મંડપને સુશોભિત બનાવવામાં આવ્યો હતો એટલુંજ નહિં પણ ભર ઉનાળાની મોસમમાં પણ મંડપમાં બેસનારાઓને ગરમીનો પરિચય ન થાય તે માટે પંખાઓની ગોઠવણ પણ રાખી હતી

બરાબર એક વાગે કાર્યવાહી શરૂ થતાં માંગરોળ જૈન કન્યાશાળાની બાળાઓએ સુંદરે સરેદે મંગળાચરણ અને સ્વાગતગીત ગાયા પછી સ્વાગતાધ્યક્ષનું સત્કારાર્થ ભાષણ થયા પછી (જુઓ આ અંકમાં) સહાનુભૂતિના જુદા જુદા શહેરોના સંઘો, મંડળો અને આગેવાનોના આવેલા સંખ્યાબંધ સંદેશા ચીફ સેક્રેટરી શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરીએ વાંચી સંભળાવ્યા હતા (નામાવલિ માટે જુઓ આ અંકમાં) ત્યાર બાદ પ્રમુખશ્રીએ પોતાનું વકતવ્ય હિંદીમાં રજુ કર્યા પછી વિષય વિચારિણી સમિતિની ચુંટણી કરવા સબંધે શ્રી મોતીચંદ ગિ. કાપડીઆએ જરૂરી સૂચના આપ્યા પછી તેવી ચુંટણી કરવામાં આવી હતી. સબજેકટસ કમિટી ઠરાવો ઘડવાનું કાર્ય કરવા રાતના મંડપમાં ૮-૩૦ વાગતે મલી હતી અને લગભગ બે વાગ્યા સુધી પોતાનું કાર્ય ચાલુ રાખ્યું હતું.

બીજો દિવસ તા. ૬-૫-૩૪

બીજા દિવસની બેઠક રવિવારે બપોરના અગ્યાર વાગતાં મળી. આજે જનસંખ્યા વિશેષ પ્રમાણમાં ઉભરાઇ જતી જોવાતી હતી. મંગળાચરણ બાદ કાર્યની શરૂઆતમાં ગત કૉન્ફરન્સ પછીના સમયમાં રાષ્ટ્રનેતા શ્રીમાન્ વીઠલભાઇ પટેલ તથા શ્રી જે. એમ. સેનગુપ્તા અને આગેવાનો-કૉન્ફરન્સના હિતેચ્છુ શેઠ ગોવિંદજી ખુશાલ, મણીલાલ ગોકળભાઇ, સારાભાઇ મોદી, કેશવલાલ પ્રેમચંદ વકીલ, ડો. નગીનદાસ, ખીમજી હીરજી કાયાણી, પુનમચંદ કરમચંદ કોટાવાળા, શ્રી ગોપીચંદ એડવોકેટ, રાજા વિજયસિંહજી દુધેરીયા વગેરેના ખેદજનક અવસાન માટે દિલગીરીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો.

વ્યાપારી શિક્ષણ.

જૈન સમાજ વ્યાપારી છે. એક વખત હિંદની સમૃદ્ધિનો બીજો ભાગ જૈનોના હાથમાં હતો તેમ લોર્ડ કર્ઝને કહેલું. દેશના હુન્નરઉદ્યોગનું સુકાન જૈનોના હાથમાં હતું. દેશ-પરદેશમાં જૈનોની પેઢીઓ ચાલતી હતી. આજે એ સ્થાન ખસી ગયું છે. તે પુનઃ પ્રાપ્ત કરવા અને બેકારી ટાળવા હુન્નરઉદ્યોગ અને વ્યાપારી શિક્ષણની ખીલવણીને પોષણ આપનારો તથા તીર્થરક્ષણને લગતો બને ઠરાવ પ્રમુખસ્થાનેથી રજુ થયા હતા.

બેકારી ટાળવાનો ઠરાવ દોશી ફુલચંદ હરીચંદ રજુ કરતાં શિક્ષણ સંસ્થાઓમાં વ્યાપારી અનુભવો આપવા અને ગૃહઉદ્યોગ વિકસાવવાપર ભાર મુકયો અને જૈન સમાજ પોતાના ભાઇઓને અપનાવી લ્યે તેથી જ સાચું સ્વામીવાત્સલ્ય સમજાવ્યું.

ભાઇ ધીરજલાલ ટોકરશીએ સામાજિક ખાતાઓમાં જૈનોને રોકવા-રોકાવવાને જણાવ્યું, જ્યારે શ્રી મણીલાલ પાદરાકરે વ્યાપારી જીવનનું મહત્વ સમજાવ્યું.

આ ઠરાવમાં આત્મોન્નતિના ક્રિયા તત્ત્વને અવરોધ આવે છે તેથી ઉપધાન શબ્દ કાઢી નાખવાને શ્રીયુત સૂરચંદ પી. બદામીએ સુધારો મુકયો, જેને શ્રી ચુનીલાલ કલ્યાણચંદ, શેઠ અમૃતલાલ કાળીદાસ તથા મી. સાકરચંદ ઘડીયાળીએ અનુમોદન આપતાં મુળ દરખાસ્ત મુકનારે ઉપધાન શબ્દ કાઢી નાખવાને ખુશી બતાવતાં અને શ્રી બદામીએ તેને અનુમોદન આપતાં સુધારેલો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

સ્વામીભાઇઓનો સહયોગ.

સુચવતા પાંચમા ઠરાવમાં કચ્છી ભાઇઓપૈકી જેમને મુંબઈ-પાલીતાણામાં નોકારશી અલગ જમણથી રાખવામાં આવે છે તેમનો સહયોગ કરવાનો હતો. આ ઠરાવ શેઠ અમૃતલાલ કાળીદાસે રજુ કરતાં જણાવ્યું કે એક જ મહાવીરના સંતાનોમાં આવો જુજવારો રહે તે સ્વામી-ભાઈના સગપણમાં ઉણપ ગણાય.

શ્રી. મકનજી જે. મહેતાએ તેને અનુમોદન આપતાં કૉન્ફરન્સે આ મતલબનો ઠરાવ અગાઉ કર્યો હતો તે યાદ આપીને આજે જગત ઐકય સાધનામાં આગળ વધે છે તે વખતે ઘરમાં જ ભેદભાવ ન રહે તેમ ઈચ્છયું અને શ્રી. લલુભાઈ કરમચંદે વધુ અનુમોદન કરતાં વર્ષો અગાઉ શેઠ મનસુખભાઇ ભગુભાઈની તેવી ભાવના હતી તે અનુભવ વ્યકત કરી તેનો અમલ થવાને ભાર મુકયો, અને મુંબઇમાં આ મારવાડી સાથમાં દશા-વીશા વચ્ચે સંધજમણનો મતભેદ છે તે સંકેલી લેવાને ભાવવાહી સુચન કર્યું.

આ ઠરાવ માટે સંતોષ વ્યકત કરતાં ડૉ. પુનશી-ભાઇએ શેઠ લાલજી ભારમલ તરફથી પ્રીતિભોજનનું આમંત્રણ કર્યું જે હર્ષના નાદ વચ્ચે સ્વીકારવામાં આવ્યું હતું.

લગ્નક્ષેત્ર ની વિશાળતા સુચવતો છઠ્ઠો ઠરાવ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીયાએ રજુ કરતાં વર્ષોના પરિશ્રમ પછી આ પ્રશ્ન કાગળ ઉપર મુકવા માટે આનંદ પ્રદર્શિત કરતા, ધર્મક્ષેત્ર અને વ્યવહાર જીવન વચ્ચે રહેતો વિસંવાદ મીટાવવાને જણાવ્યું. અનુમોદનમાં શ્રી. મોતીલાલ ચુનીલાલ તથા પોપટલાલ રામચંદે પોતાના મહારાષ્ટ્ર પ્રદેશમાં વસતી જુદી જુદી પાંચ-પચીસ ઘરની જ્ઞાતિઓના એકીકરણ વિના અનેક ઘરો ગૃહસંસાર જોડી શકતા નથી તે તરફ ધ્યાન ખેંચ્યું. અને ડો. મણીલાલ બાલાભાઇએ વરોદરા રાજ્યના જ્ઞાતિ-વાડા નિવારક ધારાનો જન્મ અને તેમાં પોતે સભ્ય હોઇને થયેલો અનુભવ વર્ણવ્યો અને તે ઠરાવ પછી દુંક વખતમાંજ ગુજરાતી જ્ઞાતિઓમાં ધ્યાન ખેંચનારૂં પરિવર્ત થવા લાગ્યું છે.

ઐકયતાનો સાતમો ઠરાવ પ્રમુખસ્થાનેથી પસાર કરવામાં આવ્યો.

શુદ્ધિ અને સંગઠન નો આઠમો ઠરાવ રજુ કરતાં શ્રી ગુલાબચંદજી ઢઢાએ જૈનોનું સંખ્યાપ્રમાણ કેમ ઘટે છે તે જણાવીને તેમને અપનાવી લેવાની અગત્ય સમજાવતા મુનિશ્રી દર્શનવિજયજીએ તે દિશાએ શરૂ કરેલ પ્રવૃતિ માટે ધન્યવાદ આપ્યો હતો અને અન્ય મુનિવરોનું ધ્યાન ખેંચ્યું હતું, બાદ શ્રી સમરથમલ રતનચંદ સીંધી, ચંદ્રકાંત મુતરીયા, શ્રી મોતીલાલ વીરચંદ તથા ઝવેરી મુળચંદ આશારામ વૈરાટીએ તેના અનુમોદનમાં આર્યસમાજનો શુદ્ધિ પ્રથાનો દાખલો આપી જૈન સમાજના વિકાસ માટે વ્યવહારૂ માર્ગસુચન કર્યું હતું અને સુરતના સંઘે લાડવા-શ્રીમાળી વિગેરે સાથેનો સંઘ સંબંધ વિકસાવવા માટે ધન્યવાદ આપી, ઇતર સ્થળોમાં આવા દાખલા હોય તો સહકાર વધારવા ધ્યાન ખેંચ્યું હતું; તેમજ પૂર્વાચાર્યોએ ઓશીયાનગરી અને બીજા હજારો કુટુંબો જૈન બનાવવામાં ભગીરથ કતેહ મેળવી હતી તેની યાદ આપીને અત્યારે મુનિવરોને જૈન સમાજના વિકાસ માટે બનતું કરવા વિનંતિ કરી હતી.

સાર્વજનિક ખાતાંઓ ના વ્યવસ્થિત વહીવટ પદ્ધતિસર રહે અને એક જ દૃષ્ટિના ખાતાઓમાં પરસ્પર સહકાર વધે તે માટે નવમો ઠરાવ શા. બાલચંદ હીરાચંદે રજુ કરતાં જાહેર ખાતાની વ્યવસ્થિત યોજનાની અગત્ય સમજાવી હતી, જ્યારે અનુમોદન કરતાં શા. રતીલાલ બેચરદાસે જાહેર ફંડોને અંધારામાં રાખવાથી દુર્વ્યય થવાનો રહેતો ભય રજુ કરીને વહીવટદારોની જવાબદારીનો ખ્યાલ આપ્યો હતો. અને શા. બુધાલાલ ઉકાભાઇએ વધુ અનુમોદનમાં આવા જાહેર ખાતાં માટે કોર્ટે જતા કેસો તરફ ધ્યાન ખેંચીને રાજસત્તા તેમાં દખલ કરે તે પહેલાં ચેતી જવાને સલાહ આપી હતી.

ત્રીજો દિવસ

તા. ૭-૪-૩૪

તા. ૭ મી સોમવારે પણ અગ્યાર વાગતાં મંડપ ચીકાર ભરાયો હતો, પરંતુ વિષયવિચારણી સમિતીનું કામ આગલી મોડી રાત સુધી બેસવા છતાં અધુરૂં રહેલું તેનો ઉકેલ કરવા અને ઑલ ઈન્ડીઆ સ્ટેન્ડીંગ કમિટીની ચુંટણી કરવા બાદ કૉન્ફરન્સના કાર્યની શરૂઆત કરવામાં આવી હતી.

કેશરીયાજી.

તીર્થના પ્રશ્નને અંગે ઠરાવ ૧૦, ૧૧, ૧૨, પ્રમુખસ્થાનેથી રજુ થતાં તે દિલસોજીપૂર્વક પસાર થયા. દરમીયાન લીંબડીનરેશ શ્રી દોલતસિંહજી પધારતાં શેઠ અમૃતલાલ કાળીદાસે તેમની માનવંત હાજરી માટે ઉપકાર માનતાં પરિચય કરાવ્યો હતો.

ના. લિંબડી નરેશ.

ના. ઠાકોર સાહેબ શ્રી દોલતસિંહજીએ ત્યારબાદ ભાષણ આપતાં જણાવ્યું કે તમારી કૉન્ફરન્સની કાર્યવાહી મેં વર્તમાનપત્રોમાં વાંચી અને સંતોષ થયો તેમજ આજે તે નજરે નિહાળવાની તક મળતાં અધિક આનંદ થાય છે. તમે જે ખંત અને ડાહપણથી કામ કરી રહ્યા છો તેમાં મારે કઇ કહેવાનું ન હોય. લાંબા લાંબા ભાષણથી લાભ નથી પણ તેને અમલમાં મુકજો. સ્વાગત પ્રમુખ તથા પ્રમુખનું ભાષણ મેં ધ્યાનથી વાંચ્યું છે. તેમની માર્ગદર્શક સુચના ગળે ઉતરશે તેમ ભલામણ કરૂં છું. બાદશાહ કરતાં શાહનું સ્થાન વધે છે ને તે સ્થાન જળવી રાખવાની કુંચી સંપમાં છે.

કેશરીયાજીના સંબંધમાં તમે મને સાંભળવા ઈચ્છો છો પરંતુ તે માટે હું કંઈ કહી શકું નહીં. અને યોગીરાજ શાંતિવિજયજી મારા ગુરૂ છે. ૧૫ વર્ષથી હું તેમના સતત્ સમાગમમાં આવ્યો છું ને લાભ લઉં છું. તેઓ તમારા

તીર્થ માટે દેહ આપવા તૈયાર થયા અને મહારાણાશ્રીએ તેમને સ્વહસ્તે પારણું કરાવ્યું છે જે તમે જાણો છો. તેઓ સાચા સાધુ અને યોગી છે. આપણે આશા રાખીએ કે સંતોષકારક સમાધાન આવી જશે ફક્ત તમારા શ્વેતાંબર દિગંબરના અંદર અંદરના ઝગડાનો નિકાલ લાવવાનો રહે છે. તેનો ગુરૂની કૃપાથી નિકાલ થઇ જશે અને તે માટે હું તેમનું દીર્ઘાયુ ઇચ્છું છું.

શિક્ષણ સંસ્થાઓનું સંગઠન અને પરસ્પર સહકારની યોજના વિચારવા અને કેળવણી પરિષદની વિચારણા માટે ગત શનિવાર તા. ૫ મી મેના રોજ પંડિત સુખલાલજીના પ્રમુખપણા નીચે શિક્ષણ પ્રેમીઓનો એક મેળાવડો યોજવામાં આવ્યો હતો; એટલે શિક્ષણ કાર્યના નિષ્ણાત પંડિતજીએ આ ઠરાવ રજુ કરતાં તેમની કમિટીએકરેલ વિચારણાનો ઉલ્લેખ કર્યો હતો અને સમાજમાં ચાલતી પાઠશાળાઓનું સંગઠન કરવા, શિક્ષણક્રમ રચવા અને તેનું સાહિત્ય તૈયાર કરવાની અગત્ય જણાવી હતી જેને શ્રી બબલચંદ કેશવલાલ મોદી, શ્રી ગણપતલાલ મોહનલાલ અને શ્રી ધીરજલાલ ટોકરશીએ વિવેચનો સાથે અનુમોદન આપ્યું અને શિક્ષણ સંસ્થાઓને પ્રાણવાન બનાવવા આગ્રહ કર્યો હતો.

શ્રી આણંદજી કલ્યાણજીનું બંધારણ, સંધવ્યાખ્યા, પુસ્તક ભંડાર, સાહિત્ય પ્રચાર, જૈન બેંક સ્વદેશી, સાધુ સંમેલન અંગે, વગેરે ઠરાવો પ્રમુખસ્થાનેથી રજુ કરવામાં અને પસાર કરવામાં આવ્યા હતા.

મરણ પ્રમાણ ઘટાડવા ને લગતો ઘણો ઉપયોગી અને વિવિધ સૂચનાઓ વાળો ઠરાવ ડૉ. સી એન શ્રોફે રજુ કર્યો હતો અને તેના અનુમોદનમાં ડો. ટી. એ. શાહ તથા ડો. એન. કે. મોદીએ આરોગ્ય માટે સંભાળ રાખવાની કેવી આવશ્યકતા છે તે તથા રહેણી કરણીના નિયમો આદિ માટે જરૂરી વિવેચનો કર્યા હતા.

સાધુ સાધ્વીની ઉન્નતિમાં શ્રાવકોનો ફાળો એને લગતો માર્ગસૂચક ઠરાવ શ્રી મોહનલાલ દ. દેશાઇએ રજુ કરતાં જણાવ્યું કે સાધુ સાધ્વીનું સ્થાન ઘણું ઉચ્ચ છે અને તેનાં પ્રભા અને ગૌરવ ટકી રહે તે માટે જ્ઞાન પ્રાપ્તિનાં સાધનોની અગત્ય હોવાનું જણાવતાં ઠરાવનો હેતુ અને તેનું અમલમા મૂકાતાં પરિણામ વગેરે બાબતોપર વિવેચન કર્યા બાદ શ્રી મોહનલાલ બી. ઝવેરીએ તેનું સમર્થન કર્યા પછી.

શ્રી સુરચંદ પી. બદામીએ પોતાનો સુધારો રજુ કરતાં જણાવ્યું કે જ્ઞાન સંપાદન સામે કોઇનો વાંધો ન હોય પણ જ્ઞાનાવરણીકર્મના ઉદયથી કોઈ જ્ઞાનને રસ્તે નજ ચડી શકે એમ હોય છતાં તપસ્વી ધ્યાની હોય તો તેને અંતરાય થવો ન જોઇએ; વલી સાધ્વીઓ સબંધે પણ ઠરાવના કેટલાક શબ્દો ઠીક નથી લાંગતા તે કાઢી નાંખવા માટે સૂચન કર્યું હતું. વધારામાં જણાવ્યું કે સાધુ સાધ્વીને ધર્મ ઉપરાંત દેશકાળ અને વ્યવહારનું જ્ઞાન મળવું જોઇએ તેથી તેવી યોજનાને હું ટેકો આપું છું.

શેઠ અમૃતલાલ કાલિદાસ આ ઠરાવને ટેકો આપતાં જણાવ્યું કે આ દરખાસ્ત ઉપર વ્યવહારિક બુદ્ધિએ વિચાર કરીને અસલ દરખાસ્ત મૂકનાર સુધારો મુકશે એમ આશા રાખું છે.

શ્રી મોહનલાલ દ. દેશાઇએ આ સુધારા પરત્વે જણાવ્યું કે ઠરાવ ઘડવામાં સારૂ ભાવના મહારી અને મહારી સમિતિની હતી. આપણા સાધુ મુનિઓનું સ્થાન મહાન્ છે અને જ્ઞાન એજ ગૌરવ છે, તેમાં પ્રેરણા મળે તે ગણતરી છે. વિચારભેદ ભલે હોય પણ હૃદયભેદ હું નથી ઇચ્છતો તેથી સ્વાગતાધ્યક્ષની ભલામણને માન આપીને ઠરાવમાં અને સુધારામાં સુચવાએલ ફેરફારનો સમન્વય કરવા હું ખુશી થઇશ. તે મુજબ સુધારો કરી ઠરાવ મોંવાંચી સંભળાવ્યો હતો. ત્યાર પછી શ્રી પોપટલાલ રામચંદ શાહને સાંભળવાની માંગણી થતાં તેમણે સાફદીલે પોતાના ઉદ્‌ગારો તેમની લાક્ષણિક શૈલીવેડે પ્રદર્શિત કર્યા પછી સુધારાસાથેનો ઠરાવ સ્વીકારવા સભાને અરજ કરતાં અનુમતિ આપવા વિનંતી કરી હતી. બાદ ઠરાવ પસાર થયેલો જાહેર થયો હતો.

જળ સિંચન.

ત્રણ દિવસની કાર્યવાહી, દરેક પ્રાંતના પ્રતિનિધિઓની મોટી હાજરી અને ઉત્સાહ તેમજ સરલતાપૂર્વક યુવક–વૃદ્ધ માનસમાં પ્રેમાર્પણ જોઇને જનતામાં હર્ષના આંદોલનો છવાઈ રહ્યાં હતાં. આ પ્રસંગે શ્રી મણીલાલ મોહનલાલ હીમચંદ પાદરાકરે રૂા. ૨૦૦૧ કોન્ફરન્સ નિભાવફંડમાં પોતાના તરફથી અર્પણ કરીને જણાવ્યું કે જુન્નર મુકામે અવસાન થવાની તોપ હાંકનારે જાણવું જોઇએ કે કોન્ફરન્સ જીવંત છે સૂર્ય–ચંદ્રનો અસ્ત ન હોય તેમ કોન્ફરન્સ એ જૈન સમાજમાં જયવંત જીવંત છે અને રહેશે તેની ખાત્રી આપવાને આપણે જળસીંચન કરવું જોઇએ. આ પ્રસંગે રૂા. ૨૦૦૧ બાબુ નિર્મળકુમારસિંહજી નવલખા, રૂા. ૧૦૦૧) શેઠ જીવાભાઇ કેશરીચંદ અને છુટી રકમો તેમજ વીંટી વગેરે ભેટોનો પ્રવાહ વહેવા લાગ્યો હતો. (જુઓ લિસ્ટ આ અંકમાં).

કલકત્તાનું નિમંત્રણ.

બાબુ બહાદુરસિંહજી સીંધીએ તેની પુષ્ટીમાં કોન્ફરન્સના કાર્યથી સંતોષ બતાવીને પોતાને આંગણે કલકત્તા કોન્ફરન્સને નોતરવાને બંગાળ તરફથી આમંત્રણ કર્યું અને બાબુ નિર્મળકુમારસિંહજી, શેઠ નરોત્તમ જેઠાભાઇ વગેરેના આગ્રહ સાથે આવતી કોન્ફરન્સ ભરવાને બંગાળનું આમંત્રણ હર્ષનાદ વચ્ચે સ્વીકારવામાં આવ્યું.

ઝવેરી મોહનલાલ હેમચંદે કલકત્તાના આમંત્રણને વધાવી લેતાં કોન્ફરન્સનાં કાર્ય માટે સંતોષ વ્યકત કર્યો.

શેઠ અમૃતલાલ કાળીદાસે વિશેષ અનુમોદન કરતાં જણાવ્યું કે આપણે આગ્રહ ન રાખતાં સર્વાનુમતે કામ કરી શકયા હીએ તે માટે કાર્યવાહકો અને યુવક ભાઇઓનાં સરલમાનસ માટે સંતોષ થાય છે, કેમકે

જૈન યુવક પરિષદ્‌ની બેઠકો અને કાર્યવાહી.

મુંબઇ તા. ૫-૫-૩૪.

જૈન યુવક પરિષદની બેઠકો મુંબઈ ખાતે તા. ૨-૩-૪ મે ૧૯૩૪ ના દિવસોમાં કાલબાદેવી રોડ પર આવેલી શ્રી ભાટીઆ મહાજનવાડીમાં મળી હતી, જેમાં હાજરી આપવા માટે બહારગામથી જૂદા જૂદા ભાગોમાંથી પ્રતિનિધિઓ આવી પહોંચ્યા હત.

પ્રથમ દિવસે શ્રી જૈન સ્વયંસેવક મંડળના બેંડે પ્રમુખનો સત્કાર કર્યા પછી બાળાઓએ સુંદર સરોદે સંગીત રજુ કર્યા પછી કામકાજની શરૂઆત થતાં સ્વાગતાધ્યક્ષ શ્રી કકલભાઇ બી. વકીલે પોત નું સત્કારાર્થ ભાષણ કરતાં યુવક પ્રવૃત્તિની જરૂરિયાત અને શરૂઆત સબંધે વિવેચન કર્યા પછી અયોગ્ય દીક્ષા, મુનિસંમેલન, દેવદ્રવ્ય, શિક્ષાપ્રચાર, બાળવિધવા, તડા ન્યાતો હાનિકારક રિવાજો, સ્ત્રીઓને વારસા હક્ક, અસ્પૃશ્યતા, તીર્થના ઝઘડાનો ઉકેલ. આપણી કૉન્ફરન્સનું આગામી અધિવેશન આદિ પ્રશ્નોની છૂટથી ચર્ચા અને સ્ફોટ કરતાં પોતાના વિચારો સ્પષ્ટ રીતે રજુ કરી યુવક હૃદયો શાની અકાંક્ષા રાખે છે તેની ઝાંખી કરાવી હતી. ત્યાર બાદ પ્રમુખસ્થાન માટેની દરખાસ્ત અને અનુમોદનો થયા પછી સુરત નિવ.સી ડૉ૦ અમીચંદ છગનલાલ શાહે પ્રમુખસ્થાને વિરાજ્યા પછી પોતાનું વક્તવ્ય રજૂ કરતાં સમાજની આધુનિક સ્થીતિ, જ્ઞાતિબંધારણ વિધવાઓની સ્થીતિ, કેલવણી, ધાર્મિક શિક્ષણ, ધાર્મિક ખાતાંઓનો વહીવટ, જૈન બેંક અને વિમા કંપની, સાધુસંમેલન, આદિ મુખ્ય પ્રશ્નો પરત્વે ચર્ચા કરી સમાજનું ધ્યાન ખેંચવા સાથે કેટલુંક માર્ગસૂચન કર્યું હતું.

આ સરલ પ્રકૃતિથી જોવાશે કે આ પ્લાટફોર્મ ઉપર એકઠા થયેલા ધર્મમાં-આચારમાં સુદૃઢ અને વિચારક છે. પછી ભલે વિજયને ન જોઇ શકનારા ગાળો ભાંડે કે નાસ્તિક-અધર્મીનાં બણગાં ફુંકી રાજી થાય તેની દરકાર નથી. તેમના પાસે હોય તે ભલે આપે પેટભરીને લાંડવા ઘો. તેથી તો તમારો ભાર ઓછો થશે, જનતા તેઓને ઓલખતી થશે અને તમારી શાંતિ તેમજ સરલતાથી અ તે તેમને સુબુદ્ધિ સુઝશે. ને કાલે તેઓ કૉન્ફરન્સના નેતૃત્વ નીચે આવી મળવાની ફરજ સમજતાં થશે ત્યારે કૉન્ફરન્સ દેવીનાં દ્વાર સહુદયો માટે ખુલ્લાં જ છે.

નવા જનરલ સેક્રેટરીઓ.

ત્યારબાદ ઑલ ઇંડીયા સ્ટેન્ડીંગ કમિટીની થયેલ ચુંટણી જાહેર કરી કૉન્ફરન્સની બહાલી મેળવવામાં આવી. નવી ચુંટણીમાં બંધારણ મુજબ દરેક શહેરો અને પ્રાંતોના સભ્યોનાં નામો મંજુર થવા સાથે રેસીડેન્ટ જનરલ સેક્રેટરી તરીકે શેઠ રણછોડભાઇ રાયચંદ શેઠ અમૃતલાલ કાળીદાસ, તથા અન્ય જનરલ સેક્રેટરીઓ તરીકે બાબુ બહાદુરસિંહજી સીંધી (બંગાલ, બીહાર, યુ. પી.) શ્રી મકનજી જે. મહેતા (ગુજરાત-કાઠિયાવાડ) શ્રી ગુલાબચંદજી ઢઢા (રાજપુતાના, માલવા, સેન્ટ્રલ ઈન્ડીયા, પંજાબ) ની સર્વાનુમતે ચુંટણી કરવામાં આવી.

સ્ત્રીઓના વારસા હક્ક.

ને ૨૯ મો ઠરાવ તા. ૭ મી રાત્રે બેઠકમાં શ્રી મહાસુખભાઇ ચુનીલાલે રજુ કરતાં સ્ત્રી જીવનની પરાશ્રિતતાનો ખ્યાલ આપી કાયદામાં તેને હુંફ મળવાની અગત્ય સમજાવી હતી અને અનુમોદનમાં શ્રીમતી લીલાવતી દેવીદાસ કાનજી, શ્રીમતી તારાબ્હેન દેસાઇ અને શ્રીમતી ગુલાબ બ્હેન મકનજીએ સ્ત્રી-સમાજના વિકાસ માટે દલીલ કરી હતી જ્યારે શ્રી નાગકુમાર મકાતી વકીલે કાયદાની દૃષ્ટિએ વિવરણ કર્યું હતું.

યતિવર્ગ.

ની પ્રગતિ માટે ત્રીશમો ઠરાવ રાખવામાં આવ્યો હતો, જેમાં યતિવર્ગને છેક અલગો પાડી દેવા કરતાં તેને અપનાવવા અને સમાજ ઉન્નતિના કાર્યોમાં તેમનો ફાળો મેળવવા માટે શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇએ દરખાસ્ત કરી હતી અને શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાએ તેને અનુમોદન આપવા પછી પસાર કરવામાં આવી હતી.

સ્ત્રી કેળવણી.

અગત્યનો છતાં ૩૧ મો (છેલ્લો) ઠરાવ સ્ત્રી કેળવણીનો શ્રી તારાબાઇ દેશાઈએ રજુ કરતાં રીતરીવાજની સુધારણા અને સ્ત્રી શીક્ષણની હીલચાલની હિમાયત કરી હતી અને શ્રી લીલાવતી દેવીદાસે અનુમોદન આપ્યું હતું. શ્રી ગુલાબ બ્હેન મકનજીએ સંસારસુધારાનું મહત્વ સમજાવ્યું હતું. શ્રી રાણુબાઇ બ્હેને સ્ત્રી સંસ્કાર બીલવવાને ભાર મુકતાં ગૃહકાર્યમાં જોડાવા અને કેળવણીના સંસ્કાર મેળવવા બ્હેનોને સમજાવ્યું હતું અને તેવી કેળવણીથી બ્હેનો ફજુલ ખર્ચ ઓછા કરશે, કામકાજમાં રામાની પરાધીનતાથી બચશે અને ચા જે ચાર વખત જોઇએ તેને બદલે અંગકસરતથી આરોગ્ય મેળવીને ગૃહિણીને લાયક થશે. પુરૂષોના હિતની વાત છે. સ્ત્રી એક તીર્થંકર સ્થાન પણ પ્રાપ્ત કરી શકે છે તેમ શ્રી મલ્લિનાથના જીવનથી જોવાય છે વિગેરે વિગેરે સ્ત્રી કેળવણીનો વિકાસ કરવાને વહેવારૂ પગલાં ભરવા અપીલ કરી હતી. છેવટ શ્રી પુલચંદ હરીચંદ દોશીએ રક્ષાબંધનો એક રૂપીઓ મેળવીને કન્યા ગુરૂકુલ સ્થાપવાને ભાર મુકયો હતો.

ત્યારબાદ પ્રમુખશ્રી, કાર્યવાહક મંડળ. ડેલીગેટો, સભ્યો, વર્તમાનપત્રો, વોલંટીયરો વિગેરે સૌનો ઉપકાર, ધન્યવાદ, અભિનંદનની આપ લે થયા બાદ જયનાદ વચ્ચે કૉન્ફરન્સના કાર્યની પુર્ણાહુતી જાહેર કરવામાં આવી હતી.

ત્યારબાદ પરિષદની બેઠકને ફતેહ ઇચ્છનારા સંદેશા વાંચવામાં આવ્યા હતા. તે પછી આ પરિષદમાં નીચેના ઠરાવો પસાર થયા.

૧ **સ્વ. નગીનદાસ શાહ,** યુવક પ્રવૃત્તિના ઉત્પાદક અને પ્રથમ જૈન યુવક પરિષદના પ્રમુખ તેમના અકાળે થયેલ અવસાન બદલ દિલગીરી પ્રદર્શિત કરનારો અને તેમની સેવાની નોંધ લેતો ઠરાવ કરવામાં આવ્યો.

૨ **ધ્યેય અને કાર્યપ્રદેશ** નિર્દિષ્ટ કરનારો ઠરાવ,

૩ **શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ**નાં અધિવેશનની ફતેહ ઇચ્છનારો, તે સંસ્થાને સહકાર આપવા તથા પરિષદનાં ધ્યેય અને કાર્ય પ્રદેશને વિરોધ ન આવે તેમ તેના કાર્યક્રમને બને તેટલો પાર પાડવા જૈન યુવકોને આગ્રહ.

૪ **બિહાર પ્રત્યે સહાનુભૂતિ** દર્શક ઠરાવ.

૫ **શ્રી કેશરિયાજી** પ્રકરણ અંગે રાજ્યના આક્રમણ સામે વિરોધ, યોગિરાજ શ્રી શાંતિવિજયજી ને ધન્યવાદ.

આ ઠરાવો પ્રમુખસ્થાનેથી રજુ થયા હતા.

૬ **સ્ત્રીઓને વારસા** હક્ક હિંદુ કાયદા અનુસાર પિતા કે પતિની મિલકતમાં ન હોવાથી તે સબંધે હિલચાલને ટેકો અને ના. ગાયકવાડ સરકારે જે કાયદો કર્યો છે તે બદલ તેમને ધન્યવાદ. દરખાસ્ત: શ્રી મહાસુખભાઇ ચુનિલાલ અનુમોદન શ્રી લીલાવતી દેવીદાસ કાનજી.

૭ **જૈન સાધુઓનો પુસ્તક પરિગ્રહ:** જૈન મુનિઓ પોતાના ભંડારો ઉભા કરે છે તે પ્રથા નાબૂદ કરવાની જરૂર અને તેને બદલે તે ભંડારો સ્થાનિક સંઘોએ હસ્તગત કરી અભ્યાસીઓને ઉપયોગી થાય તેવાં જ્ઞાન મંદિરની આવશ્યકતા વિશે. દરખાસ્ત શ્રી મણીલાલ મોહનલાલ પાદરાકર અનુમોદક શ્રી ચંદ્રકાંત વી. સુતરીયા તથા શ્રી ધીરજલાલ ટોકરશી.

૮ વધારે પડતાં નવાં જિન મંદિરો જરૂર ન હોય ત્યાં બાંધવા માટે વિરોધ. પ્રમુખસ્થાનેથી

૯ **ગુરૂ મંદિરો** ઉભાં કરવા સામે વિરોધ દરખાસ્ત શ્રી વીરચંદ મેલાપચંદ શાહ, ટેકો આપનાર શ્રી વલ્લભદાસ પુલચંદ મહેતા.

૧૦ **ફરજીઆત વૈધવ્યની** પ્રથા સામે વિરોધ. રજુ કરનાર શ્રી બી. એન. મૈશરી. ટેકો શ્રી રતનબેન મૈશરી, શ્રી લીલાવતી દેવીદાસ, શ્રી મણીલાલ જયમલ, શ્રી દેવીદાસ સાગરમલ. વિરોધ શ્રી મણીલાલ ખુશાલચંદ, શ્રી કેશરીચંદ જેસીંગલાલ, શ્રી મોહનલાલ, દી. ચોકસી. મત લેવાતાં પસાર.

૧૧ **દેવદ્રવ્ય** હવે પછી કોને ગણવું તથા તેનો ઉપયોગ. સબંધે દરખાસ્ત: શ્રી મહાસુખભાઇ ચુનીલાલ ટેકો શ્રી મોહનલાલ દી. ચોકસી વિરોધ શેઠ છોટાલાલ પ્રેમજી.

૧૨ સ્વ. વિઠલભાઇ પટેલ અને સેનગુપ્તાના અવસાન બદલ શોક પ્રદર્શિત કરનારો ઠરાવ

૧૩ **દીક્ષા નિયમન:** ના. ગાયકવાડ સરકારને ધન્યવાદ તથા અઢાર વર્ષની અંદર અને તે ઉપરની દીક્ષા માટે સગા અને સંઘની સંમતિની જરૂર વગેરે માટે લડત ચાલુ રાખવા યુવકોને આગ્રહ. દરખાસ્ત શ્રી મહાસુખભાઇ, ટેકો: શ્રી મોતીલાલ વીરચંદ, રતીલાલ બેચરદાસ.

૧૪ **મુનિ સંમેલનમાં** પસાર થયેલા ઠરાવો પુરતા ન હોવાની યુવકોની માન્યતા, અમુક નિયમો દીક્ષા સંબંધે સ્વીકાર્યા બદલ નોંધ, અને જે મુનિઓ અરસપરસ મલી શકતા નહોતા તે મળ્યાની ઘટના અભિનંદન યોગ્ય હોવાનો ઠરાવ દરખાસ્ત; ધીરજલાલ ટોકરશી શાહ, ટેકો સારાભાઇ મોહનલાલ દલાલ, શ્રી વિમળભાઇ મૂલચંદ વૈરાટી.

૧૫ થી ૨૧ ત્રણે ફિરકાઓનું ઐકય. (૧૬) સામુદાયિક જમણવારમાં જૈન ધર્મ પાળનાર તેજ સમુદાયના કોઇપણ વિભાગને ન નોતરવામાં આવે તો જૈન યુવકોએ તેમાં ભાગ ન લેવા સબંધે (૧૭) કન્યાની લેવડ દેવડ માટેનાં બંધનો તોડી ક્ષેત્ર વિસ્તૃત કરવા. (૧૮) સામાજીક પ્રતિષ્ઠા બાળ લગ્ન વૃદ્ધવિવાહાદિમાં યુવકોએ ભાગ ન લેવા સબંધે (૧૯) હાનિકારક પ્રથાઓ. (૨૦) કન્યાવિક્રય નિર્બન્ધક બિલને ટેકો. (૨૧) પરિષદ્-ના ઠરાવોનો પ્રચાર અને અમલ થવા માટે યુવક મહામંડળને ભલામણ વગેરે ઠરાવો થયા બાદ પ્રમુખના ઉપસંહાર પછી યોગ્ય આભાર દર્શન થયા પછી પરિષદનું કામકાજ બંતમ થયું હતું.

શ્રી જૈન મહિલા પરિષદ્

કાર્યવાહીની સંક્ષિપ્ત નોંધ

મુંબઇના આંગણે ભરાનારી જૈન મહાસભાએ જૈન સમાજનાં પ્રત્યેક અંગમાં એક અનેરૂં ચૈતન્ય ઉપજાવ્યું હતું. જૈન મહિલાઓએ પણ આ પ્રસંગે પરિષદ્ ભરવા નક્કી કરી તે માટેની આમંત્રણ પત્રિકાઓ પ્રકટ કરી હતી. સ્વાગત પ્રમુખ તરીકે અ. સૌ. શ્રીમતી ગુલાબ બ્હેન મકનજી મહેતાની અને પરિષદ્ના પ્રમુખ તરીકે શ્રીમતી મંગલાબ્હેન મોતીલાલ ફ. પ્રેમચંદ, જે. પી. ની વરણી કરવામાં આવી હતી.

આ પરિષદ્ની બેઠક તા. ૮-૫-૩૪ ના રોજ માધવબાગમાં શ્રી કૉન્ફરન્સના મંડપમાં સ્ટાં. ટા. ૨-૩૦ વાગે મળી હતી. જૈન મહિલાઓની હાજરીથી મંડપ એટલો ચિકાર ભરાઇ ગયો હતો કે ભાષણ કરનાર માટે 'રેડીઓ' ની સગવડ કરવાની જરૂર ઉપસ્થિત થઇ હતી.

સ્વાગતાધ્યક્ષ શ્રી. ગુલાબ બ્હેન મકનજી મહેતાએ પ્રારંભમાં આવકાર આપનારૂં ભાષણ કરતાં સ્ત્રી સમાજની દશા તેની ઉન્નતિના ઉપાયો ટુંક પણ મુદ્દાસર ચર્ચી જૈન બ્હેનોએ અત્યારના સમયમાં આગળ વધવાની હાકલ કરી હતી. બાદ પરિષદ્નાં પ્રમુખ શ્રી. મંગલા બ્હેન મોતીલાલ જે. પી; એ પ્રમુખસ્થાનેથી ભાષણ કરતાં સ્ત્રી કેળવણી, કુરિવાજો નાબૂદ કરવા, સ્ત્રીઓને વારસા હક્ક મળવા, બાલ લગ્ન-વૃદ્ધ લગ્ન આદિ, એક પર બીજી સ્ત્રી કરવાની છૂટ, ખોટા ખર્ચો અને વિધવાઓની સ્થિતિ તરફ પરિષદ્નું ધ્યાન ખેંચી આ બાબતોના ઉકેલ માટે સરળ, સુંદર અને સચોટ માર્ગો સૂચવ્યા હતા. ઠરાવો કરી ચાલ્યા ન જતાં તે અમલમાં મૂકવા માટે તેઓએ જણાવ્યું હતું કે "ઠરાવો થશે પણ એ પછીનું કામ એજ મૂખ્ય કામ છે. એ ઠરાવો અનુસાર કામો કરવાની આપણી શુદ્ધ નિષ્ઠાનું એ ઠરાવો પાછળ બળ ન હશે તો એ કાગળના ચીથરાંજ સમજ જો. પરિષદ્ ઠરાવો પસાર કરવા માટેજ કે છાપાઓમાં જાહેરાત કરવા ખાતરજ મળાતી નથી. આખી સમાજની સ્ત્રીઓનું સંગઠન કરી, સુધારાઓની વિચારણા વિગેરે કરીને આપણા બેગા બળે આપણાં સમાજના સડાઓનો સામનો કરવાના મુખ્ય ઉદ્દેશથી આ પરિષદ્ બોલાવવામાં આવી છે." મંગલાબ્હેનના આ મનનીય વિચારો ઉપરાંત સ્ત્રી કેળવણી અને કુરિવાજો નાબૂદ કરવા અંગેના વિવેચને ઉપસ્થિત થએલ બ્હેનોમાં નવચેતન પ્રગટાવ્યું હતું. કેટલાંક મારવાડી બ્હેનો જેઓ સભાની શરૂઆતમાં ઘુંઘટ કાઢી બેઠેલી જણાતી હતી તેઓ પ્રમુખનું ભાષણ સાંભળ્યા પછી તે દૂર કરતી જણાઇ હતી. આ પ્રેરક ભાષણ પછી નીચેના વિષયોપર એકંદર ૧૧ ઠરાવો થયા હતા.

(૧) કન્યા કેળવણી-ને ઉત્તેજન મળે તેવાં પગલાં લેવાનો ઠરાવ.
(૨) રડવા કૂટવાનો ચાલ-જડ મૂલમાંથી નાશ કરવા ઠરાવ.
(૩) લાજ પડદા-નો ચાલ જૈન સમાજમાંથી નાબૂદ કરવા પ્રયત્નો કરવા.
(૪) લગ્ન અને બીજા પ્રસંગે થતાં ખોટા ખર્ચો-ઓછા કરી બચતી રકમનો ઉપયોગ સમાજ કેળવણી પ્રચાર તથા બીજાં લોકોપયોગી કાર્યમાં કરવા.
(૫) સ્ત્રીઓના વારસા હક્ક-મળે એવી ભલામણ અને તે અંગેનો ખરડો વડી ધારા સભામાં પસાર કરાવવા યોગ્ય પગલાં લેવા ઠરાવ.
(૬) વિધવાઓની સ્થિતિ-સુધારવા તથા સન્માન વધારવા બનતા દરેક સક્રિય પગલાં પહેલી તકે લેવાની ભલામણ.
(૭) કન્યાવિક્રય-આ બદીને મૃતપ્રાય કરવા ઘટતું કરવા.
(૮) બાલ લગ્ન-વડી ધારાસભામાં ઘડાયેલ કાયદાનો અમલ કરવા કરાવવા આગ્રહ અને તે અટકાવવા ઘટતાં પગલાં લેવા.
(૯) અનિષ્ટ જ્ઞાતિબંધનો-દુર કરવા ઘટતા ઉપાયો યોજવા.
(૧૦) વૈધવ્ય-મરજીઆત જોઇએ.
(૧૧) કૉન્ફરન્સનાં ચૌદમાં અધિવેશનના ઠરાવો-મહિલા પરિષદ વધાવી લે છે અને તે તરફ પૂરતી સહાનુભૂતિ ધરાવે છે.

આ પરિષદ્ને સફળ બનાવવા તેનાં સ્વાગત પ્રમુખ ઉપરાંત ઉપપ્રમુખો શ્રીમતી સુલોચના બ્હેન અમૃતલાલ કાલીદાસ, કમળાબ્હેન અમીચંદ ખીમચંદ, નીલમકુમારી નિર્મલ કુમારસિંહ નવલખા, શ્રી નંદકોર બ્હેન રણછોડભાઇ રાયચંદ અને મંત્રીઓ શ્રી તારાબ્હેન સૌભાગ્યચંદ દેસાઇ, શ્રી લીલાવતી દેવીદાસ કાનજી, તારાબ્હેન ચિમનલાલ શૉક અને શ્રી જડાવબ્હેન કેશવજી દેવજી તથા સ્વાગત સમિતિની બ્હેનોએ ખૂબ મહેનત લીધી હતી.

શ્રી કેશરીઆજી સંબંધે.

મેવાડ રાજ્યે નીમેલા ધ્વજદંડ કમીશન સમક્ષ જૈન શ્વેતાંબર સંઘના પ્રતિનિધિઓ તરીકે સાક્ષી, પુરાવા રજુ કરવા આદિ માટે શ્રી બહાદુરસિંહજી સિંઘી, શ્રી નરોતમ જેહાભાઇ, શ્રી ગુલાબચંદજી ઢઢા, શ્રી તાજબહાદુરસિંહજી, શ્રી સારાભાઇ ડાહ્યાભાઇ, શ્રી પ્રતાપસિંહ મોહોલાલભાઇ, શ્રી ચંદ્રકાન્ત છોટાલાલ અને શ્રી ચમનલાલ લાલભાઇ એ આઠ ગૃહસ્થોનાં નામ જૈન શ્વે. કૉન્ફરંસ તથા શ્રી આણંદજી કલ્યાણજી તરફથી ઉદેપૂર રાજ્યને મોકલી આપવામા આવ્યાં છે.

ઉદેપૂર રાજ્યને ધ્વજદંડ કમીશનના પ્રેસીજર (કાર્ય વાહી) અંગે કૉન્ફરંસ તરફથી પત્ર દ્વારા પૂછપરછ થતાં રાજ્ય તરફથી તેનો જવાબ મળ્યો છે. કમીશન સમક્ષ પહેલી સુનાવણી જુલાઇના પ્રારંભમાં થવા પામી છે.

દિગંબરો તરફથી ૧૭ નામો મોકલાયાં છે.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स.

१४ वां अधिवेशन, बंबई

के

प्रमुख अजीमगंज निवासी

श्रीमान् बाबुसाहेब निर्मलकुमारसिंह नवलखा

का

भाषण.

स्थळः-माधवबाग. वीर संवत् २४६०. ता० ५ मे १९३४.

सं. १९९० प्र. वैशाख वद ७ शनिवार

श्री अर्हम्.

नमो दुर्वार रागादि–वैरिवार निवारणे ।
अर्हते योगीनाथाय महावीराय तायिने ॥

बहिनो और भाईयो !

जिस श्री जैन श्वेतांबर कॉन्फरन्सके चौदहवें अधिवेशनका अध्यक्षस्थान देकर आप लोगोंने मुझे गौरव प्रदान किया है वह निःसंदेह जैन समाज कि एक जीती जागती महासंस्था है। इसका मुख्य कारण है इसके बंधारणकी उदारता। इसके अधिवेशनों में सभा तरह के विचार रखनेवाले किसी भी गांव, संस्था तथा श्री संघ की तरफ से प्रतिनिधि शामिल हो कर श्वेतांबर मूर्तिपूजक जैन अपने विचार प्रदर्शित कर समाज हित के किसी भी प्रश्न पर सर्वानुमति से अथवा बहुमति से पास करा सकते हैं यह महासंस्था जैन समाज के जीवन को दीर्घ और प्राणप्रेरक बनाने के लिये स्थापित की गई है और अब तक अखिल भारत के श्री श्वेतांबर संघ के सहकार से उस की प्रतिनिधि बन कर अपने उद्देश की पूर्ति कर रही है।

ऐसी महासंस्था का अध्यक्षपद स्वीकार करते समय अपनी अयोग्यता पर विचार करते हुए मैं कुछ हिचकिचा रहा था अच्छा होता कि किसी वयोवृद्ध व अनुभवी सज्जन को इस महान् संस्था के अध्यक्षपद से सुशोभित करते। परन्तु आप जैसे विचारशील सज्जनों के आग्रह से अपनी योग्यता का विचार न करते हुए मैं ने इस पद को स्वीकार किया है। और एक बडी जिम्मेवारी सिरपर ली है। परन्तु जब मैं अपने चारों ओर उच्च भावनाओं से प्रेरित आप जैसे महानुभावों को देखता हूँ तो मुझे कुछ उत्साह मिलता है और स्वीकृत जिम्मेवारी से आप सब का सहयोग प्राप्त करके कुछ सेवा करने की आशा बंधती है।

सुधारक शिरोमणी श्री महावीर प्रभु :

महानुभावो-मंगलाचरणमें मैंने भगवात् महावीरको नमस्कार किया है। क्योंकि अढाई हज़ार वर्ष व्यतीत हो जाने परभी आज हमें उसी महापुरुष के पद चिन्हों को देख कर आगे बढना है। धार्मिक, सामाजिक और राष्ट्रीय समस्याओं को सुलझाना है।

भगवान् के जीवन पर यदि आप सूक्ष्म दृष्टी स विचार करेंगे तो उस में धार्मिकता राष्ट्रीयता, समाज सुधार और विश्वकल्याणकारित्व दृष्टीगोचर होगा। वर्धमान प्रभुने धर्म का पुनरोद्धार किया जिसके परिणाम स्वरूप समाज रक्षा और देशोद्धार फलित हुए। यही कारण हैं कि उन के विशाल शासनमें सर्व जीवों-मनुष्यों को समान भाव से देखा जाता था। इस में कोई सन्देह नहीं कि भगवान महावीर के पहिले भारतवर्ष में अनाचार, दम्भ, नृशंसता और अत्याचार अपने पूरे पैर पसार चूके थे। नरमेघ, गोमेघ, अश्वमेघ आदि यज्ञों में असंख्य जीवों के हत्याकाण्ड और अमानुषिक अत्याचारों को रोककर भगवान् महावीरस्वामीने भारतवर्ष में अपूर्व सुधार किया था।

सामाजिक सुधार.

इसी प्रकार सामाजिक अत्याचारों का निराकरण करके अपूर्व समाजसुधार भि किया था। वैदिक जमानें में अमुक वर्ग के मनुष्यों से पशु तुल्य व्यवहार किया जाता था शूद्रों की छाया पड़े जाना पापथा जातिभेद में मत्त हो कर उच्च वर्णीय कहलाने वाले, शूद्रों के साथ मन माने अत्याचार करते थे, किन्तु भगवान् महावीर स्वामीने अपने उपदेशों से सामाजिक ऊंच नीच भावों को तिलांजली देकर अपने संघ में सब को समान स्थान दिया। जिस से परस्पर बन्धुभाव, साम्यवाद फैल गया।

स्त्री सुधार.

इस समाज सुधार में स्त्री समाज का सुधार बड़ी सफलता से हुआ था। श्रीवीर प्रभुनें स्त्रियोंकों पुरुषों के समानाधिकारिणी होने की घोषणा किथी। जिस समय स्त्रियों को शास्त्र पढने का भी अधिकार नहीं था। ऐसे समय में श्री वीरप्रभुने मात्र महिलाओंका शास्त्र अध्ययन का अधिकार ही सिद्ध नहीं किया परन्तु मोक्ष प्राप्तिका भी पुरुषों के समान स्त्रियों का अधिकार है ऐसा उपदेश दिया था। स्त्री पुरुषों की इस प्रकार समानता का प्रतिपादन करना भगवान् महावीर सरीखे समदृष्टि के ही योग्य है।

राष्ट्र सुधार.

वीर प्रभु ने केवल ज्ञानोत्पत्ति के बाद तीस वर्ष तक भारत के मगधादि अनेक देशों में विहार कर सतत् उपदेश द्वारा धर्म प्रचार किया। जिस के परिणाम स्वरुप अपूर्व राष्ट्रीय सुधार हुआ। राजा और प्रजा को धार्मिक बनाने के साथ दुराचार, लोभादि का त्याग कराकर प्रजा को सात्विक बनाया। इस लिये महावीर स्वामी के समोसरण में ब्राह्मण, क्षत्रीय, वैश्य, शूद्र और पशु भी धर्मोपदेश प्राप्त करते थे तथा यथायोग्य दीक्षा शिक्षादि लेकर आत्मकल्याण के मार्ग पर लग जाते थे। यही भगवान् महावीरस्वामीका राष्ट्रीय सुधार और धर्मप्रचार था.

इस प्रकार महावीर स्वामी के जीवन में धर्म, समाज, राष्ट्र अनेक प्रकार के सुधार आप को मालूम होंगे। हम सब जैन हैं। वीर भगवानू की संतान और अनुयायी हैं। और वीर भगवान के जीवन से कुछ शिक्षा लेना चाहते हैं। तो मैं सानुनय निवेदन करूंगा कि आप धर्म के नाम से होनेवाले पाखण्डों को छिन्न भिन्न कर डालिये सामाजिक कुरीतियों का विनाश करके सामाजिक रक्षा में लग जाईये। स्त्री शिक्षाका प्रचार कर के अपने एक अंग को मजबूत बनाईये और राष्ट्र द्वारा एवं धर्म प्रचार के लिये यथा शक्ति समर्पण कर दीजिये। सुधारक शिरोमणि भगवान् महावीरके जीवन से हमें ऐसी सद्बुद्धि और साहस प्राप्त हो।

संघ व्यवस्था.

भगवान् महावीर की संघ व्यवस्था एक अद्भुत वस्तु है। भगवानने प्रारंभसे ही चतुर्विध संघ की स्थापना कीथी, साधु, साध्वी, श्रावक, और श्राविका चारों संघों का स्वतंत्र और दृढ संघटन था और उनके नेता भी जुदे जुदे थे। इस संघ व्यवस्थाने ही आज जैन धर्म को भारतमें जीता रखा है वैदिक धर्मके झपाटेमें बोद्ध धर्म आ गया और जैन धर्म बच गया इसका मुख्य श्रेय चतुर्विध संघ व्यवस्था को है। महात्मा बुद्धने प्रारंभमें श्री श्रमणी संघ की स्थापना की थी। कालांतर में एक मुख्य शिष्यके आग्रहसे श्रमण संघ की स्थापना की। परन्तु श्रावक संघ की तरफ से वह उदासीन ही रहे। भगवान महावीर ने श्रावकों और श्रमणों को परस्पर सहायक बना दिया। बौद्ध धर्म में श्रावक संघको कुछ स्थान न होने से वहां के साधु चारित्रहीन और स्वछन्दाचारी होते गये। इधर श्रावकों का संघ में कुछ स्थान न होने से वह अल्प प्रयत्न से अन्य धर्मों में चले गये परन्तु जैन समाज टिका रहा। इस का कारण है श्रावकों की मुनियों के ऊपर देखरेख तथा उनका संघ में पर्याप्त स्थान। जिससे मुनि लोग स्वच्छन्द न होने पाये। फल यह हुआ कि अनेक आक्रमण आनेपर भी साधु संस्था टिकी रही। इधर साधुओंकी देखरेख से श्रावक संघ भी टिका रहा। इस तरह एक और एक इग्यारहकी तरह इनका बल कई गुना बढ गया.

एक जर्मन विद्वान् ग्लासनेप जैनियो की संघ व्यवस्था के विषय में लिखते हैं "महावीरने संघकी जैसी सुदृढ योजनाकी उससे श्रावक संघ साधु संघ के ऊपर अनेक तरह-के अधिकार भोगता चला आया है इससे अधिकार प्राप्त करने या संसारिक बातों में माथा मारने के प्रयत्न से साधुओं को दुर रहना पडता है। साधु जीवन के ऊपर संयम रखकर उच्चता सुरक्षित रखना पडती है। धीरे धीरे श्रावको को ऐसी सत्ता मिल गई है

कि वह साधुओंकी दीक्षा शिक्षा और चारित्र के ऊपरभी सत्ता भोगते हैं। अनेक जगह तो साधुओंके चारित्रके उपर श्रावक लोग खूब अंकुश रख सकते हैं। यह बात इन घटनाओंसे मालूम होती है। (पीछे कई एक घटनाऐं बताई हैं)।

फिर जैन संघकी रचनाके अध्यन और इतिहाससे यह बात स्पष्ट हो जाती है कि श्रावकोंके लिये साधु संघ देवके समान पूजनीय हैं। दूसरे शब्दोंमें साधुओंका श्रावकोंके उपर प्रभाव है और श्रावकोंका साधुओंके उपर अधिकार है। यही कारण है कि यह दोनों संघ दूसरे को सहायता देते हुए साधन करते हुए चले जाते हैं। यह मानी हुई बात है कि साधुओंमें यदि एकता हो जाय तों श्रावकोंमें एकता होते देर न लगेगी। और श्रावक जाग्रत हो जावें तों साधु संघकी जो शक्ति अनेकताके प्रचारमें व्यय होती है वह एकताके प्रचारमें व्यय होने लगेगी। मुझें विश्वास है की एकन एकदिन यह कार्य अवश्य होगा और चतुर्विध संघ रचनाके महत्वको उसके सुफल द्वारा हम फिर पहिचानेंगे।

साधु हमारे गुरु हैं उनकी पदवी जैन धर्म में उच्च मानी है। देव पूजा के पश्चात् गुरु उपासना का ही नम्बर है और वैसेभी देव, गुरु, धर्म शास्त्र के श्रद्धान और सम्मान को ही आत्म कल्याण का सुगम मार्ग बतलाया है। शास्त्र एक प्रकार से आत्मा को परमात्मपद की झलक दिखाने के लिये चित्रपट के समान है किन्तु उसका रहस्य समझने और हृदय में अंकित करादेनेवाले तो गुरुही होते हैं। जब ऐसे शास्त्र और गुरु प्राप्त हो गये तब आत्मा को परमात्मपद कौनसी देर लगती है, अर्थात् यही संसारी आत्मा गुरु कृपासे स्वयं ही परमात्मा हो जाती है। ऐसे गुरु, आचार्य, उपाध्याय, लोक में सर्व साधुओं को नमस्कार है।

इस गुरुभक्ति का परम सौभाग्य अहमदाबादके श्री संघने अभी सांप्रत समय में प्राप्त किया है। मुनि संघका बडा सम्मेलन हो चुका है जिसमें करीब चारसौ साधु, और सातसौ साध्वियां राजनगरमें उपस्थित हुए थे। मुनि सम्मेलन का प्रारंभ गत फाल्गुण कृष्ण ३ से हो कर समाज का अनिच्छनीय वातावरण दूर करनेके प्रगट उद्देश से हो चुका है। उसी दिन से कुछ महत्व के प्रश्न नियतकर उस का हल करनेके लिये कई दिवसों तक चर्चा, शास्त्र चर्चा, वादमिश्र चर्चा चलती रही थी। परिणाम में अहमदाबादके मुनि सम्मेलनकी पूर्ण अहूती ६ एप्रिल चैत्र वदि ७ के दिन हुई। उन दिनों वहां आये और एकत्रित हुए सब साधुओंमें नव साधुओंकी कमेटी चुनीं गई। उस कमेटीने शास्त्र दृष्टिको आगे रखकर द्रव्य, क्षेत्र, काल, भावका विचार करते हुए जो प्रस्ताव पास किये वह समस्त चतुर्विध संघ समक्ष प्रगट किये जा चुके हैं। उनमें पहिला दीक्षा का प्रश्न था। उसकी खूब छानबीन करनेके बाद जो नियम बनाये गये हैं उन का सार यह है।

८ सें १६ वर्षकी उमर वालेको माता पिताकी या अभिभावककी लेखित सम्मतिके विना दीक्षा नहीं दी जा सकती। जिस ग्राममें दीक्षा होनेवाली हो वहांके दो मुख्य दीक्षा लेनेवालेके वहां जाकर लेखित सम्मति कीं जांच करें।

दीक्षा देनेवाला दीक्षा लेनेवालेकी योग्यताकी परीक्षा करने के बाद दूसरे सिंघाड़ेके दो आचार्योंकी सम्मति प्राप्त करके अच्छी जगह अच्छे महूर्तमें प्रगट रूपमें दीक्षा दें। नव दीक्षितको स्थविरके पास अथवा उसके दीक्षित पिताके पास रखा चाहिये।

१८ वर्षसे अधिक उमरवालेको बहुत वृद्ध न हो तबतक मातापिताकी सम्मत्ति मिलनेके बाद अगर न मिले तो बिना सम्मत्तिके अपनी स्त्री, बहीन, पुत्रादिके निर्वाह योग्य प्रबन्ध करके दीक्षा लेनेके अठारह दोष छोड़कर शुभ मुहूर्तमें दिक्षा ग्रहण कर सकता है। और दीक्षा देनेवाला मुनि अपनेसे बड़े मुनि अथवा गुरुको पूछकर दीक्षा देवे।

उपरोक्त प्रस्ताव जुन्नेरके अधिवेशनमें पास किये गये प्रस्तावसेभी बढ़ जाता है। जुन्नर परिषद्के प्रस्तावका सिर्फ यही मतलब था कि दिक्षा लेनेवालेको अपने मातापितादि संबन्धियोंकी तथा जहां दीक्षा होनेवाली हो वहां के श्री संघ की सम्मतिसे योग्य प्रगट करनेके बाद दीक्षा देना चाहिये अर्थात् उसमें दो सीधी बातें थी। एक तो माता पिता की आज्ञा और दूसरे दीक्षा स्थल के संघ की सम्मति हो तो दीक्षा दी जा सकती है। परन्तु मुनिसम्मेलनके प्रस्ताव में तो दोनों बातें हैं ही इनके अतिरिक्त अपने आश्रित संबन्धियों का निर्वाह किये हुए वयस्क दीक्षार्थीको दीक्षा देना, अठारह दोषोंका अभाव, और अपनेसे बडे मुनियों की सम्मतियें और मिलादी हैं। यह ऊपरोक्त प्रस्ताव वास्तवमें प्रस्ताव बनानेवालेकी दीर्घदृष्टि, सूक्ष्मविचार शक्ति, समयज्ञाता का सूचक है। जिस प्रश्नने समाज को चक्कर में डालकर छिन्नभिन्न कर दिया था उस प्रश्न का सुन्दर समाधान करके मुनि सम्मेलनने जो अपना गौरव बढाया है। इसके लिये मुनि महाराजोंको हमारा कोटिशः धन्यवाद है।

(२) साधु है प्रधान जिस संघमें ऐसे साधु, साध्वी, श्रावक, श्राविकारूप चतुर्विध संघको श्रमण संघ कहना चाहिये और अपने कार्यमें श्रावक श्राविकाओंको पुरा अधिकार है इतनाही नहीं परन्तु कोई साधु या साध्वी अत्यन्त अनुचित करे तो श्रावक संघ उसका उचित प्रबन्ध कर सकता है। इस प्रकार मुनि सम्मेलनने श्रमण संघ और श्रावक संघका संबन्ध बताकर जो महान् कार्य किया है वहभी प्रशंसनीय है।

(३) श्रावक संघसे संबन्ध रखनेवाले दुसरे प्रस्ताव ये है कि प्रभुके निमित्तसे बोलनेवाली बोलीका द्रव्य तथा उपधान माला आदि की आमदानी देव द्रव्य गिनी जावे और वह जिनचैत्य, जिनमूर्ति, जिनपूजा और जीर्णोद्धारके कार्यमें लगाई जावे।

साधु लोग साधारण द्रव्यकी वृद्धिके लिये मंदिरकी प्राचीनता नष्ट न हो जाय यह सावधानी रखते हुए जीर्णोद्धार करानेके लिये, किसीपर आक्षेप किये विना लोकमें भिन्नता न मालूम हो श्रोताके मिथ्यात्व और पापकी वृद्धि न हो इस बातको ध्यानमें रखकर वीतराग प्रणीत धर्म-प्रधान उपदेश देना।

इन प्रस्तावोंसें संघमें शांति और समाधानीके भाव फैलेगे, यह निःसंदेह है। इसके लिये मुनि सम्मेलन जो धैर्य दृढ़ता और प्रतिज्ञाका प्रदर्शन किया है वह प्रशंनीय है।

कार्य सफलता.

चतुर्विध संघ रचनासे हमें यह बात भली भांति समझमें आ जाती है कि जीवन की प्रत्येक समस्याओं को वह बडी खूबीके साथ हल कर सकता था इसी प्रकार आज वह कसौटीका काम दे सकता है। वर्तमान समय की समस्याओं को हम उसी कसौटीपर कसकर हेयोपादेय का निर्णय कर सकते हैं। इस लिये मेरी तो यही धारणा है कि यदि हम अपने पवित्र व पूज्य जैन धर्मके तत्वों का उचित अनुसंधान कर सकें तो अवश्यही हम समाज सुधारके राजमार्गकी कुंजी पा सकते हैं। और वही हमारा बेडा पार लगा सकती है। जो धर्म मोक्ष लक्ष्मीको प्राप्त करनेमें समर्थ है उसके लिये इह लोकिक सुख प्राप्त करा देना क्या बडी बात है? पर शर्त यह है कि हम में वैसी प्रबल इच्छा होनी चाहिये। उसके अनुकूल साधन जुटाना चाहिये वीतरागकी वीतरागता और उससे उपदेशित धर्म की वैज्ञानिकता जो कोई मन, वचन, काय पूर्वक साधेगा, नियम से उसके कार्य सफल होंगे। समाज सुधारकी कठिन समस्याओं को जिस घडी आप राग द्वेष रहित हो कर मानापमानका ख्याल न करके समाजहित के भावोंसे प्रेरित हो कर समझनेका प्रयत्न करेंगे—उसकी विशेष जानकारी हासिल करेंगे व उसमें मन वचन, कायाका योग मिलावेंगे तब अवश्यही आपको सुधारका राजमार्ग दिखाई पड़ेगा। उसके पहोंचनेमें जो विघ्न बाधांए होंगी, उनको आप तोड़ सकेंगे। आपको सुधारकी खुबिये हस्तामलकवत् सुझने लगेंगी और आप एक आदर्श उपस्थित कर अपना कल्याण करेंगे। और आप जिन शासनकी वास्तविक प्रभावना करनेको समर्थ होगें।

कोईभी कार्य तबतक सिद्ध न होगा जबतक आपको आपनी शक्तिमें व कार्यकी उत्तमता पूर्ण विश्वास न होगा व आप साधनोंका यथेष्ठ ज्ञान–प्राप्त करके तदनुसार आचरण न करेंगे। यही जैन धर्मका विख्यात रत्नत्रय है। यदि हम ठीक रास्तेपर चलते होते तो यह कदापि संभव नहीं था कि हम धर्माचरण करते हुए इस दीन दशाको पहुंचते। अतएव हमारा परम कर्तव्य है कि अपनी त्रुटियोंको ढूंढ निकालें। राजमार्गपर पहोंचनेका सतत् प्रयत्न मन, वचन, कार्यपूर्वक करें और समाज हितरूपी कार्यको सफल बनावें। यही मेरी नम्र प्रार्थना है।

सुधार.

भगवान् महावीर महानसे महान् सुधारक थे। उन्होंने भगवान् पार्श्वनाथके संप्रदायभी सुधार किया था। जैन धर्ममें पदपद पर द्रव्य, क्षेत्र, काल, भावकी दुहाई दी जाती है। उसका स्याद्वाद् सिद्धान्तभी इसीपर खडा है इससे साफ मालूम होता है कि जैन धर्म एक सुधारक धर्म है। जो परिस्थितिके बदलजाने पर भी उठना नहीं चाहते, दुसरी जगह जानेसे डरते हैं, सोचते हैं न मालूम वहां क्या होगा! इस प्रकारके भाई अनादिसे अनंत तक जहांके तहां पडे रहना चाहते हैं। वह भूल जाते हैं कि उत्पाद् और व्ययके विना नये सुधारोंका प्रचार और पुरानी कुरूठियोंको बर्बाद किये विना कोइ द्रव्य अपनी सत्ताभी कायम नहीं रख सकता। ऐसे लोग जैन धर्मको पाकरभी भ्रमवश उसके नामपर रूढ़ियोंका पोषण करते हैं। यदि स्याद्वादपर थोडाभी विचार करेंगे तो वे आत्मोद्धारके साथ समाजोन्नत्तिके कार्यमें अच्छी सहायता पहोंचा सकेंगे।

आचार शास्त्र और रूढियों में बहुत अंतर है। आचार शास्त्रकी सृष्टि विचार, विवेकके ऊपर होती है। जब कि रूढियों की सृष्टिका मूल परम्परा है। रूढियों में विचार और विवेकके लिये स्थान नहीं होता। आचार शास्त्र और रूढियोंमें यही एक बडा भारी अंतर है।

साधारण लोगोंको द्रव्य, क्षेत्र, काल, भावका ज्ञान नहीं होता। वे तो रूढियों की गुलामीमें ही अपना कल्याण समझते हैं। इस लिये उनकी बहुतसी शक्तियां व्यर्थ ही बर्बाद होती हैं। उनका बहुतसा समय, बहुत साधन व्यर्थ जाता है। इतना ही नहीं बल कि वह कभी कभी तो रूढियोंमें फसे रहनेके कारण ही अनेक प्रकारकी असुविधायें भोगते हैं। और कभी कभी तो इसी गुलामीके कारण अपना सर्व नाशतक कर डालते है। परन्तु आचार शास्त्रमें विवेक के लिये पूरा स्थान है। उसमें द्रव्य, क्षेत्र, काल, भावका पूरा विचार किया जाता है। उसके नियमोंका उदेश यही रहता है कि आत्माका कल्याण किस तरह हो सकता है। जिन कार्योंके कहनेसे विभाव परिणति कम होती है। उन्हीं कार्योंको आचार शास्त्रमें धर्म कहा गया है।

जो लोग रूढियोंके भक्त या प्रेमी हैं वह भले ही ऐसे बने रहें परन्तु अगर वह रूढियों को रूढी और आचार शास्त्र को आचार शास्त्र समझते रहें। अर्थात् रूढियोंका आचार शास्त्र के साथ संबन्ध नहीं है। तो इसमें दोनोंका कल्याण है। जो लोग रूढियों की गुलामी नहीं छोड सकते वह आचार शास्त्रसे कुछ लाभ नहीं उठा सकते और नवे किसीभी तरह की उन्नति कर सकते है।

हमारी समस्यांए.

बन्धुओ! अगर हम जैन हैं, भगवान् महावीरके उपासक हैं तो हमें रूढ़ियोंकी गुलामी छोडकर समाजोन्नती की प्रत्येक बातोंको निःसंकोच स्वीकार करना चाहिये। मैं यह नहीं कहता की हरेक नयी बातको आंख बन्ध करके स्वीकार लेना चाहिये। मेरा कहना तो सिर्फ यही है कि किसीभी पुरानी बात सिर्फ इस लिये न पालियें कि वह पुरानी है और प्रत्येक नयी बात इस लिये अस्वीकृत नकीजायकि वह नयी है। नये पुरानेका भेद छोडकर जिससे समाज हित हो उसे निःसंकोच स्वीकार कीजीये यही मेरी नम्र प्रार्थना है।

समाजके सामने आज सैंकडों समस्यायें हैं परन्तु उनमेंसे मुख्य समस्याओंको हल करनेका विचार कर लेनेपर छोटी छोटी समस्याएं अपने आप हल हो जावेंगी। आप लोग यहां उन सब समस्याओंपर विचार करेंगे ही। इस लिये मैं उनका विस्तृतभाष्य अभीसे नहीं लिखना चाहता हूँ। सिर्फ कुछ संकेतही करता हूँ। संक्षेपमें आपका ध्यान उन समस्योंकी तरफ आकर्षित करता हूँ। संप्रति समाजके सामने निम्न प्रश्न उपस्थित हैं।

हमारी जन संख्या.

सज्जनों आज के युगमें ही नहीं किन्तु सदासे ही संख्या बल एक बड़ा भारी बल है। एक समय ऐसा था जबकि जैन धर्मका प्रसार सर्वत्र था। हमारे देशका कोईभी नगर या गांव ऐसा नहीं था जहांपर कि जैन धर्मानुयायीं नहीं थे। सर्वत्र जैन धर्मका प्रभाव था। कई प्रांतोंमें तो जैन धर्म सार्वजनिक था। किन्तु खेदका विषय है कि हमारा जैन समाज कई शताब्दियोंसे बराबर घटता चला आ रहा है। आज क्रोडोंकी संख्यासे मात्र ऊंगालियोंपर गिनने लायक संख्या देखकर किस समाज प्रेमी अथवा धर्म प्रेमीका मन दुःखित न होगा। इस शोचनीय दशाका उपाय यदि शीघ्र न ढूंढा गया और ऐसे कारणोंको जिनसे कि समाजकी कमी होती हो दूर न करके वृद्धिके उपायोंको अमलमें न लाया गया तो हमारी संख्या जल्दीही क्षीण होकर हमारी समाज तथा धर्म मात्र इतिहासके पन्नोंमें ही रह जावेगा। इस लिये कॉन्फरेन्सका मुख्य कर्तव्य है कि जैन समाजकी संख्याकी वृद्धिकी तरफ शीघ्र लक्ष दे।

थोडे समय पहींले हमारी जैन समाजका धनबल जन और प्रभाव इतना बढ़ा चढ़ाथा कि संसारभरमें उनकी बराबरी करनेवाली कोईभी जाति, समाज, एवं राष्ट्र नहीं था।

हमारी धनकी परिस्थिती ऐसीथी कि एक एक गांवमे हजारों जैन गृहस्थ अब्जपति व करोड-पति थे। बड़े बड़े राजामहाराजा हमारे ऋणिथे। मात्र हमारे मुर्शिदाबादके कासिम बाजारमें ही पांच छः हजार जैन घरोंकी बस्तीथी, जिनमें पांच छ. सो घर क्रोडपति थे और बाकी सब लखपति थे परन्तु आज वहांपर जैनोंका नामभी नहीं है इसी प्रकार मारवाड़ मेवाड़ आदि देशोंमें भी हमारी समाजकी ऐसी ही परिस्थिति थी।

हमारी बलभी ऐसा बढा चढ़ाथा कि हमारे जैन बन्धु राजा, महाराज, मंत्री, दिवान आदि बड़े उच्चाधिकारी थे। जैन धर्म शास्त्रमें साक्षर थे। वैसे अपने भुजाबलसेभीं समय पडनेपर शत्रुओंके दांत खट्टे करनेमें कोई कसर उठा नहीं रखते थे। मुसलमान, राजपूत आदि सब नवाबों और राजा, महाराजाओं में हमारी समाजका इतना मान सत्कार था कि जिसका वर्णन करना मेरी शक्तिसे बाहिर है।

हमारी जन संख्याका वर्णन पहिलेमें कर चुका हूँ कि हम कई क्रोडोंकी संख्यामें थे। इस लिये बार वार पिष्टपेषण समझकर मैं इसका दुबारा वर्णन क्या करूं।

हमारा प्रभाव कुछ समय पहिले ऐसा था कि बड़े बड़े राजा, महाराजा, नवाब वगैरहभी हमारे सामने झुकते थे। हमारे किये हुए फैसले रद्द नहीं कर सकते थे और जो भी कार्य करते थे उसमें हमारी पूर्ण अनुमति लेकर ही करते थे।

परन्तु आज बड़े बड़े नगरोंकी तरफ देखिये, कलकत्ता, मुर्शिदाबाद, पटना, लखनऊ, बनारस, देहली आदि जहांपर किसी समय जैनोंकी सर्व प्रकारेण पूर्ण जाहोजलालीथी आज वहांकी परिस्थिति विचारणीय है।

अतिशय खेदका विषय है कि कुछ समयसे बड़े भारी वेगसे हमारी समाजका धन, जन, बल और प्रभाव अवनतिकी ओर जा रहा है। जिसके कारण आज हमारी स्थिति बड़ी शोचनीय हो गई है।

हम लोग अभी तक यह नहीं जानते कि इसका वास्तविक कारण क्या है और नही हम लोगोंने कभी जाननेकी चेष्टा ही की है।

इस लिये आप लोगोंका कर्तव्य है कि इस सब प्रकारकी हानिके वास्तविक कारणको खूब दीर्घ दृष्टिसे विचार कर ढूंढ निकालें। और उन कारणोंको दूर करनेके उपायोंको शीघ्रही कार्य रूपमें परिणत करें जिससे आनेवाली भयंकर परिस्थितिसे बचकर अपना अस्तिव कायम रख सकें।

शिक्षा.

शिक्षा समस्या तो आज इस देश भरमे जटिल है परन्तु हम एक व्यापारी कौम होते हुएभी सब समाजोंसे अधिक शिक्षाकें क्षेत्रमें पिछडे हुए हैं। ईसाई, आर्यसमाजी, ब्रह्मसमाजी, आदि हम से बहुते आगे हैं।

ईसाईयोंनें जब से भारत वर्षमें प्रवेश किया है तब से स्थल स्थलपर कॉलेज, हाईस्कूल, अनाथालय, दातव्य चिकित्सालय तथा प्रचार मिशन आदि संस्थाए स्थापित कर थोडे ही समयमें लाखो भारतवासियोंको ईसाई धर्मकी दीक्षा देकर अपनी जन संख्याकी वृद्धि की है।

आर्य समाजने अल्प ही कालमें बहुत ही उन्नति कर ली है। पढे लिखे मनुस्योंको आर्यधर्मने च्युत नहीं होने दिया तथा अनेक गुरुकुल, कॉलेज, हाईस्कूल, अनाथालय तथा विधवाश्रम स्थापित कर दिये जिन में लाखों छात्र अभ्यास कर रहे हैं।

मुस्लिम समाज में एक स्वर्गीय सर सैयद अहमद को देखिये कि जिसने अपने ही पुरुषार्थ से अलीगढ मे मुस्लिम विश्वविद्यालय स्थापित कर दिया। आज जिस के द्वारा वह कार्य हो रहा है जो बडी बडी बादशाहतें न कर सकीं। देवबन्दमें उनके धार्मिक कॉलेजको देखिये जिसमें हजारों मुस्लिम छात्र वहांपर धर्मकी उच्चतम शिक्षा पा रहे हैं। कहांतक लिखें अरबस्तान, मिश्र, रूमकेभी छात्र वहांपर मुस्लिम सिद्धान्तों को जानने के लिये आते हैं।

पंडित मदनमोहन मालवीयजीको देखिये कि जिन्होंने संसार मात्रकी विद्याओं की सुविधा बनारस विश्वविद्यालयमें कर दी। कोसों में जिसका मकान है, हजारों की संख्या में वहां पर विद्याध्ययन कर रहे हैं मात्र इतना ही नहीं परन्तु हिन्दुधर्मके सिद्धान्तों के साथ साथ इंग्लिश विद्याओं के पढाने काभी वहां पर पूर्ण रीतिसे प्रबन्ध है। जिससे उत्तर कालमें छात्र गण धर्मसे वंचित न रहें।

राधास्वामी समाजके दयालबाग़ आगराको जिसने देखा है वह जानता है कि इस अल्प संख्यक समाजने वह कार्य कर दिखाया है जो कोई बहु संख्यक और धनाढ्य जातियां न कर सकी। उन्होंने मात्र कॉलेज, हाईस्कुल ही स्थापित नहीं किया परन्तु एक ऐसी सुन्दर उद्योगशालाभी स्थापित की है जिसमें हर प्रकारका सामान तैयार होता है।

इसी प्रकार इतर समाजोंमें और भी अनेक शिक्षण संस्थाएं हैं जिनमें श्री रविन्द्रवाथ ठाकुरका शांतिनिकेतन, आदि संस्थाएं विशेष वर्णनीय हैं.

यह तो इतर समाजोंकी परिस्थिति है। अब आप अपनी समाजकी ओर ध्यान दीजिये। एक भी ऐसी उच्चतम संस्था नहीं है कि जहांपर लौकिक ओर धार्मिक दोनों विषयोंकी उच्चतम प्रणालीसे शिक्षाका प्रबन्ध हो। अधिकतर पाठशालाए ऐसी हैं जो मात्र तोता रटाई करा कर ही छुट्टी पा जाती है जिसका परिणाम यह होता है कि कई वर्षों तक अभ्यास करनेपर तथा समाजका लाखों रुपया स्वाहा करनेपर भी विद्यार्थियों के हृदय पर जैन धर्मकी छाप नहीं पड़ती। उल्टा कई विद्यार्थी तो विरक्त हो जाते हैं और फिर जैन धर्मके अभ्यासका नाम तक भीं नहीं लेते। इसलिये ऐसी संस्थाओंकी शिक्षण प्रणाली बदलनेकी अत्यंत आवश्यक्ता है।

बम्बईमें श्री महावीर जैन विद्यालय, बाबु पन्नालालजी जैन हाई स्कूल और जगह जगह छात्रालय आदि शिक्षण संस्थाएं इस कॉन्फरन्सकी उत्पत्तिके बाद इसीके आन्दोलन और शिक्षण विषयक विचार प्रचारसे निकली हैं। और हिन्दु यूनिवर्सिटीमें इस कॉन्फरन्सने बहुत द्रव्य दिला कर जैन धर्म तथा अध्यापक नियुक्त कराये हैं। अभी वहां पर पंडितवर्य सुखलालजी अध्यापक का कार्य कर रहे हैं। इसमें भी कॉन्फरन्स की प्रयत्नशीलता निमित्तभूत है। यह सब हमारे गौरव का विषय है। इसी प्रकार हमारे विचार से तो स्थान स्थान पर अर्थात् हिन्दु विश्वविद्यालयमें जहां पर कि जैन चेअर का प्रबन्ध कर जैन धर्मके अभ्यास की सुव्यवस्था की गई है वहां पर भी विद्यार्थीयों के रहनेके लिये महावीर जैन विद्यालय जैसी संस्था खोलकर सुविधा, तथा ऐसे ही बडे बडे स्थलोंमें जहांपर जैन विद्यार्थी कॉलेजों में विद्याभ्यास करने के लिये जाते हैं जैसे कलकत्ता, देहली, आगरा, लाहौर, अजमेर आदि स्थानोंपर महावीर जैन विद्यालय जैसी महा संस्थाए खोलकर जैन विद्यार्थियोंको विद्याभ्यास में सुविधाएं पहुचाने का लक्ष श्रीमती कॉन्फरन्सको शीघ्र देना चाहिये। मात्र इनीगिनी जैन संस्थाओं और वह भी अव्यवस्थित संस्थाओं से जैन समाज का उद्धार होना असंभव है।

कुछ समय से बाल दीक्षा का प्रश्न ऐसे कुरूपमें निकला है कि जिससे कितने एक प्रतिष्ठित पुरुषों के चित्तभी धार्मिक विद्यालयों की ओर से शिथिल हो गये हैं। हमारें प्रमाद और अज्ञानने शांतिमय, अहिंसामय धर्मके अस्तित्व को अंधकारमें छिपा दिया है। आज यदि हम लोगोंमें विवेक होता तो एक क्या अगणित विश्वविद्यालय (कॉलेज) जैनियों के दृष्टिगोचर होते। आज जैन समाज में शिक्षण संस्थाओं के अभाव से लाखों जैन विधर्मी बन रहे हैं। हमारे बच्चे अन्य धार्मियों की संस्थाओंमें अभ्यास करने जाते हैं जिनमें हमारे धर्मके उच्छेदक तत्त्व पढाये जाते हैं। जिसके परिणाम स्वरूप हमारे बच्चे आर्यसमाजी, ईसाई, ब्रह्मसमाजी आदि बन बन कर जैन के कट्टर शत्रु बन जाते हैं।

लाला लजपतरायजीने दयानन्द कॉलेजमें यदि अभ्यास न कर किसी जैन कॉलेजमें अभ्यास किया होता तो वेद जैन धर्मके तत्त्वोको समझकर कितने प्रसन्न तथा दृढ़ जैन धर्मानुयायी होते परन्तु अन्य संस्थामें अभ्यास करनेसे वे जैन धर्मके तत्त्वोंको तो कहां समझते उल्टे जैन धर्मके कट्टर शत्रु बन गये।

इसी प्रकार एक बेरिस्टर साहिबने आर्य समाज गुरुकुल कांगड़ीमें विद्याभ्यास किया था. जहांपर जैन तत्त्वोंसे तो वे सर्वथा अपरिचित रहे परन्तु आर्य समाजकें तत्त्वोंसे उनकी आत्माको शांति प्राप्त न हुई जिसके परिणाम स्वरूप वे मुस्लिम हो गये। आर्य समाजादि हिन्दु धर्मोंके तो वे विरोधी हो ही गये परन्तु जैन धर्मके तत्त्वोंका किंचित मात्र भी ज्ञान प्राप्त नहीं कियें हुए भी विना समझे जैन धर्मके घोर विरोधी बनकर जैन धर्मके विरुद्ध प्रचार करते हैं।

यह ऊपरोक्त दोनों व्यक्ति जन्मसे जैन थे और पीछे वे अन्यधर्मी बन गये। इससे आप अनुमान लगा सकते हैं कि मात्र साधारण व्यक्ति ही नहीं परन्तु प्रतिष्ठित व्यक्तिभी अपने धर्मके तत्त्वोंसे अपरिचित रहनेके कारणसे विधर्मी बन रहे हैं।

कहां तक वर्णन करूँ। एक, दो या सौ, दो सौही नहीं परन्तु लाखों जैन इसी प्रकार प्रति वर्ष विधर्मी बन रहे हैं।

सुने होंगे सैंकड़े नाले हज़ारों के।
कलेजा थाम लो अब दिल जले फर्याद करते हैं॥

एक बात आपको स्वानुभवकी सुनाता हूँ। सुनिये मैं अपने इष्टमित्रों के साथ हजारीबाग जिले के एक गांव में गया। और हम सब साथी एक डाक बंगले में ठहरे। मुझे किस्सा सुनने का शौक है इस लिये मैंने वहांके लोगों को पूछा कि तुम लोगोंमें कोई किस्सा सुनाना जानता हो तो कहो। मुझे जवाब मिला कि

"हम लोग नहीं जानते परन्तु हमारे गांवमें एक बुढ़िया रहती है वह किस्से सुनाना जानती है" मैं अपनी कार लेकर उस वृद्धाके घर पहोंचा और जहांपर हम ठहरे थे उस डाक बंगलेपर वृद्धोको मेरे साथ चलनेकी विनंति की। पहिले तो उसने कुछ आनाकानी की परन्तु हमारी आग्रहभरी प्रार्थनाको स्वीकृत कर वह हमारे साथ चली आई। वृद्धाकी आयु एकसौ सालसे अधिकथी और देखनेमें स्वास्थ्यभी अच्छा था। मैंने उस वद्धासे किस्सा सुनाने की विनति की। उसने कहा की मैं किस्सा क्या कहूँ। हम लोग तो दुःख के मारे मर रहे हैं।। हमारे इस गांवमें हजारो आदमी जैन थे और वे सब लोग यहांके पार्श्वनाथजीके मंदिर (शिखरजी) में दर्शन पूजन करते थे। परन्तु आज यहांपर ईसाईयोंने ऐसा अड्डा जमा लिया हैं कि वे सब लोग ईसाई कर लिये गये हैं। मेरे सिवाए आज इस गांवमें सबने अपने धर्मको छोड़ दिया है। अभीभी हमारे गांवके लोग फाल्गुणमें समैतशिखरजीके मंदिरमें दर्शन करने जाते हैं।

जैसे जैसे मैं वृद्धा की बात सुनता गया मेरे आश्चर्य की कोई सीमा न रही। मैंने पुनः वृद्धा से प्रश्न किया कि माता आप मंदिरजीमें बोलने की विधिभी जानते हो? तब वृद्धाने हमको चैत्यवन्दनादि सब पाठ सुनाए। मैंने वहां के मंदिरजीके प्रबन्धक को बुलाया और पूछा कि यह क्या मामला है। यहांपर ईसाईयोंनें जब संस्थाए और प्रचार कार्य प्रारंभ किया था और इस प्रकार इन लोगोंको ईसाई बनाने की शुरुआत हुई थी तब तुमने समाचार क्यों नहीं दिये। तब उसने उत्तर दिया कि "मैं तो आजतक यह जानता ही नहीं था कि ये लोग जैन धर्मानुयायी हैं। मंदिरजीमें दर्शन करने आते तब समझता कि ये लोग कोई भील आदि होंगे"।

बन्धुओ वहां पर ईसाईमों ने मिशन स्थापित किया है और उसीमें शिक्षण संस्थाएं वगैरह स्थापित कर रखी हैं। हमने उस मिशन के प्रबन्धक को कहा कि हम आपकी संस्था देखने के इच्छुक हैं।

तो उन्होंने पूछा कि क्या आप जैन हैं? मैंने कहा कि हां। बस इतना सुनते ही उन्होंने संस्था दिखाने से इनकार कर दिया और कहा कि जैनियों को यह संस्था दिखानें का हमें आर्डर नहीं है।

सज्जनों! ऐसी एक संस्था हीं नहीं बल्कि जैनेतरों की अनेक संस्थाएं मौजूद हैं जो हमारी जैन समाज के होनहार बालकों को वर्षोंसे हडप कर रही हैं।

इसलिये मैं आपसे सानुनय प्रार्थना किये विना नहीं रह सकत्ता कि आप स्थान स्थानमें अपनी शिक्षण संस्थाएं स्थापन करें कि जिनके द्वारा हमारे बच्चें—जैन समाज के लाल उच्चतम लौकिक, औद्योगिक और धार्मिक शिक्षण प्राप्त कर सकें ताकि हमारी समाज के होनहार बच्चे विधर्मी बनने से रूकें। और मिशन स्थापित कर जो बच्चे हमारी समाज के विधर्मियोंने छीन लिये हैं उनको पुन. अपने धर्ममें लानेकी चेष्टा करें।

और जो कुछ हमारी समाज में थोडी बहुत संस्थाएं अव्यवस्थित रूपसे चल रही है उनमें संघटन और सहकार न होनेसे यथायोग्य कार्य करने से असमर्थ रहती हैं। इसलिये आवश्यक है कि सब जैन संस्थाएं किसी एक सुव्यवस्थित तंत्र के नीचे रह कर परस्पर सहयोग से शीघ्र सुधार करें।

विधवाएं.

यह प्रश्न विधवाओंका है जो हमारी जन संख्याके घटनेका एक कारण है। आज जैन समाजमें बालविवाह, वद्धविवाह, अनमेलविवाह कन्याविक्रयादिके कुपरिणामसे पच्चीस प्रतिशत विधवाएं विद्यमान हैं। उनकी शिक्षा दीक्षा आदिका प्रबन्ध तो अलग रहा। प्रतिकूल इसके उनके साथ कई घरोंमें दासीकासा व्यवहार किया जाता है उनकी मांगलिक कार्योंमें सम्मिलित होना निषेध है। बहुतसी वीधवाएं दाने दानेको तरसा करती है। उन्हें देख सुनकर पत्थरका हृदयभी पीघल जाता है। समाज उनकी ओर उपेक्षाकी दृष्टीसे देखता है इस कारण उसका भयंकर परिणाम हो रहा है।

इसलियेजैन समाजका मुख्य कर्तव्य है की विधवाओंकी वृद्धिको रोकनेके लिये बालविवाह, अनमेल विवाह, वृद्धविवाह तथा कन्या विक्रयकी कुप्रथाओंको सर्वथा दूर करे और इस समय जो विधवाएं विद्यमान है

उनके लिये विधवाश्रम खोलकर उनकों उच्चतम आर्थिक तथा औद्योगिक शिक्षणका अभ्यास करानेकी सुव्यवस्था करें। जिससे वे अपने चारित्र गठनद्वारा तथा शिक्षण प्रचारद्वारा अपना तथा स्त्री समाजका महान कल्याणकर सकेंगी।

अंतर्जातीय विवाह.

जैन धर्म साम्यवाद का प्रतिपादन करता है। परन्तु बडे भारी खेदका विषय है कि इसमें भी जातियों, उपजातियों तथा प्रांत भेदने घर कर लिया है। कई जातियों में परस्पर न रोटी व्यवहार है न बेटी व्यवहार है। और कई जातियों में परस्पर रोटी व्यवहार होते हुए भी बेटी व्यवहार नहीं है। एक प्रांतकी जैन समाज दूसरे प्रांतकी जैन समाजसे बेटी व्यवहार नहीं करती जिसके कारण कई माता पिताओंको बडे यत्न व प्रेम से पाली हुई पुत्रियोंको अपनी जातिमें योग्य वर न मिलने के कारण से और दूसरी जैन जातिमें बेटी व्यवहार न करनेके कडे नियम के कारण से विवश होकर अपनी कन्याओंको योग्य अयोग्यका विचार न करते हुए पचास चालीस वर्षके बूढेके गले मढना पडता है अथवा अनमेल विवाह या बालविवाह कर देना पडता है। यदि वर न मिले तो बडी बडी उमरकी कन्याओंको कंवारे रहकर आयुव्यतीत करनेके लिये बाध्य किया जाता है। और कई साधारण स्थितिके माता पिताओंको अपने योग्य पुत्रोंके अपनी जातिमें कन्याओंके न मिलने के कारण विवाह न होने से या तो विवश होकर सारी आयु कंवारे ही रखना पडता है या उन लडकोंको विवश होकर और कोई उपाये न मिलने से दूसरी जातियों और धर्मोंमें सम्मिलित होकर विवाह करना पडता है जिसका परिणाम यह होता है कि वे लोग अपनी जाति तथा जैन धर्मको छोड़ देनेपर विवश होकर अन्य धर्मी बन जाते है।

जो लोग खूब मालदार हैं वे लोगकन्याका रुपया देकर अर्थात् खरीदकर अपने पुत्रोंका विवाह करनेके लिये विवश हो जाते हैं। जिससे कन्याविक्रयकी भी वृद्धि होती है।

नतीजा यह होता है कि बालविवाह, वृद्धविवाह, अनमेलविवाह, कन्याविक्रयकी वृद्धी तो होती ही हैं। उसके साथ समाजमें व्यभीचारके फैलनेसे बल और वीर्यकाभी नाश होता है। और अंतमें ह्रासद्वारा अपनी जातियोंकीं होती हुई क्षतिकी भयंकर परिस्थितियोंका अनुभव करना पडता है।

इन उपरोक्त भयंकर हानियोंको दृष्टीगोचर करते हुए मेरे क्षुद्र विचारसे तो यदि जैन समाजको अपनी स्थिति कायम रखना हों तो सब प्रकारके भावोंको शीघ्र तिलांजली देकर हरेक जैनसे चाहे वह किसीभी जाति, उपजाति, संप्रदाय, या प्रांतका हो रोटी तथा बेटी व्यवहार निःसंकोच खोल देना चाहिये। जिससे विवाह क्षेत्रके विस्तृत हो जानेसे उपरोक्त हानियां दूर हो जावेगी। यह मेरी नम्र प्रार्थना है।

प्रचारकार्य और शुद्धि।

एक समय ऐसाथा की जैन धर्म सर्वत्र व्याप्त था, परन्तु आज वही सर्व व्यापक तथा सार्वजनिक धर्म भारतके कई देशोंसे तो सर्वथाही लुप्त हो गया है और यदि उन देशों मैं कुछ अल्प संख्यामें जैन समाज पाईभी जावेगी तो वह भारतके दूसरे भागोंसे आकर बसी हुई पाई जावेगी। एक समय मगध वैशाली आदि देशों आज जिनको आसाम विहार उड़ीसा बंगालके नामसे पुकारा जाता है में जैन धर्म सार्वजनिक था परन्तु इन देशोंमें आज एकभी जैन दृष्टीगोचर नहीं होता गया के आसपासका प्रदेश काश्मीर सिंध और फ्रोन्टियर में से भी जैन धर्म सर्वथा लुप्त हो गया है। कहांतक कहूं औरभी ऐसे कई परदेश हैं जहांपर पहिले तो जैन धर्म था परन्तु आज वहांके निवासी जैन शब्दसे भी परिचित नहीं रहे। और जहां कहीं जैन समाज हैं भी तो उसमें दिन प्रतिदीन कमी होती दीख पडती है इसका कारण है हमारी प्रचार कार्यकी तरफ उपेक्षा। चाहे कोई

व्यक्ति धन कुबेर क्यों न हो परन्तु आमदनी के सब कारणोंको सर्वथा बन्द कर दें और खर्चही खर्च करता जावे तो एक वर्ष दो वर्ष पांच वर्ष अथवा पचीस वर्ष या इससेभी अधिक समयके पश्चात् एक दिन धन हीन अवश्य ही हो जावेगा उसी प्रकार पानीसे भरा हुआ बडा भारी कुंड जिस के पानी आने के सब मार्गों को बन्द कर एकभी मार्ग खुला न रखो और पानी निकलनेके मार्ग खुले रखे गयें हों वह एकन एक दीन अवश्य खाली होगा इसी प्रकार जैन धर्म चाहे कितना विशाल हो चाहे इसके सिद्धांत कितनेही सुन्दर क्यों न हो यदि जैन धर्मानुयायियोंकी संख्या प्रतिवर्ष इसी तेजीसे घटती गई तो यह थोडे समयमें ही नष्ट हो जावेगा "न धर्मो धार्मिकैर्विना" इसमें सन्देह ही क्या है और इस वस्तुका विचार करते हुए ही पूर्वाचार्योने हजारों नहीं परन्तु लाखों मनुष्यों को जैन धर्ममें दीक्षित कर जैन संघकी वृद्धि की थी। परन्तु जबसें संकुचितता, शुष्क आचार विचार तथा रूढि चुस्तताने जैन समाजमें अपना अड्डा जमाया है तबसे जैन समाजमें बडे वेगसे कमी होती जा रही है। और दिन प्रतिदिन यहवेग औरभी अधिक गतिको प्राप्त कर रहा है परन्तु फिरभी हमारे कानोंपर जूँ तक नहीं रेंगती।

जो जैन समाज एक समय चालीस क्रोड थी आज मात्र इग्यारह लाख है यदि यहि स्थिति रही तो जैन समाजकी क्या स्थिति होगी। यह विचारणीय है।

जो कोईभी जैन शासनका हितैषी है चाहे वहत्यागी हों या संसारी उसका प्रथम कर्तव्य है कि जैन धर्मानुयायियोंकी रक्षा वृद्धिके लिये तन मन धन सब कुछ लगा देवें। जहां जहां दुसरे धर्मोवाले अजगरके समान हमारी जातिको निगल रहे है वहां वहां दौड निकलो भूलोंको रास्ते लगाओ गिरोंको उठाकर सीनेसे लगाओ महावीरके शासनमें उनको बनती सहायता देकर स्थिर करो ओर शुद्धिद्वारा सर्व मनुष्य जातिके लिये जैन धर्मके दरवाजे खोल दो।

मुनि समाज तथा जैन समाजके श्रीमंत यदि इस बातके लिये कटिबद्ध हो जावे यह कार्य बडे वेग और शीघ्रतासे प्रारंभ हो सक्ता है। इस लिये मेरी यह नम्र प्रार्थना है कि ईर्षा द्वेष आदिको तिलांजली देकर समाजको ओर प्रचार कार्य तथा शुद्धिकी ओर शिघ्र लक्ष देना चाहिये।

संघठन.

जिस जैन धर्मने एक समय भारत वर्षके सर्व धर्मोके झगड़ेको अपनी सुन्दर स्याद्वाद सिद्धान्त द्वारा शांत करके सारे देशमें साम्यवादका प्रचार कियाथा आज उसी धर्मको संप्रदायों द्वारा स्वयं अनेकताको प्राप्त हुए देखकर किस धर्म प्रेमी तथा समाज प्रेमीको दुःख न होता होगा मैं शास्त्रीय चर्चामे नही पडना चहाता किन्तु मेरा हृदय और बुद्धि स्वीकार करती है कि जैनियोंके सभी सम्प्रदायोमें कोई मौलिक भेद नहीं है। सभी वीतरागताके उपासक और भगवान महावीरके परमभक्त हैं तब समझमें नही आता कि हमारा झगड़ा किस बातका है।

आज देशके उद्धारके लिये भारतकी प्रत्येक कौमकी मिलनेकी आवश्यक्ता है सम्प्रदायिक भेदभाव नष्ट करनेकी जरूरत है। पूज्य महात्मा गांधीजीने सर्व धर्म समभावका रूप अपने सामने रक्खा है और उसे जीवनमें उतार कर सच्चे जैनत्वका परिचय दिया है।

जिस जातिने उन्नति की है विना संघठनके नही की है एक कविके शब्दों में:—

न जाति प्रेम हो जिसमें, मोहब्बत हो न भाईकी।
वह मुर्दा कोम है, जिसमें न बू हो एकताईकी॥

इस लिये यदि हमको अपनी जातिकी वृद्धि देखनेकी आकांक्षा है यदि हम सच्चे जैन हैं यदि वीरके भक्त हैं तो हमें सांप्रदायिक द्वेषका विष निकाल देना चाहिये।

बेकारी.

औद्योगिक और व्यापारिक प्रगतिमें ही बेकारी दूर करनेका उपाय है। आजकाल मध्यम वर्गकी बडी दुर्दशा है। वह न तो भीख माग सकता है, न शूद्र वर्णकी मजदुरीही कर सकता है और एक भले आदमीकी तरह उसे अपनी इज्जत सुरक्षित रखनी कठिन हो जाति है। जैन समाजका बड़ा भाग इसी मध्यम वर्गका है। इस लिये बेकारीकी समस्या उसके सामने एक जटिल समस्या है। इस समस्याको शीघ्र हल करनेका मार्ग ढूंढ कर अपने स्वधर्मी भाईयोंको अपने धर्ममें दृढ करिये।

धर्मादा खाता.

एक तरफ तो हमारे भाई बेकारीसे पीडीत होकर अर्ध मृतके समान जीवन विता रहे हैं दूसरी तरफ धर्मादा खाताका रुपया मारा मारा फिर रहा है। अपवादोंकी बात छोडिये परंतु साधारणतः हमारे धार्मिक द्रव्यकी यही दशा है कि वह जहां जाता है। वहींका हो जाता है। उनकी न कोई व्यवस्था है न कोंई पूछ ताछ। इसकी व्यवस्थाभीं अवश्य होना चाहिये। बल्की मैं तो यहांतक कहनेकों तैयार हूँ कि उसके लिये एक कानून बनवाना चाहिये। वक्फ एक्टकी तरह इस कानूनके बन जानेसे हमारा धार्मिक कार्य सरल रीतीसे हो सकेंगे।

जैन बेंक.

इसके द्वारा जैन भाई जो पूंजीके विना मारेमारे फिर रहे हैं उनको पूंजी देकर उनकी बेकारीं तो दूरकी हीं जावेगी। और इसके द्वारा धर्मादा खाताकी रक्षा और उसके सदुपयोग के लिये जैन बेंक एक असाधारण उपाय है। इस बेंक के होनेसे धार्मिक द्रव्य किसी प्राईवेट जगह रखनेकी आवश्यक्ता न रहेगी। वह द्रव्य जैन बेंकद्वारा जमा रह कर सुरक्षित रह सकेगा।

व्यक्तिगत पुस्तकालय.

हमें अपनी शक्तिका कोईभी अंश निरुपयोगी नहीं बनाना चाहिये। फिर ज्ञान के अंगोकी निरोपयोगी बनाना तो औरभी बुरी बात है। हमारे यहां उपाश्रय आदिमें व्यक्तिगत पुस्तकालय होते हैं। उनमें पैसा तो लगता है समाजका परन्तु उसका उपयोग किसी एकाद साधुके लिये ही रिझर्व हो जाता है जिसके परिणाम स्वरूप दूसरा कोई उपयोग नहीं कर सकता ज्ञानके साधन यदि व्यक्तिगत हों तो भी उनका सबको उपयोग करने देनां उचित है फिर सामाजिक द्रव्यसे बने हुए पुस्तकालयोंका व्यक्तिगत तरह उपयोग करना तथा वर्षों तक उनका निरोपयोगी पडे रहना ज्ञानावरण कर्मके बन्धका हेतु है। अज्ञानको नियंत्रण देना है। हमें इस कुव्यवस्थाको बन्द करना चाहिये।

तीर्थोंके झगडे.

आज हम आलस्य और उपेक्षा से कई तिर्थोंको अपने हाथसे खो चुके हैं। हमारी दिगम्बरोंके प्रति उदारता का कुपरिणाम यह हुआ कि आजवे हमारे शत्रु बन कर हमारे तीर्थोंको हडप करते जा रहे हैं। स्थान स्थान पर झगडे खडे कर हमारे क्रोडों रुपया तथा शक्तिका ह्रास कर रहे हैं। और कुछ मंदिर आदि हमारी समाजकी देख भालके विना दूसरे धर्मावलम्बियोंने कबजे कर लिये हैं। कई स्थानों पर हमारे रखे हुए नौकर, पुजारी, पंडे आज अपनी संपत्ति बनाकर अथवा अपने धर्म देवमूर्तियां बैठा कर हमारे मंदिरों, तीर्थोंपर अपना आधिपत्य जमा बैठे हैं। और रहे सहे मंदिरों, धर्मस्थानों, तीर्थो पर भी यदि ऐसी ही स्थिति रही तो उनकी रक्षा भी कठिन बन पडेगी।

इसमें सन्देह नही कि यह तीर्थ, मंदिर, धर्मस्थान, शिलालेखादि जितने भी प्राचीन अथवा नवीन स्थान हैं वे सब हमारे इतिहास के साधन हैं और हमारी प्राचीनताको सिद्ध करते हैं। इस लिये इन तीर्थों आदिका खोना अपने इतिहासका नाश करना है।

यदि आपआपना अस्तित्व चाहते हैं तो मेरे क्षुद्र विचारसे तीर्थ रक्षाके लिये एक ऐसी कमेटी स्थापित करीये कि जिसका कार्य अपने तीर्थों, मंदिरो, धर्मस्थानों आदिका रक्षण हो।

जो धर्मस्थान हमारे हैं उनके रक्षणके लिये ऐसी उदारताओ हमारेही पाओंके काटनैके लिये कुल्हाडेका काम दे रही है उसको स्थान न देते हुए अभीसे कटिबद्ध हों जाओ जिससे नये झगडे पैदा ही न हो सकें तथा झगडेग्रस्त तीर्थस्थानोंके लिये अपने हक्कोंका संरक्षण करते हुए शीघ्र निर्णय करानेका प्रयत्न करें।

केसरियाजी.

आज और तीर्थोंके झगडोंके साथ साथ हमारे सामने केसरियाजी तीर्थका प्रश्न गम्भीर है। इसके विषयमें आप लोग विचार तो करेंगे ही परन्तु मेरे विचारसे तो अपने हक्कोंकी पूर्ण रक्षाके लिये हमको कटिबद्ध रहना चाहिये। और विजयशांतिसूरिजी केसरियाजीके लिये जो प्रयत्न कर रहे हैं वह हमारी समझमें बहुत प्रशंसनीय है। कॉन्फरन्सका मुख्य कर्तव्य है कि उनके सार्थ पूर्ण सहयोग करके उचित प्रबन्ध करनेकी पूर्ण चेष्टा करे।

तीर्थोंका प्रश्न इस समय बडा जटिल हो रहा है और इस विषयमें बारंबार उदारता दीखलाते जावेंगे तो रहे सहे तीर्थोंकांभी इसी प्रकार आपत्तीका शिकार होना संभव है।

उपसंहार.

मैंने आपने विचार संकेत और संक्षेपमें आपके सामने रखे हैं आपसे नम्र प्रार्थना करता हूं कि आप मेरी प्रार्थनाओंपर विचार करके कुछ ठोस कार्य करनेकी कृपा करें। मुंबई भारत वर्षकी एक प्रधान नगरी है। यहांपर सभी प्रांतके लोग रहते हैं। यहांका जैन संघभी बहुत बडा है। इस प्रकारु यहां पर सर्व प्रकारकी सुविधाएं हैं। इस लिये मैं आशा करता हूँ कि आप लोग यहांपर कुछ ऐसा काम कर जावेंगे जिससे जैन धर्म और जैन संघकी उन्नति हो। मेरें वक्तव्यमें कुछ अनुचित कहा गया हो तो मुझे क्षमा करे।

स्थळः—माधवबाग.
ता. ५—५—३४
शनिवार.
बंबई.

निर्मलकुमारसिंह नवलखा
प्रमुख
जैन श्वे. कॉन्फरन्सका चौदवा अधिवेशन.

जैनम् जयति शासनम्।

卐

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરંસના

ચૌદમાં અધિવેશનના પ્રસંગે અપાયેલું

સ્વાગતાધ્યક્ષ શેઠ અમૃતલાલ કાલીદાસનું

ભાષણ.

मंगलं भगवान् वीरो, मंगलं गौतम प्रभुः ।
मंगलं स्थुलीभद्राद्या, जैनो धर्मोऽस्तु मंगलम् ॥

સ્વાગત.

પ્રતિનિધિ બંધુઓ, બ્હેનો અને માનવંતા મેહેમાનો !

ભારતવર્ષના લગભગ બધા ભાગોમાંથી અનેક જાતની વિટંબણાઓ વેઠીને અને આપના કિમતી સમયનો ભોગ આપીને, અમારાં આમંત્રણને માન આપીને, આપ સૌ આટલી મોટી સંખ્યામાં અત્રે પધાર્યા છો, તે માટે સ્વાગત સમિતિ તરફથી હું આપ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. ઘોર કુસંપ અને વિરોધી સૂરોનાં ગુંગળાવનારાં વાતાવરણ છતાં, કૉન્ફરંસ પ્રત્યેની તમારી ફરજનો ખ્યાલ રાખીને, આપ અત્રે જે મોટી સંખ્યામાં પધાર્યા છો, તે કૉન્ફરંસ અને સમાજના હિતચિંતકો તરિકે આપણે સૌને માટે મહાન્ આનંદનો વિષય છે.

મુંબઇ શહેરની બ્રહોજલાલી.

આપણી કૉન્ફરંસ આજે મુંબઇ જેવાં વેપાર ઉદ્યોગની મહાસમૃદ્ધિ ધરાવનારાં, ચોર્યાશી બંદરોનાં કેંદ્ર સમાન ગણાતાં, લાખો મનુષ્યોને રોજીનું સાધન આપનારાં, કેળવણી અને સંસ્કૃતિમાં ભારે પ્રગતિ બતાવનારાં, ધર્મની અનેક સંસ્થાઓને પોષનારાં મહાન્ શેહેરમાં ભેગી મળે છે. ભારતવર્ષનાં જુદાં જુદાં શેહેરો અને ગામોના જૈનોનું વ્યાપારધંધાનું આગેવાન મથક ગણાતું મુંબઇ શેહેર, કે જેની અંદર આપણે બધા સમાજની ઉન્નતિ યાતો **આપણી પોતાની ઉન્નતિના** પ્રશ્નોનો વિચાર કરવા ભેગા મળિયે તે પણ આપણા ઉદયનું એક શુભ ચિન્હ છે.

કૉન્ફરંસના સ્વયંસેવક તરિકેની સેવાની ભાવના.

આજથી લગભગ ત્રીશ વર્ષ પૂર્વે શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરંસનું બીજું અધિવેશન જે આજ મહાન મુંબઇ નગરીમાં ભરાયું હતું, અને જેની સેવા કરવા એક મામુલીસ્વયંસેવક તરિકે હું જોડાયો હતો, તે સમયના કાર્યકર્તાઓની ઉલટ, કાર્ય કરવાની ધગશ, મહુંમ શેઠ **ફકીરચંદ પ્રેમચંદ રાયચંદની** (પોતે ગર્ભશ્રીમંત હોવા છતાં,) કૉન્ફરંસની સેવા કરવાની ભાવના, તે વખતની કૉન્ફરંસમાં બહારગામથી પધારેલા આગેવાનો તેમજ પ્રતિનિધિ બંધુઓના મ્હોં ઉપરનો

ઉલ્લાસ, તે બધાં ભેગાં બળે મારાં ઉપર ઘણીજ સચોટ અસર કરી હતી, અને તે સમયે મેં ઘણાં ઘણાં સ્વપ્નાં સેવ્યાં હતાં, અને તેમાનું એક સ્વપ્ન આજે ખરૂં પડતું જોઇને મારૂં હૃદય આજે આનંદથી ઉભરાઇ જાય છે. સ્વપ્નાં સેવવાં સહેલાં છે, પણ તે ફળવાં ઘણા દુર્લભ છે. પરંતુ, જો મારૂં સ્વપ્ન ફળ્યું હોય, તો તે ફકત બે અક્ષરના એક શબ્દની નિરંતર ઉપાસનાથી ફળ્યું છે. અને તે અક્ષર **"સેવા"** છે.

સેવાનો મહામંત્ર.

જે સમયે, હું તે કૉન્ફરંસમાં સ્વયંસેવક તરકે જોડાયો, તેજ સમયે મેં નિશ્ચય કર્યો હતો કે, મારાથી બની શકતી **"સેવા"** (કોઇપણ જાતના બદલાની આશા સિવાય) સમાજ અને ધર્મની ઉન્નતિ માટે કરવી–અને તેજ મહામંત્રના પ્રભાવે, આજે આજ મહાન મુંબઇ નગરીમાં, તેજ કૉન્ફરંસની **"સેવા"** કરવા તમોએ મને જે અમુલ્ય તક આપી છે, તેને માટે, હું આપ સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

કેળવણી.

છેલ્લાં ૩૦ વર્ષની અંદર આપણે કેળવણીની દિશામાં સામાન્ય રીતે સારી પ્રગતિ કરી રહ્યા છિએ. તે છતાં પણ, મારે એટલું તો સ્પષ્ટ કહેવું જોઇએ કે, જેટલા વેગથી આપણે આ દિશામાં આગળ વધવું જોઇએ, તેટલા વેગથી આપણે આગળ વધી શકયા નથી, અને તેનાં ઘણાં ઘણાં કારણો છે. તેમાં મુખ્ય કારણ **આપણામાં જોઇએ તેટલા પ્રમાણમાં સહકાર અને સંપ નથી.** થોડાઘણા સહકારનું પણ કેવું સુંદર પરિણામ લાવી શકાય છે, તે આપણી કોમમાં ચાલુ થયલી સંખ્યાબંધ સંસ્થાઓ પરથી સ્હેજે સમજી શકાય છે. અનેક શહેરો તેમજ ગામોમાં, જૈન ગુરૂકુળો, વિદ્યાલયો, છાત્રાલયો, શ્રાવિકાશ્રમો, કન્યાશાળાઓ, બાળાશ્રમો, ઉદ્યોગશાળાઓ, વ્યાયામશાળાઓ, તેમજ ધાર્મિક શાળાઓ થોડા યા વધુ પ્રમાણમાં સ્થપાયાં છે–તે થોડા પ્રમાણમાં સહકારનું ઘણું સુંદર ફળ આપણે જોઈ શકિયે છિયે. તો પછી, સમાજના મોટા સમુદાયના સહકારથી, કોઇપણ કાર્ય કરવામાં આવે તો, હું ધારૂં છું કે તેનાં ઘણાં સુંદર પરિણામો લાવી શકિએ. આ તકે, મારે એટલું પણ કહેવું જોઇએ કે, કેળવણી આપતી વખતે દરેક માબાપે અગર સંસ્થાઓએ પોતાનાં બાળકોમાં ધાર્મિક સંસ્કારો સારામાં સારી રીતે રેડવા જોઇએ. ધાર્મિક સંસ્કાર વિના, એકલી ઉચ્ચ કેળવણીનાં પરિણામો ઘણી વેળા સારાં આવતાં નથી–અને તેના ઘણા ઘણા દાખલાઓ આપણી નજર સન્મુખ ખડા છે. માટે ફરી ફરીને કહું છું કે, ઉચ્ચ કેળવણીની સાથે, વ્યાવહારિક અને ધાર્મિક સંસ્કારોની ખાસ આવશ્યકતા છે.

જનસમૂહ જેમ જેમ કેળવાતો જાય છે, તેમ તેમ કન્યા-કેળવણી પણ ઘણીજ આગળ વધતી જાય છે. પરંતુ, તે દિશામાં પણ ઘણું ઘણું કરવાનું છે. ઉચ્ચ સ્ત્રી કેળવણી માટે, જૈન કોમમાં કોઇપણ એલાહેદી સંસ્થા નથી, કે જ્યાં કન્યાઓના માબાપો પોતાની કન્યાઓને ઉંચી કેળવણી પ્રાપ્ત કરવાને વિના સંકોચે મોકલી શકે. આવી એલાહેદી સંસ્થાઓના અભાવને લીધે ઘણી કન્યાઓને થોડુંક શિખીને અભ્યાસ છોડી દેવાની ફરજ પડે છે. સ્ત્રી કેળવણી વિષયમાં ઘણું ઘણું લખાયું છે, ઘણું ઘણું વિચારાયું છે, અને એટલું તો ચોક્કસ છે કે, સ્ત્રી કેળવણીની જરૂરીયાત દરેક જણ સમજે છે, અને બને ત્યાં સુધી દરેક માબાપ પોતાની કન્યાઓને બને તેટલી કેળવણી આપવાનો પ્રયત્ન કરે છે. પરંતુ, તે પ્રયત્નોને વધુ જોરદાર કેમ બનાવી શકાય, તેનોજ આપણે વિચાર કરવાનો છે.

આપણો વેપાર ઉદ્યોગ અને તેની સ્થિતિ

આપણા વેપાર ઉદ્યોગ અને ધંધાઓનો વિચાર કરતાં, ખરેખર મને કહેતાં ઘણીજ દિલગીરી થાય છે કે, આજથી પચીશ વર્ષ પૂર્વે, દરેક નાના મોટા ધંધામાં, જેનો ઘણાં મોટા પ્રમાણમાં

અચ્યપદે હતા. પરંતુ, ધીમે ધીમે આપણું તે પદ સરતું જાય છે. તેનો એક દાખલો હું અત્રે આપીશ, જે ઝવેરાતના ધંધાનો છે. મારી જીંદગીના ધંધાની શરૂઆત, લગભગ ૩૦ વર્ષ પૂર્વે ઝવેરાતના ધંધાથી થઇ હતી.

આજથી ૨૫ વર્ષ પૂર્વે, કયાં તે મુંબઇનાં ઝવેરી બજારની જાહોજલાલી, કયાં તે સમયનું ગૌરવ, અને કયાં તે સમયના ઝવેરીઓનાં લલાટની ભવ્યતા! એ બધું ધ્યાનમાં લેતાં, આજે જ્યારે ઝવેરી બજારમાંથી એકાદ વખત જવાનું થાય છે, ત્યારે હાલની પરિસ્થિતિ જોઇને હૃદયમાં ગ્લાનિ ઉત્પન્ન થાય છે— અને એમ દેખાય છે કે, આ તો સ્વપ્નું થઇ ગયું. નાનાં શેહેરો અને ગામડાંઓમાં પણ આને આજ સ્થિતિ દેખાય છે. એક વખતનો મહાજનનો શેઠ કહેવાતો "જૈન" આજે પોતાના ઉદરનિર્વાહને કાજે, મોટાં શેહેરોમાં આવી--કારખાનાંઓમાં અગર તો ખાનગી પેઢીઓમાં, અગર બીજા કોઇ ધંધાઓમાં ૨૫-૩૦ રૂપિયાની જેહેમત ભરી નોકરી સ્વીકારીને, પાંચસાત રૂપિયાની કંગાળ કોટડીમાં પોતાનું અને કુટુંબનું દુઃખી જીવન વ્યતીત કરે છે.

આ બધું શાથી થાય છે, અને થયું છે, તેનો કોઇએ કદિ વિચાર કર્યો છે? અને કદાચ વિચાર કર્યો હોય તો, તેનાં દુઃખનિવારણને વાસ્તે, તેની ઉન્નતિને વાસ્તે કોઇએ કાંઇ ઉપાય કર્યો છે? અને હું ખુલ્લા શબ્દોમાં કહીશ કે, મારાં સુદ્ધાંએ પણ કાંઇપણ કર્યું નથી, અને તેનું કારણ આપણું **એકલપેટાપણું** છે, આપણામાં અંદર અંદર **ઇર્ષ્યા** છે, **કુસંપ** છે, **અસહકાર** છે.

જૈનો જાગો, આજે આપણા બીજા બંધુઓની જે દશા થઇ છે, તેવી કાલે આપણી નહિ થાય તેની શી ખાત્રી છે? માટે, મોડું થાય તે પહેલાં ચેતો! આપણામાંથી કુસંપ, ઇર્ષ્યા, અસહકાર નાબુદ કરો! અને મારાથી મારી કોમની, સમાજની કેટલી અને કેવીરીતે સેવા બની શકે, તેનો વિચાર કરવા મંડી જાઓ, અને પછી, દસ વર્ષે પ્રભુ જો જીવતા રાખે તો પરિણામ જુઓ! જો જૈન સમાજના ઉદ્ધારની સાથે, ધર્મની ઉન્નતિ ચાહતા હો તો, ઉપર કહ્યા પ્રમાણે વેર ઝેર છોડી દઇ એક એકની સાથે ખભેખભા લગાડીને કામે લાગી જાઓ! એટલું તો ચોકસ યાદ રાખજો કે, જો ધર્મની ઉન્નતિ ચાહતા હો, સમાજનાં ગૌરવમાં માનતા હો તો, જરૂર સમાજને જીવતો રાખવાના પ્રયત્નો કરો!

સ્વયંસેવક.

જો કોઇપણ રાષ્ટ્ર, સમાજ અગર ધર્મની ઉન્નતિ સાધવી હોય, તો સ્વયંસેવકોની ખાસ જરૂર હોય છે. સ્વયંસેવકનો અર્થ મારી પોતાની માન્યતા મુજબ તો હું નીચે પ્રમાણે કરૂં છું:—

પોતાની ઇચ્છાપૂર્વક કોઇપણ જાતના બદલાની આશા સિવાય, **સેવા**નાં મહાન્ કાર્યમાં વિના સંકોચે જે ફાળો આપે, તેનું નામ સ્વયંસેવક.

આપણા સમાજમાં છેલ્લાં ૨૫ વર્ષમાં ઘણાં ઘણાં સ્વયંસેવક મંડળો જુદાં જુદાં ગામ અને શેહેરોમાં સ્થપાયાં છે, અને જ્યારે જ્યારે આપણા સમાજ અગર ધર્મકાર્યમાં તેઓનો જરૂર પડે છે, ત્યારે ત્યારે તેઓ પોતાનો સક્રિય ફાળો આપે છે. પરંતુ, મારે કહેવું જોઇએ કે જેટલાં પ્રમાણમાં તે પ્રવૃત્તિને સંગઠ્ઠન રૂપે આગળ ધપાવવી જોઇએ, તેટલાં પ્રમાણમાં તેને વેગ મળ્યો નથી. જૈનોની સાધારણ ઠીક ઠીક વસ્તીથી વસાયલું એક પણ શેહેર અગર ગામ એવું ન જોઇએ કે, જેની અંદર સ્વયંસેવક મંડળ હસ્તીમાં નહિ હોય. અને તે બધાં મંડળોનું એક સંગઠ્ઠન કરીને, દર વર્ષે જે જે જગાએ કૉન્ફરંસ ભરાવાની હોય ત્યાં, તેનું પણ એક અધિવેશન ભરાવું જોઇએ. અને તેની અંદર સેવાને લગતા કોમના, સમાજના અને ધર્મના પ્રશ્નો ચર્ચવામાં આવે તો, જરૂર આપણે પાંચદશ વર્ષની અંદર ઘણા આગળ વધી જઇએ. જો કે મારે આ તકે કહેવું જોઇએ કે, ઉપર પ્રમાણેનો એક પ્રયાસ

આપણા મુંબઇ તથા અમદવાદના કેટલાક સ્વયંસેવક ભાઇઓનાં સંયુકત બળથી જે વખતે શ્રી શેત્રુંજય પ્રકરણ વિષયે આપણી આ કૉન્ફરંસની ખાસ બેઠક સાત આઠ વર્ષ પૂર્વે બોલાવવામાં આવી હતી, તે સમયે કરવામાં આવ્યેા હતેા. તે સમયનું સ્વયંસેવક પરિષદનું પ્રમુખપદ મેળવવાનું માન મને મળ્યું હતું. કયાં તે સમયનું ઐકય, કયાં તે સમયનું ઐકય, અને કયાં તે સમયનેા અંદર અંદરનેા પ્રેમ, અને કયાં આજની આપણી અંદર અંદરની મારામારી, કલેશ અને ભિન્નતા ? જ્યારે તે સમયનું અને હાલનું ચિત્ર મારાં હૃદયમાં ખડું થાય છે, ત્યારે મને એમજ લાગે છે કે, આપણે જૈનેા પારકાની પંચાત કરવામાં ડાહ્યા ગણાઇએ છિયે, ત્યારે આપણું પેાતાનું ઘર સુધારી શકતા નથી. અને તે ભિન્નતા અને કુસંપને લીધે આજ સુધી તે પરિષદ્ પહેલી અને છેલ્લી જ થઇ. હજુ મેાડું થયું નથી. "જાગ્યા ત્યાંથી સવાર," એ સૂત્રને નજર આગળ રાખીને કામ લેવામાં આવે તેા, બે પાંચ વર્ષે તેનાં સુંદર પરિણામેાની આશા રાખી શકાય.

જૈનેાનેા દાનપ્રવાહ=પ્રતિવર્ષ હિસાબેા બહાર પાડવાની જરૂર.

જૈન સમાજ પ્રતિવર્ષે, એટલી બધી મેાટી રકમ ધાર્મિક, સામાજીક અને કેળવણીનાં કાર્યેામાં ખર્ચે છે, અને તેનેા આખેા સરવાળેા, એકત્ર હિસાબના રૂપમાં દર વર્ષ જો બહાર પાડવામાં આવે તેા, હું ખાત્રીથી કહું છું કે, અન્ય દર્શનીઓ તેા જરૂર અચંબામાં ગરકાવ થાય તેમાં નવા નથી. પણ, ખુદ જૈનેા પેાતે પણ નહિ માની શકે તેટલેા મેાટેા ગંજાવર આંકડેા થવા જશે. આપણે હમેશાં આપણી સાહસિક પારસી કેામની સખાવતેાનાં વખાણ કરીએ છિયે–અને તે ખરાં છે. પણ તે શાથી ખરાં છે, તેનેા આપણે કદિ વિચાર કરતા નથી. આપણી જૈન કેામ કેાઇપણ રીતે પારસી કેામની સાથે સખાવતેાનાં પ્રમાણમાં ઉતરતી નથી જ. પણ, પારસી કેામ એટલી બધી વ્યવસ્થિત રીતે, નાનામાં નાની સખાવતેાનેા હિસાબ રાખીને, પ્રતિ વર્ષની આખરે પેાતે શું કર્યું, તેનેા પેાતાની કેામ આગળ હિસાબ મુકીને, પેાતાની સઘળી પ્રવૃત્તિઓ, પેાતાની પંચાયત દ્વારા પેાતાની કેામ આગળ મુકે છે–ત્યારે જ તેઓ કેટલી પ્રવૃત્તિને પેાષે છે, તે પેાતાની કેામને જણાવવાની સાથે આપણને પણ જણાવે છે. ત્યારેજ આપણને તેમની સખાવતેાની બાબતેામાં, તેમના પ્રત્યે માનભરી દ્રષ્ટિએ જોવું પડે છે. આ પ્રમાણે જ્યારે આપણે બધા સંગઠ્ઠિત થઇને ઝીણામાં ઝીણી વસ્તુનેા વિચાર કરીને તેનેા સંક્ષિપ્ત ઇતિહાસ, જૈન સમાજ સમક્ષ પ્રતિવર્ષે રજુ કરીએ–તેાજ આપણને ખબર પડે કે, આપણું દાનનેા પ્રેાધ કેટલાં જોશથી વેહેતેા રહ્યેા છે.

ઉપર મુજબ, દરસાલ આપણી સમાજે જુદા જુદા ધાર્મિક, સામાજીક અને કેળવણીનાં કાર્યેા માટે, પરમાર્થ માટે કાઢેલાં નાણાંની રકમેાનેા હિસાબ દરસાલ બહાર પાડવામાં આવે તેા તે પરમાર્થ માટે જુદાં કાઢેલાં નાણાંનેા કયી કયી દિશામાં અને કેવેા કેવેા ઉપયેાગ થયેા–તેની જૈન સમાજને ઘણી ઉપયેાગી માહિતી મળે. જૈન સમાજનું અને ધર્મનું કલ્યાણ સાધવાના શુભ હેતુ માટે, એલાહેદાં કાઢવામાં આવેલાં નાણાંમાંથી કેટલાં નાણાંનેા કેવેા ઉપયેાગ થયેા–કેટલાં નાણાં તે ફંડેાના વ્યવસ્થાપકેાને ત્યાં જમા થયાં છે, કેટલાં નાણાં નકામાં પડી રહ્યાં છે–અને કેટલાં નાણાંનેા સારાં કાર્યેામાં ઉપયેાગ નહિ થતાં ગેરઉપયેાગ થાય છે–તે સમાજ સ્પષ્ટ રીતે જાણી શકે. પેાતાનેા વેહેવાર અને હિસાબ ચેાખ્ખેા રાખવાની વેપારી વર્ગ તરિકે, જૈનેાની અનિવાર્ય ફરજ છે. અને પરમાર્થ માટે દાનવીરેા તરફથી જુદાં કાઢવામાં આવેલાં નાણાં માટે, કશી પણ બેપરવાહી વિના, કેામને દરસાલ ચેાખ્ખેા હિસાબ આપવાની–ધર્માદા ફંડેાના વ્યવસ્થાપકેાપર ગંભીર જવાબદારી રહેલી છે–અને જૈનેાનાં હજારેા ખાતાંઓ, સંસ્થાઓ, મંદિરેા, ઉપાશ્રયેા, જ્ઞાનખાતાંઓ તથા સામાજીક સંસ્થાઓના હિસાબેા જો વ્યવસ્થાપકેા તરફથી દર સાલનેા બહાર પાડવામાં નહિ આવે તેા–હવે સમય આવી લાગ્યેા છે કે–આ વિષયમાં લાંબેા વખત પ્રમાદ સેવવામાં આવશે તેા–મુસલમાન કેામ માટે સરકારે જેમ વચ્ચે પડીને ધર્માદા ફંડેાનાં સંબંધમાં "વકફ એકટ" પસાર કર્યો છે, તેવી રીતે જૈન કેામ માટે પણ સરકારી દરમ્યાનગિરીનેા પ્રસંગ ઉભેા થશે તે વિના જૈન કેામે બરાબર યાદ રાખવાની જરૂર છે.

શ્રીમાન્ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને કૉન્ફરંસ.

આપણી જૈનોની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કે જેને તીર્થરક્ષાનું કાર્ય આજ લગભગ પચાસ વર્ષોથી, આખાં ભારતવર્ષના સકળ સંઘોના પ્રતિનિધીઓએ મળીને સોંપ્યું છે–અને તે પ્રમાણે આજ સુધી તેઓ તે કાર્ય કર્યે જાય છે. કૉન્ફરંસ પણ આજે છેલ્લાં ૩૦ વરસથી જૈનોના સામાજીક, ધાર્મિક, વ્યવહારિક તથા જ્યારે જરૂર પડે ત્યારે તીર્થરક્ષાના પ્રશ્નો પણ ચર્ચે છે. હવે, બન્ને સંસ્થાઓના વહિવટી તંત્રમાં મારૂં સ્થાન હોવાને લીધે, કેટલીક વખત બન્ને સંસ્થાઓના મન દુઃખાય તેવા સંજોગો ઉભા થાય છે, તેમ હું માનું છું. અને તેવા પ્રસંગો ભવિષ્યમાં ઉભા નહિ થાય, તેને વાસ્તે બન્ને સંસ્થાના પ્રતિનિધીઓએ ભેગા મળીને કોઇપણ જાતનો નિર્ણય કરવો જોઇએ. બલકે, ખુલ્લા શબ્દોમાં કહું તો, તીર્થરક્ષાનો તમામ ભાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપરજ છોડવો જોઇએ, અને જ્યારે જ્યારે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને કૉન્ફરંસનો સહકાર જોઇતો હોય, ત્યારે ત્યારે તે સહકાર ખુશીથી વિના સંકોચે આપવો જોઇએ. આમ થવાથી, બન્ને સંસ્થાઓ વચ્ચેનો મતભેદ દૂર થઇ જશે, અને આપણું કાર્ય ઘણું સરળ થઇ જશે.

આ સાથે મારો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહિવટદાર પ્રતિનિધીઓને (કે જેમાંનો હું એક છઉં) તેઓને મારી નમ્રતાપૂર્વક વિનંતિ છે કે આપનું કાર્ય પણ સરળ બનાવવું હોય તો તો જે જે જગ્યાએ આપને સમાજના સહકારની જરૂર હોય, ત્યાં વિના સંકોચે સહકાર સાધવો જોઇએ. પેઢીના પ્રમુખ લોકશાસન તંત્રના હિમાયતી છે; આથી તેઓ એટલું તો ચોકકસ માનતા હોવા જોઇએ કે, લોકશાસનના હાલના યુગમાં જનતાનો જેટલાં વધારે પ્રમાણમાં સહકાર સાધીને તેને વિશ્વાસમાં લેવાય, તેટલું વધારે સારૂં. જનતા આપની પાસે પ્રથમે વિનંતિથી, નહિતો ઠરાવોથી અને છેવટે પોતાનો લોકમત કેળવીને, આપનાં વહિવટી તંત્રમાં અગર તો બંધારણમાં લોકશાસનના આ યુગ મુજબના ફેરફારોની માગણી કરે, તે કરતાં આપ જ વિચાર કરીને જે જગાએ તંત્રમાં અગરતો બંધારણમાં સુધારાને અવકાશ હોય, તે તે જગાએ આપની મેળેજ જનતા આગળ સુચનાઓ રજુ કરો–અને તેનું પરિણામ પેઢી અને જૈન સમૂહને ઘણુંજ લાભદાયી થઇ પડશે.

કેટલાકો કહેશે કે, તમારા વિચારોમાં, ધાર્મિક વિષયોને તમે બિલ્કુલ ચર્ચ્યા નથી, અને તે વાત તદન ખરી છે. કારણ કે, જે વિષયમાં મારૂં જ્ઞાન ક, ખ, ગ કરતાં વધારે નહિ હોય, તે વિષય ચર્ચવાનું મારૂં ગજું નથી––એટલે કે હું અસમર્થ છું.

હું તો એટલુંજ જાણું છું કે, હું શ્રી મહાવીર પ્રભુનો એક નમ્ર અનુયાયી છઉં—અને ધાર્મિક વિષયોના ખાલી ઉહાપોહથી છિન્ન ભિન્ન થઇ રહેલી જૈન સમાજમાં અશાંતિનું નહિ ઇચ્છવા યોગ્ય વાતાવરણ ફેલાવવાથી દૂર રહેવાની મારી ખાસ ફરજ છે. છતાં, મારાથી બની શકે તેટલી જૈન સમાજ અને ધર્મની "**સેવા**" બજાવવાનો ચાલુ પ્રયત્ન કરવાનું મારાં જીવનનું ધ્યેય છે.

શાસન પક્ષ અને જૈન યુવક સંઘ

ગ્રહસ્થો, તમો તો જાણો છો તેમ, આજ છેલ્લાં પાંચ સાત વર્ષમાં "શાસન પક્ષ" એ નામનો એક પક્ષ ઉભો થયો છે અને તેવીજ રીતે "જૈન યુવક સંઘ" એ નામની એક સંસ્થા પણ ઉભી થઇ છે. અને, છેલ્લાં પાંચ સાત વર્ષથી, આપણા સમાજની અંદર ભયંકર કુસંપ પેઠો છે. ભાઇ ભાઇને, કાકા ભત્રીજાને, બાપ દિકરાને, અને કેટલીક જગાએ ઘણી ઘણીઆણીને ભયંકર લડાલડી થઈ છે. ઘણા ગામોના સંઘોમાં, સંસ્થાઓમાં, સ્વામીવત્સલોમાં, જાહેર મેળાવડાઓમાં, ધાર્મિક વરઘોડાઓમાં તેના પડઘા પડયા છે–બલકે કહું તો, આખા સમાજમાં કુસંપની હોળી સળગી છે.

હોળી સળગી તો ગઇ છે, તેનો જવાળાઓ પણ છેક આકાશ સુધી પહોંચી ગઇ છે–પરંતુ, આકાશથી આગળ જવાનો માર્ગ જવાળાઓને નહિ હોવાને લીધે, તે જવાળાઓ ધીમે ધીમે નીચે ઉતરતી જાય છે.

તે જવાળાઓ શાથી સળગી ? કોણે સળગાવવાની પહેલ કરી ? કોણે તેને દિવાસળી ચાંપી ? કોણે તે ભડકાને વધારે તેજોમય બનાવવાને ઘી હોમ્યું ? અને શાણા અને સમજુ જૈનો તેમજ જૈનેતરોમાં આપણા કુસંપનો કીર્તિધ્વજ ફરકાવવામાં કોણે પેત્રોલ છાંટયું ? તે બધી નાપસંદ ચર્ચામાં ઉતરવાનું હું બિલ્કુલ પસંદ કરતો નથી

હવે જે થવાનું હતું, તે થઇ ગયું છે, અને તેને વાસ્તે શોક કરવો નકામો છે. પરંતુ, તેનાં પ્રાયશ્ચિત રૂપે કંઈક સક્રિય કાર્ય કરવા ધારીએ તો કરી શકીએ તેમ છિયે. અને તેનાં પ્રથમ પગથિયાં તરિકે આપણે બધાએ આગલી પાછલી ભુલી જઇને ભુતકાળપર હમેશનો પડદો નાંખીને, અને ભવિષ્યમાં તે ભુલ ફરોથી નહિ થાય, તેવો ખરાં હૃદયથી દઢ વિચાર રાખીને, બીજું પગથિયું ચઢવાને યત્ન કરીશું, તોજ ચઢાશે.

આ બધા પક્ષો વચ્ચે ઐકય પ્રસરાવવા વાસ્તે તમે સૌ કોઈ જાણો છો તેમ, જ્યારથી આ કોન્ફરન્સ ભરવાનો નિર્ધાર થયો, ત્યારથી મેં મારાથી બની શકતા દરેક પ્રયત્નો છેક છેલ્લી ઘડી સુધી કર્યા છે; પ્રયત્નો કરવામાં મેં મારાં માનાપમાનની દરકાર રાખ્યા સિવાય, દરેક પક્ષને સમજાવવાને મારી છેલ્લામાં છેલ્લી શક્તિ અને લાગવગનો ઉપયોગ કર્યો છે. પણ ગ્રહસ્થો ! કહેવાને હું ઘણો દિલગીર છું કે, તેનું પરિણામ આશાજનક આવ્યું નથી. આ બાબતમાં હું કોઇને માથે તેનો દોષ મુકતો નથી. તે દોષ મારો છે, મારા પ્રયત્નોમાં હજી કાંઇક ન્યુનતા હોવી જોઇએ. મારા હૃદયપૂર્વક સમજાવવામાં ખામી હોવી જોઇએ. એ બધાંને પરિણામે હું કાંઈ કરી શકયો નથી. **પરંતુ, એટલું તો મારે કહેવું જોઇએ, અને ભાર મુકીને કહેવું જોઇએ કે, મેં ઉપર કહ્યું તેમ, આખા સમાજની અંદર ઘેર ઘેર કલેશ, કુસંપ અને સમાજની સત્યાનાશીના પાયા રોપવામાં, અને તે પાયાને પાણી પાઇને મજબુત બનાવી મોટી ઇમારતો ચણવામાં જેણે જેણે અગ્ર ભાગ લીધો હશે, જેણે જેણે સીધી યા આડકતરી રીતે વિત્તેજન આપ્યું હશે, અને જેણે જેણે આ વિદ્રોહને અને જવાળાઓને સતેજ રાખવાના પ્રયત્નો કર્યા હશે અને હજુ ભવિષ્યમાં કરશે** (મારાં સુદ્ધાંને) તેને તેને જરૂર કદાચ આ જન્મમાં તો નહિ, પણ પરલોકમાં તો પોતાનાં કૃત્યોનો જવાબ જરૂર આપવોજ પડશે. ગ્રહસ્થો, એમ ના સમજશો કે, સમાજના દરેક ભાગની અંદર કલેશ અને કુસંપરૂપી દાવાનળ સળગાવવો, એ ઓછું પાપ છે—અને ખુલ્લા શબ્દોમાં કહું તો મહા ભયંકર પાપ છે. અને જો તે પાપની શિક્ષા નહિ હોય તો પછી, આપણે આપણાં ધર્મશાસ્ત્રો ભુલી જવાં પડશે. આપણાં તો શું પણ દરેકે દરેક ધર્મનાં ધર્મશાસ્ત્રો પોકારી પોકારીને કહે છે કે, સમાજમાં વિદ્રોહ જમાડવો, અશાંતિ ફેલાવવી, કુસંપના બીજ રોપવાં તે મહા ભયંકર પાપ છે. હું એટલું તો કહીશ કે, આપણાથી શાંતિ નહિ ફેલાવી શકાતી હોય, તે માટે આપણે ખરાં અંતઃકરણપૂર્વક દિલગીર થઇએ–પણ આપણાથી અશાંતિ તો નાજ ફેલાવી શકાય. ઉપરના શબ્દો, સમાજની હાલનો છિન્નભિન્ન અવસ્થા જોઇને, સમાજની અંદર કુસંપની હોળી જોઇને, મારા હૃદયને કકળાટ મને બોલવાની ફરજ પાડે છે. સમાજનાં સાતસાત વર્ષોનાં દુઃખોનું, કેટલીયે કકળાતી આંતરડીઓનાં કકળાટનું જે રીતે હું નિરીક્ષણ કરો રહ્યો છું, તેના પડઘા રૂપે પણ, મારા અવાજમાં તેઓનો જરૂર સમાવેશ થાય છે. સાથે સાથે એટલું પણ કહી દઉં છું કે, અને આપનાં હૃદયમાં તે ઉતારી લેવાની વિનંતિ કરું છું કે, હવે તમો કદાચ આ કુસંપરૂપી જવાળાને તમારો પોતાનો કક્કો ખરો કરવાને વાસ્તે, ગમે તેટલું ઘી કે પેત્રોલ છાંટશો તોપણ, તે જવાળા હવે ઉગ્રસ્વરૂપ પકડવાની નથીજ. કારણ કે, મેં પ્રથમ કહ્યું તેમ, તે છેક આકાશ સુધી પહોંચી ગયલી છે. એટલે તેને આગળ જવાની જગ્યાજ નથી. અને છતાં પણ કોઇપણ જાતના પ્રયત્નો કરશો અગર તો આડકતરી રીતે કરાવશો તો ખુબ યાદ રાખજો કે, **આખી જીંદગીમાં કોઇપણ દીવસ શાંત નિદ્રા**

લઇ શકશો નહિ. અને તેથી તમારો "Waste of time, Waste of Money અને Waste of Energy," **(નાણાંનો સમયનો અને શક્તિનો દુરૂપયોગ) કરતા નહિ.**

આટલું કહેવામાં મારી કાંઇ ભુલ થઇ હોય, અવિવેક થયો હોય, અવિનય થયો હોય અગર તો તમને કદુ લાગ્યું હોય, તો હું તમારી ક્ષમા ચાહું છું–અને એટલું જ મનમાં લાવશો કે, "માણસ ભુલને પાત્ર છે,"

મારા પરમમિત્ર નવલખાજી.

હવે હું તમોને આજની આપણી આ મહાસભાના સેવાભાવી યુવાન નાયક, મારા પરમમિત્ર બાબુસાહેબ નિર્મળ કુમારસિંહજી નવલખ્ખાને વાસ્તે બે શબ્દ કહું તો અસ્થાને નહિ ગણાય.

નવલખ્ખાજી અને મારો પ્રથમ મેળાપ શ્રી શેત્રુંજય તીર્થની પવિત્ર છત્રછાયામાં આજથી લગભગ આઠ વર્ષ પૂર્વે થયો હતો. અને પ્રથમ દૃષ્ટિમિલને અમો એક બીજા તરફ હૃદયના પ્રેમથી ખેંચાયા હતા, અને તેજ પ્રેમ હજી સુધી કાયમજ છે. ઘણી ઘણી બાબતોમાં, અમારા બન્નેના વિચારોનું લગભગ એક સરખાપણું છે. જ્યારે આ કૉન્ફરંસનું પ્રમુખપદ લેવાનો તેઓશ્રીને તાર કરવાને વાસ્તે, શ્રી કૉન્ફરંસ તરફથી મને સુચના કરવામાં આવી, અને તેઓનો સ્વિકારનો તાર આવી ગયો, ત્યાં સુધી મને સ્વપ્ને પણ ખબર ન હતી કે. તેઓનું સ્વાગત કાર્ય મને સોંપવામાં આવશે. બન્ને પરમમિત્રો એક બીજાના જુદા જુદા ઓધ્ધાની રૂએ એક બીજાને એકજ પ્લેટફ્રોમ ઉપર સમાજ અને ધર્મની ઉન્નતિના વિચારો કરવામાં ભેગા મળે, તે પણ એક વિધિનો ખેલ છે.

નવલખાજી એક ગર્ભશ્રીમંત કુટુંબના છે, યુવાન છે, સાથે સાથે ગંભીર પણ છે, સેવાભાવી છે, સેવા એ તો એમનો એક મહામંત્ર છે. અજીમગંજ (મુર્શીદાબાદ) ગયેલો કોઇપણ જૈન યા જૈનસંઘ, ચાહે શ્રીમંત હોય, ચાહે સાધારણ સ્થિતિનો હોય તો પણ, તેમની મેહેમાનગીરી, તેમની પ્રેમપૂર્વક સેવા ચાખ્યા વિના જઇ શકે તેમ બનતુંજ નથી. અને તે બાબતમાં, જેણે તેમની મેહેમાનગિરી ચાખી હોય, તેમની સેવાનો સ્વાદ લીધો હોય, તેજ બરાબર જાણી શકે. એટલું કહીને, હું તો ચોક્કસ માનું છું કે, આપણી હાલની ડગમગતી નૌકાને પોતાનાં બુદ્ધિબળ અને સેવાના મહાન મંત્રના પ્રભાવથી, તેઓ જરૂર પાર ઉતારશે.

ઉપસંહાર.

અંતમાં, આપ સૌનો ઘણો સમય મેં લીધો છે. મારાં આખાં કથનમાં, મેં તો એકજ ધ્વનિ બહાર પાડયો છે, અને તે "ઐકય"નો છે. હું તો ચોક્કસ માનું છું અને ખાત્રીથી કહું છું કે, જ્યાંસુધી જૈન સમાજનો અંદર ચાહે તો જુના વિચારવાળો પક્ષ હોય, ચાહે તો મધ્યમ પક્ષ હોય, ચાહે તો યુવકવર્ગ હોય, પણ તેઓ સૌ પોતપોતાના બધા મતભેદો ભુલી જઇને, એક બીજાના ગુણદોષ જોવાનું છોડી દઇને, હું મોટો છું અને મારો કક્કો ખરો છે તે ભુલી જઇને, જો બધા સાથે મળીને મારાથી સમાજનું હિત શી રીતે થઈ શકે, ધર્મની ઉન્નતિ કેમ સાધી શકાય, મારાથી મારી સમાજ, ધર્મ અને દેશને કેમ ઉપયોગી થવાય, તેનોજ જ્યારે ખરાં હૃદયથી વિચાર કરવા માંડશે, ત્યારે અને ત્યારેજ જૈન સમાજનો, ધર્મની અને દેશનો ઉન્નતિ થઇ શકશે. એટલું ખાસ યાદ રાખજો કે ઉપલી બધી ચીજોની ઉન્નતિ ઉપરજ તમારી પોતાની ઉન્નતિનો આધાર રહેલો છે. મને પોતાને હજુ સમજણ પડી શકતી નથી કે, આપણે જૈનો હમેશાં વેહેવાર કુશળ કેહેવાઇએ છિયે, તે છતાં આપણે જે ચીજમાં આપણી પોતાની ઉન્નતિનો પ્રશ્ન સમાયલો છે, તેનો પણ વિચાર કરતા નથી. મારા યુવાન બંધુઓ કે જેમની અંદર સમાજ ધર્મ અને દેશની મારા કરતાં વધારે ધગશ હશે, તેમને કદાચ મારા વિચારો અગર તો મારૂં ભાષણ મોળું લાગશે, અને તેઓનાં દ્રષ્ટિ બિંદુથી તે જરૂર મોળું લાગવું જોઇએ-અને મોળું છે. પરંતુ, મારી તેઓને એટલી વિનંતિ છે કે, જો તમો સમાજના અને

ધર્મના ખરા હિતચિંતક હો તો, સમાજની અંદર મોટા ભાગોનો જેમાં વિરોધ હોય તેવા ચર્ચાસ્પદ પ્રશ્નો છોડી દઇને એવા પ્રશ્નો હાથ ધરો કે જેથી સમાજનું ઐકય જળવાય. તમો યુવાન છો, આવેશમાં છો, કોમની ઉન્નતિની ધગશ છે, તે બધું હું સારી રીતે જાણું છું અને માનું છું. પણ જો તમો સમાજમાં કોઇપણ જાતના સંગીન સુધારાઓ કરાવવા માગતા હો, સમાજની ઉન્નતિ ચાહતા હો, તો તમારૂં સુકાન કોઈ વિચારવંત આસામીના હાથમાં સોંપશો, જે તમોને ખરે રસ્તે દોરવી શકે. મારી તો એટલી સલાહ છે અને વિનંતિ છે કે કોઇપણ જાતની ઉસ્કેરણીથી દોરવાઇ જઈને, એવું કૃત્ય નહિ કરશો કે, જેથી પાછા હઠવું પડે. તેના કરતાં એવાં કાર્યો હાથ ધરો કે જેની અંદર સમાજનો મોટો ભાગ તમોને છેક સુધી સાથ આપે, અને તમારાં કાર્યને વેગ આપે. જેટલા જેટલા ઘણાજ તકરારી મુદ્દા હોય, જેનો અંદર સમાજનો મોટો ભાગ તમારાથી વિમુખ રહે તેમ લાગતું હોય તો, તેવા પ્રશ્નો ભવિષ્યને વાસ્તે રહેવા દો; હાલ તો જેટલું કાર્ય સહેલાઇથી, સમાજના મોટા ભાગને સાથે રાખીને થઇ શકતું હોય, તેટલુંજ કાર્ય હાથ ધરો.

શાસન પક્ષને પણ હું એટલું તો જરૂર કહીશ, અને વિનંતિથી કહીશ કે, જો આપનાં મનમાં એમ હોય કે, અમારા સિવાય બીજો કોઇ જૈન અત્યારે ધર્મના સિદ્ધાંતો પાલન કરતો નથી, અમારે લીધેજ અત્યારે જૈન ધર્મ ટકી રહ્યો છે, અમેજ જૈન ધર્મને ટકાવી રાખનારા સ્થંભો છિયે, અમેજ શ્રી મહાવીર પ્રભુના સાચા પુત્રો છિયે, તો અસ્તુ ! તેમ માનવાનો તમને પુરેપુરો હક્ક અને અધિકાર છે. પણ, તે માન્યતા બીજાઓની અંદર ઠસાવવાના તમારા પ્રયત્નોમાં એવુ કાંઇપણ તત્વ હશે, કે જેથી સમાજનો થોડી ઘણી રહેલી શાંતિનો પણ ભંગ થશે તો, તેના જવાબદાર તમો ગણાશો.

અંતમાં, તમો બંધુઓને ફરીથી અંતઃકરણથી આવકાર આપતાં, આ કોન્ફરંસની વ્યવસ્થામાં આપને કોઇપણ જાતની અગવડ ભોગવવી પડતી હોય, તો તે બધું મોટાં દિલથી નિભાવી લેશો કારણ કે કોન્ફરંસ કેવા સંજોગોમાં, કેટલા વિરોધોની અંદર ભરવાનું અમોએ માથે લીધું છે, તે આપનાં ધ્યાનમાં હશે. હું મારૂં કહેવાનું સમાપ્ત કરૂં તે પહેલાં એક ખુલાસો કરવાની રજા લઉં છું કે, આ મારા વિચારો રજુ કરવામાં, મારે કોઇપણ વ્યક્તિને અંગત રીતે ઉદ્દેશીને કહેવાનું છેજ નહિ. મારા આ વિચારો મારી પોતાની અલ્પમતિથી કોઇપણ મનુષ્ય યા સંસ્થાની સીધી યા આડકતરી દોરવણી વગર, મારાં અંતઃકરણની લાગણીને વશ થઇને જણાવ્યાં છે. તેનાં સારાં નરસાંપણાં માટે, હું એકલો જવાબદાર છું. તમો તેને વધાવશો તો, મને હર્ષ નથી, વખોડશો તો દિલગીરી નથી. પણ જો તેમાંથી કાંઇપણ ગ્રહણ કરવા જેવું આપને લાગે તો, જરૂર તે ગ્રહણ કરશો, અને બાકીનું નકામું સમજીને ફેંકી દેશો, અને તેનો ઉહાપોહ કરશો નહિ, એવી મારી વિનંતિ છે. શાસનદેવ આપણને સૌને સન્મતિ આપે, એટલું કહીને વિરમીશ.

કચ્છી પ્રેસ, ભીમપુરા મુંબઇ નં. ૯, ટે. નં. ૨૪૪૪૯.

ખંભાતમાં મળેલી જૈનોની જાહેર સભા

કૉન્ફરન્સના ઠરાવોને અનુમોદન–સ્થાનિક સમિતિની સ્થાપના.

સંવત ૧૯૯૦ ના બીજા વૈશાખ વદ ૬ ને રવિવાર તા. ૩–૬–૩૪ ના રોજ રાત્રિના સાડા આઠ વાગે બજારમાં આવેલ શેઠ અંબાલાલ પાનાચંદની ધરમશાળામાં ખંભાતના જૈનોની એક જાહેર સભા ઉપરોકત મંડળના આશ્રય હેઠળ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના ઠરાવો સંબંધી વિવેચન કરી અભિનંદન આપવા તેમજ સ્થાનિક સમિતિ સ્થાપન કરવા મળી હતી. ભાઇશ્રી મોહનલાલ ચોકસીની દરખાસ્ત અને અમૃતલાલ કાટવાળાના અનુમોદનથી પ્રમુખ સ્થાન શ્રીયુત ભોગીલાલ નગીનદાસ શાહ M. A. ખંભાત હાઇસ્કુલના હેડમાસ્તર સાહેબે સ્વીકાર્યું હતું.

આજના વિષય સબંધમાં ભૂમિકારૂપે ભાઇશ્રી ચોકસીએ પ્રારંભમાં કૉન્ફરન્સના જુન્નર અધિવેશન પરત્વે અને ત્યાર પછી જૈન સમાજમાં ઉપસ્થિત થયેલ પરિસ્થિતિને લગતું વિવેચન કર્યું હતું સમિતિ સ્થાપવાનો હેતુ જણાવ્યો હતો તેમજ સ્પષ્ટતા કરી હતી કે કૉન્ફરન્સના ઠરાવમાં રાજનગર મુનિ સંમેલનને અભિનંદન આપનારો ઠરાવ હોવાથી એને અભિનંદન આપવા સારૂ જુદો ઠરાવ કરવાની કે જુદી સભા ભરવાની જરૂર નથી. વળી સુકૃત ભંડારની સ્થાપના તેમજ એનો થતો વ્યય આદિ બાબતો પર ઠીક અજવાળું પાડયું હતું.

ત્યારબાદ મુખ્ય વિવેચન કર્તા શેઠ દીપચંદ પાનાચંદે જણાવ્યું કે મુંબઇમાં ભરાયેલ ચૌદમાં અધિવેશનમાં મેં હાજરી આપી છે અને માધવબાગમાં જે વિશાળ મંડપ હેઠળ જૈન સમાજના અપૂર્વ ઉત્સાહ વચ્ચે જૂદા જૂદા ઠરાવો પસાર કરવામાં આવ્યા છે એ જોઇ મારૂં હૃદય સંતુષ્ટ થયું છે. જો કૉન્ફરન્સ જેવી સંસ્થા આવી રીતે કટિબધ્ધ ન થઇ હોત તો શ્રી કેશરીયાજી તીર્થ સબંધમાં યોગીરાજ શાન્તિસુરિ જે પ્રેમભાવે આટલુ કાર્ય કરવા સફળ થયા છે તે ન બની શકત. યોગીરાજની સેવામાં ખડે પગે રહેનાર દહ્યા સાહેબ, બાલાદુરસિંહજી સીંધી, તાજબહાદુરસિંહ અને નરોતમદાસ જેહાભાઇ આદિ જેઓ છે તેઓ કૉન્ફરન્સના પીઢ કાર્યવાહકો છે. આપણે આવી સંસ્થાને સહકાર આપી સ્થાનિક સમિતિ સ્થાપી સુકૃત ભંડાર ફંડ ઉઘરાવવું જોઇએ.

ચીમનલાલ દલસુખભાઇ શાહ (B. Com) એ જૈન યુગમાંથી અધિવેશનમાં પસાર થયેલા ઠરાવો વાંચી સંભળાવ્યા હતા તેમજ કેટલાક અગત્યના ઠરાવોપર વિવેચન કર્યું હતું. મુનિસંમેલનના દીક્ષા સબંધી ઠરાવનો આશય સંઘવ્યાખ્યા અને જ્ઞાનભંડારો સબંધીના ઠરાવોનો મર્મ સમજવતાં એ તરફની આપણી ઉપેક્ષા માટે દીલગીરી દર્શાવી હતી. દ્રવ્ય વ્યયના પ્રકારોમાં દેશકાળને અનુરૂપ સુધારણા કરવાની અગત્યપર ભાર મુકી, મરણ પ્રમાણ પરત્વેના ઠરાવપર બોલતાં દવાના બાટલા વધુ પ્રમાણમાં જૈન સમાજમાંજ પીવાય છે એ વાત તરફ માર્મિક ટીકા કરી હતી: જૈન બેંકની સ્કીમ તૈયાર થઇ છે તો હવે બેકારી ટાળવા સારૂ એની સ્થાપના કરવાના મંગળ મુહૂર્ત સત્વર થાય એવી આશા પ્રદર્શીત કરતાં બેઠક લીધી હતી.

ભાઇ રતિલાલ બેચરદાસ શાહે કૉન્ફરન્સની સરખામણી રાષ્ટ્રહિતના કામમાં અગ્રભાગ ભજવતી રાષ્ટ્રિય મહાસભા સાથે કરી એના સામે કાદવ ઉરાડનાર વર્ગ સામે પડકાર કર્યો હતો. ધર્મી ગણાતા મોટા વર્ગે જ્યારે એનો બહિષ્કાર કર્યો છે એવી વાત પોકારવામાં આવે છે ત્યારે શા સારૂ અંદર દાખલ થઇ વધુ મતે ઠરાવ પસાર કરી એનો કબજો લેવામાં નથી આવતો એવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો પછી જણાવ્યું હતું કે તેથીજ કહેવું પડે છે કે એવી રીતે ધુળ ફેંકનાર વર્ગ માત્ર મૂઠીભર માણસોનો છે અને એમ કરવું એ તેમનો ધંધો થઇ પડયો છે વળી જણાવ્યું હતું કે સોસાયટી પક્ષના શ્રીયુત પુરષોતમદાસ સુરચંદ બદામી સાહેબ જેવા વિદ્વાન ગ્રહસ્થે પણ એમાં ભાગ લીધો છે એ જોતાં સમજુ વર્ગની મનોદશાનો તાગ કહાડી શકાય છે. માત્ર ગણ્યાગાંઠયા અમૂક વિઘ્ન સંતોષીઓ પૈસા ખરચી છાપામાં બહિષ્કારની જાહેરાત કરે છે. સમાજના મોટા ભાગને તેવાની કઇંજ દરકાર નથી. એવાઓને કેકાણે લાવવા કાયદાના અવલંબનની જરૂર છે જેઓ આજે વાર્યું કરવા તૈયાર નથી જેમને દેશકાળને અનુરૂપ સુધારા કરવા ગમતા નથી તેઓ જ્યારે રાજ્ય વચ્ચે પડી કાનુન ઘડે ત્યારેજ નીચા મુંડી કરી એને તાબે થાય છે! મુનિસંમેલનના ઠરાવો જરૂર અભિનંદનીય છે પણ તેની દશા વડોદરાના ઠરાવો જેવી ન થવી ઘટે એ વાત જરાપણ ભુલવા જેવી નથી. શ્રી. મોહનલાલ ચોકસીએ જણાવ્યું કે કૉન્ફરન્સનું આધવેશન એતો સકલ ભારતવર્ષના સંઘ દર્શન જેવું છે કેમ કે જુદા જુદા પ્રાંતમાંથી એમાં પ્રતિનિધિ ચુંટાઇને આવે છે વળી એના જેવું પ્રતિનિધિત્વ ધરાવતી અન્ય સંસ્થા પણ બીજી કોઇ નથી. શેઠ આણંદજી કલ્યાણજી છે છતાં એનો કાર્યપ્રદેશ મુખ્ય તીર્થો પુરતોજ છે આવી મોટી

(અનુસંધાન પૃષ્ટ ૨૪૧ પર)

જૈન શુભેચ્છક મંડળ—સાણંદ ના ઠરાવો.

આ મંડળની મીટીંગ તા. ૩૧–૫–૩૪ બીજા વૈશાખ વદી ત્રીજના રોજ રાતના નવ વાગે ડાક્ટર વર્ધમાન જી. શાહના પ્રમુખપણા નીચે મળી જે મીટીંગમાં નીચેના ઠરાવો મુકાતા સર્વાનુમતે મંજુર થયા.

(૧) આ મંડળમાં વીસ મેમ્બરો સાણંદના છે અને પાંચ મેમ્બરો જેઓ સાણંદના વતની છે અને હાલમાં મુંબઇ રહે છે જે મળી કુલ પચીસ મેમ્બર છે જે ગામના પ્રમાણમાં ઓછી સંખ્યા ગણાય જેથી આ મંડળે બને તેટલા મેમ્બરો વધારવા યોગ્ય પ્રયત્ન કરવા.

(૨) દરેક મેમ્બરે આપણી કોન્ફરન્સને થયેલ ઠરાવ અનુસાર ઓછામાં ઓછા ચાર આના વારષીક સુકૃત ભંડાર ફંડમાં આપવા ઉપરાંત આ મંડળમાંના નીમાયેલા પાંચ સભ્યોની સમીતીએ જૈન સમાજમાંથી સુકૃત ભંડાર ખાતે બને તેટલા પૈસા ઉઘરાવી કોન્ફરન્સને મોકલી આપવાને પોતાના બનતા પ્રયાસ કરવા.

(૩) આ મંડળના પ્રમુખ તથા મંત્રી તરીકે ડાક્ટર વર્ધમાન ગુલાબચંદ એમ. બી. બી. એસને તથા સંઘવી કેશવલાલ નાગજીભાઇને અનુક્રમે ફરીવાર નીમવામાં આવે છે.

(૪) મુંબઇ ખાતે ભરાએલ શ્રી કોન્ફરન્સના ચઉદમા અધિવેશનમાં થયેલ ઠરાવોને આ મંડળ સ્વીકારે છે, અને તેનો યોગ્ય અમલ કરવા બનતા પ્રયાસો આ મંડળ કરશે એમ ઠરાવે છે.

(૫) આપણી અખિલ હીંદ કોન્ફરન્સની પ્રાન્તીક સમિતીમાં આ મંડળના મંત્રીશ્રી સંઘવી કેશવલાલ નાગજીભાઇની અમદાવાદ જીલ્લા માટે જે નીમણુક થઇ છે તેને આ મંડળ માન્ય રાખે છે તે સાથે વખતો વખતની તેઓની સેવા કોન્ફરન્સને તથા આ મંડળને અર્પે એમ ઇચ્છે છે.

(૬) આ મંડળની સાથે કોન્ફરન્સની પ્રાન્તીક સમીતીની શાખા ઓફીસ ખોલવી અને બન્ને ઓફીસોના બોર્ડ બનાવી જાહેરમાં મુકવા.

(૭) ઓફીસના મકાનની વ્યવસ્થા માટે સંઘવી કેશવલાલ નાગજીભાઇએ પોતાની દુકાનનો મેડો વિના ભાડે આપવાની જે ઉદારતા બતાવી છે તે માટે આ મંડળ તેને સાભાર સ્વીકાર કરે છે.

(૮) સદરહુ મંડળની ટપાલ વિગેરે પ્રમુખશ્રી ડાક્ટર વર્ધમાન ગુલાબચંદના નામ ઉપર મોકલવા લાગતા વળગતાને સૂચના કરવામાં આવે છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૪૦ પરથી)

સંસ્થા સામે બકવાદ કરવો એપોતાના મ્હોંપર સ્વહસ્તે ધુળ ઉરાડવા જેવું છે સુકૃત ભંડાર ફંડ નિમિત્તે પ્રત્યેક વ્યકિતએ ચાર આના આપવા જોઇએ. એટલી રકમ તો મામુલી છે એથી વધુ તો આપણે પાન બીડીના ખર્ચમાં વાપરીએ છીએ. વળી એમાંથી અર્ધી રકમ તો ધાર્મીક કેળવણીમાં ખરચાય છે જ્યારે બાકીની નિભાવને પ્રચાર અર્થે ખરચાવાની છે. આવી સંસ્થાનું એકાદ અધિવેશન આપણે જરૂર નોતરી શકીએ, એ દ્વારા જૈન સમાજમાં જાગૃતિ પ્રસારી શકીએ તેમજ અહીં ને લગતાં કેટલાક સમાજોપયોગી કાર્યો પણ હાથ ધરી શકીએ. પરસ્પરના સહકારથી સંગીન કાર્ય થઇ શકે. આજે આપણે સ્થાનિક સમિતિની સ્થાપના કરીએ છીએ અને એમાં સૌ કોઇ સાથ આપશે તેવી આશા છે.

પ્રમુખશ્રીએ ઉપસંહાર કરતાં સમય ઘણો થયો હોવાથી ટુંકમાં જણાવ્યું કે જે સંસ્થા સમાજની ઉન્નતિ થાય તેવા ઉપાયોની શોધ કરે છે એને માટે કયો જૈન સહાનુભુતિ ન દાખવે? કોન્ફરન્સ અતિ મહત્વનું સ્થાન ધરાવનારી સંસ્થા છે. આપણી શકિત અનુસાર દરેક જાતની સહાય કરવી એ આપણી ફરજ છે. એના ઠરાવોનો પ્રત્યેક સંઘ અમલ કરે તો આજે એનો આશય બર આવે. હજુ પ્રચાર કાર્ય ઓછું છે તેથી આપણે એમ લાગે છે કે કોન્ફરન્સનુ કાર્ય ધીરું છે પણ જેમ નાણાની મદદ અને પ્રચાર માટે જહેમત લેનારા સેવકો વધતાં પ્રમાણમાં મળી આવશે તેમ કોન્ફરન્સ વિજયના પંથે ગતિ કરશે એ નિઃસંશય વાત છે પછી તેઓશ્રી તરફથી સુકૃત-ભંડારમાં ચાર આનાને બદલે રૂપીઓ આપવામાં આવ્યો હતો ને સુંદર રીતે પહેલ કરાઇ હતી. બીજાપણ સભ્યોએ નામ નોંધાવ્યાં હતા. સામાજીક ભડકાની બુકો મંડળ તરફથી વહેચવામાં આવી હતી. સભા મોડેથી વિસર્જન થઇ હતી.

---

(૯) આ મંડળના સપ્રેમી અને નીઃસ્વાર્થ કાર્યકર નેતા તેમજ માનદાન કારભારી કુટુંબના પવિત્ર હરીભાઇ મંગળદાસ મહેતા કે જેઓ અત્રેની મેજીસ્ટ્રેટ કોર્ટમાં છેલ્લા ૭ વરસથી નોકરીમાં હતા તેઓની બદલી થઇ આ મંડળથી છૂટા પડતા હોવાથી દીલગીરી જણાવે છે. પરંતુ તે સાથે ભવિષ્યનો સારો ચાન્સ મળવાના સબબે તેઓની બદલી ધોળકા પ્રાન્ત સબ ડીવીઝનલ ઓફીસમાં ઉંચો ગ્રેડથી થતી હોવાથી આ મંડળ તે પ્રત્યે હર્ષ પ્રદર્શીત કરે છે અને તેઓની ગેરહાજરી છતાં વખતો વખતની પોતાની સેવા આ મંડળને આપે એમ ઇચ્છે છે.

VARDHMAN G. SHAH.
પ્રમુખ, M. B. B. S.

સાણંદના જૈનોની જાહેર સભા

(ખબરપત્રી તરફથી.) સાણંદ તા. ૨૯-૫-૩૪

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ અને જૈન યુવક પરિષદની પ્રવૃત્તિ આગળ ધપાવવા મુંબઈવાલા મણીલાલ એમ. શાહ તથા જૈન જ્યોતિના સંપાદક ધીરજલાલ ટોકરશી શાહ ગઈ કાલે અહીંઆ આવ્યા હતા રાત્રે આઠ વાગે નાના દેરાસર નજીકના ચોકમાં જૈનોની એક વિરાટ સભા સંઘવી કેશવલાલ નાગજી ભાઈનાં પ્રમુખપણાં નીચે મળી વેશનમાં થયેલા ઠરાવો ને અમારો સંપૂર્ણ ટેકો છે હતી જે વખતે પુરૂષો ઉપરાંત બહેનો પણ સારી એમ જાહેર કર્યું હતું આ પછી પ્રમુખમહારાયે ઉપસંહારમાં સંખ્યામાં હાજર થઇ હતી જેમાં સંખ્યાબંધ યુવાનો અને આગેવાન બંધુઓ પણ ઉત્સાહ ભેર હાજર થયા હતા. સભાનું કામ શરૂ થતાં બન્ને વક્તાઓએ જૈન કોન્ફરન્સ અને જૈન યુવક પરિષદનાં તાજેતરમાં થયેલાં અધિવેશન સબંધી અને તેમાં થયેલા ઠરાવો સબંધી વિસ્તૃત વિવેચન કર્યું હતું અને એ બંને સંસ્થાઓની કામગીરી અને ઉપયોગિતાનું અસરકારક બ્યાન રજુ કર્યું હતું. તેની પ્રવૃત્તિઓને અપનાવવા અને તે મારફતે જૈન કોમની પ્રગતિનો જોશ વધારવા અપીલ કરી હતી. મી. ધીરજલાલ ટોકરશી શાહે લાંબો વખત લઇ જૈન કોમની પૂર્વકાલીન અને અર્વાચીન સ્થિતિનો ચિતાર શ્રોતાઓ સમક્ષ મુકી આ બંને સંસ્થાઓની કેટલી ઉપયોગીતા છે તે સાબીત કર્યું હતું. અને આ બંને સંસ્થાઓ તરફ રહીસહી વ્યક્તિઓ તરફથી ખોટા ગુલબાંગો ઉડાડી કાઢવના છાંટા ઉડાડવા પ્રયત્નો થાય છે પણ તેથી ખોટા રસ્તે દોરવાઇ નહિ જવા વિનંતિ કરી હતી અને આ બન્ને સંસ્થાઓ વિશે કોઇને કાંઇપણ શંકા હોય કે ખુલાસો જોઇતો હોય તો આ પ્લેટફોર્મ ઉપરથી પોતે તેનો ખુલાસો કરવા તૈયાર છે એમ જાહેર કર્યું હતું. પણ આ બાબત કોઇએ કાંઇપણ ખુલાસો પુછ્યો નહોતો. આ પછી આણંદના જૈનો તરફથી ગાંધી આત્મારામ ખેમચંદે ઉભા થઈ જૈન કોન્ફરન્સના અધિવિદ્વાન વક્તાઓએ કરેલાં વિવેચનને અંતરમાં મનન કરી પચાવવા સાણંદના જૈનોને વિનંતી કરી હતી અને કોન્ફરન્સને દરેક જણે ટેકો આપી જૈન કોમની ઉન્નતિના કાળામાં સાણંદનો સુર પુરાવવાની જરૂર દર્શાવી હતી અને જૈન કોન્ફરન્સના સુકૃત ભંડારમાં ચાર આનાનો ફાળો આપી તેના સભ્યો થવાનું અને જૈન કોન્ફરન્સ અને જૈન યુવક પરિષદ વિષે કોઇને કાંઇ માહિતી જોઇતી હોય તો તે અત્રેના જૈન શુભેચ્છક મંડળ મારફતે મોકલવાનું જણાવ્યું હતું. આ પછી સભા બરખાસ્ત થઇ આ બંને મહાશયો માંડળ પ્રચાર કાર્ય માટે ગયા હતા.

અમને મળેલો પત્ર.

C/o નં. ૧૩૯, કોટન સ્ટ્રીટ, શ્રી કલકત્તા, ૨૧ મી મે ૧૯૩૪

શ્રી મુંબઇ સમાચારના અધિપતિ સાહેબ જોગ,

મુ. મુંબઇ

જત આપના તા. ૭-૫-૩૪ ના રોજીંદા પત્રના પાંચમા પાનામાં "કલકત્તાનો જૈન સંઘ" "મુંબઇની કોન્ફરન્સને તેનો અસહકાર" એ મથાળા હેઠળ જે લેખ પ્રગટ થયો છે તે જાહેર જનતાને ભ્રમમાં નાંખવા કોઇએ આપના પત્રનો ઉપીએાગ કર્યો હોએ એમ લાગે છે કારણ કે અતરેના શ્રી સંઘે તેવો કોઇપણ ઠરાવ કોન્ફરન્સના બહીસ્કારનો કર્યોજ નથી અને તેવી ભાવનાપણ રાખતી નથી. માટે જાહેર જૈન પ્રજામાં ગેર સમજુતી થવા ન પામે તે ગાટે આએ ખુલાસો આપનાં રોજીંદા પત્રમાં પ્રગટ કરી આભારી કરશોજી.

લી. સેવકો,

૧ અમરચંદ બોથરા	૫ વિજેન્દ્રસિંહ
૨ પ્રાણજીવન જેહાભાઇ	૬ રાજેન્દ્રસિંહ સિંધી
૩ કેશવજી નેમચંદ	૭ મોતીચંદ નખત
૪ દીયાચંદ પારેખ	

अध्यापककी आवश्यकता.

हमें एक ऐसे अध्यापककी आवश्यक्ता है जो कि धर्मशास्त्रका अच्छा जाणकार हो; और हिंदी, अंग्रेजी, गणित इतिहास, भूगोल कामी कमसें कम मेट्रिक तकका ज्ञान रखता हो। दुसरे ऐसे अध्यापककी आवश्यक्ता है जो कि माहजनीका अच्छा ज्ञान रखता हो वेतन योग्यतानुसार प्रमाण पत्रोंके साथ कमसें कम वेतन अवश्य लिखें।

मंत्रीः-जैन श्वे. पाठशाला, पोष्ट बडलू (मारवाड.)

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ

શ્રી મહાવીર સ્વામીના સમયથી સં. ૧૯૬૦ સુધીનાં શ્વેતામ્બર જૈન સાહિત્યનું દિગ્દર્શન

(અઠવાડીક મુંબઈ સમાચાર ૧૧-૩-૩૪ ના અભિપ્રાય)

પ્રાચીન જૈન ગુર્જરકવિઓની ગુજરાતે પિછાન આપી જૈન સાહિત્યના અભ્યાસપૂર્ણ લેખક તરીકે પ્રસિધ્ધિ પામેલા શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇએ જૈન સાહિત્યના શ્રી મહાવીર સ્વામીના સમયથી માંડીને તે સં. ૧૯૬૦ સુધીના સમયના કાલક્રમ બદ્ધ ઇતિહાસનું દિગ્દર્શન કરાવીને ગુજરાત પર એક ઉપકાર કરવા સાથે સાહિત્યના ઇતિહાસમાં કિંમતી ઉમેરો કર્યો છે.

આ ઇતિહાસની ઉત્પત્તિ, શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ તેમની સ્થાપેલી "સાહિત્ય સંસદ" દ્વારા પ્રકાશિત કરવા ધારેલા ગુજરાતી સાહિત્યના ઇતિહાસના એક વિભાગ તરીકે જૈન સાહિત્યનો ઇતિહાસ પ્રગટ કરવાનો ઈરાદો તેમણે શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇને એક પત્ર સને ૧૯૨૨ માં લખી દર્શાવ્યો હતો અને લખવાનું કામ તેમને સોંપ્યું હતું. જેનો શ્રી દેસાઇએ સ્વીકાર કર્યો હતો અને આ ઇતિહાસ લખવો આરંભ્યો હતો. ત્યારથી આ ઇતિહાસ લખવાની શરૂઆત થઈ ગણાય.

જૈન સાહિત્યનો ઇતિહાસ લખવો એ કેટલું કપરું કાર્ય છે એ આ ૧૦૮૦ પાનાનું અભ્યાસપૂર્ણ માહિતી ભર્યું પુસ્તક જોનાર સહેજે કલ્પી શકશે. વર્તમાન યુગ કે તેની પહેલાંની મળી શકતી માહિતી એકઠી કરીને ઇતિહાસ લખવો એમાં ઝાઝી મહેનત કે શોધખોળની જરૂર ન પણ રહે પરંતુ જ્યારે છેક પ્રાચીન યુગથી ઇતિહાસ લખવાની જે હામ ભીડે ત્યારે તેને શોધખોળ માટે દિવસો, મહિનાઓ અને (આ પ્રયાસ જોતાં) વર્ષો પણ વિતાવવાં પડે. આટલાં વર્ષો સુધી ધીરજ રાખવાની અને એકધારી કલમ ચલાવવાની શક્તિ પણ જોઇએ ના ?

જુના સમયના શિલાલેખો, તાંબાપત્રો, મૂર્તિઓ, હસ્તલિખિત પત્રો અને મળી શકે તેટલા બીજી પણ માહિતી મેળવવા માટે સાચેજ 'બેખ' લેવો પડે છે. વેરણ છેરણ થઇ ગયેલી વસ્તુને એક ઇતિહાસમાં રજુ કરવા જતાં ગમે તેવા પણ થાકી જવાનો સંભવ રહે છે.

પણ શ્રી. મોહનલાલ દેસાઇના 'જૈન ગુર્જર કવિઓ' ના બે ભાગ જોનાર સમસ્ત ગુજરાતને ખાત્રિ થઇ છે કે તેઓ એક ઘણા મહેનતુ, અને તલસ્પર્શી અભ્યાસી સાથે ચીવટ પૂર્વક માહિતિ મેળવી તેને યોગ્ય રૂપમાં પ્રગટ કરનાર એક પ્રખર સાહિત્યકાર છે.

ગુજરાતનો ઇતિહાસ હજુ સળંગ રીતે કાલક્રમબધ્ધ વિશ્વસનીય માહિતી પૂરી પાડતો લખાયો નથી. આવા સમયમાં આમ જૂદા જૂદા પ્રયાસો થઇને પણ જે આધારભૂત માહિતી એકઠી કરવામાં આવે અને પ્રગટ થાય તો ગુજરાતનો ઇતિહાસ લખનારને ભવિષ્યમાં પણ સુંદર સગવડ મળી જાય.

•

જૈન કોમનો ઇતિહાસ એ ગુજરાતના ઇતિહાસ સાથે મોટે ભાગે સંકળાયેલો છે એ સૌ કોઇ જાણે છે એટલે શ્રી. દેસાઇના આ મહામૂલા ગ્રંથથી એક મોટી ઉણપ દૂર થઇ જાય છે એ નિર્વિવાદ છે.

ઇતિહાસની સામગ્રી એકઠી કરવામાં તેમણે ગિરનાર, શેત્રુંજય અને બીજા નાના પર્વતો પરનાં જૈન મંદિરો ઉપરાંત ગુજરાતનાં શહેરે શહેર અને ગામે ગામની પોષધશાળા તથા મંદિરોમાં શોધખોળ ચલાવેલી છે એ પુસ્તકમાં રજુ થયેલી સામગ્રીથી સહેજે જોઇ શકાય છે.

પુસ્તકમાં જૈન ધર્મગુરૂઓ, તાંબા પત્રો, હસ્તલિખિત પત્રો, મંદિરો અને બીજી આધારભૂત માહિતી પુરી પાડતા પત્રોનાં ફોટો-ચિત્રો છાપેલા છે.

આ ઉપરાંત ઐતિહાસિક પ્રસંગોની સાલવારી પણ અપાઇ છે. ઘટતાં સ્થળોએ ટુંક નોંધો પણ વાંચકોની સમજણ માટે મૂકવામાં આવેલી છે. જરૂર જણાતાં સંસ્કૃતના ઉતારા પણ અપાયા છે. અને ભાષા સાહિત્યનો ઇતિહાસ પણ આપ્યો છે. આ સાથે સાથે વિસ્તૃત અનુક્રમણિકા પણ અપાઇ છે જેથી જૈન અને જૈનેતર વાંચક સમુદાયને ઘણી અનુકુળતા થઇ પડશે.

આ મહાભારત કામ માથે ઉપાડી યશસ્વી રીતે પૂર્ણ કરવા માટે શ્રી દેશાઇને અમે ધન્યવાદ આપીએ છીએ. અમને આશા છે કે ગુજરાત એમના આ પ્રયાસનાં યોગ્ય મૂલ્ય આંકશે.

[જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ લેખક: મોહનલાલ દ. દેસાઇ પ્રકાશક જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સની ઓફીસ તરફથી શ્રી. રણછોડભાઇ રાયચંદ ઝવેરી, મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, સ્થાનિક મંત્રીઓ, ૨૦, પાયધુની, મુંબઇ-૩. મુલ્ય રૂા. ૭]

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, Bhuleshwar 28, 1st Bhoiwada Bombay 2, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

ચૌદમું અધિવેશન—મુંબઇ.

(તા. ૫, ૬, ૭ મે ૧૯૩૪)

પસાર થયેલા ઠરાવો

૧. શોક પ્રદર્શન.

(ક) રાષ્ટ્રનેતા શ્રીમાન વિઠ્ઠલભાઇ પટેલ તથા જે. એમ. સેનગુપ્તાના ખેદકારક સ્વર્ગવાસથી આ કૉન્ફરન્સ પોતાનો ખેદ હૃદયપૂર્વક જાહેર કરે છે.

(ખ) જૈન સમાજના આગેવાનો અને કૉન્ફરન્સના કાર્યમાં અગ્ર ભાગ લેનારા અને પરમ સહાનુભૂતિ ધરાવનારઃ— શેઠ ગોવીંદજી ખુશાલભાઇ વેરાવળ, શેઠ અરજણ ખીમજી કચ્છ, શેઠ પાનાચંદ માવજી-જેતપુર, શેઠ જીવાભાઇ મોકમચંદ-પાટણ, શેઠ મણીલાલ ગોકળભાઇ-વીસનગર, શેઠ માણેકલાલ જેઠાભાઇ-અમદાવાદ, શેઠ તેજમલ ભાગચંદ-મારવાડ, શેઠ સારાભાઇ મગનભાઇ મોદી બી એ.-અમદાવાદ, શેઠ કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ. એલ. બી.-અમદાવાદ, ડૉ૦ નગીનદાસ જે. શાહ-નવસારી, શેઠ જવાહીરલાલ પુનમચંદ, શેઠ ખીમજી હીરજી કાયાણી-કચ્છ, શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાલા-પાટણ, શેઠ પાલણભાઇ શીજપાલ-કચ્છ, શેઠ નેમચંદ માણેકલાલ-મુંબઇ, શેઠ મોહનલાલે મોતીચંદ-પાટણ, બાબુ ગોપીચંદ એડવોકેટ-અંબાલા, રાજા વિજયસિંઘજી દુધેડીયા-કલકત્તા, શેઠ પોપટલાલ હેમચંદ-પાટણ, શેઠ ખુબચંદ કેવલચંદ, શેઠ માસિંગજી જેધાજી કોલ્હાપુરના ખેદજનક દેહાવસાન થતાં આ કૉન્ફરન્સ દિલગીરી જાહેર કરે છે અને તે સ્વર્ગસ્થોના આત્માને શાંતિ ઇચ્છે છે અને તેમના કુટુંબોપ્રત્યે હાર્દિક સહાનુભૂતી વ્યકત કરે છે.

—પ્રમુખસ્થાનેથી

૨. હુન્નર ઉદ્યોગ અને વેપાર ધંધાના શિક્ષણ પર વિચારણા.

(૧) જૈન સમાજની જે જે સંસ્થાઓ છે તે દરેકમાં ગૃહઉદ્યોગો તથા વેપાર ધંધાનું શિક્ષણ આપવા માટે પ્રબંધ કરવાનું તે તે સંસ્થાના સંચાલકોને આગ્રહપૂર્વક ભલામણ કરવામાં આવે છે.

(૨) યુનિવાર્સ્ટીમાં હુન્નરઉદ્યોગ તથા વેપાર ધધા સિવાયની લાઇનના ઘણા ગ્રેજ્યુએટો વિગેરે સારી સ્થિતિમાં નથી મુકાતા એવી ફર્યાદ છે તો તે ફર્યાદ દૂર કરવા માટે હવે માબાપોએ પોતાનાં પુત્ર પુત્રીઓને હુન્નરઉદ્યોગનું તથા વ્યાપારિક શિક્ષણ આપવા અપાવવા પ્રથમ ધ્યાન આપવું ઘટે છે.

(૩) આપણી શિક્ષણ સંસ્થાનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ આ પ્રકારના શિક્ષણ પ્રત્યે વળે તે માટે તે શિક્ષણ માટે તેમને સ્કોલરશિપો અને સગવડો આપવી આવશ્યક છે.

—પ્રમુખસ્થાનેથી

૩. તીર્થોનું સંરક્ષણ.

શ્રી શત્રુંજયાદિ તીર્થોના રક્ષણાર્થે ઘણાં વર્ષો થયા સ્થાપિત થયેલી શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી, તેમજ જે જે અન્ય તીર્થોના વહિવટદારો છે તેને આગ્રહપૂર્વક ભલામણ છે કેઃ—

(૧) દરેક પ્રાચીન તીર્થો ઉપર સંભાળ રાખે અને જે કાંઇ જીર્ણોદ્ધાર કરવાની જરૂર હોય તેની જાતીય તપાસ કરી રીપોર્ટ કરે, સર્વે નકશાઓ તૈયાર કરે, અને તે પર મંજુરી લઇ બરાબર જુની શિલ્પકળાને ક્ષતિ ન પહોંચે—શિલાલેખ ભુંસાય નહિં એ રીતે મરામત કરાવે એવો બાહોશ વિદ્વાન એન્જીનીયર પગારદાર રોકી કામ લેવું.

(૨) સરકારી શોધખોળ ખાતામાં જૈનોના શિલ્પશાસ્ત્રના જ્ઞાતાને નિયુકત કરાવવો અને તેમ ન થાય તો જૈન શિલ્પશાસ્ત્રનો અભ્યાસ કરી જૈન પ્રાચીન તત્વોનીજ શોધખોળ કર્યા કરે એવો સરકારી અધિકારી રહે તે માટે સરકાર સાથે ગોઠવણ કરવી.

(૩) જુનાં જૈન ખંડેર કે દટાયલાં સ્થાનોમાં ખોદકામ કરાવવા માટે સરકાર સાથે ગોઠવણ કરવી.

(૪) તીર્થ સંબંધી જે જે ઐતિહાસિક પ્રમાણો, ગ્રંથો કે ગ્રંથના અમુક ભાગો હોય તેનો સંગ્રહ કરી નકશા સહિત છપાવવો, તેમાં તીર્થોના ફોટા લેવરાવી બ્લોક કરાવી મુકવા.

(૫) હાલ અસ્તિત્વ ધરાવતા હજારો બિંબો પરના શિલાલેખો, મંદિરના શિલાલેખો વગેરેના રબિંગ (પ્રતિકૃતિ) લેવરાવી સંગ્રહવા અને તે સર્વને એકત્રિત કરી છપાવવા.

(૬) તીર્થો સાથે જોવા યોગ્ય સ્થળો, ધર્મશાળાઓ વિગેરે હોય તેની માહીતી તેમજ તેમાં મરામત કરવા જેવું, જુદા જુદા સુધારા કરવા જેવું, સંઘો તરફથી કઇ જાતની મદદની અપેક્ષા છે તે પણ તેને તીર્થોના ભોમીયાના પુસ્તકમાં જણાવવું.

(૭) શોધકામ કરતાં અથવ બીજી રીતે કોઇ જિન પ્રતિમાઓ અથવા જૈન પ્રાચીન અવશેષો રમારકો વિગેરે મળી આવે તેનો કબજો લેવા યોગ્ય પ્રબંધ કરવો.

—પ્રમુખસ્થાનેથી

૪. બેકારીના ઉપાયો.

હાલની વેપારની મંદી, ઘણાઓને રોજી યા નોકરીનો અભાવ, સરકારની કૃત્રિમ હુંડીઆમણની પધ્ધતિ, કરોપર કરો વધતા જતાં પડતો બોજો વગેરેથી દેશની ઘણી ગરીબ અને લાચાર સ્થિતિ થઇ છે અને તેથી સર્વ કોમનાને ખમવું પડયું છે. બેકારી વધી ગઇ છે અને મોટી સંખ્યાવાળા મધ્યમ વર્ગની દયાજનક સ્થિતિ થઇ છે તોઃ-

(૧) દરેક જૈને નોકરી કરતાં નવા ઉદ્યોગ, વેપાર. ધંધામાં પડવાની અને તેમ તે કરે તેને ટેકો આપવાની આગેવાનોની ફરજ છે. મહા વેપારી શ્રીમંત જૈનોએ રોજીનાં વધુ સાધનો, નવા ઉદ્યોગ અને નવી જગ્યાઓ ઉઘાડવાની, કાર્ય-ગૃહો, ઉદ્યોગ-ગૃહો સ્થાપવાની જરૂર છે.

(૨) દાનની પ્રણાલિકા બદલવાની આવશ્યકતા છે. ઉજમણાં વખતે થતાં જમણ, નવકારસીનાં જમણ, નાત જમણોમાં, ખવરાવવા વગેરેમાં ધન વપરાય છે તે ક્ષણિક ને અલ્પ પુષ્ટિ આપે છે તો જેથી ગરીબો કાયમ અને મહાન સહાય મેળવી પોતાની સ્થિતિ ઉચ્ચ કરી શકે તેવી યોજનામાં પોતાનાં તેમજ સામાજીક ધનનો વ્યય વધુ જીવનદાયક અને પોષક થશે.

(૩) જૈનોની માલેકીની પેઢીઓ, મિલો, કારખાનાં, દેરાસરો, સંસ્થાઓ યોગ્ય અને પાત્ર જૈનોને કામે લગાડવામાં, નોકરીએ રાખવામાં પ્રથમ લક્ષ આપશે.

(૪) જૈન દેરાસરો કે મંદિરોમાં અને બીજી ધાર્મિક સંસ્થાઓમાં વહીવટદાર, મહેતાજી, પુજારીની અથવા બીજી જગ્યાએ યોગ્ય જનોનીજ નીમણુંક કરવી એ ઇષ્ટ છે. અને એવા પ્રકારનું કામ કરી યોગ્ય વેતન લેવું એમાં અધર્મ અથવા હલકાપણું નથી એમ માનીએ છીએ અને પૂજ્ય આચાર્યો, મુનિ મહારાજો અને સત્ય નેતાઓએ એવા પ્રકારનું સમાજનું માનસ કેળવવું એમ નમ્ર વિનંતિ કરીએ છીએ.

દરખાસ્ત—રા. ફુલચંદ હરીચંદ દોશી.
અનુમોદન—રા. ધીરજલાલ ટોકરશી.
સમર્થન—રા. મણીલાલ મોહનલાલ પાદરાકર.

૫. કચ્છીભાઇઓને આમંત્રણ.

આપણા જે કચ્છી જૈન ભાઇઓને નવકારશીના જમણથી કોઈ કોઇ જગ્યાએ અને ખાસ કરીને પાલિતાણા તથા મુંબઇ આદિ શહેરોમાં આમંત્રણ આપવામાં આવતું નથી તે કચ્છવા જોગ નથી તેથી આ કૉન્ફરન્સ ભાર મુકીને ઠરાવ કરે છે કે નવકારશીના જમણમાં કચ્છી ભાઇઓને આમંત્રણ આપવું

દરખાસ્ત—શેઠ અમૃતલાલ કાલિદાસ.
અનુમોદન-- શ્રી મકનજી જે મ્હેતા.
,, ,, લલુભાઇ કરમચંદ દલાલ.

૬. શુદ્ધિ અને સંગઠન.

(૧) જેઓએ પોતાનો અસલી જૈન ધર્મ છોડી અન્ય ધર્મ સ્વીકાર્યો હોય તેમને પુનઃ જૈન ધર્મમાં લાવવા, સ્વેચ્છાપૂર્વક જૈન ધર્મ સ્વીકારનારને જૈન તરિકે ગ્રહણ કરવા, તેમને સ્વામીવચ્છલ, નવકારસી જેવા જમણમાં તેમજ જૈન સંસ્થાઓને તથા સંઘના બધા વ્યવહાર અને સાધનોનો લાભ આપવા આ કૉન્ફરન્સ ભલામણ કરે છે.

(૨) સુરતના જૈન સંઘમાં અને સંઘ જમણમાં શાલવી તથા લાડુવા શ્રીમાળી જૈન ભાઇઓને દાખલ કરી સંગઠન કરવા માટે સુરત જૈન સંઘને ધન્યવાદ આપવામાં આવે છે. આ દાખલાનું અનુકરણ જ્યાં જ્યાં તેવા ભેદ વર્તતા હોય તે દરેક ગામના સંઘ કરશે એવો આ કૉન્ફરન્સ દ્રઢ આગ્રહ કરે છે.

(૩) આ જાતના પ્રયાસ જે પૂજ્ય મુનિશ્રીઓ કરી રહ્યા છે તેમને ધન્યવાદ છે અને તેજ પ્રમાણે દરેક પૂજ્ય સાધુ સાધ્વી પ્રયત્નો કરશે એમ આ કોન્ફરન્સ ઇચ્છે છે.

રજુ કરનારઃ--શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા. (જયપુર)
અનુમોદનઃ--રા. ચંદ્રકાન્ત સુતરીઆ. (મુંબઇ)
સમર્થનઃ--રા. મોતીલાલ વીરચંદ. (શોલાપુર)
,, રા. મુળચંદ આશારામ વૈરાટી. (અમદાવાદ)

૭. લગ્ન ક્ષેત્ર.

જૈનોમાં ઓશવાળ, પોરવાડ, શ્રીમાળી, દશા, વીશા, વિગેરે જ્ઞાતિ ભેદો હોવાથી અને સ્થાનિક ઘોળ વાડા કે વતુંળો હોવાથી લગ્ન ક્ષેત્ર ઘણું સંકુચિત થયું છે. અને યોગ્ય લગ્ન કરવામાં કેટલેક ઠેકાણે ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે એ દુઃખદાયક છે તો જૈનોમાં ઉપરોકત ભેદ કાઢી નાંખી અરસપરસ જૈનોમાં ગમે ત્યાં કન્યા લેવડ દેવડ કરી શકાય એ ઇષ્ટ છે એમ આ કૉન્ફરન્સ માને છે અને એવા ભેદો કાઢી નાંખી લગ્નક્ષેત્ર વિસ્તૃત કરવાની આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

રજુ કરનાર--રા. પરમાનંદ કુંવરજી કાપડીઆ. (મુંબઇ)
અનુમોદન--રા મોતીલાલ ચુનીલાલ, ચાંદવડકર
સમર્થન--રા. પોપટલાલ રામચંદ., પૂના

૮. એકતા.

(૧) શ્વેતાંબર, દિગમ્બર તથા સ્થાનકવાસી સંપ્રદાય વચ્ચે તેમજ એક સંપ્રદાયના જુદા જુદા ગચ્છ કે સંઘાડા વચ્ચે કોઇ કોઇ પ્રસંગે જે નહી ઇચ્છવા યોગ્ય અથડામણીઓ થાય છે તે કોઇ રીતે ઉત્તેજનને પાત્ર નથી એટલા માટે પ્રત્યેક સંપ્રદાય કે ગચ્છ સુલેહ શાંતિથી પોતાની સીમામાં રહીને સર્વે શ્રી વીતરાગ ધર્મના અનુયાયી છે એમ સમજી વર્તવું.

(૨) ખંડન મંડનવાળાં સમીક્ષાનાં નિષેધક શૈલીવાળાં રાગદ્વેષ અને વાણીના સ્વચ્છંદી અસંયમથી યુકત લખાણો કે પુસ્તકોએ અરસપરસ સંપ્રદાયો અને ગચ્છો વચ્ચેનું અંતર વધારી દીધું છે તો તે વધુ વ્યાપે નહિ અને હોય તે કમી થઇ દુર થાય તે માટે આવાં પુસ્તકો કે લખાણોને તિલાંજલી આપવી અને શ્રી મહાવીર શાસનના એકત્રિત સંઘ તરીકેની ધાર્મિક એકતા સ્વીકારવી.

(૩) શ્રાવકોએ શ્રાવકો પ્રત્યેની અને સાધુઓએ સાધુઓ પ્રત્યેના અંગત દ્વેષ, ઇર્ષા, દોષ વિગેરે ભુલી જઇ એ આપણા સ્વધર્મીઓ છે એમ સમજી અરસ-પરસ માનભરી રીતે વર્તવું ઉચિત છે. જૈન સમાજના

ઉધ્ધારના દરેક સવાલોમાં અંગત લાગણીનો ભોગ આપી ખરા દિલની એકતા કરવામાં આવે તો જૈન ધર્મનો પ્રકાશ જલવંત થશે એ નિઃસંદેહ છે.

(૪) ત્રણે સંપ્રદાયોની જુદી જુદી કૉન્ફરન્સો થાય છે તેને બદલે યા તેની સાથે એકજ સ્થળે ત્રણે સંપ્રદાયો જે વિષયોમાં એકજ વિચાર ધરાવે છે તે વિષયોમાં સાથે સહકાર કરી એકજ જાતના એકત્રિત થઇને પ્રસ્તાવો કરે અને જે થોડા વિષયોમાં ભિન્નતા ધરાવે તે સંબંધી ત્રણે જુદા જુદા મળી ઠરાવો કરે એવી વ્યવસ્થા થઇ શકે તો એકતાના, એકસંપીના માર્ગમાં અતિ સરળતા સાથે ઓછા ખર્ચથી સંગીન કાર્ય થઇ શકે.

—પ્રમુખસ્થાનેથી

૯. સાર્વજનિક ખાતાંઓ.

(૧) આપણાં અનેક દેરાસરો, ધર્મસ્થાનો, ધર્મશાળા અને ધર્માદા ખાતાં છે તેના મોટા ભાગની સુવ્યવસ્થા અને સારી દશા જણાતી નથી અને તેનાં ફંડોનો બરાબર વહિવટ થતો નથી એમ ફર્યાદ થયા કરે છે તો તે સ્થિતિ સુધારવા માટે એ આવશ્યક છે કેઃ —

(૧) ઉપરની દરેક જાતની સંસ્થા કે જેની મિલકત રૂ. ૫૦૦૧ કરતાં વધુ હોય તે પૈકી જેનું ટ્રસ્ટ અગર વ્યવસ્થિત વહીવટ કરવાની યોજના (સ્કીમ) ન બનેલી હોય તો તેનું ટ્રસ્ટ અગર વહીવટની સ્કીમ કરવી

(૨) તેવા દરેક ખાતાના વહીવટદાર કે ટ્રસ્ટી પૈકી કોઇએ દેરાસરનાં તેમજ બીજાં ધર્માદા ખાતાંઓનાં નાણાં પોતાને ત્યાં ન રાખવાં પણ સધ્ધર જમીનગીરીમાં રોકવાં.

(૩) દરેક દેરાસર કે જન સખાવતી ખાતા માટે બે સમિતિ નામે એક ટ્રસ્ટીઓની અને બીજી વ્યવસ્થાપક એમ જુદી જુદી રખાય તો એક નાણાં સારા સ્થળે સાચવવા પર લક્ષ રાખે અને બીજી તેને વાપરવા વસુલ કરવા વગેરેની વ્યવસ્થાપર ધ્યાન આપે. આમ થતાં સુંદર પ્રબંધ થઇ શકશે

(૪) નાનું દેરાસર કે સખાવતી ખાતું હોય તો તેના હિસાબનું સરવૈયું દર વર્ષે લખી પોતાની આગળ પડતી જગ્યાએ રાખેલ પાટીયા પર ચોંડવું અને મોટા દેરાસર કે ખાતાંનો ઘણો મોટો વહીવટ હોય ત્યાં તેનો હિસાબ છપાવી પ્રગટ કરવો. આમ થવાથી વહીવટદારો પર કોઇને રહેતો અવિશ્વાસ અને તેથી મુકાતા આક્ષેપો દુર થશે અને તેમનું સ્વમાન અને પ્રતિષ્ઠા સચવાશે.

બીજી બાજુ જૈનોના સમાવેશવાળા હિંદુ કોમનાં ટ્રસ્ટો અને ધાર્મિક તેમજ સખાવતી ખાતાંઓને લગતો કાયદો મુસલમાન ભાઇઓના વકફ એક્ટ જેવો યા 'રજીસ્ટ્રેશન ઓફ ચેરિટિઝ એન્ડ ટ્રસ્ટસ, જેવો ઘડવાની જરૂર છે કે જેથી તેના વાર્ષિક ઓડિટેડ હિસાબો કોર્ટમાં રીતસર ફાઇલ થવાની જરૂર પડે, અને થયેલ ટ્રસ્ટો અને તેની મિલકતનું જાહેરનામું (ડેકલેરેશન) આપવું પડે. આમ થતાં લાખો રૂપીઆ બરબાદ થતાં અટકશે, વહિવટ સુધારો વ્યવસ્થિત થશે, જુના હિસાબો ફેરવી નંખાશે નહિ અને વહિવટદારોને પોતાની જોખમદારીનું સંપૂર્ણ ભાન થશે, અને ટ્રસ્ટ કરી જનાર આત્માઓને વફાદાર રહી સમાજનું હિત સાધી શકાશે

રજુ કરનાર—શા. બાલચંદ હીરાચંદ—માલેગામ.
અનુમોદન—રા. રતિલાલ બેચરદાસ—ખંભાત.
સમર્થન—રા. બુધાલાલ ઉકાભાઇ—સાણંદ.

૧૦ શ્રી કેશરિયાજી તીર્થ.

(૧) શ્રી કેશરિયાજી તીર્થ કે સંરક્ષણ કે વિષય મેં જગદ્‌ગુરૂ યોગ-લબ્ધિ-સમ્પન્ન સૂરિ સમ્રાટ્ યોગિરાજ આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજય શાન્તિસૂરિજી મહારાજને અપને આધ્યાત્મિક બલ તથા મહતી તપસ્યા કે બલકા સમર્થ પરિચય વ આત્મભોગ દેકર જિસ અપૂર્વ શાન્તિ કે સાથ જૈન સમાજ મેં જો તાત્કાલિક શાન્તિ ફૈલાને કા શુભ પ્રયત્ન કિયા હૈ ઔર જૈન સમાજકા ગૌરવ બઢાયા હૈ ઉસકે લિયે યહ કોન્ફરેન્સ અપની ભક્તિ પૂર્વક પ્રણતિ પ્રગટ કરતી હૈ.

(૨) શ્રી કેસરિયાજી કે મન્દિર પર ધ્વજા દંડ ચઢાને કે વિષય મે કુછ સમય પહલે કાફી તહકીકાત હો ચુકી થી ઔર પરંપરા કે અમલ દરામદ મૌજુદ હોતે હુવે ભી કાન્ફરન્સ કી રાયમેં પુનઃ કમિશન મુકરર કરનેકી આવશ્યકતા નહીંથી તથાપિ

मेवाड राज्यने कमिशन नियुक्त किया है. यह कोन्फरन्स महाराणा साहबसे प्रार्थना करती है कि हमारे तमाम हकहकुक व सणुतोंका ध्यानमें रखते हुवे ईन्साफ देकर हमें कृतज्ञ करें.

(३) पूजारी पंडोंके विषयमें पहेले **जब जब तनाजे** पैदा हुवे है, हमेशा जैन श्वेतांम्बरोंने चुकादे देकर राज्यसे **तस्दीक कराये है.** ईस वक्त पूजारी पण्डों के मालत देवस्थान **महकमासे** रिपोर्ट मांगी गइ है उस विषयमें जैन श्वेतांम्बरियों का अपना दृष्टी कोण सन्मुख रखनेका पूर्ण अवसर प्रदान कर फैंसला करनेका यह कान्फरंस श्रीमान महाराणा साहब से नम्रतापुर्वक प्रार्थना करती है.

(४) श्री केशरियाजी तीर्थ जैन श्वेतांम्बर संघका पूर्ण मालकीयतका तीर्थ है. ईसके प्रबंध के लिये संवत् १९३४ के रियासत मेवाडके निज ईस्तिहार के खिलाफ स्वाधिकार कमिटी के बजाय ओडवाइजरी कमिटी बनाने और समस्त श्वेतांम्बर सदस्योंं की जगह आधे दिगम्बर सदस्य करने की आज्ञा मेवाड राज्यने उद्घोषित की है. वह जैन श्वेताम्बरों के हकूक व सत्ताओं पर आघात पहुंचाने वाली व अशान्ति फैलाने वाली है, ईसलिये यह कोन्फ्रेन्स ईसके प्रति अपना घोर विरोध प्रगट करती हे और ईस विषय में श्री जैन श्वेताम्बर संघ की सब बातों को ध्यानपूर्वक निष्पक्ष भाव से मनन कर न्याय कर पूर्व प्रमाण जैन श्वेताम्बरियों की स्वाधिकार कमिटी नियुक्त करने के लिये यह कान्फ्रेन्स श्रीमान महाराणा साहिब से नम्रतापूर्वक व राज्यनिष्ठा सहित प्रार्थना करती है।

—प्रमुखस्थानसे

११ उदयपूरके महाराणा सा. को अभिनंदन.

हिन्दू सूर्य्य मेवाडाधिपति हिजहायनेस महाराजाधिराज महाराणा सर श्री **भूपालसिंहजी बहादूर** G. C. S. I., K. C. I. E., ने परम योगिराज सूरि सम्राट आचार्य्य श्री १००८ श्री विजय शान्तिसूरिजी महाराज कों श्री केशरियाजी तीर्थ संबंधी उचित न्याय देनेका आश्वासन देकर तारीख २९ मार्च १९३४ को मोती महल पधार कर स्वहस्त से उनके अनशन का पारणा कराके न्याय परायण महाराणा साहब ने अपनी धर्म परायणता का परिचय देते हुवे अपने धर्म राज्य का गौरव वृद्धि किया इस लिये यह कान्फ्रेन्स उनके प्रति अपनी कृतज्ञता प्रगट करती है और वहां के उन राज्य कर्म्मचारियों को जिन्होंने उक्त कार्य को सफल करने में सहायता पहुँचाई है यह कान्फ्रेन्स अपना सादर धन्यवाद अर्पण करती है ।

—प्रमुखस्थानसे

१२ विहार भूकंप संबंधी.

(१) गत जनवरी मासमें घटनेवाले भारी भूकम्पके कारण विहार प्रदेशकी प्रजाको जो सबसे अधिक संकट और दुःख सहन करना पडा है उसके लिये यह कॉन्फरन्स अपने उन संकटग्रस्त देश बंधुओं के साथ हार्दिक समवेदना प्रकट करती है और जिनजिन जैन बंधुओंने आजतक इन संकटग्रस्त देश भाईयोंके सहायतार्थ यथाशक्ति जो कुछ मदद पहुंचाई हैं उनका अनुमोदन और अभिनदंन करते हुए साथहीमे जैन समाज से यह कॉन्फरन्स विज्ञप्ति करती है कि इस कार्यमें अभी बहुत कुछ सहायताकी आवश्यकता होनेसे उसके लिये भरसक प्रयत्न किया जाय ।

(२) गत जनवरी मासमें जो भयानक भूकम्प हुआ उसमें विहार प्रदेशके राजगृह, चंपापुरी, पावापुरी इत्यादि प्रायः सभी जैन तीर्थोंमें मंदिर और धर्मशाला वगैरह धर्मस्थानोंको बहुत कुछ क्षति पहुंची है। उस क्षतिकी पूर्ति करने के लिये, कलकत्ते के जैन श्वेतांबर संघने जो अपनी उद्योग शीलता और धर्म प्रियताका पूरा परिचय देते हुए शीघ्रही "श्री जैन श्वेतांबर तीर्थ (भूकम्प) जीर्णोद्धार कमिटी" कायम कर हानिग्रस्त तीर्थ स्थानोंका उद्धार करने निमित जो शुभ प्रयत्न शुरू कर दिया है उसके लिये, कलकत्तेके श्री जैन श्वेतांबर संघको यह कॉन्फरन्स धन्यवाद देता है और उक्त कमिटीमें सहयोग देनेवाले सभी सदस्योंका अभिनंदन करती है और साथमें समस्त जैन श्वेतांबर संघसे आग्रह पूर्वक अपील की जाती है कि उक्त कमिटी के कार्य में सब प्रकार की आवश्यक सहायता देने के लिये यथ शक्ति पूर्ण प्रयत्न किया जाय ।

—प्रमुख स्थानसें.

१३ श्री केसरियाजी तीर्थपर "बोली"

पूजारी पंडो का "बोली" की आमदनी के बाबत जबतक निकाल न होा जावे उस वक्ततक श्री आत्मानंद जैन महासभा, पंजाब श्री अजमेर केशरीयाजी तीर्थ सुधारक कमीटी वगेरे जगह जगह के संघोंनें "बोली" न बोलनेका ठराव किया है उसके साथ

यह कान्फरेन्स सम्मत है और अन्य स्थलों के संघोंको उपरोक्त संघोंके ठरावके मुवाफिक ठहराव करे व उनठहरावोंके अनुसार पाबंदी करनेके वास्ते भारपूर्वक भलामण करती है।

दरखास्त श्री जवाहरलाल जैनी. यु. पी.
अनुमोदनः समरथमल सिंधी. सीरोही

१४. केळवणी संस्थाओनुं संगठ्ठन अने परस्पर सहकार.

એવી સ્થિતિ જોવાય છે કે જુદી જુદી સંસ્થાઓ સ્વતંત્રરીતે કાર્ય કરવાથી કેટલાકને વધુ પડતી મદદને સગવડ મળી જાય છે અને ઘણા મદદ અને સગવડ વગર રહી જાય છે, વળી કેટલી અને કઇ સંસ્થાઓ વિદ્યમાન છે તે પણ ઘણા અભ્યાસાર્થીઓને ખબર ન હોવાથી તેનો લાભ તેઓ લઇ શકતા નથી. સર્વેને યોગ્ય અને જરૂર જેટલી મદદ અને સગવડ મળી શકે તે માટે એ જરૂરનું છે કે;—

(૧) સ્કોલરશિપ આપતાં બધાં ખાતાંઓનું 'ફેડરેશન' થવું જોઇએ અને તે 'ફેડરેશન' નિયત કરેલા નિયમાનુસાર સર્વે ખાતાના ધોરણ મુજબ સ્કોલરશિપની વ્હેંચણી કરે. એ જો ન બની શકે તો તે તે ખાતું એક બીજાના સહકારથી એકજ ધોરણે અને વ્યવસ્થાથી કાર્ય કરે.

(૨) જે જે છાત્રાલયો આદિ શિક્ષણ સંસ્થાઓ છે, તેઓ પોતાનું સંમેલન ભરી પોતાનું સંગઠન કરે અને સમાજમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓને લાભ મળે અને તેમનું ચારિત્ર્ય આદર્શરૂપ થાય તે માટે ઘટતા નિયમ કરે.

(૩) એક સંસ્થા કે ખાતાનો લાભ લેનાર બીજી સંસ્થા કે ખાતાનો લાભ અણઘટતી રીતે ન લે, અને એક સંસ્થામાંથી આવેલને બીજી સંસ્થા લાભ આપે એ વ્યવહાર રાખવો.

(૪) સર્વે સંસ્થાનું સંગઠન સાથે નિરિક્ષણ થઇ સુધારા-વધારા સૂચવાય તથા દરેકની માહિતી પૂરી પાડવામાં આવે એવો પ્રબંધ કરવો.

દરખાસ્ત--પંડિત સુખલાલજી, ન્યાયાચાર્ય
અનુમોદન—શ્રી બબલચંદ કેશવલાલ મોદી
સમર્થન—શ્રી ગણપતલાલ મોહનલાલ

१५ શ્રી આણંદજી કલ્યાણજીનું બંધારણ.

શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીનું છેલ્લું બંધારણ ઘડાયાને લગભગ ૨૨ વર્ષ જેટલો ગાળો થયો છે તે દરમ્યાન અનેક સ્થિતિ સંજોગ બદલાયા છે અને તેના બંધારણનો અનુભવ મળ્યો છે તો તેને અનુકૂલ રહી તેમાં આવશ્યક ફેરફાર થવાની જરૂર છે તો તે પેઢીના સંચાલકો તેમાં યોગ્ય અને સમયોચિત ફેરફાર સુધારા વધારા કરવાનો પ્રબંધ કરશે અને વહિવટદાર પ્રતિનિધિની કમિટીમાં અમદાવાદ સિવાયના બીજા સ્થાનના મેમ્બરો પણ લેશે એમ આ કોન્ફરંસ આગ્રહપુર્વક ભલામણ કરે છે અને વ્યાજબી સમયમાં બંધારણમાં ફેરફારનો પ્રબંધ ન થાય તો કૉન્ફરંસની સ્થાયી સમિતિમાંથી અનુભવીઓની પેટા-સમિતિ નિમી આવશ્યક ફેરફારોનો ખરડો તૈયાર કરી સ્થાયી સમિતિની મંજુરી મેળવી શ્રી આણંદજી કલ્યાણજીને યોગ્ય થવા માટે મોકલી આપવો

નોટઃ—આ ઠરાવની નકલ શેઠ આણંદજી કલ્યાણજી ઉપર મોકલી આપવી —પ્રમુખસ્થાનેથી

१६. સંઘની ખરી વ્યાખ્યા અને તેનું સ્થાન. (STATUS)

સકળ સંઘ એ વ્યાપક અને વિશાળ ધાર્મિક સંસ્થા છે. સમાજ શાસ્ત્રની દ્રષ્ટિએ કોમ તરીકે પડેલો વિભાગ નથી. તે સંસ્થામાં શિક્ષણની, ક્રિયાદિ આચાર વિસ્તારનારી, સંઘની મિલકતોનો વહિવટ કરનારી, સાહિત્ય પ્રકાશન અને પ્રચારની, ધર્મ પ્રચારની સંસ્થાઓનો સમાવેશ થાય છે અને તે બાહ્ય આઘાતોમાંથી બચાવનારી યોગ્ય પ્રવૃતિને ઉત્તેજન આપી અયોગ્ય પ્રવૃતિને અંકુશમાં રાખનારી, તથા વિવાદાસ્પદ બાબતોનો પદ્ધતિસર નિર્ણય કરનારી છે, તેમાં દરેક જૈનનું પ્રતિનિધિત્વ છે અને દરેક જૈનના લાભ તથા હકક છે. તે દેશ કાળ અને સંજોગો પ્રમાણે પોતાના નિયમાદિમાં ફેરફાર કરી શકે છે અને બને તો સર્વાનુમતિથી, નહિં તો બહુમતિથી કાર્ય કરી શકે છે.

—પ્રમુખસ્થાનેથી

૧૭ પુસ્તક ભંડાર.

(૧) નામદાર ગાયકવાડ સરકારે જેસલમીર અને પાટણના ભંડારો તપાસરાવી તેના અહેવાલ છપાવી બહાર પાડવા કૉન્ફરન્સની વિનંતિનો સ્વીકાર કર્યો છે તે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

(૨) દરેક ગામ અને શહેરમાં ઉપાશ્રયાદિમાં તેમજ ભંડારોમાં હસ્તલિખિત પુસ્તકો છે તે સર્વની વિગતવાર દરેક ગ્રંથ ને દાબડાને અંક આપી ટીપ તૈયાર કરાવવાની અને તે દરેકની ટીપની એક નકલ કૉન્ફરન્સ ઑફિસને પુરી પાડવાની તે તે ઉપાશ્રય, ભંડાર આદિના વહિવટદારને વિનંતિ છે.

(૩) તે ભંડારના પુસ્તકનો લાભ જૈન તેમજ જૈનેતર સર્વે અભ્યાસી નિયત શરતોએ લઇ શકે તેનો તેમજ તેની નકલ કે ફોટો લઇ શકે તેવો પ્રબંધ કરવા દરેક ભંડારના વહીવટદારોને આગ્રહપૂર્વક ભલામણ છે.

(૪) જૈન તેમજ અજૈન વિદ્વાનોને પ્રકટ કે અપ્રકટ જૈન પુસ્તકો મેળવવા માટે બહુ હાડમારી ભોગવવી પડે છે તો તે માટે જૈન કૉન્ફરન્સ ઑફિસે તે સંબંધી જરૂરી માહિતી પુરી પાડવાની યા મેળવી આપવાની વ્યવસ્થા કરવી.

(૫) કોઈપણ વ્યકિતના ખાનગી કે અંગત માલેકીના તેમજ અમુક લત્તાના ઉપાશ્રયાદિનાજ ગણાતા પુસ્તક ભંડારોની અત્યાર સુધીની પરંપરાથી સાધુ સાધ્વીને તેમજ બીજાઓને તે તે ભંડારના અંતર્ગત પુસ્તકોનો લાભ પૂરો મળતો નથી તેથી સાધુ સાધ્વીને પોતાને માટે સામાજીક દ્રવ્યથી, પુસ્તકો વસાવવા પડે છે અને તે સાચવવા સાથે રાખવા આદિનો પરિગ્રહ પણ સેવવો પડે છે–આ વિષમતા દૂર કરવા માટે દરેક પુસ્તક જ્યાં ખરીદાય તે તેનો ખર્ચ પુરો થયે ત્યાંના સંઘના ભંડારમાં સુપ્રત કરવાની પધ્ધતિ પ્રચલિત થવાની જરૂર છે.

(૬) જે જે જૈન મુનિઓ પોતપોતાના પુસ્તક ભંડારો ઉભા કરે છે, જેનો સમાજને કે અન્ય સાધુઓને બિલકુલ લાભ મળતો નથી તેથી તે પ્રથા એકદમ નાબુદ કરવાની જરૂર છે અને તેના બદલે તે ભંડારો હસ્તગત કરી મુખ્ય મુખ્ય શહેરોમાં અભ્યાસી સાધુઓ અને શ્રાવકોની જરૂરીઆતને પહોંચી વળે તેવાં જ્ઞાન મંદિર ઉઘાડવાની ખાસ આવશ્યકતા છે એમ આ કૉન્ફરન્સ જાહેર કરે છે.

(૭) દરેક ભંડાર સાર્વજનિક થાય, તે ઉપરાંત તેનાં પુસ્તકો ઉધઈ આદિથી તેમજ અગ્નિ વિગેરેથી સંરક્ષિત રહે તે માટે 'ફાયરપ્રુફ' પાકા મકાનમાં તેને રાખવાની અને વખતો વખત અને વર્ષમાં એક વખત અને ખાસ કરી જ્ઞાનપંચમીને દિને તેને તપાસી જોઇ જવાની વ્યવસ્થા થવી ઘટે છે.

(૮) આપણા સાધુ–સાધ્વી અને શ્રાવક–શ્રાવિકાઓના ધાર્મિક, સામાજીક, અને નૈતિક શિક્ષણ માટે એક સારી ધાર્મિક મધ્યસ્થ પુસ્તકાલય (Central Library) ની જરૂર છે કે જેમાંથી દરેક વિષયનાં ઉપયોગી પુસ્તકો જરૂર વખતે ગામે ગામ તેમને મલી શકે. સાધુ સાધ્વીઓને પર્યટન કરવાનું હોવાથી તેમના વિહારમાં કેટલેક ઠેકાણે જોઇતાં પુસ્તકો નથી મલી શકતાં, તેમજ તેઓને પગે વિહાર કરવાનો હોવાથી પુસ્તકોનો જથ્થો સાથે પણ રાખી શકાતો નથી, માટે તેમને જ્યારે જોઇએ ત્યારે અને જ્યાં જોઇએ ત્યાં ઉપયોગી પુસ્તકો મોકલી આપવાની ગોઠવણ હોવી જોઇએ.

—પ્રમુખસ્થાનેથી

૧૮. સાહિત્ય પ્રચાર.

(૧) જૈનોની શાસ્ત્રભાષા પ્રાકૃત અર્ધ માગધીનાં તેમજ અન્ય જૈન પુસ્તકો પોતાના અભ્યાસક્રમમાં રાખવા માટે મુંબઇની યુનિવર્સિટી, કાશીની યુનિવર્સિટી તથા કવીન્સ કૉલેજ તેમજ અન્ય યુનિવર્સિટીનો ઉપકાર માનવામાં આવે છે.

(૨) આપણામાં એકે પારીભાષિક કોષ નથી કે જેની સહાયથી જીજ્ઞાસુઓ આપણા ધર્મગ્રંથો તથા દાર્શનિક ગ્રંથોનો સરલતાથી અભ્યાસ કરી શકે માટે તેવો ગ્રંથ તેમજ ગુજરાતી હિંદી આદી દેશી ભાષામાં એક એવો સંપૂર્ણ ગ્રંથ

નથી કે જે એકજ ગ્રંથના વાંચનથી જીજ્ઞાસુ જૈન દર્શનનાં રહસ્યોને યોગ્ય રીતે સમજી શકે માટે તેવો ગ્રંથ વિદ્વાનો પાસે લખાવી પ્રગટ કરવાની અતિ આવશ્યકતા છે.

(૩) જૈન સમાજ સંસ્કૃત કે પ્રાકૃતાદિ શ્રમ સાધ્ય ભાષાઓનો અભ્યાસ કરી તેવા ગ્રંથો વાંચે એવો સંભવ ધીમે ધીમે દુર થતો જાય છે એટલા માટે પ્રચલિત ભાષામાં મૂળ ગ્રંથો લખવા લખાવવાની આવશ્યકતા છે.

(૪) તદ્દન છેલ્લી અને નવી ઉપયોગી વિવેચનાત્મક પધ્ધતિએ મૂળ પુસ્તકો છપાવવાં.

(૫) પસંદ કરેલ ખાસ પુસ્તકોનાં લોક ભાષાઓમાં અનુવાદ કરવા.

(૬) પ્રાચીન અને અર્વાચીન સાહિત્યના ઉંડા અભ્યાસથી મહત્વ પૂર્ણ નવ સાહિત્ય પ્રચલિત ભાષામાં રચવું.

—પ્રમુખસ્થાનેથી

૧૯. જૈન બેંક.

જૈન સેંટ્રલ કો-ઑપરેટિવ બેંક લિમિટેડની જે યોજના રજુ થઇ છે તેને આ કૉન્ફરન્સ બહાલી આપે છે અને તેનો અમલ કરવા કાર્યવાહી સમિતિને સત્તા આપે છે.

—પ્રમુખસ્થાનેથી

૨૦. શારદા એકટ.

શારદા એકટનો જોઇએ તેવો અમલ થતો નથી તેમજ તેવો કાયદો દેશી રજવાડામાં ન હોવાથી ત્યાં જઇ લગ્ન કરનારાં મા-બાપો તે કાયદાની ચુંગાલમાંથી બચી જાય છે તો તે કાયદાનો અમલ કરવા કરાવવા માટે લોકોએ તથા સામાજિક મંડળોએ સાવધાન રહેવું ઘટે છે અને દેશી રાજ્યો તેવો કાયદો પોતાના રાજ્યમાં કરી તેનો બરાબર અમલ કરશે એની તેમને વિનંતિ કરવામાં આવે છે.

—પ્રમુખસ્થાનેથી

૨૧. સ્વદેશી.

આ કૉન્ફરન્સ દરેક જૈન ભાઇ તથા બ્હેનને ખાસ આગ્રહ કરે છે કે શુદ્ધ ખાદી અગર તો સ્વદેશી કાપડ તથા જરૂરીઆતની બધી દેશમાં બનેલી ચીજો તેમણે વાપરવી.

--પ્રમુખસ્થાનેથી

૨૨. દ્રવ્ય વ્યયના સાચા પ્રકારોનું દિશા સૂચન.

જૈન સમાજ અનેક ધનાઢયો ધરાવે છે અને તેમાં દાન નિમિત્તે પુષ્કળ દ્રવ્યનો પ્રવાહ વહે છે પરંતુ તે જૂદે માર્ગે વહે છે તેથી સમાજનું પુરેપુરૂં હિત સાધી શકાતું નથી માટે તે પ્રવાહ જુદા અને સમાજને ઉપયોગી માર્ગે વહેતો રહે તો બીજી સમાજો કરતાં જૈન સમાજની પ્રગતિ સર્વ પ્રકારે ટપી જાય આટલા માટે એ ઇષ્ટ અને આવશ્યક છે કે:—

(૧) શ્રીમંતો અને પરોપકાર વૃતિવાળા ભાઇ બ્હેનો પોતાના દ્રવ્યનો વ્યય ઉત્પાદક, કાર્યસાધક, અને સમાજની સ્થિતિ સુધારવાના માર્ગે કરે દા. ત. મોટી વસ્તીવાળાં શહેરોમાં શ્રાવક શ્રાવિકા માટે સસ્તા ભાડાની ચાલીઓ, મફત કે ઓછા ખર્ચે દવા વગેરેનાં સાધન મળે તેવાં દવાખાનાં, સુધારક ખાતાં, અનાથ ગૃહો, આરોગ્ય ગૃહો, તથા સ્કુલો-હાઇસ્કુલો, વિદ્યામંદિરો, છાત્રાલયો, વ્યાયામશાળા વગેરેના સ્થાપનમાં વ્યય કરવાથી સમાજને હિતકારક થઇ શકશે.

(૨) સાધારણ દ્રવ્યમાંથી દરેક ખાતામાં જરૂર પ્રમાણે વ્યય કરી શકાય છે તેથી દરેક જૈને સાધારણ ખાતાંને પુષ્ટિ આપવા ખાસ લક્ષ આપવું એવી આ કૉન્ફરન્સ ભલામણ કરે છે.

(૩) ઘણે સ્થળે એમ જોવાય છે કે દેવદ્રવ્ય વગર જમીનગીરીએ અંગ ઉધાર ધીરવામાં આવે છે એ પ્રથા યોગ્ય નથી તો દેવદ્રવ્યનાં નાણાં સાધારણ ખાતાને તથા જૈનોને યોગ્ય જમીનગીરી ઉપર વ્યાજબી વ્યાજે ધીરવાં ઘટે.

—પ્રમુખસ્થાનેથી

૨૩. સાધુ સંમેલનને ધન્યવાદ અને ભવિષ્ય માટે વિનંતિ.

તાજેતરમાં સાધુવર્યોના સંમેલને શાસ્ત્ર પરંપરા અને વિવેકબુધ્ધિ એ ત્રણેની મદદથી તેઓએ પોતાની અંદરના મતભેદોને ધ્યાનમાં લઇ જે પ્રસ્તાવો સર્વાનુમતિથી કરવામાં એક માસ કરતાં વધારે દિવસો ગાળી જે મહા પ્રયાસ કર્યો છે અને શાસ્ત્ર અને ધર્મના પ્રશ્નોમાં દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવની આવશ્યકતા સ્વીકારી છે તે માટે તેમજ એકતાં સ્થાપન ને બીજાના ઉત્થાપનની કેટલીક વિષમ સ્થિતિ સમન્વય કરી દૂર કરી છે તે માટે તે સંમેલનને આ કૉન્ફરંસ હૃદયપૂર્વક અભિનંદન આપે છે અને નમ્રતાપૂર્વક જણાવે છે કે થયેલા પ્રસ્તાવોમાં જે કંઇ અપૂર્ણતા, અસ્ફુટતા, અનિશ્ચિતતા. અવ્યાપકતા રહી હોય તે આવતાં મુનિ સંમેલનમાં દૂર કરવામાં આવે તથા નીચે જણાવેલ બાબતોનો નિર્ણય કરવામાં આવે;

(૧) દીક્ષા લેતાં પહેલાં જેટલા અભ્યાસની જરૂર હોય તે.

(૨) સાધ્વીઓ માટેની દીક્ષાનાં વય, અભ્યાસ, પાત્રતા આદિના નિયમો.

(૩) દીક્ષા લઇ છોડનાર અને પાછી લેનાર માટેનું રહેવું જોઇતું બંધારણ.

(૪) શિથિલતા અને તે પોષક એકલ વિહાર, જુદા જુદા ગચ્છના પ્રત્યેની વલણ, વિહાર તંત્ર, કેટલીક બાબતોમાં એક સ્થાપે બીજા ઉત્થાપે એવી વિમાસણ ને મુંઝવણમાં નાખે તેવી સ્થિતિ, અમુક મુનિના માલેકીવાળા થયેલ પુસ્તક ભંડાર, અને અમુક સંઘાડાનેજ ઉતરવા માટેના ખાસ ઉપાશ્રયો વગેરે વગેરે સંબંધી સમયોચિત સામ્યસૂચક ઉકેલ.

(૫) દીક્ષાને અંગે સંઘસંમતિની આવશ્યકતા

—પ્રમુખસ્થાનેથી

૨૪. કૉન્ફરન્સનાં બંધારણમાં ફેરફાર.

૬ ઠ્ઠી કલમમાં નીચે પ્રમાણે ઉમેરવા ઠરાવ્યું: 'જે સ્થળે કૉન્ફરંસનું અધિવેશન ભરાય તેમાં જે પ્રતિનિધિઓની ફી આવે તેમાંથી દર પ્રતિનિધિએ એક રૂપીઓ કૉન્ફરંસની હેડ ઓફિસને તેના સુકૃત ભંડાર ફંડમાં આપવો.'

૧૬ મી કલમ રદ કરવી.

૪ થી કલમ—તેમાંના શબ્દો 'દર વર્ષે આપ્યો હશે' તેને બદલે 'જે વર્ષમાં અધિવેશન ભરાય તે વર્ષ માટે આપે' એ શબ્દો મૂકવા.

૩જી કલમ (અ) અને (બ) ભેગી કરી નીચે પ્રમાણે મુકવી.

'જો એવો કોઇ પણ ઠરાવ આગલી બેઠક વેળાએ કરવામાં આવેલો નહિ હશે તો કાર્યવાહી સમિતિએ કૉન્ફરંસની બેઠક મુંબઇમાં અગર બીજે સ્થળે ભરવાગોઠવણ કરવી.'

(ક) ને (બ) તરીકે મુકવી અને તેમાં 'દર વર્ષની પહેલાં' 'સાધારણ રીતે' મુકવું તથા જે સ્થળે સંઘ પ્રતિનિધિનો ચુંટણી માટે ન મળ્યો હોય ત્યાં ધોરણસર બોલાવેલી જાહેર સભા જેને પ્રતિનિધિ તરીકે નિમી મોકલે તે.

૪ (નોંધ) ઉપાંત્ય પંક્તિમાં એક વાર્ષિક લવાજમ પછી ઉમેરો 'જે વર્ષમાં અધિવેશન ભરાય તે વર્ષ માટે **૫ પંક્તિ ૧** સભા પછી ઉમેરો 'સંસ્થા.'

પેટા કલમ (૩) માં સભા પછી ઉમેરો 'સંસ્થા' પ્રતિનિધિઓ પછી ઉમેરો 'પોતાના સભ્યોમાંથીજ.'

કલમ ૧૦ મી માં ઉત્તર ગુજરાતના પેટા વિભાગમાં વડોદરા અને ખેડા એ બે વચ્ચે ઉમેરો (ખંભાત)

૧૩ પ્રાંતિક તથા સ્થાનિક સમિતિઓ ૧ કૉન્ફરન્સના અધિવેશન વખતે દરેક પ્રાંતના સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) ના સભ્યો (મેમ્બરો) ચુંટાય તેમાંથી તે તે પ્રાંતના પ્રાંતિક સેક્રેટરીઓની કૉન્ફરંસે

નિમણુંક કરવી. આવા પ્રાંતિક સેક્રેટરીએ તે તે પ્રાંતની સમિતિ, તે તે પ્રાંતમાંથી સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટિ) ના જે મેમ્બરો ચુંટાયા હોય તે ઉપરાંત યોગ્ય લાગે તો બીજા ઉમેરીને પ્રાંતિક સમિતિ રચવી અને તે સમિતિ દ્વારા કોન્ફરન્સને લગતાં કાર્યો કરવાં તથા ઠરાવ અમલમાં મુકવાં પ્રયત્નો કરવા. આવી પ્રાંતિક સમિતિઓ બીજી સ્થાનિક સમિતિઓ તથા તેના મંત્રીઓ નીમશે. આવી સ્થાનિક સમિતિઓના સભ્યો જો તે સ્થાનમાં રહેતા હોય તો તેઓ તેના સભ્ય ગણાશે. (૨) આવી રીતે પ્રાંતિક સમિતિઓ યા સ્થાનિક સમિતિઓ કોઇ પણ કારણે ન રચી શકાય તો જનરલ સેક્રેટરીઓ તેવી બંને પ્રકારની સમિતિઓ તથા તેના મંત્રીઓની રચના તથા નિમણુંક કરશે. (૩) આ પ્રાંતિક અને સ્થાનિક સમિતિઓ રજીસ્ટર થયા વિના દર સો સભ્યોએ પાંચ પ્રતિનિધિઓ મોકલી શકશે અને તે માટે તેને સભા કે મંડળ તરીકે ગણવામાં આવશે. (૪) જે સ્થાને પ્રતિનિધિની ચુંટણી માટે સંઘ કોઇ પણ કારણે ન મળ્યો હોય યા ન મળે તેમ હોય ત્યાં આ સમિતિ જાહેર સભા બોલાવી પ્રતિનિધિ નીમી મોકલી શકશે. (૫) આવી પ્રાંતિક તથા સ્થાનિક સમિતિઓ પોતાના પ્રાંત યા શહેર યા ગામમાંથી સુકૃત ભંડાર ફંડ ઉઘરાવશે તથા તેમાંથી ઉઘરાવવાનું ખર્ચ બાદ જતાં બાકીની રકમમાંથી અર્ધો હિસ્સો પોતાના પ્રાંત કે સ્થાનિક સમિતિના ખર્ચ, પ્રચારકાર્ય વગેરે માટે રાખી બાકીની અર્ધી રકમ હેડ ઓફિસમાં મોકલશે.

૨૫. જૈનોમાં મરણ પ્રમાણ ઘટાડવા લેવા જોઇતા ઉપાયો.

જૈનોની શારીરિક સ્થિતિ નબળી હોવાને કારણે તેમનામાં ફેફસાના અને ચેપી રોગો વધારે પ્રમાણમાં થાય છે અને મરણ પ્રમાણ વધતાં તેની સંખ્યામાં પ્રતિવર્ષ ઘટાડો થાય છે તો તેમની શારીરિક સ્થિતિ સુધરે અને મરણ પ્રમાણ ઘટે તે માટે નીચેના ઉપાયો યોજવા આવશ્યક છે એમ આ કોન્ફરન્સ માને છે.

(૧) સારી હવા ઉજાસવાળા, સ્વચ્છ અને સુઘડ ત્રણ કે ચાર રૂમવાળા બ્લોકવાળા ગરીબ અને મધ્યમ વર્ગને પોષાય તેવા સસ્તા ભાડાવાળા મકાનોવાળું 'જૈન કોલોની' સ્થાપવું.

(૨) સ્ત્રીઓમાં સામાન્યપણે મરણ પ્રમાણ ઘણું વધારે છે કારણ કે બાળલગ્નથી નાની ઉમરે માતા થવાય છે. તેમજ સુવાવડ અજ્ઞાન દાઇઓના હાથે ઘણે ઠેકાણે થાય છે. તો બાળ લગ્નનો પ્રતિબંધ થવો ઘટે અને જૈન સુવાવડખાનું (Maternity Home Anti-post natal clinic સાથે) સ્થાપવા ખાસ આવશ્યકતા છે.

(૩) નિશાળે જતાં છોકરા છોકરીઓની તંદુરસ્તી તપાસવા અને ઉપાયો સુચવવા અને યોજવા એક મેડીકલ કમીટી સ્થાપવી

(૪) જૈન જનતામાં તંદુરસ્તી આપે તેવો ખોરાક અને કસરતના લાભ વિષયે બરાબર જ્ઞાન પ્રસરે એ જરૂરનું છે તેથી તેનું જ્ઞાન આપવા માટે સિનેમા, લેન્ટર્ન લેકચર્સ અને ભાષણો યોજવા તથા તે સંબંધીના સાહિત્યનો પ્રસાર કરવા ભલામણ કરવામાં આવે છે.

(૫) જૈનો માટે એક જનરલ હોસ્પિટલની ખાસ જરૂર છે તો તે સ્થાપવા બનતા ઉપાય લેવા ઘટે.

દરખાસ્તઃ—ડૉ. ચીમનલાલ નેમચંદ ઑરૂ
અનુમોદનઃ—ડૉ. ટી. ઓ. શાહ,
,, ડૉ. નાનચંદ કે. મોદી

૨૬ માંગરોલ ગૌવધ પ્રકરણ.

માંગરોલના નામદાર દરબાર સાહેબે ગૌવધના કેટલાક વખતથી ચાલી આવતા પ્રતિબંધને દુર કરી તાજેતરમાં તા. ૧૦–૪–૩૩ ના ઠરાવના ફરમાનમાં ગૌવધની છુટ આપનાર જે હુકમ બહાર પાડયો છે તે સમસ્ત હિંદુ કોમની લાગણી દુખવનાર છે એમ આ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ જાહેર કરે છે અને તે ફરમાન સામે સખ્ત વિરોધ રજુ કરે છે અને માંગરોલના નામદાર દરબાર સાહેબને તે ફરમાન હંમેશને માટે રદ કરવા આગ્રહ પૂર્વક વિનંતી કરે છે.

આ ઠરાવની નકલ માંગરોળના શેખ સાહેબને પ્રમુખ સાહેબની સહીથી મોકલી આપવા ઠરાવે છે.

—પ્રમુખસ્થાનેથી.

૨૭. સાધુ સાધ્વીની ઉન્નતિમાં શ્રાવકનો ફાળો.

પૂજ્ય મુનિમહારાજોની બુદ્ધિ, શક્તિ, અને શ્રધ્ધાને ધ્યાનમાં રાખી તેમને જૈન કોમ તરફથી ધાર્મિક, સામાજીક, અને વૈજ્ઞાનિક અભ્યાસને માટે પૂરતી સરળતા અને જોઇતાં સાધનોની જોગવાઇ કરી આપવામાં આવે તો તેઓ ઘણા સારાં વિદ્વાન્ અને આદર્શ ત્યાગમૂર્તિ નિવડી સર્વદેશી જાહેર વ્યાખ્યાનો આપી વિદ્વત્તાપુર્ણ લેખો પુસ્તકો લખી કોમને અને દુનિયાને ઘણો લાભ આપી શકે તે માટે:–

(૧) તેમના અભ્યાસ માટે મુખ્ય મુખ્ય શહેરોમાં પાઠશાળા (Acadlemy or Seminary) જૈનકોમ તરફથી સ્થાપિત થવી જોઇએ કે જ્યાં જૈન ધર્મના સિધ્ધાંતો અને ક્રિયાના શિક્ષણ ઉપરાંત દેશ્ય રાજ્યભાષા તેમજ વૈજ્ઞાનિક તેમજ તુલનાત્મક દ્રષ્ટીએ ફિલસુફીનું શિક્ષણ તે તે વિષયમાં નિષ્ણાત આચાર્યો અને અધ્યાપકો તળે મળે. તેમજ ત્યાં અભ્યાસ કરનારને સમાજશાસ્ત્રનો જૈન સમાજની સેવાના વિવિધ માર્ગોનો, તત્વજ્ઞાનનો અને ધર્મશાસ્ત્રનો સારો બોધ થઇ શકે. અને કોઇ વિષયનો વધુ અભ્યાસ કરવો હોય તો તેવી સવડ ત્યાં હોવી જોઇએ. તે ઉપરાંત તેમાં તે સર્વ અભ્યાસને યોગ્ય ઉત્તમ પુસ્તકાલય હોવું જોઇએ.

(૨) સાધુઓ માફક સાધ્વીઓના અભ્યાસ માટે પણ એવી જોગવાઇ થવી ખાસ આવશ્યક છે કે જેથી તેઓ પોતાનું અત્મહિત સાધી શકે અને આપણા પછાત રહેલાં અને અજ્ઞાન સ્ત્રી સમાજને અનેક પ્રકારનો લાભ આપી શકે.

રજુ કરનાર—રા. મોહનલાલ દલીચંદ દેશાઈ, એડવોકેટ (મુંબઇ)
સમર્થન—રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, સોલિસિટર (મુંબઇ)
રા. પોપટલાલ રામચંદ શાહુ, પુના

૨૮. સ્ત્રીઓને મળવા જોઇતા વારસા હક.

જૈનોને હિંદુ કાયદો લાગુ પડેછે અને તે આધારે પુત્રની હૈયાતીમાં પુત્રી કે સ્ત્રીનો ખાસ સીધો વારસાનો હક નથી તો તેમાં એવો કંઇ ફેરફાર થવાની અગત્ય છે કે:–

(૧) બાપની સ્વોપાર્જિત મિલ્કતમાં પુત્રીઓને વારસદાર તરીકે નિયત કરેલા ભાગ પ્રમાણે પુત્રો સાથે અમુક હિસ્સો મળવો જોઇએ.

(૨) સયુકત કુટુંબમાં પતિને વસિયાતનામું કરવાનો હકક ન હોય ત્યાં તે મરણ પામતાં તેની વિધવા અને સંતાન તેના પશ્ચાત્ વિદ્યમાન ભાઇઓ સાથે નિયત કરેલા નિયમ પ્રમાણે હિસ્સાદાર બનવા જોઇએ.

(૩) પતિની સ્વોપાર્જિત અને અલગ મિલ્કત પર તે જો નિઃસંતાન મરણ પામે તો તેની વિધવા કુલ માલેકીની હકકદાર થવી જોઇએ અને સંતાનને વિધવા મુકી મરણ પામેલ હશે તો તે બધા નિયત કરેલા ભાગ પ્રમાણે હિસ્સેદાર થવા જોઇએ.

હિંદુ કાયદામાં આવા પ્રકારનો ફેરફાર કરનારો કાયદો વડી ધારાસભામાં પાસ કરાવવાને જે સંસ્થાઓ તરફથી પ્રયાસ કરવામાં આવતા હોય તેને કૉન્ફરન્સે મદદ કરવી

દરખાસ્ત–શ્રી મહાસુખભાઇ ચુનીલાલ (વિસનગર)
અનુમોદન–શ્રીમતી લીલાવતી દેવીદાસ કાનજી (મુંબઇ)
,, –શ્રીમતી તારાબ્હેન દેશાઇ ,,
,, શ્રી નાગકુમાર મકાતી (વડોદરા)

૨૯. યતિ વર્ગ.

યતિ વર્ગ પણ જૈન સમાજનું એક અંગ છે, તેઓમાં સુધારો અને પ્રગતિ થાય અને તેઓ સમાજને ઉપયોગી સેવા આપી શકે એ માટે યોગ્ય પ્રબંધ થવો ઘટે છે.

(૧) યતિઓ પોતાનું સંમેલન ભરી પોતાની સ્થિતિ, સંજોગપર લક્ષ આપી પ્રગતિદાયક સર્વ પગલાં ભરે એ ઇષ્ટ છે.

(૨) શ્રાવક સંઘે તેઓ પ્રત્યે ઉપેક્ષા અને અવગણના ન કરતાં તેઓ ધર્મપ્રચાર તથા સમાજ સુધારા માટે તેમજ કોન્ફરન્સના પ્રસ્તાવોના પ્રચાર માટે ઉપદેશક તરીકે સેવા આપી શકે તેમ કરવું જોઇએ અને તે માટે તેમની પાઠશાળા ખોલી શિક્ષણ આપવું જોઇએ.

દરખાસ્ત–મોહનલાલ દલીચંદ દેશાઇ (મુંબઇ)

ટેકો–સમરથમલ રતનચંદ સિંધી (સિરોહી)

૩૦. સ્ત્રી કેળવણી.

(૧) આપણી કેટલીક બહેનો સાધનના અભાવે ભણી શકતી નથી તે બાબત તરફ ધ્યાન ખેંચતાં આ કોન્ફરન્સ જણાવે છે કે કોઇપણ જૈન કન્યા ભણ્યા વિનાની ન રહે, એટલુંજ નહિં પણ સંખ્યાબંધ બહેનો ઉચ્ચ શિક્ષણ લેતી થાય તેની યોજનાઓ કરવાની અને તે દિશાએ અને તેટલું દ્રવ્ય ખરચવાની આ કોનફરન્સ જૈન સમાજને ખાસ ભલામણ કરે છે.

સ્ત્રી શિક્ષણના વિશેષ પ્રચાર માટે જૈન સમાજમાં કન્યા ગુરૂકુળો સ્થાપન કરવાની આ પરિષદ ખાસ આવશ્યકતા સ્વીકારે છે

દરખાસ્ત—શ્રી તારાબાઈ દેશાઇ

અનુમોદન – શ્રી લીલાવતી દેવીદાસ

„ શ્રી. ગુલાબબહેન મકનજી

„ શ્રી. કુલચંદ હ. દોશી

૩૧ કૉન્ફરન્સના ઠરાવોને પુષ્ટિ

આપણી કોન્ફરન્સનાં ગત અધિવેશનોમાં પસાર થયેલા ઠરાવોને કોન્ફરન્સની આ બેઠક પુષ્ટિ આપે છે.

—પ્રમુખસ્થાનેથી

તાજા સમાચાર.

કાર્યવાહી સમિતિની એક જરૂરી બેઠક તા. ૧૩–૫–૩૪ ના રોજ રાતના સંસ્થાની ઓફીસમાં મળી હતી. જે વખતે શ્રી કેશરિયાનાથજી તીર્થ સંબંધે જે કમિશન ઉદેપુર–મેવાડ રાજ્ય તરફથી નિમાયાની જાહેરાત થઇ છે તે માટે આપણો કેસ રજુ કરવા માટે કોન્ફરન્સના પ્રતિનિધિઓ તરિકે **શ્રી બહાદુરસિંહજી સિંઘી,** તથા **શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા** (બન્ને જનરલ સેક્રેટરીઓ છે) તથા **શ્રી નરોતમદાસ જેઠાભાઈ** (બંગાળ વિભાગ પ્રાંતિક સેક્રેટરી) તથા **શ્રી તાજબહાદુરસિંહ** (બંગાળ વિભાગના સ્ટે. કમિટિના સભ્ય) ની નિમણુંક થઇ છે. તથા આ કાર્ય અંગે ખાસ નિષ્ણાતોની સબ કમિટી તા. ૧૩–૫–૩૪ ના રોજ નિમવામાં આવી છે.

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, 14, Pydhoni, Bombay 3, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

ચૌદમું અધિવેશન—મુંબઇ.

વિષય વિચારિણી સમિતિએ પસાર કરેલા

ઠરાવો

૯ શ્રી આણંદજી કલ્યાણજીનું બંધારણ.

શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીનું છેલ્લું બંધારણ ઘડાયાને લગભગ ૨૨ વર્ષ જેટલો ગાલો થયો છે તે દરમ્યાન અનેક સ્થિતિ સંજોગ બદલાયા છે અને તેના બંધારણનો અનુભવ મળ્યો છે તો તેને અનુકુલ રહી તેમાં આવશ્યક ફેરફાર થવાની જરૂર છે તો તે પેઢીના સંચાલકો તેમાં યોગ્ય અને સમયોચિત ફેરફાર સુધારા વધારા કરવાનો પ્રબંધ કરશે અને વહિવટદાર પ્રતિનિધિની કમિટીમાં અમદાવાદ સિવાયના બીજા સ્થાનના મેમ્બરો પણ લેશે એમ આ કોન્ફરંસ આગ્રહપુર્વક ભલામણ કરે છે અને વ્યાજબી સમયમાં બંધારણમાં ફેરફારનો પ્રબંધ ન થાય તો કોન્ફરંસની સ્થાયી સમિતિમાંથી અનુભવીઓની પેટા-સમિતિ નીમી આવશ્યક ફેરફારોનો ખરડો તૈયાર કરી સ્થાયી સમિતિની મંજુરી મેળવી શ્રી આણંદજી કલ્યાણજીને યોગ્ય થવા માટે મોકલી આપવો.

નોટઃ—આ ઠરાવની નકલ શેઠ આણંદજી કલ્યાણજી ઉપર મોકલી આપવી —પ્રમુખસ્થાનેથી

૧૦. જૈનોમાં મરણ પ્રમાણ ઘટાડવા લેવા જોઇતા ઉપાયો.

જૈનોની શારીરિક સ્થિતિ નબળી હોવાને કારણે તેમનામાં ફેફસાના અને ચેપી રોગો વધારે પ્રમાણમાં થાય છે અને મરણ પ્રમાણ વધતાં તેની સંખ્યામાં પ્રતિવર્ષ ઘટાડો થાય છે તો તેમની શારીરિક સ્થીતી સુધરે અને મરણ પ્રમાણ ઘટે તે માટે નીચેના ઉપાયો યોજવા આવશ્યક છે એમ આ કોન્ફરન્સ માને છે.

(૧) સારી હવા ઉજાસવાળા, સ્વચ્છ અને સુઘડ ત્રણ કે ચાર રૂમવાળા બ્લોકવાળા ગરીબ અને મધ્યમ વર્ગને પોષાય તેવા સસ્તા ભાડાવાળા મકાનોવાળું જૈન કોલોની સ્થાપવું.

(૨) સ્ત્રીઓમાં સામાન્યપણે મરણ પ્રમાણ ઘણું વધારે છે કારણ કે બાળલગ્નથી નાની ઉમરે માતા થવાય છે. તેમજ સુવાવડ અજ્ઞાન દાયણોના હાથે ઘણે ઠેકાણે થાય છે. તો બાળ લગ્નનો પ્રતિબંધ થવો ઘટે અને જૈન સુવાવડખાનું (Maternity Home Anti-post natal clinic સાથે) સ્થાપવા ખાસ આવશ્યકતા છે.

(૩) નિશાળે જતાં છોકરા છોકરીઓની તંદુરસ્તી તપાસવા અને ઉપાયો સુચવવા અને યોજવા એક મેડીકલ કમીટી સ્થાપવી

(૪) જૈન જનતામાં તંદુરસ્તી આપે તેવો ખોરાક અને કસરતના લાભ વિષયે બરાબર જ્ઞાન પ્રસરે એ જરૂરનું છે તેથી તેનું જ્ઞાન આપવા માટે સીનેમા, લેન્ટર્ન લેકચર્સ અને ભાષણો યોજવા તથા તે સંબંધીના સાહિત્યનો પ્રસાર કરવા ભલામણ કરવામાં આવે છે (૫) જૈનો માટે એક જનરલ હોસ્પિટલની ખાસ જરૂર છે તો તે સ્થાપવા બનતા ઉપાય લેવા ઘટે

દરખાસ્તઃ—ડૉ. ચીમનલાલ નેમચંદ ઑફ્
અનુમોદનઃ—ડૉ. ટી. એ. શાહ, નાનચંદ કે. મોદી

(અનુસંધાન પાના ૮ મા.)

૨૯ માંગરોલ ગૌવધ પ્રકરણ.

માંગરોલના નામદાર દરબાર સાહેબે ગૌવધના કેટલાક વખતથી ચાલી આવતા પ્રતિબંધને દુર કરી તાજેતરમાં તા. ૧૦-૪-૩૩ ના ઠરાવના ફરમાનમાં ગૌવધના છુટ આપનાર જે હુકમ બહાર પાડયો છે તે સમસ્ત હિંદુ કોમની લાગણી દુખવનાર છે એમ આ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ જાહેર કરે છે અને તે ફરમાન સામે સખ્ત વિરોધ રજુ કરે છે અને માંગરોલના નામદાર દરબાર સાહેબને તે ફરમાન હંમેશને માટે રદ કરવા આગ્રહ પુર્વક વિનંતી કરે છે.

આ ઠરાવની નકલ માંગરોળના શેખ સાહેબને પ્રમુખ સાહેબની સહીથી મોકલી આપવા ઠરાવે છે.

—પ્રમુખસ્થાનેથી.

૩૦ કોન્ફરન્સના ઠરાવોને પુષ્ટિ

આપણી કોન્ફરન્સનાં ગત અધિવેશનોમાં પસાર થયેલા ઠરાવોને કોન્ફરન્સની આ બેઠક પુષ્ટિ આપે છે.

—પ્રમુખસ્થાનેથી

૧૧. સંઘની ખરી વ્યાખ્યા અને તેનું સ્થાન. (STATUS)

જૈન સંઘ એ વ્યાપક અને વિશાળ ધાર્મિક સંસ્થા છે. સમાજ શાસ્ત્રની દૃષ્ટિએ કોમ તરીકે પડેલો વિભાગ નથી. તે સંસ્થામાં શિક્ષણની, ક્રિયાદિ આચાર વિસ્તારનારી, સંઘની મિલકતોનો વહિવટ કરનારી, સાહિત્ય પ્રકાશન અને પ્રચારની, ધર્મ પ્રચારની સંસ્થાઓનો સમાવેશ થાય છે અને તે બાહ્ય આધાતોમાંથી બચાવનારી યોગ્ય પ્રવૃતિને ઉત્તેજન આપી અયોગ્ય પ્રવૃતિને અંકુશમાં રાખનારી, તથા વિવાહાદિપદ બાબતોનો પદ્ધતિસર નિર્ણય કરનારી છે, તેમાં દરેક જૈનનું પ્રતિનિધિત્વ છે અને દરેક જૈનના લાભ તથા હકક છે. તે દેશ કાળ અને સંજોગો પ્રમાણે પોતાના નિયમાદિમાં ફેરફાર કરી શકે છે અને અને તો સર્વાનુમતિથી, નહિં તો બહુમતિથી કાર્ય કરી શકે છે.

—પ્રમુખસ્થાનેથી

૧૨ પુસ્તક ભંડાર.

(૧) નામદાર ગાયકવાડ સરકારે જેસલમીર અને પાટણના ભંડારો તપાસરાવી તેના અહેવાલ છપાવી બહાર પાડવા કોન્ફરન્સની વિનંતિનો સ્વીકાર કર્યો છે તે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

(૨) દરેક ગામ અને શહેરમાં ઉપાશ્રયાદિમાં તેમજ ભંડારોમાં હસ્તલિખિત પુસ્તકો છે તે સર્વની વિગતવાર દરેક ગ્રંથને દાબડાને અંક આપી ટીપ તૈયાર કરાવવાની અને તે દરેકની ટીપની એક નકલ કોન્ફરન્સ ઓફીસને પુરી પાડવાની તે તે ઉપાશ્રય, ભંડાર આદિના વહિવટદારને વિનંતિ છે.

(૩) તે ભંડારના પુસ્તકનો લાભ જૈન તેમજ જૈનેતર સર્વે અભ્યાસી નિયત શરતોએ લઇ શકે તેનો તેમજ તેની નકલ કે ફોટો લઇ શકે તેવો પ્રબંધ કરવા દરેક ભંડારના વહીવટદારોને આગ્રહપુર્વક ભલામણ છે.

(૪) જૈન તેમજ અજૈન વિદ્વાનોને પ્રકટ કે અપ્રકટ જૈન પુસ્તકો મેળવવા માટે બહુ હાડમારી ભોગવવી પડે છે તો તે માટે જૈન કોન્ફરન્સ ઓફીસે તે સંબંધી જરૂરી માહિતી પુરી પાડવાની યા મેળવી આપવાની વ્યવસ્થા કરવી.

(૫) કોઈપણ વ્યકિતના બાનગી કે અંગત માલેકીના તેમજ અમુક લત્તાના ઉપાશ્રયાદિનાજ ગણાતા પુસ્તક ભંડારોની અત્યાર સુધીની પરંપરાથી સાધુ સાધ્વીને તેમજ શ્રીજ્ઞઓને તે તે ભંડારના અંતર્ગત પુસ્તકોનો લાભ પૂરો મળતો નથી. તેથી સાધુ સાધ્વીને પોતાને માટે સામાજીક દ્રવ્યથી, પુસ્તકો વસાવવા પડે છે અને તે સાચવવા સાથે રાખવા આદિનો પરિગ્રહ પણ સેવવો પડે છે—આ વિષમતા દૂર કરવા માટે દરેક પુસ્તક જ્યાં ખરીદાય તે તેનો ખપ પુરો થયે ત્યાંના સંઘના ભંડારમાં સુપ્રત કરવાની પધ્ધતિ પ્રચલિત થવાની જરૂર છે.

(૬) જે જે જૈન મુનિઓ પોતપોતાના પુસ્તક ભંડારો ઉભા કરે છે, જેનો સમાજને કે અન્ય સાધુઓને બીલકુલ લાભ મળતો નથી તેથી તે પ્રથા એકદમ નાબુદ કરવાની જરૂર છે અને તેના બદલે તે ભંડારો હસ્તગત કરી મુખ્ય મુખ્ય શહેરોમાં અભ્યાસી સાધુઓ અને શ્રાવકોની જરૂરીઆતને પહોંચી વળે તેવાં જ્ઞાન મંદિર ઉઘાડવાની બાસ આવશ્યકતા છે એમ આ કોન્ફરન્સ જાહેર કરે છે.

(૭) દરેક ભંડાર સાર્વજનિક થાય, તે ઉપરાંત તેનાં પુસ્તકો ઉધઈ આદિથી તેમજ અગ્નિ વિગેરેથી સંરક્ષિત રહે તે માટે 'ફાયરપ્રુફ' પાકા મકાનમાં તેને રાખવાની...અને વખતો વખત અને વર્ષમાં એક વખત અને બાસ કરી જ્ઞાનપંચમીને દિને તેને તપાસી જોઇ જવાની વ્યવસ્થા થવી ઘટે છે.

૨૩. કૉન્ફરંસના બંધારણમાં ફેરફાર.

૬ ઠી કલમમાં નીચે પ્રમાણે ઉમેરવા ઠરાવ્યું.' 'જે સ્થળે કૉન્ફરંસનું અધિવેશન ભરાય તેમાં જે પ્રતિનિધિઓની ફી આવે તેમાંથી દર પ્રતિનિધિએ એક રૂપીઓ કૉન્ફરંસની હેડ ઓફિસને તેના સુકૃત ભંડાર ફંડ માં આપવો.'

૧૬ મી કલમ રદ કરવી.

૪ થી કલમ—તેમાંના શબ્દો 'દર વર્ષે આપ્યો હશે' તેને બદલે 'જે વર્ષમાં અધિવેશન ભરાય તે વર્ષ માટે આપે' એ શબ્દો મૂકવા

૩જી કલમ (અ) અને (બ) ભેગી કરી નીચે પ્રમાણે મુકવી.

'જો એવો કોઇ પણ ઠરાવ આગલી બેઠક વેળાએ કરવામાં આવેલો નહિ હશે તો કાર્યવાહી સમિતિએ કૉન્ફરંસની બેઠક મુંબઇમાં અગર બીજે સ્થળે ભરવા ગોઠવણ કરવી.'

(ક) ને (બ) તરીકે મુકવી અને તેમાં 'દર વર્ષની પહેલાં' 'સાધારણ રીતે' મુકવું તથા જે સ્થળે સંઘ પ્રતિનિધિની ચુંટણી માટે ન મળ્યો હોય ત્યાં ધોરણસર બોલાવેલી જાહેર સભા જેને પ્રતિનિધિ તરીકે નીમી મોકલે તે.

૪ (**નોંધ**) ઉપાંત્ય પંકિતમાં એક વાર્ષિક લવાજમ પછી ઉમેરો 'જે વર્ષમાં અધિવેશન ભરાય તે વર્ષ માટે'

૫ પંકિત ૧ સભા પછી ઉમેરો 'સંસ્થા.'

પેટા કલમ (૩) માં સભા પછી ઉમેરો 'સંસ્થા' પ્રતિનિધિઓ પછી ઉમેરો 'પોતાના સભ્યોમાંથીજ.'

કલમ ૧૦ મી માં ઉત્તર ગુજરાતના પેટા વિભાગમાં વડોદરા અને ખેડા એ બે વચ્ચે ઉમેરો (ખંભાત)

૧૩ પ્રાંતિક તથા સ્થાનિક સમિતિઓ ૧ કૉન્ફરન્સના અધિવેશન વખતે દરેક પ્રાંતના સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) ના જે મેમ્બરો ચુંટાય તેમાંથી તે તે પ્રાંતના પ્રાંતિક સેક્રેટરીઓની કૉન્ફરંસે નિમણુંક કરવી. આવા પ્રાંતિક સેક્રેટરીએ તે તે પ્રાંતની સમિતિ, તે તે પ્રાંતમાંથી સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટિ) ના જે મેમ્બરો ચુંટાયા હોય તે ઉપરાંત યોગ્ય લાગે તો બીજા ઉમેરીને પ્રાંતિક સમિતિ રચવી અને તે સમિતિ દ્વારા કૉન્ફરન્સને લગતાં કાર્યો કરવાં તથા ઠરાવ અંમલમાં મુકવાં પ્રયત્નો કરવા. આવી પ્રાંતિક સમિતિઓ બીજી સ્થાનિક સમિતિઓ તથા તેના મંત્રીઓ નીમશે. આવી સ્થાનિક સમિતિઓના સભ્યો જે તે સ્થાનમાં રહેતા હોય તો તેઓ તેના સભ્ય ગણાશે. (૨) આવી રીતે પ્રાંતિક સમિતિઓ યા સ્થાનિક સમિતિઓ કોઇ પણ કારણે ન રચી શકાય તો જનરલ સેક્રેટરીઓ તેવી બંને પ્રકારની સમિતિઓ તથા તેના મંત્રીઓની રચના તથા નિમણુંક કરશે. (૩) આ પ્રાંતિક અને સ્થાનિક સમિતિઓ રજીસ્ટર થયા વિના દર સો સભ્યોએ પાંચ પ્રતિનિધિઓ મોકલી શકશે અને તે માટે તેને સભા કે મંડળ તરીકે ગણવામાં આવશે. (૪) જે સ્થાને પ્રતિનિધિની ચુંટણી માટે સંઘ કોઇ પણ કારણે ન મળ્યો હોય યા ન મળે તેમ હોય ત્યાં આ સમિતિ જાહેર સભા બોલાવી પ્રતિનિધિ નીમી મોકલી શકશે. (૫) આવી પ્રાંતિક તથા સ્થાનિક સમિતિઓ પોતાના પ્રાંત યા શહેર યા ગામમાંથી સુકૃત ભંડાર ફંડ ઉઘરાવશે તથા તેમાંથી ઉઘરાવવાનું ખર્ચ બાદ જતાં બાકીની રકમમાંથી અર્ધો હિસ્સો પોતાના પ્રાંત કે સ્થાનિક સમિતિના ખર્ચ, પ્રચારકાર્ય વગેરે માટે રાખી બાકીની અર્ધી રકમ હેડ ઓફિસમાં મોકલશે.

२४ स्त्री केळवणी.

(१) આપણી કેટલીક બહેનો સાધનના અભાવે ભણી શકતી નથી તે બાબત તરફ ધ્યાન ખેંચતાં આ કોન્ફરન્સ જણાવે છે કે કોઇપણ જૈન કન્યા ભણ્યા વિનાની ન રહે, એટલું જ નહિં પણ સંખ્યાબંધ બહેનો ઉચ્ચ શિક્ષણ લેતી થાય તેવી યોજનાઓ કરવાની અને તે દિશાએ બને તેટલું દ્રવ્ય ખરચવાની આ કોનફરન્સ જૈન સમાજને ખાસ ભલામણ કરે છે.

સ્ત્રી શિક્ષણના વિશેષ પ્રચાર માટે જૈન સમાજમાં કન્યા ગુરૂકુળો સ્થાપન કરવાની આ પરિષદ ખાસ આવશ્યકતા સ્વીકારે છે.

દરખાસ્ત–**શ્રી તારાબાઈ દેશાઇ**

અનુમોદન–**શ્રી લીલાવતી દેવીદાસ, શ્રી. ગુલાબબ્હેન મકનજી, શ્રી. ફુલચંદ હ. દોશી**

२५ श्री केशरियाजी तीर्थ.

(१) श्री केशरियाजी तीर्थ के संरक्षण के विषय में जगद्गुरु योग–लब्धि–सम्पन्न सुरि सम्राट योगीराज आचार्य श्री १००८ श्री विजय शान्तिसुरिजी महाराजने अपने आध्यात्मिक बल तथा महति तपस्या के अलका समर्थ परिचय व आत्मभोग देकर जिस अपुर्व शान्ति के साथ जैन समाज में जो तात्कालिक शान्ति फैलाने का शुभ प्रयत्न किया है और जैन समाजका गौरव बढाया है उसके लिये यह कोन्फरेन्स अपनी भक्ति पुर्वक प्रणति प्रगट करती है.

(२) श्री केशरियाजी के मन्दिर पर ध्वज दंड चढाने के विषय मे कुछ समय पहले काफी तहकीकात हो चुकी थी और पररपर के अमल दरामद मौजुद होते हुये कान्फ्रन्स की रायमें पुनः कमीशन मुकरर करनेकी आवश्यकता नहींथी तथापि मेवाड राज्यने कमिशन नियुकत कियाहै. यह कोन्फ्रन्स महाराणा साहबसे प्रार्थना करती है कि हमारे तमाम हकहकुक व सबुतोंका ध्यानमें रखते हुवे ईन्साफ देकर हमें कृतज्ञ करें.

(३) पुजारी पंडोके विषयमें पहेले जब जब तनाजे पैदा हुवे है, हमेशा जैन श्वेतांम्बरोंने चुक दे देकर राज्यसे तस्दीक कराये है. इस वक्त पुजारी पण्डों के बाबत देवस्थान महकमासे रिपोर्ट मांगी गइ है उस विषयमें जैन श्वेतांम्बरियों का अपना दृष्टी कोण सन्मुख रखनेका पुर्ण अवसर प्रदान कर देंसमा करनेका यह कान्फरंस श्रीमान महाराणा साहब से नम्रतापुर्वक प्रार्थना करती है.

(४) श्री केशरियाजी तीर्थ जैन श्वेताम्बर संघका पुर्ण मालकीयतका तीर्थ है इसके प्रबंध के लिये संवत् १९३४ के रियासत मेवाडके निज हस्तिहार के खिलाफ स्वाधिकार कमिटी के बजाय ओडवाइजरी कमिटी बनाने और समस्त श्वेतांम्बर सदस्यों की जगह आधे दिगम्बर सदस्य करने की आज्ञा मेवाड राज्यने उंदघोषित की है. यह जैन श्वेताम्बरों के हकक व सत्ता पर आघात पहुंचाने वाली व अशान्ति फैलाने वाली है, इसलिये यह कोन्फ्रेन्स इसके प्रति अपना घोरे विरोध प्रगट करती हे और इस विषय में श्री जैन श्वेताम्बर संघ की सब बातों का ध्यानपूर्वक निष्पक्ष भाव से मनन कर न्याय कर पूर्व प्रमाण जैन श्वेताम्बरियों की स्वाधिकार कमिटी नियुकत करने के लिये यह कान्फ्रेन्स श्रीमान महाराणा साहिब से नम्रतापूर्वक व राज्यनिष्ठा सहित प्रार्थना करती है। —**प्रमुखस्थानसे**

२६ बिहार भूकंप संबंधी.

(१) गत जनवरी मासमें घटनेवाले भारी भूकम्पके कारण विहार प्रदेशकी प्रजाको जो सबसे अधिक संकट और दुःख सहन करना पडा है उसके लिये यह कॉन्फरन्स अपने उन संकटग्रस्त देश बंधुओं के साथ हार्दिक समवेदना प्रकट करती है और जिनजिन जैन बंधुओंने आजतक इन संकटग्रस्त देश भाईयोंके सहायतार्थ यथाशक्ति जो कुछ मदद पहुंचाई हैं उनका अनुमोदन और अभिनदंन करते हुए साथहीमे जैन समाज से यह कॉन्फरन्स विज्ञप्ति करती है कि इस कार्यमें अभी बहुत कुछ सहायताकी आवश्यकता होनेसे उसके लिये भरसक प्रयत्न किया जाय।

(२) गत जनवरी मासमें जो भयानक भूकम्प हुआ उसमें विहार प्रदेशके राजगृह, चंपापुरी, पावापुरी इत्यादि प्रायः सभी जैन तीर्थोंमें मंदिर और धर्म शाला वगैरह धर्मस्थानोंको बहुत कुछ क्षति पहुंची है। उस क्षतिकी पूर्ति करने के लिये, कलकत्ते के जैन श्वेतांबर संघने जो अपनी उद्योग शीलता और धर्म प्रियताका पूरा परिचय देते हुए शीघ्रही "श्री जैन श्वेतांबर तीर्थ (भूकम्प) जीर्णोद्धार कमिटी" कायम कर हानिग्रस्त तीर्थ स्थानोंका उद्धार करने निमित जो शुभ प्रयत्न शुरू कर दिया है उसके लिये, कलकत्तेके श्री जैन श्वेतांबर संघको यह कॉन्फरन्स धन्यवाद देती है और उक्त कमिटीमें सहयोग देनेवाले सभी सदस्योंका अभिनंदन करती है और साथमें समस्त जैन श्वेतांबर संघसे आग्रह पूर्वक अपील की जाती है कि उक्त कमिटी के कार्य में सब प्रकार की आवश्यक सहायता देने के लिये यथ शक्ति पूर्ण प्रयत्न किया जाय। —**प्रमुख स्थानसें.**

२७ उदयपूरके महाराणा सा. को अभिनंदन.

हिन्दू सूर्य्य मेवाडाधिपति हिजहायनेस महाराजाधिराज महाराणा सर श्री **भूपालसिंहजी बहादूर** G. C. S. I., K. C. I. E., ने परम योगिराज सूरि सम्राट आचार्य्य श्री १००८ श्री विजय शान्तिसूरिजी महाराज को श्री केशरियाजी तीर्थ संबंधी उचित न्याय देनेका आश्वासन देकर तारीख २९ मार्च १९३४ को मोती महाल पधार कर स्वहस्त से उनके अनशय का पारणा कराके न्याय परायण महाराणा साहब ने अपनी धर्म परायणता का परिचय देते हुवे अपने धर्म राज्य का गौरव वृद्धि किया इस लिये यह कान्फ्रेन्स उनके प्रति अपनी कृतज्ञता प्रगट करती है और वहां के उन राज्य कर्म्मचारियों को जिन्होंने उक्त कार्य को सफल करने में सहायता पहुंचाई है यह कान्फ्रेन्स अपना सादर धन्यवाद अर्पण करती है। —**प्रमुखस्थानसे**

२८ श्री केसरियाजी तीर्थपर "बोली"

पुजारी पंडो का "बोली" की आमदनी के बाबत जबतक निकाल न हो जावे उस वक्ततक श्री पंजाब महासभा, श्री अजमेर केशरीयाजी तीर्थ सुधारक कमीटी वगेरे जगह जगह के संघोंनें "बोली" न बोलनेका ठराव किया है उसके साथ यह कान्फरेन्स सम्मत है और अन्य स्थलों के संघोंको उपरोक्त संघोंके ठरावके मुवाफिक ठहराव करे व उनठहरावोंके अनुसार पाबंदी करनेके वास्ते भारपूर्वक भलामण करती है।

दरख्वास्त श्री जवाहरलाल जैनी.

अनुमोदनः समरथमल सिंघी.

(વધુ માટે જુઓ પાનું પહેલું)

તારનું સરનામું:–'હિંદસંઘ' 'HINDSANGHA' Regd: No. B 1996.

॥ નમો તિત્થસ્સ ॥

જૈન યુગ.

卐

The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ–પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. ઍડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો.

વર્ષ જીનું ૯ મું. નવું ૪ થું. | તારીખ ૧ લી જુલાઇ ૧૯૩૪. | અંક ૨.

વિષય સૂચિ

૧ અધિવેશનમાં ગવાયેલાં ગીતો ... તંત્રી પૃષ્ઠ ૧
૨ કૉ. ના કરાવો ... ... ,, ,, ૨
૩ નોંધ ... ... ,, ,, ૨ અ
૪ સ્વીકાર અને અવલોકન ... ,, ,, ૨ ,,
૫ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ ... ,, ૨ બ
૬ કાર્યવાહી સમિતિની સભા ... પૃષ્ઠ ૨ બ
૭ કાશી અને જૈન અભ્યાસની સગવડ પં. સુખલાલ ,, ૩–૩
૮ પ્રાંતિક સમિતિ અંગે સુચના ... ... ,, ૮
૯ પ્રકીર્ણ ... ... ,, ૨૮,૯

શ્રી કૉન્ફરન્સના ૧૪ માં અધિવેશનમાં ગવાયેલાં ગીતો

[આ બધાં ગીતો આ પત્રના તંત્રીએ રચેલાં છે ને તે નીચે પ્રમાણે છે:]

પ્રથમ દિવસ. તા. ૫ મી મે ૧૯૩૪.

શ્રી મહાવીર સ્તુતિ.

(નહિ કર્મની કથા કદાપિ વ્યર્થ જનારી–એ લયમાં)

સુધારક શિરોમણિ શિરવંદન મહાવીર,
સમાજ પતિત દલિતના ઉદ્ધારક મહાવીર.
શુદ્ધ વીતરાગ ધર્મ સત્ય સનાતન,
પ્રદ્યોષી થયા સાચા ધર્મ–સ્થાપક મહાવીર.
મંદબુદ્ધિ બાલ સ્ત્રી ને મૂઢ માનવો,
બોધ્યો લોકભાષા વડે, પ્રેરક મહાવીર.
'હિંસામય હોમથી ન આત્મસાધના,'
'આત્મ વડે આત્મા તરે' અહિંસક મહાવીર.
ચારે વર્ણ સ્થાન સરખું આપ્યું આપના,
ચતુર્વિધ શ્રી સંઘમાંહિ જીવનદાયક વીર.

—મોહનલાલ દલીચંદ દેશાઇ

સ્વાગત–ગીત.

(આશા)

સજ્જનો ! કરિયે તમ સન્માન,
દેવિઓ ! દઇયે આદરમાન,
પ્રેમથી સ્વિકારજો મહેમાન !
વીર પ્રભુનાં બાલક સર્વે, વીર શૂર ગુણવાન,
જિન શાસન જયવંતું રાખી, જગમાં બનો મહાન–સજ્જનો !
સંઘ શિથિલતા છિન્નભિન્નતા અનર્થ ને અભિમાન,
દૂર કરી દ્રઢતાથી યશસ્વી, તમે મહા ભાગ્યવાન–સજ્જનો !
સહધર્મી સગપણથી આપણ, એક પ્રજા એક તાન,
સંપી સદા સઘળાં સાધનથી પ્રગતિ વિજય નિશાન–સજ્જનો !

—મોહનલાલ દલીચંદ દેશાઇ.

જૈન ઝંડા.

ઝંડા ઉંચા રહે અમારા,
જૈન ધર્મના બુલંદ સિતારા–ઝંડા૦
ધર્મ અહિંસા ગજમાં પ્રસર્યો
દેશ થઇ જાગ્રત બહુ સુધર્યો
જૈન ધર્મનાં બજ્યાં નગારાં–ઝંડા૦
દુષ્ટ ક્રૂરને દ્વેષી જનો પર
પ્રેમ દયા દાખવો નિરંતર
એ ઉપદેશ કર્યો જયકારા–ઝંડા૦
ચાર પાંખડાં છે સ્વસ્તિકનાં
ચાર ગતિ માનો નિજ મનમાં
તેથી પર જે મોક્ષ ઉદ્ધારા–ઝંડા૦
વીતરાગ સર્વજ્ઞ પ્રભુ છે
હિતોપદેશક દેવ વિભુ છે
એ આધાર અમારા તમારા–ઝંડા૦

—મોહનલાલ દલીચંદ દેશાઇ

उदधाविव सर्वसिन्धव; समुदीर्णास्तयि नाथ ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થ:- જેમ સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે? પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧-૭-૩૪ રવિવાર.

કૉન્ફરન્સના ઠરાવો.

આપણી કૉન્ફરન્સનું ચૌદમું અધિવેશન અતિ સફલતા સાથે સમાપ્ત થયું છે અને તેનાં અનેક કારણોમાં એક પ્રધાન કારણ તે તેણે પસાર કરેલા ઠરાવોનું મહત્ત્વ છે. તે ઠરાવો ઘડવા માટે સ્વાગત સમિતિએ એક ખાસ પેટા સમિતિ નીમી હતી અને તેના મંત્રી તરીકે આ પત્રના તંત્રીને નીમવામાં આવેલ. તે પેટાસમિતિએ અનેક સભા ભરીને ઘણી દીર્ઘ વિચારણા કર્યા પછી ઘડેલા ઠરાવો સ્વાગત સમિતિ પાસે રજુ કર્યા હતા અને આખરે બેઠક વખતે નીમાયેલી વિષયવિચારિણી સમિતિ પાસે રજુ થઈ તેમાં આવશ્યક સુધારા વધારા થયાં પછી બેઠકમાં રજુ થતાં સર્વાનુમતે પસાર થયા હતા.

પહેલો ઠરાવ હમેશની પ્રથા મુજબ જે જે આગેવાનો અને કૉન્ફરન્સમાં રસપૂર્વક અગ્રભાગ લેનારા અને સહાનુભૂતિ ધરાવનારા સ્વર્ગસ્થ થયા તે સંબંધી શોક પ્રદર્શિત કરવાનો થયો ને સાથે સાથે પહેલાં દેશના નેતા શ્રીમાન વિઠ્ઠલભાઇ પટેલ તથા જે. એમ. સેનગુપ્તાના પરલોક ગમનથી ખેદ દર્શાવાયો. બીજો ઠરાવ હુન્નરઉદ્યોગ અને વેપાર ધંધાના શિક્ષણપરનો હતો.

હાલમાં દેશના અભ્યાસક યુવાનવર્ગ માટે સામાન્ય જ્ઞાનના સ્નાતક ગ્રેજ્યુએટ એટલે બી. એ થવાનો, કાયદા, ડાક્તરી, ઇજનેરી, વેપારી, ખેતીવાડીમાં ગ્રેજ્યુએટ થવાના માર્ગ ખુલ્લા છે. બીજી લાઇનો વીજળી અને યાંત્રિક (વિક્ટોરીઆ ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટમાં જઇ શીખવાની) અને પ્રાણીના ડાક્ટર એટલે વેટરીનરી સર્જન થવાની છે. આ લાઇનો ઉપરાંત જમીનના લશ્કરી, દરિયાના લશ્કરી, રેલ્વે એન્જીનીયરીંગ, માઇનીંગ વગેરે અનેક લાઇનો પરદેશ અને અન્ય સ્વતંત્ર પ્રજામાં જોવામાં આવે છે તેવી લાઇનો માટે આ પરતંત્ર હિન્દના ભાગ્યમાં સગવડો રાખવામાં આવી નથી. આથી બત્રીશ કરોડ કરતાં વધુ વસ્તીવાળા આ દેશના લોકોમાં નિર્ધનતા, જીવનકલહ, દુઃખ, દીનતા આદિ, અનેક સંકટોમાં પસાર થવું પડે છે. કેટલીક વખત બચવાનો કોઈ ઉપાય ઘણાને સૂઝતો નથી. આવી દશા દૂર કરવા માટે સરકાર, તેમજ દેશના શ્રીમંતો ધારે તો ઘણું કરી શકે તેમ છે. તેઓ પોતાની પાસેનાં ફંડો જુદી જુદી લાઇનો ખોલવામાં ન કરે તો પછી શિક્ષણના ઉત્તેજનાર્થે નીકળેલી સંસ્થાઓ અને માબાપોએ તેમજ સમાજના સમજુ વર્ગે પોતાથી બને તેટલું કંઈ કરવું ઘટે છે. અને તે આ ઠરાવમાં દર્શાવ્યું છે કે:—

(૧) દરેક જૈન સંસ્થામાં ગૃહઉદ્યોગો ને વેપારધંધાના શિક્ષણનો પ્રબંધ તેના સંચાલકો કરે, (૨) માબાપો પોતાનાં ફરજંદને તેનું શિક્ષણ અપાવે અને
(૩) તેનું શિક્ષણ વધારે પ્રચાર પામે તે માટે સ્કોલર શિપો અને સગવડોની ગોઠવણ કરવામાં આવે.

હિંદ દેશ ખેતીપ્રધાન છે; ખેતી પરજ નીભવાથી દેશમાં ઉપજતી ચીજો પર હુન્નર ઉદ્યોગ ન કરવાથી અને તે ચીજો પરદેશ મોકલી દેવાથી દેશને ભારે નુકશાન વેઠવું પડ્યું છે. અત્રે એક કાચી ચીજ રૂપીએ શેર મળતી હોય તે પરદેશ જઈ તે પર યાંત્રિક ક્રિયા આદિ થઇ બીજા રૂપમાં ત્યાંથી આવતી ચીજ રૂપીએ તોલો ખરીદ કરવી પડે છે. આથી અહીંની કાચી ચીજો પર હુન્નર ઉદ્યોગ કરી જુદી જુદી ચીજો બનાવવામાં આવે તેટલી હુન્નર ઔદ્યોગિક કેળવણી લેવામાં અને આપવામાં તો દેશની નિર્ધનતા દૂર થાય અને દેશનું ધન દેશમાં રહે.

જપાન દેશે પોતાના હુશિયાર અને ચાલાક વિદ્યાર્થીઓને બહાર દેશ મોકલી હુન્નર ઉદ્યોગની કેળવણી લેવરાવી પોતાના દેશમાં તે કેળવણી પામેલા વિદ્યાર્થીઓદ્વારા જુદા જુદા હુન્નર ઉદ્યોગ ખોલી એટલી બધી પ્રગતિ કરી છે કે તે આખી દુનિયાની સામે હરિફાઇ કરી તેને હંફાવે છે અને જગતને વિસ્મયમાં નાંખી દે છે. આવો સમય હિંદમાટે ક્યારે વહેલો આવે આપણા ગૃહ ઉદ્યોગો કેળવવા મહાત્માજી ખૂબ પ્રચારકાર્ય કરી રહ્યા છે તે પણ દરેક કુટુંબ કેળવે તોયે રાષ્ટ્રની મહાન પ્રગતિ થઇ શકે તેમ છે. દરેક મનુષ્ય શ્રમજીવી બની શ્રમનો આનંદ લે, તેમાં જરાય આત્મપ્રતિષ્ઠાની હાનિ સમજે એ જરૂરનું છે એટલે કે શ્રમવગર કોઈપણને અન્નાદિપર હક્ક નથી એવી સમજણ આવવાની જરૂર છે. બીજા ઠરાવો હવે પછી વિચારીશું.

स्थानकवासी मुनि श्री मिश्रीलालजी का अनशन छुडाने के लिए

योगिराज श्री विजय शांतिसूरिश्वरजीका प्रयत्न.

जैनाचार्य श्री विजय शांति सूरिश्वरजी महाराज के आदेशानुसार श्री बहादुरसिंहजी सिंघी, नरोत्तम जेठाभाई, ताजबहादुरसिंहजी और गुलाबचंदजी ढड्ढाने मुनिश्री मिश्रीलालजी महाराज जो लगभग ५ मासस उपवास कर रहे हैं-उन्हें पारणा करने के लिए तार दिया था. मुनि मिशरीलालजीने प्रत्युतर में स्था. कॉन्फरंस कमिशन द्वारा निपटारे की योजना तैयार करावे तथा कॉन्फरंसकी नीति आदि संबन्धमें घोषणा न करे तब तक पारणेकी संभावना न होने के मतलबका प्रत्युतर भेजा. इसपरसे श्री विजय शांतिसूरिजीने श्री जवाहिरलालजी, दुर्लभजी त्रिभोवन झवेरी, स्थानकवासी कॉन्फरंस के प्रमुख आदिको पत्र लिख मुनिश्रीके प्राण बचानेका भारपूर्वक अनुरोध व प्रयत्न किया है.

કાશી અને જૈન અભ્યાસની સગવડ.

ઉપરના મથાળા સાથે સીધો અને તાત્કાલિક સંબંધ ધરાવનારી કેટલીક બાબતો વિષે લખું તે પહેલાં ખાસ જાણવા જેવી કેટલીક હકીકત આપવી યોગ્ય ધારું છું, જેથી કાશી સાથે વિદ્યાનો સંબંધ, વિદ્યાની દૃષ્ટિએ કાશીનું સ્થાન, કાશીમાં જૈન અભ્યાસ માટે થએલ પૂર્વપ્રયત્ન, તેમાં પાછળથી આવેલ મંદી, ફરી થએલ જાગૃતિ, વર્તમાન પરિસ્થિતિ અને અભ્યાસની સગવડ, ભાવિ માટે તેનો કઇ રીતે અને કઇ દૃષ્ટિએ વધારે સરસ અને લાભદાયક ઉપયોગ થઇ શકે, ઇત્યાદિ પ્રશ્નો ઉપર થોડો પણ પ્રકાશ પડે.

મેં મારાં જુવાનીનાં વર્ષો મોટે ભાગે અભ્યાસની દૃષ્ટિએ કાશીમાં વિતાવેલાં, તેથી ત્યાંની બધી પરિસ્થિતિ વિષે થોડો ઘણો ખ્યાલ હોય એ સ્વાભાવિક છે. તેમ છતાં ગયે વર્ષે હું કાશી હિંદુયુનિવર્સિટીમાં ગયો ત્યારથી અત્યાર સુધીના લગભગ એક વર્ષ જેટલા ગાળા દરમીઆન પ્રસ્તુત વિષય પરત્વે લખવાના કેટલાક પ્રસંગો આવ્યા છતાં મેં એ વિષે જાણીનેજ લખ્યું નહતું. મારો વિચાર પ્રથમથીજ એવો હતો કે આખું વર્ષ કામ કરવું, સાથે સાથે પ્રાચીન તથા નવીન સંસ્થાઓ અને તેને લગતી પરિસ્થિતિનું અનેક દૃષ્ટિએ ચોકસ અવલોકન કરવું, શી શી અનુકૂળતા અને પ્રતિકૂળતા છે, તેમાંથી કઇ રીતે માર્ગ કાઢવો, સમાજ અને રાષ્ટ્રની દૃષ્ટિએ વિશેષ લાભ કઇ રીતે મેળવી શકાય, ઇત્યાદિ શાંત ચિત્તે વિચારવું અને પછીજ નિરાંતે આ બાબત લખવું એ વિચાર પ્રમાણે અત્યાર લગીમાં બંધાએલ ખ્યાલો અને થએલા આવશ્યક અનુભવો હવે ફરી જુલાઇમાં કાશી જઉં તે પહેલાં સક્ષેપમાં દર્શાવી દેવા યોગ્ય ધારું છું.

કાશી સાથે વિદ્યાનો સંબંધ.

કાશી એ હિંદના અને હિંદ બહારના બધા મળી લગભગ ૭૫ કરોડ જેટલા આર્યધર્મના અનુગામીઓનું તીર્થસ્થાન છે. કારણ કે સમગ્ર ભૂખંડ ઉપર વસતા બધાજ બૌદ્ધો તથાગત ગૌતમ બુદ્ધના પ્રથમ ધર્મ-ચક્રપ્રવર્તનના પવિત્ર સ્થાન તરીકે જાણીતા સારનાથ (કાશી) ના ઐતિહાસિક ખંડેરો, ત્યાંનું વિશિષ્ટ સંગ્રહાલય, હમણાંજ જાપાની નવકુશળતાના નમૂના રૂપે બંધાઇ પૂરૂં થએલ બૌદ્ધ મંદિર, એ મંદિરમાં રાખવામાં આવેલ બુદ્ધ ભગવાનના શરીરાવયવો અને ત્યાં ચાલતું ભિક્ષુ વિદ્યાલય, એ બધું જોવા તલસે છે. માત્ર બૌદ્ધોજ નહિ પણ દુનિયાના કોઇપણ ખુણે વસતા ધર્મ, કળા અને ઇતિહાસના વિશિષ્ટ અભ્યાસી વિદ્વાનો અને રાજ્યકર્તાઓ સુદ્ધાં કોઇને કોઇ સતત યાત્રી અથવા નિરીક્ષક રૂપે સારનાથ આવતાજ હોય છે. એ સારનાથની તદ્દન લગોલગ અને સહેજ કાંઇક દૂર એમ બે જૈન મંદિરો આવેલાં છે અને એ સ્થાન એક પૂજ્ય પ્રાચીન જૈન તીર્થંકરના કલ્યાણક સ્થાન તરીકે જૈનોમાં જાણીતું હોઇ ત્યાં દર વર્ષે હજારો જૈન યાત્રીઓ દર્શનઅર્થે આવે છે. આ સિવાય કાશી ખુદ ભગવાન પાર્શ્વનાથના કલ્યાણક સ્થાન તરીકે જૈનોમાં જાણીતું છે અને તેની આજુબાજુ બીજાં પણ જૈન કલ્યાણ સ્થાનો આવેલાં હોઇ સમગ્ર જૈન જનતાની શ્રદ્ધાનો પ્રવાહ કાશી તરફ સદા વહેતો આવ્યો છે. શૈવ, વૈષ્ણવ, શાક્ત આદિ બધાજ વૈદિક ધર્મના ફાંટાઓના અનુગામીઓને મન કાશી એ માત્ર મુક્તિધામ છે, અને આજે પણ હજારો વૈદિક ધર્મનાં અનુગામી નરનારીઓ માત્ર મરણ દ્વારા મુક્તિને અર્થે કાશીમાં ગંગા કિનારે વાસ કરી રહેલાં છે. જો કે આ રીતે કાશી ભારતનાં અન્ય તીર્થસ્થાનોની પેઠે એક સમગ્ર આર્ય સંસ્કૃતિનું મિશ્રિત અને અસાધારણ તીર્થ સ્થાન છે, છતાં માત્ર હિંદુસ્તાનમાંનાજ નહિ પણ આખી દુનિઆમાંના કોઇપણ ધર્મના કોઇપણ તીર્થસ્થાન સાથે જેટલો વિદ્યાનો સંબંધ નથી તેટલો વધારે અને તેટલો અસાધારણ વિદ્યાનો સંબંધ કાશી સાથે છે. જેમ લંડનનું નામ વ્યાપારિક, આર્થિક અને રાજકીય આદિ સમગ્ર પશ્ચિમીય સંસ્કૃતિની યાદ આપે છે તેમ કાશીનું નામ લેતાંજ ભણેલ અભણ દરેકને પૂર્વીય આર્ય સંસ્કૃતિ અને તેને લગતી બધી વિદ્યાઓનું સ્મરણ થઇ આવે છે.

વિદ્યાની દૃષ્ટિએ કાશીનું સ્થાન.

જ્યારે તક્ષશિલા અને કાશ્મીર વિદ્યાનાં ધામ હતાં, જ્યારે મિથિલા, નાલંદા અને વિક્રમશિલા આદિ વિદ્યાપીઠો હતાં, જ્યારે ઉજ્જયિની તથા ધારામાં અને પશ્ચિમે વલ્લભી આદિમાં વિદ્યાનાં મંદિરો હતાં, જ્યારે દક્ષિણે કાંજીવરમ, કુંભકોણમ આદિમાં વિદ્યાયોગ હતો ત્યારે પણ ઓછે વધતે અંશે કાશી એક વિદ્યાનું ધામ રહેતું આવ્યું છે. તેમ છતાં દશમા અગીઆરમા સૈકા પછી અને ખાસકરી ચૌદમા સૈકા પછી વિદ્યાની દૃષ્ટિએ કાશીની વિશેષતા બહુ જામી. મિથિલા, નવદ્વીપ, ભટપલ્લી આદિમાં અત્યારે પણ વિદ્યાની ખાસ પ્રવૃત્તિ છે, પરંતુ તે માત્ર સંસ્કૃત વિદ્યા પૂરતી અને તે પણ સ્થાનિક તથા પ્રાન્તિક વિદ્યાર્થી વિદ્વાનો પૂરતી છે. અલબત પૂના એક એવું સ્થાન છે કે જ્યાં પ્રાચીન અર્વાચીન બંને પ્રકારની વિદ્યાઓના અખાડાઓ છે, છતાં કાશીની વિશેષતા તો પૂના કરતાં પણ જુદાજ પ્રકારની છે. કાશીમાં પ્રાચીન શાસ્ત્રીય વિદ્યાના બધા પ્રવાહો પ્રાચીન ઢબેજ પૂર જોસે વહે છે તે ઉપરાંત અર્વાચીન વિદ્યાનાં કેન્દ્રસ્થાનો તો છેજ પરંતુ કાશીની વ્યાપક વિશેષતા એ છે કે ત્યાં હિંદુસ્તાનના દરેક પ્રાન્તના, દરેક હિંદુ પંથના અને હિંદુસ્તાનની કોઇપણ ભાષામાં બોલનારા હજારો વિદ્યાર્થીઓ અને સેંકડો પંડિતો મળી આવે

છે. કાશીમાં ઉદાસી, બાવા અને નિર્મળા આદિના જેટલા અખાડા તેમજ મઠો છે, સંન્યાસી અને પરિવ્રાજકોનાં જેટલાં ધામો છે, મારવાડી તેમજ અન્ય ધનવાનોની સ્થાપેલી જેટલી પાઠશાળાઓ છે, રાજા મહારાજા વગેરે દ્વારા ચલાવાતાં જેટલાં વિદ્યાસ્થાનો છે, પોતપોતાને ત્યાં ખાનગી વિદ્યાર્થીઓના નિર્વાહ માટે જેટલાં અને જેવડાં અન્નસત્રો છે તે બધા ઉપરાંત સરકારી અને રાષ્ટ્રિય જે કૉલેજો છે તે તમામમાં સંસ્કૃત વિદ્યાની બધી શાખાઓનો અભ્યાસ કરનારા હજારો ગમે વિદ્યાર્થીઓ મળી આવે છે. મુંબઇ અને કલકત્તામાં વિદ્યાઓની વિશિષ્ટ પ્રવૃત્તિ હોવા છતાં ત્યાંના વાતાવરણમાં જેમ વ્યાપારિક તત્વનીજ ગંધ આવે છે તેમ કાશીમાં કારીગરો, જમીનદારો, વ્યાપારીઓ હોવા છતાં ત્યાં સુવાસ વિદ્યાનીજ જણાય છે પરિપકવ થએલા ભિન્ન વિષયના અને ભિન્ન ભિન્ન પ્રાન્તના વિદ્વાનો કાશીમાં રહેવાનું અને મરવા સુદ્ધાંનું પસંદ કરતા હોવાથી અત્યારે તે હિંદુસ્તાનના બીજા કોઇપણ સ્થાન કરતાં પ્રાચીન અને અર્વાચીન બંને વિદ્યાઓના સંગમની દ્રષ્ટિએ ચઢીઆતાપણું ભોગવે છે.

જૈન અભ્યાસ માટે થએલ પૂર્વ પ્રયત્ન અને પાછળથી આવેલી મંદી.

તેજસ્વી અને સાહસિક માનનીય જૈન ભિક્ષુ શ્રીમાન ધર્મવિજય મહારાજને ત્રીસ વર્ષ પહેલાં બીજા કોઇ આધુનિક જૈન સાધુને નહિ આવેલ કલ્પના આવી, અને એમણે કાશી જેવા દુર સ્થાનમાં સંસ્કૃત વિદ્યાના અભ્યાસ માટે જૈન ગૃહસ્થ તથા સાધુ વિદ્યાર્થીઓને નિમિત્તે એક જૈન પાઠશાળા સ્થાપી. તેને વિદ્યારસિક ઉદાર દાતાઓનો ખૂબ ટેકોપણ મળ્યો કાશીના વાતાવરણમાં જૈન વાતાવરણનું મોજું ઉમેરાયું. શ્વેતાંબરીય પ્રવૃત્તિ જોઇ દિગંબરીય ભાઇઓએ પણ પોતાની પાઠશાળા સ્થાપી બંને પાઠશાળાઓમાં મળી સો લગભગ જૈન વિદ્યાર્થીઓ શાસ્ત્રીય અભ્યાસ કરવા લાગ્યા પુસ્તક પ્રકાશન અને બીજી પણ વિદ્યાવિષયક જૈન પ્રવૃત્તિ કાશીમાં જામવા લાગી અને હિંદુસ્થાનની જૈન જનતાનું ધ્યાન તેના તરફ ખાસ આકર્ષાયું.

પરંતુ સમાજના કમનશિબે અને સાચું કહીએ તો સંચાલકોની અનાવડત તેમજ પ્રમાદને લીધે શ્વેતાંબર પાઠશાળાની સમગ્ર પ્રવૃત્તિ પડી ભાંગી, અને ધીરે ધીરે તેનાં બધાં સાધનો ધુળધાણી થવા લાગ્યાં; જેના અવશેષ રૂપે આજે પાઠશાળાનું ખાલી મકાન માત્ર ભૂતખાનાની યાદ આપે છે તેમ છતાં ખુશીની વાત એ છે કે અત્યાર સુધી પણ દિગંબર પાઠશાળા પોતાનું કામ સતત રીતે કરતી આવી છે અને તે ત્રીસ વર્ષનાં વિવિધ વાવાઝોડાંઓમાંથી પસાર થઇ અત્યારે જૈન વિદ્યાર્થીઓનું એકમાત્ર આશ્રયસ્થાન બની રહી છે. શ્વેતાંબર પાઠશાળાનું નાવ દિગંબર પાઠશાળાની પેઠે ગૃહસ્થ સંચાલકોના હાથમાં હોત તો તે આટલું વધારે ખરાબે ચઢી નાશ ન પામતાં એક અથવા બીજા રૂપે ચાલતું રહેત, એમ માનવાને ઘણાં કારણો છે.

પુનર્જાગૃતિ.

શ્વેતાંબર પાઠશાળાની પ્રવૃત્તિ બંધ પડી ત્યારેજ પં. માલવીયજી દ્વારા એક યુનિવર્સિટીનું ઉત્થાન થઇ રહ્યું હતું એ તકે કેટલાક વિદ્યારસિક અને સમયસૂચક જૈન ગૃહસ્થ ભાઇઓને એ યુનિવર્સિટીનો લાભ લઇ જૈન શાસ્ત્રાભ્યાસનો વિશેષ પ્રચાર કરવા કરાવવાની કલ્પના આવી એ માટે એમણે કલકત્તામાં જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના અધિવેશન પ્રસંગે એક સારૂં ફંડ એકઠું કર્યું અને કેટલાંક વર્ષો પછી તે ફંડની અમુક રકમ અમુક શરતોએ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સે હિંદુ યુનિવર્સિટીને સોંપી અને ત્યાં ઓરીએન્ટલ કૉલેજ તથા આર્ટ્સ કૉલેજમાં જૈન શાસ્ત્રાભ્યાસ કરાવવા માટે એક ખાસ જૈન પંડિતની નિમણુંક થઇ. એક બાજુ દિગંબર જૈન પાઠશાળા પોતાની પ્રવૃત્તિ કર્યેજ જતી હતી અને બીજી બાજુ હિંદુ યુનિવર્સિટીના કૉલેજ વિભાગમાં જૈન પંડિતની ખાસ નિમણુંક થવાથી જૈન અભ્યાસમાં જાગૃતિનો પ્રસંગ આવ્યો.

અહીં લગી આપણે કાંઇક વર્તમાન પરિસ્થિતિની નજીક આવ્યા હવે ત્યાં એક દર અત્યારે અભ્યાસની શી શી સગવડ છે તે જોઇએ.

અભ્યાસની સગવડ.

અહીં મારે એ સ્પષ્ટ કરી દેવું જોઇએ કે હું આ સ્થળે શાસ્ત્રીય અભ્યાસ વિષેજ ખાસ લખી રહ્યો છું. આર્ટ્સ એંજીનીયરીંગ, માઇનીંગ એન્ડ મેટલર્જી, લૉ અને મેડીકલ વગેરેને લગતી ત્યાં અનેક કૉલેજો છે. પણ જેમ બીજી યુનિવર્સિટીઓમાં તેમ હિંદુ યુનિવર્સિટીમાં પણ એ કૉલેજો એક નિયત ઢબે ચાલે છે. તે ફી લે છે, પરીક્ષા લે છે, ડીગ્રી આપે છે અને ત્યાં ભણનાર માટે હૉસ્ટેલોપણ છે.. એટલે અંગ્રેજીદ્વારા ચાલતા બધા અભ્યાસની સગવડ બીજાં શહેરોની પેઠે કાશીમાં એક સરખીજ છે.

તેથી તે વિષે મારે અહીં કાંઇ કહેવાનું નથી. શાસ્ત્રીય અભ્યાસ માટેજ કાશી વિશિષ્ટ સ્થાન ભોગવે છે, અને હું તેજ ક્ષેત્રમાં કામ કરી રહ્યો છું તેથી એની સગવડ વિષેજ કાંઇક માહિતી પૂરી પાડવી વધારે યોગ્ય છે. અહીં આ સગવડને સરળતા ખાતર પાંચ ભાગમાં વહેંચી દઇશું. (૧) રહેવા બાવા બાબત, (૨) ખર્ચ બાબત, (૩) શીખવાના વિષય બાબત, (૪) પરીક્ષા બાબત અને (૫) શિક્ષક બાબત

(૧) વિદ્યાર્થી પરીક્ષાર્થી હોય અથવા માત્ર અભ્યાસાર્થી હોય પણ જો તે નિયમપ્રમાણે ઓરીએન્ટલ કૉલેજમાં દાખલ થાય તો ત્યાં સંસ્કૃત વિદ્યાર્થીઓના હૉસ્ટેલમાં રહેવાને સ્થાન મેળવી શકે ખરો. ત્યાં સ્થાન ખાલી ન હોય તો સસ્તામાં કોટડીઓ પણ ભાડે મળી શકે. દિગંબર પાઠશાળા પણ પોતાના નિયમ પ્રમાણે રહેનારને જગ્યા ખાલી હોય તો સ્થાન આપે છે. અને તે ઉપરાંત રહેવા માટે કોઇપણ ભાગમાં મકાન ભાડે કે માગ્યું મેળવવું જૈન વિદ્યાર્થી માટે અઘરૂં નથી ખાવાની બાબતમાં જે વિદ્યાર્થી હાથે બનાવવા તૈયાર ન હોય અગર નોકર રાખી બનાવરાવી લેવા જેટલી ત્રેવડ ન હોય તે ત્યાં અનેક સ્થળે ચાલતાં જૂદાં જૂદાં રસોડામાંથી કોઇ એકને પસંદ કરી નિયત ખર્ચ આપી ત્યાં જમી શકે, માસિક ભોજન ખર્ચનું પ્રમાણ વધારેમાં વધારે પંદર રૂપીઆ ગણી લેવું જોઇએ, જેમાં દુધ, ઘી, વગેરે આવશ્યક વસ્તુઓનો સમાસ જાઇ જાય છે. અને બનાવનાર દશ રૂપીઆમાં સરસ રીતે ગોઠવણ કરી શકે છે.

(૨) ભણવા આવનાર વિદ્યાર્થી પાસે પોતાનો ખર્ચ કરવા પૂરતી સગવડ ન હોય તો તેણે કયાંય મદદ માટે પ્રયત્ન કરી પછીજ આવવું જોઇએ. શ્વેતાંબર મૂર્તિપૂજક કે સ્થાનકવાસી વિદ્યાર્થી હોય તો તે બીજી મદદગાર સંસ્થાઓ ઉપરાંત પોતપોતાની કૉન્ફરન્સ ઑફિસમાં મદદ મેળવવા ખાતર અરજી કરે. શ્વેતાંબર મૂર્તિપૂજક કૉન્ફરન્સ ઑફિસ તરફથી કાશીમાં જઈ શાસ્ત્રાભ્યાસ કરવા ઇચ્છનાર પોતાના ફિરકાના વિદ્યાર્થીઓ માટે ખાસ સ્કૉલરશિપો આપવાનું અત્યાર અગાઉ જાહેર થયું છે. તે ઉપરાંત બીજા કેટલાયે વિદ્યાપ્રેમી સખી ગૃહસ્થો એવા જરૂર મળી આવે કે જેઓ વિદ્યાર્થીઓની સદ્વૃત્તિ અને વિદ્યારૂચિ જોઇ મદદ આપે. શ્વેતાંબરીય બંને ફિરકાઓમાં એક વગદાર વિદ્યારૂચિ સાધુ વર્ગ પણ છે કે જે વિદ્યાભ્યાસનું મૂલ્ય જાણતો હોવાથી શાસ્ત્રાભ્યાસના અર્થી વિદ્યાર્થીને પોતાથી બનતી મદદ કરવામાં કદી પાછી પાની ન કરે. દિગંબરીય વિદ્યાર્થીઓ માટે પણ દિગંબર સંપ્રદાયના સખી ગૃહસ્થો અને કેટલીક સંસ્થાઓ ઓછી વધતી સ્કૉલરશિપ આપે છે, અને અવકાશ હોય તો ત્યાંની દિગંબર પાઠશાળા વિદ્યાર્થીઓને રહેવા ઉપરાંત ખાવા પીવાની સગવડ પણ મફત પૂરી પાડે છે.

(૩) જૈન શાસ્ત્રના અભ્યાસાર્થીએ કાશીમાં જઇને શું શું શીખવું એ પ્રશ્નનો ઉત્તર અહીં આપવો ઘટે. જે વિષય અન્યત્ર શીખવા શકય નથી અથવા શકય હોય તો પણ એટલી સરસ રીતે અને એટલા વધારે ઉંડાણ તથા વ્યાપક રૂપમાં અન્યત્ર શીખવા સુગમ નથી અને જે વિષય કાશીમાં એ રીતે શીખવા સુગમ છે એનોજ અહીં નિર્દેશ મુખ્યપણે કરીશું. વ્યાકરણ, કાવ્ય, અલંકાર, છંદઃ શાસ્ત્ર આદિનું તો કાશીમાં સર્વોપરી વાતાવરણ છેજ. પરંતુ જૈન શાસ્ત્ર તરીકે જેને અન્ય શાસ્ત્રોથી ખાસ જૂદાં પાડી શકાય, એવાં જૈન શાસ્ત્રો આગમ અને તર્ક એ વિભાગમાં સમાય છે. જૈન આગમ અને જૈન તર્કશાસ્ત્ર એ બંનેનો ઐતિહાસિક, તુલનાત્મક અને રહસ્યોદ્ઘાટક દૃષ્ટિએ અભ્યાસ કરવામાંજ એનું યથાર્થપણું અને ગૌરવ સમાએલ છે. તે માટે વૈદિક અને બૌદ્ધ દર્શનોની બધી શાખાઓના પ્રાચીન, મધ્યકાલીન તેમજ અર્વાચીન શાસ્ત્રોનું ઓછામાં ઓછું છતાં પ્રામાણિક અને ઉદાર અવલોકન અનિવાર્ય રીતે આવશ્યક છે. તેમાં મુખ્યપણે પ્રાચીન અર્વાચીન વૈશેષિક તથા ન્યાયદર્શન, સાંખ્ય તથા યોગ, પૂર્વમીમાંસા તથા શાંકર, રામાનુજ આદિ શાખાયુકત ઉત્તર મીમાંસા અને બૌદ્ધ દર્શનની બધી શાખાઓનાં શાસ્ત્રોનો સમાવેશ થાય છે. પાલી પિટક અને બ્રાહ્મણ તથા ઉપનિષદ્ ગ્રંથોનું અવલોકન પણ જૈન દર્શન માટે તેટલુંજ મહત્વનું છે આ. હરિભદ્ર કે યશોવિજયજીનું સાહિત્ય હોય અગર ભટ્ટા. અકલંક કે વિદ્યાનંદીનું સાહિત્ય હોય તે માટે પૂર્વોકત દર્શનાન્તરનું મૌલિક સાહિત્ય જેવું આવશ્યક છે અને તેથી તેજ ધ્યેયને અનુલક્ષી કાશીમાં આવનાર જૈન અભ્યાસીએ તે બધા દાર્શનિક વિષયો શીખવાજ જોઇએ.

(૪) આ યુગ પરીક્ષાનો હોઈ તે પ્રશ્નને અહીં છેકજ જતો કરી શકાય નહિ. કલકત્તામાં જૈન ન્યાય અને જૈન વ્યાકરણ તીર્થની પરીક્ષા લેવાય છે. ઘણાં વર્ષો થયાં એ ક્રમ ચાલે છે. આજ લગીમાં ત્રણે જૈન ફીરકાઓના મળી સેંકડો વિદ્યાર્થીઓ તીર્થ થએલા છે. એ સગવડ પ્રલોભક પણ છે અને એની અમુક અંશે યોગ્યતા પણ છે છતાં એ સત્ય કોઇના ધ્યાન બહાર ન રહે કે કલકત્તાની તીર્થપરીક્ષાનું કશુંય મહત્વ નથી. વ્યુત્પત્તિ અને અવલોકનની દૃષ્ટિએ એ પાઠ્યક્રમ છેકજ અપૂર્ણ છે. એવી તીર્થ પરીક્ષામાં પાસ થએલા કોડીબંધ વિદ્યાર્થીઓ યોગ્યતાને અભાવે સારાં અને જવાબદારીનાં અધ્યાપન તથા સંશોધનનાં કાર્યો કરવા અશકત નીવડ્યા છે. અને તેઓ પોતેજ એ કામ કરતાં બંચકાતા દેખાય છે. આજ સુધીથી કાશીની ગવર્મેંટ કવીન્સ કૉલેજે કે હિંદુ યુનિવર્સિટીએ કલકત્તાની તીર્થપરીક્ષાને માન્ય નથી રાખી ત્યાં તીર્થ થએલ વિદ્યાર્થીને નવેસરજ પરીક્ષા માટે પ્રયત્ન કરવો પડે છે. આમાં મેં અનુભવે ઘણું સત્ય જોયું છે. તેથી જેઓ પરીક્ષાની સાથે સાથે વધારે લાયકાત મેળવવા ઇચ્છતા હોય તેવા જૈન વિદ્યાર્થીઓ માટે તો હિંદુ યુનિવર્સિટીની અગર કવીન્સ કૉલેજનીજ પરીક્ષા આપવી વધારે યોગ્ય છે. હિંદુ યુનિવર્સિટીમાં જૈન આગમાચાર્ય અને જૈન ન્યાયાચાર્ય સુધીની અંતિમ પરીક્ષા સુધીનો પાઠ્યક્રમ અત્યારે નવ વર્ષનો યોજાએલો છે. પ્રથમના ત્રણ વર્ષ મધ્યમ પરિક્ષા માટે, પછી ત્રણ વર્ષ શાસ્ત્રી પરીક્ષા માટે અને છેલ્લાં ત્રણ વર્ષ આચાર્ય પરીક્ષા માટે, એમ નવ વર્ષ પરીક્ષા આપવાથી જૈન આગમ કે જૈન ન્યાયના આચાર્ય થઈ શકાય છે. આગમ અને ન્યાયના વિષયની પરીક્ષાનો પાઠ્યક્રમ તે તે વિષયને અનુલક્ષીનેજ યોજાએલો છે. આગમમાં મુખ્યપણે શ્વેતાંબરીય દિગંબરીય આગમ સાહિત્ય આવે છે. અને છતાં તેમાં અમુક અંશે ન્યાયનો સમાસ કર્યો છે. ન્યાયની પરીક્ષામાં શ્વેતાંબરીય દિગંબરીય તર્કસાહિત્ય આવે છે અને છતાં તેમાં અમુક અંશે આગમનો સમાસ કર્યો છે. બંને વિષયની આચાર્યપરીક્ષા આપનાર પોતપોતાના વિષયનું ઐતિહાસિક અને તુલનાત્મક ચિંતન કરી શકે તથા આધુનિક દૃષ્ટિને અપનાવી શકે તેટલા

માટે મધ્યમ પરીક્ષાનાં ત્રણે વર્ષોના પાઠ્યક્રમમાં જૈન ગ્રંથ એકાદ એકાદ હોવા છતાં મુખ્યપણે તેમાં બ્રાહ્મણ અને બૌદ્ધ દર્શનના શકય તેમજ મહત્વપૂર્ણ ગ્રંથોનો સમાસ કર્યો છે. કવીન્સ કૉલેજમાં માન્ય થએલ જૈન પરીક્ષામાં માત્ર તર્કાચાર્યની પરીક્ષા છે, આગમાચાર્યની નહિ. તેમાં જૈન તર્ક માટે મધ્યમ પાઠ્યક્રમ બીજાં દર્શનોના મધ્યમ પાઠ્યક્રમથી જૂદો નથી. એટલે ત્યાંનો મધ્યમ પાઠ્યક્રમ સર્વદર્શન સાધારણ છે. એ ક્રમમાંથી પસાર થયા પછી શાસ્ત્રી અને આચાર્યની પરીક્ષા માટે ત્રણ ત્રણ વર્ષનો પાઠ્યક્રમ છે. એટલે કવીન્સ કૉલેજની પરીક્ષાનું ધોરણ પણ હિંદુ યુનિવર્સિટીની પરીક્ષાના ધોરણ જેટલુંજ ઉન્નત અને મહત્વનું છે. બંને સ્થળની પરીક્ષાનો પાઠ્યક્રમ એવી દૃષ્ટિથી યોજાએલો છે કે તેમાં શ્વેતાંબરીય દિગંબરીય સાહિત્યનો મહત્વપૂર્ણ અને આવશ્યક ભાગ સમાન રીતેજ આવી જાય. તેમજ એ પરીક્ષા આપનાર સમગ્ર જૈન દર્શનના સાહિત્યના અવલોકનથી વંચિત ન રહે. તેનામાં એકદેશીયતા ન આવે. અને ખાનગી, રાષ્ટ્રિય કે સરકારી કોઇપણ સંસ્થામાં જૈન દર્શન અને જૈન સાહિત્યને અંગે કરવાનાં કામની પૂરી અને વ્યાપક યોગ્યતા આવે. કલકત્તાની તીર્થપરીક્ષાનો પાઠ્યક્રમ અત્યાર લગી ગમે તે રહ્યો હોય છતાં હવે એમાં પરિવર્તન કરવાની છેલ્લી ઘડી આવી ગઇ છે. કલકત્તામાં જૈન પરીક્ષા આપેલ વિદ્યાર્થીઓને કાશીમાં પરીક્ષાની દૃષ્ટિએ વધારે સગવડ મળે એ માટે તેમના ઉપરથી કેટલાંક બંધનો દૂર કરવા અત્યારે પ્રયત્ન ચાલુ છે. જો એ સફળ થયો (થશેજ એવી આશા છે) તો તીર્થ પરીક્ષા આપેલ અત્યાર લગીના જૈન વિદ્યાર્થીઓ કાશીમાં આગમ કે ન્યાયની પરીક્ષા આપવા સરળતાથી તૈયારી કરી શકશે અને થોડાં વર્ષોમાં મેળવવાની બાકી રહેલ યોગ્યતા મેળવી આચાર્ય પરીક્ષાનો લાભ પણ લઇ શકશે. કાશીની બંને કૉલેજોની જૈન પરીક્ષાના પાઠ્યક્રમની માહિતી મેળવવા ઇચ્છનાર ત્યાં ઑફિસમાં રજીસ્ટ્રારને લખી પાઠ્યક્રમ અને નિયમાવલી મંગાવી શકે. અહીં એ યાદ આપવું યોગ્ય થશે કે જેમ ગમે ત્યાં અભ્યાસ કરી કલકત્તાની તીર્થ પરીક્ષા કલકત્તામાં અથવા તેનાં કેન્દ્રોમાં આપી શકાય છે તેમ બહાર કોઇપણ સ્થળે અભ્યાસ કરી કાશી કવીન્સ કૉલેજની જૈન પરીક્ષા આપી શકાય છે; તેથી જેઓની બીજે ભણવાની સગવડ હોય તેઓ પણ કવીન્સ કૉલેજની જૈન ન્યાય પરીક્ષા આપી શકે છે. હિંદુ યુનિવર્સિટીમાં માન્ય થએલ જૈન પરીક્ષા વાસ્તે એમ નથી. કારણ તે રેસિડેન્શીઅલ યુનિવર્સિટી છે. એટલે ત્યાં પરીક્ષા આપવા ઇચ્છનાર વિદ્યાર્થીએ ત્યાં રહેવું જરૂરનું છે. હા, એમ બની શકે કે વર્ષનો મોટો ભાગ કોઇ પણ સ્થળે પોતાની સગવડ પ્રમાણે અભ્યાસ કરે છતાં પરીક્ષાના દિવસોમાં અમુક સમય ત્યાં હાજરી આપે અને પરીક્ષામાં બેસે.

(૫) હવે શિક્ષકની સગવડ વિષેનો પ્રશ્ન આવે છે. જેઓ કાશીમાંજ રહી અભ્યાસ કરવા ઇચ્છે તેમને માટે શિક્ષક–ગુરૂ બાબત ત્રણ પ્રકારની સગવડ છે. હિંદુ યુનિવર્સિટીમાં જૈન દર્શન વાસ્તે જૈન અધ્યાપકની ખાસ નિમણૂક હોવાથી એ બાબત ત્યાં પૂરી સગવડ છે. અને વધારામાં ત્યાંની ઓરીએન્ટલ કૉલેજમાં દરેક દર્શન અને દરેક સંસ્કૃત વિષયના વિશિષ્ટ પંડિતોનું એક અસાધારણ મંડળ હોવાથી બીજા દાર્શનિક આદિ વિષયો શીખવાની પણ યથેષ્ટ સગવડ છે. દિગંબર પાઠશાળામાં તેના સંચાલકોએ અમુક પંડિતો ખાસ રોકયા છે. તેથી ત્યાં પણ જૈન વિદ્યાર્થી માટે સગવડ છે. તે સિવાય કાશી શહેરમાં જ્યાં ત્યાં પાઠશાળાઓ અને ખાનગી પંડિતોને ઘેર પણ ભણનાર સગવડ લઇ શકે; અલબત આ સગવડ બ્રાહ્મણ દર્શનના અભ્યાસ પૂરતીજ સમજવી જોઇએ. જૈન દર્શન અને જૈનેતર બધાં દર્શનોના શિક્ષકોની એકજ સ્થળે સારામાં સારી સગવડ સુલભ હોય તો તે ફકત હિંદુ યુનિવર્સિટીમાંજ છે. કારણ કે કવીન્સ કૉલેજમાં જૈન દર્શનના અધ્યાપકની સગવડ નથી અને જૈનેતર દર્શનોના સરસ વિદ્વાનો ત્યાં હોવા છતાં હજી જોઇએ તેવું અસાંપ્રદાયિક ઉદાર વાતાવરણ નથી, જેવું કે હિંદુ યુનિવર્સિટીમાં અમુક અંશે છે. આ કારણથી જૈન વિદ્યાર્થી માટે શિક્ષકોની સગવડની બાબતમાં હિંદુ યુનિવર્સિટી પ્રથમસ્થાને આવે છે.

હવે છેલ્લે ઉપર સૂચવેલ સગવડના ઉપયોગનો સવાલ આવે છે, તે વિચારીએ. આ વિજ્ઞાન, વિચાર અને પરસ્પર સંઘર્ષણના યુગમાં કોઇ પણ પંથ, માત્ર પંથરૂપે જીવી નહિ શકે અને જીવશે તો તેજસ્વી કદી રહી નહિ શકે. આજે પંથની ભાવના શુદ્ધ ધર્મનું રૂપ ધારણ કરી રહી છે, તેવે વખતે તેજસ્વી અને કાયમી અસ્તિત્વ ટકાવવા જૈન ધર્મે પણ માત્ર પંથના રૂપમાં સંતુષ્ટ ન રહેતાં શુદ્ધ ધર્મનાં તત્ત્વો વધારે ફેલાવવા અને વિકસાવવા બુદ્ધિપૂર્વક પ્રયત્ન કરવોજ જોઇશે. પંથમાં શુદ્ધ ધર્મનાં તત્ત્વો દાખલ કરવા. એટલે બીજા કોઇ પણ પંથ કે સમાજથી પોતાનો પંથ કે સમાજ ચઢીયાતો છે અગર ઉતરતો છે એવી અભિમાનવૃત્તિ અને દીનવૃત્તિ ફેંકી દેવી, એક બાજુ અન્ય પંથ અને ધર્મનાં આભિમાનિક ખંડનમંડનની ભાવનાથી મુક્ત રહેવું અને બીજી બાજુ અન્ય દ્વારા ગવાતાં પ્રશંસા અને મહત્તાનાં ગીતોમાં ન રાચતાં પોતાના વિવેક બળ અને કર્તવ્ય બળમાંજ સંતુષ્ટ રહેવું, કોઇ પણ જાતના ભેદભાવ સિવાય નિષ્કામ સેવા દ્વારા સર્વ પંથોમાં પોતાના પંથને ઉતરવાની અને પોતાના પંથમાં સર્વ પંથોને પચાવવાની શક્તિ કુશળતાપૂર્વક કેળવવી. આ જાતનું પંથનું શુદ્ધિકરણ એ શાસ્ત્રીય જ્ઞાન ઉપર આધાર રાખે છે, કારણ પંથનો પાયો શાસ્ત્રજ છે. શાસ્ત્રીય જ્ઞાન જેટલા પ્રમાણમાં સંકુચિત કે દુષિત હોય તેટલા પ્રમાણમાં પંથ સંકુચિત કે દૂષિત રહેવાનો. જેટલા પ્રમાણમાં શાસ્ત્રીય જ્ઞાન વ્યાપક, ઉદાર અને વાસ્તવિક હોય તેટલા પ્રમાણમાં પંથભાવના વ્યાપક, ઉદાર અને વાસ્તવિક બનવાની. આ રીતે આપણે દુનિઆના કોઇ પણ પંથ વિષે વિચાર કરીએ અને તેના ઇતિહાસને તપાસીએ તો આપણને સ્પષ્ટ જણાશે કે કોઈ પણ પંથ શાસ્ત્રીય જ્ઞાનને સંકુચિત અને એકદેશીય રાખી પોતે ઉદાર અને વ્યાપક બની શકયોજ નથી. જૈન શાસ્ત્ર એ માત્ર જૈન પંથ કે જૈન ધર્મનો આધાર છે એટલા ખાતરજ તે ઉપાસ્ય છે એમ નથી, પણ વિશ્વના શાસ્ત્રીય જ્ઞાન ભંડારમાં બીજા કોઇ પણ પંથનાં શાસ્ત્રો જેટલુંજ તેનું સ્થાન છે એ દૃષ્ટિએ

અધિવેશન ખર્ચ માટે થયેલ ફંડ.

૨૫૧) રા અમૃતલાલ કાલીદાસ. ૨૫૧) રા. રવજી સોજપાલની કું. ૨૦૧ રા. રણછોડભાઇ રાયચંદ ઝવેરી. ૨૦૧) રા મોહનલાલ હેમચંદ ઝવેરી. ૨૦૧) રા. મોતીલાલ મૂળજીભાઈ ૨૦૧) રા. કરમશી પાંચારીયા. ૧૫૧) રા મોતીચંદ ગીરધરલાલ કાપડીયા. ૧૫૧) રા. ચુનીલાલ વીરચંદ. ૧૫૧) રા. હીરાચંદ વસનજી. ૧૫૧) રા. ઓત્તમચંદ હીરજી. ૧૫૧) રાઃ ભગવાનદાસ પન્નાલાલ બાબુ. ૧૫૧) રા. હેમચંદ મોહનલાલ. ૧૫૧) રા. છગનલાલ વલાલચંદ. ૧૨૫) રા. કુરપાળ હરશી હ. નાનજી લધાભાઈ. ૧૦૧) ડૉ. પુનશી હીરજી મેશરી ૧૦૧) ડૉ ટી. એ શાલ ૧૦૧) રા. ઘેલાભાઈ પુનશી ૧૦૧) રા. કકલ ભાઇ બી વકીલ. ૧૦૨) રા. ગુલાબચંદ શીવજી. ૧૦૧) રા માણેકચદ જેચંદ. ૧૦૧) રા હરખચંદ મકનજી ૧૦૧) રા. અલેચંદ મુળચંદ. ૧૦૧) રા. ફકીરચંદ કેશરીચંદ. ૧૦૧) રા. ગુલાબચંદ નગીનચંદ કપુરચંદ. ૧૦૧) રા મૂળચંદ સજ્જમલ ૧૦૧) શ્રી. મંગલાબ્હેન મોતીચંદ ફકીરચંદ. ૧૦૧) રા. પુરૂષોત્તમ સુરચંદ. ૧૦૧) રા. ટોકરશી મૂળજી. ૧૦૧) રા. મણીલાલ મોહનલાલ પાદરાકર. ૧૦૧) રા. નવીનચંદ હેમચંદ અમરચંદ. ૧૦૧) રા. ભોગીલાલ લહેરચંદ ૫૧) રા. મકનજી માધવજી. ૫૧) રા. હીરજી ઘેલાભાઈ. ૫૧) રા, ભગવાનદાસ હરખચંદ ૫૧) રા. જગજીવન ઓતમચંદ ૫૧) રા. મકનજી જુહાભાઇ મહેતા. ૫૧) રા. લલ્લુભાઇ દીપચંદ ઝવેરી. ૫૧) રા. મણીલાલ રીખભચદ ઝવેરી. ૫૧) રા. કેશવજી માણેકચંદ. ૫૧) રા. નવલાજી દીપાજી ૫૧) રા. ફોજમલ કપુરચંદ. ૫૧) એક ગૃહસ્થ હ. P. N. (પ્રેમજી નાગરદાસ.) ૫૧) રા ભગવાનજી અરજણ ખીમજી. ૫૧) રા. શાંતિદાસ ધારશી. ૫૧) રા. વીરજી લધા. ૫૧) રા. ભીમાજી મોતીજી. ૪૧) રા ડુંગરશી ધણશી હ રા. હીરજી ઘેલાભાઇ ૨૫) રા. ડાહ્યાભાઈ નગીનદાસ. ૨૫) રા. કુલચંદ શામજી કોરડીયા. ૨૫૫ રા. હીરાલાલ અમૃતલાલ. ૨૫૫ શ્રી. મોંઘીબ્હેન હીરાલાલ. ૨૫) રા. પોખરાજ જુહારમલ. ૨૫) રા. ધૂલાજી હંસાજી. ૧૫) રા. શૈષમલ વનાજી. ૧૫) રા. ચીનુભાઈ લાલભાઈ. ૧૫) રા. કાળીદાસ સાંકળચંદ દોશી. ૧૫) રા. પરશોતમદાસ પોપટલાલ.

કુલ રૂા. ૫૨૧૫)

(અનુસંધાન પૃષ્ઠ ૨ અ પરથી)

શોક, અજ્ઞાન, વ્યાક્ષેપ, કુતૂહલ અને રમણ છે. બનારસીદાસ પોતાના પદ્યમાં જુદો ક્રમ આપે છે કે 'જુગાર, આળસ, શોક, ભય, કુકથા, કૌતુક, ક્રોધ, કૃપણબુદ્ધિ (લોભ), અજ્ઞાનતા, ભ્રમ, નિદ્રા, મદ અને મોહ, આમ જુદા જુદા ક્રમ છે. તો તેનો મૂળમાં મૂળ-જૂનામાં જૂનો ઉલ્લેખ કયાં અને કેવી રીતે સાંપડે છે તે આપણા વિદ્વાન્ સાધુઓ બતાવશે. આમાં સામાન્ય વિવેચન છે, અનુક્રમણિકા આપી હત તો યોગ્ય થાત.

आनन्द श्रावक—લેખક ઉક્ત પં. કાશીનાથ જૈન કિંમત કંઈ નહિ. આ પણ હિંદીમાં ૫૦ પૃષ્ટની ચોપડી છે તેમાં આનંદ શ્રાવકનું ચરિત્ર અને તેણે લીધેલાં શ્રાવકનાં બારવ્રત ટુંકમાં આપેલ છે હિંદી ભાષીઓ આનો પણ લાભ લેશે.

આ બંને આદિનાથ હિન્દી જૈન સાહિત્ય માલાના પુષ્પ ૬૬ તરીકે છે. કિંમતે જોઇતી હોય તો દરેકની કિંમત એક આનો છે, ને તે લેખક પાસેથી મુ ામ બમ્બોરા પોષ્ટ ભીંડર (નીમચ-મેવાડ) પાસેથી મળશે.

"કાંઇક"—ભાગ ૧ પૃ. ૪૬ લેખક અને પ્રકાશક રા. 'અભ્યાસી' મ. મા. ગાંધી વેજલપુર (પંચમહાલ) કિં. ચાર આના. આમાં ત્રણ કવિતાઓ છે પારસમણિનાં પરમાણુઓ એ મથાળું આપી જુદા જુદા વિષયોપરના સુબોધક વિચારો છે. અને બીજા વિષયોમાં સહકારની માત્રા-તેનું પથ્ય, ખાદી, ઝાડુનીમજ્ન છે. રા. અભ્યાસી વિશેષ અભ્યાસ કરે એમ ઇચ્છીશું.

જૈન વિદ્યાર્થીઓને પ્રાઈઝ

શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશિપ પ્રાઈઝો.

દરેક રૂા. ૪૦ નાં.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સને મહુંમ શેઠ ફકીરચંદ પ્રેમચંદ રાયચંદના નામથી સોંપાયેલા ફંડમાંથી રૂા. ૪૦) ની એક સ્કૉલરશિપ (પ્રાઈઝ) છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈનને તેમજ બીજી સ્કૉલરશિપ (પ્રાઈઝ) રૂા. ૪૦) ની સુરતના રહેવાસી (વતની) અને કુલ્લે સૌથી વધારે માર્કસ મેળવનાર જૈનને આપવાની છે. એ સ્કૉલરશિપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વે. મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ માર્કસ વિગેરે સર્વ વિગત સાથે નીચેના ઠેકાણે તા ૧૫-૭-૩૪ સુધીમાં અરજી મોકલી આપવી.

જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ,
૨૦, પાયધુની,
મુંબઇ ૩.

રણછોડભાઇ રાયચંદ ઝવેરી
અમૃતલાલ કાલીદાસ શેઠ
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

પ્રચારકો જોઈએ છીએ:—

જૈન શ્વે. કૉન્ફરન્સના ઠરાવો અને પ્રવૃત્તિઓ સંબંધે વ્યાખ્યાનો આપી પ્રચારાદિ કાર્યો માટે ઉત્સાહી, ચારિત્ર્યવાન્, સેવાભાવી, ગુજરાતી અને હિંદી જાણનાર પ્રચારકો, પાર્મિક અભ્યાસ, અન્ય લાયકાત, ઉમર, ઓછામાં ઓછા પગારની રકમ વિગેરે વગતો સાથે તુરત લખો:—

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ, જૈન શ્વે. કૉન્ફરન્સ ૨૦, પાયધુની, મુંબઇ નં. ૩.

નાંધ.

જૈનયુવક પરિષદ—આપણી કૉન્ફરન્સ ભરાવાના દિવસો પહેલાં જૈન શ્વે. મૂ. યુવકોની પરિષદ્ સુરતના ડૉ. અમીચંદ છગનલાલ શાહના પ્રમુખપદે ભરાઈ. સ્વાગત સમિતિના પ્રમુખ શ્રીયુત કકલભાઇ બુધરભાઇ વકીલ હતા. બંને પ્રમુખોનાં ભાષણોનો એકજ સૂર હતો. ધ્યેય દેશહિતને બાધા આવ્યા વગર જૈન સમાજનાં હિતનાં કાર્યો કરવાનું રાખવા સાથે આપણી જૈન શ્વે. કૉન્ફરન્સની સંસ્થાને સહકાર આપવાનું ખુલ્લી રીતે જાહેર કર્યું હતું.

તેના ઠરાવોની કાર્યરેખા તે પહેલાં કૉન્ફરન્સની ઠરાવ ઘડવા નીમાયેલી પેટા સમિતિએ જે ઠરાવો ઘડ્યા હતા તેને અનુરૂપ હતી. વિશેષમાં વધારે પડતાં નવાં જિન મંદિરો બંધાવવા તથા જિનબિંબો ભરાવવા સામે, ગુરૂ મંદિરો–ગુરૂ પ્રતિમાની સ્થાપના પ્રત્યે, ફરજીયાત વૈધવ્યની પ્રથા વિરૂદ્ધ પોતાનો વિરોધ દર્શાવ્યો હતો. દેવદ્રવ્યનો ઉપયોગ મંદિર-નિભાવ, મંદિરોદ્ધાર, તીર્થરક્ષા માટે મર્યાદિત રાખીને મંદિરમાં ભંડારના દ્રવ્યને દેવદ્રવ્ય ગણવા અને મંદિર યા ઉપાશ્રયમાં બોલીથી થતા દ્રવ્યને સાધારણ દ્રવ્ય ગણવાનો અને તે સાધારણ દ્રવ્યને સાત ક્ષેત્રમાંથી જે ક્ષેત્રને જરૂર હોય તેમાં ખર્ચવાનો પ્રબંધ કરવા સંઘને આગ્રહ કરવાનો ઠરાવ કર્યો હતો. જ્યારે શ્વે. કૉન્ફરન્સે વિશેષમાં બેકારીના ઉપાયો, શુદ્ધિ સંગઠન, વિસ્તૃત લગ્નક્ષેત્ર, સાર્વજનિક ખાતાં, શ્રી આણંદજી કલ્યાણજીનું બધારણ, સંઘની વ્યાખ્યા અને તેનું સ્થાન, કેળવણી સંસ્થાઓનું સંગઠન, સાહિત્ય પ્રચાર દ્રવ્યવ્યયના સાચા પ્રકાર, જૈનોમાં મરણ પ્રમાણ ઘટવાના ઉપાયો, સાધુ સાધ્વીની ઉન્નતિમાં શ્રાવકોનો ફાળો, યતિ-વર્ગ, આદિ સંબંધી પ્રસ્તાવો કર્યા હતા.

જૈન યુવકોની પરિષદ્ પોતાનું કાર્ય અચ્છી રીતે કરી શકી હતી અને તેમાં નિડરતાથી સમાજને જે વક્તવ્ય કરવામાં આવ્યું હતું તે સમાજ સહન કરી શકી હતી એ પરથી ચોખ્ખું જણાય છે કે સમાજ વિચારમાં આગળ ગયેલી છે તેમાં ફરજીયાત વૈધવ્ય પ્રત્યેના વિરોધના ઠરાવ માટે મતભેદ પડયો હતો—તે પર મત લેવા માટે ખાસ જુદો સમય રાખેલ હતો ને વધુ મતે તે ઠરાવ પસાર થયો હતો. યુવાનો એ જમાનામાં અગ્ર વિચાર ધરાવનારા છે છતાં તેઓની મધ્યમાં પણ ફરજીઆત વૈધવ્યની સંબંધે મતભેદ રહે છે તો જૂના વિચારવાળા અને પ્રાચીનભાવનાથી રંગાયેલા સંરક્ષક વૃત્તિના મોટા વર્ગવાળી સમાજમાં વિશેષ પ્રમાણમાં અને વધુ તીવ્ર મતભેદ હોય અને છે એ સહજે સમજી શકાય તેમ છે. વિધવા પુનર્લગ્ન કરે તે સમાજનો મોટો ભાગ ઇચ્છતો નથી યા તે પ્રત્યે જાહેર સમતિ આપે તેમ નથી. આ કારણે કૉન્ફરન્સમાં તે પ્રશ્ન હજુ સુધી ઠરાવરૂપે આવ્યો નથી ત્યાં એ સંબંધી ઠરાવ ન લાવવામાં કૉન્ફરન્સના હિતનો વિચાર કરતાં ડહાપણ છે

યુવાનો સામાજીક પ્રશ્નોમાં રસ લેવા લાગ્યા છે, અને તે સંબંધી ઊહાપોહ અને વિચારણા કરી આંદોલનો ફેલા-વાનું કાર્ય તેમની પરિષદ્દ્વારા તેઓ કરે એ આજના સમયધર્મનું ચિન્હ છે. સમાજ અને દેશની ઉન્નતિના આધારભૂત તે આપણા યુવકો છે અને તેઓ જો પોતાની બુદ્ધિ અને શકિત વિનય અને સ્વમાન સહિત તે ઉન્નતિ અર્થે વાપરે તો શીઘ્રતાથી સફલતા મેળવે યુવકો ! ઉત્તિષ્ઠત, જાગ્રત, પ્રાપ્ય વરાન્ નિબોધત !

સ્થિતિપાલક દલ—સ્થિતિપાલક દલ કે જે આજે વાતવાતમાં ધર્મદ્રોહ ઉદ્દેશભેદ કહ્યાં કરે છે તેનું કારણ એ છે કે તેના કોષમાં મતભેદ જેવો શબ્દ જ નથી અને જો કદી હોય તો તેણે 'મતભેદ' શબ્દનો અર્થ 'શત્રુતા,' 'વિદ્રોહ' અથવા 'ઉદ્દેશભેદ' પકડી રાખ્યો છે. આથી નજીવા મત-ભેદમાં પણ ઉદ્દેશભેદ સમજી લડવા ઝગડવા માટે તે તૈયાર થઇ જાય છે. સ્થિતિપાલક ભાઇ અનેકવાર એ વાત કહે છે કે 'અમારૂં ધ્યેય તો મોક્ષ અને પરલોકની ઉન્નતિ છે, અને તમારૂં (સુધારકોનું) ધ્યેય સંસાર અને આ લોકની ઉન્નતિ છે.' પરંતુ જો વિચાર કરવામાં આવે તો સ્થિતિ-પાલક દલનું ધ્યેય નથી આ લોકની ઉન્નતિ તેમજ નથી પરલોકની ઉન્નતિ, નથી સંસાર કે નથી મોક્ષ. તેનું ધ્યેય તો કાયર અંધોની સમાન એકજ જગ્યાએ પડીપડી સડવું, પ્રગતિનો વિરોધ કરવો અને દરેક પ્રકારની ઉન્નતિનો પગ તોડવો.

સમાજ ભોળો છે. જ્યાં સુધી સમાજ જાગ્રત અવસ્થામાં આવી નથી ત્યાં સુધી તેના ભોળપણને લઇને પોતાનો સ્વાર્થ પૂરો કરનારા સ્થિતિપાલક લોક તો 'ધર્મ ડૂબ્યો, ધર્મ ડૂબ્યો' એમ બૂમ માર્યા કરે છે. ખ્રિસ્તીઓમાં એક કહેવત છે કે 'શેતાન પણ ઇશ્વરનું નામ લઈ લે છે' જે આજે સુધારાના વિરોધી પણ આ ચાલે ચાલે તો તેમાં કંઇ નવાઇ નથી. આપણે તો માત્ર એવી આશા કરવી જોઇએ કે જગત્ સુધારક ભગવાન્ મહાવીરના પ્રસાદથી સુધારાનો પૂર્ણ વિજય અવશ્ય થશે–પછી આજે થાય કે કાલે. તંત્રી.

સ્વીકાર અને અવલોકન.

તેરહ કાઠિયે—પં. કાશીનાથ જૈન ૨૦૧ હેરિસન રોડ કલકત્તા કિંમત કંઇ નહિ.) આ ૬૩ પૃષ્ટની ચોપડીમાં હિંદીમાં ૧૩ કાઠીઆ–ચોરનું સામાન્ય વર્ણન છે. મનુષ્યને સદ્ગુરૂના ધર્મોપદેશ સાંભળવામાં આ તેર કાઠીઆ આડા આવે છે. કાઠીઆ એટલે ચોર. આ શબ્દની વ્યુત્પત્તિ શેનાપરથી થઈ છે. તે જણાતું નથી. બનારસીદાસ કહે છે કે જે વાટમાં લુંટી ઉપદ્રવ કરે છે તેને ગુજરાત દેશમાં કાઠીઆ ચોર કહે છે. આમ જો ગુજરાત દેશમાં આ શબ્દનો પ્રયોગ થતો હોય તો તો રબ્બેને કાઠીઆવાડ નામ જે પરથી પડયું છે તે કાઠીઓ પરથી આ કાઠીઆ નામ પડયું હોય તે સંભવિત છે. આમાં આળસ, મોહ, નિદ્રા, અહંકાર, ક્રોધ, કૃપણતા, શોક, લોભ, ભય, રતિ, અરતિ, અજ્ઞાન, કુતૂહલ એ પ્રમાણે ક્રમ આપ્યો છે. બીજો ક્રમ આળસ, મોહ, અવજ્ઞા, માન, ક્રોધ, પ્રમાદ, કૃપણ, ભય,

(અનુસંધાન પૃષ્ટ ૨ ક ૫૨)

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ.

જૈન શિલાલેખોના ત્રણ વૉલ્યુમ અને જૈન ધર્મ પર એક અંગ્રેજી પુસ્તક લખીને અહાર પાડનાર કલકત્તાના જૈન આગેવાન સાક્ષર **શ્રી પૂરણચંદ નહાર** M. A. B. L. પોતાના ૧૮-૩-૩૪ ના પત્રમાંથી નીચે પ્રમાણે અભિપ્રાય તેના લેખકને જણાવે છેઃ—

I am just in receipt of your monumental work and heartily congratulate you for such a useful work dealing with the whole range of our literature from the earliest time to present day. I fully conceive the herculean task that you undertook some four years back when I visited your city and I wonder to find how nicely you have been able to arrange the scattered history and literature and have brought them to method and order, resulting in a useful and interesting study.

—આપનું કીર્તિસ્થંભરૂપ પુસ્તક હમણાં મળ્યું અને પ્રાચીનતમ સમયથી સાંપ્રત કાલ સુધીના આપણા સાહિત્યની સમગ્ર શ્રેણીના વિષયવાળા આવા એક ઉપયોગી ગ્રન્થ માટે આપને હૃદયપૂર્વક અભિનન્દન આપું છું. ચારેક વર્ષો પહેલાં જ્યારે આપના શહેરની (મુંબઇની) મેં મુલાકાત લીધી હતી ત્યારે આપે ઉપાડેલા તે ભગીરથ પ્રયત્નવાળા કાર્યનો હું પૂર્ણ ખ્યાલ કરું છું અને મને એ જાણીને આશ્ચર્ય ઉપજે છે કે કેવી સુન્દરરીત આપ વિખરાયે ઇતિહાસ અને સાહિત્યને વ્યવસ્થિત કરવામાં શક્તિમાન્ થયા છો અને તેને પદ્ધતિ અને અનુક્રમમાં મૂકવામાં આવ્યાં છે કે જેના પરિણામે ઉપયોગી અને રસપ્રદ અભ્યાસ થઈ શકે.

સંશોધકોને વિનતિ

આપણી કૉન્ફરન્સના એક આગેવાન માલેગાંવવાળા શ્રી બાલચંદ હીરાચંદ પર તેમના એક મિત્ર કે જે પુનામાં પેન્શનર છે તેનો નીચેના સારવાળો એક પત્ર આવ્યો છેઃ—

કણવણમાં મેળવેલ તામ્રપટ—એપિ ગ્રાફિકા ઇંડીઆ વૉલ્યુમ ૧૬ માં પ્રગટ કરવામાં આવેલો છે. ઇ. સ. ૧૦૫૬ માં મલિયબુદ્ધિકા' (હાલમાં સમશૂંગ) ને ગગ રાજા 'અમરાણુક' કે જે માલવાનો સામંત હતો તેણે ૧૪ દુકાનો અને બે તેલ કાઢવાનાં યંત્રો ઇનામ આપેલ છે. આ તામ્રપટમાં શ્વેત પટ દેશનો ઉલ્લેખ છે આ રાજા શ્વેતાંબરી જૈન છે. શ્વેતદેશ નાશકના ઉત્તર ભાગમાં આવેલ છે એવી કલ્પના બેસે છે.

મારી પાસે 'ગિરિનપુરાણ' છે તેમાં શ્વેતદેશનું વર્ણન આવેલું છે. તેમાં સપ્તશૃંગના બે અધ્યાયો છે. ચંદ્રવડ (હાલમાં ચાંદવડ) માટે એક અધ્યાય છે. માંગી તુંગેનું નામ 'મહાબળેશ્વર જાંગેશ્વર' એવું આપવામાં આવેલું છે. માંગેતુંગે જૈન દિગંબરી તીર્થ છે.

એમ જણવામા આવ્યું છે કે, માનતુંગ નામક જૈન સાધુ માંગેતુંગે પર હતા. તેમનો એક ગ્રંથ 'પ્રબોધ' છપાયેલ છે. જૈન ધર્મના કોઈ સાધુ બિહાર પ્રાંતમાં હાલમાં ફરી પ્રગટ કરે છે. સાચું શું છે?

આપને વિનંતિ કરવાની કે 'મલિયબુદ્ધિકા' 'માંગેતુંગે' તુંગેશ્વર મહેશ્વર (બ્રાહ્મણી) વગેરે માટે જૈન ગ્રંથોમાં કોઇ ઉલ્લેખ મળી આવે છે કે. કેમ?

ઝોડગાનું મંદિર તેમજ દેવળી કરાડ (કળાવણ) વગેરે મંદિરો કોઇ વપુલ્લક રાજાએ બંધાવેલાં છે. 'બીજાપુર' જૈન સાધુ માંગેતુંગે આવ્યા હતા એવા ઉલ્લેખ છે.

આ પ્રમાણે કાગળ છે તો તે બાબત કોઇને કાંઇ ખબર હોય તો કૃપા કરી જણાવે એમ સર્વ સંશોધકોને વિનતિ છે.

શ્રી જૈન શ્વતાંબર કૉન્ફરન્સ

કાર્યવાહી સમિતિની સભા.

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક સભા ગત તા. ૩૦ જુન ૧૯૩૪ શનિવારે રાતના (સ્થા. ટા.) ૮ વાગે કૉન્ફરન્સ કાર્યાલયમાં શેઠ **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ,** સોલીસિટરના પ્રમુખપણા હેઠળ મળી હતી જે સમયે સભ્યોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. ગઇ એકની મીનીટ વંચાયા પછી કાર્યારંભ થતાં પુના મુકામે હાલમાં મહાત્મા ગાંધીજી ઉપર બોમ્બ દ્વારા જે હુમલો કરવામાં આવેલ તે બદલ નીચેનો ઠરાવ પ્રમુખશ્રી તરફથી રજુ થતાં સર્વાનુમતે પાસ થયો હતોઃ—

" રાષ્ટ્રના પ્રાણસમા પૂજ્ય મહાત્મા ગાંધીજી ઉપર કોઇ ભાનભૂલેલા અત્યાચારીએ પુનામાં બોમ્બ દ્વારા પ્રાણઘાતક હુમલો કરવા પ્રયત્ન કર્યો છે તેને આજની મીટીંગ તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે અને પૂજ્ય મહાત્મા ગાંધીજીનો દૈવી બચાવ થવા માટે તેઓશ્રીને અભિનંદન આપે છે અને રાષ્ટ્રના કલ્યાણ માટે તેમને દિર્ઘાયુષ બક્ષવા પરમાત્માને પ્રાર્થે છે."

બાદ કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિના પ્રમુખ તરીકે શેઠ **નાનજી લધાભાઇ** તથા ઉપપ્રમુખ તરીકે શેઠ **ચિનુભાઇ લાલભાઇ** સોલીસીટરની ચુંટણી સર્વાનુમતે થઈ હતી.

અત્રે પ્રમુખશ્રી મોતીચંદભાઇએ કાર્યવાહી સમિતિના ચુંટાયેલા પ્રમુખને આજની સભાનું પ્રમુખસ્થાન ગ્રહણ કરવા વિનંતિ કરતાં શેઠ નાનજી લધાભાઇ તાળીઓના ગગડાટ વચ્ચે પ્રમુખપદે વિરાજ્યા હતા.

બાદ બનારસ વિશ્વવિદ્યાલયમાં કૉન્ફરન્સ તરફથી સ્થપાયેલી 'જૈન ચેર'ના અધ્યાપકને ઑનરેરિયમ આપવા યોગ્ય નિર્ણય કર્યા પછી તે યુનિવર્સીટીમાં જૈન સાહિત્ય આદિનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિઓ આપવા અંગે વિચાર થતાં રૂા. ૧૦૦૦ ની સ્કૉલરશિપો આપવા અને તે માટે ગત વર્ષમાં નિમાયેલી પેટા-સમિતિ ચાલુ રાખવા ઠરાવ્યું હતું.

તત્પશ્ચાત સુકૃત ભંડાર ફંડ માટે પ્રચારકો નિમવા સંબંધે નિર્ણય કરી શ્રી સ્થાનકવાસી જૈન શ્વે. કૉન્ફરન્સના પ્રમુખ શેઠ **હેમચંદ રામજી** મહેતાનો તા. ૧૧-૫-૩૪ નો પત્ર જેમાં જૈન કોમમાં ઐકય માટે આપણી કૉન્ફરન્સના ચૌદમાં અધિવેશનમાં થયેલ ઠરાવનો ઉલ્લેખ કરી એક કમિટી નીમવા તેઓ તરફથી સુચના કરવામાં આવી હતી તત્સંબંધે વિચારતાં તેઓ તરફથી પાંચ નામ મળ્યા પછી આપણાં તરફના નામો મોકલવા સંબંધે આગામી મિટીંગમાં આ બાબત રજુ કરવા ઠરાવ્યું. આ અંગે રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓને પત્ર વ્યવહાર કરવા સુચવવામાં આવ્યું

પ્રાંતિક મત્રીઓ નીમવા અંગે નિર્ણય થયા બાદ શ્રી કેશરીયાનાથજી પ્રકરણ અંગે શેઠ આણંદજી કલ્યાણજી અને કૉન્ફરન્સ તરફથી નિમાયેલા જૈન સંઘના પ્રતિનિધિઓ સાથે થયેલ પત્રવ્યવહારની હકીકતો રજુ કરવામાં આવી હતી. બાદ સમય અધિક થઇ જવાથી જૈન બંધુ સ્ટીમને વ્યવહારૂ સ્વરૂપ આપવા સંબંધેની વિચારણા મુલતવી રાખી પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

સુધારો.

ગત તા. ૧૫ મી જુન ૧૯૩૪ ના અંકના મુખ પૃષ્ઠપર 'અંક ૨૪ : વર્ષ જુનું ૮ મું નવું ૩ જું' છપાયેલ છે તેની જગ્યાએ **" અંક ૧ વર્ષ જુનું ૯ મું-નવું ચોથું "** સમજવું. આ રીતે સુધારો થતાં આ અંક નવા ૪ થા વર્ષ ના ૨ જા અંક તરીકે ગણાશે.

પણ તે ઉપરાંત છે. હજારો વર્ષથી ચાલતી અને પોષાતી એક વિશિષ્ટ આચાર વિચારની પ્રણાલીના પ્રતિનિધિ તરીકે વિશ્વના જ્ઞાનભંડારમાં જૈન શાસ્ત્રીય જ્ઞાનનું સ્થાન છે એ ખરૂં, તેમ છતાં તેનું મહત્ત્વ તો બીજાં બધાં શાસ્ત્રોના જ્ઞાન ઉપર અને તે જ્ઞાન મેળવવાની રીત ઉપરજ અવલંબિત છે. આ દૃષ્ટિએ જૈન શાસ્ત્રનો અભ્યાસ અને તેનું ચિંતન કરવું એ ભાવિનો વિચાર કરતાં અગત્યનું લાગે છે. આવી તૈયારી કરવા માટે જે સગવડ જોઇએ તે બીજા કોઇપણ સ્થાન કરતાં કાશીમાં વધારે સારી છે. કારણ ત્યાં દરેક દર્શનના બહોળા, વિદ્વાનો અને દરેક જાતના વિદ્યાર્થીઓનું બીજા કોઈ પણ સ્થાન કરતાં મોટામાં મોટું પ્રમાણ છે. જ્યાં સમકક્ષ અને હરીફ વિચારકો હોય ત્યાંજ પોતાના વિચારો વધારે ઊંડા, વ્યાપક અને પાકા કરવાની તક મળે છે. કાશીમાં સુલભ એવી બધી સગવડનો ઉપયોગ ઉપર જણાવેલી રીતે અને દૃષ્ટિએજ વધારે લાભદાયક નીવડવાનો એ નિઃશંક છે. તેથી અત્યારે હું જૈન વિદ્યાર્થીઓ (પછી તે ગૃહસ્થ હોય કે ત્યાગી) અને જૈન સમાજના વિચારકોનું ધ્યાન આ તરફ ખેંચું છું.

ઉપાધ્યાય યશોવિજયજીનાં જ્ઞાનનું અને લેખનનું મહત્ત્વ કેવળ તેમના જૈન શાસ્ત્રજ્ઞાનમાં ન હતું. કારણ તેમનાજ જેટલું જૈન શાસ્ત્રીય જ્ઞાન ધરાવનાર તે વખતે પણ જૈન મુનિઓ હતા, ત્યાર પછી પણ થયા અને કદાચ તેવા વિરલ પણ અત્યારે મળી શકે. છતાં બીજા કોઈ જૈન આચાર્યનું સાહિત્ય ઉપાધ્યાયજીના સાહિત્યની કક્ષામાં નથી આવી શકતું અને ગમે તેવા વિરોધી ગણાતા વિદ્વાનને પણ ઉપાધ્યાયજીના ચિંતન લેખન તરફ આજે માન ઉત્પન્ન થાય તેનું શું કારણ ? આ પ્રશ્નનો જવાબ તેમના તત્કાલીન સર્વદર્શનસંબંધી વિશાળ અભ્યાસમાંથી મળી આવે છે. જો આ વાત સાચી હોય તો તે જમાના કરતાં વધારે સગવડવાળા આ જમાનામાં અને તે સમય કરતાં વધારે વ્યાપક ભાવનાવાળા તથા વિશેષ જવાબદારીવાળા આ સમયમાં વિચારશીલ ત્યાગી કે ગૃહસ્થ જૈન વ્યક્તિઓનું શું કર્તવ્ય છે એ વધારે કહેવાની ભાગ્યેજ જરૂર છે. જ્યારે કાશી જેવા સ્થાનમાં જૈન અભ્યાસ માટે વિશિષ્ટ સગવડ થઈજ ગઇ છે ત્યારે તેનો સુંદર ઉપયોગ કરી લેવાની શક્તિવાળાં ભાઇ બહેનોએ લક્ષ આપવું આવશ્યક છે.

અહીં લગી તો મેં મુખ્યપણે અભ્યાસની સગવડ વિષે ચર્ચા કરી છે હવે પ્રચાર વિષે પણ થોડી સૂચના કરી દઉં. ત્રણે જૈન ફિરકાઓનો ત્યાગી વર્ગ નાનો સૂનો નથી એમનું મન નિષ્ક્રિય અને નકામું તો નજ રહી શકે. પરિમિત અનુયાયીઓવાળા, નક્કી અને સ્થિર થએલા ક્ષેત્રોમાંજ જ્યાંસુધી તેઓ રહેશે ત્યાંસુધી અનુયાયીઓને પોતપોતાના કરી લેવાની અને પોતાના સેવકો વધારવાની સંકુચિત ભાવનામાંથી અંદરો અંદર અદેખાઈ અને એક અથવા બીજી રીતે ચડસા ચડસી થયા વિના કદી નહીંજ રહેવાની. જૈન ત્યાગી અને ઉપદેશક વર્ગના શારીરિક માનસિક જીવનમાં જૂનાને સ્થાને નવું અને ઠંડાને સ્થાને ગરમ લોહી જોવા ઇચ્છતા હોઇએ તો આપણે તેમને માટે એકવાર બૌદ્ધ ભિક્ષુકો ખેડતા તેમ નવા નવા દૂરના અને નજીકના પ્રદેશો ખેડવાની સગવડ કરવીજ જોઇએ. પોતાની ત્યાગ મર્યાદામાં રહીને પણ જૈન ભિક્ષુકો જો નવા નવા દેશ દેશાંતરો જોશે તો તેઓ પોતેજ અત્યારના સંકુચિત ક્ષેત્રમોહને એક આપત્તિ સમાન લેખતા થઇ જશે. દરિઆપારના દેશોની વાત બાજુએ મૂકી માત્ર પાદવિહારદ્વારા જઇ શકાય એવા દેશદેશાંતરો, ત્યાંની વિવિધ જનતિઓ વિવિધ ધર્મના અનુયાયીઓ, વિવિધ ભાષાઓ, વિવિધ રીતરિવાજો અને સર્વથી ચઢી જાય એવાં નેપાળ, હિમાલય, ટિબેટ અને માનસરોવરનાં દૃશ્યોનો જ્યારે વિચાર આવે છે ત્યારે ઘણીવાર એમ લાગે છે કે મુખ્ય ભાગે વૈશ્યકુળ જાત જૈન ત્યાગીગણ જ્યારથી સાહસિક વૈશ્યોની પ્રકૃતિને યોગ્ય એવું દેશ દેશાંતર ભ્રમણ અને ગંગાપ્રવાહસમું વહેતું ધર્મપ્રચારકામ છોડી બેઠો ત્યારથીજ એ, ખાડામાંના કોહાતા પાણીમાં ખદબદતા માછલાઓની પેઠે એક પંથ અને તેના પણ ફિરકા અને તેના પણ નામમાત્રના ગચ્છો અને સંઘાડાઓના નજીવા સંકુચિત ક્ષેત્રમાં અંદરો અંદર મહિષવૃત્તિ ધારણ કરી પોતાની સ્વતંત્ર સિંહપ્રકૃતિ છોડી બેઠો. આમાંથી મુક્તિ મેળવવાનો સુલભ અને તાત્કાલિક રસ્તો એજ છે કે નવજવાન અને નવભાવનાવાળા ત્યાગી સમુદાયને પંથના નહિ પણ ધર્મના પ્રચારની દૃષ્ટિએ દેશ દેશાંતરમાં મોકલવો, અને તે માટે તેવા વર્ગને ખાસ રીતે તૈયાર કરવો. આ તૈયારી માટે પણ કાશી જેવું એકેય વિશિષ્ટ સ્થાન અત્યારે ધ્યાનમાં નથી. કારણ અત્યારની કાશીની વ્યાપક સગવડનો વિચાર કરતાં એમ ચોકખું લાગે છે કે જેઓ યુરોપ અમેરિકામાં જૈન શાસ્ત્રનો કોઈ વિષય લઇ અભ્યાસ કરવા ગયા હશે અથવા તેવો અભ્યાસ કરી આવ્યા હશે તેઓને પણ પોતાના જ્ઞાનનું સચોટપણું કેળવવા ખાતર આ દેશમાં કોઇ વિશિષ્ટ સ્થાનની થોડા વખત માટે પણ ઉપાસના કરવીજ જોઇશે અને તેવું સ્થાન જો કોઈ હાલ તરત તૈયાર અને વધારે સરસ અને બંધબેસતું હોય તો તે કાશીજ છે.

સુખલાલ.

શ્રી કૉન્ફરન્સ નિભાવ ફંડ.

કૉન્ફરન્સના ચૌદમાં અધિવેશન વખતે કૉન્ફરન્સ નિભાવ ફંડમાં ભરાયેલી રકમો.

૨૦૦૦) બાબુ નિર્મલકુમારસિંહજી નવલખા. ૨૦૦૧) રા. મોહનલાલ હિમચંદ વકીલ હા. મણીલાલ પાદરાકર. ૧૦૦૧) રા. જીવાભાઇ કેશરીચંદ. ૨૫૧) રા. અમૃતલાલ કાળીદાસ. ૨૫૧) રા. રણછોડભાઇ રાયચંદ મોતીચંદની કું. ૨૫૧) રા. ટોકરશી મુળજીની કું. ૧૦૧) બાબુ જીવનલાલ પન્નાલાલ વગેરે. ૨૫૧) રા. હીરજી ઘેલાભાઈ. ૨૫૧) રા મોહનલાલ હેમચંદ ઝવેરી. ૨૫૧) બાબુ બહાદુરસિંહજી સીંધી. ૨૫૧) રા. લાલજી ભારમલ ૨૫૧) રા. કુરપાળ હરશી. ૧૫૧) રા. મોતીલાલ મૂળજીભાઇ. ૧૦૧) રા. દલીચંદ વીરચંદ સુરત. ૧૦૧) રા બાલાભાઇ મગનલાલ નાણાવટી. ૧૦૧) રા. ભોગીલાલ લહેરચંદ. ૧૦૧) રા. હરખચંદ શીવજીની કું. ૫૧) રા. ગલાલચંદ ખીમજી. ૫૧) રા. જીવનલાલ કપુરાજી. ૫૧) રા. જીવનલાલ ચંદ્રભાણ કોઠારી. ૫૧) રા. હરગોવિંદદાસ હરજીવનદાસ ભાભેરા. ૫૧) શ્રી. મણીબ્હેન ચુનીલાલ વીરચંદ. ૨૫) રા. દેવચંદ મોતીચંદ ૨૫) રા. મોહનલાલ દલીચંદ દેશાઈ. ૫૧) રા. મણીલાલ કુંવરજી. કુલ. ૮૩૭૦). ૧૨૫ા= રોકડા પરચુરણ મંડપમાં આવ્યા તે. ૨૫) રા. મગનલાલ મૂલચંદ સુરત. ૧૦) ચુનીલાલ વીરચંદ સુરત. ૨૫) મગનલાલ ધનજી સુરત. ૫૧) ડાહ્યાભાઇ ધનજી સુરત.

૮૫૪૬ા= એકંદર કુલ.

પ્રાંતિક સમિતિઓની રચના માટે સૂચના

આપણી કૉન્ફરન્સનું કાર્ય વિશેષ પ્રગતિમાન બને અને ઠેકઠેકાણે આ મહા સંસ્થાની પ્રવૃત્તિઓ તેની જરૂરીયાત અને ઉપયોગિતા વિશે માહિતિ મળે અને એદ્વારા આ કૉન્ફરન્સ સમગ્ર જૈન સમાજને સંગઠિત કરી પ્રગતિ સાધી શકે એ માટે બંધારણ કલમ ૧૩ અન્વયે દરેક વિભાગમાં પ્રાંતિક સમિતિઓ સ્થાપવી એ આવશ્યક છે. એટલે,

૩ દરેક નિમાયેલા પ્રાંતિક મંત્રીએ પોતાના વિભાગની પ્રાંતિક સમિતિની જેમ બને તેમ તુરત ગોઠવણ કરવી.

૩ કૉન્ફરન્સની ઑલ ઇન્ડીઆ સ્ટે. કમિટી-સ્થાયી સમિતિના જે સભાસદો તે પ્રાંતના હોય તેઓને સભાસદો ગણવા અને તે ઉપરાંત પોતાના પ્રાંતની વસ્તીના પ્રમાણમાં બને તેટલા આવશ્યક સભ્યો તેમાં જોડવા.

૧ સ્થાયી સમિતિના સભ્યો (૨) પ્રાંતના ગામોમાંથી પ્રતિનિધિઓ (૩) એ ઉપરાંત સ્થાનિક સભ્યો.

૪ આ સમિતિના સભાસદો માટે સુકૃત ભંડાર ફંડનો પોતાના પ્રાંતને અનુકૂળ હોય તેટલો ફાળો નક્કી કરી નિયમિત રીતે વસૂલ લેવો.

૫ જે સભ્યો સ્થાયી સમિતિના સભ્ય તરિકે મુખ્ય કાર્યાલયને ફાળો આપતા હોય તેમણે તેવો ફાળો આપવો કે નહિં તે તેની મરજીપર રાખવું.

૬ આવી સમિતિની સભાઓ પ્રાંતિક મંત્રીએ પોતાના પ્રાંતને લગતાં કામકાજ કરવા માટે તેમજ કૉન્ફરન્સના ઠરાવોને અમલ મૂકવા અને તેની વિચારણા વગેરે માટે વખતો વખત બોલાવવી.

૭ આ બધાં કાર્ય માટે તેમજ સુકૃત ભંડાર ફંડની વસુલાત પોતાના પ્રાંતમાંથી કરવા વિગેરે કાર્ય માટે પ્રાંતિક ઑફીસ રાખવી અને કૉન્ફરન્સની પ્રાંતિક શાખાનું નામનું પાટીઉ-બોર્ડ લગાડવું.

૮ પોતાના પ્રાંતમાં સ્થાનિક સમિતિઓ બને તેટલે સ્થળે નિમવી અને તે દ્વારા કૉન્ફરન્સનું કાર્ય પ્રગતિમાન બનાવવું.

૯ કામકાજ:—આવી નિમાયેલ પ્રાંતિકસમિતિઓ સામાન્યતઃ કૉન્ફરન્સનાં ધ્યેય અને ઉદ્દેશો અનુસાર પોતાના પ્રાન્તને લગતાં કાર્યો કરે અને તે સંબંધે કાર્યવાહી સમિતિની અનુમતિ મેળવે.

૨ પોતાના વિભાગમાં સ્થાનિક સમિતિઓ સ્થાપે.

૩ કેળવણીની સંસ્થાઓ જરૂર હોય ત્યાં ઉભી કરવી તેને મદદ કરવી, બાળકો અને બાલિકાઓને કેળવણી લેવાનાં કાર્યમાં સલાહ કરી જરૂરી સગવડો મેળવી આપવી.

૪ કેળવણીની જરૂરિયાત, કુપ્રથાઓ દૂર થવા, સંગઠ્ઠન આદિ બાબતોને લગતાં વ્યાખ્યાનો ગોઠવવાં અને

૫ ધાર્મિક ખાતાઓના હિસાબોની સુવ્યવસ્થા, પાઠશાળાઓ લાઇબ્રેરીઓ વધારવા તથા તેની સુવ્યવસ્થાને લગતું જરૂર કાર્ય કરવું.

૬ વ્યાયામ શાળાઓ, તથા સ્વયંસેવક દળો ઉભાં કરવાં.

૭ સુકૃત ભંડાર ફંડ ઉઘરાવવાને લગતી ગોઠવણ કરવી.

નોટ:-આ ફંડ ઉપરજ પ્રાંતિક સમિતિ તથા મુખ્ય કાર્યાલય અને એજ્યુકેશન બોર્ડનાં કામકાજની પ્રગતિ અવલંબે છે એ વાત ધ્યાનમાં રાખી આ સંબંધે વ્યવસ્થિત કાર્ય જરૂર કરવું ઘટે.

૮ એજ્યુકેશન બોર્ડની ધર્મિક હરિફાઇની બનાવી પરીક્ષાના અભ્યાસક્રમ મુજબ તમારા વિભાગની પાઠશાળાઓ કામ કરે અને તે પરિક્ષામાં બને તેટલા વધુ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ બેસે એ તજવીજ અને પ્રચાર કરવો.

૯ કૉન્ફરન્સનાં મુખપત્ર જૈન યુગનાં ગ્રાહકો વધારવા તથા કૉ. ના પ્રકાશનો ખરીદાય તેવી તજવીજ કરવી.

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઇ નં. ૩.
તા. ૩૦-૬-૩૪.

પરિષદ્-કાર્યાલય.

સ્ટે. કમિટીના સભાસદો પ્રત્યેઃ—

૧. આ પત્રનો છેલ્લો ચોવીસમો અંક તથા ગત અધિવેશન અંક મોકલાઇ ચુકયા છે એટલે આ પત્રનું નવું વર્ષ શરૂ થયું હવે પછીના બધા અંકો સ્ટે. કમિટીના સભાસદોને વિના મૂલ્ય ધોરણ અનુસાર મોકલાશે.

૨. જેઓ ગત અધિવેશનમાં સ્ટેન્ડીંગ કમિટીના સભ્યો તરિકે ફરી ચુંટાયલા નથી તેમને ગતવર્ષના બધા અંકો મોકલાઇ ચુકયા છે એટલે નવા અંકો વિનામૂલ્ય મોકલી શકાશે નહિં. જેથી તેઓને વિજ્ઞપ્તિ કે લવાજમના રૂા. ૨) બે કૉન્ફરન્સ ઑફિસમાં પહેલી તકે મોકલી આપી પોતાનો સહકાર અવશ્ય ચાલુ રાખશે.

૩. આ વર્ષમાં જેઓ સભ્યો તરિકે ચાલુ છે તે સિવાયના અન્ય નવા ચુંટાયલા સભ્યોએ સુકૃત ભંડાર ફંડમાં પોતાનો ફાળો રૂા. ૫) (ઓછામાં ઓછો) સત્વરે મોકલી આપવો. ફાળો મોકલી આપવાની નિર્ણિત થયેલી મુદત વીત્યે નવી નિમણુંકો કા. સમિતિ કરશે એ તરફ સાદર લક્ષ ખેંચવામાં આવે છે.

૨૦, પાયધુની મુંબઇ નં. ૩.
તા. ૩૦-૬-૩૪.

પરિષદ્-કાર્યાલય.

Printed by **Bhogilal Maneklal Patel** at Dharma Vijaya Printing Press, Bhuleshwar 28, 1st Bhoiwada Bombay 2, and Published by **Maneklal D. Modi** for Shri Jain Swetamber Conference at 20, Pydhoni, Bombay.

તારનું સરનામું:—'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

卐

THE JAIN YUGA.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ, બી. એ. એલએલ. બી. ઍડવોકેટ.

વાર્ષિક લવાજમ રૂપીયા બે. છુટક નકલ દોઢ આનો

વર્ષ જીનું ૯ મું. નવું ૪ થું. | તારીખ ૧લી ઑગષ્ટ ૧૯૩૪. | અંક ૩-૪

વિષય સૂચી.

	પૃષ્ઠ.		પૃષ્ઠ
૧. તંત્રીની નોંધ: (૧) મારો પ્રવાસ (૨) મુંગા પ્રાણીઓપર દયાહીન અત્યાચાર (૩) બે સુસુક્ષિતોનો સ્વર્ગવાસ	૯થી ૧૧ અને ૧૪થી ૧૬	૪. જૈન એજ્યુકેશન બોર્ડની કાર્યવાહી ...	૧૩
૨. પ્રાંતિક સમિતિઓની રચના માટે સૂચનાઓ (હિંદી)	૧૨	૫. અધિવેશનમાં ગવાયેલાં ગીત	૧૬
૩. આસંબીઆના જૈનો અંગે	૧૩	૬. કૉન્ફરન્સનું બંધારણ (હિંદી)	૧૭, ૧૮
		૭. સાહિત્ય અવલોકન (તંત્રી)	૧૯
		૮. બનારસ વિશ્વવિદ્યાલયમાં અપાનારી છાત્રવૃત્તિઓ	૨૦
		૯. સમાજ સંબોધન (કાવ્ય)	૨૦

તંત્રીની નોંધ.

મારો પ્રવાસ—શ્રામતી જૈન શ્વે૦ કૉન્ફરન્સનું ચૌદમું અધિવેશન મુંબઈમાં ભરાયું, તે માટે રાતદિન જે કંઇ બને તે પ્રયાસ કરી ભાગ લીધો, તે અતિશય સફલતાથી નિર્વિઘ્ને સમાપ્ત થયું. એટલે પછી પડેલી અમારી કોર્ટની છુટીના સમયમાં બેસી ગયેલા સાદ સાથે કાઠિયાવાડ પ્રત્યે પૂજ્ય મુરબ્બી-શ્રીની સેવામાં પ્રયાણ કર્યું. વૈશાખ શુદિ તૃતિયા વાર્ષિક તપશ્ચર્યાની સમાપ્તિતિથિ હતી. સગાંમાં કેટલીક બહેનોએ વાર્ષિક તપ કર્યો હતો તેની પૂર્ણાહુતિ ઉજવવાના ઉત્સવ પ્રત્યેના આમંત્રણને માન આપી વૈ. શુ. ૨ ને દિને રાજકોટથી નીકળી ચોટીલા પહોંચ્યો.

ચોટીલામાં સ્થાનકવાસી અને દેરાવાસી બંને છે અને અરસપરસ સ્નેહભાવ સારો વર્તે છે. બન્નેમાં થઇ કુલ ૧૩ બહેનોએ વરસીતપ કર્યાં હતાં. સ્થાનકવાસી સંપ્રદાયના સાધુ શ્રી ગુલાબચંદજી, વીરજી સ્વામી આદિ લીંબડી સંઘાડાના, તથા દેરાવાસી સાધુ તરીકે રમણીકસાગર ત્યાં વિદ્યમાન હતા. રસ પીવાની વિધિ સૌને ત્યાં તે તે સાધુઓ આવી કરાવી. આ વખતે આમંત્રિત સ્ત્રી પુરૂષો બહારગામથી ઠીક સંખ્યામાં આવ્યા હતા તેથી ગામ હળીમળી રહ્યું હતું. વરઘોડો દેરાવાસીઓ તરફથી સવારમાં કાઢવામાં આવ્યો હતો તેમાં સ્થાનકવાસી ભાઇબહેનોએ પણ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. અહીં દેરાવાસી સાધુ મુનિરાજનો વિહાર ભાગ્યેજ ને તે પણ થોડા વખત માટે થાય છે, જ્યારે સ્થાનકવાસી સાધુ-ઓનાં ચાતુર્માસ લગભગ કાયમ હોય છે. બંનેમાં લગ્ન વ્યવહાર પૂર્વે થતો હતો તે દરેકના ધોળ બંધાનાં અટકયો છે, છતાં અન્ય વ્યવહાર એખલાસ અને આનંદપૂર્વક અરસપરસ થાય છે એ સંતોષદાયક બીના છે. હવે તો ધોળ મટી જઇ બંનેમાં લગ્નવ્યવહાર પૂર્વવત્ ચાલુ રહે એમ મોટો ભાગ ઇચ્છે છે કે જેથી લગ્નક્ષેત્ર વધુ વિસ્તૃત અને એકતાસાધક થાય.

શેલડીનો રસ પીને વાર્ષિક તપનું પારણું થાય છે તે વખતે તે તપ કરનારનાં સગાં ચાંદલો કરે છે ને વસ્ત્રાદિની ભેટ કરે છે. આવી ભેટ સોગાદો તપ કરનાર બાઇનેજ હોય છે તેથી તે તેની પાસેજ રહેવી જોઇએ પણ વસ્તુતઃ એમ થાય છે કે તે ચાંદલાના પૈસામાંથી નવકારશી, પ્રભાવના, જમણ આદિ તેનાં સગાંઓ કરે છે. આ શું યોગ્ય કહેવાય?

ચોટીલામાં એક નાનું દેરાસર છે તેમાં ત્રણ પાષાણ મૂર્તિ એક પબાસન પર પહેલે માળે છે અને તે પર કોઇ જાતનો શિલાલેખ નથી. તે ઉપરાંત બીજી ૭ ધાતુપ્રતિમાઓ હતી તે પરના લેખો ૧૮ મી મેએ ઉતારી લીધા તે તેના વર્ષના અનુક્રમે નીચે પ્રમાણે છે:—

૧ સં. ૧૩૭૪ વર્ષે વૈશાખ શુદિ ૧૨ શ્રી બ્રહ્માણ ગચ્છે **શ્રી**માલીય પિતામહ શ્રે. વીસલ પિતા પદમ શ્રેયસં પ્રતિ પૈત્ર આસપાલેમ(ન) શ્રી ચંદ્રપ્રભ કા. પ્ર. શ્રી બુધિ-સાગર સૂરિભિ:। છદ્રિયર ગ્રામ વાસ્તવ્ય।

૨ સં. ૧૫ (=૧૫૦૦) વર્ષે શ્રી શ્રીમાલ જ્ઞા. સં. વન્ના ભા. ઝબાઇ પુત્ર સં. શ્રીવછ ભા. ગટી પુ. મેઘુ જગડૂ પંચાયણ શ્રેયોર્થે શ્રી વાસ (સુ)પૂજ્ય પ્રતિમા કરિતા પ્રતિ-ષ્ઠિતા શ્રી ગુણસાગર સૂરિભિ: તલાજા નગરે।

૩ સં. ૧૫૧૫ વર્ષે માર્ગ સુ ૧૦ ગુરૂ પુ. જ્ઞા.

(અનુસંધાન પા. ૧૧)

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्तयी नाथ! दृष्टयः।
न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે, પણ જે પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧-૮-૩૪ બુધવાર.

મુંગાં પ્રાણીઓ પર દયાહીન અત્યાચાર.—હજારો મેઢાં ને બકરાં ત્રાસદાયક રીતે દેવીની તુષ્ટિ કરવાના બહાને મદ્રાસના ઇલોર ગામમાં હિંદુઓ તરફથી કતલ કરવામાં આવે ને તે પર સરકાર કે આગેવાનો કે અદાલત કે સરકારી મોટા અમલદારો કંઈપણ ધ્યાન ન આપે એ અસહ્ય છે, મુંબઇની જીવ દયામંડળી આ બાબતમાં જે પોકાર ઉઠાવી રહી છે તેને સર્વ જૈન પ્રજાનો ટેકો છે. દુધાળાં ઢોર ને પ્રાણીને બચાવવા માટે અને કોઇપણ પ્રાણીનો ત્રાસ વર્તાવે એવી રીતે વધ અટકાવવા માટે કાયદા થવા જોઇએ છે, આ બાબતમાં ધારાસભાના સભ્યો તેમજ સરકારને તેવા કાયદા ઘડવા માટે ખાસ આગ્રહ કરવો જોઇએ અને સંગઠિત બળથી અહિંસક વૃત્તિવાળા લોકસમૂહે જોરથી શોરબકોર કરી તેમજ યોગ્ય પગલાં ભરી આવી ત્રાસદાયક કતલ થતી અટકાવવી જોઇએ.

બે સુશિક્ષિતોનો સ્વર્ગવાસ—ભાવનગરવાસી ડૉ. નાનાલાલ મગનલાલ મહેતા આઈ. એમ. એસ ત્રિચિનાપલ્લીમાં સરકારી નોકરીમાં વડા ડાક્ટર તરીકે છેલ્લાં બે વર્ષથી હતા તે આ ૧૯ મી તારીખે ત્યાં 'મેનિનજાઈટીસ' (મગજનો તાવ) ની બીમારીમાં સ્વર્ગસ્થ થયા તેથી ભારે શોક થાય છે. તેઓએ માનસહિત સને ૧૯૦૯ માં એલ. એમ. એંડ એસ. ની પદવી લઈ મર્હુમ શેઠ નરોત્તમદાસ ભાણજીની આર્થિક સહાયથી વિલાયત જઇ એફ. આર. સી. એસની પરીક્ષા પાસ કરી સને ૧૯૧૩ માં ઈંડિયન મેડિકલ સર્વીસની મોટી પદવી હાંસલ કરી અત્રે પધાર્યા હતા તે વખતે જૈન કોન્ફરન્સ હેરલ્ડમાં તેના ફોટા સહિત તેમનું ટુંક જીવન અમોએ આપ્યું હતું, હિંદમાં જુદે જુદે સ્થલે સરકારી હોદ્દો ભોગવી જર્મની સાથે મહાન વિગ્રહ થયો તે વખતે મેસેપોટેમીઆ ખાતે તેમને મોકલાતાં ત્યાં જર્મનોએ તેમને પકડી લીધા હતા, પણ તેમને ઘણી સાદી બરદાસ્ત સાથે રાખી છેવટે છોડી મૂકયા હતા. તેનું રસીલું વર્ણન તેમણે મિત્રો પાસે કહેલું અમને યાદ છે. પછી લડાઇનાં જુદાં જુદાં સ્થળે લેફ્ટેનંટ કર્નલ નાનાલાલને મોકલવામાં આવ્યા હતા. ત્યાંથી મદ્રાસ ઇલાકામાં જુદે જુદે સ્થાને સરકારી નોકરી કરી ત્રિચીમાં આવ્યા, ત્યાં ૪૭ વર્ષની વયે સ્વર્ગસ્થ થતાં તેમના કુટુંબને મોટો ઘા પડયો છે, જૈન કોમે પહેલો આઇ. એમ. એસ. ગુમાવ્યો છે. તેઓ સ્વભાવે શાંત સરલ નિરભસાર અને વિનયશીલ હતા. હોદ્દાનો ફાંકો જરાય હતો નહિ. તેમના આત્માને શાન્તિ મળો, અને તેમના કુટુંબી અને અન્ય ધૈર્ય રાખી આ આઘાત સહન કરશે એ ઇચ્છીશું.

બીજા સુશિક્ષિત ભાઈ તે ડૉકટર ત્રિભુવનદાસ ધરમચંદ શાહ, તેમણે એલ. એમ. એન્ડ, એસની પરીક્ષા પસાર કરી પછી ૧૯૩૦ ની સત્યાગ્રહની લડતમાં ઝંપલાવ્યું હતું અને બારડોલીના સરભોણ થાણાના મુખી તરીકે લોકહિતનું અચ્છું કાર્ય બજાવ્યું હતું. ધરાસણાની છાવણીમાં જતાં તેમને ગિરફતાર કરવામાં આવ્યા હતા ને ૬ માસની કેદની સજા કરવામાં આવી હતી. કારાવાસમાં સજા ભોગવી આવ્યા પછી શરીરની સ્થિતિ નરમ થઇ હતી અને બીજી વખત કારાવાસમાં જવાનું પરવડે તેમ ન હતું તેથી રચનાત્મક કાર્ય બને તેટલું કરતા હતા પણ મોટા ભાગે તો શારીરિક સ્વાસ્થ્ય માટે આરામ લેવાની તેમને ફરજ પડી હતી. તેમની શારીરિક-સ્થિતિ ઠીક થઇ હતી ગત નાતાલમાંજ આગાસના આશ્રમમાં તેમના વડીલ બંધુ ચુનિલાલ સાથે તેમની મુલાકાત થઇ હતી અને સ્વપ્નેય એમ લાગે તેમ નહોતું કે સાત મહિના પુરા થયા પહેલાં પરલોક સિધાવશે. અમદાવાદમાં દુંક સમય પહેલાં દવા કરાવવા તેમજ હવાફેર અર્થે આવતાં ત્યાં ત્રણ દિવસ પેટનો દુખાવો રહ્યો ને સ્વર્ગસ્થ થયા. મહાસભાવાદી, બારડોલીના જુના કાર્યકર્તા-ગાંધીજીના અનન્ય ભક્ત-જૈન ધર્મમાં પરમઆસ્થાવાળા સાદાઇ નિરાડંબર અને સેવાભાવથી આર્દ્ર નિઃસ્વાર્થે લોકહિત સાધનારા ભાઇ ત્રિભોવનદાસના પરલોકગમનથી ઘણું લાગી આવે છે, પરંતુ જ્યાં જુવી ત્યાં બુવી નથી-નામ તેનો નાશ છે-દેહ નશ્વર છે, ત્યાં શો ઉપાય? તેમણે તો જનકલ્યાણ યથાશક્તિ નિઃસ્વાર્થ ભાવે સાધ્યું-તેનું દૃષ્ટાંત આપણા સેવાવાંછુ ગ્રેજ્યુએટો-ભણેલાઓ લે એમ ઇચ્છી તેમના આત્માને સદ્‌ગતિ પ્રાપ્ત થાઓ એ છેવટે પ્રાર્થીશું.

તંત્રી.

શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ.

ધાર્મિક પરીક્ષાઓ.

બોર્ડ તરફથી લેવામાં આવતી ધાર્મિક પરીક્ષાઓ તા. ૩૦ ડિસેમ્બર ૧૯૩૪ રવીવારના રોજ લેવામાં આવશે. સેન્ટરો ઉઘાડવા તથા અભ્યાસક્રમ, પ્રવેશપત્ર આદિ અંગે સંસ્થા સાથે પત્રવ્યવહાર કરવો.

જૈન યુગના ગ્રાહકોને—

આ પત્રે તૃતિય વર્ષ પૂર્ણ કરી ચતુર્થ વર્ષમાં પ્રવેશ કરેલ છે. આ અંકે ૪ વર્ષના ૪-૫ અંક છે, તેથી ચાલુ વર્ષના લવાજમના રૂા. ૧) બે મોકલાવી આપવા સાદર નિવેદન છે. લવાજમ નહિં મળેથી વી. પી. કરવામાં આવશે જે સ્વીકારવા વિનંતિ છે.

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ।

२०, पायधुनी, बम्बई नं. ३.

चौदवें अधिवेशन में पास हुआ

बन्धारण [CONSTITUTION]

[चौदवां अधिवेशन—बंबई ता० ५-६-७ मे १९३४]

१ उद्देशः—यह कॉन्फरन्स जिसका नाम श्री जैन श्वेतांबर कॉन्फरन्स रक्खा गया है इसका उद्देश जैन शिक्षण, धार्मिक, सामाजिक, आर्थिक, राजकीय और दूसरे जैन समाज और धर्म सम्बन्धी प्रश्नों पर विचार पूर्वक योग्य प्रस्ताव करने और उन प्रस्तावों को अमल में लाने के लिये उपाय करने का है।

२ कार्य विस्तारः—समस्त जैन समाज (संघ) सम्बन्धी प्रश्न ही कॉन्फरन्स ले सकेगी. ज्ञाति के, स्थानिक संघ के महाजन के और पंचों के तरकारी विवादग्रस्त विषयों को प्रत्यक्ष व परोक्ष कॉन्फरन्स नहीं ले सकेगी।

३ अधिवेशनः—कॉन्फरन्स की पिछली बैठक में निश्चित किये हुए समय व स्थल पर कॉन्फरन्स सामान्य रीति से वर्ष में एक वार होगी।

[अ] यदि एसा कोई भी प्रस्ताव गत् अधिवेशन के समय करने में नहीं आया होगा तो कार्यवाही समिति कॉन्फरन्स का अधिवेशन बम्बई में अथवा अन्य तीर्थ स्थल पर भरनेकी व्यवस्था करे।

[ब] कॉन्फरन्स की बैठक अनुकूल तीर्थ स्थानों में या बम्बई में बुलाने का संयोगवशात् न हो सके तो महामन्त्री साहिबान (जनरल सेक्रेटरीज) और कार्यवाही समिति-स्थाई समिति (स्टेंडिंग कमिटी) की तथा समाज के अन्य संभावित प्रांतिक अग्रेसरों की सभा अनुकूल स्थान में कोम के आवश्यक प्रश्नों पर विचार करने के लिये सामान्यतः हर साल बुलावेंगे।

४ प्रतिनिधिः—यह कॉन्फरन्स उन प्रतिनिधियों से बनेगी जो श्वेतांबर मूर्तिपूजक जैन होंगे और जिन्होंने सुकृत भंडार फंड में अपना हिस्सा-जिस वर्ष में अधिवेशन हो उस वर्ष का-दिया होगा वे ही निम्नलिखित नियमानुसार प्रतिनिधि हो सकेंगे।

[१] वह योग्य गृहस्थ या सन्नारी जिसको किसी शहर या गांव का संघ, सभा मंडल या संस्था प्रतिनिधि चुनकर भेजे।

[२] ग्रेज्युएट जिसमें हरेक युनिवर्सिटी और विद्यापीठ के ग्रेज्युएट, बेरिस्टर, हाई कोर्ट प्लीडर, ईन्जीनीयर, सब एसीस्टेन्ट सर्जन का समावेश होता है जिनकी सूची कॉन्फरन्स कार्यालय में रक्खी जायगी। उसमें जो नाम लिखे गये होंगे वही प्रतिनिधि गिने जांयगे।

[३] जैन वर्तमान पत्रों और मासिकों के अधिपति।

[४] स्वागत समिति के सभ्य (मेम्बर)।

नोटः—प्रतिनिधि की आयु १८ वर्ष से कम नहीं होना चाहिये। तथा सभा मंडल या संस्था कम से कम एक वर्ष पुरानी होनी चाहिये और वह स्थाई समिति (स्टेंडींग कमिटी) से स्वीकृत होनी चाहिये और उस सभा, मंडल या संस्था को अपना नाम कॉन्फरन्स कार्यालय में एक रुपया वार्षिक चन्दा जिस वर्ष में अधिवेशन हो उस वर्ष का देकर रजिस्टर कराया हुआ होना चाहिये।

५ प्रतिनिधि प्रमाणः—हरेक शहर या ग्राम के संघ, सभा, संस्था या मंडल को प्रतिनिधियों को निश्चित करते समय नीचे की बातें ध्यान में रखनी चाहियें।

[१] जिस शहर या ग्राम के अन्दर जैन घरों की संख्या सौ [१००] से अधिक न हो वहां क संघ पांच प्रतिनिधियों से अधिक नहीं चुन सकेंगे।

[२] जिस शहर या ग्राम के अन्दर जैन घरों की संख्या सौ से अधिक हो वहां के संघ पांच प्रतिशत के प्रमाण से प्रतिनिधि चुन सकेंगे।

[३] हरेक स्थान की सभा, संस्था या मंडल अधिक से अधिक पाच प्रतिनिधि अपने सभासदों में सेही चुन सकेंगे।

६ प्रतिनिधि फीसः—प्रतिनिधि की फीस रु० ३ और भोजन सहित रु० ५) होगी. स्वागत समिति (रीसेप्शन कमिटी) के सभ्य (मेम्बर) की फीस कम से कम रु० १०) होगी। जिस स्थल पर कॉन्फरन्स का अधिवेशन हो वहां प्रतिनिधियों की जो फी आवे उसमें से प्रत्येक प्रतिनिधि का एक रुपया कॉन्फरन्स के मुख्य कार्यालय को सुकृत भंडार फण्ड में दिया जाय।

७ विषय विचारिणी समिति (सबजेक्टस् कमिटी):— कॉन्फरन्स के अधिवेशन में पेश करने के प्रस्ताव बनाने वक्ताओं का चुनाव करने और स्थाई समिति (स्टेन्डींग कमिटी) के मेम्बरों के नाम निश्चित करने के लिये कॉन्फरन्स की बैठक के पहिले दिन विषय विचारिणी समिति (सबजेक्ट्सं कमिटी) बनाई जायगी।

विषय विचारिणी समिति सबजेक्ट्स कमिटी के चुनाव में हरेक प्रांत को प्रतिनिधित्व प्राप्त हो सके, इसलिये नीचे के नियम ध्यान में रखने चाहियें।

स्वागत समिति (रीसेप्शन कमिटी) में से २५ मेम्बर, जिस प्रांत में कॉन्फरन्स हो उसमें से २० अधिक मेम्बर, ग्रेज्युएटों में से १५ अधिपतिओं में से ४, कॉन्फरन्स के पिछल सब प्रमुख और चालू महामंत्रीयान (जनरल सेक्रेटरीज) प्रतिनिधियों में से विभागवार नीचे मुजब प्रतिनिधि स्वीकृत किये जावेंगे। (१) बङ्गाल ५, (२) बिहार उडीसा २ (३) संयुक्त प्रांत ५, (४)पञ्जाब उत्तर पश्चिम सरहदी प्रांतों सहित १५, (५) सिंध २, (६) कच्छ २०, (७) पूर्व काठियावाड १५, (८) पश्चिम काठियावाड १५, (९) उत्तर गुजरात २५ (१०) दक्षिण गुजरात २०, (११) बम्बई ४५, (१२) महाराष्ट्र १३, (१३) दक्षिण महाराष्ट्र १२ (१४) मद्रास इलाका महीसूर सहित ३, (१५) निजाम राज्य २, (१६) मध्यप्रान्त (बरार सहित) ७ (१७) मध्य हिन्द पूर्व विभाग ३, (१८) मध्य हिन्द मालवा ७, (१९) मारवाड १२, (२०) मेवाड ७, (२१) पूर्व राजपूताना के राज्य ५, (२२) अजमेर मेरवाडा ५, (२३) बरमा ५, (२४) एडन १, (२५) अफ्रीका २, और (२६) दिल्ही ५। विषय विचारिणी समिति (सबजेक्ट्स कमिटी) में सभापतित्व का कार्य कॉन्फरन्स का प्रमुख करेगा और उसकी अनुपस्थिति में स्वागत समिति (रीसेप्शन कमिटी का प्रमुख कार्य करेगा।

स्वागत समिति (रीसेप्शन कमिटी), ग्रेज्युएट, अधिपति और उपरोक्त सब प्रकार के विभागों के प्रतिनिधि कॉन्फरन्स के पहिले दिन विषय विचारिणी समिति (सबजेक्ट्स कमिटी) में अपनी ओरसे जो सभासद चुनना चाहते हों उनके नाम स्वागत समिति (रीसेप्शन कमिटी) के मंत्री को लिख भेजने की कृपा करें।

विषय विचारिणी समिति (सबजेक्ट्स कमिटी) के लिये यदि उनके नाम चुन कर न आयेंगे तो उपस्थित प्रतिनिधियों में से महा मन्त्री (जनरल सेक्रेटरी) उनका चुनाव करेंगे।

आवश्यकता पडने पर प्रमुख साहिब अपनी ओर से ५ तक सभासद विषय विचारिणी सामति (सबजेक्ट्स कमिटी) में चुन सकेंगे।

८ कैसे प्रस्ताव कॉन्फरन्स में पेश हो सकेंगे ? उपरोक्त रीति से बनाई हुई विषय विचारिणी समिति (सबजेक्ट्स कमिटी) में हाजिर रहे हुए मेम्बरों का बहुमत भाग जिसके पक्ष में होगा वही प्रस्ताव कॉन्फरन्स में पेश होंगे।

९ स्थाई समिति (स्टेन्डींग कमिटी) का कार्य:— नीचे बताए हुए कार्यों के लिये कॉन्फरन्स की बैठक के समय एक स्थाई समिति (स्टेन्डींग कमिटी) चुनी जायगी जो साधारणतया प्रत्येक कार्य कार्यवाही समिति द्वारा करेगी।

[१] कॉन्फरन्स ने अपनी बैठक में जो प्रस्ताव पास किये हों उनको कार्य रूप में लाना।

[२] कॉन्फरन्स की आगामी बैठक बुलाने के लिये व्यवस्था करना।

[३] कॉन्फरन्स में आवश्यकीय रुपया जमा करना और खर्च करना।

[४] कॉन्फरन्स का सोंपा हुआ रुपया और दान का हिसाब किताब रखना।

१० स्थाई समिति (स्टेन्डींग कमिटी) का चुनाव:— कॉन्फरन्स की बैठक के समय विचारिणी समिति (सबजेक्ट्रस कमिटी) लगभग २५० की संख्या की एक अखिल भारतवर्षीय स्थाई समिति (ऑल इन्डिया स्टेंडींग कमिटी) का चुनाव कर वह नाम कॉन्फरन्स की मंजूरी के लिये पेश करेगी। स्थाई समिति (स्टेंडिग कमिटी) का नीचे लिखे अनुसार प्रांतों और शहरों में चुनाव किया जावेगा।

बंगाल ७ बिहार उडीसा १, संयुक्तप्रांत ६, पंजाब १०, सिंध २, कच्छ १२,

कठियावाड़ ३६

झालावाड विभाग ८, गोहीलवाड विभाग १०, सोरठ विभाग १०, हालार विभाग ८.

उ० गुजरात ५४

अहमदाबाद शहर और जिला १६ पाटन शहर और तालुका ७, बडोदरा, खंभात, खेडा तथा आसपास का विभाग ७, राधनपुर एजन्सी ५ पालणपुर एजन्सी ५, कडी प्रांत ७, महीकांठा विभाग ७,

द० गुजरात १८

सूरत जिला ८, भरुच जिला ३, बलसाड, नवसारी, बीलीमोरा और आसपास का विभाग ७, बम्बई ४५, उ० महाराष्ट्र १६, द० महाराष्ट्र ९, मद्रास-मैसूर सहित २, निजाम राज्य २, मध्य प्रांत ५, मध्य हिन्द पूर्व ५, मालवा ५, मारवाड १०, मेवाड ५, पूर्व राजपुताना ३, अजमेर-मेरवाडा २, बरमा २, दिल्ली प्रांत ३.

कॉन्फरन्स अधिवेशनों के सभापति अपने पदाधिकार से स्थाई समिति (स्टेन्डिंग कमिटी) के सभ्य गिने जांयगे।

अखिल भारतवर्षीय स्थाई समिति (ऑल इन्डिया स्टेन्डिंग कमिटी) की बैठक आमंत्रण करके किसी भी स्थान पर बुलाने के लिये कार्यवाहक समिति प्रबन्ध करेगी तथा इस समिति का कार्य सरलता से हो इस लिये उप नियम बनाने की सत्ता इस समिति को होगी।

નવું સાહિત્ય—અવલોકન.

જૈન પ્રકાશ-ઉત્થાનનો મહાવીર જયંતી વિશેષાંક—વીરાત્ ૨૪૫૦ જૈન સ્થા. કૉન્ફરન્સના મુખપત્ર જૈન પ્રકાશનો ઉત્થાનના સંચાલકોની સહાયથી કાઢેલો આ વખતનો શ્રી મહાવીરના જીવન ચરિત્ર સંબંધીનો ખાસ અંક ખાસ લક્ષ ખેંચે એવા લેખોથી યુકત છે. લેખો સંખ્યામાં થોડા છે પણ આંતરિક મૂલ્યમાં વિચારોત્પાદક અને ગૌરવમય છે-તેમાં ખાસ અતિશ્રમ લઇ તૈયાર કરેલા એવા ઉલ્લેખનીય અને મનનીય લેખો તે પં. બહેચરદાસજીનો 'રૂઢિચ્છેદક મહાવીર' પં. સુખલાલજીનો 'ધર્મવીર મહાવીર', અને 'કર્મવીર કૃષ્ણ' પં. શાંતિલાલનો 'જ્ઞાતૃવંશ, પં. દલસુખનો પાર્શ્વાપત્યીયો અને મહાવીરનો સંઘ, પં. ખુસાલદાસનો 'મખમ્લિ ગોશાળક અને તેનો મત' અને શતાવધાની મુનિ શ્રી રત્નચંદ્રજીનો સંસ્કૃત લેખ નામે 'રેવતી-દાન-સમાલોચના છે. અને આ અંકની પૂર્ત્તિ રૂપે પ્રો૦ શ્રી ક્ષિતિમોહન સેનનો 'જૈન ધર્મની પ્રાણશકિત' એ નામના લેખમાં પ્રતિભા, પાંડિત્ય, અને અભ્યાસ ઝળકેછે. આ સાથે રા૦ ચુનિલાલ વર્ધમાન શાહનો 'જીવનકળાની આચરણીયતા' જરૂર આદરણીય છે. ડૉ. ત્રિભોવનદાસનો 'મહાવીરની તપશ્ચર્યા સમયની કેટલીક વિચારણા' એતો ગણિત શાસ્ત્રની કસોટી કરાવે તેવો છે.

'રૂઢિચ્છેદક મહાવીર' ના લેખમાંથી જળસ્નાનનું પુણ્ય, અપુત્રની અધ્રગતિ, વૈદિક સંસ્કૃતિ અને સંસ્કૃત ભાષાનું મહાત્મ્ય, સૂર્ય ચંદ્ર ગ્રહણ સંબંધી માન્યતા, યુધ્ધ કરી મરનારને સ્વર્ગ પ્રાપ્તિ, દિશાઓનુ પૂજન, વીગેરે જડ ઘાલી ગયેલ' રૂઢિઓ ધર્મ નથી એવું પોકારનાર રૂઢિચ્છેક માહાવીર તથા શ્રી બુધ્ધ બંને સુધારકો હતા એ વાત પં. બહેચરદાસજી એ સપ્રેમાણ સમજાવ્યો છે.

કાશી હિન્દુ યુનિવર્સિટીમાં જૈન પ્રોફેસર પં૦ શ્રી સુખલાલજી નો ધર્મવીર મહાવીર અને કર્મવીર કૃષ્ણ નામનો વિસ્તૃત લેખ બંનેના ચરિત્રો સરખાવી તેમાં જણાતી અદ્ભુત સમાનતા આશ્ચર્યપ્રદ છે. તીર્થંકરો મનુષ્ય હતા અને તે તરીકે મોક્ષ--નિર્વાણની પ્રાપ્તિ કરી છે. મનુષ્ય પૂજ્યમાં દૈવી ભાવનું મિશ્રણ દરેક ધર્મના પ્રવર્ત્તક કે મહાપુરૂષ--મહાસતીના ચરિત્રમાં વણાયેલું રહે છે તે તેમની લોકોત્તર મહત્તા સૂચક છે. આનું મથાળું દૈવી પૂજ્યમાંથી મનુષ્ય પૂજ્યના ક્રમિક વિકાશ આપેલું છે તે આખા લેખનો અર્ક છે. તે વાત સુંદર પ્રમાણપૂર્વક પૂરવાર કરવામાં આવી છે. આખો લેખ મનનીય છે.

ભગવાન મહાવીરના વંશનું નામ જ્ઞાતૃવંશ હતું અને તે પરથી તેમનું નામ જ્ઞાતૃપુત્ર નાયપુત્ત કે નાતપુત્ત જૈનાગમમાં છે ને બુધ્ધાગમમાં નાથપુત્ત કે નાટપુત્ત જણાવેલ છે. આ અને તે સંબંધી બીજી હકીકતો પ્રમાણોથી બતાવવા માટે તેના લેખક શ્રી શાંતિલાલને અભિનંદન છે. તે ભગવાનના સમયમાં પાર્શ્વનાથના અનુયાયીઓ કે જેના મુખ્ય તરીકે કેશી સ્વામી વિચરતા હતા તેઓ અને શ્રી મહાવીરના સંઘ સાથેનો સંબંધ શ્રી દલસુખભાઇએ પોતાના અભ્યાસના પરિણામે પ્રમાણ પૂર્વક બતાવ્યો છે કે તેમાં પણ લેખક મહેનત લેવામાં કચાશ રાખી નથી. ડાક્ટર ત્રિભોવનદાસે પ્રભુના તપશ્ચર્યાના સમયની વિચારણા કરી છે જ્યારે શ્રી ખુશાલદાસે મખલી ગોશાલક અને તેના મત સંબંધી લાંબી વિચારણા કરી વિશાલ લેખ લખ્યો તે અભ્યાસ કરવા યોગ્ય છે.

શતાવધાની રત્નચંદ્રના સંસ્કૃત શ્લોક અને તે પર સંસ્કૃત-ટીકાવાળા લેખ સાથે હિન્દી ગુજરાતીમાં અનુવાદ મૂકયો હોય તો લોકો વિશેષકરી સરલતાથી સમજી શકત. આમાં શ્રી મહાવીરને ગોશાલકની તેજો લેસ્યાથી થયેલ જ્વર અને દાહના નિવારણાર્થે સિહ મુનિને બોલાવી રેવતીને ત્યાંથી શુધ્ધ આહાર લાવવા કહ્યું તે વખતે એમ ખાસ કહ્યું કે 'મમ અટ્ઠાએ દુવે કવોયસરીરા ઉવકખડિયા તેહિંનો અટ્ઠો'' અત્થિ સે અન્ને પારિયાસિએ મજ્જાર કડએ કુક્કુટમંસએ તમાહરાહિ એ એણું, અટ્ઠાએટલો મારા અર્થનાં બે કપોત શરીરો ઉપસ્કૃત છે તેથી અર્થ નથી--તે લાવવાનાં નથી પણ અન્ય પર્યુષિત માર્જારકૃત કુકકુટમાંસક છે તે લઇ આવ કે જેથી અર્થ છે--જે ખપમાં લાગે તેમ છે. આ શબ્દોમાં 'કપોતશરીરો' 'માર્જારકૃત' 'કુકકુટમાંસક' એ શબ્દો માંસ સૂચક છે ને તે માંસનું ભક્ષણ મહાવીર પ્રભુએ કર્યું એમ કેટલાક દોષ ચડાવે છે તે તેના અન્ય ખરા અર્થને નહિ સમજવાને લઇને છે અને તેના અર્થ વનસ્પતિ સૂચક છે. કપોત એટલે કૂષ્માંડ કોળું. માર્જાર એટલે રક્ત ચિત્રક નામના નાના વૃક્ષથી ભાવિત--સંસ્કૃત, કુકકુટ એટલે માતુલુંગ--બીજોરું તેનો માંસ એટલે ફલગર્ભ એ અર્થ સમજવાના છે. શ્રી મહાવીરે ચાલુ અર્થમાં પ્રાણીનું માંસ તે કર્મ બંધ હેતુવાળું નરકદાયી હોવાનું જણાવ્યું છે તે કદિપણ મંગાવે કે ગ્રહણ કરેજ નહિ. આ લેખ ડાકટર હર્મન જેકોબીને મોકલાવાય તો તેની તથ્યતા સ્વીકારે એમ લાગે છે. બીજા લેખો પણ વાંચવા વિચારવા જેવા છે. એકંદરે આ અંકથી શ્રી મહાવીર પ્રભુના જીવન સંબંધીનાં સાધનોમાં એક ઉપયોગી વધારો થયો છે એ નિશંક વાત છે. સમર્થ અભ્યાસી લેખકોના લેખોવાળા આવા અંક દર વર્ષે બહાર પાડવાથી શ્રી મહાવીર પ્રભુની જયંતી ઉજવવાની ધ્રુવસ્મૃતિ રહે તેમ છે તો તેનું અનુકરણ દરેક જૈન પત્ર કરશે.

The Comparative Prakrit Grammar—લે. અને પ્ર. વી. જે. ચોકશી બી. એ. લેરીઆપોળ ઝવેરીવાડ અમદાવાદ પ્ર. ૮+૭૫ કિં. દશ આના વીરવિજય પ્રિ. પ્રેસ અમદાવાદ) મુંબઇ યુનિ. માં પ્રીવિઅસ અને બી. એ. માં અર્ધમાગધીના અભ્યાસીઓને સરલતા પડે તે માટે આ તુલનાત્મક પ્રોકૃત વ્યાકરણની અંગ્રેજીમાં ઘટના થઇ છે. બી. એ. માં શ્રી હેમાચાર્ય કૃત વ્યાકરણનો આઠમા અધ્યાય—ચતુર્થપાદ નિયત કરવામાં આવ્યો છે, તે ધ્યાનમાં રાખી પ્રાકૃતની ઉત્પતિ, તેના પ્રકાર, તે અને સંસ્કૃત વચ્ચેની અરસપરસ અસર, શિલાલેખની અને સાહિત્યની પ્રાકૃતોનો સંબંધ, દરેક પ્રાકૃતોની ખાસ લાક્ષણિક વિશિષ્ટતાઓ વગેરે રૂપ આપતો છુટી છુટી પ્રથમ ભાગમાં સારરૂપે મૂકી પછી બીજા ભાગમાં સંસ્કૃત ધાતુઓને બદલે અને તેઓનાં પ્રેરક રૂપોની બદલીમાં મૂકાતી પ્રાકૃતની જુદી ધાતુઓ, અનિયમિત રૂપો, પ્રકીર્ણ નિયમો, શકયભેદના ખાસ ફેરફાર, વિલક્ષણ રીતે થયેલા અને દ્વિઅર્થી શબ્દો આપેલ છે. પ્રાકૃત ભાષાઓ સંબંધી છપાયેલા જુદાં જુદાં પુસ્તકોની મદદ લઇ એક પ્રોફેસર વિદ્યાર્થીઓને નોટસ લખાવે તે રીતે ભાઇ ચોકશીએ સરલ અને પ્રાંજલ નોંધ લખી પ્રકાશિત કરી છે અને તે માત્ર વિદ્યાર્થીઓનેજ નહિ, પરંતુ સામાન્ય અભ્યાસીને પણ ઉપયોગી નિવડે તેમ છે. અમોને તે વાંચતાં આનંદ આવ્યો છે અને તેમાં અપભ્રંશ કે જે ગુજરાતી ભાષાની જનની છે તેનાં ખાસ લક્ષણો, રૂપો, વિભકિતઓ વિગેરે પર પણ સરલ બોધ આપે તેવી રીતે ઘટના કરી છે તેથી વિશેષ રસ પડે તેમ છે. દરેક ભાષાશાસ્ત્રી કે ભાષાના ઇતિહાસમાં રસ લેનાર આ પુસ્તિકાથી જરૂર લાભ ઉઠાવશે.

સમાજ સંબોધન.

દુર્ભાગ્યે જૈન સમાજ! તારી શી દશા આ થઈ ગઈ
કંઈ ના રહ્યું અવશેષ ગુણની કીર્ત્તિ ખોવાઈ ગઈ
શિક્ષા ગઈ સંપત્તિ ગઈ વિદ્યારુચિ જાતી રહી
અજ્ઞાન દુર્વ્યસનાદિથી મરણોન્મુખી કાયા થઈ—૧

તે સત્યતા સમુદારતા તુજમાં નજર પડતી નથી
દૃઢતા નથી ક્ષમતા નથી કૃતવિજ્ઞતા કંઈ પણ નથી
બધી ધર્મનિષ્ઠા ગઈ ઉડી કંઈ સ્વાભિમાન રહ્યું નથી
ભુજબલ નથી તપબલ નથી પૌરૂષ નથી સાહસ નથી—૨

શું પૂર્વજોનું લોહી તારી નસ મહીં વહેતું નથી?
શું લુપ્ત થાતા દેખી ગૌરવ ક્લેશ દિલ રહેતું નથી?
ઠંડા થયો ઉત્સાહ સઘળો આત્મબલ જાતું રહ્યું
ઉધ્ધારની ચર્ચા નહિ, બસ પતન દેખાતું રહ્યું—૩

પૂર્વજ અમારા કોણ? ને તે કૃત્ય શું શું કરી ગયા?
શા શા ઉપાયોથી કઠિન ભવસિંધુને પણ તરી ગયા
કેટલો ધરતા હતા તે પ્રેમ ધર્મ–સમાજથી
સંલગ્ન પરહિતમાં થઇ મતલબ ન રાખી સ્વાર્થથી—૪

જે તત્વ શોધ્યા આત્મ જીવન કાજ તે તો શાં હતાં?
નિજ ઉન્નતિને કાજ કેવા માર્ગપર વહતા હતા?
ઇત્યાદિ વાતોપર નહિ તવ વ્યક્તિઓનું ધ્યાન છે
તે મોહ નિદ્રામાં પડી તેને નહિ નિજ જ્ઞાન છે—૫

સર્વસ્વ ખોઇ એમ તું હવે દીન હીન અનાથ છે
કેવું પતન તારું થયું, તું રૂઢિઓનો દાસ છે
તે પ્રાણહારિ પિશાચિનીની જાલમાં, શાને ફસ્યો?
જો જીવવાને ઇચ્છતો, તો છોડ તું એનો પલો—૬

જે આત્મબલને તું ભુલ્યો તેને તું રાખી જ્ઞાનમા
જે શક્તિશાલી ઐક્ય છે તેને તું રાખી ધ્યાનમાં
નિજ પૂર્વજોનું સ્મરણ કર કર્ત્તવ્યપર આરૂઢ થા
બન સ્વાવલંબી ગુણગ્રાહક કષ્ટમાં ન અધીર થા—૭

સદ્ દૃષ્ટિ–જ્ઞાન–ચરિત્રનો સુપ્રચાર હો જગમાં સદા
એ ધર્મ છે, ઉદ્દેશ છે, તેથી ન વિચલિત થા કદા
'યુગ-વીર' બન જો સ્વપરહિતમાં લીન તું સત્વર થશે.
તો યાદ રખ, સહુ દુઃખ સંકટ શીઘ્રતાથી મટી જશે.—૮

—'યુગવીર'ના હીંદી કાવ્યપરથી
ગુજરાતી અનુવાદ.

સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોને વિનંતિ.

જે સભાસદોએ બંધારણાનુસાર પોતાના ચાલુ વર્ષના સુકૃત ભંડાર ફંડના ફાળામાં ઓછામાં ઓછા રૂપીઆ પાંચ મોકલાવ્યા ન હોય તેઓને તે રકમ શિઘ્ર મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

—કૉન્ફરંસ કાર્યાલય.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

બનારસ વિશ્વવિદ્યાલયમાં અપાનારી છાત્રવૃત્તિઓ.

આ કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિએ રુ. એક હજાર સુધીની છાત્રવૃત્તિઓ બનારસ યુનિવર્સીટીમાં જૈન સાહિત્ય, તત્વજ્ઞાન આદિ વિષયોનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવા નિરધાર કરેલો છે. અને તેની છેવટ મળેલી સભાએ એવો નિર્ણય કર્યો છે કે આ છાત્રવૃત્તિઓ નીચેની વિગતે, લાયકાત ધરાવનાર કોઇપણ જૈન વિદ્યાર્થીને ફીરકા ભેદ બગર તેમજ જૈનેતરને, કે જેઓ જૈન ન્યાય તત્વજ્ઞાન આદિનો સદરહુ યુનિવર્સીટીમાં અભ્યાસ કરે તેને આપવી. જેઓ આવી છાત્રવૃત્તિઓ મેળ્વવા માંગતા હોય તેમણે પોતાની યોગ્યતા, અભ્યાસ જ્ઞાતિ, ઉમર, વતન, અને અભ્યાસ કયા વર્ષમાં કરે છે વગેરે હકીકતો સાથે પોતાની અરજી પંડિત સુખલાલજી જેઓ બનારસ યુનિવર્સીટીમાં કૉન્ફરન્સે સ્થાપેલ 'જૈન ચેર'ના અધ્યાપક છે તેમને બનારસ મોકલી આપવી.

છાત્રવૃત્તિઓની વિગતો.

૧. જૈન સાહિત્ય, તત્ત્વજ્ઞાન વગેરેનો અભ્યાસ કરતા એમ. એ.ના વિદ્યાર્થીઓ માટે બે સ્કૉલરશિપો દરેક માસિક રુ. ૧૫)ની,

૨. જૈન તત્ત્વજ્ઞાન વગેરે લઈને એમ. એ. થયા પછી સંશોધન કાર્ય (Research work) માટે એક સ્કૉલરશિપ પ્રથમ વર્ષ માસિક રુ. ૩૦) અને તે વર્ષનું સંશોધન કાર્ય પસંદ થયેથી દ્વિતિય વર્ષે માસિક રુ. ૪૦) આપવામાં આવશે.

૩. યોગ્ય પંડિતને સંશોધન કાર્ય માટે છાત્રવૃત્તિ એક–ત્રણ વર્ષ માટે પ્રથમ વર્ષ માસિક રુ. ૨૦), બીજા અને ત્રીજા વર્ષે માસિક રુ. ૨૫)ની અપાશે. પ્રથમ અને દ્વિતિય વર્ષનું સંશોધન કાર્ય પસંદ થયેથી આગલના બર્ષ માટે આપવામાં આવશે.

૪. શાસ્ત્રીની પરીક્ષા માટે ત્રણ છાત્રવૃત્તિઓ: અભ્યાસક્રમનાં પહેલાં, બીજાં અને ત્રીજા વર્ષ માટે અનુક્રમે રુ. ૫), રુ. ૬), રુ. ૭)ની માસિક સ્કૉલરશિપો આપવામાં આવશે.

૫. આચાર્યની પરીક્ષા માટે ત્રણ છાત્રવૃત્તિઓ: અભ્યાસક્રમનાં પહેલાં, બીજાં અને ત્રીજાં વર્ષ માટે અનુક્રમે રુ. ૮), રુ. ૯), અને રુ. ૧૦)ની માસિક સ્કૉલરશિપો આપવામાં આવશે.

૬. જૈન તત્ત્વજ્ઞાન વગેરે શીખતા બી. એ.ના વિદ્યાર્થીઓ માટે માસિક રુ. ૧૦)ની એવી બે સ્કૉલરશિપો.

છાત્રવૃત્તિઓ જે અરજદારોને આપવામાં આવશે તેમણે અભ્યાસ વિષયક પ્રગતિ અને વર્તન સંબંધે નિયમિત રીતે સર્ટિફિકેટો રજુ કરવા પડશે.

આ છાત્રવૃત્તિઓ (સ્કૉલરશિપો) કૉન્ફરંસની કાર્યવાહી સમિતિ વખતો વખત જે નિયમો અને ધારાધોરણ ઘડશે તેને આધીન છે. અરજીઓ નીચેને સરનામે કરવી અને આ કૉન્ફરન્સે સ્થાપન કરેલ 'જૈન ચેર'ના હાલના પ્રોફેસર પંડિત સુખલાલજી મારફતે મોકલાવવી.

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ,
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ,
૨૦, પાયધુની, **મુંબઈ.**

રણછોડભાઈ રાયચંદ ઝવેરી,
અમૃતલાલ કાલિદાસ
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ

આ પત્ર મી. માણેકલાલ ડી. મોદીએ ધી કલાપી પ્રિ. પ્રેસ, સુતાર ચાલમાંથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ માટે ૨૦, પાયધુની, મુંબઈ ૩થી પ્રગટ કર્યું.

(૯ મા પાનાથી ચાલુ)

કવવહિયા ગોત્રે સા. સારંગ ભા. લલી પૂ. નાવાકેન ભા. જેતી ૦૦ પારસ જુ. શ્રી પાર્શ્વનાથ બિં. કા. પ્ર. શ્રીમદ્દી તિલકસૂરિભિઃ ॥

૪ સંવત્ ૧૫૪૭ વર્ષે સુદિ માઘ ૧૩ રવૌ શ્રી શ્રીમાલી જ્ઞા. મં. કૂંભા ભાર્યા કર્ણાદે પુ. ૨ મં. વાછાકેન ભાર્યા કુતિગદે પુ. જગા જાવડ યુતેન મ. ભ્રાતૃ મં. વર્ધ્ધમાન ભાં. તેજૂ પુ. ૪ વીરપાલ તેજપાલ સહજપાલ અમીપાલ યુતેન પિતૃ શ્રે. યો. ચતુર્વિંશતિપટ્ટઃ શ્રી શાંતિનાથ કા. પ્ર. શ્રી પૂર્ણિમા પક્ષે શ્રી દેવપુંહર સૂરિભિઃ॥

૫ સં. ૧૭૦૫ વ.—વ. ૨ દિ. ૭ શ. વૃધ્ધ. આ. ધરી નામ્ન્યા મ(મુ)નિસુવ્રત પ્ર. શ્રી વિજયદેવ.

૬ શ્રીં અજિતનાથ સાહાજ્ય કા. પ્ર.

દેરાવાસી મુનિ રમણિકસાગરે ત્યાં નવી જૈન શાળા ખોલાવી વિદ્યાર્થીઓને ભેગા કર્યા તેમાં જઈ તેમનાં રાજકોટ વગેરે સ્થળોની વાતો સાંભળી. ત્યાં થયેલ કુસંપ અને કલેશમય વાતાવરણ દુર કરવા મને ભલામણ કરી અને મેં મારી અશક્તિ બતાવી જણાવ્યું કે સાધુના નિમિત્તે થતા કલેશોનું નિવારણ તે સાધુએજ કરવું ઘટે, તેમની સાથે એક તેરાપંથી સાધુ કે જેનું નામ પુષ્પવિજય રાખ્યું હતું તે હતાને તેની સાથે તેમને ચોટીલામાં ઝઘડો થયો ને તેનાં મુનિચિન્હો પાત્રાદિ લઈ લેવામાં આવ્યાં ને તે માટે સ્થાનકવાસી સાધુઓ પાસે કોર્ટએ માગણી કરી એ વાત તે સાધુઓ પાસે જતાં સાંભળી. મુનિસંમેલને સાધુ વ્યવહાર બહુજ સુધારવાની જરૂર છે છતાં એ માટે જોઈએ તેવાં અસરકારક પ્રબંધવાળાં પગલાં ભર્યાં નથી તેથી કોઇ દાદ કે ફર્યાદ સાંભળે તેવી સ્થિતિ રહી નથી. આવી વિષમ સ્થિતિમાં શ્રાવકસંઘે કાર્ય હાથમાં લેવું જોઇએ.

સ્થા. સાધુ શ્રી ગુલાબચંદજી તો મારા બાળપણથી પરિચયી—તેમનું ચાતુર્માસ મારા મોસાળ થાનમાં ઘણી વખત થયેલ અને આ વર્ષે પણ ત્યાંજ નક્કી થયું છે, તેમનો પુસ્તકભંડાર તાળાકુંચીવાળા કબાટો આદિમાં થાનના સ્થા. ઉપાશ્રયમાં ઘણાં વર્ષોથી વિદ્યમાન છે તેનો ઉધ્ધાર કરવા અને તે મારા જેવા સાહિત્યવિલાસીને ખપમાં આવે તેવો પ્રબંધ કરવા આગ્રહ કર્યો. તેમણે તેમ કરવાની તૈયારી બતાવી, પણ તે માટે થાનનો સંઘ જુદું પાકું મકાન બંધાવી આપે તો તેમાં ખુલ્લો મૂકાય એમ જણાવ્યું. આમ કોણ જાણે કયારે બને, ને તે ભંડાર કયારે ખુલ્લો થાય!! સદાને માટે તાળા કુંચીમાં ભરાઇ રહેલા ભંડારોનો સત્વર ઉધ્ધાર સર્વ સ્થળે થાય તેમાં જૈન શાસ્ત્રનો પ્રચાર છે, જૈન સાહિત્યની પ્રભાવના છે ને જૈન શાસનનો વિજય છે. બાકી તો અજ્ઞાનનાં આવરણો ભેદાય તેવાં નથી. તેમણે મારા જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઈતિહાસ સબંધી ચર્ચા કરી, અને કાલિકાચાર્ય ત્રણ ચાર થયા તેમના કાલસમયનો નિર્ણય હજુ કોઇ કરી શક્યું નથી એમ જણાવ્યું ત્યારે મેં તેમને શ્રી મહાવીર પ્રસાદ દ્વિવેદી સ્મારક પુસ્તકમાં મુનિશ્રી કલ્યાણવિજયજીના 'આર્ય-કાલક' નામના વિસ્તૃત હિંદી લેખની ખબર આપી તેમાં કાલનો નિર્ણય કરવામાં આવ્યો છે એમ કહી બતાવ્યું. તેમણે તેનો ગુજરાતીમાં સાર 'જૈન' પત્રાદિમાં પ્રકટ થાય એમ ઈચ્છયું. આ ગુલાબચંદજી તે શતાવધાની રત્નચંદ્ર મુનીના ગુરૂ થાય.

અહીં ચોટીલામાં એક ખાસ નોંધવા યોગ્ય વાત મળી. ત્યાં રહેનારા દેશાઇ અટકવાળા મારા કુટુંબીઓ થાય છે એટલું જ હું જાણતો હતો પણ ત્યાં એક પોસાગરી પાસેથી ટુંકો આંબો (વંશવૃક્ષ) એક સ્વર્ગસ્થ ભાઇએ પોતાના ચોપડામાં ઉતારી લીધેલ તે તેને ત્યાંના બધા ચોપડા વીંખતાં મળી આવ્યો. આથી અપૂર્વ હર્ષ થયો તે ટુંકમાં આ પ્રમાણે છે:—

પાટડીઆ દેશાઇ (મૂળ પાટડીથી ઉતરેલા)

ચોટીલા—ચતુર્ભુજ ભાઈચંદ ડોસા વિઠલ સગાળ જેઠા
સંઘજી વજરાજ પદમા ધરમશી દેવા રાઉલ ધીરા
રામસંગ લખમા મેહેપા લુણશી દેવડ માણંદ,

સં. ૧૨૭૫ માં પશ્ચાત મેતા માણંદથી દશાશ્રીમાલી કેવાણા કાત્રોડી મધે (આ કાત્રોડી ધાંગધ્રા તાબાનું હાલ ગામ છે)

આ ઉલ્લેખ પરથી સં. ૧૨૭૫ પહેલાં શું અમો વીસા શ્રીમાળી હતા? યા તે વર્ષમાં શું વીસા શ્રીમાળી ને દશા શ્રીમાળી એવા બે ભેદ પડયા?—એ બે વિકલ્પ થાય છે. તે પૈકી બીજો વિકલ્પ વધારે સંભવિત લાગે છે કારણ કે તે વસ્તુપાલ તેજપાલનો સમય છે અને તેમના સમયમાં તે બંને ભેદ પડયા એમ જનશ્રુતિ છે.)

ભડકવા—હીરાચંદ રવજી ત્રીકમ સગાલ.

ખેરડી—અમરશી લાલજી માદેવ કરમચંદ વીરચંદ
રાયચંદ માંડણ સંઘજી

લીંબા—હરચંદ. મોરાર મુલજી જેઠા સંઘજી
,, વાલજી (માવજી), થાવર ગુલાબચંદ કરમચંદ
,, પોપટ, રતના, સંઘજી

વેલાવદર—ગોવા જેસંગ માનસંગ વીરચંદ

લુણસર—(વાંકાનેરનું—મારૂં વતન) દલીચંદ મુળજી હરખા હાકરશી સમાળ.

જે પોસાગરી (વહીવંચાનું કામ કરે છે) પાસેથી ઉપરનો આંબો ઉતારવામાં આવ્યો તેનું નામ માણેકચંદજી અને તે રાધનપુરમાં રહે છે. આ બાબતની ખબર કોઇ રાધનપુરી ભાઇ બરાબર આપશે એમ ઈચ્છું છું.

અહીંથી મારા મોસાળ થાન જઈ ત્યાંના એક જૈન ગૃહસ્થના ખાસ આમંત્રણથી ત્યાંની હરિજનશાળામાં જઇ એકઠા થયેલા હરિજનો પાસે વ્યાખ્યાન આપ્યું. આ શાળા બંધાવવામાં મુંબઇ વસતા થાનવાસીઓ અને તેના મિત્રમંડળે ઘણી આર્થીક સહાય આપી છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. પછી રાજકોટ આવી રહ્યા. ત્યાં આપણા પઉમચરિયના જે સર્ગો મુંબઇ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં નિયત થયા છે તે પર અંગ્રેજી નોટ લખી બહાર પાડનાર એક નાગર ગ્રેજ્યુએટ રા. શાંતિલાલ છગનલાલ ઉપાધ્યાયે મને પોતાને ત્યાં લઇ જઇ તેમણે અમદાવાદની ગુજરીમાંથી એક મુસ્લિમ પાસેથી સસ્તામાં ખરીદેલી જૈન આગમો તથા પુસ્તકોની એકવીસ હસ્તલિખિત પ્રતો બતાવી અને તેમાંથી મેં

(અનુસંધાન પા. ૧૪ મે)

प्रांतिक समितिओंकी रचनाके लिए सूचनाएं.

(कॉन्फरंस ऑफिस.)

कॉन्फरन्सका कार्य विशेष प्रगतिमान बने और हर जगहपर इस महासंस्था की प्रवृत्ति, आवश्यक्ता, उपयोगिता के संबन्धमें जानकारी हांसिल हो तथा कॉन्फरंस समग्र जैन समाजका संगठन कर प्रगति कर सके इस हेतुसे बंधारण कलम १३ अनुसार प्रत्येक विभागमें प्रांतिक समितिओंकी स्थापना करना आवश्यक है. इसलिए:—

२. प्रत्येक नियुक्त किये गये प्रांतिक मंत्री अपने विभागकी प्रांतिक समिति स्थापित करनेके लिए शिघ्र प्रबंध करें.

३. कॉन्फरन्सकी अखिल भारतीय स्थायी समितिमे जो सभासद उस प्रांतके हों उनको सभासद गिनना. तदुपरांत अपने प्रांतकी वस्तीके प्रमाणमें बनसके उतने आवश्यक सभ्य उसमें बढाना,

४. (क) स्थायी समितिके सभ्य (ख) प्रांतके गामोंमेसे प्रतिनिधि (ग) स्थानिक सभ्य.

५. प्रांतिक समितिके सभासदोंके पास से प्रांत को अनुकूल हो तदनुसार'सुकृत भंडार फंड' की रकम निश्चित कर नियमित इकट्ठा करना.

६. कॉन्फरंसकी स्थायी समितिके जो सभ्य मुख्य ऑफिसको अपना चंदा भेजते हों उनके लिए उपरोक्त निश्चित रकम देना न देना उनकी ईच्छापर रहे.

७. इस समिति की सभाएं प्रांतिक मंत्री अपने प्रांतसे संबन्ध रखते कार्य तथा कॉन्फरंस के प्रस्तावों के अमलके लिए सयय समय पर बुलावें.

८. इन सब कार्यों के लिए तथा सुकृत भंडार फंड की वसूलात अपने प्रांतमें से करने आदि के लिए प्रांतिक ऑफिस रखना और कॉन्फरंसकी प्रांतिक शाखा का बोर्ड लगाना.

९. अपने प्रांतमे स्थानिक समितियां बनसके उतने स्थळोंपर स्थापीत करना और उसके द्वारा कॉन्फरंसके कामको प्रगतिमान् बनाना.

१०. कामकाज.

(१) इस प्रकार जो प्रांतिक समितियां बनाइ जांय वे सामान्यतः कॉन्फरन्सके ध्येय और उद्देशानुसार अपने प्रांतमे तालुक रखते सब कार्योंको करे और तत्संबंधी कार्यवाही समिति की अनुमति प्राप्त करे.

(२) अपने विभागमें स्थानिक समितियोंकी स्थापना करें.

(३) जहां आवश्यक हो वहां शिक्षण संस्थाओंकी स्थापना करने—करानेमें सहायता करना. बालक—बालिकाओंको शिक्षणकार्यमें यथाशक्य सहायता करना.

(४) शिक्षणकी आवश्यक्ता, कुप्रथाएं दूर करना, संगठन आदि बाबतों के लिए व्याख्यानों की योजना करना.

(५) धार्मिक खातों के हिसाबों की सुव्यवस्था, पाठशालाएं, लाईब्रेरीयां बढाना तथा उनकी सुव्यवस्थाके लिए आवश्यक कार्य करना.

(६) व्यायाम शाळा तथा स्वयंसेवक दळ बनवाना.

(७) सुकृत भण्डार फण्ड वसूल लेनेके लिए प्रबन्ध करना.

नोटः ईस फंड पर ही प्रांतिक समिति, मुख्य कार्यालय, और एज्युकेशन बोर्डके कार्यकी प्रगतिका आधार होनेसे नियमित सुकृत भंडार फण्ड वसूल लेनेके लिए सगीन व्यवस्था करना आवश्यक है.

(८) जैन श्वेतांबर एज्युकेशन बोर्डकी धार्मिक इनामी परिक्षाओंका (Religious Competetive Examinations) पाठशाळाओं के विद्यार्थी लाभ ले इसलिए बोर्डद्वारा निश्चित किया गया अभ्यासक्रम दाखिल कर बनसके उतने अधिक विद्यार्थी उपर्युक्त परिक्षाओं में बिठाना. 'अभ्यासक्रम'की नकल लिखनेसे मिल सकेगी.

(९) कॉन्फरंसके मुखपत्र 'जैन युग' के ग्राहक बढाना तथा कॉन्फरंसके प्रकाशन (प्रकट की गई पुस्तकों)की विक्री के लिए योग्य करना.

जैन श्वेतांबर कॉन्फरंस.
२०, पायधुनी, बंबई, ३.

कॉन्फरंस कार्यालय.

स्टेन्डिंग कमिटीके सभासदो कों—

१. इस पत्र के तृतिय वर्षका आखरी २४ वां अंक भेजा जा चुका है अब नवीन वर्ष प्रारम्भ होता है. नियमानुसर यह पत्र स्टे. कमिटीके सभ्योंको विना मूल्य भेजा जायगा.

२. गत अधिवेशनमें जो महाशय स्टेन्डिंग कमिटी के सभ्य चुंटे नहीं गये हैं उन्हें गत तृतिय वर्षके सब अंक भेजे जा चुके हैं. अब नवीन चतुर्थ वर्षके अंक मूल्य मिले विना भेजे नहीं जा सकते अतः पत्रका वार्षिक मूल्य रु. २) भेज अपना सहकार चालु रखें.

३. इस वर्षमें जो सभ्य तरीके चालु हैं उनके सिवाय नये चूंटे हुए सभासद अपना सुकृत भंडार फंडका चंदा कमसे कम रु. ५) शिघ्र भेज दें उक्त चंदा भेजनेकी निश्चित मुदत बीतनेपर, यदि चंदा नहीं मिला होगा तो का. समिति को अन्य नियुक्ति करना होगा इस तरफ सादर लक्ष खेंचनेमें आता है.

२०, पायधुनी, बंबई.

कॉन्फरन्स कार्यालय.

કચ્છ—આસંબીઆના જૈનોપર કહેવાતો અત્યાચાર.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ તરફથી નામદાર કચ્છના યુવરાજ શ્રી વિજય રાજજી બહાદુર, દિવાન સાહેબ અને પોલીસ કમીશ્નરને ભુજ (કચ્છ) નીચે મુજબ તારો આસંબીઆના જૈનો ઉપર ત્યાંના હાકેારે કરેલ દયાહિન કૃત્ય અંગે તા. ૧૦-૭-૩૪ના રોજ મોકલાયેલા છે:—

"NAMDAR YUVRAJ SHREE VIJAYRAJJI BAHADUR

(2) THE DEWAN SAHEB (3) THE POLICE COMMISSIONER. BHUJ (Cutch.)

SHOCKED TO HEAR REPORTS OF MERCILESS ACTION OF THAKORE SAGRAMJI OF ASAMBIA-MOTA RESULTING IN GREAT SUFFERING OF LOCAL JAINS. REQUEST IMMEDIATE INQUIRY AND PROTECTION TO JAINS."

'મોટા આસંબીઆના હાકેાર સંગ્રામજીના દયાહીન કૃત્ય જેનાંથી ત્યાંથી જનોને અત્યંત સહન કરવું પડ્યું છે તેનો રિપોર્ટ સાંભળી આઘાત થયો છે. તુરતજ તપાસ કરવા અને જૈનોને સંરક્ષણ આપવા વિનંતિ કરીએ છીએ'

તદુપરાંત સ્થાનિક અને કચ્છમાં વસતા જૈન બંધુઓ પાસેથી આ અંગેની જરૂરી હકીકતો મેળવવા તજવીજ થઈ છે.

નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

શ્રી ન્યાયાવતાર	... ...	રૂા. ૧—૮—૦
જૈન ડીરેકટરી ભાગ ૧ લેા	...	રૂા. ૦—૮—૦
,, ,, ભાગ ૧-૨ જો	...	રૂા. ૧—૦—૦
,, શ્વેતાંબર મંદિરાવળી	...	રૂા. ૦—૧૨—૦
,, ગ્રંથાવળી	... ...	રૂા. ૧—૦—૦
,, ગૂર્જર કવિઓ (પ્ર૦ ભાગ)		રૂા. ૫—૦—૦
,, ,, ,, ભાગ બીજો		રૂા. ૩—૦—૦
,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર)		રૂા. ૬—૦—૦

લખોઃ—**શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.**

૨૦, પાયધુની, મુંબઇ ૩.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

કાર્યવાહીની નોંધ.

મેનેજીંગ કમિટી.

મેનેજીંગ કમિટીની સભા તા. ૮-૭-૩૪ રવિવારના રોજ શ્રીયુત **મકનજી જે. મહેતા** બાર-એટ-લૉનાં પ્રમુખપણાં હેઠળ મળી હતી. જે સમયે (૧) કૉન્ફરન્સના ચૌદમાં અધિવેશન પ્રસંગે (તા. ૫ મે ૩૪) મુંબઈમાં પંડિત સુખલાલજીના પ્રમુખપણા હેઠળ બોલાવવામાં આવેલ જૈન શિક્ષણ સંસ્થા સંગઠનની પ્રાથમિક સભામાં જૈન શિક્ષણ સંસ્થાઓમાં અરસપરસ સહકાર સાધવા અને સિક્ષણ સંસ્થાઓને યોગ્ય માર્ગ દર્શન કરાવવા આદિ અંગે જે યોજના કરવામાં આવેલી છે (જુઓ 'જૈન યુગ' પાક્ષિક અંક તા. ૧૫-૬-૩૪ પૃષ્ઠ ૨૦૦) તે રજુ થતાં મંજુર રાખવામાં આવી અને તેને અમલમાં મૂકવા મંત્રીઓએ જૈન શ્વે. મૂ. શિક્ષણ સંસ્થાઓને સહકાર કરવા આદિ સંબંધે પત્રો લખવા અને તેમના જવાબ મળેથી તેની વિગતો આગામી મેનેજીંગ કમીટીમાં રજુ કરવા ઠરાવ્યું. (અ) શિક્ષણ પત્રિકા પ્રકાશન અંગે શ્રી ધીરજલાલ ટો. શાહ સાથે પત્ર વ્યવહાર કરવા ઠરાવ્યું. (૨) શ્રી ચંપકલાલ ડાહ્યાભાઈ શાહ અને શ્રી રતીલાલ સારાભાઈ ઝવેરીના નામો સહાયક સભાસદ થવા માટે રજુ થતાં મજુર રાખવામાં આવ્યાં.

જનરલ કમિટી.

જનરલ કમિટીની સભા તા ૮-૭-૩૪ના રોજ શ્રીયુત મકનજી જે. મહેતા, બારીસ્ટરના પ્રમુખપણાં હેઠળ થઇ હતી, જે સમયે નીચે પ્રમાણે કાર્ય થયું હતું.

૧ બોર્ડનો સંવત્ ૧૯૮૬ થી સં૦ ૧૯૮૯ સુધીનો રિપોર્ટ તથા આવક જાવકનાં હિસાબ તથા સરવૈયાં રજુ થતાં સર્વાનુમતે પાસ કરવામાં આવ્યા.

૨ મેનેજીંગ કમીટી તથા ઓડીટરોની નીચે મુજબ ચુંટણી સર્વાનુમતે થઇ.

શેઠ મોતીચંદ ગિ. કાપડીઆ, સોલિસિટર; **પ્રમુખ**
શેઠ સૌભાગ્યચંદ ઉ. દોશી, સોલિસિટર } **માનદ**
શેઠ બબલચંદ કેશવલાલ મોદી } **સહમંત્રીઓ.**

મેનેજીંગ કમીટીનાં સભ્યોઃ શ્રી મકનજી જે. મહેતા, શ્રી રણછોડભાઇ રાયચંદ ઝવેરી, શ્રા મહેનલાલ દલીચંદ દેશાઇ; શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, શ્રા ચીનુભાઈ લાલભાઇ શેઠ શ્રા મણીલાલ મોકમચંદ, શ્રી જમનાદાસ અમરચંદ ગાંધી, શ્રી ચંપકલાલ ડાહ્યાભાઇ શાહ, શ્રી નાનચંદ શામજી, શ્રી વલ્લભદાસ કુલચંદ મંડેતા, શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલ, શ્રી ચંદુલાલ સારાભાઇ મોદી, શ્રી ઝવેચંદ રતનચંદ માસ્તર, શ્રીરમણે-કલાલ કેશવલાલ ઝવેરી, શ્રી રતીલાલ સારાભાઇ ઝવેરી, શ્રી ચીમનલાલ મોતીલાલ પરીખ, શ્રી મેઘજ સોજપાલ, શ્રી સકરચંદ મોતીચંદ મૂલજી શ્રી મણીલાલ રિખવચંદ ઝવેરી.

(૧૧ મા પાનાનું અનુસંધાન)

લેખન, સાલ આદિ સહિતની લેખક પ્રશસ્તિઓ ઉતારી લીધી તે પૈકી આગમોમાં તિલકાચાર્યની વૃત્તિ સહિત જીત કલ્પસૂત્રની ૩૩ પત્રની પ્રત સં. ૧૪૭૬ માં લખેલી છે, બૃહત્ કલ્પ ચૂર્ણિની ૨૫૧ પત્રની પ્રતની પ્રશસ્તિ નોંધવા યોગ્ય છે:-

'ગ્રંથાગ્ર ૧૪૩૨૫. સંવત્ ૧૫૭૧ વર્ષે જ્યેષ્ટ શુદિ ૮ સોમે લિખિતં ॥ સંવત્, ૧૫૭૧ વર્ષે પૌષ વદિ ૧ સોમે। શ્રી આગમ ગચ્છે શ્રી જયાનંદસૂરિ। તત્પટ્ટે। શ્રી દેવરત્નસૂરિ। તત્ શિષ્ય શ્રી શીલરાજસૂરિ શ્રી શીલવર્ધ્ધન સૂરિ। તત્પટ્ટે સંયમયોગ સાધન સાવધાન। વિરાજમાન। ગચ્છનાયક ભટ્ટારક શ્રી વિવેકરત્ન સૂરીણામુપદેશેન। આચાર્ય શ્રી સંયમ રત્ન સૂરિ સાનિધ્યેન। શ્રી ગંધારબંદિર વાસ્તવ્ય પ્રાગ્વાટ જ્ઞાતીય વ્ય. પેથડ સંતાને। અનેક ધર્મ કરણીય કારકાભ્યાં સમસ્ત પુત્ર પૌત્રાદિ કુટંબ યુતાભ્યાં। સંઘપતિ વ્ય. પરબત વ્ય. કાન્હાભ્યાં॥ શ્રી જ્ઞાન ભક્તયે। વ્ય. ડુંગર શ્રેયોઽર્થ ચ શ્રી વૃહત કલ્પ ચૂર્ણિ લેખિતા વાચ્યમાના ચિરં નંદતાત॥. આમાંથી આગમ ગચ્છના સૂરિઓની પટ્ટ પરંપરા મળી આવે છે. મૂળકલ્પસૂત્રની ૬૩ પત્રની (બારસાની) પ્રત. પક્ષપ્રેતિક્રમણ વૃત્તિની ૪ પત્રની જૂની પ્રત, કલ્પનિર્જુક્તિ સાવચૂરિની ૪ પત્રની પ્રત, આચારંગ મૂલ પત્ર ૪૭ ની જૂની પ્રત, સૂત્રકૃતાંગ મૂલ પત્ર ૯૧, સ્થાનાંગ મૂલ પત્ર ૧૩૪, સમવાયાંગ મૂલ પત્ર ૬૬, ભગવતી સૂત્રમૂલ પત્ર ૨૫૬ સં. ૧૫૪૩ માં લખાયેલી પ્રત: (આ પ્રતની અંતે લખેલ છે કે 'પરમ ગુરૂ શ્રી તપાગચ્છાધિપ ભટ્ટારક પ્રભુ શ(શિ)રોમણિ શ્રી ૬ આણંદવિમલસૂરિ શિષ્ય સર્વ પંડિત શ(શિ)રોમણિ પં. શ્રી ૬ વિનય ભાવ ગણિ પં. વીરવિમલ ગણીનાં વાચનાર્થ ગૃહીતાસ્તિ'-આ પછી આ પ્રત જે સમયે લખાઈ પૂરી થઈ તે સમયની લગ્નકુંડલી આપી છે ને જણાવ્યું છે કે 'એષા ભગવતી સંપૂર્ણ યોગ લગ્નવેલ॥ શુભાશુભં॥ પુસ્તકેષુ વિલોકિનીયં આયુર્ક્ષયાः' આવી લગ્નકુંડલી ભાગ્યેજ જોવામાં આવે છે), ઉપાસક અંતકૃત અને અનુત્તરો પપાતિક એ ત્રણેના તેત્રીસસો શ્લોકના સંસ્કૃત વિવરણવાળી સં. ૧૮૯૦ માં 'ડુંગરજિ સરસપર મધ્યે' લખાયેલી ૨૮ પત્રની પ્રત, અંતકૃદ્ અને અનુત્તરોપાતિક મૂળની પત્ર ૨૮ ની ચિત્રોસહિત પ્રત (કે જેની પુષ્પિકા એ છે કે 'સંવત ૧૫૮૨ વર્ષે વૈશાખ શુદિ ૪ સોમે॥ જાંબૂનગર વાસ્તવ્ય શ્રી શ્રીમાલ જ્ઞાતીય અરસીહરા ગોત્રે મં. ભોજા ભાર્યા ભાવલદે પુત્ર મં. લાડણ ભાર્યા કુંઅરિ પુત્ર મં. સહજા સકલ પરિકર યુતેન શ્રી અણુત્તરોવવાઇ સૂત્રં લિખાવિત। ચ શ્રી અંચલ ગચ્છે શ્રી ભાવસાગર સૂરીશ્વર વિજય રાજ્યે પૂજ્ય વા. વેલરાજ ગણિ શ(શિ)ષ્ય પં. લાભશેખર પંડિત મિશ્રીય પ્રદત્તં નિરંતર પ્રવાચ્યમાનં ભૂયાત્॥), અંતકૃતદશા મૂલની ૨૩ પત્રની પ્રત કે જેની છેવટની લેખક પ્રશસ્તિમાંથી અમદાવાદના નગર શેઠ શાંતિનાથની ટુંક હકીકત તથા તેમના પાંચ પુત્રોનાં નામો મળી આવે છે ને આગ્રામાં પુસ્તક ભંડાર હતો તે વાત સ્પષ્ટ કરે છે (શ્રી શ્રી ૪ સિવતિલક સૂરિ ચ (ચિ)રંજીયાત। વા. દેવરાજ લપતં॥ સાહ શ્રી સરસ્વકિરણ સુત શ્રી તપાગચ્છોદ્યાતકારક દ્વિપંચાશચ્છિખરોપશોભિત શ્રી ચિંતામણિ પ્રાસાદકારક શ્રી શત્રુંજ્યોર્જયંતાચલાદિ તીર્થ સંઘપતિ લલામધારક પાતશાહ પ્રદત્ત ગજ તુરગાદિ લક્ષ્મીધારક સંઘમુખ્ય સાહ શ્રી **શાંતિદાસ** સુત સાહ પનજીકેન સ્વભ્રાતૃ સા રતનજી સા લક્ષ્મીચંદ્ર સા માણિક્યચંદ્ર સા હેમજી પ્રભૃતીનાં પરિપાલનાર્થં શ્રી ઉગ્રસેનપુરે પુસ્તકકોશः કારિતः॥'), દશાશ્રુતસ્કંધ મૂળ કે જેમાં વીસ અસમાધિસ્થાનની વાત છે તેની ૨૨ પત્રની પ્રત, ઓઘનિર્યુક્તિની પત્ર ૨૨ ની પ્રત (સંવત ૧૪૮૬ આસાઢાદિ ૮૭ વર્ષે આસાઢ શુદિ ૧૬ ઐકાદશ્યાં તિથૌ રવિદિને અધેડ **નાલુલિ** ગ્રામ નિવાસનીય ચ આભ્યંતર **નાગર** જ્ઞાતીય॥ રાઉલ આકાકેન શ્રી ઓઘનિર્યુક્તિः લિખ્યતે॥ અલેખિ॥'-આમ છેવટે છે તે પરથી આ પ્રતનો લખનાર નાગર બ્રાહ્મણ આકાક હતો ને તે નાલુલિ ગામનો વાસી હતો. આ ગામ કયાં આવ્યું તે કોઈ જણાવશે.), નિરયાવલી સૂત્ર મૂળ અને ટિપ્પણ સહિતની ૬૪ પત્રની પ્રત શ્રી મુ. ખેતસી લપતં. આગમ સિવાયની સં. ૧૫૪૭ માં લખેલી ધર્મસાગર કૃત ગુર્વાવલી પત્ર આઠ, હરિભદ્રસૂરિકૃત વૃત્તિવાળી પંચસૂત્ર વૃત્તિ સં. ૧૮૨૨ની પં. વસતસાગર ગણિ શિષ્ય પં. માણિક્યસાગર ગણિ પઠનાર્થ રાજનગરમાં લખેલી ૨૮ પત્રની, શ્રીચંદ્રસૂરિવિરચિત સંગ્રહણી પત્ર ૧૬ ગાહાઓ સહિત અને બાજુમાં લખેલ ટિપ્પણ સહિત સં. ૪૦૪ (૧૪૦૪ હોવું જોઈએ) ની લખેલ, મુરારિ મિશ્રકૃત અનર્ઘ્ય રાઘવ પર મલધારી નરચંદ્ર સૂરિકૃત ટિપ્પણકની પત્ર ૫૯ ની સં. ૧૫૧૩ માં લખાયેલી પ્રત (જુઓ મારો જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પારા ૫૫૭ ને જેની એક પ્રત જેસલમેર ભંડારમાં છે), ધર્મનંદનકૃત છંદः-સ્તવસૂત્ર ટીકા પત્ર ૧૨ ની જુની પ્રત' કે જેનાં પાનાં ફાટી ગયેલ છે ને જર્જરીત છે।

આ પૈકી જીત કલ્પસૂત્ર વૃત્તિ, સંગ્રહણીવૃત્તિની પ્રતમાં બીજાના અક્ષરમાં લાલ શાહીમાં અનુક્રમે એમ લખેલું છે કે સાહશ્રી વચ્છા સુતસાહ સાહિસકરણ સ્વ પુણ્યાર્થ પુસ્તકભંડારિ કારાપિતં। સુત વર્ધ્ધમાન પુસ્તક પ્રતિપાલનાર્થં,' અને 'સાહા શ્રી વચ્છા સુત સહસકિરણેન ભંડારે ગૃહીત્વા સુત વર્ધ્ધમાન શાંતિદાસ પરિપાલનાર્થં। વળી પંચસૂત્ર વૃત્તિની પ્રત ઉપર 'પત્ર ૨૮ ડા. ૯ પ્રા: ૨' એમ પણ લખેલું છે તે પરથી સિધ્ધ થાય છે કે અમદાવાદમાં એક કોઇ ભંડાર હતો તેમાંની આ પ્રતો છે. આ પ્રતો એક મુસલમાન ભાઇને ત્યાં આવે ને તેની પાસેથી દરેકના ચારપાંચ આને કે એવી નજીવી કિમતે ખરીદાય, એ પરથી જણાશે કે આવાં હસ્તલિખિત પુસ્તકો હજારોની સંખ્યામાં બેદરકારીને લીધે ચોરાયાં, ફેંકી દેવાયાં ને એક હાથથી બીજે દેશપરદેશ ગયાં હશે. હજુએ ચેતાય તો એકલા અમદાવાદમાં લાખો રૂપીઆની કિંમતનાં હસ્તલિખિત જૈન પુસ્તકો પડયાં છે કે જેને એક એક મોટા વિશાલ 'ફાયરપ્રુફ' મકાનમાં મૂકાવી સુરક્ષિત અને સુપ્રાપ્ય સ્થિતિમાં મૂકી શકાય અને પૂર્વજોનો અમૂલ્ય વારસો હિંદમાંજ રાખી શકાય, સાધુઓ અને શ્રીમંતો આથી ચેતશે? શ્રીયુત ઉપાધ્યાયજી આ પુસ્તકોનો જે કોઇ વિદ્વાન ઉપયોગ કરવા ચાહે તેને તે માટે આપવા તૈયાર છે અને તેમણે અર્ધમાગધી તેમજ જૈન સાહિત્યનો સારો અભ્યાસ કર્યો છે ને હમણાં છેલ્લી એમ. એ. ની પરીક્ષામાં અર્ધમાગધી અભ્યાસ લઇ બીજા વર્ગમાં પાસ થયા છે તેમને ધન્યવાદ સાથે અભિનંદન ઘટે છે. તેમનું ઠેકાણું અંબિકા ભુવન રાજકોટ પરા છે

વળી જે જેના પાસે હસ્તલિખિત પ્રતો છે તેની છેવટની કર્ત્તાની પ્રશસ્તિ વગેરે ઉતારી લેવરાવી પ્રકાશિત કરવામાં આવે તો ઘણી ઐતિહાસિક વિગતો મળી શકે છે. દા. ત. ઉપરની અંતકૃદ દશાની પ્રતના અંતની પુષ્પિકાપરથી અમદાવાદના પ્રસિદ્ધ શેઠ શાંતિદાસ કે જેના વંશજો અત્યાર સુધી ત્યાં નગરશેઠની પદવી ધારણ કરે છે અને જેના એક વંશજ કોન્ફરન્સના હાલના એક જનરલ સેક્રેટરી શ્રીમાન અમૃતલાલ કાલીદાસ છે તેના સંબંધમાં જાણી શકાય છે કે તેમણે ભાવન શિખરોવાળો શ્રી ચિંતામણી પ્રાસાદ કરાવ્યો હતો, શ્રી શત્રુંજય અને ગિરનાર વગેરે તીર્થના સંઘપતિનું બિરૂદ સંઘ કાઢી મેળવ્યું હતું, પાતશાહે (શાહજહાંએ) આપેલા હાથીઘોડા આદિ લક્ષ્મીના ધારક અને સંઘમાં પ્રધાન હતા. તેમના પિતાનું નામ સહસ્ત્રકિરણ હતું ને તેમને પુત્રો નામે પનજી, રતનજી, લક્ષ્મીચંદ. માણેકચંદ, હેમજી વગેરે હતા.

પછી અધ્યાત્મરસિક સમર્થ વ્યાખ્યાનકાર તરીકે પ્રસિદ્ધ થયેલા કાનજી સ્વામીની પધરામણી રાજકોટમાં થતાં ૨૮મી મે–વૈશાખ શુદિ પૂર્ણિમા દિને મનુષ્યત્વપર પ્રભાવશાલી વ્યાખ્યાન આપ્યું તે ટુંકમાં ઉતારી લીધું. ૩૦ મી મેએ શ્રીમદ રાજચંદ્રના બનેવી રા. ચત્રભુજ બહેચરભાઈ મહેતાએ શ્રી રાજચંદ્ર સંબંધીનાં કેટલાંક સ્મરણો કહ્યાં તે લખી લીધાં. પહેલી જુને રા. ગોકુળદાસ નાનજી ગાંધી પાસેના હસ્તલેખિત પુસ્તક સંગ્રહમાંથી તેમને ત્યાં જઈ કેટલાંક પુસ્તકો જોઈ તેમાંથી જાણવા યોગ્ય નવીન કર્ત્તા પ્રશસ્તિઓ અને લેખક પ્રશસ્તિ નોંધી લીધી. ગૂજરાતી ગ્રંથોમાં પં. ધર્મસિંહ ગણિ શિષ્ય રત્નસિંહ ગણિએ ચતુર્વિંશતિ જિનસ્તોત્ર રચેલ છે તેમાં ૨૪ તીર્થંકરોનાં ચરિત્ર આપેલ છે. દુર્ભાગ્યે આ ૩૭ પત્રની પ્રતમાં પ્રથમનાં ત્રણ પત્ર અને છેલ્લું પત્ર નથી. છેલ્લામાંથી કર્ત્તાની ઓળખાણ, રચ્યા સંવત વગેરેની માહિતી મળી શકત તે મળી નથી. કોઇ પાસે આની પ્રત હોય ને તેમાંથી છેલ્લી પ્રશસ્તિનો ભાગ તથા આદિ પત્રમાંથી મંગલાચરણની કડીઓ પૂરી પાડશે તો આભારી થઇશ. ૨ યોગશાસ્ત્રપર મેરૂસુંદર કૃત બાળાવબોધ પત્ર ૨૭. મૂળ કરતાં જુદા હસ્તાક્ષરમાં છેવટે એમ છે કે 'પરમ ગુરૂ શ્રી આણંદવિમલસૂરિ શિષ્ય પં. શ્રી ધનવિમલ ગણિ ગણિ શ્રી કર્ણ શિવવિમલ સીહવિમલપઠનાર્થં.' ૩ કલ્પસૂત્ર બાલા૦—હીરવિજય—વિજયસેન—વિજયતિલકસૂરિ—વિજયાણંદસૂરિ—યુવરાજ વિજયરાજસૂરિના રાજ્યમાં દેવવિજય—શાંતિવિજય શિષ્ય.....વિજયે કર્યો સં. ૧૭૦૭ માં આ પ્રમાણે કર્ત્તાનું પુરૂં નામ કાઢી ગયું છે. ૪ લોકનાલ બાલા૦ પત્ર ૧૩, ૫ લાવણ્યસમયકૃત વિમલપ્રબંધ પત્ર ૩૯ અપૂર્ણ, ૬ દશાશ્રુત સ્કંધ બાલા૦ પત્ર ૩૬, ૭ સમયસુંદરકૃત ચંપકશેઠ ચોપઈ પત્ર ૧૫ લ. સં. ૧૭૪૯ મેડતામાં, ૮ લાવણ્યસમયકૃત જિનસ્તુતિનમસ્કાર પત્ર ૬ ની સારી પ્રત, ૯ જ્ઞાનમેરૂ કૃત ગુણાવલી, ૨. સં. ૧૬૭૬ ફતેપુરમાં, ૧૦ સોમવિમલસૂરિ કૃત ચંપકરાસ ૧૧ ઉજ્જલ કૃત નવકાર રાસ.

આ ઉપરાંત સંસ્કૃત પ્રાકૃત પુસ્તકોમાં ૧ જીત કલ્પસૂત્ર પત્ર ૩૬–મૂળથી બીજા હસ્તાક્ષરમાં શ્રી ખરતરગચ્છે શ્રી કીર્તિરત્નાચાર્ય વર્યશિષ્ય શ્રી કલ્યાણચંદ્રોપાધ્યાયાનાં પુસ્તકરત્નં વાચ્યમાનં વિજયત–૨ શ્રીપાલ ચરિત્રગદ્ય ૪ પ્રસ્તાવમાં પત્ર ૨૪ જિનચંદ્રસૂરિ રાજ્યે જયકીર્તિએ પ્રાકૃતમાંથી સંસ્કૃત સં. ૧૮૬૮ (સિદ્ધિરસાષ્ટક પ્રમિતે)માર્ગશીર્ષક માસે કૃષ્ણપક્ષે દશમીદિને કર્યું. લ. સ. ૧૯૬૪, ૩ સિદ્ધ પ્રાભૃત પત્ર ૨૧, ૪ ચંદપન્નતિ પત્ર ૩૬૭ મલયગિરિ ટીકા સહિત. ૬ થી ૧૭૬ અધુરૂં, ૫ રણસિંહ રાજઋષિ કથાનક સંસ્કૃતમાં ૬ પુષ્પમાલા કથા પત્ર ૧૩૭ ધર્મસાગરકૃત સટીક પટ્ટાવલી–પ્રથમાદર્શ ખુદ હીરવિજયસૂરિના શિષ્ય પં. રામવિજયગણિની સહાયથી પં. જયવિજયે લખ્યો ને તે પરથી સં. ૧૭૩૭ ભાદરવા વદી તીજ બુધે પં. પ્રીતવિજય ગણિએ મલ્લકાપુરમાં લખી પત્ર ૧૨, ૮ કુમાપુત્ત ચરિત્ત પ્રાકૃત પત્ર ૭ છેવટે મારવાડી ભાષામાં છે કે 'શ્રી વિજયદાનસૂરિ તત્ત સિખ પંડિત ધર્મવિમલ! તત્ત સિખં ગણિ રવિ તેજવિજય પઢનાર્થં! કણસાગુર નગરે સંવત ૧૬૧૬ વર્ષ દ્વિતીઅ આસો વદિ ૧૪ રવૂં લપતં રાજપાલ। જાહારિ પ્રતિ વાંચઉ તાહારિ ત્રકાલવંદના જાણજ્યે। સભં ભવતું!', ૯ વિદગ્ધ મુખમંડનસટીક પત્ર ૧૪ જૂની પ્રત, ૧૦ વિશેષાવશ્યકસૂત્ર સવૃત્તિ પત્ર ૪૯૩ ની જૂની સુંદર પ્રત–હીરવિજયસૂરિ શિષ્ય ગુણવિજય શિષ્ય રામવિજયે ચિતકોશે મૂકી., ૧૧ સાધારણ જિનવર સ્તવનવૃત્તિ પત્ર ૭ રચનાર વિજયસેનસૂરિ શિષ્ય કનકકુશલ સંવત ૧૭ આ ૪૬ વર્ષે શાકે ૧૬૧૨ પ્ર. વૈશાખ વદિ ૯ દિને લિખિતમિદં પુસ્તક શ્રીમદ રાજદ્રંગે (આ રાજદ્રંગ તે રાજકોટ હોય તેવો સંભવ છે) ૧૨ ષડદર્શન સમુચ્ચય સૂત્ર ટીકા પત્ર ૩૨. ટીકાકારનું નામ અજ્ઞાત છે, ૮૭ મૂળ શ્લોક પર ૧૨૫૨ શ્લોક પ્રમાણ ટીકા છે–સં, ૧૫૩૩ વર્ષે! શાકે ૧૩૯૮ પ્રવર્તમાને। કાર્તિક સુદિ ૧ પ્રતિપદા શુક્રવાસરે। સ્વાતિનક્ષત્રે આયુષ્માન્નામ યોગે! શ્રી દિલ્યાં સુલિત્રાણ શ્રી બહલોલ સાહિ વિજયરાજ્યે શ્રી બૃહદ્ગચ્છે વાદીંદ્ર શ્રી મુનીશ્વરસૂરિ સંતાને। વા. પં. શ્રી મુનિ કનકશિષ્ય મુનિ મલયહંસે—વ્યલેખિ।, ૧૩ વિનયવિજય ઉપાધ્યાયકૃત લોકપ્રકાશની ૬૮ ચિત્રો સહિતની સં. ૧૮૫૮ માં લખાયેલી ૪૧૯ પત્રની પ્રત છે. ૧૪ વિચારામૃતસંગ્રહની પ્રત છે. તે ઉપયોગી ગ્રંથ છે' કારણ કે તેમાં મંગલાચરણમાં કહ્યા : માણે સ્વ અને અન્યના સાંશયોને ટાળવા આ વિચારોનો સંગ્રહ કર્યો છે. તેમાં કુલ ૨૫ વિચાર છે (૧) જિનપ્રવચન સ્વરૂપ વિચાર (૨) પાક્ષિક (૩) ચતુર્માસક, [૪] પર્યુષણા (૫) સામાયિક, (૬) શ્રાવક પ્રતિક્રમણ, (૭) વર્ધમાન સ્તુતિત્રય, (૮) શ્રુતદેવતાદિ કાયોત્સર્ગ, (૯) રાત્રિક દૈવસિકોચ્ચાર વિભાગ, (૧૦) ઉર્જિજંત સેલેત્યાદિ સ્તુતિદ્વય, (૧૧) વૈયાવૃત્યકરાદિ કાયોત્સર્ગ, (૧૨) ચેઇયો સવ્વહિં થુઇતિન્નિઇતિ સ્તુતિત્રય કાયોત્સર્ગ પ્રમાણનો વિચાર; (૧૩) ચૂલિકાસ્તુતિચતુષ્ક, (૧૪ શ્રાવકોનું ચૈત્યવંદન, (૧૫) પ્રણિપાતદંડક, (૧૬) પર્યાય જ્યેષ્ઠાદિ વંદન, (૧૭) દ્વિતીય વંદનવિધિ પ્રત્યાખ્યાન, (૧૮) નમસ્કાર, (૧૯) પૌષધમાં ભોજન, (૨૦) પર્વથી અન્ય દિવસોમાં પણ પૌષધગ્રહણ; (૨૧) અન્યકાચીર્ણ વિચિત્ર સામાચારી પ્રમાણ, (૨૨) ઉપધાનાદિ (૨૩) કલ્યાણક તીર્થંકર દીક્ષાલંચન વિચિત્ર પ્રકીર્ણક તપ, (૨૪) રોહિણ્યાદિ તપ, (૨૫) શ્રાવકોનાં મુખવસ્ત્રિકા રજોહરણાદિ—વિચાર, આમાં છેલ્લી પ્રશસ્તિનો એક શ્લોક છે ને પછીના શ્લોકવાળું અંતિમ પત્ર દુર્ભાગ્યે નથી. તે આદિશ્લોક નીચે મુજબ છે:—

વિશ્વશ્લાઘ્ય તપાગણાંબર તલોદ્ઘત્પુષ્પદંત પ્રભૌ
શ્રી **સોમપ્રભ** સૂરિ **સોમતિલકા**નૂચાન ચૂડામણી
રૂઢ પ્રૌઢ તદીય પટ્ટ કમલા શૃંગાર હારોપમા
વિશ્વાશ્ચર્ય વિધાયિનિર્મલ ગુણ ગ્રામભિરામોદયા: ॥

આ પરથી તપગચ્છના સોમપ્રભ અને સોમતિલક આચાર્યના શિષ્ય કે શિષ્ય પરંપરામાંના કોઇએ આ ગ્રંથ રચેલ છે એમ જણાય છે.

આ સિવાય બીજાં પુસ્તકો તેમની પાસે હતાં તે વખત ન રહેવાથી જોઇ ન શકાયાં, તો હવે બીજી છુટીમાં તે જોઇ શકાશે. રા. ગોકુળદાસભાઇએ પોતાનો સંગ્રહ મારાપર સદ્‌ભાવ રાખી મને જોવા આપવા હંમેશાં તત્પરતા બતાવી છે અને બતાવતા રહે છે. અગાઉ પણ કેટલાંક પુસ્તકો મેં તપાસ્યાં હતાં. તેમણે મારા લખવાથી શ્રીમાન જિનવિજયજીને પ્રબંધચિંતામણી, અન્ય પુરાતન પ્રબંધો, ચતુર્વિંશતિ પ્રબંધ મળી ચાર પ્રતો આપી હતી કે જેપરથી તે વિદ્વાને સંશોધન કરી પ્રબંધચિંતામણી પ્રકટ કરેલ છે અને બીજા પ્રબંધો થોડા સમયમાં પ્રકટ કરનાર છે આવા ખાનગી ભંડારોની વિગતવાર તપસીલવાળી ટીપ તૈયાર કરવાની જરૂર છે અને તે તેના ખપી વિદ્વાનોને રા. ગોકુળદાસભાઇની પેઠે જોવા દેવામાં આવે તો જૈન સાહિત્યનો પ્રચાર સારી રીતે થઇ શકે તેમ છે.

પછી આપણા દેશભક્ત પ્રસિધ્ધ મહાસભાવાદી અને સેવાભાવી શ્રી. વીરચંદ પાનાચંદ શાહે પોતાના વતન નામે સમઢીઆળા ગામમાં ઉપાડેલી ગ્રામ્યસુધારણાની યોજનાનું પોતાનું એક ચોપાનીઉં મુંબઇ છોડતી વખતે મને આપી સમઢીઆળે આવી જોઇ જવા ખાસ આમંત્રણ આપ્યું હતું. એટલે મોટર ભાડે કરી મારા મુરબ્બી તેમજ બીજા ભાઇ-ઓને લઇ ત્યાં ગયા. ત્યાંની યોજના જોઇ. અમે કલ્પેલી અને ચોપાનીઆપરથી મનમાં આંકેલી મહાભારત સુંદર યોજના જેવું ત્યાં દીઠું નહિ. જે પ્રયાસો ચાલુ હતા તે સામાન્ય પ્રકારના હતા. કાંતવાનો, પીંજવાનો, સીવવાનો એમ જુદા જુદા વર્ગો જુદા જુદા ઘરમાં રાખી ભાઇબહેનો પાસેથી કાર્ય લેવાનું હતું ને ગામની બહાર આ બધા વર્ગો એક સ્થળે એક મકાનમાં રહી શકે તે માટે મકાન બંધાવવાના પાયાઓ ખોદાતા હતા ને તેમાં પચાસથી સાઠ હજાર રૂપીઆ ખર્ચ-વાનો અંદાજ તે કામપર દેખરેખ રાખતા ભાઇનો હતો. શિક્ષણ વર્ગની બાળાઓને પેંડાઓ અમે વહેંચ્યા—શેરા જુકમાં રા. વીરચંદભાઇની મનોરથસૃષ્ટિ કૃતિમાં આવી કલ્પેલાં ફળ આપે અને બીજાને આદર્શરૂપ બને એવી જાતનો અભિ-પ્રાય લખી ચાલ્યા આવ્યા. પોતાના વતનના ભાઇ બહેનોને શિક્ષણ સાથે કામ મળે એ લક્ષ વીરચંદભાઇનું સરે છે. બાકી હજારો રૂપીઆ એક નાના ગામમાં ખરચતાં કોઇ મોટા શહેરમાં મોટી યોજના પાર પાડવા ખર્ચાય અને નાનાં ગામમાં તેની જોગવાઈ પૂરી પડે તેટલું ખર્ચાય તો વધુ સારૂં એમ અમારી વાણીઆશાહી બુધ્ધિ કહે છે.

પછી મુંબઇ જવાનું થયું ને પ્રવાસ પૂરો થયો. આ પ્રવાસ ખાસ શોધખોળ માટે નહોતો છતાં નિઃસ્વાર્થે તે પ્રત્યે કાર્યકરનારને અણધારી વસ્તુઓ મળી આવે છે. ઢાંકમાં અનેક જિન પ્રતિમાઓ વગેરે અવશેષો છે તે જોવા અને વઢવાણમાં ચારેક પુસ્તક ભંડારો છે તે જોવા માટે ખાસ ઇચ્છા રાખી હતી પણ તે પાર પડી નહિ. ભવિષ્ય માટે તે રાખી આ પ્રવાસ નોંધ પૂરી કરૂં છું.

[જૈન શ્વે. કૉન્ફરન્સના ૧૪ મા અધિવેશનમાં તા. ૬-૫-૩૪ને દિને ગવાયેલાં ગીત.]

મંગલાચરણ.

(કલ્યાણ)

પરમ પુરૂષ આદીશ્વર. પ્રભુજી!
આદીનાથ પ્રધાન, પ્રભુજી!
ભવ ભય ભાવઠ ભંજણ, પ્રભુજી!
ભજિયે શ્રી ભગવાન પ્રભુજી!—૧

રસના સ્તવતી તુજ મહાગુણ,
દ્રષ્ટિ કરે તવ, દર્શન પ્રભુજી!
માહાત્મ્ય સાભળે તુજ અમ કર્ણો,
નવ અંગે તવ, દર્શન પ્રભુજી!—૨

એ સૌ શુધ્ધ નિમિત્ત થઇ વિલસ્યાં.
પ્રગટયો નિશ્ચય ભાવ પ્રભુજી!
ઉદાસીનતા અન્ય સંબંધી,
ઝેરી વિકાર અભાવ પ્રભુજી!—૩

ભાવ દ્રષ્ટિમાં તું રહ્યો વ્યાપક,
રટિયે તારૂં નામ પ્રભુજી!
ભેદબુધ્ધિ ગઈ ભાવના પ્રભુમય,
તું મુજ આતમરામ પ્રભુજી!—૪

—મોહનલાલ દલીચંદ દેશાઇ.

વિજ્ઞપ્તિ.

[સમજમા ન આવે માયા આપકી પ્રભો—એ રાહ]

સંઘ—યોગક્ષેમ—સાધક આત્મબંધુઓ!
આજીવન આત્મબંધુઓ!
ધર્મ—જ્ઞાન—ઉન્નતિ સાધક હૃદય-બંધુઓ!
આજીવન હૃદય-બંધુઓ!—૧

વીર સંતાન યશસ્વી, કર્મવીર ને ઓજસ્વી,
ધર્મવીર ને તેજસ્વી, વીર બંધુઓ!—આજીવન.—૨
સ્વાર્થી વાસનાને તોડી, તન મન ધન સૌ જોડી,
સત્યધ્વજ રહેજો પકડી, પ્રેમી બંધુઓ,—આજીવન.—૩
દિલ ઉછાળી પ્રેમસાગર, છેડી ઐકયના મધુરા સ્વર,
પ્રાણ ધર્મપર નોછાવર, ધર્મી બંધુઓ,—આજીવન.—૪

—મોહનલાલ દલીચંદ દેશાઇ.

સુધારો—આજના અંકમાં પૃષ્ઠ ૧૪ અ અને ૧૪ બ ના બદલે અનુક્રમે પૃષ્ઠ ૧૭ તથા ૧૮ વાંચવું

તારનું સરનામું:—"હિંદસંઘ" 'HIND ANG A' Regd. No B 1996

॥ नमो तित्थस्स ॥



જૈન યુગ.

卐

THE JAIN YUGA.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ–પત્ર.)

તંત્રી:—મોહનલાલ દલીચંદ દેશાઇ, બી. એ. એલએલ. બી. ઍડવોકેટ.

વાર્ષિક લવાજમ ૩ પીયા બે. છુટક નકલ દોઢ આને.

વર્ષ જીજું ૯ મું. નવું ૪ થું.	તારીખ ૧૬મી ઑગષ્ટ ૧૯૩૪.	અંક ૫

વિષય સૂચી.

		પૃષ્ઠ
૧.	અધિવેશનમાં ગવાયેલા ગીત	૨૧
૨.	તંત્રી-ની નોંધ: આંક ફરકનો સદ્રો, બેકારીના ઉપાયો, દાનની પ્રણાલિકા બદલો, ખોટી શરમ, સાધુ મુનિ મહારાજોને, એક 'લગ્ન-બંધન'નો ત્યાગ અને બીજું લગ્ન. અને મહાત્માજીના અસહવાસની પૂર્ણાહુતિ ...	...૨૨થી ૨૪ અને ૨૮
૩.	કૉન્ફરન્સકા બંધારણ...	... ૨૫, ૨૬
૪.	'દીનં વેદના' અને 'તારાં સંતાન' (કાવ્ય)	... ૨૭
૫.	बनारस विश्वविद्यालयमें दी जानेवाली छात्रवृत्तियां	... ૨૮

જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

ના

૧૪ મા અધિવેશનમાં તા. ૭–૫–૩૪ ના છેલ્લા દિને ગવાયેલાં ગીત.

પ્રભુ–પ્રાર્થના.

[યા ઇલાહી મિટ ન જાયે દર્દે દિલ—એ રાહ.]

હે પ્રભુ! તારી દયાની આશ છે,
તારી કરૂણામાં રહ્યો વિશ્વાસ છે;
ભટકે જૈનો કૈં દુઃખી ઉદાસ છે,
લાખો બંધાઇ આશમાં નિરાશ છે;
આંખો રડે છે ને મુખે નિઃશ્વાસ છે,
શરણું બધાને એક તારું ખાસ છે—
હે પ્રભુ! તારી.....

ખાનદાની ના ખરી આભાસ છે.
અંધારું ચારે પાસ ના ઉજાસ છે;
જ્યાં જ્યાં જુઓ ત્યાં મોહના અભ્યાસ છે,
તારી કૃપા તો શાંતિમાં આવાસ છે—
હે પ્રભુ! તારી દયાની આશ છે,
તારી કરૂણામાં રહ્યો વિશ્વાસ છે.

—મોહનલાલ દલીચંદ દેશાઇ.

વિદાય–ગીત.

[મહેમાનો ઓ વ્હાલાં! પુનઃ પધારજો–એ રાહ:]

પ્રેમ ભર્યા આવ્યા તેવા સૌ આવજો
રાખી પરિષદ્ પર અધિકેરા ભાવ જો
સંઘ સમસ્તની સેવા સૌ સર્વસ્વથી
કરી કરાવી લેજો મોંઘા વ્હાવ જો–પ્રેમ ભર્યા૦

"પ્રથમ જ્ઞાન ને પછી દયા" પ્રભુએ કહ્યું
જ્ઞાન પ્રકાશે દૂર ટળે અંધકાર જો
ધર્મ ને જ્ઞાનની સંસ્થા સઘળે સ્થાપજો
સમાજહિતમાં સદા થજો ઉદાર જો–પ્રેમ ભર્યા૦

સહધર્મીના સગપણ સમ બીજું નહીં
તે પ્રત્યે દાખવજો વત્સલ પ્રેમ જો
યુવકો શિક્ષિત શ્રીમંતો સઘળા તમે
લેજો સંઘની સાર વિનવિયે એમ જો
—પ્રેમ ભર્યા આવ્યા તેવા સૌ આવજો.

—મોહનલાલ દલીચંદ દેશાઇ.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्तयी नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે, પણ જે પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧૬-૮-૩૪ ગુરૂવાર.

તંત્રીની નોંધ.

આંક ફરકનો સટ્ટો—આંક ફરકનો સટ્ટો મુંબઇમાં શરૂ થયો અને હવે તેનો પ્રચાર ગુજરાત અને કાઠીયાવાડમાં ઠેર ઠેર થયો છે ને તેના પરિણામે હજારો માણસો પાયમાલ થયા છે એટલુંજ નહિ પણ તેના કુટુંબીઓની સ્થિતિ પણ ત્રાસજનક બની છે. પુરૂષો પોતાની સ્ત્રીની—માતાની—દીકરી બહેનની સ્ત્રીધનની મિલ્કત—દાગીના વગેરે લઇ જઇ ફના કરી નાંખે છે અને કુટુંબને તદ્દન નિરાધાર અને હતાશ સ્થિતિમાં મૂકે છે. આ સટ્ટો તે જુગાર છે અને જુગાર માટે ધર્મ-શાસ્ત્ર અને નીતિનો નિષેધ છે તે વાત આપણા ધર્મોપદેશક સાધુવર્ગ શ્રાવકોને બરાબર સમજાવવાનો—ઠસાવવાનો પ્રયત્ન કયારે કરશે? તે અને તેવાં બીજાં સામાજિક પાપો અનેક છે કે જેપર તે પૂજ્યવર્ગે સતત લક્ષ આપ્યું હોત તો શ્રાવકોને આળસ, પ્રમાદ અને નિરૂદ્યમમાં સબડવું ન પડત તેમજ સમાજને ભારરૂપ—કલંકરૂપ થવાનો વખત ન આવત.

અત્યારે શ્રાવક સમુદાયમાં બેકારી ઘણી છે, વચલા વર્ગને કમાણી ન હોવાને કારણે તેમની પાયમાલી વધતી જાય છે, કુટુંબમાં અને સમાજમાં અશાંતિ, વૈમનસ્ય, દગા, પ્રપંચ વગેરે પોતાનું શાસન જમાવે છે, પરિણામે કેવી ભયંકરતા આવશે તેનું ચિત્ર કલ્પનામાં દોરતાં કમકમાં આવે છે. જુગાર અને સટ્ટો, નિરૂદ્યમ—બેકારી—પ્રમાદ—આળસમાંથી જન્મ્યાં છે, તો તે બધી દૂર કરવામાટે તે નિરૂદ્યમી બેકારોને ધંધે પાડવાની પૂર્ણ જરૂર છે. શ્રીમંતો અને સંસ્થાઓ ચેતે અને પોતાના સાધર્મી ભાઇઓને માટે ઉદ્યમ કે નોકરી પૂરાં પાડી ખરૂં સ્વધર્મીવાત્સલ્ય બતાવે એ ઇચ્છીશું.

બેકારીના ઉપાયો—છેલ્લી કૉન્ફરન્સની બેઠકમાં બેકારીના વિષયપર ખાસ ધ્યાન ખેંચાયું હતું ને તે સંબંધી જે ઠરાવ કરવામાં આવ્યો હતો તે પ્રત્યે સમાજનું ખાસ લક્ષ ખેંચવામાં આવે છે. તેની પહેલી કલમ નીચે પ્રમાણે છે:—

(૧) દરેક જૈને નોકરી કરતાં નવા ઉદ્યોગ, વેપાર, ધંધામાં પડવાની અને તેમ તે કરે તેને પ્રેરણા આપવાની આગેવાનોની ફરજ છે. મહા વેપારી શ્રીમંત જૈનોએ રોજીનાં બધુ સાધનો, નવા ઉદ્યોગ અને નવી જગ્યાઓ ઉઘાડવાની, કાર્ય-ગૃહો, ઉદ્યોગ ગૃહો સ્થાપવાની જરૂર છે.

આજકાલ ઝાઝું ભણેલા અને થોડું ભણેલા મહેતા, ક્લાર્ક કે એવી બેહાડુ નોકરીઓ બહુ શોધે છે, પણ તેવી નોકરી હવે સારા પગારે એટલે કે પોતાના કુટુંબને નભાવવા જેટલા પગારે પણ મળતી નથી એટલે તેમને બહુ મુંઝાવું પડે છે. આ કારણે તેઓએ નોકરી નોકરી ને નોકરી એ તૈયાર માલપર બેસવાનું છોડી દઈ કંઈ શ્રમજીવી ધંધો શોધવાની જરૂર છે. હવે ખુરશીપર બેસી કામ કરી ખાવા પુરતું મેળવવાના દિવસો વહી ગયા છે. નવા નવા ઉદ્યોગો શોધવા-કેળવવા અને પોતાની બધી શક્તિનો ઉપયોગ કરવા પ્રત્યે લક્ષ અપાય તોજ પોતાનું અને પોતાના કુટુંબનું ઠીક ઠીક પાલન કરી શકાય તેમ છે, આપણી વણીક કોમના યુવાનોને મહેનત કરી શ્રમજીવી ધંધા કરવામાં શરમ આવે છે તે શરમ જવી જોઇએ—તેમ નહિ થાય તો ઉધ્ધાર નથી અન્ય કોમનાને ગમે તેવો ધંધો કરવામાં અને કોઇપણ જાતનો શ્રમ લેવામાં હરકત કે શરમ આવતી નથી અને તેથી તેઓ સુખેથી રળી ખાય છે. દાખલા તરીકે વીજળીનો ધંધો લઇએ, તેને લગતો સામાન વેચવામાં—"સેલ્સમેન" તરીકે કામ કરવામાં આપણા ભાઇઓ તત્પરતા બતાવશે, પણ વીજળીનું ફિટિંગ કરવાનું કામ કરવામાં આનાકાની કરશે. હાલ શારીરિક મહેનત જે ધંધામાં મોટા પ્રમાણમાં કરવાની હોય છે તે ધંધામાં ઠીક ઠીક કમાણી છે.

નવા નવા ઉદ્યોગો ઉભા કરવામાં મોટી થાપણ—મૂડીની જરૂર હોય છે અને તેથી મહાવેપારી શ્રીમંત જૈનો પોતાની વેપારી કુનેહથી જે ધંધા ભવિષ્યમાં પ્રગતિ કરનાર.—નફાવાળા લાગે તે ધંધા ઉભા કરીને તેમાં પોતાના ભાઇઓને રોકી શકે. આ કારણે તેમને ખાસ તેમ કરવાનું કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત તેઓ કાર્યગૃહો (વર્ક-હાઉસ, વર્કશોપ), ઉદ્યોગગૃહો (ઇન્ડસ્ટ્રીઅલ હોમ) સ્થાપે એ પણ ઠરાવમાં જણાવ્યું છે. એમ થાય તોજ તેમાં અનેકને રોજીનાં સાધનો પૂરાં પાડી શકાય. પરદેશી સરકાર દેશી ભાઇઓ માટે બહુ પ્રમાણમાં ન કરી શકે તો દરેક કોમના શ્રીમંતોએ તો જરૂર કરવું જોઇએ. પારસી કોમના લક્ષ્મપતિઓ પોતાની કોમવાળા માટે અનેક ઉદ્યોગગૃહો વગેરે ઉઘાડે છે અને પોતાના ભાઇબહેનોને કારીગર બનાવે છે કે જેથી તેઓ સ્વતંત્ર રીતે પોતાનો ધંધો કરી શકે.

વિશેષમાં ત્રીજી કલમમાં જણાવેલ છે કે જૈનોની માલેકીની પેઢીઓ, મિલો, કારખાનાં, દેરાસરો, સંસ્થાઓ યોગ્ય અને પાત્ર જૈનોને કામે લગાડવામાં, નોકરીએ રાખવામાં પ્રથમ લક્ષ આપશે.

દાનની પ્રણાલિકા બદલો—આપણી કોમમાં હજારો રૂપિયા ખર્ચાય છે અને તે પણ દાનના ઉત્કૃષ્ટ ભાવથી. પણ તેનું ફળ ચિરંજીવ કાયમનું આવતું નથી. પારસી કોમમાં પણ લાખો રૂપીઆ દાનમાં અપાય છે પણ તે દાન પ્રત્યે ઉંડી નજર કરી જોઇશું તો જણાશે કે તેથી કોમની અંદરની—કોમનું કલ્યાણ વધારે પ્રમાણમાં સચોટ અને ટકાઉ

રીતે થાય છે. આનું કારણ દાનના પ્રકારમાં ભેદ . અને તેથી બેકારીના ઉપાયો સંબંધી જે હરાવ ગત કૉન્ફરન્સમાં કરેલો છે તેમાં બીજી કલમ એ મૂકવામાં આવી છે કે:—

દાનની પ્રણાલિકા બદલવાની આવશ્યકતા છે. ઉજમણાં વખતે થતાં જમણ, નવકારશીનાં જમણ, નાત-જમણોમાં ખવરાવવા વગેરેમાં ધન વપરાય છે તે ક્ષણિક અને અલ્પ પુષ્ટિ આપે છે, તો જેથી ગરીબો કાયમ અને મહાન સહાય મેળવી પોતાની સ્થિતિ ઉચ્ચ કરી શકે તેવી યોજનામાં પોતાનાં તેમજ સામાજિક ધનનો વ્યય વધુ જીવનદાયક અને પોષક થશે.

આ સિદ્ધાંત હાલના સંજોગો જોતાં ઉપયોગી અને કાર્યમાં મૂકવા લાયક છે એમાં વિવાદને સ્થાન નથી. જેઓ જમાડવામાંજ 'સામીવચ્છલ' થાય છે એવું સમજે છે, તેઓએ હવે સમજવું જોઇએ કે તેમ કરતાં તો થોડા સમયની ઉદરતૃપ્તિ આપી શકાય છે, અને લાંબા સમય સુધીની ઉદરતૃપ્તિ જેથી મળી શકે એવું વિદ્યાદાન આપવામાં, પોતાને ત્યાં તાલીમ આપી આગળ ધંધામાં વધારી સ્વતંત્ર અને પોતાના પગપર નભી શકે એવું કરવામાં ઉત્તમ 'સામીવચ્છલ' થાય છે. માટે સખી શ્રીમંતો દાન એ રીતે કરી શકે કે જેથી પોતાના ભાઇઓ વિદ્યા, હુન્નર, કળા વગેરેમાં કૌશલ્ય મેળવી કુટુંબ, સમાજ અને દેશને વધુ સમૃદ્ધ બનાવે.

ખોટી શરમ—ઉપર કહેવાઈ ગયું છે કે શ્રમજીવી ધંધો કરવામાં આપણા ભાઇઓને શરમ આવે છે, તેમ બીજા પ્રકારની ખોટી શરમ તેમને ધાર્મિક સંસ્થામાં કામ કરવામાં આવે છે. આવી શરમ રાખવામાં નિમિત્તભૂત તરીકે તેમનામાં પેસાડેલી યા પેસી ગયેલી એવી ભ્રમણા છે કે તે સંસ્થાઓ દેવદ્રવ્યથી ચાલે છે અને તેથી તેમાં નોકરી કરી પગાર લેવો એ દેવદ્રવ્યનું ભક્ષણ કરવા બરોબર છે. આ ભ્રમણા ખોટી અને શાસ્ત્રના ઉદ્દેશની વિરોધી છે. બધી માત્ર દેવદ્રવ્યથી ચાલતી સંસ્થા હોતી નથી, તે છતાં પણ ધારો કે કોઇ સંસ્થા માત્ર દેવદ્રવ્યથી ચાલે છે તો તેની પ્રમાણીક સેવા કરીને–તેનું કામ કરીને તેના વાસ્તવિક બદલા તરીકે લેવું તેમાં જરાયે દેવદ્રવ્યના ભક્ષણ કરવાનું થતું નથી. જાત મહેનત કરી પ્રમાણીકપણે તેનો બદલો લેવો એમાં ધર્મવિરોધ હોઇ શકેજ નહિ; છતાં લોકમાં એવી ખોટી માન્યતા થઇ ગઇ છે કે ધર્માદા ખાતામાં કામ કરી પગાર લેવો એ ઠીક નથી અને તેથી તેમ કરનાર પ્રત્યે લોકમાં અવગણના થાય છે. આ જાતનું લૌકિક વાતાવરણ બદલવાની જરૂર છે. જે ધર્મને લગતું ધર્માદા ખાતું હોય તે ધર્મના અનુયાયી તેના વહીવટનું, તેનાં કામો કરવાનું કાર્ય કરે તે હૃદયની ખરી લાગણીપૂર્વક હોવાથી વધારે સારૂં અને વધારે ચોખ્ખું હોય એ સહેજે સમજી શકાય તેવું છે. અલબત તેમ કરતાં કંઇ ખોટે રસ્તે ઉતરી ખાવા જેવું યા તેમાંથી 'પાડવા' જેવું કોઇ કરે તો તે બીજે સ્થળે કરવામાં જેટલા અંશે પાપ છે તેટલે અંશે પાપ રૂપ છે. આથી લૌકિક ભ્રમણા દૂર કરવા માટે બેકારીના ઉપાયો સંબંધીના ઉપલા હરાવમાં ચોથી કલમમાં ઉમેરવામાં આવ્યું છે કે:—

જૈન દેરાસરો કે મંદિરોમાં અને બીજી ધાર્મિક સંસ્થાઓમાં વહીવટદાર, મહેતાજી, પુજારીની અથવા બીજી જગ્યાએ યોગ્ય જૈનેતરોજ નિમણુક કરવી એ ઇષ્ટ છે, અને એવા પ્રકારનું કામ કરી યોગ્ય વેતન લેવું એમાં અધર્મ અથવા હલકાપણું નથી એમ માનીએ છીએ અને પૂજ્ય આચાર્યો, મુનિ મહારાજો અને સત્ય નેતાઓએ એવા પ્રકારનું સમાજનું માનસ કેળવવું એમ નમ્ર વિનંતિ કરીએ છીએ.

સાધુ મુનિમહારાજોને.

આપણી ઉન્નતિ કરવામાં જેઓ ચોવીશે કલાક સંઘની સેવા અર્થે જીવન અર્પનાર આપણા સાધુઓ છે તેઓ ધારે તો ઘણું ઘણું કરી શકે. તેમનું નામ શ્રમણ રાખેલું છે તે પ્રમાણે સંઘ સેવામાં શ્રમ લેવાનો અને તે દ્વારા શરીરને થકવી નાખવાનો તેમનો ધર્મ છે અને તેથી શ્રમણને પ્રધાન પદ આપીને શ્રમણ પ્રધાન સંઘને શ્રમણસંઘ એ નામ અપાયું છે. ગૃહસ્થસંસાર છોડયા પછી પોતાનો સાધુસંસાર કરવામાં આવે તો તે સંસાર મુક્તિ અપાવી શકે નહિ.

આમ કરવા માટે પોતાના આચારમાં રહેતી શિથિલતા દૂર કરવી જોઇએ. કડક આચાર અને શુદ્ધ ચારિત્રથી જેવો પ્રભાવ લોક પર પડે છે તેવો પ્રભાવ વક્તૃત્વવાળાં ભાષણો કે ઉપદેશથી પડતો નથી, શી શી શિથિલતા છે અને તે સંબંધમાં શું શું કરવું ઘટે એ માટે તે સાધુઓ પૈકીજ કોઇ સાધુ જણાવે તે લક્ષમાં લેવું ઘટે. શ્રીમાન ઉદયવિજય નામના સાધુનો ગત કૉન્ફરન્સના ઠરાવોનો ખરડો ઘડવા નીમેલી સમિતિ પાસે એક પત્ર રજુ થયો હતો તેમાં તે માટે એમ જણાવેલું હતું કે:—

૧ સાધુ સાધ્વીઓ પુસ્તકના બહાને કપાટ, પેટીઓ, ટ્રંકો રાખે છે તે સઘળું ગામના સંઘને સુપ્રત કરી દેવું જોઇએ અને પરિગ્રહના બોજાથી મુકત થઇ 'નિર્ગ્રંથ' તરીકે દરેક સાધુ સાધ્વીએ બહાર આવવું જોઇએ,

૨ વિહારમાં મજુરો રાખી મોટાં મોટાં પોટલાં ઉપડાવવાનું બંધ થવું જોઇએ.

૩ સાધુ સાધ્વીઓએ સ્વમાલીકી તરીકે ઘડીઆળ રાખવી જોઇએ નહી.

૪ નિરર્થક ટપાલ, તાર લખી ગુહસ્થોના પૈસાનો દુરૂપયોગ કરવો નહી

૫ પોતાના ગુરૂની આજ્ઞા શિવાય એક ચોમાસા ઉપર બીજું ચોમાસું એકજ ગામમાં કરવું નહી.

૬ કાયમને માટે એકજ સ્થળે રહેવું નહિ. (શરીરના કારણ શિવાય.) મહધારીપણું ત્યાગ કરવું જોઇએ.

૭ દીક્ષાથી પતિત થયેલા સાધુ સાધ્વીને ફરીથી દીક્ષા કોઇએ આપવી નહી.

૮ સાધુ સાધ્વીનું વિરૂદ્ધ વર્ત્તન જણાયાથી સંઘે યોગ્ય પગલાં લેવાં જોઇએ.

૯ શહેરો છોડીને ગામડાઓમાં વિહાર કરી ઉપદેશનો પ્રચાર કરવો જોઇએ

૧૦ શત્રુંજયાદિ તીર્થોમાં યાત્રા શિવાય પડી રહેવું નહી અને આધાકર્મી ખાવાનું છોડી દઇ રસમાં લોલુપીપણું નહી રાખતાં તીર્થસ્થળમાં વધારે વખત પડી રહેવું નહી.

૧૧ ઉપધાનાદિ તથા પોથી પૂજનાદિના પૈસા ગૃહસ્થો પાસે ખાનગી રખાવવા નહી

૧૨ નિરર્થક ગૃહસ્થો પાસે સામૈયાં કરાવી પૈસાનો દુરૂપયોગ કરાવવો નહી

૧૩ સાધુઓમાં પદવી પ્રદાન બંધ થવું જોઇએ

૧૪ સાધુ સાધ્વીએ આગમનો અભ્યાસ છોડી નિરર્થક છાપાં વાંચવામાં કાળ ગુમાવવો નહી

૧૫ પોતાના ગુરૂની આજ્ઞા શિવાય સાધુ સાધ્વીઓએ એકીલા વિહાર કરવો નહી (તેમાં સાધ્વીને તો એકીલા પડવાની સખ્ત મનાઇ કરવી જોઇએ)

૧૬ સ્ત્રીવર્ગમાં અમુક વય થયાથી દીક્ષા આપવી જોઇએ

૧૭ સાધુ સાધ્વીને આગમાભ્યાસી થવા માટે અમુક શહેરમાં એક શાળા ખોલવી જોઇએ

૧૮ વ્યાખ્યાનાદિ પ્રસંગે તત્ત્વનો ઉપદેશ કરવાની જરૂર છે; નહિતર આગમના વકતા અને શ્રોતાઓ–બંનેનો અભાવ થવા સંભવ છે

૧૯ કોઇ પણ સાધુએ કપડાં ધોવા માટે સાધ્વીને આપવાની સખ્ત મનાઇ કરવી જોઇએ

૨૦ વ્યાખ્યાન શિવાય સાધ્વી યા શ્રાવિકાનો પરિચય તદ્દન બંધ થવો જોઇએ (પ્રબળ પ્રસંગ શિવાય)

૨૧ દિન પ્રતિદિન શ્રાવક કોમનો હ્રાસ થતો જોવાય છે માટે નૂતન દેવાલય કરાવવાનો મોહ છોડી જીર્ણોધ્ધાર તરફ ખાસ લક્ષ આપવું અને તેમાં ભગીરથ પ્રયત્ન કરવો જોઇએ.

૨૨ દરેક ગામોમાં ટીપ થતી વખતે દર વર્ષે **સાધારણ ખાતાની** એકજ મોટી ટીપ કરવી જોઇએ પછી ફાળો અપાતા પ્રસંગે સાતે ક્ષેત્રમાં સદ્વ્યય થઈ શકે તેમ કરવું આવશ્યક લાગે છે.

૨૩ શ્રાવક શ્રાવિકા ક્ષેત્રના ઉધ્ધારાર્થે વિશાળ દ્રષ્ટિ કરવાની જરૂર છે.

૨૪ ચાલતી જૈન પાઠશાળાઓનો અભ્યાસક્રમ 'અર્થ સહિત' થવો જોઇએ અને યોગ્યતાનુસાર ક્રિયા તરફ શિક્ષકે લક્ષ્ય આપવું જ જોઇએ. એકલી ગોખણ પદ્ધતિનું પરિણામ કંઈ પણ આવતું નથી તે માટે જૈન સંઘે (અને સાધુ સાધ્વીએ) ખાસ દેખરેખ રાખવી

૨૫ સાધુ સાધ્વીએ ગુરૂ મૂર્તિ, તેમનાં પગલાં, ભરાવવાનો અને પોતાના ફોટા પડાવવાનો આગ્રહ તદ્દન છોડી દેવો જોઇએ.

ઉપરની કલમો દરેક સંઘે માન્ય કરવી અને અનાદર કરે તેને સંઘથી બહિષ્કાર કરવો જોઇએ. આટલી કલમો પાસ થઈ શકે તોજ સંઘનો અભ્યુદય થઈ શકે તેમ છે."

આ રીતે આખો પત્ર પૂરો થાય છે. તેમાંની દરેક કલમ વિચારવા જેવી છે. સંઘ બહિષ્કારની શિક્ષા અમોને પસંદ નથી. તે તો ફાંસી જેટલી મોટી અને ધાર્યું પરિણામ નહિ લાવનારી છે, પણ નિયમભંગ માટે શિક્ષા તો કંઇ ને કંઈ, પ્રમાણસર હોવી જોઇએ કે જેથી બીજાને પણ ધડો મળે અને આખું બંધારણ કાયમનું નીભી શકે. નિયમો હોય ત્યાં તેના ભંગ માટે દંડ પણ જોઇએ અને તોજ તે નિયમોનું પાલન ટકે.

એક "લગ્નબંધન"નો ત્યાગ અને બીજું લગ્ન.

નિયમોને બંધન માનીને આવેશ આવતાં કોઇપણ નિયમને તોડી આવેશ પ્રમાણે વર્તવું એ સ્વચ્છંદ છે, ઉચ્છૃંખલતા છે અને અધઃપતન છે. અમદાવાદમાં એક જૈન સુશિક્ષિત પોતાની સાધ્વી સ્ત્રી એક પુત્ર અને એક પુત્રી હયાત છતાં બીજી સ્ત્રી સાથે લગ્ન કરે છે, તે બીજી સ્ત્રી પણ એક ડબલ ગ્રેજ્યુએટ અને નાગર જેવી ઉચ્ચ કોમના છે એટલુંજ નહિ પણ એક મહાન સુધારકના પૌત્રી અને પુત્રી છે.—આથી અમદાવાદમાં નહી પણ સમસ્ત ગૂજરાતમાં સનસનાટી અને ખળભળાટ ઉત્પન્ન થયેલ છે. તે જૈન ભાઇને બીજી કોઈ લગ્નવિધિનો આશ્રય લેવો અનુકુળ ન લાગ્યો એટલે શિખના આનંદલગ્નની વિધિનો આશ્રય લીધો, અને તેની વીસા શ્રીમાળી જાતિએ તેને જાતિબહારની શિક્ષા કરી છે એ ખબર મળે છે.

એક જૈન વણિક એક નાગરની કન્યા સાથે પરણે એ યોગ્ય કે અયોગ્ય છે તે વાત બાજુએ મૂકીને, આ લગ્નનાં અનેક અનિષ્ટ તત્વોની ચર્ચા કરવી યોગ્ય થશે. સામાન્ય રીતે ઉંચી વર્ણોમાં એક પત્નિ વિદ્યમાન હોય ત્યારે બીજી પત્નિ પુત્ર ન હોવાને કારણે પ્રથમ લગ્નને સારો કાળ ગયા પછી લાવવામાં આવે છે. આ દાખલામાં તો પ્રથમ પત્નિ હયાત છે એટલુંજ નહિ પણ તે પુત્રની માતા છે; છતાં તે ઉપર બીજી પત્નિ કરવામાં આવે છે કે જેમાં પ્રથમની પત્નિની સંમતિ લેવામાં આવી નથી, તેમ પ્રથમ પત્નિ સાથે અકારૂં જીવન થઈ પડે એવી કોઇ સ્થિતિ કે ઘટના થઈ નથી, એમ પ્રથમ પત્નિના સ્પષ્ટ ઉદગારથી જણાય છે. આ છતાં બીજી કરનાર પતિ પોતે પોતાનાં માબાપથી કરેલા લગ્નથી સુખી નહોતા અને થનાર નથી એમ જણાવે છે અને એજ પ્રમાણે બીજી પત્નિ થનાર સુશિક્ષિત થાનુ જણાવે છે એ દાઝયાપર ડામ છે, પ્રથમ પત્નિના સુખના સર્વનાશપર કળશ છે. અને તેપર એક મોટો કળશ તો પતિદેવ એમ કહીને ચડાવે છે કે મેં જેમ છુટ લીધી તેમ પ્રથમ પત્નિને છુટ લેવાનો પોતે અધિકાર આપે છે. એટલે કે બીજે પરણી જવાની સ્વતંત્રતા આપે છે. માબાપે કરેલાં લગ્નથી નારાજ થઇ આવેશમાં બીજાં લગ્ન કરવાં યોગ્ય છે એમ હોય તો હિંદુ સંસારમાં એવાં લગ્નોની સંખ્યા ઘણી છે ને તે બધાં ફોક થવાની ઘટના સ્વીકારવી પડશે અને તેથી અનર્થપરંપરા વધશે. બીજું પ્રથમ લગ્ન પોતાની સંમતિથી ન થયાં હોય છતાં ગૃહસ્થાશ્રમ સેવી અનેક સંતાન-પ્રાપ્તિ કરવી એ તો એક જાતનો મિથ્યાચાર સેવેલો ગણાશે કે જેનો બચાવ થઇ શકે તેમ નથી. ખરી રીતે માનવાનું કારણ છે કે પ્રથમ લગ્નનો સંતોષથી સ્વીકાર થયો હતો, તેથી સંતાનપ્રાપ્તિ થઇ હતી, કદિ કલેશ કલહવાળું જીવન થયું નહોતું,--એ વસ્તુસ્થિતિ બતાવી આપે છે કે ગૃહસ્થા-શ્રમ દુઃખી નહોતો. આમ છતાં બીજું લગ્ન કરી બીજી લાવવાનું બન્યું છે એ કોલેજમાં સહાધ્યયનથી થયેલ પરિચય છ સાત વરસ સુધી ગાઢ મિત્રતામાં પરિણમી તેને આવેશના

(અનુસંધાન પૃ. ૨૮ પર.)

कॉन्फरंसका बंधारण
हिंदीमें

गतांक पृ. १८ के अनुसंधानमें आगामी पृ. २५ पर दिया गया है.

सुधारो.

हिंदी बंधारण पृष्ठ २४–२५ ने बदले २५–२६ वांचवा.

स्थाई समिति (स्टेन्डिंग कमिटी) की बैठक (मीटींग) प्रति वर्ष कम से कम एक वार अनुकूल स्थान पर बुलानी। किन्हीं भी आवश्यकीय प्रश्नों का विचार करने के लिये कम से कम इस समिति (कमिटी) के पैंतीस (३५) मेम्बरों के हस्ताक्षरों वाला मांगनी पत्र (रेक्विजिशन) आने पर स्थानिक महामंत्री (रेसिडेन्ट जनरल सेक्रेटरीज) जितनी जल्दी हो सके स्थाई समिति स्टेन्डिंग कमिटी की मीटिंग बुलावेंगे।

नोटः—जो स्थाई समिति (स्टेन्डिंग कमिटी) के सभासद चुने जांयगे उनको सुकृत भंडार फन्ड में कम से कम वार्षिक रु० ५) अपने चन्दे के तौर पर देना होगा। समिति (कमिटी) का कोई भी सभासद उपरोक्त प्रमाण से अपना चन्दा देने में निष्फल होगा तो वह स्थाई समिति का सभासद नहीं गिना जायगा। और उस सभासद के बदले दूसरे सभासद का चुनाव किया जायगा।

स्थाई समिति (स्टेन्डिंग कमिटी) के किसी भी सभासद के स्थान पर चाहे वह कारण वश खाली हुई हो, उस प्रांत के सभासद एक मास के अन्दर नये सभासद का चुनाव कर महामंत्री (रेसिडेन्ट जनरल सेक्रेटरी) का समाचार देंगे। यदि इस प्रमाणानुसार समाचार देने में न आया ता कार्यवाहक समिति उस प्रांत में से योग्य गृहस्थ का चुनाव कर खाली स्थान पूरा करेगी।

११ कार्यवाही समितिः—अखिल भारतवर्षीय स्थाई समिति (ऑल इन्डिया स्टेन्डिंग कमिटी) में बम्बई में से चुने हुए मेम्बर तथा इसी कमिटी के दूसरे विभागों में से चुने हुए सभ्य जो बम्बई में रहते होंगे अथवा उपस्थित होंगे उनकी एक कार्यवाही समिति बनेगी और वह कार्यवाही समिति कॉन्फरन्स का तथा स्थाई समिति का हरेक कार्य करेगी। और स्थाई समिति (स्टेन्डिंग कमिटी) के प्रस्तावों पर अमल करेगी। यही कार्यवाही समिति अपने प्रमुख और उपप्रमुख का चुनाव करेगी और स्थानक महामंत्री उपरोक्त समिति के मंत्री गिने जायंगे यह कार्यवाही समिति अपने कामकाज करने के उपनियम बनावेगी।

१२ महामंत्री (जनरल सेक्रेटरी):—चुनी गई स्थाई (स्टेन्डिंग कमिटी) में से कॉन्फरन्स की बैठक के समय पांच महामंत्री (जनरल सेक्रेटरी) का चुनाव करने में आवेगा जिनमें से दो बम्बई निवासी होंगे. बम्बई में रहने वाले महामंत्री (जनरल सेक्रेटरी) स्थानिक महामंत्री (रेसीडेन्ट जनरल सेक्रेटरी) के नाम से कहे जांयगे। पांच महामंत्रियों में से किसी का भी त्याग पत्र आयगा तो बम्बई की कार्यवाहक समिति कार्य चलाने के लिये उसके स्थान पर महामंत्री का चुनाव करेगी।

१३ प्रांतिक और स्थानिक समितियांः—(१) कॉन्फरन्स के अधिवेशन के समय प्रत्येक प्रांतके स्थाई समिति (स्टेन्डिंग कमिटी) के सभ्य (मेम्बर) चुंटे जांय उसमें से उन उन प्रांत के प्रांतिक मंत्रीयोंकी कॉन्फरन्स नियुक्ति करे. इस प्रकार के प्रांतिक मंत्री उस उस प्रांतकी समिति उन उन प्रांत में से स्थाई समिति (स्टेन्डिंग कमिटी) के जो सभ्य चुंटे गये हों उन के अलावा योग्य समझे तो दूसरे बढाकर प्रांतिक समिति बनावे और उस समिति द्वारा कॉन्फरन्स संबन्धी कार्य तथा प्रस्तावों को अमल में लाने के प्रयत्न किये जांय. यह प्रांतिक समितियां दूसरी स्थानिक समितिषां तथा उनके मंत्री नियुक्त करेगी इन स्थानिक समितियों के सभ्य जो उस स्थान में रहते हो तो वे उसके सभ्य गिने जाएंगे. (२) इस प्रकार प्रांतिक समितियां वा स्थानिक समितियां किसी कारणवश बनाई न जा सके तो जनरल सेक्रेटरी इस प्रकारकी दोनो समितियों की रचना तथा उनके मंत्रीओं की नियुक्ति करेंगे. (३) यह प्रांतिक और स्थानिक समितियां बिना रजिस्टर हुए उनके १०० सभ्य हो तो [प्रतिशत्] पांच प्रतिनिधि भेज सकेंगे और इसके लिए उसे सभा या मंडल तरीके गिनने में आवेगी. (४) जिस स्थानपर प्रतिनिधि की चुंटणी के लिए किसी कारणवश संघ एकत्र न हुआ हो या न हो सके ऐसा हो वहां यह समिति जाहिर सभा बुलाकर प्रतिनिधि नियुक्त कर भेज सकेगी. (५) यह प्रांतिक तथा स्थानिक समितियां अपने प्रांत या शहेर वा गांवमें से सुकृत भंडार फंड वसूल करेगी और उसमें से वसूलात का खर्च निकाल कर बाकी की रकम में से ½ आधा भाग अपने प्रांतके स्थानिक समिति के खर्च, प्रचार कार्य आदि के लिए रख बाकी की आधी रकम मुख्य कार्यालय को भेजें।

१४ कॉन्फरन्स के प्रमुख का चुनावः—जहां कॉन्फरन्स का अधिवेशन होने वाला हो वहां की स्वागत समिति (रिसप्शनकमिटी) स्थानिक महामंत्रियों की सलाह लेकर उस अधिवेशन का प्रमुख चुनेगी।

१५ कॉन्फरन्स का मुख्यकार्यालय (हेड आफिस):—कॉन्फरन्स का मुख्य कार्यालय बम्बई में कार्यवाही समिति की देख रेख नीचे रहेगा और कार्यवाही समिति की मीटिंग में यदि दूसरे ग्राम के कोई स्थाई समिति (स्टॅडिंग कमिटी) के मेम्बर बम्बई में हों तो वे भी भाग ले सकेंगे।

१७ रिपोर्ट तथा हिसाबः—स्थानिक महामंत्री कॉन्फरन्स के विषय में प्रत्येक काम काज की रिपोर्ट हर एक महामंत्री तथा प्रांतिक समितियों के मंत्रियों से समाचार मङ्गवाकर तैयार करेंगे और उनका हिसाब पडताल (ऑडिट) करावेंगे और वह रिपोर्ट तथा हिसाब छपवा कर प्रसिद्ध कर कॉन्फरन्स के अधिवेशन पर पेश करेंगे।

कॉन्फरन्स की बैठक के समय काम काज चलाने के नियम।

१ कॉन्फरन्स की प्रत्येक बैठक स्वागत समिति के जाहिर किये, समय और स्थान पर होगी।

२ कॉन्फरन्स में प्रथम दिन का कार्यक्रम यथा-संभव निम्नलिखितानुसार होगा।

(क) स्वागत समिति के प्रमुख का प्रतिनिधियों को स्वागत करने वाला भाषण।

(ख) कॉन्फरन्स के चुने हुए प्रमुख का यथा विधि स्वीकार और उनका भाषण।

(ग) कॉन्फरन्स के कामकाज की रिपोर्ट।

(घ) विषय विचारिणी समिति (सबजेक्ट कमिटी) का चुनाव।

३ कॉन्फरन्स की प्रत्येक बैठक प्रारम्भ होने से पहिले यथासंभव उस दिन के काम काज के कार्यक्रम की छपी हुई नकलें सेक्रेटरी बांटेंगे।

४ कॉन्फरन्स में जो भाषण हों उनपर अथवा उनमें बताये गये विचारों पर किसी भी प्रकार की वादविवाद करने की आज्ञा नहीं दी जायगी।

५ नियमानुसार और कामकाज चलाने की रीति अनुसार सब प्रश्नों का प्रमुख स्वयं तुरत निर्णय करेंगे और उनका निर्णय सब कार्यों में अन्तिम और मान्य गिना जायगा।

६ कोई गम्भीर गडबडवश अथवा और किसी उचित कारणवश खास समय तक अथवा कोई भी दिन निश्चित किये बिना कॉन्फरन्स मुल्तवी करने की सत्ता प्रमुख को होगी।

७ कार्यक्रम का जो अनुक्रम रक्खा हो उस अनुक्रम में फेरफार करने की प्रमुख को सत्ता है।

८ हर एक प्रस्ताव का पेश करने वाला, समर्थक, उप-समर्थक और अनुमोदक सबजेक्टस कमिटी में चुने हुए प्रतिनिधि होने चाहिये। उनके अतिरिक्त दूसरे को आज्ञा देना प्रमुख की इच्छानुसार है।

९ सबजेक्टस कमिटी में प्रस्तावक और समर्थन करने वालों के नाम के साथ निश्चित किये हुए प्रस्ताव भी यदि प्रमुख को योग्य जान पडे तो वह अपनी ओर से पेश कर सकेंगे। उसमें किसी भी प्रकार का एतराज़ नहीं हो सकता।

१० सब बोलने वालों को अमुक समय तक ही बोलने देने की, किसी भी बोलने वाले को नियमानुसार वर्तन करने को कहने की, तथा किसी बोलने वाले को प्रमुख की ओर से सूचना मिलने पर भी चर्चा के नियमों का उलंघन होता हो तो उसके निश्चित किये समय से पहिले भी रोकने की सत्ता कॉन्फरन्स के प्रमुख को होगी।

११ कॉन्फरन्स के कार्य में विघ्न करने वाले या नियम का भंग करने वाले किसी भी प्रतिनिधि या प्रेक्षक को कारण बताये या फीस लौटाये बिना मण्डप छोड जाने की आज्ञा देने की प्रमुख को सत्ता होगी।

१२ स्वागत समिति की ओर से निश्चित किये इकरारों और शर्तों के अनुसार प्रेक्षकों को कॉन्फरन्स की बैठक के समय उनके लिये जो भिन्न स्थान निश्चित किया गया होगा उसी स्थान में वे उपस्थित रह सकेंगे। उनकी तरफ से सभा के कार्य में विघ्न उपस्थित हुआ देखेंगे तो उनको फीस दिये बिना सभा से निकल जाने को किसी भी समय कॉन्फरन्स के प्रमुख कह सकेंगे।

દીન વેદના.

(ભૈરવી)

દયાનિધિ! એ કેવો વ્યવહાર?
શ્વાન સદૃશ હડધુત થાતા
પગલે પગલે પાદુ ખાતા
કિંચિત કયાંય ન પામતા આદર,
સહતા અત્યાચાર—દયાનિધિ!

દીન લોકથી જે ધન પામે
અન્યાયોનાં થર બહુ જમે
તે બહુ મોજ ઉડાવે આરામે,
પામે છે સત્કાર—દયાનિધિ!

એક તો અમે શ્રમ બહુ કરતા
પાપોથી પણ સદૈવ ડરતા
હૃદયે સરલ ભાવ ધરતા
પણ ભણતાં કષ્ટ અપાર—દયાનિધિ!

બીજા જે બહુ વિત્તમત્ત છે
વિષયોમાં અનુરક્ત ચિત્ત છે
વ્યભિચારી વળી વ્યસનરક્ત છે
પામે તે અધિકાર—દયાનિધિ!

શું એની એ દૃષ્ટિ રહેશે?
બળવાનોની સૃષ્ટિ રહેશે?
શું ન દયાની વૃષ્ટિ વહેશે?
થાશે ન પ્રેમ પ્રસાર?—દયાનિધિ!

શું ન પ્રાર્થના હૃદયે ધરશો?
દીનોનાં દુઃખો નહિ હરશો?
દીનબન્ધુ હો! નિષ્ઠુર રહેશો?
કરી સબલોથી પ્યાર—દયાનિધિ!

વિષય સુખોની ચાહ છે નહિં
કષ્ટોની પરવાહ છે નહિં
કેવળ દિલમાં આહ એહ છે
પામીયે સમ અધિકાર
દયાનિધિ! થાયે સમ વ્યવહાર.

['વત્સલ'ના હિંદી કાવ્યનો અનુવાદ.]

તારાં સંતાન.

૧

જાતિ પંક્તિના ટોંગ કાઢવા તેં શીખાવ્યું બાપોકાર
નર-નારી ને ઉચ્ચ-નીચને, તેં દેવાડયા સમ અધિકાર
ક્રિયાકાંડની જાળને ટાળી ભાવધર્મ શીખાડી તેં
ધર્મવેષમાં ગુપ્ત ક્રૂરતાઓને મારી ભગાડી તેં
ભૂલી ગયા હવે ભૂલી ગયા તારી શિક્ષા તારાં બચ્ચાં
તારું નામ પૂજે કિંતુ તુજને પૂજવામાં છે કાચા.

૨

અનેકાન્તનું અમૃત આજે પીતાં જે ગભરાવે છે
બ્રહ્માંડારથી પક્ષપાતથી વિધવિધ ટોંગ કરાવે છે
જે ટોંગોને દૂર કર્યા તેમાં તો તેઓ ફસી ગયા
બન્યા દાસ મિથ્યાત્વના ને કષાય તેને કસી રહ્યા
ભૂલી ગયા, હા ભૂલી ગયા તારાં બચ્ચાં તારી શિક્ષા
માંગી રહ્યા હવે કુધર્મની ટોંગી વડિલોથી ભિક્ષા

૩

વીતરાગ છો કિન્તુ સાથે અનન્ત કરૂણા તારી છે
અરે! વધુ નવ ઢીલ કરો જરી ઢીલ નાશ કરનારી છે
માયાવી, મિથ્યાત્વી, અક્ષરમ્લેચ્છ ને ટોંગી છે મુખ્યો
ધર્મનાશની સાથ આજ તે કરતા નારીને દુઃખી
પ્રલય દૂર નથી જો નહિ વચમાં તું મદદે આવીશ નહીં
સાચું બોલું એક બાળ પણ જીવતું તારું રહેશે નહીં

૪

રૂઢિ રાક્ષસી ચડી બેઠી છે આજ ધર્મ સિંહાસનપર
ફોકટ બેસી રહ્યા છે ટોંગી મુખિયા તારા આસનપર
તારી અધિક ઉપેક્ષાથી આ ઘોર અંધેર ફેલાયું છે
ધર્મ ડુબાવ્યો અને સાથ પણ તારું નામ ડુબાવ્યું છે
ઢીલ ન કર ફરી એક વાર આ પાપોથી હટી જવા દે
દયાજનક આ કપુતોને ફરી શુધ્ધ જૈન બની જવા દે

(પં. દરબારીલાલના એક હિંદી
કાવ્યનો ગુજરાતી અનુવાદ.]

સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોને વિનંતિ.

જે સભાસદોએ બંધારણાનુસાર પોતાના ચાલુ વર્ષના સુકૃત ભંડાર ફંડના ફાળામાં ઓછામાં ઓછા રૂપીઆ પાંચ મોકલાવ્યા ન હોય તેઓને તે રકમ શિઘ્ર મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

—કૉન્ફરંસ કાર્યાલય.

નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

શ્રી ન્યાયાવતાર	... ...	રૂા. ૧—૮—૦
જૈન ડીરેકટરી ભાગ ૧ લો	...	રૂા. ૦—૮—૦
,, ,, ભાગ ૧-૨ જો	...	રૂા. ૧—૦—૦
,, શ્વેતાંબર મંદિરાવળી	...	રૂા. ૦—૧૨—૦
,, ગ્રંથાવળી	... ...	રૂા. ૧—૦—૦
,, ગૂર્જર કવિઓ (પ્ર૦ ભાગ)		રૂા. ૫—૦—૦
,, ,, ,, ભાગ બીજો		રૂા. ૩—૦—૦
,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર)		રૂા. ૬—૦—૦

લખો:—શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઇ ૩.

श्री जैन श्वेतांबर कॉन्फरंस.

बनारस विश्वविद्यालयमें दी जानेकी छात्रवृत्तियां.

कॉन्फरंसकी कार्यवाही समितिने बनारस युनिवर्सीटिमें जैन साहित्य, तत्त्वज्ञान आदि विषयोंका अभ्यास करनेवाले विद्यार्थीओंकी एक हजार रूपै तककी छात्रवृत्तियां देना निश्चय किया है यहभी निर्णित किया गया है कि यह छात्रवृत्तियां लायक जैन विद्यार्थीको फिरकेके भेद त्रिना तथा जैनेतरको जो जैन न्याय, तत्त्वज्ञान आदिका उक्त युनिवर्सीटीमें अभ्यास करे उसे नीचे मुताबिक देना इन छात्रवृत्तियोंका लाभ लेनेकी इच्छा रखनेवाले विद्यार्थी अपनी योग्यता, अभ्यास, वय, ज्ञाति. वतन और किस वर्षका अभ्यास करते है आदि हकीकतयुक्त अरजी पंडित सुखलालजीको (कॉन्फरंसद्वारा स्थापित की गई "जैन चेर"के अध्यापक बनारस हिंदु युनिवर्सीटी, बनारस भेजे.

छात्रवृत्तिओंकी विगत.

१. जैन साहित्य, तत्त्वज्ञान, आदिका अभ्यास करनेवाले एम. ए. के विद्यार्थीओंके लिए मासिक रूपै १५) की दो छात्रवृत्तियां.

२. एम. ए. पास करनेके वाद 'रीसर्च' (Research)के लिए एक स्कॉलरशिप मासिक रू. ३०) और ४०) की दो वर्षके लिए द्वितिय वर्षमें प्रथम वर्षका कार्य पसंद पडनेपर स्कॉलरशिप दी जायगी.

३. योग्य पंडित को संशोधन–रीसर्च के लिए एक छात्रवृत्ति तीन वर्षके लिए मासिक रू. २०) और २५)

४. शास्त्रीकी परीक्षाके लिए ३ छात्रवृत्तियां—प्रथम, द्वितिय और तृतिय वर्षके लिए अनुक्रमसे ५, ६, और ७ रूपै मासिक.

५. आचार्यकी परीक्षाके लिए ३ छात्रवृत्तियां अनुक्रमसे रू. ८–९–१० मासिक (प्रथम, द्वितिय और तृतिय वर्षके).

६. तत्त्वज्ञान शीखनेवाले बी. ए. के विधार्थीके लिए मासिक रू. १०) की दो छात्रवृत्तियां,

उक्त छात्रवृत्तियां कॉन्फरन्सकी कार्यवाही समिति जो नियम पास करे उनके आधीन रहेगी. अरजीयां शिघ्र पंडित सुखलालजी, बनारस युनिवर्सीटी, बनारस को भेजी जानी चाहिए.

(तंत्रीनी नोंध—पृ. २४ थी चालु.)

પરિણામે લગ્નના રૂપમાં બંને વ્યક્તિઓએ ફેરવી નાંખેલ છે, અને તેમાં પ્રથમ પત્નિ અને તેથી થયેલ સંતાન પ્રત્યેના પ્રેમ અને વાત્સલ્યનો ભોગ અપાયો છે.

બંને વાસ્તે સાચો જે માર્ગ હતો તેજ લેવાયો હત તો આટલી કદુતા, સમાજમાં ચર્ચા અને સનસનાટી ઉભરાત નહિ. તે માટે એ હતો કે બંનેએ જાહેર કરવું જોઇતું હતું કે અમે બંનેએ એકબીજાથી અલગ રહી શકીએ તેમ વધુ વખત સાંખી શકીએ તેમ નહોતું તેથી લગ્ન કર્યાં છે. અને તેથી પ્રથમ પરિણિતાને કોઇ રીતે સહેવું નહિ પડે એવી દરેક કાળજી અને ચીવટ અમે બંને રાખીશું.

હિંદુ કાયદો આ બીજા લગ્નમાં વર વણિક અને કન્યા નાગર બ્રાહ્મણ હોવાથી તે બંનેનું લગ્ન સ્વીકારતો નથી તેથી હિંદુ લગ્નવિધિ તેમને માટે ખુલ્લી હતી નહિ. સન ૧૮૭૨ નો 'સ્પેશ્યલ મેરેજ ઍક્ટ' (ખાસ લગ્નનો કાયદો) એક ઉપર બીજી કરવાની સંમતિ આપી શકે તેમ નથી તેથી તે કાયદાનું અવલંબન લઇ શકાયું નહિ. વડોદરાનો લગ્ન કાયદો પણ બંને બ્રિટિશ રૈયત હોવાથી લાગુ પડે તેમ નહોતો એટલે બંનેએ શિખ બની આનંદ લગ્નના કાયદાનું શરણું લઇ લગ્ન કર્યું, કારણ કે તે કાયદામાં એક ઉપર બીજી કરવાનો નિષેધ નથી. આમ કરી તેમણે પ્રથમ પત્નિના સંસારસુખને હણી નાંખી ભારે હિંસા કરી છે અને તેમને અત્યારે તો સુખમય જોડાણ લાગતું હશે પણ તેમણે પ્રથમ પત્નિને નાથ હોવા છતાં અનાથ અત્યારે કરી મૂકી છે.

કોઇ કહે છે કે છુટા છેડાનો કાયદો હોત તો આ પ્રસંગે ઘણું ઈષ્ટ થાત. આવું કહેનાર શું કહેવા માગે છે તે સમજી શકાતું નથી. આ બાબતમાં કોણે છુટા છેડા લેવા યોગ્ય છે? જે માણસે એક સ્ત્રી કરી તેનાથી ત્રણ સંતાન પ્રાપ્ત કરેલ હોય તે બીજી સાથે પ્રેમ ઉપજતાં તેણીની સાથે લગ્ન કરવા માટે પ્રથમ પત્નિથી છુટા છેડા લેવાનો પાત્ર અધિકારી બની શકે છે? આવાં લગ્ન પ્રત્યે સહાનુભૂતિ આપનાર કાયદો, વ્યક્તિ કે સંસ્થા કદિ પણ લાભ મેળવી શકે તેમ નથી.

અમે પ્રથમ પત્નિ પ્રત્યે અને તેનાં બાળકો પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ દર્શાવીએ છીએ અને ઇચ્છીએ છીએ કે તે બહેન પ્રત્યે તેમનાં પતિ પૂર્વવત્ પ્રેમ અને આદર રાખે અને તેમનો ગૃહસ્થાશ્રમ સુખી અને કલ્યાણકર થાય. શોકયો શોકય મટી બહેનો બને અને થયેલી ભૂલનો ખરો પશ્ચાત્તાપ ભૂલેલાને થાય ને તેનું તેઓ પૂરું પ્રાયશ્ચિત્ત પોતાના ઉદાર પ્રેમમય વર્ત્તન અને ચારિત્રથી કરે.

મહાત્માજીના અપવાસની પૂર્ણાહૂતિ–જગતને મહાન સંદેશ આપનાર, હિંદના ભાગ્યવિધાયક, અહિંસા અને સત્ય માટે મન વચન કર્મથી પોતાની સર્વ શક્તિ અર્પનાર મહાત્મા ગાંધીજીએ હિંસામય અને અશુદ્ધિવાળું વાતાવરણ શુદ્ધ કરવા અર્થે ગઇ તા. ૬ ઠીએથી સાત દિવસના ઉપવાસની પ્રતિજ્ઞા કરી હતી તે પ્રમાણે તે ઉપવાસ તેમના જીવનને જોખમમાં નાંખ્યા વગર પૂરા થયા છે એ માટે આખું હિંદ પોતાનો આનંદ પ્રદર્શિત કરે છે. સાત ઉપવાસથી સાત રતલ વજન ઓછું કર્યું, પાંખડી જેવી સુકલકડી જેવી કાયાને ૬૫ મા વર્ષ જેવડી વૃધ્ધાવસ્થામાં અન્ન વગરની સહી સલામત રાખી શકયા, એ એમના યોગ અને આત્મ શક્તિના સૂચક છે એ મહા જ્યોતિર્ધર ચિરંજીવ રહી હિંદના મુક્તિ માટેના મહા પ્રયાસમાં સફલતા મેળવો અને આત્મશ્રેયનું અંતિમ ધ્યેય પામો એવી અમારી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

આ પત્ર મી. માણેકલાલ ડી. મોદીએ ધી કલાપી પ્રિ. પ્રેસ, સુતાર ચાલમાંથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ માટે ૨૭, બાયધની. મુંબઇ ૩ થી પ્રગટ કર્યું.